(નોંધ:- આ અંગે શ્રી. ડોલરરાય ર. માંકડના નીચેના ઠરાવ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૫-૧૨-૧૯૫૩ ની બેઠકમાં (આઇટેમ નં. ૯૭) મંજૂર કરી છે:

"જેમણે એમ.એ. ની પરીક્ષા કોઇ પણ ભાષાને મુખ્ય વિષય તરીકે રાખીને પસાર કરી હોય અને જેઓ આ યુનિવર્સિટીની કોઇ પણ કૉલેજમાં અધ્યાપકનું કામ કરતા હોય તેમને હિન્દી મુખ્ય વિષય લઈને એમ.એ. ની પરીક્ષા ફરીને નવેસરથી ટર્મ્સ રાખ્યા વગર આપવાની છૂટ, ૧૯૫૪, ૧૯૫૫ અને ૧૯૫૬ ની પરીક્ષાઓ માટે આપવી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ડોલરરાય ર. માંકડનો ઠરાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.")

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં ભાષાઓ શીખવવા શિક્ષકોને ખાસ કેસ તરીકે હિન્દીના વિષયમાં સત્ર રાખ્યા વિના એમ.એ. ની પરીક્ષા જુન ૧૯૫૮ સુધી આપવા માટે છૂટ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૩. કૉમર્સની અભ્યાસસમિતિ તથા ઍકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના હુકમથી નીચે મુજબની વિગતની જાણ આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી તમામ કૉલેજોને કરવામાં આવી હતી તેને બહાલી આપવા બાબતઃ

૧. "કૉમર્સની અભ્યાસસમિતિના ચેરમેનની ભલામણ અનુસાર અને મજકૂર અભ્યાસસમિતિ તથા ઍકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી

તમામ કૉમર્સ કૉલેજોના પ્રિન્સિપલોને આથી જણાવવાનું કે ઇન્ટરમિડિયેટ કૉમર્સના સેક્રેટેરિયલ પ્રેકટીસના અભ્યાસ માટે Company Act of 1956 (નવો કંપનીધારો) શીખવવો."

૨. "ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉમર્સ કૉલેજોના પ્રિન્સિપલોને ઉપકુલપતિશ્રીના હુકમ અનુસાર આથી જણાવવામાં આવે છે કે કૉમર્સના વર્ગોમાં જે જે વિષયો કંપની-ધારાને અનુલક્ષીને શિખવાતા હોય તે તે વિષયો નવા કંપનીધારાને અનુલક્ષીને શીખવવા એટલે કે જુનાને બદલે નવા કંપનીધારાનો અભ્યાસ કરાવવો.

ઉપરનો સુધારો જુન ૧૯૫૬ થી અમલમાં આવેલો ગણવો એટલે કે ઇન્ટર કૉમર્સની ૧૯૫૭ ની પરીક્ષા અને બી.કૉમ. માં ૧૯૫૮ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણાશે."

કૉમર્સની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા આથી આ ઍાડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૪. સોશિયોલૉજીના અભ્યાસક્રમને અનુલક્ષીને ડૉ. તારાબહેન પટેલ અને મિસ જે. પી. મિસ્ત્રીના આવેલા પત્ર અંગે સોશિયોલૉજી-ઍન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. તારાબહેન પટેલ તથા મિસ જે. પી. મિસ્ત્રીને નીચે મુજબ જવાબ આપવો:

"(1) Details of Backward Classes are given in the Report of the Commission of Backward Classes of India, printed by the Government of India, Home Ministry and the Annual Report of the Commissioner for Scheduled Castes and Tribes.

(2) Archaeology of India is expected to cover pre-history, proto-history, and historical antiquities of India.

(3) Ethnology of India is expected to cover the ethnological discussion of the castes, races and tribes of India.

(4) Social process, social change and social evolution are expected to be taught under the head of 'General Sociology'.

(5) Details of Europe and China will be as under;

'Paleolithic Europe, Neolithic and Metal Ages'.

'Chinese Civilization upto the end of the 12th Century'."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૫. સોશિયોલૉજીના અભ્યાસક્રમમાં ફેરફાર કરવા અંગે ડૉ. તારાબહેન પટેલ તરફથી આવેલ પત્ર અંગે સોશિયોલૉજી અને એન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ:

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આપણા દેશની પરિસ્થિતિને અનુલક્ષીને, ઈન્ટરમિડિયેટ આર્ટ્સના સોશિયોલૉજીના સુધારેલા અભ્યાસક્રમને આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટમાં આપ્યા મુજબનો સ્વીકારવો અને તે સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને તે વિષય માટે ભલામણ કરેલાં પુસ્તકોને મુકરર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સુધારેલા અભ્યાસક્રમને જુન ૧૯૫૭ થી એટલે કે ૧૯૫૮ ની પરીક્ષાથી અમલમાં લાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એ. તથા એમ.એ. ના સોશિયોલૉજીના અભ્યાસક્રમમાં જરૂરી સુધારાવધારા કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી અને ફક્ત બી.એ. ના અભ્યાસક્રમની વિચારણા કરવામાં આવી હતી અને તેને છેવટની નકલ કરવા અને એમ.એ. ના અભ્યાસક્રમની વધુ વિચારણા કરવા માટે આ અભ્યાસસમિતિની adjourned meeting ૧૯૫૭ ના જાન્યુઆરીના બીજા સપ્તાહમાં અનુકૂળ તારીખે બોલાવવી.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

(૨૭૫. ૧૧-(૫) સોશિયોલૉજીમાં થતા સુધારાની નકલ આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે આમેલ છે.)

૮૬. પ્રિન્સિ. એલ. આર. દેસાઇના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

"This year the medium of instruction at the B.Ed. aud T.D. level is Guiarati. The teachers and the students have to use books written in English for reference and study. It, therefore, seems desirable that the questions to be set at the University Exa-

mination should be in Gujarati as well as in English, but the procedure adopted should be uniform."

(નોંધઃ–આ પ્રશ્ન બીજી પરીક્ષાઓની બાબતમાં પણ ઉભો થાય છે. ગઇ સાલ એગ્રિકલ્ચરના પહેલા વર્ષની પરીક્ષાના ગુજરાતીમાં કાઢેલા પ્રશ્નપત્રોમાં દરેક પ્રશ્ન નીચે તેનો અંગ્રેજી તરજુમો આપવામાં આવ્યો હતો. આથી પ્રશ્નપત્રો છાપવામાં મુશ્કેલી ઉભી થાય છે.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ એલ. આર દેસાઇનું સૂચન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

અને

૮૭. પરીક્ષાના માધ્યમ અંગે કાર્યાલયની નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

Sub :– Question–papers for Examinations 1957 March–April. The medium of Instruction and Examination for the Intermediate Examinations viz. Inter Arts, Inter Science, Inter Commerce, F.Sc. (Agri.), S.Sc. (Agri.) F.Y. Diploma and B.Ed. Examinations to be held in 1957 March–April in Gujarati (Vide Statute 207)

The students have an option to answer their question–papers either in Gujarati, or in English or in Hindi (vide Stutute 209 and 209 (revised)). The Syndicate had, in June 1956 when the Statutes 208 and 209 were not revised and when all students were not permitted to exercise an option about the language in which they are to answer the question papers, passed a resolution to the effect that the question–papers be printed in Gujarati as well as English (vide resolution item No. 96 Syndicate meeting of 23-6-56).

It is now submitted in this connection that the position has since changed and the students have been allowed to answer either in Gujarati or English without specific conditions and hence the question that arises is whether the University should set the question–papers in Gujarati only or in English only.

If the position taken in June 1956 is continued, it is submitted that the University will have to incur an additional expenditure of printing almost all the question papers at the above–mentioned examinations in two languages and such a printing in two languages will have to be arranged at all centres which are 9 in number. It is feared that a press at a moffusil centre may not be able to cope with the work of printing on one day double number of question papers than what it was doing before.

Secondly, if this practice is introduced this year, the same will have to be followed in subsequent years and at degree examinations also and hence the present printing cost of question–papers which is about Rs. 60,000/– a year will go to about Rs. 1 lac or

more. This I think requires serious consideration. It is necessary to issue instructions to paper-setters about the language in which they are requested to draw the question papers. It is, therefore, requested that the matter may be considered and specific orders may be issued in the matter."

(નોંધ:-૧. સિન્ડિકેટની ડિસેમ્બરની સભામાં આ અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું કે:

"આ અંગે ગયા વર્ષે લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓના પ્રશ્નપત્રોની નકલો સાથે આ બાબત સિન્ડિકેટની હવે પછીની સભા પાસે રજૂ કરવી"

૨. આ બાબતનો વિચાર આગળની બાબત નં. ૮૬ ની સાથે કરવાનો રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, ફર્સ્ટ ઇયર સાયન્સ એગ્રિકલ્ચર, સેકન્ડ ઇયર સાયન્સ એગ્રિકલ્ચર, ફર્સ્ટ ઇયર ડિપ્લોમા અને બી.એડ. ની પરીક્ષાઓ માટેનાં પ્રશ્નપત્રો અંગ્રેજી તથા ગુજરાતી એમ બન્ને ભાષામાં કાઢવાં તથા તે અંગે જરૂરી પગલાં લેવાં.

(નોંધ:-પ્રશ્નપત્રમાં અંગ્રેજી પ્રશ્નની નીચે તેનું ગુજરાતી ભાષાંતર આપવું)

૮૮. નીચે જણાવેલ સ્ટાફના સભ્યોનાં નામ સામે જણાવેલ તારીખે તેમનું નોકરીનું એક વર્ષ પૂરું થયેલું હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા બાબત:

નામ	તારીખ
૧. શ્રીમતી બી. એસ. દેસાઇ	તા. ૧૭-૧૦-૧૯૫૬
૨. શ્રી. ડી. એન. પંચાસરા	તા. ૧-૧૧-૧૯૫૬
૩. શ્રી. વી. બી. શાહ	તા. ૧-૧૧-૧૯૫૬
૪. શ્રી. કે. પી. પટેલ	તા. ૧-૧૧-૧૯૫૬
૫. શ્રી. ટી. સી. દેસાઇ	તા. ૧૭-૧૧-૧૯૫૬

(નોંધ:-આ અંગે શ્રી. રજિસ્ટ્રારની લેખિત બાનગી ભલામણ સભામાં રજૂ કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. શ્રીમતી બી. એસ. દેસાઇને ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીમાં તા. ૧૭-૧૦-૧૯૫૬ થી કેટલોગર તરીકે કાયમ કરવાં;

૨. શ્રી. ડી. એન. પંચાસરાને તા. ૧-૧૧-૧૯૫૬ થી જુનિયર કલાર્ક તરીકે કાયમ કરવા;

૩. શ્રી. વી. બી. શાહને તા. ૧-૧૧-૧૯૫૬ થી જુનિયર કલાર્ક તરીકે કાયમ કરવા:

૪. (નોંધ:–શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને માહિતી આપી કે શ્રી. કે. પી. પટેલે પોતાનું રાજીનામું કાર્યાલયને સુપ્રત કર્યું છે એટલે તેમને કાયમ કરવાનો પ્રશ્ન રહ્યો નહિ.)

૫. શ્રી. ટી. સી. હેસાઈને તા. ૧૭–૧૧–૧૯૫૬ થી કલાર્ક–ટાઈપિસ્ટ તરીકે કાયમ કરવા.

૮૯. **"Second Five year Plan- Development Scheme (Humanities) of Gujarat Uni" વિષય સંબંધી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

(નોંધ:–૧. સેક્રેટરી જણાવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઑકટોબર ૧૯૫૬ માં ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવેલી સમિતિની ભલામણો સ્વીકારી છે અને તા. ૧-૪-૧૯૫૭થી અથવા તે પછી બીજી પંચવર્ષિય યોજનાના સમય માટે નીચે જણાવેલ સ્ટાફની નિમણૂક ચાલુ પગારના સ્કેલ મુજબ મંજૂર કરી છે:

ખાતું	નિમણૂકનો પ્રકાર	
૧. સાયકોલૉજી	પ્રોફેસર	– ૧
	રીડર	– ૧
	લેકચરર્સ	– ૨
૨. લેબર વેલફેર	રીડર	– ૧
	લેકચરર્સ	– ૩

બીજી પંચવર્ષિય યોજના દરમિયાન ખાતાંઓ કેવી રીતે વિકાસ પામશે તેની રૂપરેખા સમિતિના અહેવાલમાં આપવામાં આવી છે.

૨. અ. સમિતિની ભલામણ અનુસાર કમિશને નીચે જણાવેલ મકાનોના બાંધકામનો અર્થ મંજૂર કર્યો છે:

મકાન	અર્થનો આસરો
૧. લાયબ્રેરીનું મકાન પૂરું કરવા	૧.૫ લાખ
૨. ગુજરાતી ભાષા–સાહિત્યભવન માટેનું મકાન	૨.૦૯ લાખ
૩. સમાજવિદ્યાભવન માટેનું મકાન સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ સાથે	૪.૬ લાખ
	કુલ રૂા. ૮.૧૯ લાખ

બ. નીચેનાં ખાતાંઓના ફરનીચર અને સાધનસામગ્રી માટે યોજનાના સમય પૂરતાં નીચેના નોન-રિકરીંગ ખર્ચ:

૧. સાયકોલૉજી લૅબોરેટરી:

ઈકવીપમેન્ટ	રૂા. ૨૫,૦૦૦
પુસ્તકો	રૂા. ૧૫,૦૦૦
ફરનીચર	રૂા. ૧૦,૦૦૦

૨. લેબર વેલફેર:

પુસ્તકો	રૂા. ૧૫,૦૦૦
ફરનીચર	રૂા. ૧૦,૦૦૦

૩. કમિશને બીજી પંચવર્ષિય યોજના દરમિયાન સાયકોલૅજી ડિપાર્ટમેન્ટ માટે તા. ૧-૪-૧૯૫૭ અથવા તે પછીથી એક રિસર્ચ ફેલો અને બે રિસર્ચ સ્કોલરની નિમણૂક અનુક્રમે રૂા. ૨૫૦ અને રૂા. ૧૦૦ ના માસિક પગારથી મંજૂર કરી છે. વધુમાં એક લેકચરના રૂા. ૧૫ પ્રમાણે લેબર વેલફેરના ડિપ્લોમા કોર્સ માટે મુલાકાતી અધ્યાપકોને આપવા માટે રૂા. ૧,૫૦૦ ની રકમ મંજૂર કરી છે.

૪. રિકરીંગ ખર્ચના ૫૦ ટકા અને નોન-રિકરીંગ ખર્ચના ૬૬⅔ ટકા તેમના પત્રમાં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે. ઉપર જણાવેલા ખર્ચની બાબતો અંગેના બાકીના ખર્ચ યુનિવર્સિટી અને અથવા સ્ટેટ ગવર્મેન્ટ આપવા સંમત છે એમ કમિશન નોંધ લે છે.

૫. પી. ડબલ્યૂ. ડી. ના ભાવ બરોબર યુનિવર્સિટીએ અંદાજેલી રકમ છે એ જાતના પી. ડબલ્યૂ. ડી. ના સર્ટિફિકેટ સાથે યુનિવર્સિટીએ બંધાનાર મકાનના નકશા અને અંદાજ સત્વરે મોકલવાના છે.

૬. તા. ૩ -૩-૧૯૫૭ને રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે કમિશન જરૂરી રકમ આપી શકે તે માટે ૧૯૫૬-૫૭ માં મંજુર થયેલી યોજનાઓ અંગે યુનિવર્સિટીની વિગતવાર જરૂરિયાતો મોકલી આપવાની છે.

૭. સાયકોલૉજીના ડિપાર્ટમેન્ટ માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાનને વિસ્તારવા માટે રૂા. ૧,૫૦,૦૦૦ ની ગ્રાન્ટ વિષે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રમાં કશો ઉલ્લેખ નહિ હોવાથી કાર્યાલયે તે બાબત પરત્વે કમિશનનું ધ્યાન ખેંચ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી તથા તેમાં જણાવ્યા પ્રમાણેની જગાઓ ઉભી કરવા માટે જરૂરી પગલાં લેવાં.

૬૦. મુંબઇ સરકાર તરફથી નવેમ્બર માસના સરકારના ઠરાવ પ્રમાણે બળેલી નીચે મુજબની ડેપ્રિસિએશન ગ્રાન્ટ અંગેની માહિતી (બાજુ સારૂ).

એપેરેટ્સ, ઇન્સ્ટ્રુમેન્ટ્સ, મશેનરના ડેપ્રિસિએશન માટેની ગ્રાન્ટ	:	રૂા. ૪,૬૫૩
બિલ્ડીંગ્સ ડેપ્રિસિએશન માટેની ગ્રાન્ટ	:	રૂા. ૧૮,૬૧૨
		કુલ રૂા. ૨૩,૨૬૫.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૬૧. એમ.એ.,એમ.એસસી. ના અનુસ્નાતક વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી જે તે વિષય અથવા ગ્રુપમાં અપાયેલાં કુલ ભાષણોના ચોથા ભાગથી વધારે ન હોય તો તે ખૂટતી હાજરી માફ કરવા અને જો એક સત્રમાં ખૂટતી હાજરી માફ કરવામાં આવી હોય તો બીજા કોઇ પણ સત્રમાં તે માફ નહિ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષય અથવા ગ્રુપમાં અપાયેલાં કુલ વ્યાખ્યાનોની સંખ્યાના ઓછામાં ઓછાં ૫૦ ટકા વ્યાખ્યાનોમાં હાજરી આપી હોય તો યોગ્ય કારણસર એક સત્રમાં ખૂટતી હાજરી માફ કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી તથા એકથી વધુ સત્રમાં હાજરી ખૂટતી હોય તો તે માફ કરવી નહિ.

૬૨. ઉત્તર ગુજરાત તરફ ઘસી આવતા કચ્છના રણને રોકવા, તેમજ સાબરમતી પ્રદેશમાં વરસાદનો પ્રત્યારોપ થાય તે અંગે યોગ્ય પગલાં લેવા બાબત નિમાયેલી સમિતિનું કામકાજ આગળ ચાલુ રાખવા અંગે ડૉ. એમ. એમ. ત્રિવેદીનાં આવેલાં નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબતઃ

૧. આ કામ અંગે ઓછામાં ઓછી રૂા. ૨૦૦૭ની ટ્રાવેલિંગ ગ્રાન્ટ અથવા એક વર્ષના રૂા. ૧૦૦૭ પ્રમાણે આપવા;

૨. હવે પછીની યોજના માટે રિસર્ચ વર્કરને ત્રણ સેકન્ડ ક્લાસ ટી.એ. અને ૧ દિવસના રૂા. ૫ લેખે હૉલ્ટીંગ એલાવન્સ આપવું. કેમિસ્ટ્રીના પ્રોફેસર અથવા ડૉ. રામનાથનને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ટી.એ. આપવું.

૩. આ બાબત બહુ જ વ્યવહારિક ઉપયોગની હોવાથી આ બાબત અંગેના શ્રી. આર. કે. શાહે લખેલા મહાનિબંધની ટૂંકી રૂપરેખા યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરાવવી.

(નોંધઃ— ૧. ડૉ. ત્રિવેદી જણાવે છે કે 'અલ્કલી સોઇલ" ના અભ્યાસ અંગેની બાબતો જુદી જુદી ત્રણ જગ્યાએ છપાઈ છે. ડૉ. ત્રીવેદી વધુમાં જણાવે છે કે તેમણે સેન્ટ્રલ બૉર્ડ ઑફ જિયો-ફિઝિકસને મોકલાવેલી યોજના બૉર્ડે આર્થિક મદદ માટે ભલામણ કરીને કાઉન્સિલ ઑફ

સાયન્ટીફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચને મોકલી આપી છે પણ કાંઇ જવાબ નથી. આ સંસ્થાઓ સમક્ષ ફરીથી ગુજરાત યુનિવર્સિટી મારફતે યોજના મોકલાવી છે. જો આ યોજના મધ્યસ્થ સરકાર સ્વીકારશે તો યુનિવર્સિટી પાસેથી લીધેલી અને ખર્ચેલી રકમ રિફન્ડ કરવામાં આવશે. ડૉ. ત્રિવેદીએ આ અંગેનો પત્ર વ્યવહાર પણ સાથે મોકલાવ્યો છે.

૨. ડૉ. ત્રિવેદી તેમના પાછળથી આવેલા પત્રમાં જણાવે છે કે તેમણે કરવા ધારેલું આ કાર્ય સરકાર તરફથી શરૂ થયેલી કે શરૂ કરાનાર યોજના ઉપર અસર કરતું નથી. તેમણે મેળવેલી હકીકત ગુજરાતના અર્ધફળદ્રુપ પ્રદેશોમાં "સોઇલ કૉન્ઝર્વેશન" માટે બહુ જ મદદકર્તા થઇ પડશે. યુ.એસ.એ. માં કૅલિફૅર્નિયામાં સ્વતંત્ર Salinity Laboratory તેમ જ "Saline Soils" ઉપરના સંશોધન માટે અલગ ખાતું છે. આવી બાબતોમાં સરકારના રિસર્ચ પ્રોગ્રામ કરતાં સ્વતંત્ર સંશોધનની ખૂબ જ જરૂરિઆત છે. આ કામ હાલ બે વર્ષ માટે તેમણે વિચાર્યું છે, તેથી ટ્રાવેલીંગ ગ્રાન્ટ મંજૂર કરવા તેઓ વિનંતી કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે સરકારમાં આવાં કામ અંગે થતા ખર્ચ કરતાં તેઓ બહુ જ વ્યાજબી ખર્ચે કામ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આશ્વન ત્રિવેદીની માગણી પ્રમાણે બે વર્ષ માટે રૂા. ૨,૦૦૦ દરેક વર્ષે રૂા. ૧,૦૦૦ લેખેની ગ્રાન્ટ મંજૂર કરવી તથા મુસાફરી ભથ્થા માટે તેઓની સૂચના મંજૂર કરવી તથા શ્રી. આર. કે. શાહનો આભાનિર્બંધ પ્રગટ કરવા અંગેનું કામકાજ પબ્લિકેશન બૉર્ડ તરફ મોકલવું.

૬૩. **"Setting up the Hobby Workshops in the Universities"** અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલો પત્ર કૉલેજોને પરિપત્રિત કરતાં આવેલા જવાબો તપાસી જઇ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા યોગ્ય યોજના રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી પ્રિન્સિપલ જી. એસ. દેસાઇ અને પ્રિન્સિપલ અઇયાની બનેલી સમિતિનો રિપોર્ટ :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે જુદી જુદી કૉલેજો તરફથી આવેલી તથા યોજનાઓ તથા પ્રિન્સિ. જી. એસ. દેસાઇ અને પ્રિન્સિ. અઇયાની સમિતિનો રિપોર્ટ તપાસી યોગ્ય યોજના રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ નીમવી :

૧. ડૉ. નાનુભાઇ આર. દેસાઇ
૨. શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇ
૩. શ્રી. બિહારીલાલ પોપટલાલ શાહ
૪. પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ.

૬૪. હિન્દ સરકારે બેઝિક એજ્યુકેશન અંગે નીમેલી ઍસેસમેન્ટ કમિટીના રિપોર્ટમાંની નીચેની ભલામણો નં. ૩૪, ૩૫ અને ૩૬ ઉપર આ યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા અંગે મુંબઇ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર:

34. At a time when the Central and State Governments intend to go ahead with Basic Education, it would not do for our Universities to stand aloof. So far the Universittes have not taken kindly to Basic Education. But at the four important points of Assessment, teachers' training, dovetailing of Basic Enucation with Higher Education and research, the Universities can make a valuable contribution. Central and State Governments must, therefore, take up the matter with the Universities to help at these points and particularly in regard to the establishment and recognition of Postgraduate Basic Teachers' Training Colleges.

35. It will persently becom› necessary for Universities to recognise Post-Basic Education for purposes of admitting pupils passing out of Post-Basic Schools into Colleges.

36. Provision will have to be made for the affiliation of Postgraduate Basic Training Colleges to Universities.

(નોંધઃ– આ બાબતમાં ગઇ સિન્ડિકેટની સભામાં થયેલા ઠરાવ અનુસાર આ અંગે પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ તથા શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈના અભિપ્રાય મંગાવ્યા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સરકારને જણાવવું કે ઉપરની બાબતોનો સિન્ડિકેટ સૈદ્ધાંતિક સ્વીકાર કરે છે, પરંતુ પાયાની કેળવણી પામેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં પ્રવેશ આપતાં પહેલાં તેમની એન્ટ્રન્સ એકઝામિનેશન લેવાની સરકાર પરવાનગી આપે તે પછી આ બાબત પરત્વે આગળ વિચારણા કરી શકાય.

૯૫. શ્રી. વાડીલાલ લલ્લુભાઇ તરફથી "શેઠ ચિનુભાઇ લલ્લુભાઇ મહેતા ગોલ્ડ મેડલ ફોર સ્ટુડન્ટ્સ" એ નામનો સુવર્ણચંદ્રક આપવા અંગે રૂા. ૧૦,૦૦૦ ની રકમનો સિન્ડિકેટે સ્વીકાર કરેલો હોવાથી તેને કેવી રીતે આપવો તે રોટેશન (rotation) નક્કી કરવા બાબત.

(નોંધઃ– ૧. તા. ૧૪–૭–૧૯૫૬ ની સભામાં સિન્ડિકેટે દેણગીનો સ્વીકાર કર્યો છે. આ દેણગીની શરત એવી છે કે એમ.એ. ના રોટેશન પ્રમાણે નિયત કરેલા વિષયમાં દર સાલ સુવર્ણ-ચંદ્રક આપવો.

૨. કાર્યાલયની નોંધ: નીચે પ્રમાણે નિયમ ઘડવાનું કાર્યાલયનું સૂચન.

The Medal shall be awarded by rotation in the following order :

I. Languages :	(Marks obtained in six papers in the Principal subject only shall be taken into account).
II. History, Economics, Sociology & Politics :	The candidates offering each of these subjects as an entire subject shall be eligible for the award, i.e. Group AB,CE,DF or GH are only eligible.

III. Philosophy and Psychology.	Marks obtained in all the eight papers offered under this head shall be taken into account.
IV. Mathematics and Statistics;	-do-
V. Ancient Indian Culture and Islamic Culture	-do-
	-do-

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે નીચે પ્રમાણે નિયમો મંજૂર કરવા.

"The Medal shall be awarded by rotation in the following order:

(1) Languages;

(2) History, Economics, Sociology and Politics;

(3) Philosophy and Psychology;

(4) Mathematics and Statistics;

(6) Ancient Indian Culture and Islamic Culture."

૬૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર માટે નીચે મુજબનો ઑફિસ સ્ટાફ રાખવા અંગે વિચારણા કરવા બાબતઃ

યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ	યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર
૧. સ્ટેનોગ્રાફર	૧. સ્ટેનોગ્રાફર
૧. સિનિયર ક્લાર્ક	૧. સિનિયર ક્લાર્ક
૧. ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧. ક્લાર્ક-ટાઇપિસ્ટ
૨. પટાવાળા	૨. પટાવાળા.

(નોંધઃ- ૧. હાલ બન્ને સ્કૂલો બાદે નીચે પ્રમાણે સ્ટાફ છે પણ તે પૂરતો નહિ હોવાથી અવારનવાર યુનિવર્સિટી ઑફિસના સ્ટાફના સભ્યોની મદદ આપવામાં આવે છે. બંન્ને સ્કૂલ માટે અલગ સ્ટાફ હોવો જરૂરી છે ઉપરાંત જુન માસથી આ બન્ને સ્કૂલો નવા મકાનમાં જઇ શકશે એવો સંભવ છે. અત્યારે કેટલીક વખત યુનિવર્સિટી કાર્યાલયની સ્ટાફની જે મદદ સ્કૂલોને મળે છે-મળી શકે છે તે જુદા મકાનની જોગવાઇ થયેથી મળવી મુશ્કેલ પડશે.

હાલનો બંને સ્કૂલો બાદેનો સ્ટાફ નીચે મુજબ છેઃ

૧ સ્ટેનોગ્રાફર

૧ ક્લાર્ક-ટાઇપિસ્ટ

૨ પટાવાળા (સ્કૂલદીઠ એક).

૨. સિન્ડિકેટે આ અંગે માગેલી માહિતી નીચે મુજબ છે:

૧. પ્રત્યેક સ્કૂલમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ દાખલ થયા છે:

યુનિવર્સિટી સમાજવિદ્યાભવન	૧૬૩
યુનિવર્સિટી ગુજરાતી ભાષા–સાહિત્ય વિદ્યાભવન	૩૦

૨. ૧૯૫૬ના વર્ષ દરમિયાન બંને વિદ્યાભવનોમાંથી કુલ ૨૦૩૦ (૧૪૦૨+૬૨૮) કાગળો બહાર મોકલવામાં આવેલ છે.

૩. વ્યાખ્યાન નોંધો (સિનોપ્સીસ) અને અધ્યાપકોને ટાઇપિંગ–મદદ.)

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ માટે નીચે પ્રમાણેની જગાઓ મંજૂર કરવી:

૧ સ્ટેનોગ્રાફર
૧ સિનિયર ક્લાર્ક
૧ ક્લાર્ક–ટાઇપિસ્ટ
૨ પટાવાળા

૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર માટે નીચે પ્રમાણેની જગ્યાઓ મંજૂર કરવી:

૧ સ્ટેનોગ્રાફર
૧ સિનિયર ક્લાર્ક
૧ ક્લાર્ક–ટાઇપિસ્ટ
૨ પટાવાળા.

૯૭. કૉલેજોના ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન અંગેની સ્થાયી સમિતિ ઉપર શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલની જગ્યાએ બીજા કોઈ સભ્યની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(નોંધ:– મજકૂર સ્થાયી સમિતિની પુનઃરચના માટે આ બાબત નવેસરથી સિન્ડિકેટ સમક્ષ કાર્યાલયે રજૂ કરવાની છે.)

૯૮. પરીક્ષકોને અપાતી સૂચના નં. ૨૨૮ માં એમ.કૉમ. ની પરીક્ષામાં પરીક્ષકોની છવટની મિટીંગ મેળવવા માટે પ્રબંધ છે, પરંતુ હવે પરીક્ષકોની છવટની મિટીંગ મળતી નથી તેથી ઇન્ટર કૉમર્સ અને બી.કૉમ. માં રાખવામાં આવે છે તેમ એમ.કૉમ. માં પણ

ગ્રુપ મિટીંગો રાખવી કે ગ્રુપ મિટીંગને બદલે છેવટની પરીક્ષાના પરિણામને દિવસે મિટીંગ રાખવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બેમ કૉમ. ની પરીક્ષા માટે પણ ગ્રુપ મિટીંગ રાખવી.

૯૯. તા. ૫ મી અને ૬ ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૫૭ ના રોજ અલાગપ્પા ચેટ્ટીયર કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ ઍન્ડ ટેકનોલૉજી, કરાઇકૂડીના આશ્રયે મળનાર ટેકનીકલ ઇન્સ્ટીટ્યુશન્સ (ઇન્ડિયા) ના પ્રિન્સિપલોના મંડળની ૧૬ મી વાર્ષિક સામાન્ય પરિષદમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલી આપવા બાબત મજકૂર મંડળના પ્રમુખ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ— આ બાબત ગઇ સિન્ડિકેટની સભામાં મૂકવામાં આવી હતી અને એમ ઠરાવવામાં આવ્યું હતું કે મજકૂર પરિષદમાં મુંબઇ સરકારના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ ન જવાના હોય તો તેમને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા. આ ઠરાવ અનુસાર તેમને લખતાં નીચે પ્રમાણે જવાબ આવ્યો છે તેથી બીજા કોઇ સભ્યની નિમણૂક કરવાનો પ્રશ્ન છેઃ

"I am not deputed by the Government of Bombay as a representative of the above Conference. Even if permitted, I am too busy to be able to attend the same.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીનો કોઇ પ્રતિનિધિ મોકલવો નહિ.

૧૦૦. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચને ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૦-૬-૧૯૫૭ થી ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલની વિનંતીનો અસ્વીકાર કરવો.

૧૦૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને, ગુજરાતીમાં બી.એ. સ્પેશિયલ માટે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭ થી આપવા અંગે મજકૂર કૉલેજ તરફથી આવેલી અરજી બાબત સિન્ડિકેટે પ્રોફેસર વી. આર. ત્રિવેદી અને પ્રોફેસર એ. એમ. રાવળની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમી હતી પણ પ્રોફેસર ત્રિવેદીની નાદુરસ્ત તબિયતને લીધે તેઓ કામ કરવા અશકત હોવાથી તેમની જગ્યાએ સિનિયર મેમ્બર તરીકે પ્રોફેસર ઉમાશંકર જોષીને નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૨. નીચે જણાવેલા ઑફિસ સ્ટાફના સભ્યોનાં નામ સામે જણાવેલ રકમ સામે જણાવેલ કારણસર તેમના પ્રોવિડંટ ફંડના ફાળાની રકમમાંથી લોન તરીકે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ:	રકમ:	કારણ:
૧. શ્રી. ભોગીલાલ કે. શાહ	રૂા. ૧૫૦	તેમના ભાણેજના લગ્ન પ્રસંગે મામેરા વગેરેના ખર્ચના બિલો ચૂકવવા.
૨. શ્રી. કનૈયાલાલ જે. શાહ	રૂા. ૩૦૦	તેમના નાના ભાઇના લગ્ન અંગે ખર્ચ આપવા.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૩. ૧૯૫૬ ના માર્ચ માસમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા ઉમેદવાર નં. ૧૬૪૪ તથા ઑક્ટોબરની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા ઉમેદવારો નં. ૯૫૧ તથા ૧૧૮૧ નાં પરિણામ કાર્યાલયની ભૂલને અંગે સુધારી તેમને પાસ જાહેર કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરી તરફથી સંશોધન કાર્યનાં પ્રકાશનો અંગે આપવાની આર્થિક મદદ બાબતમાં પત્રાંક એફ ૪૩-૮/૫૬ (એચ) તા. ૧૮-૯-૧૯૫૬ અનુસાર જે તે ફૅકલ્ટીના ડીનના અભિપ્રાય મંગાવ્યા બાદ મિસ ઇન્દુકલા એચ. ઝવેરીના પીએચ.ડી. માટેના મહાનિબંધ પ્રસિદ્ધ કરવા અંગે કમિશનને જણાવતાં કમિશન તરફથી કેટલી નકલો પ્રસિદ્ધ કરવાની તેમ જ ઠરાવ પ્રમાણે યુનિવર્સિટી આર્થિક ફાળો આપશે કે કેમ વગેરે બાબતો અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ-૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૨-૪-૧૯૫૫ ના પત્ર અનુસાર આવાં ખર્ચ માટે અર્ધો ખર્ચ યુનિવર્સિટીએ આપવાનો છે.

૨. જો ૫૦૦ નકલો છપાવવામાં આવે તો અંદાજે રૂા. ૨,૦૦૦ નો ખર્ચ થાય.

૩. દર વર્ષે યુનિવર્સિટીએ સ્વીકારેલા મહાનિબંધો પૈકી પ્રકાશન કરવા યોગ્ય એવા ઉપરોક્ત શરતો અનુસાર પ્રકાશન કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અત્રેથી ભલામણ કરવા માટે પત્ર આવે છે. તો દર વર્ષને માટે મહાનિબંધો પસંદ કરી કમિશનને પ્રકાશન કરવા માટે ભલામણ કરવા બાબતમાં કઈ પ્રથા અપનાવવી તે પણ વિચારવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી શ્રીમતી ઈન્દુકલા એચ. ઝવેરીના પીએચ.ડી. માટેના મહાનિબંધ પ્રસિદ્ધ કરવા માટે ખર્ચની અર્ધી રકમની મદદ

મળે તો રૂા. ૧,૦૦૦ થી વધુ નહિ તેટલો બાકીનો અર્ધો ખર્ચ મંજુર કરવો તથા મજકૂર મહા-નિબંધની ૫૦૦ પ્રત છપાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય આપવામાં આવે તો કયા મહાનિબંધો પ્રસિધ કરવા તે બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલવી.

૧૦૫. આર. આર. લાલન કૉલેજના બી.એ. જનરલ ધન સાયકોલૉજી તથા બી.એસસી. ડિગ્રી માટે કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ) અને ફિઝિકસ (સબ્સીડિયરી) અને બૉટની સબ્સીડિયરી) ના ચાલુ જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭ ની અરજી માટે સિન્ડિકેટે નીચે મુજબની સ્થાનિક તપાસસમિતિ નીમેલી:

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિપલ એ. કે. ત્રિવેદી
૩. પ્રોફેસર જે. ડી. ઓઝા

ઉપર મુજબ ૧ માં જણાવેલ પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકે આ સમિતિમાં રહેવાની અશક્તિ દર્શાવેલ હોવાથી અને તેમની જગ્યાએ પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઇની નિમણૂક કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૬. આર. આર. લાલન કૉલેજના બી.એ. જનરલ ધન સાયકોલૉજી તથા બી એસસી. ડિગ્રી માટે કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ) અને ફિઝિકસ (સબ્સીડિયરી) અને બૉટની (સબ્સીડિયરી) ના ચાલુ જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭ અંગેની અરજી માટે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિમાંથી પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીએ આ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહેવા અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સ્થાનિક તપાસસમિતિ પર પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીની જગ્યાએ પ્રોફેસર વી. વી અકોલકરની નિમણૂક કરવી.

૧૦૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં કામ કરતા ઇકોનોમિકસના પ્રોફેસર ડૉ. ઓમન અબ્રાડિયન સત્રના મધ્યમાં કૉલેજ છોડી જવાથી તેમની જગ્યાએ કામચલાઉ પાર્ટ-ટાઇમ ટ્યૂટર તરીકે શ્રી અબ્દુલ હમીદ ગુલામરસૂલ કુરેશીની નિમણૂક કર્યા બાબતના પ્રિન્સિપલના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે શ્રી કુરેશીની નિમણૂક વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે કરી છે અને બીજા સત્રની શરૂઆતમાં પ્રોફેસર નીમવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અબ્દુલહમીદ ગુલામરસુલ કુરેશીની નિમણૂક કરવી નહિ.

ઘધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજે કરેલી વ્યવસ્થા ફક્ત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી.

ઘધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને જણાવવું કે જૂન ૧૯૫૭ થી યોગ્ય લાયકાત ધરાવતા ઇકોનોમિકસના પ્રોફેસરની નિમણૂક કરવામાં ન આવે તો મજકૂર વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરવાની મના ફરમાવવામાં આવે છે.

૧૦૮. ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવવાની તારીખ જે સિન્ડિકેટે ૩૧-૧૨-૧૯૫૬ સુધી લંબાવી હતી તે બાદ હજી પણ ઍલિજિબિલિટીના કેસો હોવાથી તે અંગે નિર્ણય કરવા બાબત.

(નોંધ: હજી રેગ્યુલર ૭૫ અને એકસ્ટર્નલ ૫૦ કેસો ફાઇનલ ઍલિજીબિલિટી માટે બાકી છે. ૬૨ વર્ષે સિન્ડિકેટ વિદ્યાર્થીઓને તેમના જોખમે પરીક્ષામાં બેસવા દેવા અને ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવે નહિ ત્યા સુધી પરિણામ જાહેર ન કરવા અને તેમણે રાખેલ સત્રો રદ કરવા ઠરાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

૧૦૯. રેગ્યુલેશન ૧૮ મુજબ બી.એ. (સ્પેશિયલ) માં ભાષાની પરીક્ષામાં મૌખિક પરીક્ષા લેવાની જોગવાઇ છે, પણ આવી પરીક્ષા હજી સુધી લેવાઇ નથી અને તેવી પરીક્ષા નહિ લેવા માટે દર વર્ષે સિન્ડિકેટે ઠરાવ કરવો પડે છે તો તે અંગે ચાલુ વર્ષે તથા ત્યાર પછીના વર્ષો માટે કઇ પ્રથા રાખવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન ૧૮ મુજબ બી.એ. (સ્પેશ્યલ) માં ભાષાની પરીક્ષા માં ચાલુ વર્ષે પણ મૌખિક પરીક્ષા લેવી નહિ તથા આ બાબત પરત્વે પુનર્વિચારણા કરવા ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૧૧૦. પરીક્ષકો અને પ્રાશ્નિકોને આપવામાં આવતી સૂચનાઓમાં ઑફિસે તૈયાર કરેલ યાદીમાં સૂચવ્યા મુજબ સુધારા કરી ૧૯૫૭ ની સૂચના નક્કી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઑફિસે સૂચવેલા સુધારા જુદા જુદા અભ્યાસક્રમોના ઑર્ડિનન્સ અને રેગ્યુલેશન્સમાં થયેલ ફેરફારોને અનુલક્ષીને કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે તૈયાર કરેલી યાદી પ્રમાણે સુધારા વધારા કરીને ૧૯૫૭ ની પરીક્ષાઓ માટે પરીક્ષકો, પ્રાશ્નિકો, વગેરેને આપવાની સૂચનાઓનો મુસદ્દો મંજૂર કરવો.

(મુસદ્દાની નકલ આ સાથે પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૧૧. શ્રી. ભોગીલાલ પી. કંપાની તરફથી લાયબ્રેરી માટે આસરે રૂ. ૨૦૭ નાં પુસ્તકોની સખાવત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત લાયબ્રેરી કમિટીની વિચારણા માટે મોકલી આપવી.

૧૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી "Measures for promoting discipline among student" એ વિષે આવેલા પત્ર અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદના માનદ્ મંત્રી તરફથી આવેલા પત્રમાં નીચે જણાવેલી બાબત ઉપર વિચારણા કરવા બાબત:

"The question of conducting the post-intermediate courses by the University particularly in the city of Ahmedabad is under the consideration of the authorities. The position, therefore, is uncertain at present. In view of the aforesaid it would not be either proper or in the fitness of the situation to compel us to start a new College in the city incurring high expenditure regarding provision for accommodation etc. I therefore request that for one year at least we may be allowed to run some classes viz. two divisions of First LL.B. and one division of the Second LL.B; as an extension of the existing Sir L.A. Shah Law College. We are prepared to provide suitable accommodation and arrangement for this. Further, one year's experience will also help us to form a opinion whether such a course is feasible or not in the interest of experience, efficieney and proper administration. We have already made this proposal in our application for affiliation for which committee appointed by the Syndicate has already submitted its report. This aspect of our application has not yet been considered by the University authorities. The Government permits schools to start branches at various places in the same city and it is found that this experiment has not proved to be adverse to the interests of education."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદના માનદ્ મંત્રીની વિનંતી માન્ય કરવી નહિ.

૧૧૪. મકાનના બાંધકામ અંગે તાત્કાલિક પૈસા આપવાના હોવાથી શ્રી. એન. જે. પટેલ (હેડ ક્લાર્ક, સિન્ડિકેટ વિભાગ) ને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડના ફાળાની રકમમાંથી રૂ. ૬૦૦ ની લોન આપવા બાબતની અરજી અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરની ગેરહાજરીમાં તાત્કાલિક નિકાલ માગતાં કાર્યો હલ કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને આપેલી સત્તાની રૂએ તે પ્રમાણેની લોન મંજૂર કર્યા બાબતના શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી.

૧૧૫. પિતાશ્રીની તબિયત ખરાબ હોવાને લીધે રવાઓ તેમ જ ઇન્જેક્શન ખરીદવાનાં હોવાથી પદાવાળા શ્રી. ગોવિંદભાઇ સી. પટેલને પોતાના પ્રોવિડન્ટ ફંડના ફાળામાંથી રૂા. ૫૦ ની લોન આપવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી ગોવિંદભાઇ સી પટેલને પોતાના પ્રોવિડન્ટ ફંડના ફાળામાંથી રૂા. ૫૦ ની લોન આપવી.

૧૧૬. શ્રી. એચ. એન. શાહે એ. જી ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં બી એડ. ના વર્ગમાં બીજા સત્રમાં ભરેલી હાજરી અકસ્માત થવાને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર વિદ્યાર્થીની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધ:- વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે. હાડવૈદનું પ્રમાણપત્ર રજૂ કર્યું છે:

	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પ્રથમ સત્ર :	૮૮	૬૫	૭૫	૧૦ વધારે હાજરી
દ્વિતીય સત્ર :	૨૦	—	૨૦	

અત્યાર સુધીમાં,

પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે મજકૂર વિદ્યાર્થી ૧૮ મી ફેબ્રુઆરીથી શરૂ થતી પ્રેકટીકલ પરીક્ષામાં બેસી શકશે નહિ પરંતુ જો તેનું દ્વિતીય સત્ર માન્ય કરવામાં આવે તો ૧૮મી માર્ચથી શરૂ થતી પાર્ટ I ની પરીક્ષામાં બેસી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૯૧ માં થયેલા ઠરાવ અનુસાર આ બાબતનો નિર્ણય કાર્યાલયે કરવો.

૧૧૭. એમ એ. "એ" અને "સી" ગ્રુપ સાથે લગભગ ૪૯ ટકા માર્કસ મેળવી તથા બી.એ. ઇકોનોમિકસ ઑનર્સ સેકન્ડ કલાસ મેળવી પાસ થયેલ શ્રી. સી. એમ. ત્રિવેદીની લેકચરર ઇન હિસ્ટરી અને ઇકોનોમિકસ તરીકે નિમણૂક કરવા દેવા પરવાનગી આપવા બાબતનો સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. સી. એમ. ત્રિવેદીને એમ.એ. માં સેકન્ડ કલાસ મેળવવા માટે ૧½ ટકા ખૂટે છે. તેમને ત્રણથી ચાર વર્ષનો શાળાનો શૈક્ષણિક અનુભવ છે. હાલમાં ઑલ ઇન્ડિયા રેડિયો, દિલ્હીમાં નોકરી કરે છે જ્યાં જર્નાલિઝમનો અનુભવ છે. ગુજરાતી જાણીતા ઇતિહાસ અને અર્થશાસ્ત્રના લેકચરરોની તાણ હોવાથી શ્રી. ત્રિવેદીની નિમણૂક કરવા માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલની વિનંતી માન્ય કરવી નહિ.

૧૧૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જુનિયર એમ.કૉમ. નો અભ્યાસ કરતા શ્રી એમ.ડી. પંચોલીની ખૂટતી હાજરી માફ કરવા બાબતની પ્રિન્સિપલ મારફત આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નામ	કુલ ભાષણો	જરૂરી ભાષણો	ભરેલાં ભાષણો	ખૂટતી હાજરી	કારણ
શ્રી. એમ. ડી. પંચોલી	પ્રથમ સત્ર–૨૨ ૫૫–૫૬	૨૫	૧૬	—	—
	બીજું સત્ર–૩૪ ૫૫–૫૬	૨૭	૨૦	૩	પોતાની માંદગી

(નોંધઃ– ડાક્તરી પ્રમાણપત્ર સામેલ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૯૨ માં થયેલા ઠરાવ અનુસાર આ બાબતનો નિર્ણય કાર્યાલયે કરવો.

૧૧૯. ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસની કલકત્તા ખાતે જાન્યુઆરી તા. ૧૪ થી ૨૦ સુધી મળનાર આગામી બેઠક અંગે તેમ જ ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, બર્મા અને સિલોનની તા. ૨૧મી જાન્યુઆરી ૧૯૫૭ના રોજ કલકત્તા ખાતે મળનાર બત્રીસમી વાર્ષિક બેઠક અંગે તેમજ કલકત્તા યુનિવર્સિટીના તા. ૨૯મી જાન્યુઆરી તથા ત્યારપછીના પાંચ દિવસોમાં ઉજવાનાર શતાબ્દિ મહોત્સવ પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. કે. જી. નાયકને નીમેલા પણ તેમણે માંદગીના કારણે અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ અનુક્રમે ૧. ડૉ. એ. એમ. ત્રિવેદી તથા ૨. અને ૩. માં ડૉ. વાય. જી. નાયકની નિમણૂક કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૦. વસ્ત્રાપુર ગામ સર્વે નં. ૨૫૪ એકર ૬ ગુંઠા હતો જે ગુજરાત યુનિવર્સિટીની હદની અંદર આવે છે તે સરકારી હોવાથી તેઓની પાસેથી ફ્રી ઑફ ગ્રાન્ટ તરીકે યુનિવર્સિટીના કામકાજ માટે આપવા સરકારને વિનંતી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વસ્ત્રાપુર ગામના સર્વે નં. ૨૫૪ ની ૬ એકર અને ૯ ગુંઠા જમીન યુનિવર્સિટીની હદમાં આવતી હોવાથી તે જમીન યુનિવર્સિટીના કામકાજ માટે લેન્ડ રેવન્યૂ કૉડની કલમ ૩૬ (૧) ની શરતો પ્રમાણે મુંબઈ સરકાર પાસે રેવન્યૂ ગ્રાન્ટ તરીકે આપવા માગણી કરવી. ઉપરાંત આ શરતોમાં ભવિષ્યમાં થનારા કોઇ પણ ફેરફારને માન્ય રાખવા બાંહેધરી આપવી. આ બાબત યુનિવર્સિટી કાર્યાલયે આગળ ઘટતાં પગલાં લેવાં.

૧૨૧. બિલ્ડીંગ કમિટીની તા. ૨૦-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ.

બિલ્ડીંગ કમિટીની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના રિવાઇઝડ એલીવેશનના પ્લાન્સ મંજૂર કરવા અને નીચેનો ખર્ચ આ મકાન માટે મંજૂર કરવોઃ

૧.	નવા એલીવેશનના	રૂા.	૫૫,૦૦૦
૨.	આર. સી. સી. સ્પેશિયાલીસ્ટની ફી	રૂા.	૨,૫૦૦
૩.	બિલ્ડીંગ સુપરવાઇઝરની ફી	રૂા.	૩,૦૦૦
૪.	આર્કિટેકટની ફી	રૂા.	૧૧,૦૦૦
૫.	કેબલ	રૂા.	૫,૦૦૦

ત્યારબાદ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ સભામાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી ટાવર યુનિવર્સિટી બિલ્ડીંગની સરખામણીમાં બરોબર લાગતો નથી તો આ અંગે નિષ્ણાતોનો અભિપ્રાય લેવો અને તે માટે રૂા. ૫૦૦ નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની ભલામણ અનુસાર સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના રિવાઇઝડ એલીવેશનના પ્લાન મંજૂર કરવા તથા યુનિવર્સિટી ટાવર અંગે બિલ્ડીંગ કમિટીની ભલામણ અનુસાર નિષ્ણાતનો અભિપ્રાય મંગાવવા માટે રૂા. ૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૨૨. પરીક્ષકોને ૧૯૫૭ની પરીક્ષા માટે આપવામાં આવતા મહેનતાણાના દરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭ની પરીક્ષાઓ માટે મહેનતાણાના આ સાથેના પરિશિષ્ટ "ત" માં દર્શાવ્યા પ્રમાણેની યાદીમાં રજૂ કરેલા દર મંજૂર કરવા.

(મહેનતાણાના દરોની નકલ આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૨૩. સિન્ડિકેટની તા. ૧૫/૧૬-૧૨-૫૬ની સભાના કામકાજની યાદીમાંની પરીક્ષકોની નિમણૂક, પરીક્ષકો વગેરેને અપાતા મહેનતાણા, ભથ્થાં વગેરે; તેમજ સ્ટાફના સભ્યોના પગાર સ્કેલ વધારવા અંગેની બાબતો નં. ૨૦ થી ૨૮ ઉપર વિચારણા કરી હેવાલ સુપ્રત કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૦-૧-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. ૧૯૫૬ ના પાછલા ૬ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં ગેરવ્યાજબી ઈલાજો લીધા હોય તેવા વિદ્યાર્થીઓના કેસો ઉપર અને પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો વગેરે કરેલી ભૂલો ઉપર વિચારણા કરી હેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિના હેવાલમાં રજૂ કરવામાં આવેલી ભલામણો મંજૂર કરવી.

(હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૨૫. ચાલુ શૈક્ષણિક વર્ષમાં તા. ૮-૮-૫૬ થી તા. ૨૬-૮-૫૬ સુધી અમદાવાદની સ્થાનિક કૉલેજો રાજકિય વાતાવરણને અંગે બંધ રહેલી હોવાથી પહેલા સત્રમાં રાખવી જોઇતી ૬૫ દિવસની હાજરી લગભગ મોટા ભાગના વિદ્યાર્થીઓએ રાખી નથી. આ સંજોગોમાં આ વર્ષ પૂરતું પહેલા સત્રમાં રાખવી જોઇતી ઓછામાં ઓછી હાજરી ૬૫ દિવસથી ઘટાડી અમૂક ઓછી હાજરીની મર્યાદા નક્કી કરવા અને એ રીતે જે તે પરીક્ષાઓના બાકી વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓમાં બેસવા દેવા બાબત શ્રી. રામાનંદ મહાવિદ્યાલયના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના સોશિયોલૉજીની લેક્ચરર મીસ. જે. પી. મિસ્ત્રીનું રાજીનામું મંજૂર કરવા બાબત.

(નોંધ:- મિસ મિસ્ત્રી તા. ૩૦-૭-૫૬ થી સ્કૂલમાં સોશિયોલૉજીના લેક્ચરર તરીકે જોડાયાં હતાં. હવે તેમની નિમણૂક આગ્રા યુનિવર્સિટીમાં સોશિયોલૉજીના રીડર તરીકે થયેલી હોવાથી છૂટા થવા માગે છે. આગ્રા યુનિવર્સિટીના સોશિયલ સાયન્સ ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટરને આ બાબતમાં અહિના ડાયરેક્ટરે લખતાં તેઓ મિસ મિસ્ત્રીને તા. ૧-૩-૫૭ સુધી અહીં ચાલુ રહેવા સંમતિ આપે છે. એટલે તેમનું રાજીનામું પસાર કરી તા. ૧-૩-૫૭ થી છૂટા કરવાનાં રહેશે.

૨. યુનિવર્સિટી ટીચીંગ સ્ટાફના નોકરી અંગેના નિયમો ઘડાયા નથી. નોન-ટીચીંગ સ્ટાફના સભ્યોના નોકરી અંગેના નિયમો ઘડાયા છે. આ નિયમો જે ટીચીંગ સ્ટાફને લાગુ કરવામાં આવે તો મિસ મિસ્ત્રી પ્રોબેશન ઉપર હોવાથી એક મહિનાની નોટિસ આપી છૂટા થઇ શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના સોશિયોલૉજીના લેક્ચરર કુ. જે. પી. મિસ્ત્રીનું રાજીનામું મંજૂર કરવું તથા તેમને તા. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૫૭ના રોજ છૂટા કરવા.

૧૨૭. ચાલુ વર્ષે પરીક્ષાઓના પ્રશ્નપત્રોની સંખ્યાઓ અને પરીક્ષાઓ શરૂ થવા અંગેની ઑ. ૧૨૯ માં જણાવેલી તારીખો જોતાં, તેમજ તે પ્રશ્નપત્રો છાપવામાં કેટલી મુશ્કેલી

ન પડે તે જોતાં નીચેની પરીક્ષાઓની તારીખો ફેરવવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

એમ.એ. અને એમ.એસસી. મેથેમેટિકસ, તા. ૯-૪-૫૭ ને બદલે તા. ૧૫-૪-૫૭
એમ.ડી.,એમ.એસ. તા. ૧૫-૪-૫૭ ને બદલે તા. ૨૨-૪-૫૭

(નોંધઃ- ઉપરનો ફેરફાર કરવાથી અમદાવાદમાં એક દિવસે વધુમાં વધુ ૪૯ પ્રશ્નપત્રો છાપવાના થતા હતા તેને બદલે ૩૧ પ્રશ્નપત્રો છાપવાના થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

૧૨૮. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ અને રિસર્ચ, અમદાવાદમાં જુનિયર એમ.એ. માં અભ્યાસ કરતા શ્રી. સ્વામી જે. વાય. ની ખૂટતી હાજરી માફ કરવા બાબતની તેમજ ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સિનિયર એમ.એ. માં અભ્યાસ કરતાં કુમારી મંદાકીની સી. પટેલની ખૂટતી હાજરી માફ કરવા બાબતની તેમની કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

	નામ	કુલ ભાષણો	જરૂરી ભાષણો	ભરેલાં ભાષણો	ખૂટતી હાજરી	કારણ
૧.	શ્રી. સ્વામી જે. વાય. પ્રથમ સત્ર ૧૯૫૬-૫૭.	૬૨	૪૧	૩૨	૯	પોતાની માંદગી

(નોંધઃ- ડાક્તરનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે.)

૨.	કુ. મંદાકીની સી. પટેલ સિનિયર એમ.એ.	૪૧	૨૭	૨૫	૨	પોતની માંદગી એનેમીયા.

(નોંધઃ- ડાક્તરનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૯૧ ઉપરના ઠરાવ અનુસાર આ બાબત અંગે કાર્યાલયે જરૂરી નિર્ણય લેવો.

૧૨૯. ફાઇનાન્સ કમિટીની તા. ૧૨-૧-૧૯૫૭ ની સભા મળી શકી ન હોવાથી વાર્ષિક જરૂરિયાતની સ્ટેશનરી ખરીદવા અંગેની તેમજ વાર્ષિક જરૂરિયાતના જુદી જુદી જાતનાં કવર્સ ખરીદવા અંગે તેમજ સ્ટીલના રેકસ ખરીદવા મંજૂરી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

(યાદીની નકલ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૪૯૬૧-૫૦૦૮-૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૩૧-૧-૫૭.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. 33

S. 99. The subjects comprised in each of these faculties shall be as follows :

(1) Faculty of Arts including Education.

Humanities :

Modern Indian Languages :

Gujarati, Marathi, Hindi, Urdu, Sindhi, Bengali, Kannada and Tamil;

Other Modern Languages :

English, German, French, Portuguese and Russian.

Classical Languages :

Sanskrit, Pali, Ardha-Magadhi, Avesta and Pahalvi.

Persian and Arabic;

History, Archaeology, Epigraphy and Numismatics;

Logic and Philosophy;

Mathematics and Statistics;

Education;

Fine Arts;

Ancient Indian or Eastern Culture;

Town Planning and Architecture;

Physical Education;

Journalism.

Social Studies :

Politics;

Economics;

Sociology;

Civics;

Psychology;

Anthropology;

Geography;

Home Science;

(2) Faculty of Science :

Mathematics and Statistics;

Geography;

Physics;

Chemistry;

Botany;

Zoology;

Microbiology;

Geology.

(3) Faculty of Technology including Engineering :

Engineering Technology;

Civil Engineering;

Mechanical Engineering;

Electrical Engineering;

Sanitary Engineering;

Tele-Communications;

Chemical Engineering;

Automobile Engineering;

Aeronautical Engineering;

Textile Engineering;

Town Planning and Architecture.

(4) Faculty of Agriculture :

Agriculture including Veterinary Science;

Forestry.

(5) Faculty of Law :

Law and Jurisprudence.

(6) Faculty of Medicine :

Medicine including indigenous systems;

Surgery including Ophthalmology; Midwifery and Gynaecology;

Medical Jurisprudence;

Pharmacy.

(7) Faculty of Commerce :

Economics;

Politics;

Statistics;

Commerce;

Geography;

Accounting and Acturial Science.

(8) Faculty of Ayurvedic Medicine :

Ayurvedic Medicine.

S. 108 : The following Boards of studies may be constituted under the provisions of Section 25 (1) :—

Faculty of Arts including Education :

1. Gujarati,
2. Marathi,
3. Hindi,
4. Sindhi,
5. Bengali,
6. Kannada,
7. Tamil.
8. English,
9. Modern European Languages : German, French, Portuguese, Russian,
10. Sanskrit and Prakrit Languages,
11. Persian, Arabic and Urdu,
12. Avesta and Pahalvi,
13. History, Archæology, Epigraphy and Numismatics,
14. Political Science,
15. Sociology and Anthropology,
16. Psychology, Logic, Philosophy and Political Philosophy,
17. Education,
18. Ancient Indian or Eastern Culture,

18-a. Home Science,

18-b. Physical Education,

18-c. Journalism;

Faculty of Science :

19. Physics,
20. Chemistry,
21. Botany,
22. Zoology,
23. Microbiology.

Faculties of Arts & Science :

24. Mathematics and Statistics,
25. Geology.

Faculties of Arts, Science and Commerce :

26. Geography.

Faculties of Arts and Commerce :

27. Economics.

Faculty of Technology including Engineering :

28. Civil Engineering,
29. Mechanical Engineering,
30. Electrical Engineering.

Faculty of Agriculture :

31. Agriculture.

Faculty of Law :

32. Personal Law, Jurisprudence, Laws of Property and Land Laws, Contracts and Torts, Criminal Law, Law of Procedure, Law of Evidence and Law of Companies.

Faculty of Medicine :

33. Pre-clinical subjects comprising Anatomy, Physiology, Pharmacology and Pathology.
34. Medicine comprising Medcine, Preventive Medicine and Forensic Medicine, Surgery, Comprising Surgery, Opthalmology, Midwifery and Gynaecology.
35. Pharmacy, comprising Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Pharmaceutics.

Faculty of Commerce :

36. Commerce,

37. Accounting,

38. Actuarial Science and Statistics.

Faculty of Ayurvedic Medicine :

39. Ayurvedic Medicine.

Faculties of Arts including Education and Technology including Engineering :

40. Town Planning and Architecture.

પરિશિષ્ટ "ખ"

ક્રમાંક નં. ૩૪

S. 173. For admission to the First Year Arts, the First Year Science, the First Year Commerce and the First Year Agriculture Classes and the First Year Diploma Class in Pharmacy, an applicant must have passed :

I The Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board of the Bombay State in the following subjects with at least 35% of the total marks in each head;

(1) Hindi (at higher or lower level);

(2) One of the following Languages :
(1) Gujarati, (2) Marathi, (3) Kannada, (4) Tamil, (5) Telugu, (6) Urdu, (7) Sindhi, (1) Bengali, (9) Malayalam, (10) Punjabi (at higher or lower level), (11) Additional English :

(3) & (4) Any two of the following :
(1) Social Studies; (2) General Science or Physics and Chemistry; (3) Elementary Mathematics or Geometrical and Machine Drawing ;

(5) English (at higher or lower level);

(6) & (7) Any two subjects from groups *2 to 6 as allowed and consistent with the Rules of the Secondary School Certificate Examination Board for passing the Secondary School Certificate Examination.

---

*The following subjects prescribed under Groups II to VI of the S. S. C. Examination syllabus can come under these heads provided they are selected in conformity with the rules of S. S. C. Examination :

(1) French, (2) German, (3) Spanish, (4) Italian, (5) Portuguese, (6) Sanskrit, (7) Pali, (8) Ardha-Magadhi, (9) Arabic, (10) Persian, (11) Avesta-Pahlavi, (12) Latin, (13) Hebrew, (14) Greek, (15) Social Studies, (16) General Science, (17) Elementary Mathematics, (18) Geometrical and Machine Drawing, (19) History, (20) Geography, (21) Physics and Chemistry, (22) Physiology and Hygiene, (23) Botany and Zoology. (24) Algebra and geometry, (25) House Craft, (26) Tillage and soil Management, (27) Crop and Animal Husbandry, (28) Elements of Commerce, (29) Book-keeping and Accounts, (30) Mechanical Engineering, (31) Electrical Engineering, (32) Workshop Technology-Grade I, (33) Workshop Technology-Grade II, (34) Surveying, (35) Building Materials and Construction, (36) Wood work Technology, (37) Furniture Design and Estimating, (38) Dyeing Techonology of Textile Fabrics, (39) Radio Engineering, (40) Hand Spinning and Hand Weaving, (41) Weaving (power), (42) Radio Service Work, (43) Typography, (44) Arithmetic, (45) Indian Administration and Civics, (46) Indian Music, (47) European Music, (48) Tailoring and Cutting, (49) Tailoring, Embroidery and Fancy Work, (50) Shorthand, (51) Typewriting, (52) Arts, (53) Elements of Mechanical and Electrical Engineering.

OR

II The School Leaving Certificate Examination held by the Government of Bombay under the following conditions :

(a) The holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Agricultural Schools, is deemed eligible for admission to the First Year Science Course;

(b) the holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Technical Schools, is deemed eligible for admission to the First Year Science Course;

(c) the holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Commerce Schools, is deemed eligible for admission to the First Year Commerce Course;

(d) the holder of the School Leaving Certificate, who had attended a vocational School and passed the examination for the course concerned, and who seeks admission to the First Year Course in Arts, is deemed eligible for admission thereto, provided he passes in a test in a Classical Language of the S.S.C.E. standard.

OR

III The Entrance Examination, if any, which may be instituted by the University with the consent of the State Government.

OR

IV Any other exmanition recognised by the University as equivalent to any of the examinations named above and which satisfies such other conditions as may be laid down in granting such equivalence.

OR

V The S. S. C. Examination passed by the condidate before March 1957 if passed with subjects specified in Statute 173 before revision.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૩૬

O. 275: "Every candidate appearing for Part I examination shall produce a certificate of having received post-graduate tuition in Applied Anatomy and Physiology for six months by recognized post-graduate teachers in relevant or allied subjects in an Institution where the required and necessary facilities exist."

O. 228 : " Every candidate appearing for Part I examination shall produce a certificate of having received post-graduate tuition in Applied Anatomy and Physiology for six months by recognized post-graduate teachers in relevant or allied subjects in an Institution where the required and necessary facilities extst."

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૩૭

R. 202 K. The Intermediate courses in Pharmacy shall include the respective subjects as given in table below. The number of hours to be devoted to each subject for its teaching lectures and practical shall be not less than that noted against it and the detailed syllabus of each subject shall be atleast as given in R. 202 O.

	Subject to be taught	No. of hours of lectures	No. of hours of practical
1.	General Pharmacy	75	100
2.	Dispensing Pharmacy	50	200
3.	Forensic Pharmacy	25	—
4.	Pharmaceutical Chemistry including General Organic Chemistry.	100	100
5.	Pharmacognosy	45	90
6.	Pharmacology	25	30
7.	Hindi	25	—

O. 302 E: Candidates who have passed Intermediate Examination in Science of this Universiy or any other University recognised as equaivalent to the Examination of this University shall be exempted from the prescribed course and examination in Hindi.

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૫૦

Rule 2:- Subject to the undermentioned provison, a member of the teaching staff of an affiliated college who ceases to be a teacher at the end of the second term or at the end of the first term, as the case may be, should be paid his salary in accordance with the following rules :

(1) If he has served for the major part * of the whole academic year,|| he should be paid his salary upto the 15th June following the end of the second term.

(2) If he has served for the major part of the first term, he should be paid his salary upto 31st October ;

(3) If he has served for the major part of the second term only, he should be paid upto the 31st March.

Provided always that :

(a) Such a teacher has not left his college of his own accord and without giving necessary notice as required under Rule 8 below ;

(b) his appointment was not in a leave vacancy for a fixed period, provided further that a teacher falling under categories (1) and (3) above should not be entitled to be paid for the vacation, if his services are terminated at least one month prior to the commencement of the vacation.

---

* 'Major Part' means more than onehalf.

|| 'Academic year' means the period between the 15th June of the year and the 15th March of the following year.

પરિશિષ્ટ "બ"

કામકાજ નં. ૫૫

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ૫૬૨મી બેઠક, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયાના અધ્યક્ષપદે મંગળવાર તા. ૧૮-૧૨-૧૯૫૬ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયા વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી પરીખ	ગેરહાજર,
૩.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૪.	પ્રોફેસર એલ. આઈ. ભટ્ટ	ગેરહાજર,
૫.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર,
૭.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	હાજર,
૮.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	હાજર,
૯.	શ્રી. બી. કે. મુઝમદાર	ગેરહાજર,
૧૦.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર,
૧૧.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર,
૧૨.	શ્રી. ઉમાશંકર જોષી	હાજર,
૧૩.	પ્રિન્સિપલ એલ. આર દેસાઇ	હાજર,
૧૪.	પ્રિન્સિપલ જે. બી. સાણ્ડિલ	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર,
૧૬.	ડૉ. એમ. ડી. દેસાઇ	હાજર,
૧૭.	પ્રિન્સિપલ ડી. આર સામન્ત	ગેરહાજર,

૧. તા. ૨૨-૯-૧૯૫૬ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૨ ૯-૧૯૫૬ ના રોજ મળેલી ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી. તથા શ્રી. અધ્યક્ષે તેના ઉપર સહી કરી.

૨. નીચે જણાવ્યા મુજબની ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૪૦ ની પેટા કલમ ૧ ઉપર ઘટતું કરવા બાબત સિન્ડિકેટે આ બૉર્ડને વિચારણા કરવા મોકલી આપેલી અને

બૉર્ડ તે અંગે સિન્ડિકેટ પાસે આદેશ માગેલો તે પ્રમાણે સિન્ડિકેટ તરફથી આવેલ આદેશ ઉપર વિચારણા કરવા બાબત.

"40. (1) Within a period of seven years from the date on which section comes into force the Senate shall determine that all instructions, teaching and training beyond the stage of Intermediate examination shall, within the area of the City of Ahmedabad and such other contiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad, Area), be conducted by the University and shall be imparted by the teachers of the University. The Senate shall communicate its decision to the Provincial Government."

બૉર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રણ વર્ષનો ડિગ્રી કૉર્સનો અભ્યાસક્રમ યોજવાનો વિચાર અને અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ-ઇન્ટરમિડિયેટ ટિચિંગ યોજવાનો વિચાર આ બન્ને પ્રશ્નો વચ્ચે સંબંધ રહેલો છે, તે જોતાં એમાંથી કયા પ્રશ્નને પહેલી પસંદગી (પ્રાયોરીટી) આપવી તે બાબત અંગે સિન્ડિકેટનો આદેશ મેળવવો જરૂરી લાગે છે તે મલ્યા બાદ આ કામનો વિચાર હાથ ધરી શકાય."

સિન્ડિકેટનો ઠરાવ

"મજકૂર બાબત અંગે બૉર્ડને જણાવવું કે ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના અભ્યાસક્રમની તથા અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ-ઇન્ટરમિડિયેટ ટિચિંગનું સંયોજન કરવાની એ બન્ને બાબતોનો એકી સાથે જ વિચાર કરવાનો છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એકટની કલમ ૪૦૧ અનુસાર ૧૯૫૭ નવેમ્બર પહેલાં મજકૂર બાબતમાં આગળ યોગ્ય પગલાં લેવા માટે સિન્ડિકેટે સેનેટ સમક્ષ લાવવો એમ આ બૉર્ડનો અભિપ્રાય છે.

૩. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી સેક્રેટરી, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટર ઑફ એજ્યુકેશન, તરફથી યુનિવર્સિટી કેળવણીમાં ડિગ્રી કોર્સ લેવલે સુધારા અંગેની દરખાસ્તો બાબતનો પત્રાંક એફ. ૧૦-૧૧, ૫૫-એ. ૧ તારીખ ૧૨-૮-૧૯૫૬ ના પત્રમાં અન્ડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમના ચાલુ પ્રથમ વર્ષને પ્રિયુનિવર્સિટી કોર્સ તરીકે ગણવા અંગે તે બાબત પર વિચારણા કરવા ધ્યાન ખેંચતાં આવેલ પત્રાંક ૬૫૩ તા. ૩૦-૧૦-૫૬ પર વિચારણા કરવા કરવા બાબત.

(નોંધ:-૧. આ બાબતમાં સ્ટેટ યુનિવર્સિટીઓને પૂછતાં તેમના તરફથી આવેલ ૪ નકલો પણ સાથે સામેલ કરવામાં આવી હતી.

૨. ઉપર આઇટેમ નં. ૨ માં દર્શાવેલ એક્ટની કલમ ૪૦૧ અનુસાર પોસ્ટ-ઇન્ટરમિડિયેટ અભ્યાસક્રમનો પણ વિચાર કરવાનો હોવાથી આ બાબત આ બૉર્ડ સમક્ષ વિચારણા માટે મૂકેલ છે.

આ બાબતનો બનતી ત્વરાએ અમલ કરવો એમ આ બૉર્ડ અભિપ્રાય ધરાવે છે અને ઍકેડેમિક કાઉન્સિલને તે અંગે ઘટતાં પગલાં લેવા ભલામણ કરે છે.

૪. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના નવા ઑર્ડિનન્સ મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબતમાં જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. નીચે દર્શાવેલ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષકો તરીકે જુન ૧૯૬૧ સુધી માન્ય કરવા:

નામ:	વિષય:	ડીગ્રી:	શિક્ષણ અને અથવા સંશોધન જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા.
૧. શ્રી. એમ. એ. ફારૂકી	ઉર્દૂ	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. જે. જી. કુન્તે	હિસ્ટરી ગ્રુપ "સી" અને "ઇ"	એમ.એ	શિક્ષણ	,,
૩. શ્રી. એમ. ઇ. કોઠી	મેથેમેટિક્સ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,

બ. નીચે દર્શાવેલ શિક્ષકની અરજી બાબતમાં તેમના નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં.

શ્રી. જી સી. અમીન ગુજરાત કૉલેજ અમદાવાદ.	ઑર્ગેનિક કૅમિસ્ટ્રી પીએચ.ડી. ડીગ્રી માટે.	શ્રી. અમીનનાં પબ્લીકેશનો અત્રે મંગાવવાં અને તે કૅમિસ્ટ્રીની અભ્યાસસમિતિના ચેરમેનને અભિપ્રાય માટે મોકલી આપવાં. ચેરમેનનો અભિપ્રાય આવ્યા બાદ તે અનુસાર શ્રી. અમીનને અનુસ્નાતક માન્યતા આપવા બાબતમાં નિર્ણય કરવા શ્રી. ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬. નીચે દર્શાવેલ શિક્ષકોની અરજી માન્ય ન કરી.

૧.	શ્રી. એસ. આર. પટેલ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	ઑર્ગેનિક કૅમિસ્ટ્રી	પીએચ.ડી.
૨.	શ્રી. કે. બી. ગોરે બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	ટ્યુબરકયુલોસીસ	એમ.ડી.
૩.	શ્રી. એમ. એ. ફારૂકી ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. પર્શિયન ૨. ઉર્દૂ	પીએચ.ડી.
૪.	શ્રી. કે. એ. ડાકર વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.	ઑર્ગેનિક કૅમિસ્ટ્રી	એમ.એસસી.

૫. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેની અરજીઓ બાબતમાં શ્રી. ઉપકુલપતિશ્રીને સત્તા આપ્યા પ્રમાણે શ્રી. ઉપકુલપતિશ્રીએ માન્ય કરેલા અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી.

જાણ સારૂ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી.

૬. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં, ફિલોસોફી વિષયમાં એમ.એ. માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા પ્રોફેસર આઇ. વી. ત્રિવેદીની ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગરના પ્રિન્સિપલ તરીકે નિમણૂક થવાથી તેમજ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ગુજરાતી વિષયમાં એમ.એ. માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શ્રી. કે. સી. જાનીની ડી કે. વી. કૉલેજ, જામનગરમાં ગુજરાતીના લેકચરર તરીકે નિમણૂક થવાથી તેઓની અનુસ્નાતક માન્યતા જે તે વિષય માટે પુનઃ મંજૂર કરવા ઑર્ડિનન્સ ૬૫ એન ૫ અનુસાર નવેસરથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આઇ. વી. ત્રિવેદીની ફિલોસોફી વિષયમાં એમ.એ. માટેની અને શ્રી. કે. સી. જાનીની ગુજરાતી વિષયમાં એમ.એ. માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ડી. કે. વી. કૉલેજ, જામનગરમાં ટ્રાન્સફર કરવી.

૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના વિષય માટે એમ.એ. માં અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય થયેલા પ્રોફેસર અબ્બાદીયન હવે એમ. ટી. બી. કૉલેજ, સૂરતમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર નિમાયેલ હોવાથી ઑ. ૬૫-એન ૫ અનુસાર તેમની મદદનીશ તરીકેની માન્યતા એમ. ટી. બી. કૉલેજમાં ટ્રાન્સફર કરવા અંગે નવેસર આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર અબ્બાદીયનની અર્થશાસ્ત્ર વિષયમાં એમ.એ. માટેની અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકેની માન્યતા એમ.ટી.બી. કૉલેજ, સૂરતમાં ટ્રાન્સફર કરવી.

૮. ગુજરાત કૉલેજના પ્રોફેસર એસ. આર. પટેલ કે જેઓ એમ.એસસી. ડિગ્રી માટે ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણ અને સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેઓ હવે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં જોડાયા હોવાથી તેમની ઉપરોક્ત અનુસ્નાતક માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ટ્રાન્સફર કરવા બાબત તેમજ ગુજરાત કૉલેજ અમદાવાદમાં એમ.એસસી. માં સંશોધન માટે તેમના હાથ નીચે નોંધાયેલા વિદ્યાર્થીઓ કે જેમણે લગભગ ત્રણ સત્રો પૂરાં કર્યાં છે તેમનું બાકીનું કામ તેમની જ દોરવણી નીચે તેમના વારંવાર સંપર્કથી પૂરૂં કરવા દેવા પરવાનગી આપવા બદલ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– આવી પરવાનગી પહેલાં ડૉ. જી. સી. અમીનને આપવામાં આવેલી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એસ. આર. પટેલની એમ.એસસી ડિગ્રી માટેની ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણ અને સંશોધન માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ટ્રાન્સફર કરવી.

૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. એમ. વૈદ્ય કે જેઓ એમ.એસસી. ડિગ્રી માટે મેડિકલ બાયોકેમિસ્ટ્રી વિષયમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની તેમને તે વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગે પુનર્વિચારણા કરવા બાબત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ– ૧. ડૉ. આર. એમ. વૈદ્યની અનુસ્નાતક માન્યતા માટે પ્રથમ અરજી આવેલી તે પરથી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૪-૫૬ ના રોજ મળેલ સભાએ તેમને મદદનીશ તરીકે માન્ય કર્યા છે.

૨. ડૉ. વૈદ્ય જણાવે છે તે પ્રમાણે જો મેડિકલ બાયોકેમિસ્ટ્રી વિષયને નોન-ક્લીનીકલ વિષય તરીકે ગણવામાં આવે અને તેમની બાબતમાં તેમના પીએચ.ડી. ના ક્વોલીફીકેશનને કે જે પીએચ.ડી. (મેડિકલ) નથી તેને માન્ય રાખવામાં આવે તો તેઓ ઑર્ડિનન્સ ૬૫-કે. અનુસાર માન્ય થઈ શકે કે કેમ તેનો નિર્ણય કરવાનો છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે મેડિકલ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય મંગાવી જરૂરી નિર્ણય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦ એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગના પ્રિન્સિપલ તરફથી એમ.ઇ. ડિગ્રી માટે ઇલેક્ટ્રીકલ ઍન્જિનિયરીંગના વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર ખોલવા પરવાનગી આપવા બાબત આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદને એમ.ઇ. ડિગ્રી માટે ઇલેક્ટ્રીકલ ઍન્જિનિયરીંગ વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર ખોલવા પરવાનગી આપવા ઍકેડેમિક કાઉન્સિલ તેમજ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. એલ. ડી કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી એમ.ઇ. પરીક્ષાને માટે ચાલુ વર્ષના બીજા સત્રને માટે આવેલ સમયપત્રક (ટાઇમ-ટેબલ) અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- ૧. કૉલેજના પ્રિન્સિપલ તરફથી એમ.ઇ. ડિગ્રી માટે ઇલેક્ટ્રીકલ ઍન્જિનિયરીંગ વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર આપવા માટે અરજી આવેલ છે જે ઉપર આઇટેમ નં. ૧૦ ઉપર છે.

૨. અનુસ્નાતક અંગેની સ્કીમ અમલમાં આવ્યા પહેલાં એક વિદ્યાર્થીને એમ.ઇ. ઇલેક્ટ્રીકલ માટે ચાલુ સાલે દાખલ કરેલ હોવાથી તેના શિક્ષણ માટે જોગવાઇ કરવાની હોવાથી ઉપરોક્ત સમયપત્રક મોકલેલ છે. તેઓ હાલ નવા વિદ્યાર્થીઓ લેતા નથી એમ પ્રિન્સિપલ જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઇ. પરીક્ષાને માટે ચાલુ વર્ષના બીજા સત્રને માટે આવેલ સમય પત્રક (ટાઇમ-ટેબલ) ને કૉલેજના અનુસ્નાતક અભ્યાસ માટે મંજૂર કરવું.

૧૨. સામળદાસ કૉલેજ, ભાવનગરના ગુજરાતી વિષયના અધ્યાપક શ્રી. તખ્તસિંહ હેરાભાઇ પરમારની ગુજરાતી વિષયમાં મહાનિબંધ લખી પીએચ.ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવા પરવાનગી મળવા માટે આવેલ માગણી બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તારીખ ૧૮-૪-૧૯૫૬ ના રોજ મળેલ સભાએ આઇટેમ ૨૦ પર શ્રી. પરમારની અરજી તેમજ પ્રકાશનો વગેરે એકંદર બાબતમાં ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના ડીરેક્ટર શ્રી. ઉમાશંકર જોષીનો અભિપ્રાય મેળવવા ઠરાવ્યા પ્રમાણે આ અંગે નીચે પ્રમાણે શ્રી. ઉમાશંકર જોષી તરફથી આવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.

શ્રી. ઉમાશંકર જોષીનો અભિપ્રાય

"ટૂંકી વાર્તાના સાહિત્ય પ્રકાર ઉપર વિશેષ લક્ષ આપીને જો આવો મહાનિબંધ થાય તો તેવા નિબંધની સાર્થકતા વધશે. આવું ધ્યાનમાં રાખીને શ્રી. પરમારને રજા આપવામાં આવે તો તે યોગ્ય થશે એવો મારો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. તખ્તસિંહ ગ્હેરાભાઇ પરમારને પીએચ.ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવા પરવાનગી આપવી. તેમજ તેમને જણાવવું કે "ટૂંકી વાર્તાના સાહિત્ય પ્રકાર ઉપર વિશેષ લક્ષ આપીને જે આવો મહાનિબંધ થાય તો તેવા નિબંધની સાર્થકતા વધશે એવું ધ્યાનમાં રાખીને નિબંધ તૈયાર કરવા રજા આપવામાં આવેલ છે.

૧૩. શ્રી દેવેન્દ્ર હિરાલાલ સુતરીયા કે જેઓ સન ૧૯૫૧ માં પીએચ.ડી. માં રજિસ્ટર થયેલ છે અને જેઓને ઑર્ડ સન ૧૯૫૨ માં સ્વતંત્ર રીતે સંશોધન કરવા માટે પરવાનગી આપેલી તેઓ નિયમ પ્રમાણે તેમનો મહાનિબંધ રજૂ કરી શકે એમ ન હોવાથી તેમને ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૪-૫૬ ના રોજ મળેલ સભાએ તેમને ખાસ કેસ તરીકે તેમને છ માસનો સમય તારીખ ૨૪-૧-૧૯૫૭ સુધીનો મહાનિબંધ રજૂ કરવા માટે આપેલો તેમની તેમના પિતાશ્રીનું અવસાન થવાથી તેઓ સમયસર મહાનિબંધ રજૂ કરી શકે એમ ન હોવાથી બે માસનો વધુ વધારો આપવા બાબત એલ. ડી આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દેવેન્દ્ર હિરાલાલ સુતરીયાને તેમનો પીએચ.ડી. માટેનો મહાનિબંધ રજૂ કરવા માટે માગણી પ્રમાણે ખાસ કેસ તરીકે વધુ બે માસનો એટલે તારીખ ૨૪-૩-૧૯૫૭ સુધીનો વધારો આપવો.

૧૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના શ્રી. આર. એન. કુલકર્ણી કે જેઓ પીએચ.ડી માટે રજિસ્ટર થયેલા છે અને જેઓ અનુસ્નાતક નિયમ નં. ૧૮ પ્રમાણે મોડામાં મોડા તેમનો મહાનિબંધ તા. ૧૪-૯-૫૬ દરમ્યાન રજૂ કરવા પાત્ર થાય છે તેમની તેમને તેમના સંશોધન કાર્યને માટે વધુ સમય કાશ્મીર વગેરે સ્થળે રહેવાનું હોવાથી તેમજ માહિતી મેળવવાની હોવાથી વિશેષ સમયની જરૂર છે તેથી તેમને તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે વધુ બે વર્ષનો વધારો મંજૂર કરવા બાબત ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડીરેક્ટરની મારફત આવેલી માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. કુલકર્ણીને તેમનો પી.એચ.ડી. માટેનો મહાનિબંધ રજૂ કરવા માટે હાલ તુરત એક વર્ષનો એટલે કે તારીખ ૧૪-૯-૧૯૫૭ સુધીનો વધારો આપવો.

૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ગુજરાતી વિષયમાં પ્રાધ્યાપક શ્રી. એ. એમ. રાવળના હાથ નીચે પીએચ.ડી. ડીગ્રી માટે ૧૯૫૨ માં રજિસ્ટર થયેલ શ્રી. ઉપેન્દ્ર આર ભટ્ટ કે જેઓને તેમનો મહાનિબંધ રજૂ કરવાને માટે ઑર્ડ તારીખ ૧૭-૧-૧૯૫૬ સુધીનો સમય આપેલો છે તેમની તેમનો મહાનિબંધ અંગ્રેજી ભાષામાં લખવો શક્ય ન હોવાથી તે ગુજરાતી ભાષામાં લખી રજૂ કરવા દેવા અને તે પ્રમાણે પરવાનગી અપાય તો તેટલો સમય મુદતનો વધારો આપવા તેમના શિક્ષક પ્રાધ્યાપક રાવળ તેમજ ગુજરાત કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:– આ અંગે ઑર્ડિનન્સ ૩૧૯ નીચે પ્રમાણે છે:

"The thesis shall be written or printed in English, save that when the subject matter of the thesis relates to a Modern European or Modern Indian Language, it may, with the previous permission of the Board of Post-graduate studies, be written or printed in that language."

૨. શ્રી. ભટ્ટે તેમની સિનોપ્સીસ અંગ્રેજી ભાષામાં સમયસર રજૂ કરી છે તો ઉપર પ્રમાણે તેમને બે ગુજરાતી ભાષામાં મહાનિબંધ રજુ કરવાની પરવાનગી આપવામાં આવે તો તેમણે તેની ટૂંકી રૂપરેખા (સિનોપ્સીસ) પણ ગુજરાતીમાં રજૂ કરવી જોઇએ કે કેમ તે પ્રશ્ન પણ વિચારવાનો છે.

૩. શ્રી. ભટ્ટનો મહાનિબંધનો વિષય નીચે પ્રમાણે છે :

"Biography in Gujarati Literature."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઉપેંદ્ર આર. ભટ્ટને તેમનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ ગુજરાતી ભાષામાં લખી રજૂ કરવા પરવાનગી આપવી. ઉપરાંત તેમને તેમના મહાનિબંધની ટૂંકી રૂપરેખા (સિનોપ્સીસ) પણ ગુજરાતી ભાષામાં રજૂ કરવા જણાવવું.

૧૬. વલસાડના શ્રી. અંબેલાલ ગોપાળજી દેસાઇની ઇતિહાસ વિષયમાં "સુરત શહેરનું રાજકીય અને સાંસ્કૃતિક દર્શન" એ વિષય પર પીએચ.ડી. ડીગ્રી માટે અનુસ્નાતક શિક્ષકનો વારંવાર સંપર્ક સાધી વલસાડ રહીને સંશોધન કરવા અંગે આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તેમની માગણી પ્રમાણે વલસાડ રહીને પીએચ.ડી. ડીગ્રી માટે સંશોધન કાર્ય કરવા દેવા પરવાનગી આપી શકાય નહિ એમ શ્રી. અંબેલાલ દેસાઇને જણાવવું.

૧૭. અહમદીન કૉલેજના સંસ્કૃત અને ગુજરાતી વિષયના લેક્ચરર શ્રી. રમેશ સુંદરજી બેટાઇ કે જેમણે આ યુનિવર્સિટીની સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. ડીગ્રી પ્રાપ્ત કરી છે તેમની પુનઃ તે જ ડીગ્રી માટે સોશ્યોલૉજી વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી બાબત વિચારણા કરવા બાબત.

નોંધ:– એક વિષયમાં એક વખત ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી તે જ ડીગ્રી માટે બીજા વિષયમાં સંશોધન કરવા પરવાનગી આપી શકાય કે કેમ તે પ્રશ્ન છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રમેશ સુંદરજી બેટાઇની તેમને પીએચ.ડી. ડીગ્રી માટે સોશ્યોલૉજી વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા અંગેની માગણી નામંજૂર કરવી.

૧૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ, અમદાવાદમાં ચાલુ સાલે એમ.એ ડીગ્રી માટે હિસ્ટરી 'સી" અને "ડી" ગ્રુપ માટે રજિસ્ટર થયેલા શ્રી. એન. પી. શાસ્ત્રી કે જેઓએ એક સત્ર પણ રાખ્યું છે તેમને તેમના પિતાશ્રીની માંદગીને લીધે સુરત વિશેષ રહેવાનું હોવાથી તેમનું રજિસ્ટ્રેશન એમ. ટી. બી. કૉલેજ, સુરત કેન્દ્રમાં ટ્રાન્સફર કરવા તેમજ હિસ્ટરી "સી" અને "ડી" ગ્રુપને બદલે ગ્રુપ "સી" અને "એ" બદલી આપવા આવેલ માગણી અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ એની પરવાનગી શ્રી. ઉપકુલપતિશ્રીએ આપેલી છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૯. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. આઇ. કે. દવે કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે ગુજરાતી વિષયમાં રજિસ્ટર થયેલા છે અને જેમને તેમનો મહાનિબંધ તારીખ ૧૬-૧-૧૯૫૭ સુધીમાં ખાસ કેસ તરીકે રજૂ કરવા બૉર્ડે તેની તારીખ ૨૬-૧-૧૯૫૬ના રોજ પરવાનગી આપેલ છે તેમને તેમના મહાનિબંધ અંગે નવી વિગતો મેળવી પૂર્ણ કરવા માટે અવકાશ મળે એ માટે ઉપરોક્ત મુદત ઉપરાંત વધુ છ માસની મુદત મળવા બાબત તેમના અનુસ્નાતક શિક્ષક પ્રાધ્યાપક શ્રી. એ. એમ. રાવળ તેમજ કૉલેજ મજકૂરના આચાર્ય મારફત આવેલ શ્રી. દવેની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઇ કે. દવેને તેમનો પીએચ.ડી. માટેનો મહાનિબંધ રજુ કરવા માટે માગણી પ્રમાણે વધુ છ માસની એટલે તારીખ ૧૭-૭-૧૯૫૭ સુધીની મુદત વધારી આપવી.

૨૦ ગણદેવીના કૂટ રિસર્ચ સ્ટેશનના એગ્રિકલ્ચરલ ઑફિસર શ્રી. હરિકૃષ્ણ ડી. અમીન કે જેઓને ગવર્મેન્ટના હોર્ટિકલ્ચરીસ્ટ ડૉ. નાગપાલના હાથ નીચે ચાર સત્રો કામ કરી એમ એસસી. એગ્રિ. હોર્ટિકલ્ચર વિષયમાં રજિસ્ટર કરવા માટે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૬-૧૯૫૩ની સભાએ ઠરાવ્યા પ્રમાણે નવેમ્બર ૧૯૫૩ થી અત્રે રજિસ્ટર કરવામાં આવ્યા છે તેમની તેમનું સંશોધન કાર્ય વિશેષ ઉંચી કક્ષાનું હોવાથી અને ડૉ. નાગપાલ પીએચ.ડી. ડીગ્રી માટે પણ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ હોવાથી તેમનું તેમણે એમ એસસી. ડીગ્રી માટે કરેલ કામ પીએચ.ડી ડીગ્રી માટે ગણી તેમને તેમનો મહાનિબંધ એમ.એસસી. એગ્રો. ડીગ્રીને બદલે પી.એચડી. ડીગ્રી માટે રજૂ કરવા દેવા પરવાનગી આપવા અંગે શ્રી. અમીનની આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧. આ અંગેનો ઑર્ડિનન્સ ૩૧૭ નીચે મુજબ છે:

"No candidate shall be registered for a Master's Degree and Ph.D. simultaneously provided always that a candidate who is registered for a Master's Degree by research may be permitted on the recommendation of the University teacher guiding his studies, notwithstanding the fact that the teacher may be a recognised teacher for Master's Degree only, to submit a

thesis for the Ph.D. Degree not less than three academic or calendar years from the date of his registration for the Master's Degree in the case of Bachelors in the Faculties of Arts, Science, Agriculture, Engineering or Commerce. Such candidates shall pay the difference between the registration fee for the Ph.D. Degree and that for the Master's Degree and shall register his name under a teacher recognised for the Ph.D. Degree in the subject, if the teacher under whom he was previously wokirng for the Master's Degree was not a recognised teacher for the Ph.D. Degree. A candidate who has submitted his thesis for a Master's Degree shall be permitted to register his name as a candidate for the Ph.D. Degree, provided that such registration shall have effect only of the Master's Degree is conferred on him before the submits his thesis for the Ph.D. Degree.

Candidates possessing one of the following qualifications M.D. or M.S. may register simultaneously for the Ph.D. and M.Sc. (Medical) provided the work for both the degrees is to be carried out in the same institution and under the same teacher and provided that the teacher recommends such simultaneous registration."

૨. શ્રી અમીનને તેમના અનુસ્નાતક શિક્ષક ડૉ. નાગપાલ મારફત તેમની અરજી અત્રે મોકલવાનુ જણાવવામાં આવ્યું છે.

આથી કરાવવામાં આવે છે કે આ બાબત શ્રી. અમીનના અનુસ્નાતક શિક્ષકની ભલામણ આવે તે પછી વિચારણા માટે રજૂ કરવી.

૨૧ બી. જે. મેડિકલ કૉલેજના એનેટોમી વિષયના જુનિયર લેકચરર શ્રી. પી. જી. મહેરાની તેમને ૧. Human Anatomy for M.Sc. (Medical) ૨. Anatomy for M.S., M.D. Part I એ વિષયો અને ડીગ્રી માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ (Assistant) તરીકે માન્ય કરવા માટે આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧. શ્રી. મહેરાએ ૧૯૫૬ માં એમ.એસસી. (મેડિકલ) Human Anatomy વિષયમાં પ્રાપ્ત કરી છે.

૨. ઑર્ડિ. ૬૫-એમ. ની નોંધ (૧) અનુસાર જો એમ.એસસી (મેડિકલ) ડીગ્રીને એમ.ડી અને એમ.એસ. ડીગ્રીની સમાન કક્ષાએ અનુસ્નાતક માન્યતા માટે ગણવામાં આવે તો તેમને મદદનીશ તરીકે માન્ય કરી શકાય. ઑર્ડિ. ૬૫-એમ. ની નોંધ નીચે પ્રમાણે છે:

Note (1): As no classes are awarded in the Master's degree examination in the Medical Faculty, any one who holds the Degree of M.D. or M.S. or its equivalent in the Branch for which he is applying, shall be considered eligible for an Assistant's post."

૩. જો ઉપર પ્રમાણે એમ.એસસી. મેડિકલ ડીગ્રી મદદનીશની માન્યતાને પાત્ર ગણવામાં આવે તો શ્રી. મહેરાને તેમની માગણી પ્રમાણે ૧. એમ.એસસી. મેડિકલ અને ૨. એમ.ડી.,એમ.એસ એમ બન્ને જ ડીગ્રીઓ માટે એનેટોમી વિષયમાં મદદનીશ તરીકે માન્યતા આપવી કે કેમ તે પ્રશ્ન પણ વિચારવાનો છે.

અને

૨૨. બી. જે. મેડિકલ કૉલેજના બેકટેરિયોલૉજી વિષયના લેક્ચરર ડૉ. વી. પી. વૈષ્ણવ કે જેમણે સન ૧૯૫૨માં પેથોલૉજી વિષયમાં એમ.ડી ડીગ્રી પ્રાપ્ત કરી છે તેમની તેમને ૧. એમ ડી. પેથોલૉજી, ૨. એમ.એસસી મેડિકલ પેથોલૉજી અને બેકટેરિયોલૉજી અને ૩. પીએચ.ડી. ડીગ્રીઓ માટે મદદનીશ (Assistant) તરીકે માન્ય કરવા આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧. ઑર્ડિ. ૬૫-એમ ની નોંધ જે ઉપર આઇટેમ નં. ૨૧ માં દર્શાવેલ છે તે અનુસાર તેઓ એમ.ડી. ડીગ્રી માટે પેથોલૉજી વિષયમાં મદદનીશ તરીકે માન્ય થઈ શકે.

૨. પીએચ.ડી. ડીગ્રી માટે મદદનીશની આવશ્યકતા હોતી નથી.

૩. તો માગણી પ્રમાણે એમ ડી. પેથોલૉજી અને એમ.એસ. મેડિકલ પેથોલૉજી અને બેકટેરિયોલૉજી એ બન્ને ય ડીગ્રી માટે તેમને અનુસ્નાતક મદદનીશ તરીકે માન્ય કરવા કે કેમ તે પ્રશ્ન વિચારવાનો છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતો મેડિકલ ફૅકલ્ટીના ડીન તરફ મોકલી આપી તેમનો અભિપ્રાય મંગાવવો.

૨૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટના પ્રોફેસર શ્રી. કે સી. દેસાઇની એમ.એ. માં હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને 'બી", "જી" અને "એચ"માં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા બાબતમાં પ્રિન્સિપલ મારફત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧. પ્રોફેસર દેસાઈની શૈક્ષણિક લાયકાત બી.એ. સેકન્ડ કલાસ અને એમ.એ. હિસ્ટરી ઇકોનોમિકસમાં પાસ કલાસ ૪૭½ ટકા માર્કસ છે.

૨ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તેની તા. ૧૮-૮-૧૯૫૬ ની સભામાં નિયમો પ્રમાણે માન્ય થઇ શકે તેમ ન હોવાથી માન્ય કરેલ નથી.

૩. પ્રિન્સિપલ ભલામણ કરે છે કે ૧૯૫૨ થી પ્રોફેસર દેસાઈ અનુસ્નાતક વિદ્યાર્થી-ઓને શીખવે છે. તેઓએ ૧૯૫૪ માં અનુસ્નાતક શિક્ષક તરીકે અરજી કરેલી

અને તેઓ માન્ય થયેલા હતા. ૧૯૫૫-૫૬ માં સ્કૂલમાં પણ "જી" અને "એચ" ગ્રૂપ માટે વ્યાખ્યાનો આપવા આમંત્રણ આપેલું હતું. આથી બૉર્ડની પુનર્-વિચારણા માટે મૂકેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર કે. સી. દેસાઈની અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગેની વિનંતી નામંજૂર કરવી.

૨૪. ડા. કે. વી. કૉલેજ, જામનગરના પ્રોફેસર એ. વાય. કેસ્કરને એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રીમાં શિક્ષણ માટે અનુસ્નાતક માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં આપી છે. ઉપરાંત આ માન્યતા વધુમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રીમાં પણ આપવા બાબતની આવેલ શ્રી. કેસ્કરની માગણી અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૨-૯-૧૯૫૬ના રોજ મળેલ સભાએ પ્રોફેસર કેસ્કરને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણનો અનુભવ વગેરે કેટલો છે તે અંગેની વધુ વિગતો મંગાવવા ઠરાવેલું તે અનુસાર પ્રોફેસર કેસ્કર તરફથી ડી કે. વી. કૉલેજ જામનગરના પ્રિન્સિપલ મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એ. વાય. કેસ્કરની તેમને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમા એમ.એસસી. ડીગ્રી માટે શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગેની માગણી સ્વીકારવી નહિ.

૨૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજના ગૂલૉજી વિષયના લેક્ચરર શ્રી. ડી. એમ. દેસાઈની બૉટાની વિષયમા સ્વતંત્ર રીતે સંશોધન કરી પી.એચડી. ડીગ્રી માટે કામ કરવા દેવા આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એમ. દેસાઇને પીએચ.ડી. ડીગ્રી માટે બૉટાની વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા પરવાનગી આપવી નહિ.

૨૬. બૉટાનીકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ, પૂનાને અનુસ્નાતક સંસ્થા તરીકે માન્ય કરવા રિજિયોનલ બૉટાનીસ્ટ તરફથી આવેલ અરજી બાબતમાં સિન્ડિકેટે તેની તારીખ ૨૫-૨-૧૯૫૬ના રોજ મળેલ સભામાં આકટેમ નં. ૩ પર આ બાબત વિચારણા માટે આ બૉર્ડ તરફ મોકલી આપવાનું ઠરાવ્યા પ્રમાણે તે પર વિચારણા કરવા બાબત.

નોંધ:- આ અરજીની વિચારણા સાથે નેશનલ લેબોરેટરીઝને પણ અનુસ્નાતક સંસ્થા તરીકે માન્ય કરવાનો કેસ વિચારવાનો છે.

ઉપરોક્ત બાબતો અંગે ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૫ કલોઝ ૪ નીચે મુજબ છે:

"Section 5 (4) :- Any educational institution in the Province of Bombay situate outside the University area or in other territories outside the province may, subject to

such conditions and restrictions as the University and the Provincial Government think fit to impose be admitted to the privileges of the University."

આથી ઠરાવવામાં આવે છે કે બૉટાનીકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ, પૂનાને તેમજ રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ (નેશનલ લેબોરેટરીઝ) ને અનુસ્નાતક સંશોધન માટે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૮૯૦૩૦–૪૬.
અમદાવાદ–૯. ૨૭–૧૨–૧૯૫૬.

કુ. ચ પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "જ"

કામકાજ નં. ૫૬

સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં બુધવાર તા. ૧૯-૧૨-૧૯૫૬ ના રોજ સાંજના ૪-૩૦ કલાકે મળી હતી તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. વાઈસ-ચાન્સેલર	હાજર
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર
૩.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર
૪.	પ્રો. એલ. આઈ. ભટ	ગેરહાજર
૫.	શ્રી. એચ. પી. શુકલ	હાજર
૬.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર
૭.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	ગેરહાજર
૮.	પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૧૭-૨-૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિફીકેટને આ યુનિવર્સિટીની બી.ઈડી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા બાબત.

નોંધ:- તા ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સભામાં નીચે મુજબનો ઠરાવ થયો હતો:

"આથી આ કમિટી ઠરાવે છે કે ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિ-ફીકેટને આ યુનિવર્સિટીની બી.ઈડી. તુલ્ય માન્ય કરવું નહિ."

ઉપર મુજબના ઠરાવના જવાબમાં ડાયરેકટર ઑફ એજ્યુકેશનનો આવેલો પત્ર તા. ૧૬-૬-૧૯૫૬ ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલની સભામાં મૂકવામાં આવ્યો હતો. તે અંગે નીચે મુજબ ઠરાવ થયો હતો:

"આ બાબત સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સને રીફર કરવી."

સ્ટેટની કોઈ પણ યુનિવર્સિટીએ ઉપર્યુક્ત પરીક્ષા માન્ય કરી નથી.

ચેરમેન બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનનો અભિપ્રાય નીચે મુજબ છે:

"The syllabus followed by the Graduate's Basic Training Centre, is on the whole richer than the syllabus for B.Ed. as it meets the needs of ordinary secondary teachers as well as post-basic school teachers. The syllabus is practically the same as the one prescribed for B.Ed. except Paper VI which gives option between Educational Statistics and systems of Education in other countries. This omission is not serious and I think the diploma may be considered equivalent to the B.Ed. course on the whole. I feel that the students securing this diploma will be able to prepare for M.Ed. of any other University".

ઉપરના અભિપ્રાયના અનુસંધાનમાં નીચેનો ફકરો પછીથી ઉમેરવામાં આવ્યો હતો.

"The syllabus of the Basic Training Centre does not include experimental work in Educational Psychology although the Theory of Intelligence and Mental testing in General is included. This should not come in the way of the equivalence of the diploma with the B.Ed. degree course".

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિફીકેટને આ યુનિવર્સિટીની બી.ઇડી. પરીક્ષા તુલ્ય માન્ય કરવું.

૩. તા. ૧૭-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલન્સ ઑફ એક્ઝામિનેશન્સના ઠરાવ અનુસાર લંડન યુનિવર્સિટીના પોસ્ટગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશન તથા ઍકેડેમિક ડીપ્લોમા ઇન એજ્યુકેશન ડીપ્લોમા માન્ય કરવામાં આવ્યા નથી તેમ જણાવવા ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડીયાના સેક્રેટરી તરફથી ફરી વિચારણા માટે આવેલો પત્ર.

નકલ સામેલ કરી છે.

નોંધ:- સ્ટેટ યુનિવર્સિટીઓને પૂછાવતાં નીચે મુજબ જવાબ આવ્યા છે:

૧. મુંબઈ યુનિવર્સિટીએ પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશન બી.ટી. તુલ્ય માન્ય કર્યું છે. એમ.એ. ડીગ્રી ઇન એજ્યુકેશન એમ.ઇડી. તુલ્ય માન્ય કરી છે. પરંતુ ઍકેડેમિક ડિપ્લોમા ઇન એજ્યુકેશન માન્ય કર્યો નથી.

૨. એમ એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશન બી.ટી તુલ્ય માન્ય કર્યું છે અને ઍકેડેમિક ડિપ્લોમા ઇન એજ્યુકેશન એમ.ઇડી. તુલ્ય માન્ય કર્યો છે.

૩. કર્ણાટક યુનિવર્સિટીએ એ બે માંથી એકેય પરીક્ષા માન્ય કરી નથી.

૪. પુના યુનિવર્સિટી લખી જણાવે છે કે :

આવા કેસો સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ આગળ વિચારણા માટે મૂકવામાં આવે છે.

આથી આ કમિટી લંડન યુનિવર્સિટીના ફક્ત પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશનને બી.ઈડો. તુલ્ય માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

૪. લંડન યુનિવર્સિટીનો જનરલ સર્ટિફીકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા માન્ય કરવા બાબત.

તા. ૫-૭-૫૫ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ અનુસાર જનરલ સર્ટિફીકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા માન્ય કરી હતી. ત્યારબાદ એક વિદ્યાર્થીની અરજીની ચકાસણી કરતાં જાણ થઇ કે સદરહુ પરીક્ષા વિષય (Subject) પરીક્ષા છે. તેથી મુંબઈ યુનિવર્સિટીને પૂછાવતાં તે યુનિવર્સિટીએ ફરી વિચારણા કરી નીચેની શરતોએ ઉપર્યુક્ત પરીક્ષા મેટ્રિકયુલેશન તુલ્ય માન્ય કરી છે:

"If passed in English, Additional Language, History or Geography Mathematics, and one other subject or if passed in five or more subjects but with credit in at least four of them at the same Examination."

રેગ્યુલેશન ૭ મુજબ કેમ્બ્રિજ યુનિવર્સિટી સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન પણ ઉપરની શરતોએ જ માન્ય કરી છે.

તો ઉપરની પરીક્ષા માટે ઉપરની શરતો આપણે અપનાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લંડન યુનિવર્સિટીની જનરલ સર્ટિફિકેટ ઇન એજ્યૂકેશનની પરીક્ષા ઇંગ્લીશ, એડીશનલ લેન્ગ્વેજ, હીસ્ટ્રી અગર જ્યોગ્રેાફી, મેથેમેટિકસ અને બીજો ગમે તે એક વિષય અગર પાંચ અથવા વધુ વિષયમાં ઓછામાં ઓછી એક જ પરીક્ષામાં (at the same examination) ચાર ક્રેડીટ સાથે પાસ કરી હોય તો તેને મેટ્રીકયુલેશન તુલ્ય ગણવી. રે. ૭ માં તે પ્રમાણે જરૂરી ફેરફાર કરવો.

૫ રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા માન્ય કરવા બાબત.

તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ. ડીન, ફેકલ્ટી ઑફ કોમર્સનો અભિપ્રાય મંગાવવામાં આવ્યો હતો, જે નીચે મુજબ છે:

"The courses of studies in Commerce and standard of passing of the B.Com. Examination of the Rajputana University are not equivalent to those of this University. The equivalence may be considered in cases of students who passed in Class II or I."

Baroda and Bombay Universities have recognised the B.Com. Examination of Rajputana University for the purpose of admission to the M.Com. degree Classes, on the following condition:

"B.Com. Examination if passed with Advanced Accountancy and Auditing or Advanced Banking as a special subject for Admission to the M.Com. course, provided the candidate appears and passes the B.Com. examination of this University without being required to keep any terms in the following subjects:

1. Two papers in Principles of Economics.
2. One paper in Modern Economic Development."

Poona and Karnatak Universities have recognised the B.Com Examination of the Rajputana University.

આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા એમ.કૉમમાં દાખલ થવા માટે નીચેની શરતોએ અરસપરસના ધોરણે માન્ય કરવી:

"B.Com. Examination if passed with Advanced Accountancy and Auditing or Advanced Banking as a special subject, provided the candidate appears and passes the B.Com. Examination of this University without being required to keep any terms in the following subjects :

1. Two papers in Principles of Economics.
2. One paper in Modern Economic Development.

૬ રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા પાસ કરીને શ્રી. પી. આર. જૈને ફર્સ્ટ એલ.એલ.બી માં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માગેલું જે તેમના જોખમ સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલન્સ ઑફ એક્ઝામિનેશન્સની મંજૂરીની અપેક્ષાએ ડીન, ફૅકલ્ટી ઑફ કૉમર્સના અભિપ્રાયના આધારે આપ્યુ છે તેને બહાલી આપવા બાબત.

The Dean, Faculty of Commerce opined that there will be no objection to our giving admission to candidates, who have passed the B.Com. Examination of the Rajputana University, to First LL.B. Class.

શ્રી. પી. આર. જૈનને ફર્સ્ટ એલ.એલ.બી. માં દાખલ થવા માટે તેમના જોખમે આપેલા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટના કાર્યને બહાલી આપવી.

૭. સિંધ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, બી.એ., ઇન્ટર સાયન્સ, બી.એસસી., ઇન્ટર કૉમર્સ, બી.કૉમ., ઇન્ટર સાયન્સ એગ્રિ, જુનિયર બી.એસસી એગ્રિ., સિનિયર બી.એસસી.

એચ, એમ.એ. પ્રિવિઅસ, એમ એ. ફાઇનલ, બી.ટી., એમ.એડ. પ્રિવિઅસ, એમ એડ. ફાઇનલ, ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી, ફર્સ્ટ, સેકન્ડ એન્ડ થર્ડ એમ.બી., બી.એસ. ની પરીક્ષા માન્ય કરવા બાબત

નોંધ:- ૧. મુંબઇ યુનિવર્સિટી પ્રત્યેક કેસ પર વિચારણા કરે છે.

૨. કર્ણાટક યુનિવર્સિટીએ પરીક્ષાઓ માન્ય કરી નથી.

૩. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરી છે:

Matriculation, I.A., I.Sc., I.Com., B.A., B.Sc., B.Com., M.A. (Pre.), M.A. (Final), B.T., M.Ed. (Pre. & Final), I,II,III Professional M.B.,B.S. (Provided the name of the degree is included in the first schedule of the Indian Medical Council Act.)

૪. પૂના યુનિવર્સિટી પ્રત્યેક કેસ પર વિચારણા કરી નિર્ણય લે છે.

ડીન, ફૅકલ્ટી ઑફ સાયન્સના અભિપ્રાયની નકલ આ સાથે જોડી છે.

તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર આ કામ મુલતવી રાખવામાં આવ્યું હતું.

આથી આ કમિટી ઠરાવે છે કે સિંધ યુનિવર્સિટીના વિવિધ પરીક્ષાના અભ્યાસક્રમ વિ. મંગાવી જે તે ફૅકલ્ટીના ડીનનો ચોકકસ અભિપ્રાય મંગાવી આ કામ કરી વિચારણા માટે મૂકવું. દરમ્યાન જે કોઇ કેસ આવે તો ઑડર્હોક બેઝીઝ પર વિચારણા કરવી.

૮. આન્ધ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૧૭-૪-૧૯૫૬ના પત્ર નં. સી.સી. ૩-૨૫૩-૫૬ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની એમ બી., બી.એસ. અને બી.ઓડ. પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરી છે તેની નોંધ લેવા બાબત.

નકલ સામેલ કરી નથી.

આથી આ કમિટી ઠરાવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૯. આગ્રા યુનિવર્સિટીના ડે. રજિસ્ટ્રાર તા. ૨૫-૩-૧૯૫૬ના પત્ર નં. ૩૭૭૮૮માં લખી જણાવે છે કે જ્યાં સુધી ગુજરાત યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ બીન શરતે માન્ય ના કરે ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ માન્ય કરી શકાય તેમ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

નકલ સામેલ કરી નથી.

નોંધ:-જૂન ૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલન્સ ઑફ એકઝામીનેશન્સના ઠરાવ મુજબ મુંબઈ યુનિવર્સિટીની હેન્ડબૂક ભાગ બીજાના રે. ૩ માં જણાવેલી આગ્રાની નીચેની પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરી હતી.

બી.એ., બી એસસી., બી.એસસી. (એગ્રિ.) એમ.એ., એમ.એસસી., એલએલ.બી., બી.ટી., અને એલએલ.બી. માં દાખલ થવા માટે બી.કોમ.

આગ્રા યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટીની ઉપર્યુક્ત પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરવામાં આવી હતી પરંતુ તે યુનિવર્સિટીએ તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા લખ્યું. તે પ્રમાણે આપણી યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટી સાથે સંમત થઈ શકે શકી નહિ. તેથી આગ્રા યુનિવર્સિટીએ આપણી યુ નવર્સિટીની પરીક્ષાઓ માન્ય રાખી નહિ. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને આગ્રા યુનિવર્સિટીમાં દાખલ કરવાની ના પાડતાં તે વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીને તે અંગે જાણ કરી. તે ઉપરથી ૧૯૫૨ ના જુનમાં મળેલી સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ મુજબ આગ્રા યુનિવર્સિટીની ઉપર્યુક્ત પરીક્ષાઓની માન્યતા રદ્દ કરવામાં આવી હતી.

ત્યાર પછી ગુજરાત યુનિવર્સિટીની બી.કોમ પરીક્ષા પાસ કરીને આગ્રામાં એલએલ.બી. માં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીએ તેની મુશ્કેલી જણાવતાં આગ્રા યુનિવર્સિટીને યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા એલએલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરવા વિનંતી કરવામાં આવી હતી. જેના જવાબમાં ઉપર્યુક્ત પત્ર આવેલ છે.

મુંબઈ યુનિવર્સિટીના રે ૩ માં જે પરીક્ષાઓ માન્ય કરી હોય તે પરીક્ષાઓ માન્ય કરવા આ યુનિવર્સિટી હજુ તૈયાર છે તેમ આગ્રા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમજ ઈન્ટર યુનિવર્સિટી બોર્ડના સેક્રેટરીને જણાવવું.

૧૦ આગ્રા યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. પરીક્ષા માન્ય કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under :

"As M.B.,B.S Agra is recognised by Medical Council of India, the question of equivalence does not arise."

આ પરિક્ષા વડોદરા યુનિવર્સિટીએ માન્ય કરેલ છે. પૂના યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી. કર્ણાટક યુનિવર્સિટીએ પરીક્ષાઓ શરૂ કરી નથી, અને મુંબઈ યુનિવર્સિટીએ માન્ય કરેલ છે. અભ્યાસક્રમ સભાસદોમાં ફેરવાય છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આગ્રા યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવી. પરંતુ જો આગ્રા યુનિ. તેમ કરવાની ના પાડે તો મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને તે અંગે લખવું.

૧૧. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના સેક્રેટરીનો તા. ૧૯-૪-૧૯૫૬ના પત્ર નં. ૫૬-૫૮ ૧૨ વિચારણા કરવા બાબત.

નકલ સામેલ છે.

નોંધઃ- શ્રી. સુરેશ એસ. મથુરે આગ્રા યુનિવર્સિટીની એલએલ.બી. પરીક્ષા પાસ કરી છે તેમને આપણી યુનિવર્સિટીમાં એલ એલ એમ. નો અભ્યાસ કરવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટની અરજી કરી હતી તે નકારવામાં આવી હતી તે ઉપરથી તેમણે એજ્યુકેશન મિનિસ્ટર, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીને અરજી કરી હતી કે ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા મારફતે વિચારણામાટે મોકલવામાં આવે છે.

નકલ સામેલ કરી છે.

આથી આ કમિટી કરાવે છે કે આ યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટીની એલ.એલ.બી. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવા તૈયાર છે તેનો જવાબ આપવો.

૧૨. બિહાર યુનિવર્સિટી, પટનાના રજિસ્ટ્રાર તેમના તા. ૧/૩-૩-૫૬ના પત્ર નં. એ-૪૦૪૯ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માન્ય કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- તા. ૧૭-૨-૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ ફક્ત ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની જ પરીક્ષાઓ માન્ય કરી છે.

બિહાર યુનિવર્સિટીની પરીક્ષાઓ નીચે જણાવ્યા પ્રમાણે સ્ટેટ યુનિવર્સિટીઓએ માન્ય કરી છે:

મુંબઈ:- ઇન્ટર આર્ટ્સ, અને ઇન્ટર સાયન્સ.

કર્ણાટક:- ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ., બા.ઈ. ચાર વર્ષ સુધી.

એસ.એસ. યુનિવર્સિટી, બરોડાઃ- ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એસસી., એમ.એસસી., એમ.બી.બી.એસ., બા.એસસી. ઍન્જિનિયરીંગ બી.એ., બી કૉમ.,એમ.એ.

પૂનાઃ- ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ , બી.એસસી.,બી.કૉમ., એમ.એ.,એમ.એસસી. બી.એલ., એમ.બી.બી.એસ., બી.એસસી. એગ્રિ. અને બી.એસસી. ઍન્જિનિયરીંગ.

The Dean of fhe Faculty of Science opines in general that the courses are of soightly lower standard than ours.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બિહાર યુનિવર્સિટીની ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, બી એ બી.એસસી., બી.કૉમ., એમ.એ એમ.એસસી., બી.એલ., એમ.બી.,બી.એસ., અને બી.એસસી ઍન્જિનિયરીંગ પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરવી.

૧૩. મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૪-૪-૫૬ના પત્ર નં. ૧૦૪૬૮ માં લખી જણાવે છે કે નીચે દર્શાવેલી પરીક્ષાઓ ૧૯૫૭ના જુન સુધી અરસપરસના ધોરણે માન્ય કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નકલ સામેલ છે.

"ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., એમ.એ., એમ.એસસી, એમ કૉમ., એફ.ઈ., એસ.ઈ., બી ઈ., લૉ. પ્રિલિમિનરી, ફર્સ્ટ એલએલ.બી, સેકન્ડ એલએલ બી, બી.એડ., ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ એમ.બી.બી.એસ., થર્ડ એમ.બી. બી.એસ., ફર્સ્ટ ઈયર એકઝામિનેશન્સ ફર્સ્ટ ઈયરમાં દાખલ થતી વખતે જે વિદ્યાર્થી સ્ટે. ૨૦૪-એમ. મુજબ લાયકાત ધરાવતો હોય તો.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મુંબઈ યુનિવર્સિટીની ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, બી એ., બી એસસી , બી.કૉમ , એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એફ ઈ., એસ.ઈ , બી.ઈ , લૉ પ્રિલિમિનરી, ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., બી.એડ., ફર્સ્ટ એમ.બી.,બી.એસ., સેકન્ડ એમ.બી.બી.એસ , થર્ડ એમ બી બી.એસ., ફર્સ્ટ ઈયર એકઝામિનેશન્સ જે વિદ્યાર્થી આ યુનિવર્સિટીના સ્ટે. ૧૭૩ મુજબ લાયકાત ધરાવતો હોય તો અરસપરસના ધોરણે જુન ૧૯૫૭ સુધી માન્ય કરવી

૧૪. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીનો પરીક્ષાઓ માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૧/૩-૩-૫૬ના પત્ર નં. ૬૭૩૬ પર વિચારણા કરવા બાબત.

નકલ સામેલ છે.

નોંધ:- અભ્યાસક્રમ સભાસદોમાં ફેરવાય છે.

ડીન, ફૅકલ્ટી ઑફ આયુર્વેદનો અભિપ્રાય નીચે મુજબ છે:

"મને સંપૂર્ણ જોવાનો સમય તો મળ્યો નથી પણ જે હું જોઇ શકયો તે ઉપરથી એટલું કહી શકું કે ઉપર્યુક્ત યુનિવર્સિટીની પદવીઓને આપણી સમકક્ષ પદવીઓ સાથે માન્ય કરવામાં કોઇ ખાસ હરકત જેવામાં આવતી નથી, જો કે આપણી યુનિવર્સિટી કરતાં તેના અભ્યાસક્રમો થોડા ઉતરતી કક્ષાના છે."

ડીન, ફૅકલ્ટી ઑફ આર્ટસનો અભિપ્રાય નીચે મુજબ છે:

"The Courses are at three years duration."

એસ.એન ડી ટી. ની પરીક્ષાઓ સ્ટેટ યુનિવર્સિટીઓએ નીચે મુજબ માન્ય કરી છેઃ

મુંબઈ : એકેય નહિ

વડોદરા : એકેય પરીક્ષા માન્ય કરી નથી. પરંતુ સિન્ડિકેટના ઠરાવ અનુસાર આર્ટ્સ, સાયન્સ, કે કૉમર્સમાં દાખલ થવા માટે પ્રત્યેક કેસ સ્ટેન્ડીંગ કમિટી આગળ વિચારવા માટે મૂકવામાં આવે છે.

પૂના : એકેય નહિ.

કર્ણાટક : અરસપરસના ધોરણે એસ.એન ડી.ટી. ની પરીક્ષાઓ માન્ય કરવામાં આવી છે.

આથી આ કમિટી ઠરાવે છે કે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની એકેય પરીક્ષા માન્ય કરવી નહિ.

૧૫. શ્રી. ધ્રુવદેવ શર્માએ દિલ્હી યુનિવર્સિટીની પ્રી મેડિકલ એક્ઝામિનેશન પાસ કરી છે. તેમને ફર્સ્ટ ઇયર ફાર્મસીમાં પ્રવેશ માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા માટે વિચારણા કરવા બાબત.

નકલ સામેલ કરી નથી.

નોંધઃ- શ્રી. ધ્રુવદેવ શર્માએ દિલ્હી યુનિવર્સિટીની પ્રિ-મેડિકલ પરીક્ષા ઇંગ્લીશ, કેમિસ્ટ્રી, ફિઝિકસ, બાયોલૉજી, સાથે પાસ કરી છે. આપણી યુનિવર્સિટીના રે. ૭ પ્રમાણે દિલ્હી યુનિવર્સિટીની પ્રિ-મેડિકલ પરીક્ષા માન્ય કરી છે. પરંતુ દિલ્હી યુનિવર્સિટીના નિયમો મુજબ મેટ્રિક પાસ થયેલા વિદ્યાર્થીને ઉપર્યુક્ત કોર્સ બે વર્ષ માટે છે જ્યારે હાયર સેકન્ડરી પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થી માટે એક વર્ષનો કોર્સ છે. શ્રી. શર્માએ હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરી હોવાથી પ્રિ-મેડિકલનો કોર્સ એક વર્ષમાં પૂરો કર્યો છે. આપણી યુનિવર્સિટીના રેગ્યુ. ૧ નો પેરા બીજો નીચે મુજબ છેઃ

"Provided always that a student who has passed the Intermediate Examination of another statutory University or Board shall not be deemed to have passed Examination equivalent to the Intermediate examination of this University, unless he shall have, after passing the Matriculation, Entrance or other examination, entitling him to an admission to that University or board, kept attendance for a period of two years at a college affiliated to the University or Board, before passing the said Intermediate Examination.

N.B.—Higher secondary School Examination is regognised as equivalent to Matriculation Examination under our R. 7 if passed with 35% marks in each subject or if passed in the first or second division.

મુંબઈ યુનિવર્સિટીમાં તપાસ કરતાં જાણવા મળે છે કે આવા વિદ્યાર્થીઓને રેગ્યુ. ૧ લાગુ પાડવામાં આવતો નથી ઉપરના સંજોગો ધ્યાનમાં લઈ શ્રી. શર્માને શ્રી વાઇસ-ચાન્સેલરનો હુકમ લઈ કામચલાઉ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ તેમના જોખમે આપવામાં આવ્યું છે.

શ્રી. ધ્રુવ દેવશર્માને ફર્સ્ટ ઇયર ફાર્મસીમાં દાખલ થવા માટે આપેલા પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટના કાર્યને બહાલી આપવી. ભવિષ્યમાં પ્રત્યેક કેસમાં ડીનની સલાહ લઈ તે અંગે વિચારણા કરવી.

૧૬. શ્રી પી. પી. દેવધર પૂના યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર એકસ્ટર્નલ પાસ કરીને ભરૂચમાં વસતા હોવાથી ગુજરાત યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવા વિનંતી કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નકલ સામેલ કરી નથી.

નોંધ:- ગુજરાત યુનિવર્સિટીના રે. ૩ મુજબ સ્ટેટ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરવામાં આવી છે. પૂના યુનિવર્સિટીને પૂછાવતાં શ્રી રજિસ્ટ્રાર લખી જણાવે છે કે ગુજરાત યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર એકસ્ટર્નલ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને ત્યાં ઇન્ટર આર્ટ્સ એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે અગર નિયમિત રેગ્યુલર વિદ્યાર્થી તરીકે કૉલેજમાં દાખલ કરી શકાય છે.

પૂના યુનિવર્સિટીના નિયમ અનુસાર ઇન્ટર આર્ટ્સ એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા માંગતા વિદ્યાર્થીએ ત્રણ વર્ષ પહેલાં એસ.એસસી. પરીક્ષા પાસ કરી હોવી જોઇએ શ્રી. દેવધરે એસ.એસ.સી ૧૯૫૪ માં પાસ કરી છે. તો ઉપર મુજબ શરત મૂકી પૂના યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર આર્ટ્સ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવા કે કેમ તે નક્કી કરવાનું છે.

આથી આ કમિટી ઠરાવે છે કે શ્રી. પી. પી દેવધરને આ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવા. તથા ભવિષ્યના આ પ્રકારના કેસો માટે પણ આ ધોરણ સ્વીકારવું.

૧૭. શ્રી. જીન માન્કવેરે લીલ્લે યુનિવર્સિટીમાંથી મેટ્રીકની પરીક્ષા નીચેના વિષયો સાથે પાસ કરી છે.

૧. ઇંગ્લીશ. ૨. જર્મન. ૩ હિસ્ટરી. ૪. જોગ્રાફી. ૫. એલજિબ્રા. ૬. જોમેટ્રી. ૭ ફિઝિકસ અને કેમિસ્ટ્રી. ૮. એરિથમેટિક. ૯ ટ્રિગોનોમેટ્રી. ૧૦. ડ્રૂલાજી. ૧૧. ફ્રેંચ લિટરેચર.

તેમને ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ થવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ અનુસાર સ્પેશ્યલ કેસ તરીકે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે તો તે કાર્યને બહાલી આપવા બાબત.

શ્રી. જીન માન્કવેરને ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ થવા માટે આપેલા પ્રોવીઝનલ સર્ટી-ફીકેટના કાર્યને બહાલી આપવી.

૧૮. શ્રીમતી કૈલાસ એમ. દવેએ આગ્રા યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. પરીક્ષા પાસ કરી બી જે. મેડિકલ કૉલેજમાં એમ.ડી. ના અભ્યાસ માટે કરેલી ઍલિજિબિલિટી સર્ટિફીકેટની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

શ્રીમતી કૈલાસ એમ. દવેને બી.જે. મેડિકલ કૉલેજમાં એમ.ડી. માં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૧૯. શ્રી. જે. ડબલ્યુ. મુલયાન્તીએ લંડન ચેમ્બર ઑફ કૉમર્સની સ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા પાસ કરી છે. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયના આચાર્ય તરફથી તેમને ફર્સ્ટ-ઇયર ઇન્ટર કૉમર્સ અગર જુનિયર બી.કૉમ માં દાખલ કરવા માટે પરવાનગી માંગી છે તો તે આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- શ્રી. એફ. એલ. લુયીમબાઝીએ આજ પરીક્ષા પાસ કરી હતી અને તેમને મુંબઈ યુનિવર્સિટીએ સ્પેશ્યલ કેસ તરીકે ફર્સ્ટ ઈયર કૉમર્સમાં દાખલ કર્યા હતા.

આથી આ કમિટી ઠરાવે છે કે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ અસ્તિત્વમાં આવી હોવાથી આ બાબત તે યુનિવર્સિટી તરફ મોકલવા બી. જે. વાણિજ્ય વિદ્યાલયના આચાર્યને જણાવવું.

૨૦. માયસોર યુનિવર્સિટીની એમ.બી ,બી.એસ. પરીક્ષા માન્ય કરવા બાબત.

નોંધ:- અભ્યાસક્રમ વગેરે કમિટીના સભાસદોમાં ફેરવાય છે.

"Dean of the Faculty of Medicine opines as under no objection."

આ પરીક્ષા,

એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ માન્ય કરેલ નથી.

પૂના યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.

કર્ણાટક યુનિવર્સિટીએ આ પરીક્ષાઓ શરૂ કરી નથી.

મુંબઈ યુનિવર્સિટીએ માન્ય કરી નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ઠરાવે છે કે માયસોર યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવી.

૨૧. રૂરકી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૪-૬-૧૯૫૬ ના પત્ર નં. એ.સી.-રેકઝ-આર. ૧૨૨ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની બી.ઇ. સિવિલ પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પત્રની નોંધ લેવી.

૨૨. પટના યુનિવર્સિટીના રજિસ્ટ્રારના તેમના પત્ર નં. હ આર-૧-૫૬-૬-૮૮૨૩-સી તા. ૨-૩-૫-૫૬ માં તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– રે. ૭ મુજબ ફક્ત ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની જ પરીક્ષાઓ માન્ય કરેલી છે. અભ્યાસક્રમ સભાસદોમાં ફેરવાય છે.

કર્ણાટક : ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ.,બી.ઈ. સિવિલ

મુંબઈ : ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ.,બી.ઈ. સિવિલ, એમ.બી.બી.એસ.

પૂના : ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, ઇન્ટર એન્જિ., બી.એ., બી.એસ.-સી ,બી.એસસી. એન્જિ., એમ.એ.,એમ.એસસી., એમ.બી.,બી.એસ., બી.એલ.

બરોડા : એમ.એ., બા એસસી., એમ.એસસી., ડિપ્લોમા ઇન એજ્યુકેશન, બી.એડ., એમ.એડ., એમ કૉમ., ફર્સ્ટ, સેકન્ડ અૅન્ડ થર્ડ એમ.બી.બી.એસ., ઇન્ટર સાયન્સ એન્જિ, પાર્ટ ૧ = એફ.ઈ., બી.એસસી. એન્જિ., મિકેનિકલ અને ઇલેકટ્રીકલ.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી અને વિવિધ ફેકલ્ટી-ઓના ડીનના અભિપ્રાયો આવ્યા પછી ફરી વિચારણા માટે આ કામ રજુ કરવું.

૨૩. ઓરિસ્સા બૉર્ડ અૅાફ સેકન્ડરી એજ્યુકેશનની હાઇસ્કુલ સર્ટિફીકેટ પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:–તા. ૧૭-૨-૧૯૫૬ ના ઠરાવ મુજબ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેના વિષયો તથા ધોરણ અને તેને લગતા નિયમો મંગાવેલા છે. જે સભાસદોમાં ફેરવાય છે., રે. ૧૭ મુજબ દરેક બૉર્ડની હાઇસ્કુલ પરીક્ષા દરેક વિષયમાં ૩૫ ટકા માર્કસ સાથે અગર પ્રથમ અને દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો પ્રથમ વર્ષમાં દાખલ થવા માટે માન્ય કરવામાં આવી છે.

બરોડા : માન્ય કરેલ છે.

પૂના : માન્ય કરેલ છે.

કર્ણાટક : માન્ય કરેલ નથી.

મુંબઈ : વિચારણા હેઠળ છે.

ડીન, ફેકલ્ટી અૅાફ સાયન્સ, ડૉ. એમ. ડી. અવસારેનો અભિપ્રાય નીચે મુજબ છે:

"I find the standard of passing is 30% marks in individual subjects and 35% of the aggregate. This examination reguires a candidate to offer **six** subjects with two papers in English. In most of the subjects it is said that the syllabus is same as for the 'Academic Matriculation' Examination', the standard of passing which is not given but

may be presumed to be higher than 30%. In view of the above, I do not think that this examination could be considered equivalent to our S.S.C.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામમાં આર્ટ્સના ડીનનો અભિપ્રાય મેળવી ફરીથી વિચારણા માટે મૂકવું.

૨૪. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની અલીગઢ આને તા. ૧૯-૧૯ મી જાન્યુઆરી ૧૯૫૬ ના રોજ મળેલી વાર્ષિક સભાના ઠરાવ નં. ૬ પર વિચારણા કરવા બાબત.

નોંધ:- ભાગલા પહેલા જે યુનિવર્સિટીની જે જે પરીક્ષાઓ મુંબઇ યુનિવર્સિટી હેન્ડબુક ભાગ બીજાના રે. ૭ માં માન્ય કરવામાં આવી હતી તેમાંની કોઇપણ પરીક્ષા ભાગલા પહેલા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોમાં બાસ કેસ તરીકે પ્રવેશ આપવામાં આવે છે.

ઉપર્યુક્ત ઠરાવમાં કરેલી ભલામણો સ્વીકારવી.

૨૫. ડીન, ફેકલ્ટી ઑફ કૉમર્સ, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના તા. ૧૭-૭-૧૯૫૬ ના પત્ર નં. ૬૫ માં લખી જણાવે છે કે ગુજરાત યુનિવર્સિટીની બી.એ. સ્પેશ્યલ અગર જનરલ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને સિનિયર બી.કૉમ માં તેમના ઑ. ૩૦૮ મુજબ પ્રવેશ આપે છે. તો અરસપરસના ધોરણે આપણે તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઑ. ૩૦૬ મુજબના લાભો આપવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- આપણા રે. ૭ મુજબ બી.એ. અને બી.કૉમ. પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરી છે.

આ યુનિવર્સિટીના ઑ. ૩૦૬ મુજબના લાભો અરસપરસના ધોરણે એમ. એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આપવા.

૨૬. અરસપરસના ધોરણે વિવિધ પરીક્ષાઓ માન્ય કરવા બાબત એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા ૩૦-૭-૫૬ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાની ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી કૉમ, એમ.એ., એમ.એસસી., એમ.કૉમ, ટી.ડી, બી.ઇડી., એમ.ઇડી., એફ.ઇ., એસ.ઇ., બી.ઈ. તથા ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સાયન્સ, અને ફર્સ્ટ ઇયર કૉમર્સ જો સ્ટે. ૧૭૩ મુજબના વિષયો સાથે પાસ કરી હોય તો જેટલી મુદત માટે તે યુનિવર્સિટી આપણી મંજૂર પરીક્ષાઓ માન્ય કરે તેટલી જ મુદત માટે અરસપરસના ધોરણે માન્ય કરવી.

૨૭. જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી બી.એસસી. પરીક્ષા માન્ય કરવા અંગે તા. ૨૪-૭-૧૯૫૬ ના પત્ર નં. કે. યુ. ૧૨૫૧-એ.સી. પર વિચારણા કરવા બાબત.

નોંધ:- તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ બી એસસી. પરીક્ષા માન્ય કરવામાં આવી નથી.

મુંબઈ યુનિવર્સિટી : બી.એસસી. માન્ય કરેલ નથી.

પૂના યુનિવર્સિટી : ૧૯૫૭ સુધી માન્ય કરેલ છે.

બરોડા યુનિવર્સિટી : બી એસસી. માન્ય કરી છે.

કર્ણાટક યુનિવર્સિટી : બી એસસી. માન્ય કરેલ નથી.

ચહેલાના ડીન, ફેકલ્ટી ઑફ સાયન્સનો અભિપ્રાય નીચે મુજબ છે:

"So long as we are not in possession of the courses for F.Y. and Inter the standards for admission of passing the degree cannot be considered."

ત્યારબાદ ઈન્ટર સાયન્સનો કોર્સ કરીથી મોકલતાં નીચે મુજબ અભિપ્રાય આવેલ છે:

"The courses are of a bit lower standard than ours."

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીની બી.એસસી. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવી.

૨૮. અન્નામલાઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૭-૭-૧૯૫૬ ના પત્ર નં. એલ.ડી.સી. ૬૦૬૫-બી-૫૬ થી લખી જણાવે છે કે તે યુનિવર્સિટીની સિન્ડિકેટે અન્ય યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરી છે.

ઉપર્યુક્ત પત્રની નોંધ લેવી.

૨૯. રાજપુતાના યુનિવર્સિટીના રજિસ્ટ્રારે તેમના તા. ૧૩-૮-૧૯૫૬ ના પત્ર નં. ૪૪૧૨૬-૩૦ દ્વારા ઇન્ટર ફાર્મ. અને બી.ફાર્મ. પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

અભ્યાસક્રમ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપલને મોકલી આપવામાં આવ્યો હતો. તેમનો અભિપ્રાય નીચે મુજબ છે:

"I find that the Int. Pharm. Part I and Part II of Rajputana University is equivalent to our First Year in Pharmacy and Inter Pharm. respectively of our University.

B. Pharm. degree with Group 'B' (i.e. with subjects Pharmaceutical Technology etc.) may be considered as equivalent to our B. Pharm degree. I am not in favour of recognising B. Pharm. Degree with Group 'A'.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે રાજપુતાના યુનિવર્સિટીની ઈન્ટર ફાર્મ. ભાગ-૧ અને ભાગ ૨ અનુક્રમે આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર અને ઈન્ટર ફાર્મ. તુલ્ય માન્ય કરવા તદુપરાંત બી.ફાર્મ. ગ્રુપ "બી" આ યુનિવર્સિટીની બી.ફાર્મ. તુલ્ય માન્ય કરવી.

૩૦. તા. ૨૪-૧-૧૯૫૫ના રોજ થયેલા મુકામે મળેલી ઈન્ટર યુનિવર્સિટી બોર્ડની સ્ટેન્ડીંગ કમિટીના ડિફેન્સ ઍકેડેમિના વિદ્યાર્થીઓએ પ્રથમ અને તૃતિય સત્રના અંતે શિક્ષણ સંસ્થાઓમાં દાખલ થવા માટે સ્વયંવડ આપવાના ઠરાવ નં. ૨૫ બી ઓફ અને એ પર વિચારણા કરવા બાબત.

ઉપર્યુક્ત બાબતમાં બીજી સ્ટેટ યુનિવર્સિટીઓએ શું નિર્ણય લીધો છે તે અંગે તપાસ કરી આ બાબત ફરીથી વિચારણા માટે રજૂ કરવી.

૩૧. ડેપ્યૂટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, ગવર્નમેન્ટ ઑફ સૌરાષ્ટ્ર, રાજકોટ તેમના તા. ૬-૯-૫૬ના પત્ર નં. જી: ૧૨૯૯૨ દ્વારા લોક ભારતીની સ્નાતક પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.એ. તુલ્ય માન્ય કરવા વિનંતી છે તે અંગે વિચારણા કરવા બાબત.

ડીન ઑફ ફૅકલ્ટી ઑફ આર્ટ્સનો અભિપ્રાય નીચે મુજબ છે:

"First 12 pages deal with the subjects of Science and Agriculture. I therefore, cannot give any opinion as regards adequacy of these subjects. The Deans ot Science and Agriculture may be consulted in the matter.

As to History, Politics, Constitution, Philosophy and Gujarati, I think the topics mentioned and the courses suggested are not quite adequate and not equivalent to the similar courses of the B.A. degree of our University."

આથી ઠરાવવામાં આવે છે કે લોકભારતીની સ્નાતક પરીક્ષા આ યુનિવર્સિટીની બી.એ તુલ્ય માન્ય કરવી નહિ

૩૨ શ્રી. સુરેશ રમણલાલ દેસાઈએ દિલ્હી યુનિવર્સિટીની કોલોક્વિયમ પરીક્ષા પાસ કરીને શ્રી. સર્વોદય કેળવણી મંડળની કૉલેજમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટની અરજી કરેલી, જેના પરથી તેમના જોખમ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવામાં આવેલું છે તેને બહાલી આપવા બાબત.

નોંધ:- રે. ૩ મુજબ ઉપર્યુક્ત પરીક્ષા ૧૯૫૩ સુધી માન્ય રાખવામાં આવી હતી પરંતુ મુંબઈ યુનિવર્સિટીએ મુદ્દત ૧૯૫૬ સુધી વધારી છે તો તે પ્રમાણે આપણે જુન ૧૯૫૬ સુધી ઉપર્યુક્ત પરીક્ષા માન્ય કરવી કે કેમ તે નક્કી કરવાનું છે.

શ્રી. સુરેશ કેસાઇને આપેલા પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટના કાર્યને મંજૂરી આપવી.

૩૩. ઇન્દોર યુનિવર્સિટી ઑફ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તેમના: તા. ૬–૧૦–૧૯૫૬ના પત્ર નં. ૧૯૮૬ સાથે પંજાબ યુનિવર્સિટીના ડેપ્યૂટી રજિસ્ટ્રારના તા. ૨૪–૯–૧૯૫૬ના પત્ર નં. મિસ. ૫૮૧૨ની નકલ મોકલી આપી છે અને તે દ્વારા મજકૂર યુનિવર્સિટીની ડિપ્લોમા ઇન ફાર્મસી અને ડિપ્લોમા ઇન ડ્રેસર્સ કોર્સ માન્ય કરવા વિનંતી કરે છે.

નોંધ:– એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપલનો અભિપ્રાય નીચે મુજબ છે:

"Their course is the same as Diploma course of the Pharmacy Council of India. I consider that their course may be considered equivalent to our course of studies for Diploma in Pharmacy."

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પંજાબ યુનિવર્સિટીના ડિપ્લોમા ઇન ફાર્મસી અને ડ્રેસર્સ કોર્સને આ યુનિવર્સિટીના ડિપ્લોમા ઇન ફાર્મસી તુલ્ય માન્ય કરવા.

૩૪. તા. ૨૨ ૯–૧૯૫૬ના રોજ ઑફ ઑફ યુનિવર્સિટી ટીચીંગની સભામાં પસાર કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

"Recognition of Non-University Institutes and courses" એ બાબત ઇક્વીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ કમિટી તરફ વિચારણા માટે મોકલી આપવી.

ઉપરના ઠરાવને તા. ૭–૧૦–૧૯૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની સભાએ મંજૂરી આપી છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ યુનિવર્સિટીમાં દાખલ થવા માટે "નોન-યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યુટ્સ" માંથી આવતા વિદ્યાર્થીના વ્યક્તિગત કેસ પર વિચારણા કરવી.

૩૫. રે. ઇ મુજબ સેન્ટ્રલ ઑફ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, અજમેરની ઇન્ટર આર્ટ્સ પરીક્ષા માન્ય કરેલી છે, પરંતુ તે ઑર્ડના સેક્રેટરીને પુછાવતાં ૧૯૫૯ માં લેવાનારી પરીક્ષાઓમાં ઇંગ્લીશ વૈકલ્પિક વિષય તરીકે રાખવાના છે તો તે પરીક્ષાની માન્યતા ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– આપણી ઇન્ટરની પરીક્ષાઓમાં ઇંગ્લીશ ફરજિયાત વિષય છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે અજમેર ઑર્ડની ઇન્ટરમિડિયેટ પરીક્ષા ઇંગ્લીશ સાથે પસાર કરી હોય તો જ માન્ય કરવી. રે. ૭ માં તે મુજબ સુધારો કરવો.

૩૬. સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના રજિસ્ટ્રાર તેમના તા. ૨૭–૧૧–૧૯૫૬ના પત્ર નં. એ. ડી. ૧૧૧૩ માં કેટલીક પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરે છે.

નોંધ:- હાલમાં આપણી યુનિવર્સિટીનો જ અભ્યાસક્રમ ત્યાંની કૉલેજમાં શીખવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલ્સ માટે હાલ વધુ જોગવાઇ કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ માટેની કાર્યાલયે રજૂ કરેલી યોજનાની ઉપરઆને મંજૂર કરવી તથા આ બાબત અંગે બિલ્ડીંગ કમિટીની ભલામણો સાથે યોજના ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૯. આંતરદેશીય સમજુતી અને હિંદ અને બીજા દેશોના સાંસ્કૃતિક સંબંધો વિકસાવે તેવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ કે જેઓ તા. ૧-૬-૫૭ થી ત્રણ વર્ષ સુધી કાઉન્સિલની સામાન્ય સમિતિ ઉપર માનદ સભ્ય તરીકે કામ કરવા ખુશી હોય તેમનાં નામ તારીખ ૧૦-૨-૫૭ પહેલાં મોકલી આપવા બાબત ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ, નવુ દિલ્હીના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિ પર નીચે પ્રમાણે નામો કાઉન્સિલને મોકલી આપવાં:

૧. શ્રી. એચ વી. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. ઉમાશંકર જે જોશી, અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન.

૧૦ ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૪૦ ની પેટા કલમ ૧ ઉપર ઘટતું કરવા બાબત સિન્ડિકેટે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગને વિચારણા કરવા મોકલી આપેલી અને બોર્ડે તે અંગે સિન્ડિકેટ પાસે આદેશ માગેલો તે પ્રમાણે સિન્ડિકેટ તરફથી બોર્ડને આદેશ આપેલો કે ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના અભ્યાસક્રમની તથા અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ-ગ્રેજ્યુએટના શિક્ષણનું સંયોજન કરવાની એ બંને બાબતોનો એકી સાથે વિચાર કરવાનો છે તે અનુસાર સદર બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ સમક્ષ મૂકતાં બોર્ડે

તેની તા. ૧૮-૧૨-૫૬ ની સભામાં કરેલ નીચે પ્રમાણેના ઠરાવ કે જેને સિન્ડિકેટે તેની તારીખ ૧૨/૧૩-૧-૫૭ ની બેઠકમાં બહાલી આપી છે તે અંગે આગળ પગલાં લેવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍકટનો કલમ ૪૦ (૧) અનુસાર ૧૯૫૭ ના નવેમ્બર પહેલાં મજકૂર બાબત આગળ યોગ્ય પગલાં લેવા માટે સિન્ડિકેટે સેનેટ સમક્ષ લાવવી એમ આ બૉડ'નો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍકટની કલમ ૪૦ ની પેટા કલમ ૧ માં નીચે પ્રમાણે ફેરફાર કરવા માટે સરકારને વિનંતી કરવા સેનેટને ભલામણ કરવી:

"Seven years" ને બદલે "Ten Years" તથા "Training beyond the stage of Intermediate Examinations" ને બદલે "Training for the Degree Examinations" એ શબ્દો મૂકવા.

સુધારેલી પેટા કલમ ૧ નીચે પ્રમાણે વંચાશે:

" Within a period of ten years from the date on which section 3 comes into force the Senate shall determine that all instructions, teaching and training for the Degree Examinations shall, within the area of the City of Ahmedabad and such other contiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad Area), be conducted by the University and shall be imparted by the teachers of the University. The Senate shall communicate its decision to the Provincial Government. "

(નોંધ:-૧. આ ફેરફાર ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ દાખલ કરવાનો હોઇ આવશ્યક જણાયો છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ તરફથી આ બાબતનો ઠરાવ શ્રી. ખંડુભાઇ એચ. દેસાઇએ રજૂ કરેલો.

૧૧. નીચેના ઠરાવ નં. ૮ માંની ભલામણો સ્વીકારવા અંગે પ્રન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત

VIII. " Considered the following proposition received from the University of Travancore :-

The Inter-University Board recommends that, as a special case, in view of the formation of new states and consequent transfer of officials and others, the Universities and Colleges affiliated thereto may admit students in the unfinished stages of University Education to the appropriate class during the next academic year. " Resolved the proposal of the Travancore University be accepted and circulated to the Universities for favour of compliance. "

આથી ઠરાવવામાં આવે છે કે ત્રાવણકોર યુનિવર્સિટીનો ઉપરનો પ્રસ્તાવ પરસ્પર સ્વીકારના ધોરણે માન્ય કરવો.

૧૨. યુનિવર્સિટીનું મકાન, ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના બંગલાઓ તથા હોસ્ટેલોના મકાનોનો વીમો ઉતરાવવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઉપર જણાવેલા મકાનોની અંદાજી કિંમત રૂા. ૨૧,૦૦,૦૦૦ ગણાય. મેસર્સ. ઓરિએન્ટલ તથા ન્યુ ઇન્ડિયાના બંનેના ફાયર ઇન્સ્યોરન્સના ભાવ સરખા જ છે. રૂા. ૦-૨-૦ સેંકડે ઓછા ૧૫ ટકા ડીસ્કાઉન્ટ. આ દરે પ્રિમિયમનું કુલ વાર્ષિક ખર્ચ રૂા. ૨,૩૦૦ લગભગ થશે)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું મકાન, ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના બંગલાઓ તથા હૉસ્ટેલોનો વીમો હાલ એક વર્ષ માટે અને ઓરિએન્ટલ વીમા કંપની મારફતે ઉતરાવવો તથા આ વીમો સીધેસીધો કંપની મારફતે ઉતરાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે ભવિષ્યમાં શા પગલાં લેવાં તે માટે વિચારણા કરીને હેવાલ સુપ્રત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. એસ. વી. હેસાઇ
૨. શ્રી. ડી. જે. જોષી
૩. શ્રી. બિહારીલાલ પી. શાહ

૧૩. શ્રી. રજિસ્ટ્રારના બંગલાના ગેરેજમાં યુનિવર્સિટીના એક પટાવાળાને રહેવા શ્રી. વાઇસ-ચાન્સેલરે પરવાનગી આપી છે તેને બહાલી આપવા બાબત તથા તેનું ભાડું નક્કી કરવા બાબત.

(નોંધ:- બંગલાના ચોકીદાર, માળી, ડ્રાયવર, તથા પટાવાળા વગેરેને સારા ક્વાર્ટર્સ કી ઑફ રેન્ટ આપેલા છે તે ધ્યાનમાં લઇ આ પ્રશ્ન વિચારવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી તથા મજકૂર પટાવાળા પાસેથી ભાડુ લેવું નહિ

૧૪ જિલ્લા લોકલ બૉર્ડ અમદાવાદના પ્રમુખે વસ્ત્રાપુર ગ્રામ પંચાયતના સરપંચને ગુજરાત યુનિવર્સિટીના મકાનની ઘરવેરા આકારણી બાબત નીચે પ્રમાણે લખેલ પત્રની આવેલ નકલ. (જાણ સારૂ)

"સ. દ્વિ.- આપની ગ્રામ પંચાયતની હદમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીના મકાનની પંચાયતે કરેલી આકારણી સામે સદરહુ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સાહેબે અત્રે કરેલી અપીલ જી. લો. બૉર્ડની સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવતાં ગુજરાત યુનિવર્સિટીનું આ મકાન કે જેનો પંચાયતે રપ૯ નંબર આપેલ છે તે કેળવણી અંગે વપરાતું હોવાથી તે મુંબઈ ગ્રામપંચાયતના મકાનો તથા જમીનો પરના કરના કાનુનોની કાનુન ૨-બી. અનુસાર કરને પાત્ર થતું નથી તેવું જી. લો. બૉર્ડની સ્ટેન્ડીંગ કમિટીએ તેના તા. ૨૧-૧૨-૫૬ ના ઠ. નં. ૧૩ થી ઠરાવેલ છે તે આપને વિદિત થાય."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૫. ચાલુ શૈક્ષણિક વર્ષમાં નવેમ્બર ૫૭ થી અમદાવાદની સર એલ. એ. શાહુ લૉ કૉલેજના પ્રિલિમિનરીના વર્ગમાં પહેલા સત્રમાં દાખલ થયેલ શ્રી. રામજીલાલ યાદવને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. એલિ. સર્ટિ અંગે મોડી અરજી કરવાના કારણમાં પ્રિન્સિપલ જણાવે છે કે વિદ્યાર્થી માંદો હતો.

૨. વિદ્યાર્થી નવેમ્બરમાં દાખલ થયેલો હોવાથી સિન્ડિકેટે વધારેલી મુદત ૩૧-૧૨-૫૬ સુધીમાં વિદ્યાર્થીએ ઍલિ. સર્ટિ. કઢાવી લેવું જઈતું હતું વિદ્યાર્થીને કામચલાઉ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ સિવાય કૉલેજે તેને દાખલ કર્યો છે.)

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થી શ્રી. રામજીલાલ યાદવને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૧૬. સિન્ડિકેટની તા. ૧૫/૧૬-૧૨-૫૬ ની સભાના કામકાજની યાદીમાંની પરીક્ષકોની નિમણૂક, પરીક્ષકો વગેરેને અપાતાં મહેનતાણાં, ભથ્થાં વગેરે તેમજ સ્ટાફના સભ્યોના પગાર સ્કેલ વધારવા અંગેની બાબતો નં. ૨૦ થી ૨૮ ઉપર વિચારણા કરી હેવાલ સુપ્રત કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૦-૧-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતો પર ફરીથી વિચારણા કરવા માટે સમિતિને જણાવવું તથા એ સમિતિ પર ડૉ. કે જી. નાયકને બદલે ડૉ. વાય. જી. નાયકને નીમવા. તદુપરાંત ૧. શ્રી બદુભાઈ એચ. દેસાઇ અને ૨. શ્રી. એસ. એમ. શાહનાં નામ આ સમિતિમાં સભ્ય તરીકે ઉમેરવાં.

(નોંધઃ- ડૉ. કે જી. નાયકની ઇચ્છાથી તેમને ઉપરની સમિતિ પરથી છૂટા કરવામાં આવ્યા હતા.)

૧૭. ચાલુ શૈક્ષણિક વર્ષમાં તા. ૮-૮-૫૬ થી તારીખ ૨૬-૮-૫૬ સુધી અમદાવાદની સ્થાનિક કૉલેજો રાજકીય વાતાવરણને અંગે બંધ રહેલી હોવાથી પહેલા સત્રમાં રાખવી જોઇતી ૬૫ દિવસની હાજરી લગભગ મોટા ભાગના વિદ્યાર્થીઓએ રાખી નથી આ સંજોગોમાં આ વર્ષ પૂરતું પહેલા સત્રમાં રાખવી જોઇતી ઓછામાં ઓછી હાજરી ૬૫ દિવસથી ઘટાડી અમુક ઓછી હાજરીની મર્યાદા નક્કી કરવા અને એ રીતે જે તે પરીક્ષાઓના આવા વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓમાં બેસવા દેવા બાબત શ્રી. રામાનંદ મહાનંદ મહાવિદ્યાલયના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- પ્રિન્સિપલ શુકલ પાછળના બીજા પત્રથી ઉપર જણાવેલો પત્ર પાછો ખેંચે છે કારણ કે તેમનાં શરતચૂકથી તેમણે પત્રમાં વિદ્યાર્થીઓની હાજરીના દિવસ અંગે ખોટા આંકડા આપ્યા હતા એટલે આ અંગે હવે કાંઇ કરવાનું રહેતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૮-અ. પરીક્ષાનાં પરિણામો જાહેર કરતાં અગાઉ બંધ વિષયોમાં "Border Line Cases" ઉપર વિચારણા કરવા માટે મળતી સિનિયર પરીક્ષકોની સભા બોલાવવી બંધ કરેલી હોવાથી આવા કેસોમાં વિદ્યાર્થીઓને સહન કરવું ન પડે તે માટે મુંબઇ યુનિવર્સિટીના ઑર્ડિ નં. ૧૬૮ અને ૧૬૯ ને આપણા ઑર્ડિ. નં. ૧૩૮ અને ૧૩૯ ની જગ્યાએ લેવા અને ઑર્ડિ. નં. ૧૪૦ માં છેલ્લી લીટીમાં percentage શબ્દ પછી "in the aggregate" અને છેલ્લી લીટીને અંતે of the total marks obtainable" શબ્દો મૂકી તેમજ ઑર્ડિનન્સ નં. ૧૪૧ માં ત્રીજી લીટીમાં આવતા percentage શબ્દ પછી "in the aggregate" એવા શબ્દો મૂકી ઑર્ડિ. નં. ૧૪૦ અને ૧૪૧ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૩૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું:

O. 139 : Where a candidate at University Examination, other than the Entrance Examination, fails in only one head of passing by not more than two marks, where the total of that head is less than 100 by not more than three marks where the total of that head is 100, or by not more than four marks where the total is more than 100 but not more than 200, or not more than 2 per cent of the total of the head where that total is more than 200, Such failure shall be condoned subject to the maximum of eight marks. A candidate whose failure is condoned under this Ordinance shall be eligible for classes in the same way as other successful candidates, but not for scholarships and other awards. For the purpose of condonation a fraction of half or more than half or 5 shall be computed as one.

Provided always that if a candidate fails in a head of passing which is included in other head of passing he shall be entitled to the benefit of condonation in both the heads, if necessary, subject to the maximum condonation permissible for each head in accordance with paragraph 1. Provided further that notwithstanding what is stated above, if the standard of passing in the different subjects at the examination is 50% or more condonation to the extent mentioned above may be given in not more than 3 subjects for purposes of passing or exemption in that subject or subjects.

(The expression "head of passing" shall be deemed to include the aggregate of marks in an examination where a candidate is required to obtain a certain percentage of the aggregate marks in order to be declared successful as in the case of the Law Examination).

અને

૧૮-અ. ઑર્ડિનન્સ ૧૪૦ નીચે પ્રમાણે સુધારવા બાબત પ્રિન્સિપલ આગ્યાની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

" Where a candidate at the University Examination other than the Entrance Examination fails in only one head of passing other than the grand total considered as a head of passing, his failure in that head of passing shall be condoned on the following basis :

For each 1% of marks secured by the candidate above the minimum required for passing on the grand total, 1 mark shall be added as a grace in the one head of passing in which he has failed. If after the addition of the grace marks as specified above, the candidate's case falls under O. 142, his failure in the subject shall be condoned. "

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

૧. આથી ઠરાવવામાં આવે છે કે હાલનો ઑર્ડિનન્સ ૧૪૦ રદ કરવો તથા તેને સ્થાને નીચે મુજબનો ઑ. ૧૪૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

O. 140 :

(1) Where a candidate at a University Examination other than the Entrance Examination fails in only one head of passing by not more than 10% of the maximum marks of the head of passing, his failure in that head of passing shall be condoned on the following basis :

For each one per cent of marks in the grand total secured by the candidate above the minimum required for passing, one mark shall be added as a grace in the one head of passing in which the candidate has failed.

(2) A candidate getting the benefit of condonation on this basis shall not be entitled to prizes or scholarships.

(3) The grace marks so added shall not count for the grand total.

(4) A candidate passing the Examination under this ordinance is eligible for a class provided his percentage prior to condonation entitles him.

(5) For the purposes of this ordinance, a fraction of one-half per cent or more shall be considered as one per cent. "

૨. આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૩૮, ૧૩૯ તથા ૧૪૨ હાલ છે તે જ પ્રમાણે કાયમ રાખવા, તથા ઑર્ડિ. ૧૪૧ રદ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઑ.નં. ૧૪૦ નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું:

O 140 Where a candidate at a University Examination other than the Entrance Examination fails in only one head of passing, his failure in that head of passing shall be condoned on the following basis :

For each one per cent of marks in the grand total secured by the candidate above the minimum required for passing, one mark shall be added subject to a maximum of ten marks as a grace in the one head of passing in which candidate has failed.

2. A candidate getting the benefit of condonation on this basis shall not be entitled to prizes or scholarships.

3. The grace marks so added shall not count for the grand total.

4. A candidate passing the Examination under this Ordinance is eligible for a class provided his percentage prior to condonation entitles him.

5. For the purposes of this Ordinance, a fraction of one-half per cent or more shall be considered as one.

અર્થાત્ ઉપરમાં ઠરાવવામાં આવે છે કે ઑ. ૧૪૧ રદ કરવો નહિ, પરંતુ તેની નીચે, નીચે પ્રમાણે નોંધ મૂકવા એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

Note : Candidates appearing at an examination availing themselves of exemptions in a subject or subjects shall not be entitled to the benefit of the O. 140 and 141.

The grace marks added under O. 138, 139, 140 and 141 shall not count for the grand total.

૧૯. બાયકોમ્બાયોલૉજીમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શિક્ષક શ્રી. વી. એન. આચર તરફથી એમ.એસસી. માં બાયકોમ્બાયોલૉજી વિષયના પેપર અને પ્રેક્ટીકલને માટે અભ્યાસક્રમ અને પુસ્તકો નક્કી કરવા બાબત ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલના પત્ર ઉપરથી એકેડેમિક કાઉન્સિલને તેના નીચેના ઠરાવથી આ બાબત બાયકોમ્બાયોલૉજીની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલી આપી છે તે અંગે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો હવાલ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"અથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બાયકોમ્બાયોલૉજીની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલી આપવા."

માયક્રોબાયોલૉજીની એડ-હોક કમિટીની ભલામણ

"આથી આ એડ-હોક કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ સાથે આપ્યા મુજબનો એમ.એસસી. માયક્રોબાયોલૉજીનો અભ્યાસક્રમ રે. ૯૦ સ્વીકારવો અને તેને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે માયક્રોબાયોલૉજીને માટે "સ્ટાન્ડર્ડ ઑફ પાસીંગ" નીચે મુજબ રાખવું:

(a) Candidates shall be required to obtain (i) at least 40 per cent of the full marks assigned to the special paper and (ii) 40 per cent of the aggregate of the marks assigned to papers and 40 per cent of the aggregate of the marks assigned to Practicals.

(b) Of the successful candidates those who obtain 65 per cent or more of the grand total in both papers and practicals taken together will be placed in the first class and those who obtained 50 per cent or more will be placed in the second class."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે માયક્રોબાયોલૉજીની એડ-હોક કમિટીની ભલામણ મંજૂર કરવી તથા તેણે સૂચવેલો સુધારેલો રેગ્યુલેશન ૨૦મી જુન ૧૯૫૭થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

(રેગ્યુ. ૯૦ માં થતા સુધારા તથા સુધારેલા રેગ્યુ. ૯૧ ની નકલ આ સાથે પરિશિષ્ટ 'ખ" તરીકે સામેલ છે.)

૨૦. એમ.એ. માં આર્કિયોલૉજીના વિષયોના અભ્યાસક્રમ ઘડવા માટે હિસ્ટરી, આર્કિયોલૉજી એપીગ્રાફી અને ન્યુમિસમેટીકસની અભ્યાસસમિતિએ નીમેલી પેટા સમિતિનો ઠરાવ અને અભ્યાસક્રમ અંગે મજકૂર અભ્યાસસમિતિની નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"એમ.એ. માં આર્કિયોલૉજીના અભ્યાસક્રમ ઘડવા માટે ઉપર્યુક્ત અભ્યાસમિતિએ જે સમિતિ નીમી હતી તે ઉપર વિચારણા કરવામાં આવી હતી અને તેમાં જરૂરી સુધારાવધારા કરવામાં આવ્યા હતા.

આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ સાથે આપેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબનો એમ.એ. આર્કિયોલૉજીના ૮ પેપરોનો અભ્યાસક્રમ સ્વીકારવો.

ધ્યાનમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત અભ્યાસક્રમને અનુલક્ષીને પુસ્તકોની ભલામણ કરવા માટે નીચેના બે સભ્યોની એક સમિતિ નીમવી અને તેમણે તૈયાર કરેલ પુસ્તકોની યાદી યુનિવર્સિટીને સુપ્રત કરવા આ અભ્યાસસમિતિ તેમને સત્તા આપે છે.

આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ. એ. આર્કિયોલૉજીના વિષયને અનુલક્ષીને ઉપસમિતિ જે પુસ્તકોની ભલામણ કરે તેને મંજૂર કરવાઃ

સભ્યોનાં નામ

૧. ડૉ. એચ. ડી. શાસ્ત્રી

૨. શ્રી. એચ. ટી સાંકળીયા.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા તેણે નીમેલી પેટા સમિતિએ તૈયાર કરેલ પુસ્તકોની યાદીમાં પ્રશ્નપત્ર ચારમાં ૧૨મા પુસ્તક તરીકે "Child V. Gordon" નું "Piecing together the past" (London 1956) ઉમેરીને મજકૂર યાદી મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

(અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ 'ગ" તરીકે સામેલ છે)

૨૧ ઑલ ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ ઍસોસિએશનના આશ્રયે તા. ૨૩-૧૦-૫૬ થી ૨૬-૧૦-૫૬ દરમિયાન જયપુર મુકામે મળેલી ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ કૉન્ફરન્સની ૩૭મી બેઠકમાં પસાર થયેલા કેટલાક ઠરાવો ઉપર વિચારણા કરી અમલમાં મૂકવા અંગે મજકૂર ઍસોસિએશનના જનરલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– પત્રમાંના ઠરાવોની વિગત નીચે પ્રમાણે છેઃ

University Education Section:

(1) This Conference notes that there are considerable differences of opinion among educationists on the question of reconstruction of University Education.

This Conference feels that whatever be the pattern of education (i) there must not be any curtailment of the existing facilities in Secondary and Collegiate education (ii) adequate financial assistance suitable be financially assisted to the schools and colleges in bringing about the proposed change, (iii) no teacher be thrown out of employment in the process of transition to the new pattern (iv) such Intermediate Colleges as are found suitable be financially assisted to be upgraded to the degree standard during a stipulated period.

(2) Whereas it is desirable in the interest of education that teachers have the opportunity to improve their professional knowledge and experience, this conference urges University and college authorities as well as the Government's concerned to organise seminars, refresher courses etc. for University and College teachers.

This conference further requests the Governments concerned to allocate adequate funds for the purpose.

This Conference demands that all teachers should be enabled to exercise their rights defined in the Constitution of India and the Teachers' Charter as adopted by the AIFEA. It further urges all Universities and Colleges to ensure that the rules of service for their teachers are in conformity with the charter.

Oriental Studies (Sanskrit) Section

(3) This conference requests the State Governments and Universities to recognise the Sanskrit examinations such as Acharya, Shastri, etc. as equivalent in all respects to University examinations such as M.A., B.A. etc. after due scrutiny.

(2) This conference requests the Central & State Governments to establish Sanskrit Universities in different States and thus make the language suited to the present time of advanced science.

(3) This Conference suggests that the Institutions where Sanskrit Research is conducted, should try to produce literature in History Geography, etc. in Sanskrit to enable the students of Pathasalas to understand the subjects and also requests the education Departments of the Government to give them sufficient aid.

(4) **Teachers' Training Section:**

This Conference is of the opinion that Research Bureau should be established as integral parts of Colleges and University Departments of Education and Teacher training in different states to go into the various educational problems that the country will have to face on its way of reorganising the entire system of eduation.

(5) **Indian Public and Residential Secondary Schools Section**

It is resolved that the Universities and Technical Institutions of India be requested to give preference to students from outside their territorial limits in allotting a certain proportion of their seats and so to promote Union and Unesco ideals by developing an all India sense and feeling and a wider world outlock.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતોની નોંધ લેવી.

૨૨. બી.એ.માં દરેક સ્પેશ્યલ વિષય માટે પ્રોફેસરની નિમણૂક કરવા અંગે લખનાં એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– ૧. પત્રમાં નીચે પ્રમાણે માહિતી મોકલી છે:

સભ્યનું નામ	વિગત
૧. શ્રી. જે. એલ. ધોળકીયા	ઇકોનોમિક્સના લેકચરર
૨. શ્રી. કે. સી. દેસાઈ	કોન્સ્ટી. હિસ્ટ્રી, વર્લ્ડ હિસ્ટ્રી અને સોશિયોલૉજીના આસી. પ્રોફેસર.
૩. શ્રી. પી. જી. માવલંકર	પોલિટિકસના લેકચરર
૪. શ્રી. બી. એસ. પટેલ	ઇકોનોમિકસના લેકચરર
૫ શ્રી. ડી. એચ સુતરીયા	સિવિકસ, મોડર્ન ઇન્ડિયા ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશનના ટ્યુટર
૬. શ્રી એ. એચ. કુરેશી	હિસ્ટ્રી અને મોડર્ન યુરોપના ટ્યુટર

૨ કૉલેજ ઇકોનોમિકસમાં શ્રી. ભોમન અબાડીયનને ઇકોનોમિકસના પ્રોફેસર તરીકે નીમેલા પણ તેઓ કૉલેજ છોડી ગયા હોવાથી આ બાબત અંગે સિન્ડિકેટે આવતા જુન સુધીમાં ઇકોનોમિકસના પ્રોફેસર નીમવા અંગે કરેલા ઠરાવની જાણ કૉલેજને કરી છે. હિસ્ટ્રી વિષયમાં હજુ સુધી કોઇ પ્રોફેસર નીમાયા નથી. સિન્ડિકેટના ઠરાવ અનુસાર તા. ૩૧–૫–૫૭ સુધીમાં હિસ્ટ્રીના પ્રોફેસર નીમવા કૉલેજને જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૨૩. નીચે જણાવેલા સ્ટાફના સભ્યના નામ સામે જણાવેલ તારીખે તેમનું નોકરીનું એક વર્ષ (શ્રી. પાઠકની બાબતમાં બે વર્ષ) પૂરું થયેલું હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા બાબત.

નામ	તારીખ
૧. શ્રી. એચ. એન. પાઠક રીડર ઇન ઇકોનોમિકસ	૩–૧–૧૯૫૭
૨. શ્રી. ડી. એન શુકલ	૬–૨–૧૯૫૭
૩. શ્રી. ડી. એસ. ત્રિપાઠી	૭–૨–૧૯૫૭
૪. શ્રી. એમ. સી. શાહ	૯–૨–૧૯૫૭
૫. શ્રી. એચ. સી. દેશી	૯–૨–૧૯૫૭

(નોંધઃ- નં. ૧ અંગે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષની અને નં. ૨ થી ૫ અંગે શ્રી. રજિસ્ટ્રારની લેખિત ખાનગી ભલામણ સભામાં રજૂ કરવામાં આવી હતી.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. એન. પાઠકને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સીઝમાં રીડર ઇન ઇકોનોમિકસ તરીકે તા. ૩-૧-૫૭ થી કાયમ કરવા.

૨. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. શુકલને કાયમ કરવાનો પ્રશ્ન તેઓ ફરીથી નોકરી પર હાજર થાય ત્યારબાદ છ મહિના પછી ફરીથી વિચારણા માટે રજૂ કરવો.

(નોંધઃ- શ્રી. શુકલને તેમના પ્રોબેશન સમય દરમ્યાન અભ્યાસ કરવા માટે વગર પગારે રજા આપવામાં આવેલ છે.)

૩. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ડી. એસ ત્રિપાઠીને જુનિયર કલાર્ક તરીકે કાયમ કરવા.

૪. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. સી. શાહને તેમની ક્ષતિઓ માટે લેખિત ચેતવણી આપીને તે દૂર કરવા માટે જણાવવું તથા તેમને કાયમ કરવાનો પ્રશ્ન ૬ માસ પછી ફરીથી વિચારણા માટે રજૂ કરવો.

૫. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. સી. દોશીને જુનિયર કલાર્ક તરીકે કાયમ કરવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોના ટીચીંગ સ્ટાફ અંગેની અધ્યક્ષોની ભલામણો ભવિષ્યમાં સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત કરવી.

૨૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરના મકાન માટે ગ્રાન્ટ મળી હોઇ તે અંગેના પ્લાન્સ તથા અંદાજ મંજૂર કર્યાના તેમજ આ અંગે ટેન્ડર્સ મંગાવવાના ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૨૫. પોતાના બાબાની માંદગી અંગે ડૉક્ટરનું બીલ, દવાઓ વગેરે અંગે ખર્ચ કરવો પડતો હોવાથી શ્રી. પી. પી. શાહને તેમના ખાતે જમા થયેલી તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૧૦૦ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૨૬. જુન ૧૯૫૭ થી સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ શરૂ કરવાનું હોવાથી તે માટેના નીચેના ટીચીંગ સ્ટાફની નિમણૂક કરવા બાબતની સિલેક્શન કમિટી ઉપર ઑર્ડિ. ૬૬ (૨) (iii)(b). પ્રમાણે સિન્ડિકેટ તરફથી ત્રણ વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત.

૧ પ્રોફેસર

૧ રીડર

(નોંધ:- ૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઉપરની જગ્યાઓને ગ્રાન્ટ્સ આપવા માટે મંજૂર કરી છે:

૨. ઑ. ૬૩ (૨) (iii) (b) નીચે પ્રમાણે છે:

"O. 66 (2) (iii). Five persons having special knowledge of the subject for which the Teacher is to be appointed to be selected as follows, namely:

(a) —

(b) Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિ પર નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી.

૧. પ્રો. જી. ડી. ઓઆઝ

૨. ડૉ. એચ. પી. મેતી

૩. પ્રો. એ. આર. વાડીયા

૨૭. જુન ૧૯૫૭ થી લેબર વેલ્ફેર ડિપ્લોમા કોર્સ શીખવવો શરૂ કરવાનો હોવાથી નીચેના ટ્રેનીંગ સ્ટાફની નિમણૂક કરવા બાબતની સિલેક્શન કમિટી ઉપર ઑર્ડિ. ૬૬ (૨) (iii)(b) પ્રમાણે સિન્ડિકેટ તરફથી ત્રણ વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત.

૧. રીડર

(નોંધ:- ૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઉપરની જગ્યાને ગ્રાન્ટ આપવા માટે મંજૂર કરી છે.

૨. આ અંગેના ઑ. ૬૬ (૨) (iii) (b) ઉપરની બાબત નં. ૨૬ ની નોંધમાં આપેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિ પર નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી:

૧. પ્રો. એ. આર. વાડીયા

૨. શ્રી. એસ. આર. વસાવડા

૩. શ્રી. મદનમોહન મંગળદાસ

૨૮. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબત ડૉ. વિક્રમ એ. સારાભાઇનો આવેલ પત્ર.:

"The Senate recommends that a Committee be appointed by the Syndicate to suggest measures for an early re-organisation of the existing system of examinations conducted by the University, in order that the emphasis is placed on learning rather than on memory. Consideration may be given by the Committee to the introduction of an open book examination system."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ઠરાવની સિન્ડિકેટ તરફેણ કરે છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૯. મોડિફાઇડ સેન્ટ્રલ ઓવરસીઝ સ્કોલરશિપ સ્કીમ ૧૯૫૬-૫૭ અનુસાર આ સ્કોલરશિપ વી. એસ. જનરલ હૉસ્પિટલ ઍન્ડ શેઠ ચિનાઇ મેટરનીટી હોમ, અમદાવાદના શિક્ષક ડૉ. એમ. એસ. કાન્વિન્દેને મળી છે તે અંગે હિંદ સરકારના કેળવણી ખાતા તરફથી ૫૦ ટકા અર્થની માગણી કરતા આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. આ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૧-૧૦-૫૫ ની સભામાં (બાબત નં. ૩૯) નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે:

"આથી ઠરાવવામાં આવે છે કે જયા વર્ષની માફક ચાલુ વર્ષે જે કોઇ લાયક ઉમેદવાર હોય તો તેની ભલામણ કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી અને યુનિવર્સિટી ૨૫ ટકા ખર્ચ આપે તથા ૨૫ ટકા ખર્ચ જે કૉલેજ મોકલતી હોય તે કૉલેજ તરફથી આપવામાં આવે તો જ તેની ભલામણ કરવી."

ઉપર પ્રમાણે જોતાં યુનિવર્સિટીએ ૨૫ ટકા આપવાનું ઠરાવેલ હોવાથી રિવાઇઝ્ડ બજેટમાં આ માટે રૂા. ૨૦૦૦ મૂકવા તથા તે પછીના વર્ષે જરૂરી રકમ મૂકવાની જરૂર રહેશે.

૨. હિંદ સરકારના પત્રમાં જણાવ્યા પ્રમાણે ૫૦ ટકા ખર્ચ પ્રમાણે રૂા ૫૭૮-૮-૦ આપવાના આવે છે. જેમાંથી યુનિવર્સિટીએ ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૮૯-૪-૦ અને સ્પોન્સરીંગ ઓથોરીટીએ (વી. એસ. જનરલ હૉસ્પિટલે) ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૮૯-૪-૦ અર્ધા હિસ્સાના આપવાના રહે છે.

ઉપરોક્ત હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટે તેમના તા. ૨-૧૧-૫૫ ના પત્રાંક બી. એમ. ૧૯૬૧ થી જણાવ્યું છે કે સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે કુલ ખર્ચના ૨૫ ટકા તેઓ ભોગવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે મોડિફાઇડ સેન્ટ્રલ ઓવરસીઝ સ્કોલરશિપ સ્કીમ પ્રમાણે ડૉ. એમ. એસ. કાન્વિન્દેને કુલ ખર્ચના ૨૫ ટકા પ્રમાણે ખર્ચ આપવું તથા ચાલુ વર્ષે કાર્યા-

લયના સૂચન અનુસાર રિવાઇઝ્ડ બજેટમાં રૂા. ૨૦૦૦ ની બેગવાઈ કરવી તથા જરૂરી રકમની બેગવાઇ આવતા વર્ષના અંદાજમાં કરવી.

૩૦. કેમિસ્ટ્રીના પ્રોફેસર ડૉ. એસ. આર. પટેલ, ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં જોડાયા પછી તેમની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા તથા તેમના હાથ નીચે એમ.એસસી સંશોધન માટે નોંધાયેલ વિદ્યાર્થીઓને તેમની જ દોરવણી નીચે બાકીનું કામ પૂરું કરવા પરવાનગી આપવા બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે પસાર કરેલા અને સિન્ડિકેટે તેને તા. ૧૨/૧૩-૧-૫૬ ની સભામાં બહાલી આપેલા નીચેના ઠરાવની જાણ ડૉ. પટેલને થયા પહેલાં અને તે પછી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એસ. આર. પટેલની એમ.એસસી. ડીગ્રી માટેની ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણ અને સંશોધન માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ટ્રાન્સફર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે તેમની માગણી પ્રમાણે તેમના હાથ નીચે એમ.એસસી. સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને તેમની જ દોરવણી નીચે બાકીનું કામ પૂરું કરવા પરવાનગી આપવી નહિ. આ વિદ્યાર્થીઓ તેમનું કામ અત્રેના આ વિષયના અન્ય અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે રજૂ કરી શકે એમ તેમને જણાવવું."

(નોંધ:- ૧. પહેલા પત્રમાં ડૉ. પટેલ જણાવે છે કે તા. ૬-૧૦-૫૬ થી રાજકોટ જાતે જોડાયા ત્યારથી તેઓ પ્રસંગોપાત, ગુજરાત કૉલેજ લૅબોરેટરીઝમાં આવી તેમના એમ.એસસી. ના વિદ્યાર્થીઓને દોરવણી અને સૂચના આપેલાં છે. હાલ પણ તેમને દોરવણી આપવાનું ચાલુ જ છે. મઈ ઑકટોબરની રજાઓમાં આ વિદ્યાર્થીઓએ તેમની રૂબરૂ દોરવણી અને દેખરેખ નીચે તેમને સોંપવામાં આવેલું મોટા ભાગનું બાકીનું કામ પૂરું કરી નાખ્યું છે. બાકીનું કામ તેઓએ આ સમય સુધીમાં પૂરું કર્યું હોવાથી તેઓ એમ.એસસી ના મહાનિબંધ માટે હવે સિનોપ્સીસ રજૂ કરી શકે તેમ છે. આ અંગે તેઓ આવા જ કેસોમાં ગુજરાત કૉલેજમાંથી એમ. એન. કૉલેજ, વિસનગરમાં બદલાયેલા ડૉ. જી. સી. અમીનને આપેલી પરવાનગી તરફ અંગુલી નિર્દેશ કરે છે.

ડૉ. પટેલ તેમના બીજા પત્ર દ્વારા તેમના પહેલા પત્રની વિગતો તરફ ધ્યાન દોરી સિન્ડિકેટના ઠરાવની પુનર્વિચારણા માટે વિનંતી કરે છે. કારણમાં જણાવે છે કે ચાલુ સત્ર અર્ધા ઉપરાંત પૂરું થયું છે વળી આવી પરવાનગી આપવામાં ન આવે તો એક રિસર્ચ ગાઈડ કે જેને પોતાના વિષયમાં રસ છે અને જેને ભાવિ કારકિર્દી સુધારવી છે તેની લાગણીઓની કદર કરવા વિનંતી કરી છે અને વધુમાં બાંહેધરી આપે છે કે સિનોપ્સીસ રજૂ કર્યા પછીની નક્કી કરેલી સમય મર્યાદામાં મહાનિબંધ સુપ્રત કરશે અને મુદત વધારવાની માગણી કરશે નહિ.

નોંધ:– ૨. ડૉ. પટેલના વિદ્યાર્થીઓ તરફથી પણ ઉપરના વિષય અંગે અરજી આવી છે. અને એ સંજોગોમાં આ બાબત તેમને લાગતી વળગતી હોઇ ડૉ પટેલના કેસની પુનઃ વિચારણા કરી જરૂરી પરવાનગી આપવા વિનંતી કરે છે જેથી કરીને તેઓ સિનોપ્સીસ રજૂ કરી શકે. વધુમાં તેઓ ખાત્રી આપે છે કે મહાનિબંધ રજૂ કરવાની નિશ્ચિત મુદતમાં સમયના વધારા માટે માગણી કરશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. આર. પટેલના હાથ નીચે એમ.એસસી. (સંશોધન) માટે રજિસ્ટર થયેલા પણ વિદ્યાર્થીઓને ચાલુ સત્ર દરમ્યાન બાકીની દોરવણીનું કામ પૂરું કરવા બાસ કેસ તરીકે પરવાનગી આપવી.

૩૧. એમ. એન. કૉલેજ, વિસનગરના ગુજરાતી અને સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રના બીજા સત્રના બજેટમાંની રૂા. ૩૭૦ની બાંય યુનિવર્સિટીએ આ કેન્દ્રને આર્થિક મદદ તરીકે આપવા અંગે આવેલ મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:–	આવક		જાવક	
	રૂા. ૮૨૫	ગુજરાતીના ૮ અને સંસ્કૃતના ૩ વિદ્યાર્થીઓની ફી.	રૂા. ૨૨૦	બે મુલાકાતી અધ્યાપકોનું હૉલ્ટીંગ એલાવન્સ. ૨૩ ફ્રીપ્સ ટ્રાવેલીંગ એલાવન્સ.
			રૂા. ૭૫૦	પાંચ અધ્યાપકોનું મહેનતાણું (સંસ્કૃત–૨, ગુજરાતી–૨ અને ઇંગ્લીશ–૧.)
			રૂા. ૬૦	એસ્ટાબ્લીશમેન્ટ ચાર્જ
			રૂા. ૮૨–૮–૦	સ્કૉલરશિપ (૧૦ ટકા)
			રૂા. ૮૨–૮–૦	ફ્રીશિપ (૧૦ ટકા)
			રૂા. ૧૧૯૫.)	

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વિસનગરના ગુજરાતી અને સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રોની બાંય પૂરવા માટે રૂા. ૩૭૦ સુધીની આર્થિક સહાય આપવી.

૩૨. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બી.એડ.ના વિદ્યાર્થી શ્રી. ડી. આર. પટેલની ખૂટતી હાજરી માફ કરવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– શ્રી. પટેલ પહેલા સત્રમાં કુલ હાજરી ૮૮ દિવસમાંથી ૬૧ દિવસ હાજર રહ્યા છે. જ્યારે બીજા સત્રમાં તા. ૧૨–૧–૫૭ સુધીમાં કુલ ૫૪ દિવસની હાજરીમાંથી ૫૦ દિવસ

હાજર રહ્યા છે. એટલે કુલ ૧૦૧ દિવસ બંને સત્રમાં ભેગી હાજરી છે અને હવે બાકી જે હાજરી થાય તે જુદી. માંદગીના કારણમાં પ્રિન્સિપલ જણાવે છે કે વિદ્યાર્થી તેમના સંબંધીની માંદગીની સારવારમાં હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બી.એડ. ના વિદ્યાર્થી શ્રી. ડી. આર. પટેલની ઘટતી હાજરી માફ કરવી.

૩૩ જુન ૧૯૫૬ થી સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રથમ એલ.એલ.બી. ના વર્ગમાં દાખલ થયેલ શ્રી. એમ. કે. દેસાઇને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લેવાની સિન્ડિકેટે વધારેલી છેલ્લી મુદત તા. ૩૧-૧૨-૫૬ હતી. હજુ સુધી વિદ્યાર્થીએ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવેલ નથી. મોડી અરજી કરવાના કારણમાં વિદ્યાર્થી જણાવે છે કે તે જુનમાં લૉ કૉલેજમાં દાખલ થયો ત્યારે કૉલેજે તેને ત્રણ ટ્રાન્સફરન્સ સર્ટિફીકેટ લાવવા માટે જણાવેલું. તેને બદલે વિદ્યાર્થીએ વડોદરા યુનિવર્સિટી પાસેથી માઇગ્રેશન સર્ટિફીકેટ મેળવ્યું. તે જણાવે છે કે તેનું માનવું એ હતું કે નવા નિયમો પ્રમાણે તેને પ્રોવિઝનલ ઍલિ. સર્ટિ. લેવાની જરૂર નથી તેથી તેને લીધેલું નહિ. તેણે પહેલાં માઇગ્રેશન સર્ટિફીકેટ કઢાવેલું હોવાથી તેણે ભરેલી છેલ્લી કૉલેજ ટ્રાન્સફરન્સ સર્ટિફીકેટ આપવાની ના પાડી એટલે ઍલિ. સર્ટિફીકેટ કઢાવવાની નવી રીતમાં તેની ભૂલ થઈ છે એમ જણાવે છે. કૉલેજના પ્રિન્સિપલ પણ તેમના ખુલાસામાં વિદ્યાર્થીની ઉપર જણાવેલ ભૂલ દર્શાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. કે. દેસાઇને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૩૪. કૉલેજના જોડાણની શરતો અનુસાર ૧. શ્રી. એમ. પી શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર અને ૨. શ્રી. ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરના કૉલેજ સત્તાવાળાઓએ યોગ્ય લાયકાત ધરાવતા ફિઝિકલ ડિરેક્ટરની નિમણૂક હજુ સુધી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. આ બાબતમાં નિમણૂકો તા. ૩૧-૧-૫૭ સુધીમાં નહિ કરવામાં આવે તો આ બાબતમાં સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવશે એમ ઑફિસર ઑન સ્પેશ્યલ ડયુટી (એજ્યુકેશન) રાજકોટને જણાવતાં જવાબમાં મુંબઇ સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલા પત્રોમાં જણાવવામાં આવ્યું છે કે ઑફિસર ઑન સ્પેશ્યલ ડયુટી (એજ્યુકેશન), રાજકોટને આ અંગે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી છે. આમાંથી જો લાયક માણસ નહિ મળે તો ચાલુ શૈક્ષણિક વર્ષના અંતે આ બાબત ફરીથી જાહેરખબર આપવામાં આવશે.

૨. આનીજ બાબતમાં બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ અંગે નિમાયેલી ત્રિવાર્ષિક તપાસ સમિતિ આર્ટ્સ સાઇડના અહેવાલ અનુસાર ઉપકુલપતિશ્રીના આદેશથી મજકૂર કૉલેજને જો તા. ૩૧ ૫–૫૭ સુધીમાં પુરતી લાયકાત ધરાવતો ફિઝિકલ ઇન્સ્ટ્રકટર નીમવામાં ના આવે તો જુન ૧૯૫૭ થી નવા વિદ્યાર્થી દાખલ કરવા નહિ એમ જણાવવામાં આવતાં કૉલેજના પ્રિન્સિપલ તરફથી મુંબઇ રાજ્યના કેળવણીના ડાયરેક્ટરને લખેલ પત્રની નકલ મોકલવામાં આવી છે. આમાં પ્રિન્સિપલે ડાયરેકટરને તા. ૩૧–૫–૫૭ સુધીમાં ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન નીમવાની વિનંતી કરી છે.

(એટલે સુરેન્દ્રનગર અને જામનગર બાદની બંને કૉલેજોની બાબતમાં પણ ઉપરની બહાઉદ્દીન કૉલેજ જુનાગઢની બાબતમાં તેના પ્રિન્સિપલને જણાવ્યું તેમ જણાવવાની જરૂર લાગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના સત્તાવાળાઓને જણાવવું કે તા. ૩૧–૫–૫૭ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા ફિઝિકલ ઇન્સ્ટ્રકટરોની નિમણૂક કરવામાં ન આવે તો નવા વિદ્યાર્થીઓને જુન ૧૯૫૭ થી દાખલ કરવાની મના ફરમાવવામાં આવે છે.

૩૫. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને હિંદીમાં બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) ના અભ્યાસક્રમો માટે તા. ૨૦–૬–૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

(નોંધ:– ૧. સામાન્ય રીતે નિયમ એવો છે કે જે તે કૉલેજ જે તારીખથી જોડાણ (નવું-ચાલુ-વધારાનું) માગવાનું હોય તેના એક વર્ષ અગાઉ અરજી કરવી જોઇએ જે આ કેસમાં કરી નથી.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૨–૧૩ જાન્યુઆરી ૧૯૫૭ ની બેઠકમાં બાબત નં. ૧૦૦ સરચની જયેન્દ્રપુરી કૉલેજની તા. ૨૦–૬–૫૭ થી ઇન્ટર સાયન્સના વધારાનું જોડાણ માગવા અંગેની અરજીનો આ જ કારણથી અસ્વીકાર કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજીનો અસ્વીકાર કરવો.

૩૬. કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ.

"Resolved that Nepthalene is a substance for detection in Inter Science Chemistry Practicals examination, though it is not included in Theory course. To remove this anomaly the Board recommends to the Syndicate that an urgent instruction be issued to the Examiners in Inter Science Chemistry Practicals that it should not be included for a substance in that course."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૩૭. મુંબઇ સ્ટેટની સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓમાં રાખેલા સત્રો એક યા બીજી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા અંગે માન્ય કરવા બાબતના નીચે જણાવેલ ઑર્ડિનન્સ નં. ૭૧ ની મુદત તા. ૩૧-૫-૫૭ ના રોજ પૂરી થતી હોવાથી તે વધારી ઑર્ડિનન્સ સુધારવા બાબત.

"**O 71**:- The term or terms kept by any student migrating from the Bombay, Poona, Karnatak and Baroda Universities in the State of Bombay shall be recognised up to 31st May 1957 for the purposes of keeping terms for appearing at any examination of this University provided that the student keeps at least one term immediately preceding the examination in this University and provided turther that the student has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at the examination of any of the said Universities and has become an ex-student of any such University. This benefit shall not apply to a student migrating from any of the above mentioned Universities which does not grant the same previlege to a student of this University."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર મુદત બે વર્ષ લંબાવવી તથા રાજ્યપુનર્રચનાના કારણે કર્ણાટક યુનિવર્સિટીને બદલે નાગપુર યુનિવર્સિટીનું નામ મૂકીને તથા સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠનું નામ ઉમેરીને ઑર્ડિનન્સ ૭૧ સુધારવો.

સુધારેલો ઑ. ૭૧ નીચે મુજબ વંચાશે:

"**O. 71**.:- The term or terms kept by any student migrating from the Bombay, Poona, Nagpur Universities, the M.S. University of Baroda and the Sardar Vallabhbhai Vidyapeeth in the State of Bombay shall be recognised up to 31st May 1959 for the purposes of keeping terms for appearing at any examination of this University provided that the student keeps at least one term immediately preceding the examination in this University and provided further that the student has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at the examination of any of the said Universities and has become an ex-student of any such University. This benefit shall not apply to a student migrating from any of the above mentioned Universities which does not grant the same privilege to a student of this University."

૩૮. એમ.એ. માં હિસ્ટ્રી ગ્રુપ-બી. ના નવા કોર્સમાં "હિસ્ટ્રી ઑફ એશિયા" નો વિષય છે પરંતુ તે વિષય માટે કોઇ પરીક્ષકોની નિમણૂક કરવામાં આવી નથી. નવા કોર્સમાં તે ફરજિયાત વિષયના ગ્રુપમાં હોવાથી તે વિષય માટે પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

(નોંધ:- આ વિષયમાં બહુજ થોડા વિદ્યાર્થીઓ છે તેથી માત્ર બે પરીક્ષકો જ નીમવાની જરૂર રહેશે)

આથી ઠરાવવામાં આવે છે કે પેનલમાંથી સભામાં નક્કી કરેલા પરીક્ષકોની નિમણૂક કરવી.

(નોંધ:– પરીક્ષકોનાં નામ શિરસ્તા મુજબ સામેલ કરવામાં આવ્યાં નથી.)

૩૯. જુનિયર કલાર્ક શ્રી. કે. પી. પટેલ રાજીનામું આપી તા. ૧-૨-૫૭ થી છૂટા થયેલા હોવાથી તેમના ખાતે જમા થયેલી તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ તેમને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. પી. પટેલને નિયમ મુજબ તેમના ખાતે જમા થયેલ પ્રોવિડન્ટ ફંડની રકમ પાછી આપવી.

૪૦. જુનિયર કલાર્ક શ્રી. આર. સી. શાહ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ તેમને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. શાહને નિયમ મુજબ તેમના ખાતે જમા થયેલ પ્રોવિડન્ટ ફંડની રકમ પાછી આપવી.

૪૧-અ. જોડાયેલી કૉલેજો અને માન્ય થયેલી સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગે નિમાયેલી સ્થાયી સમિતિની તા. ૨૨-૧-૫૭ ના રોજ મળેલી બેઠકમાં થયેલી નીચેની ભલામણ:

"સભાગૃહે વધુમાં ઠરાવેલું કે આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આપણી યુનિવર્સિટીની પરીક્ષાની સમકક્ષાએ માન્ય થયેલી નહિ હોવાથી વિદ્યાર્થીઓને કૉલેજમાં દાખલ કરવામાં આવતા નથી જ્યારે આગ્રા યુનિવર્સિટીની ડિગ્રી મેળવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે તો તે બાબત વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ:– સિન્ડિકેટની તા. ૫-૩-૫૫ ની બેઠકમાં બાબત નં. ૨૫ ઉપર નીચે પ્રમાણે ઠરાવ થયો છે:

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર શિક્ષકોની નિમણૂકો મંજૂર કરવી અને બધી સ્ટેટ્યુટરી યુનિવર્સિટી ડિગ્રીઓને શિક્ષકોની નિમણૂક માટે reciprocal basis થી માન્ય રાખવી.")

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે અગાઉ કરેલા નિર્ણયમાં ફેરફાર કરવો નહિ.

૪૧.–અ. જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપક ગણમાં થતા ફેરફાર ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નિમેલી સ્થાયી સમિતિની તા. ૨૨-૧-૧૯૫૭ના રોજ મળેલી બારમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી કૉલેજોમાં આસિસ્ટન્ટ લેકચરરોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કુલ માસિક વેતન (consolidated remuneration) રૂા. ૨૦૦ વત્તા નિયમ

પ્રમાણે મોંઘવારી ભથ્થું આપે એ શરતે તેમની નિમણૂક માન્ય કરવી તથા તે મુજબ થતા ફેરફારોને આધીન રહીને મજકૂર સમિતિની નોંધને મંજૂર કરવી.

(સમિતિની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

(નોંધઃ- સમિતિની નોંધમાં બાબત નં. ૩ ના ઠરાવ (૬) ના પહેલા પરિચ્છેદમાં છેલ્લેથી પહેલી લીટીમાં આવતા "અને લેકચરર તરીકે છે તેઓને પ્રોફેસરનો" એટલા શબ્દો કમી કરીને ઠરાવ વાંચવો.)

૪૨. શ્રી. ભોગીલાલ પી. કમ્પાની તરફથી લાયબ્રેરી માટે આશરે રૂા. ૨૦૦ નાં પુસ્તકોની સખાવત અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર લાયબ્રેરી કમિટીનો નીચેનો ઠરાવઃ

લાયબ્રેરી કમિટીનો ઠરાવ નં. ૨૮૬

"આ પુસ્તકો તથા સામયિકોના પાછલા અંકો સ્વીકારવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

(નોંધઃ- સિન્ડિકેટે તેની ગઈ સભાના ઠરાવથી આ બાબત લાયબ્રેરી કમિટીની વિચારણા માટે મોકલી આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીની ભલામણ મંજૂર કરવી તથા મજકૂર પુસ્તકો અને સામયિકોનો સાભાર સ્વીકાર કરવો.

૪૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ માટે ઇલેક્ટ્રીક તથા સેનિટરીનાં ટેન્ડરો સ્વીકારવા બાબત.

અને

૪૫. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે આવેલાં મકાનનાં તથા ઇલેક્ટ્રીકનાં ટેન્ડરો સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ટેન્ડરો અંગે ભલામણ કરવા નીચેના સભ્યોની એક સમિતિ નીમવીઃ

૧. શ્રી. બિહારીલાલ પી. શાહ
૨. શ્રી. ડી. જે. જોષી
૩. ડૉ. એમ. ડી. પટેલ

૪૬. બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૧૯-૧૧-૫૬ ની સભામાં યૂથ લિડરશિપ અને ડ્રામેટિક્સનો કેમ્પ યોજવા માટે જરૂરી યોજના ઘડી કાઢવા નીમલી પેટાસમિતિની બેઠકમાં થયેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ

"સદ્ભરહુ કેમ્પ વિષે વિચારતાં ઓછામાં ઓછો અંદાજી વિગતવાર ખર્ચ નીચે પ્રમાણે થાય છે:

૧.	રૂા. ૩,૧૫૦	જમવા રહેવાનો ખર્ચ – ૩૫ તાલીમ લેનારાઓનો
૨.	રૂા. ૮૫૦	રેલ્વે ભાડાના
૩.	રૂા. ૧,૦૦૦	ઇન્સ્ટ્રકટર્સનો રહેવા જમવા તથા રેલ્વે ભાડાનો ખર્ચ
૪.	રૂા. ૧,૦૦૦	આમંત્રિત મહેમાનો અંગેનો ખર્ચ
૫.	રૂા. ૧,૦૦૦	પરચુરણ ખર્ચ
	રૂા. ૭,૦૦૦	કુલ ખર્ચ.

તેથી આ સભાને લાગે છે કે જો સિન્ડિકેટ આ અંગે મંજૂર કરેલા રૂા. ૧,૦૦૦ ની ગ્રાન્ટમાં રૂા ૩,૦૦૦ ની રકમનો વધારો કરીને આ કેમ્પ યોજવા માટે કુલ રૂા. ૪,૦૦૦ ની રકમ મંજૂર કરે તો જ કેમ્પ યોજી શકાય તેમ લાગે છે અને તેથી ઠરાવ કરે છે કે સિન્ડિકેટને વધારાની રકમ મંજૂર કરવા વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરનો ઠરાવ માન્ય કરવો તથા મજકૂર શિબિરોના ખર્ચ અંગે વધુ રૂા ૩,૦૦૦ એટલે કુલ રૂા. ૪,૦૦૦ મંજૂર કરવા.

(નોંધઃ– આ અંગે ભારત સરકારની રૂા. ૩,૦૦૦ ની ગ્રાન્ટ સાથે કુલ ખર્ચ રૂા. ૭,૦૦૦ સુધીનો રહેશે.)

૪૭. તા. ૯–૨–૫૭ ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીમાં થયેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી.

(કમિટિની ભલામણો આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૮. યુનિવર્સિટીઓમાં હોબી વર્કશોપ્સ સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર અંગે જુદી જુદી કૉલેજો તરફથી આવેલી યોજનાઓ તથા તે ઉપરનો પ્રિન્સિ. જી. એસ. દેસાઇ અને પ્રિન્સિ. આઇયાની બનેલી સમિતિનો રિપોર્ટ તપાસી યોગ્ય યોજના રજૂ કરવા અંગે સિન્ડિકેટે નિમેલી સમિતિની તા. ૩૦–૧–૫૭ ના રોજ મળેલી બેઠકની કામકાજની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની નોંધ મંજૂર કરવી તથા તેણે સૂચવેલી યોજના માટે જરૂરી પગલાં લેવાં.

(સમિતિની નોંધ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૯. ટેલીફોનની નવી જંકશન લાઇન લેવા અંગે મળેલી મંજૂરી સંબંધી નીચેના અર્થ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧.	ઈન્સ્ટોલેશન	રૂા. ૧૦ એક વાર આપવાના
૨.	એચ. એમ. ટી. ઈન્સ્ટ્રુમેન્ટોના ચાર્જ	રૂ. ૧૫
૩.	માસિક નજીવા ભાડુ	રૂા. ૧૦
૪.	ડ્રંકકોલ તથા લોકલ કોલ્સ સામેનો ડિપોઝીટ	રૂા. ૧૨૦
		રૂા. ૧૫૫

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૦. ગુજરાત કૉલેજ, અમદાવાદના એમ.એસસી. ના વિદ્યાર્થી શ્રી. સિરિલ માર્ટીન ક્રોશ્ચિયનનો એમ.એસસી. ડિગ્રી માટેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૧. ૧૯૫૪-૫૫ અને ૧૯૫૬-૫૭ના વર્ષો માટે ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના વિદ્યાર્થી શ્રી એચ. એસ. અલ્લુવાલીઆને આપવામાં આવેલી યુનિવર્સિટી ફેલોશિપ તેમને એટોમિક એનર્જી કમિશન તરફથી મજકૂર લૅબોરેટરીમાં જુનિયર રિસર્ચ એસિસ્ટન્ટની જગ્યા આપવામાં આવેલી હોવાથી તા. ૬-૧૧-૫૬ થી ફેલોશિપ આપવામાંથી તેમને મુક્ત કરવા અને તે ફેલોશિપ મજકૂર સંસ્થાના બીજા વિદ્યાર્થી શ્રી. એસ. આર. કાણેને તા. ૬-૧૨-૫૬ થી આપવા બાબત ડાયરેક્ટરના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. લૅબોરેટરીના ડાયરેક્ટર જણાવે છે કે :

શ્રી. કાણેએ ૧૯૫૪ ની સાલમાં આગ્રા યુનિવર્સિટીની બી.એસસી. ની પરીક્ષા પહેલા વર્ગમાં (૬૬ ટકા માર્કસ મેળવી) અને ૧૯૫૬ માં પૂના યુનિવર્સિટીની બી.એસસી. (ઓનર્સ) ની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ કરી છે. તેમણે ગુજરાત યુનિવર્સિટીની એમ.એસસી. ડિગ્રી માટે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકેના રજિસ્ટ્રેશન માટે અરજી કરી છે. તેઓ મજકૂર લૅબોરેટરીમાં ફોરમેન કે સેક્શનમાં તા. ૧-૮-૫૬ થી કામ કરે છે.

શ્રી. કાણે એમ.એસસી. ડિગ્રી રિસર્ચથી કરવા રજિસ્ટર થયા છે.

૨. ફેલોશિપના રિફન્ડ અંગે શ્રી. અહલુવાલીઆ સાથે કોઇ કરાર કરવામાં આવ્યો નથી. આ અંગે રિસર્ચ સ્ટુડન્ટશિપ અંગેની નિયમ ૧૧ ની વિગત નીચે પ્રમાણે છેઃ

The student has to refund to the University the stipends drawn by him if he resigns his studentship before the expiry of his tenure.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એચ એસ. અહલુવાલીઆ પાસેથી રિસર્ચ સ્ટુડન્ટ-શિપના નિયમ ૧૧ મુજબ ફેલોશિપના નાણાં વસુલ લેવા માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડાયરેક્ટરને લખવું તથા આ ખાલી પડેલી ફેલોશિપ શ્રી. એસ. આર કાણેને એનાયત કરવી, પરંતુ શ્રી. અહલુવાલીઆ પાસેથી નાણાં વસુલ થયા પછી શ્રી. કાણેને ફેલોશિપનાં નાણાં આપવાં.

૫૨. મધ્યસ્થ સરકારના કોચીંગ કેમ્પોમા ટ્રેનીંગ લઈ આવેલ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના સભ્યો મારફતે વોલીબોલ, ફુટબોલ, હોકી, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, હૂ-તુ-તુ, કુસ્તી અને એથ્લેટિક્સની રમતો માટે એવાજ કેમ્પો યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના એક એક સ્ટાફ મેમ્બર અને વિદ્યાર્થી માટે યોજવામાં રૂા. ૧૬,૦૦૦ ના અંદાજી ખર્ચ થાય તેમ છે, તેમાંથી મધ્યસ્થ સરકાર તરફથી ૫૦ ટકા ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ રૂા. ૬,૫૦૦ ની ગ્રાન્ટ યુનિવર્સિટી તરફથી આપવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવમાં જણાવેલી રમતો પૈકી વોલીબોલ, હોકી અને હૂ-તુ-તુ અને ત્યારબાદ આર્થિક બોગવાઇ રહે તો બેડમિન્ટનની રમતો માટે તાલીમ શિબિરો યોજવી તથા તે માટે રૂા. ૪,૦૦૦ ના સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૫૩. એમ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટના પહેલી એલ.એલ.બી. ના વિદ્યાર્થી શ્રી. ટી. એ. નાનચાણીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલના આવેલ પત્ર તથા વિદ્યાર્થીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. ઑફિસ તરફથી તા. ૧૪/૧૫-૬-૫૬ ના રોજ વિદ્યાર્થીને જણાવેલું કે પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માટે તમે અરજી કરી શકો છો. ફોર્મ પણ તેમને મોકલી આપેલું જ્યારે વિદ્યાર્થી અરજી જાન્યુઆરી માસમાં કરે છે.

૨. પ્રિન્સિપલ જણાવે છે કે આ બાબતની સૂચના આપતી નોટિસ કૉલેજમાં મૂકી હતી. વધુમાં વિદ્યાર્થીના હિતમાં થયેલી ભૂલ માફ કરી ઍલિજિબિલિટી સર્ટિ. આપવા વિનંતી કરે છે.

૩. તેના પત્રમાં વિદ્યાર્થી નીચે પ્રમાણે જણાવે છે અને પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસી શકે તે માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા વિનંતી કરે છેઃ

"I could not furnish the migration certificate from Punjab University earlier to this as the Gujarat Universiry has recently finally recognised Punjab University on reciprocal basis and as such I have recently called for the migration certificate.")

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એ. તાનઝાણીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું નહિ.

૫૬. શ્રી. એચ. એન. શાહે એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં બી.એડ. ના વર્ગમાં બીજા સત્રમાં ભરેલી હાજરી અકસ્માત થવાને કારણે ઓછી હોવાથી તે માફ કરવા બાબતની મજકૂર વિદ્યાર્થીની કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી અંગે સિન્ડિકેટની જાન્યુઆરી ૧૯૫૭ ની સભામાં થયેલા નીચેના ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૯૧ માં થયેલા ઠરાવ અનુસાર આ બાબતનો નિર્ણય કાર્યાલયે કરવો."

નોંધ:– ૧. જાન્યુઆરીની બેઠકમાં બાબત નં. ૯૧ ઉપર જે ઠરાવ થયો છે તે એમ.એ., એમ.એસસી વગેરે અનુસ્નાતક શિક્ષણ બાબતમાં ઘટતી હાજરી માફ કરવા અંગે થયેલો છે. બી.એડ. અનુસ્નાતક અભ્યાસક્રમ નથી તે જોતાં બાબત નં. ૯૧નો ઠરાવ આ બાબતને લાગુ કરી શકાય તેમ નથી. તેથી આ બાબતમાં સિન્ડિકેટે ઘટતી હાજરી માફ કરવાનો પ્રશ્ન છે.

૨. વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે. હાડવૈદ્યનું પ્રમાણપત્ર રજૂ કર્યું છે:

	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ઘટતી હાજરી
પ્રથમ સત્ર	૬૮	૬૫	૭૫	૧૦ વધારે
દ્વિતીય સત્ર	૨૦	—	૨૦	

(તા. ૩૧–૧–૫૭ સુધી.)

પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે બીજા સત્રમાં પણ અકસ્માત થયો તે અગાઉ વિદ્યાર્થી હાજરીની બાબતમાં બહુજ નિયમિત હતો તેથી આ બાબત સહાનુભિતિપૂર્વક વિચારણા કરવા વિનંતી કરે છે. વધુમાં જણાવે છે કે મજકૂર વિદ્યાર્થી ૧૮મી ફેબ્રુઆરીથી શરૂ થતી પ્રેકટીકલ પરીક્ષામાં બેસી શકે નહિ પરંતુ જો તેનું દ્વિતીય સત્ર માન્ય કરવામાં આવે તો ૧૮મી માર્ચથી શરૂ થતી પાર્ટ-૧ની પરીક્ષામાં બેસી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે એ. જી. ટીચર્સ કૉલેજના બી.એડ. ના વિદ્યાર્થી શ્રી. એચ. એન. શાહની ઘટતી હાજરી માફ કરવી.

૫૫. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૫૬ માં લેવાયેલી પરીક્ષાઓ માટે નીમવામાં આવેલા ૩ પરીક્ષકો તથા ૨ સિનિયર સુપરવાઇઝરો ચેકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ બીજા પરીક્ષકો તથા સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

(નિમાયેલા પરીક્ષકો તથા સિનિયર સુપરવાઇઝરોની યાદી આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૬. યુનિવર્સિટી જે તે પરીક્ષાનાં પરિણામો જે સમયે બહાર પાડે તે અગાઉ આપી કલાકે તેના પરિણામની યાદીની નકલ મેળવવા અંગે ઇન્ડિયન લેન્ગ્વેજ ન્યૂઝ પેપર્સ એસોસિએશનના સામાન્ય મંત્રી તરફથી આવેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

"We have to suggest as under :—

1. That the printed copies of the University results be sent to the Principals of the Colleges at Surat, Baroda, Rajkot and similar other places where daily newspapers are published.

2. That the copies of the results be handed over by the Principals to the authorised agents of newspapers at least twelve hours prior to the time fixed by the University for the declaration of results e.g. if the University has fixed the time of the declaration of results on 14th March 1957 at 7-0 a.m. the copies of the results supplied to the Principals at various centres be simultaneously handed over to the newspapers at 7-0 p.m. on 13th March 1957 with the undertaking that they will be published in the morning dailies on 14th March 1957.

We hope and trust that the suggestions of our Association will be favourably considered by your Syndicate and an arrangement on the lines of the Bombay University and Karnatak University be made to facilitate the publication of University results by the newspapers."

નોંધ:— આ બાબતમાં અગાઉ મજકૂર એસોસિએશનના મંત્રીનો પત્ર હતો અને તે ઉપર સિન્ડિકેટે તેમની વિનંતી માન્ય ન રાખવી એમ ઠરાવ કર્યો હતો પરંતુ તેઓ હવે મુંબઇ યુનિવર્સિટી તથા કર્ણાટક યુનિવર્સિટીએ તેમની વિનંતી સ્વીકારી હોવાથી ગુજરાત યુનિવર્સિટી પણ તે પ્રમાણે સ્વીકારે એ માટે સિન્ડિકેટ ફરીથી વિચારણા કરે એમ વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન લેન્ગ્વેજ ન્યૂઝ પેપર્સ એસોસિએશનના સામાન્ય મંત્રીનાં સૂચનો માન્ય કરવાં નહિ.

૫૬. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબત ડૉ. જે એસ. જેટલીનો આવેલ પત્ર:

"The Senate requests the Government of Bombay to make the following amendment in Section 25 of the Gujarat University Act :–

'Substitute the following in place of the present sub-section (2) of section 25' :

"(2. Each Board shall consist of the members as follows:

Ex-officio Members.

Such members of the Faculty under which the Board is constituted as have elected to be members of the Board :

Provided that –

(i) no member of a Faculty shall elect to serve on more than two Boards under the Faculty, and

(ii) the election once made shall not be changed during the term of office of the member.

Other Members.

Not more than seven representatives elected by Heads of University Departments in their respective subjects, Heads of Departments in Degree Colleges in the Special or Principal subjects concerned and Heads of Departments in Recognised Institutions in their respective subjects, from amongst themselves.

Provided that no representative who is not a recognised post-graduate teacher in the subject concerned and who has not to his credit a teaching experience of at least 10 years, before the degree classes in the subject concerned, shall be elected.

Co-opted members.

Persons co-opted by the Board, if any, not exceeding one third of the total number of the Ex-officio and the other members of the Board.

Provided that where the total number of the ex-officio and other members is less than three, the Board may with the previous approval of the Academic Council, co-opt such persons as may be necessary to raise the total number of members to three."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ મજકૂર ફેરફાર કરવાની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૮. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબત ડૉ. એચ. જી. શાસ્ત્રીનો આવેલ પત્ર:

"The Senate requests the Government of Bombay to make the following amendment in Section 21 of the Gujarat University Act:

"Substitute the following in place of the present sub-section (1) of section 21.

(1) The Academic Council shall be the academic body of the University and shall consist of the following persons, namely :–

Ex-officio Members

(i) The Vice-Chancellor-ex-officio Chairman
(ii) The Rector, if any,
(iii) The Registrar,
(iv) Deans of Faculties,
(v) Heads of University Departments,
(vi) Heads of Recognised Institutions,
(vii) Principals of Degree Colleges,
(viii) Chairmen of the Boards of Studies.

૩૭. રેગ્યુલેશન ૧૮ મુજબ બી.એ. (સ્પેશ્યલ) માં ભાષાની પરીક્ષામાં મૌખિક પરીક્ષા લેવાની જોગવાઇ છે, પણ આવી પરીક્ષા હજુ સુધી લેવાઇ નથી અને તેવી પરીક્ષા નહિ લેવા માટે દર વર્ષે સિન્ડિકેટે ઠરાવ કરવો પડે છે, તો તે અંગે ચાલુ વર્ષે તથા ત્યાર પછીનાં વર્ષો માટે કઇ પ્રથા રાખવી તે નક્કી કરવા બાબત ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન ૧૮ મુજબ બી.એ. (સ્પેશ્યલ) માં ભાષાની પરીક્ષામાં ચાલુ વર્ષે પણ મૌખિક પરીક્ષા લેવી નહિ તથા આ બાબત પરત્વે પુનર્વિચારણા કરવા ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન નં. ૧૮ માં કશો ફેરફાર કરવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો

૩૮. ઇન્ટર આર્ટ્સ તથા બી.એ. એકસ્ટર્નલ પરીક્ષામાં હોમ સાયન્સ, જોગ્રાફી, વગેરે વિષયોમાં પ્રાયોગિક કામ (Practicals) હોય છે તે જોતાં નીચેનું કલોઝ ઉમેરી રેગ્યુ. ૨૧-સી. અને ૨૧-ડી. સુધારવા બાબત ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

"Notwithstanding anything contained above, a candidate for registering his name for the above examination will not be permitted to select a subject or subjects camprising practical work or lessons."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે મજકૂર રેગ્યુલેશનોને કાર્યાલયના સૂચન પ્રમાણે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો તથા સુધારેલા રેગ્યુલેશન ૨૧–સી. અને ૨૧–ડી. ને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા રેગ્યુલેશન ૨૧–સી. અને ૨૧–ડી. ની નકલ પરિશિષ્ટ "ત" તરીકે આ સાથે સામેલ

૩૯. માસ્ટર્સ અને ડૉક્ટર્સ ડીગ્રીઓ માટે આવતા વિદ્યાર્થીઓના મહાનિબંધ અંગે રેફરીઓની નિમણૂક કરવાની બાબત પહેલાં જે તે અભ્યાસસમિતિઓ તરફ જાય છે; પછી તેમની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ અને તે પછી સિન્ડિકેટ સમક્ષ જાય છે. આવી રીતે રેફરીઓની નિમણૂક કરવામાં ઠીક ઠીક સમય વ્યતિત થાય છે અને અભ્યાસસમિતિઓની બેઠકો વર્ષમાં અમુક જ વાર મળતી હોવાથી કોઇ કોઇ બાબતમાં રેફરીઓ નીમવામાં બહુ જ સમય જાય છે. તે જોતાં આ અંગે સામાન્ય શિરસ્તો નક્કી કરવા બાબત ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયને જરૂર જણાય તેવા કેસોમાં મુંબઇ યુનિવર્સિટીમાં પ્રવર્તે છે તેવી એટલે કે અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના પર પરિપત્રથી સભ્યોની સંમતિ મેળવવાની પ્રથા ખાસ કેસોમાં અપનાવવી."

(નોંધ:– આ બાબતમાં મુંબઇ યુનિવર્સિટીમાં શું પ્રથા છે તે પૂછાવતાં તેમના તરફથી નીચે પ્રમાણે જવાબ આવ્યો છે:

"I write to inform you that it is the practice of this University to circulate the synopsis of theses to be submitted by candidates to the Boards of Studies concerned. A candidate is required to submit the synopses at least two months before the submission of the thesis. In case the examination of a thesis is held up for a considerable time pending the appointment of a referee, or a substitute for a referee who may have resigned, the Chairman of the Board may, under the provisions of S. 89 (d), which is quoted below, direct on the delay being pointed out to him that the item be disposed of by a circular. In that case he suggests the name/s of person/s suitable for appointment as referee/s for the thesis. His suggestion is circulated to the other members of the Board

for their approval or otherwise. If all the members agree, the suggestion is placed before the next meeting of the Academic Council, as a recommendation, **arrived at by circular,** of that Board. If found necessary the process is expedited further by putting the matter before the Vice-Chancellor for orders in the exercise of his emergency powers.")

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી.

૪૦. પોસ્ટ-ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો માટેના પાઠયપુસ્તકો ગુજરાતીમાં લખવા માટે જે વ્યક્તિઓ તૈયાર થાય તેમને પ્રોત્સાહન મળે તે માટે ઇનામ અથવા તો મદદ કયા પ્રકારે આપવી તે અંગે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિએ તૈયાર કરેલા યોજનાના મુસદ્દા અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવું અને બધી ફૅકલ્ટીઓમાં ઇનામો અને ઉત્તેજન કેવી રીતે આપવુ તે બાબતનાં યોજના રજૂ કરવા જણાવવું.''

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ સિદ્ધાંતની દૃષ્ટિએ સિન્ડિકેટના ઠરાવની તરફેણમાં છે તથા આ અંગે યોજના રજૂ કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની સંયુક્ત સમિતિ નીમવી. આ સંયુક્ત સમિતિમાં ઍકેડેમિક કાઉન્સિલ તરફથી બધી ફૅકલ્ટીઓના ડીન તથા વિનયન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઈની નિમણૂક કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને રીફર એક કરેલી હતી એટલે તેની ભલામણ માટે તે ફરીથી મોકલવી અને જણાવવું કે ઍકેડેમિક કાઉન્સિલે સૂચવેલ સમિતિ પર જે સભ્યો નીમેલા છે તેમાં સિન્ડિકેટના પણ બે સભ્યોનો સમાવેશ થઇ જાય છે એટલે આ વિષે સિન્ડિકેટ નવા સભ્યો નીમવાની જરૂર જોતી નથી એમ જણાવી ઍકેડેમિક કાઉન્સિલને ઇનામો આપવાની યોજના રજૂ કરવા માટે ફરીથી જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલનો પહેલાંનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે તમામ ફૅકલ્ટીઓના ડીન તથા વિનયન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિપલ અ. ક ત્રિવેદી તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા

સમિતિના પ્રમુખ પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઇની બનેલી સમિતિને યોજનાનો મુસદ્દો તૈયાર કરવા જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલનો બાબળનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટ-ઈન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો માટેનાં પાઠયપુસ્તકો ગુજરાતીમાં લખવા માટે મુક્ત હરિફાઇનો સિદ્ધાંત સ્વીકારીને પરિપત્ર અને/અથવા જાહેર ખબર દ્વારા હસ્તપ્રતો મંગાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી તથા ઈનામ અથવા તો આર્થિક મદદ કેટલી અને કેવી રીતે આપવી તે બાબત અંગે જરૂરી વિગતો નક્કી કરવાનું કાર્ય સિન્ડિકેટ પર છોડવું."

આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટ ઈન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો માટેનાં પાઠયપુસ્તકો ગુજરાતીમાં લખવા માટે મુકત હરીફાઇનો સિદ્ધાંત સ્વીકારીને કૉલેજોમાં, માન્ય સંસ્થાઓમાં તથા વર્તમાનપત્રોમાં પરિપત્ર દ્વારા હસ્તપ્રતો મંગાવવી.

(નોંધ:- વર્તમાનપત્રોમાં જાહેર ખબર નહિ, પરંતુ અખબારી પરિપત્ર જ પાઠવવાનો છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇનામ તથા આર્થિક મદદ કેટલી અને કેવી રીતે આપવી તે બાબત પ્રત્યેક હસ્તપ્રતની ગુણવતા પર નક્કી કરવાનો સિદ્ધાંત અપનાવવો.

૪૬. સેનેટે પસાર કરેલા નીચે મુજબના શ્રી. જી. બી. ઓઝાના ઠરાવ ઉપરનાં સિન્ડિકેટના ઠરાવ અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય તથા ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી એરિયામાં આવેલી સરકાર માન્ય કોઇપણ માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કરનાર ગ્રેજ્યુએટ માધ્યમિક શિક્ષકને, ગુજરાત યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષામાં ટર્મ્સ ભર્યા સિવાય બેસવા દેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગને વિચારણા માટે મોકલી આપવી."

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે આ બૉર્ડ સેનેટના ઠરાવમાંની ભલામણ પ્રમાણે વ્યવસ્થા કરવાનું હિતાવહ નથી એવો અભિપ્રાય ધરાવે છે એમ ઍકેડેમિક કાઉન્સિલને રિપોર્ટ કરવો."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના અભિપ્રાય સાથે ઍકેડેમિક કાઉન્સિલ સંમત છે તેમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ અને ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ માન્ય કરવા.

૪૨. બેંગાલીની એડ હોક કમિટીની નીચે મુજબની ભલામણો અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

૧. "પ્રથમ વર્ષ આર્ટ્સ અને કૉમર્સ તથા ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને કૉમર્સના વર્ગો માટે તેમજ પ્રથમ વર્ષ સાયન્સ અને ઇન્ટરમિડિએટ સાયન્સના વર્ગો માટે બેંગાલી વિષયનો નીચે મુજબ અભ્યાસક્રમ રાખવો:

First Year Arts and Commerce

and

Intermediate Arts and Commerce

1.	Texts	– 60 marks out of which 10 marks shall be assigned for grammar.
2.	Essay	– 25 marks.
3.	Translation from English to Bengali	– 15 marks.

For the First Year Science and Intermediate Science.

1. 35 Marks for texts.
2. 15 marks for Essay.

ઉપરના અભ્યાસક્રમને અનુલક્ષીને પ્રથમ વર્ષ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ તથા ઈન્ટરમિડિએટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સના સુધારેલા રેગ્યુલેશન્સ નં. ૯, ૨૬, ૭૧, ૨૦૪ અને ૨૦૮ ની નકલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.

૨. વધુમાં આ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બેંગાલી વિષયના બેંગાલી ભાષા અને સાહિત્યને લગતાં પુસ્તકો ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીમાં હોવાં એ આવશ્યક છે જેથી અભ્યાસક્રમ તથા પાઠયપુસ્તકો નક્કી કરતી વખતે તે મદદરૂપ નીવડે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એડ હોક કમિટીની ભલામણ મંજૂર કરવી તથા બંગાળીના પ્રશ્નપત્રના માર્કસનું સુધારેલું વિભાગીકરણ જૂન ૧૯૫૭ થી અમલમાં લાવવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ મંજૂર કરવા તથા સુધારેલા રેગ્યુલેશન્સ ૯, ૧૧, ૭૧, ૨૦૪ અને ૨૦૮ ને ૨૦મી જૂન ૧૯૫૭ થી અમલમાં આવેલા ગણવા.

(રેગ્યુલેશન્સ ૯, ૧૧, ૭૧, ૨૦૪ અને ૨૦૮ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "થ" તરીકે આ સાથે સામેલ છે.)

૪૩. એમ. ટી. બી. કૉલેજ, સૂરતના પ્રોફેસર શ્રી. વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદીના પત્રમાં જણાવેલી નીચેની બાબત અંગે ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લ્યુડીંગ એજ્યુકેશનની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સૂચન

૧. અંગ્રેજી અને હિન્દી એ બંને ભાષાના વિશિષ્ટ પ્રાવિણ્યની જરૂર ગુજરાત યુનિવર્સિટીના સ્નાતકોમાંથી કેટલાકને અવશ્ય રહેશે. એ પ્રાવિણ્ય એ કોટિનું હોવું જોઇએ કે વિદ્યાર્થી અંગ્રેજી યા હિંદીમાં સારી રીતે બોલી લખી શકે એવી યોગ્યતા માટે કલકત્તા યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ છે એ અભ્યાસક્રમ કોઇપણ વિદ્યાશાખાનો સ્નાતક લઈ શકે એ પ્રકારનો હોવો જોઇએ. આવા અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓને આ દેશમાં કે પરદેશમાં વધુ અભ્યાસ માટે આન્તર–પ્રાન્તીય વ્યવહાર માટે તથા ઉંચી નોકરીઓની પરીક્ષાઓ માટે અનુકૂળતા વધશે. આ અભ્યાસક્રમમાં પાસ થવાના સો સો માર્કના ત્રણ વિભાગ હોય એવી મારી કામચલાઉ સૂચના છે

૧. મૌખિક પરીક્ષા – વાતચીત, વાચન, અર્થગ્રહણ

૨. શુદ્ધ લેખન અને વ્યાકરણ – નિબંધ, ભાષાન્તર, વિવરણ અને વ્યાકરણ

૩. ગંભીર, રસાળ ગદ્યનાં ચાર પ્રશિષ્ટ પુસ્તકો પાસ થવા સારૂ દરેક વિભાગમાં ૪૦ ગુણની અપેક્ષા રાખવી. એમ.એ. માં છે તેમ પહેલા અને બીજા વર્ગની લાયકાત પણ ઠરાવવી. આખો અભ્યાસક્રમ હાલ પુરત ૧. અંગ્રેજી માટે અને ૨. હિન્દી માટે રાખવો – વિદ્યાર્થી બંનેમાં બેસી શકે એવી છૂટ રાખવી.

ઉપર સૂચવેલી ભાષા પ્રવિણતા માટે "ડિપ્લોમા" સ્થાપવા તથા તેમનો અભ્યાસક્રમ નિયત કરી તેનો સર્વ પ્રબંધ કરવા ફૅકલ્ટી ઑફ આર્ટ્સની આ બેઠક ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે:

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લ્યુડીંગ એજ્યુકેશનની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ઠરાવો મંજૂર કરવા અને તે સ્વીકારવા આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદીના સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો તથા આ બાબત પર આગળ વિચારણા કરવા માટે અંગ્રેજી તથા હિન્દીની અભ્યાસસમિતિઓ તરફ મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો તથા આ આ બાબત પર આગળ વિચારણા કરવા માટે અંગ્રેજી તથા હિન્દીની અભ્યાસસમિતિઓને જણાવવું.

૪૪. ફૅકલ્ટી ઑફ સાયન્સે રેકગ્નીશન ઑફ ઇન્સ્ટિટ્યૂશન્સના રૂલ્સ ઘડવા માટે જે સમિતિ નીમી હતી તેના અહેવાલ અંગે ફૅકલ્ટી ઑફ સાયન્સનો અભિપ્રાય અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ફૅકલ્ટી ઑફ સાયન્સનો અભિપ્રાય

"While accepting the report of the Committee in Principle, the Faculty is of the opinion that any matter not covered by rules 1, 2 and 3 suggested in the report, the rules in behalf of teachers, equipment, etc. applicable to affiliated colleges should be applicable to recognised Institutions."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ સાયન્સનો અભિપ્રાય માન્ય કરવો તથા સુધારેલા નિયમો મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ માન્ય કરવો તથા તે પ્રમાણે સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઢ" તરીકે આ સાથે સામેલ છે.)

૪૫. હેન્ડ-બુકના ઑ. ૨૧૦ પ્રમાણે એમ.એસસી. ડિગ્રી પરીક્ષા એક શાખામાં પાસ કરનાર બીજી શાખામાં ફરીથી રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ મેળવી જરૂરી સત્રો ભરી બેસી શકે છે. રેગ્યુ. ૮૭ મુજબ કેમિસ્ટ્રી એક શાખા ગણવામાં આવી છે. ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી, ઓર્ગેનિક કેમિસ્ટ્રી, ફિઝિકલ કેમિસ્ટ્રી અને બાયો-કેમિસ્ટ્રીને મુખ્ય શાખા ગણવી કે કેમિસ્ટ્રીની પેટા શાખા ગણવી એ પ્રશ્ન અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ, સિન્ડિકેટ, ફૅકલ્ટી ઑફ સાયન્સ અને ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવો.

(આ અંગે મુંબઇ યુનિવર્સિટીને પૂછાવતાં તેઓ આ સર્વેને કેમિસ્ટ્રીની પેટા શાખા ગણે છે, જ્યારે સાયન્સ ફૅકલ્ટીના ડીન ડૉ. એમ. ડી. અવસારેનો અભિપ્રાય છે કે આ બધાને ઑ. ૨૧૦ સારૂ મુખ્ય શાખા ગણવી.)

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલવું."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય સ્વીકારવો."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત સાયન્સ ફૅકલ્ટી તરફ વધુ વિચારણા માટે મોકલવી."

ફૅકલ્ટી ઑફ સાયન્સનો ઠરાવ

"In the option of the Faculty of Science according to Regulation No. 210 a student who has passed in any one branch of M.Sc. in Chemistry of the four branches, is entitled to appear in another branch in Chemistry by keeping the necessary terms again for the same. The Syndicate is, therefore, requested to note this interpretation of the Faculty of Science and inform the affiliated colleges accordingly."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ સાયન્સનો ઠરાવ મંજૂર કરવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૪૬. બી.ફાર્મ. પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રથમ એલ.એલ.બી. ના વર્ગમાં દાખલ કરવા અંગે શ્રી. સી. જી. અમૃતિયાની અરજી બાબત એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપલના પત્રાંક ૧૪ તા. ૬-૪-૫૬ અંગે ફૅકલ્ટી ઑફ લૉ અને ઍકેડેમિક કાઉન્સિલના નીચેના ઠરાવો:

ફૅકલ્ટી ઑફ લૉ નો ઠરાવ

"આથી આ ફૅકલ્ટી ઠરાવે છે કે બી.ફાર્મ. થયેલા વિદ્યાર્થીઓને ફર્સ્ટ એલ.એલ.બી. ના વર્ગમાં દાખલ થવાની પરવાનગી આપવી નહિ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ લૉનો ઠરાવ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૪૭. બી.એડ. ના અભ્યાસક્રમમાં હિન્દીનો વિષય સ્પેશ્યલ મેથડ્સમા ઉમેરવા બાબત ન્યુ એજ્યુકેશન હાઇસ્કૂલના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર અંગે એજ્યુકેશનની અભ્યાસ-સમિતિની નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"Resolved that it be recommended to the Training Institutions affiliated to the Gujarat University to introduce Hindi as one of the special methods subjects as early as possible."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

૪૮. ફૅકલ્ટી ઑફ સાયન્સે પસાર કરેલો નીચેનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"It is resolved that instructions in question papers at B.Sc. and M.Sc. should be uniform in all Science Examinations. This question should be settled by a Committee consisting of Chairman of Boards of each Science subject and of Mathematics."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ સાયન્સનો ઠરાવ મંજૂર કરવો."

૪૯. પોલિટિકલ સાયન્સની અભ્યાસસમિતિનો નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"In view of the inclusion of constitutional History in the B.A. (Special) Political Science Syllabus, the Board is of the Opinion that it should fall within the perview of the Board of Studies in Political Science.

The Board is of the opinion that the old practice of referring papers dealing with Political Science should be continued wtih reference to revised course of History Group A and B at M.A. The Board further suggests that a Joint Meeting of the Board of Studies in History and Political Science may be held to consider the above."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

૫૦. ફિઝિકસની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"Letter from Prof. P. D. Pathak was considered from the Chair regarding the distribution of Experiments over different branches of Physics at the M.Sc. level.

૨-૩-૧૯૫૭

In the instruction regarding M.Sc. Practicals and distribution of Experiments in different branches it is recommended that ten experiments should be done from the special groups and the remaining should be distributed over the different branches of Physics (The word uniformity in the Last sentence, if it is there in the old rules should be dropped.).

ઉપરોકત ઠરાવ સ્વીકારવા આથી આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા."

૫૨. ૧. રૂપારેલ કૉલેજ, મુંબઈના પ્રોફેસર એમ. જી. મહાજન તરફથી આવેલ પત્ર અંગે

અને

૨. ફિઝિકસની અભ્યાસસમિતિના ચેરમેન ડૉ. વાય જી. નાયક તરફથી અભ્યાસ-સમિતિમાં મૂકવામાં આવેલા નીચેના ઠરાવ અંગે ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"It is resolved that the Chairman of Practical Examiners in Physics should adopt the following scheme of assessment at all Practical Examination so as to ensure uniformity of marking and all the practical examination papers be assigned separate proportional marks under the following five heads :

(1) Adjustment, manipulation (e.g. electric circuit) and understanding of apparatus.

(2) Proper representation (e.g. tabular form) Form of observations and results in the scientific way.

(3) Complete set of observations with proper units.

(4) Calculation and graphs when required.

(5) Result with the expected accuracy (eight marks for I.Sc. for each item add ten marks for B.Sc. for each item.

ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ

"It is resolved that the Chairman of practical Examiners in Physics should adopt the following scheme of assessment at all practical examinations so as to ensure uniformity of marking and all the practical examination papers be assigned separately proportional marks under the following five heads.

1. Understanding and approach to the experiment.
2. Technique and accuracy of Experimental work.

3. Presentation, Tabulation, graphs and Results.

4. All round quality of the candidate.

Chairman and the Paper-setters in practicals are requested to follow the scheme of marking and instruct the examiners to enter marks both in the answerbooks as well as in the result sheets under the above four heads.

For convenience the paper-setters may work out the detailed marking scheme on the above lines so as to suit particular types of experiments in the different branches of physics. This applies both to Inter Science and B.Sc. Examinations."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવી"

૫૨. બી.એસસી. (પ્રિન્સિપલ) કેમિસ્ટ્રી પેપર ૪ અંગે શ્રી. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલ નીચેના સૂચન અંગે કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"The fourrh paper in Chemistry should consist of 2 sections. Section I should consist of 4 questions The 1st, 2nd and 3rd questions should be on Organic, Inorganic and Physical Chemistry of the essay type and the 4th question on any life as prescribed in the syllabus. This section may carry 60 marks. The candidate should answer any 2 questions. Section II should contain 3 to 4 questions on Analytical Chemistry as detailed in the course. The candidate should answer any two questions. This section should carry 34 marks.

કેમિસ્ટ્રીનો અભ્યાસસમિતિની ભલામણ

"The Board agrees in principle with the suggestions of Dr. A. M. Trivedi.

The Board resolves that the fourth paper at B.Sc. (Chemistry) Principal should consist of two sections as under :

Section I. Section I will consist of 4 questions. The 1st, 2nd and 3rd questions will be on Organic, Inorganic and Physical Chemistry of the essay type. The 4th question will consist on any life as prescribed in the syllabus. The section will carry 66 marks and the candidate shall be required to answer any two questions.

Section II. Section II will contain 3 to 4 questions on Analytical Chemistry as detailed in the course. The candidate should answer any two questions. This section will carry 34 marks.

Resolved to recommend to the Academic Council that the above resolution be accepted."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા તેને જૂન ૧૯૫૭થી અમલમાં મૂકવી."

આ બાબતો કેળવણી સૈક્ષણિક મુદ્દાઓને સ્પર્શતી હોવાથી તેમને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાની જરૂર નથી એમ ઉપકુલપતિશ્રીએ ફલીંગ આપ્યું હતું.

૫૩. **"As paper III of Ancient Indian Culture at M.A. is concerned the literary and Linguistic data are to be studied as sources of culture"** એવી ઍન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર ઍાર ઇસ્ટર્ન કલ્ચરની અભ્યાસસમિતિએ કરેલી ભલામણ અને તે મંજૂર કર્યાના ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર રેગ્યુ. ૨૮ માં થતા સુધારાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન મુજબ સુધારેલા રેગ્યુલેશન નં. ૨૮ ને મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૨૮ને જુન ૧૯૫૭થી અમલમાં આવેલો ગણવો.

(રેગ્યુલેશન ૨૮માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે આ સાથે સામેલ છે.)

૫૪. **મેથેમેટિક્સની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:**

"The Board is of the opinion that Mathematics at M.A. and M.Sc. Group C be turned henceforth M.A., M.Sc. in Statistics and the necessary correction should be made in R. 26.

Further the Board understands that the students offering Mathematics at M.Sc. Group A & B have to pay a fee of Rs. 125 per term while students offering Mathematics M.Sc. Group C in Statistics at the University School of Social Sciences have to pay a fee of Rs. 75/- per term only. This anomaly should be removed by lowering the fees for M.Sc. students in Mathematics Group A & B. This will also bring to par the fees paid by M.A. and M.Sc. students in Mathematics for indentical courses.

This Board recommends to the Academic Council to take necessary immediate steps in the matter."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે:

૧. અભ્યાસસમિતિની ભલામણ મુજબ રેગ્યુલેશન ૨૬માં સુધારા કરવા તથા સુધારેલો મુસદ્દા સિન્ડિકેટ સમક્ષ મંજૂરી માટે મૂકવા માટે આ સભા ઉપકુલપતિશ્રીને સત્તા આપે છે.

૨. એમ.એસસી. માં મેથેમેટિકસના વિષય માટે સત્રની ફી ના પ્રશ્ન પર જરૂરી નિર્ણય થઈ ગયો હોવાથી આ બાબત અંગે કશું કરવાપણું રહેતું નથી

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૨૬ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(રેગ્યુલેશન ૨૬ અને ૯૦માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "ન" તરીકે આ સાથે સામેલ છે.)

૫૫. બી.એ. સ્પેશ્યલમાં ગ્રુપ કે. ને સમાવી લેવા બાબતની જોગ્રાફીની અભ્યાસ-સમિતિની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે સ્વીકારી હોવાથી રેગ્યુ. ૧૬માં થતા સુધારાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો રેગ્યુલેશન નં. ૧૬ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૫૭ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૧૬ને ૨૦મી જૂન ૧૯૫૭ થી અમલમાં મૂકવો.

(રેગ્યુલેશન ૧૬માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "૫" તરીકે આ સાથે સામેલ છે.)

૫૬. પરિપત્ર નં. ૧૦૮૦૬ મોડર્ન ઇન્ડિયન લેન્ગ્વેજ ફર્સ્ટ ઇયર સાયન્સ કલાસીઝ સામે હાલ ૩ પિરિયડ જણાવેલા છે તે સુધારી તેને માટે ૨ પિરિયડ કરવા બાબતના પ્રો. ચિમન પટેલના સૂચન અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ ૧૦૦ માર્કસના એક "હેડ"માં ૫૦-૫૦ માર્કસના બે પેપર હોય તો બંને પેપરો માટે અઠવાડિયાના ઓછામાં ઓછા ત્રણ પિરિયડ નિયત કરવા."

(**નોંધ:**– પ્રો. પટેલ તેમના પત્રમાં જણાવે છે કે ફર્સ્ટ ઇયર સાયન્સમાં માતૃભાષા અથવા તેના બદલામાં હિંદી કે અંગ્રેજી લેવાની છૂટ છે. આ પેપર ૫૦ માર્કનું છે. અને તેના

"Teaching periods" હાલના નિયમાનુસાર ૩ પિરિયડ રાખવા પડે છે. તો ૫૦ માર્કના પેપર માટે ૨ પિરિયડ રાખવાની જોગવાઇ કરતો સુધારો રજૂ કરી તે પસાર કરવા વિનંતી કરે છે.

વધુમાં જણાવે છે કે ૫૦ માર્ક માટે ૩ પિરિયડ રાખવા એ વધારે પડતું છે એમ લાગવાથી આ વિનંતી કરી છે. એથી કૉલેજોને પણ ઠીક ઠીક મુશ્કેલી પડે છે.)

મજકૂર બાબત કેવળ શૈક્ષણિક હોઇ તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાની જરૂર નથી એમ ઉપકુલપતિશ્રીએ રૂલીંગ આપ્યું હતું.

૫૭. નીચેના કારણોસર વિદ્યાર્થીની એડમીશન સંખ્યા ૫૦ થી વધારી ૮૦ કરી આપવાની વિનંતી કરતા રામપા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરના આવેલ પત્ર અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

૧. આખા રાજકોટ ડિવિઝનમાં ફક્ત એકજ ટ્રેઇનીંગ કૉલેજ છે.

૨. આ વિસ્તારના મોટા ભાગના શિક્ષકો બિન–તાલીમી છે અને તેમણે વાટે પડલકર યોજના નીચે વહેલી તકે તાલીમ લેવાની છે.

૩. સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાંથી દાખલ થવા માટે વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં અરજીઓ આવે છે જેમાંથી મર્યાદિત સંખ્યાને એડમિશન મળતાં બીજાઓને નાશીપાસ થવું પડે છે.

૪. ૩૦ વધારે વિદ્યાર્થીઓના એડમીશન અંગે સ્ટાફ ફરનીચર, ઇકવીપમેન્ટ્સ લાયબ્રેરી અને લૅબોરેટરીઝ માટે જરૂરી પ્રબંધ છે.

૫. આ કૉલેજ બીજી પંચવર્ષિય યોજના નીચે આવે છે અને તેમાં નીચે પ્રમાણે વાર્ષિક રીકરીંગ અને નોન–રીકરીંગ ખર્ચનો પ્રબંધ છે.

૧. રીકરીંગ	રૂ.	૬૪,૦૦૦
૨. નોન–રીકરીંગ	રૂ.	૫૮,૦૦૦
કુલ	રૂ.	૧,૨૨,૦૦૦

(આ ગ્રાન્ટ માટે "૫૭–૫૮" ના બજેટમાં પ્રબંધ કરવા સરકારને જણાવેલું છે.)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"રામપા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને ૬૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધઃ– આ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિના સભ્યોના અભિપ્રાય નીચે મુજબ છેઃ

૧. પ્રિન્સિ. એલ. આર. દેસાઈનો અભિપ્રાય

In the L.I.C. report it is stated that permission be given to admit **10 more** students next year. There is no maintenance of stable staff hence he hesitates to recommend admission of more than **60 students** this year.

૨. પ્રિન્સિ. સી ડી. દેશપાંડેનો અભિપ્રાય

"We in our report have recommended for increase from 50 to 60 provided the necessary additional staff is appointed. The request for additional 30 would mean increase from 50 to 80 in that class, which is a larger one. However this is the only teachers' College in that area and there is an acute need of trained teachers.

The college authorities may therefore be permitted to have this additional number **upto 80** provided the scale of additional staff and equipment is maintained to the same level of efficiency as before. There is no difficulty of accommodation as the college is housed in a very spacious building.")

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી નહિ તથા ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટેની રામજી ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રિન્સિપલની વિનંતી નામંજૂર કરવી.

૫૮. ફૅકલ્ટી ઑફ મેડિસિનના પોસ્ટ–ગ્રેજ્યુએટ સ્ટુડન્સના રજિસ્ટ્રેશન બાબત નવીન પદ્ધતિ અખત્યાર કરેલી હોવાથી તે બાબતના મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ પત્ર અને "પોસ્ટ–ગ્રેજ્યુએટ ઇન્સ્ટ્રક્શન" એ વિષય પરત્વે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પત્ર અંગે ફૅકલ્ટી ઑફ મેડિસિનના નીચેના ઠરાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અભ્યાસક્રમના રજિસ્ટ્રેશન માટે ઑ. ૨૭૪ મુજબ અભ્યાસક્રમ શરૂ કર્યા પછી ૬ માસમાં રજિસ્ટ્રેશન કરાવવું એવું પ્રોવિઝન હોવાથી તે ઑર્ડિનન્સ ૨૭૪ માં ફેરફાર કરવાની જરૂર નથી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ મેડિસિનનો ઠરાવ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૯. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના પ્રિન્સિપલ તરફથી "એપોઇન્ટમેન્ટ ઑફ સ્ટાફ–ઍલિજિબિલિટી ક્વોલીફીકેશન" એ વિષય પરત્વે આવેલ પત્ર અંગે ફૅકલ્ટી ઑફ મેડિસિનની નીચેની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે ડી. પી. ઈ. ના ડિપ્લોમાને પોસ્ટ-ગ્રેજ્યુએટ એમ. ડી. ની ક્વોલીફીકેશન્સની બરાબર ગણી શકાય નહિ તેથી ડૉ. જોગલેકરને મેડિકલ કૉલેજમાં શિક્ષક તરીકે લાયક ગણી શકાય નહિ.

વધુમાં બહુમતીથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. બી. રોયને તેમના વિશાળ અનુભવ અને સંશોધન કાર્યને ધ્યાનમાં લઇ ખાસ કેસ તરીકે મેડિકલ કૉલેજમાં શિક્ષક તરીકે લાયક ગણવા ભલામણ કરવામાં આવે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ મેડિસિનની ઉપરની બન્ને ભલામણો મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જોગલેકરની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ માન્ય કરવો તથા ડૉ. બી. બી. રોયની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ માન્ય કરવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, અનુભવ, વગેરે બાબતોની વિગતો મંગાવવી તથા એ વિગતો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૬૦. ડૉ. એસ. બી અંકલેસરીયાના આવેલ પત્ર ઉપરથી ૧૯૫૭ના જુનથી મેડિકલ ફૅકલ્ટીમાં શિક્ષણ અને પરીક્ષણનું માધ્યમ ગુજરાતી આવે છે, તેથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને કાંઇ વાંધો છે કે કેમ અને ગુજરાત યુનિવર્સિટીની મેડિકલ ડીગ્રીને, મેડિકલ કાઉન્સિલ માન્યતા આપવામાં અસર કરશે કે કેમ તે અંગે પૂછાવતાં મજકૂર કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલ પત્ર અંગે ફૅકલ્ટી ઑફ મેડિસિનની નીચેની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

(નોંધઃ– મેડિકલ કાઉન્સિલે સ્વીકારેલી એકઝીકયુટીવ કમિટીની નીચેની ભલામણ સેક્રેટરીએ મોકલી આપેલી છેઃ

"The Executive Committee have noted that it has recently been decided at the meeting that in all Technical and Scientific subjects English must continue as medium of instruction and the Committee endorse this view.")

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફૅકલ્ટી ઑફ સાયન્સ, ફૅકલ્ટી ઑફ મેડિસિન તથા ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગને વિચારણા માટે મોકલી આપવી."

ફૅકલ્ટી ઑફ મેડિસિનનો ભલામણ

"આથી આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઉપરના ઠરાવ અનુસાર અંગ્રેજીને હાલ પૂરતું માધ્યમ તરીકે ચાલુ રાખી તે માટે યોગ્ય પગલાં લેવા વિનંતી કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૨ સુધી વૈકલ્પિક માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રહી શકે તેમ છે એટલે આ બાબતમાં કશું કરવાની જરૂર જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૬૧. સોશિયોલૉજીના લેક્ચરર, એફ.વાય. આર્ટ્સમાં સિવિકસનો વિષય શીખવવા લાયક ગણી શકાય કે કેમ તે અંગે પૂછાવતાં બી. એમ. શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એફ.વાય. આર્ટ્સમાં "સિવિકસ" નો વિષય શીખવવા માટે સોશિયોલૉજીના લેક્ચરરને પરવાનગી આપવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૬૨. સેકન્ડ એલએલ.બી. ના જુના વિષયો પ્રમાણે છેલ્લી પરીક્ષા ૧૯૫૭ માં લેવાશે તે પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ગ્રુપ "એ" માં અથવા ગ્રુપ "બી" માં પાસ થઇ એકઝમ્પશન મેળવ્યું હશે તેઓએ નવા કોર્સનો સેકન્ડ એલ એલ.બી. ની પરીક્ષા જે ઑકટોબર ૧૯૫૭ માં લેવાશે તેમાં બેસવા માટે પરવાનગી કયા પ્રકારે આપવી તે બાબત ઑફિસનાં નીચેના સૂચનો અંગે કાયદાનાં અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

•

આ અંગે કાર્યાલયનાં સૂચનો નીચે મુજબ છે:

૧. કાં તો આવા વિદ્યાર્થીઓ માટે જ એક વધુ પરીક્ષા ઑકટોબર ૧૯૫૭ માં જુના કોર્સની લેવાય અને તે છેવટની જ રહે:

અથવા

૨. જેઓએ ગ્રુપ "એ" માં એકઝમ્પશન મેળવ્યું હોય તેમને ફક્ત નવા કોર્સમાં નીચેના બે પેપરોમાં નવા કોર્સના એકઝમ્પશન આપવું.

1. Hindu Law
2. Mahomedan Law બાકીના બધા પેપરોમાં બેસવું પડે.

જેઓએ "બી" ગ્રુપમાં એકઝમ્પ્શન મેળવ્યું હોય તેવા વિદ્યાર્થીઓને કોઇ પણ પેપરમાં નવા કોર્સ મુજબના એકઝમ્પ્શન મળે."

કાયદાની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટી હેન્ડ બુક ભાગ–૨ (૧૯૫૫) – ફૅકલ્ટી ઑફ લૉના સિલેબસના પાન ૧૦ ઉપર આપવામાં આવેલ રેગ્યુ. ૧૫૨ કે જે નીચે મુજબ છે તેને રદ કરવો અને તેને બદલે નવો રે. ૧૫૨ જે નીચે મુજબ છે તેને સ્વીકારવો અને તેને ઑકટોબર ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો.

R. 152 (Old) deleted – reads as under :

R. 152 : A candidate appearing for the 2nd Examination for the degree of LL.B. under the new rules shall not be entitled to the benefit of exemptinos obtained by him at any subject at the 2nd LL.B. Examination under the old rules.

નવો રે. ૧૫૨ નીચે મુજબ છે.

R. 152 : A candidate who has been declared to have passed in Group A or Group B at the 2nd LL.B. Examination (Old Course) only shall be allowed to claim exemption at his option as under at the 2nd LL.B. Examination (New Course).

Old Course :	**New Course :**
Group–A.	Exemption under 2nd LL.B. (New Course)
	Paper I – Hindu Law
	Paper II – Mahomedan Law and the Indian Succession Act.
	Paper IV – Equity, Trust and Sp. Relief.
Group–B.	Paper III – Law of Property, Easements and Registration Act including Law of Mortgages.

વધુમાં ઠરાવવામાં આવે છે કે—

Examination will be taken on the strength of the Laws as they stood before six months of the examinations i.e. as they stood on the 1st April for October examination and on 1st October for April Examination."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલો રેગ્યુલેશન ૧૫૨ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૧૫૨ ને ઑકટોબર ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો.

૬૩. સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ, વલ્લભ વિદ્યાનગરના રજિસ્ટ્રારના તા. ૨૪-૧-૫૭ ના પત્રાંક ડી. ૯-૧૪૬૦ સાથે મોકલેલ સ્ટેટમેન્ટમાં જણાવેલી પરીક્ષાઓ અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધી અરસપરસના ધોરણે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠનો નીચે જણાવેલી પરીક્ષાઓ અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધી અરસપરસના ધોરણે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

Name of the Examination :	Year upto which the examination will be held according to the existing courses of Gujarat University, and rules regarding the medium of instruction and examination.
Faculty of Arts :	
Intermediate Arts	First half of 1958*
B.A. (General & Special)	First half of 1960
M.A.	First half of 1962
Faculty of Commerce :	
Intermediate Commerce	First Half of 1958*
B.Com.	Second Half of 1960
Faculty of Science :	
Intermediate Science	First half of 1958*
B.Sc. (Subsidiary)	Second half of 1959*
B.Sc. (Principal)	First half of 1960
M.Sc.	First half of 1962

* These Examinations are recognised.

Faculty of Technology including Engineering :

F.E.	First half of 1958*
S.E.	First half of 1959*
B.E. (Civil, Mech. & Elect.)	Second half of 1960

Faculty of Agriculture :

F.Sc. (Old Course)	First half of 1957
I.Sc. (New) 1st year	First half of 1957
2nd year	First half of 1958
S.Sc. (Agri.)	First half of 1958*
B.Sc. (Old and New)	First half of 1960
M.Sc. (Agri.)	Second half of 1962

(નોંધઃ– ૧. મજકૂર વિદ્યાપીઠની ૧. ઇન્ટર આર્ટ્સ, ૨. ઇન્ટર સાયન્સ, ૩. ઇન્ટર કૉમર્સ, ૪. એમ.એસસી. (એગ્રિ.), ૫. એફ.ઈ., ૬. એસ.ઈ. અને ૭. બી.એસસી. (સબ્સિડિયરી), પરીક્ષાઓ અરસપરસના ધોરણે જ્યાં સુધી અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધી માન્ય કરવાની ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સ્થાયી સમિતિની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે અને સિન્ડિકેટે મંજૂર કરી છે.

નોંધઃ– ૨. તે ઉપરાંતની સ્ટેટમેન્ટમાં જણાવેલી પરીક્ષાઓ અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધી અરસપરસના ધોરણે માન્ય કરવાનો પ્રશ્ન છે. આ અંગે ફૅકલ્ટીઓના ડીનો કે જેઓ ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ કમિટીના સભ્યો છે તેમનો અભિપ્રાય નીચે પ્રમાણે છેઃ

	નામ	ડીન	અભિપ્રાય
૧.	ડૉ. કે. આર. રામનાથન	સાયન્સ ફૅકલ્ટી	અરસપરસના ધોરણે પરીક્ષાઓ માન્ય કરવી.
૨.	શ્રી. વી. વી. વૈદ્ય	આયુર્વેદિક મેડિસિન ફૅકલ્ટી.	,, ,, ,, ,,
૩.	શ્રી એચ. પી. શુકલ	લૉ ફૅકલ્ટી	,, ,, ,, ,,
૪.	ડૉ. એન. આર. ઢેસાઇ	મેડિકલ ફૅકલ્ટી	અરસપરસના ધોરણે અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધા માન્ય કરવી.
૫.	શ્રી. આર. સી. પરીખ	આર્ટ્સ ઇન્કલ્યુડીંગ એજ્યુકેશન ફૅકલ્ટી.	,, ,, ,, ,,

* These examinations are recognised.

નામ	ડીન	અભિપ્રાય
૬. શ્રી. એસ. વી. દેસાઇ	કૉમર્સ ફૅકલ્ટી	અરસપરસના ધોરણે અભ્યાસક્રમ બદલાય નહિ ત્યાં સુધી ૧૯૫૮ સુધી કૉમર્સની પરીક્ષાઓ માન્ય કરવી.
૭. શ્રી. એલ. આઇ ભટ્ટ	ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનીયરીંગ ફૅકલ્ટી.	જવાબ આવ્યો નહતો.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૪. સાયકોલૉજી, લૉજીક, ફિલોસોફી અને પોલિટિકલ ફિલોસોફીની અભ્યાસસમિતિના ચેરમેન શ્રી. અ. ક. ત્રિવેદી તરફથી સાયકોલૉજી-ફિલોસોફીની આવેલ યાદી મુજબ ફેરફાર કરવા બાબત ઉપરોક્ત અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલના પસાર થયેલા ઠરાવ અનુસાર સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ ને ૨૦મી જુન ૧૯૫૭ થી અમલમાં મૂકવા

(રેગ્યુલેશન ૧૬ તથા ૧૮ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે આ સાથે સામેલ છે)

૬૫ એમ.એ. માં આર્કિયોલૉજીના વિષયોના અભ્યાસક્રમ ઘડવા માટે હિસ્ટરી, આર્કિયોલૉજી, એપિગ્રાફી અને ન્યુમિસ્મેટીક્સની અભ્યાસસમિતિએ નીમેલી પેટા સમિતિના ઠરાવ અને અભ્યાસક્રમ અંગે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ અને તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના પસાર થયેલા ઠરાવ અનુસાર સુધારેલા રેગ્યુલેશન ૨૨, ૨૪ અને ૩૦ મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુલેશન ૨૨, ૨૪ અને ૩૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૨૨, ૨૪ અને ૩૦ ને ૨૦મી જુન ૧૯૫૭ થી અમલમાં મૂકવા.

(રેગ્યુલેશન ૨૨, ૨૪ અને ૩૦ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "બ" તરીકે આ સાથે સામેલ છે.)

૬૬. ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૨૩ (૨) Class II-Ordinary members (a) અનુસાર સેનેટના નીચે જણાવેલ સભ્યને ફૅકલ્ટી "એસોસિએટ" કરવા બાબત ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

નામ	હોદ્દો
શ્રી. શાંતિલાલ એચ. શાહ બી.એ.,એલ.એલ.બી	સેનેટના સભ્ય મુંબઈ સરકારના કેળવણી પ્રધાન

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી કરાવવામાં આવે છે કે શ્રી. શાંતિલાલ એચ. શાહને ફૅકલ્ટી ઑફ લૉ એસોસિએટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી કરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૭. એક્ચ્યુઅરીઅલ સાયન્સ અને સ્ટેટિસ્ટીક્સની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે-

૧. રેગ્યુ. ૨૧૨-ગ્રુપ-બી. "(6) Statistics and Scientific Method-One paper-100 marks." ના વિષયને બદલે "(6) Scientific and Statistical Method-one paper-100 marks" એ મુજબનો વિષય રાખવો અને એ મુજબ સુધારેલો રે. ૨૧૨ સ્વીકારવો.

સુધારેલો રેગ્યુલેશન ૨૧૨ જુન ૧૯૫૭ થી અમલમાં આવશે.

(સુધારેલા રેગ્યુ. ૨૧૨ ની નકલ આ સાથે સામેલ છે.)

૨. રેગ્યુ. ૨૧૨ માં ઉપર જણાવેલ સુધારાને અનુલક્ષીને રે. ૨૧૩ (6) Statistics and Scientific Methods Section I and Section II" માટે આપવામાં આવેલ અભ્યાસક્રમ રદ કરવો અને તેને બદલે "(6) Scientific and Statistical Methods-One paper-100 marks." માટેનો વિગતવાર અભ્યાસક્રમ સ્વીકારવો.

સુધારેલો રેગ્યુ. ૨૧૩ જુન ૧૯૫૭ થી અમલમાં આવશે.

(સુધારેલો રે. ૨૧૩ (vi) "Statistics and Scientific Methods" ની નકલ આ સાથે સામેલ છે.)

૩. બી. કોમ. (સ્પેશ્યલ) ગ્રુપ-સી. માં (6) "Statistics" ના સુધારેલા ૩ પેપરોનો આ સાથે આપવામાં આવ્યા મુજબનો અભ્યાસક્રમ સ્વીકારવો.

(સુધારેલા રેગ્યુ. ૨૧૩ (vi) "Statistics" optional papers 1, 2 and 3 ની નકલ આ સાથે સામેલ છે.

ઉપરના સુધારેલા રેગ્યુલેશન્સ જુન ૧૯૫૭ થી અમલમાં આવશે અને તે મુજબ સુધારેલા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા ૧૯૫૯ માં લેવામાં આવશે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુલેશન ૨૧૨ અને ૨૧૩ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી. (રેગ્યુ. ૨૧૨ અને ૨૧૩ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફેકલ્ટી ઑફ કૉમર્સ તરફ વિચારણા માટે મોકલી આપવી.

૬૮. સોશ્યોલૉજી-ઍન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ એ. રેગ્યુ. ૨૩ સોશ્યોલૉજી ગ્રુપ "ડી" અને "એફ" ના આ સાથે આપવામાં આવ્યા મુજબના સુધારેલા અભ્યાસક્રમને સ્વીકારવા અને તેને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા."

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને ભલામણ કરવામાં આવેલ પુસ્તકો મંજૂર કરવા."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા તથા સુધારેલા રેગ્યુ. ૨૩ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૨૩ને ૨૦ મી જુન ૧૯૫૭ થી અમલમાં મૂકવો. (રેગ્યુ. ૨૩ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "૬" તરીકે આ સાથે સામેલ છે.)

૬૯. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબત.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય
શ્રી. સુતરીયા દેવેન્દ્ર હીરાલાલ	પીએચ.ડી.	Political "Welfare State"

પૉલિટિકલ સાયન્સની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે શ્રી. સુતરીઆ દેવેન્દ્ર હીરાલાલના નામ સામે ઉપર જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે બે રેફરી તરીકે પસંદગીના અનુક્રમે નીચેના ચાર રેફરીના નામોની ભલામણ કરે છે તે સ્વીકારવી:

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
શ્રી. સુતરીયા દેવેન્દ્ર હીરાલાલ	1. Shri Gurumukh Nihalsinh, Governor of Rajasthan, Jaipur. 2. Shri R. Bhaskeran, University of Madras, Masras. 3. Shri Venkataranjaiya, Madras. 4. Dr. A. H. Sanajee, Reader in Politics, M. S. University of Baroda, Baroda.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મુજબનાં નામો ક્રમ અનુસાર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૦. ફૅકલ્ટી ઑફ સાયન્સની નીચે મુજબની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"Resolved to recommend to the Academic Council and the Syndicate that the following proviso be added at the end of R. 78 :

"Provided further that –

(i) a student will be placed in the second class only if he has secured at least 40% marks separately in theory and practicals in the Principal subject;

(ii) a student will be placed in the First Class only if he has secured at least 50% marks separately in theory and practicals in the Principal subject; and

(iii) a student will be placed in the First Class with distinction only if he has secured at least 55% marks separately in theory and practicals in the Principal subject."

R. 78 as amended will read as under :–

R. 78 : To pass the examination a candidate must obtain in each subject 33 per cent marks separately in the papers taken together, and in the practical examinations taken together or in Mathematics in all the papers taken together. Those of the successful candidates who obtain 40 per cent of the total marks in the Subsidiary subject and

48 per cent of the total marks in the Principal subject will be placed in the Second Class. Those of the successful candidates who obtain 45 per cent of the total marks in the Subsidiary subject and 60 per cent of the total marks in the Principal subject will be placed in the First Class. Also those of the successful candidates who obtain 48 per cent of the total marks in the Subsidiary and Principal subjects taken together will be placed in the Second Class, provided they obtain at least 45 per cent in the Principal subject, and those who obtain 60 per cent of the total marks in the Subsidiary and Principal subjects taken together will be placed in the First Class, provided they obtain 55 per cent at least in the Principal subject. All those candidates who are placed in the First Class or in the Second Class shall be declared to have passed the B.Sc. Examination with Honours in the First or Second Class, as the case may be. Of the candidates placed in the First Class, those who obtain 66 per cent marks or more in the Principal subject will be declared to have passed with Distinction in that subject. Provided further that –

(i) a student will be placed in the Second Class, only if he has secured at least 40% marks separately in theory and practicals in the Principal subject;

(ii) a student will be placed in the First Class, only if he has secured at least 50% marks separately in theory and practicals in the Principal subject; and

(iii) a student will be placed in the First Class with Distinction, only if he has secured at least 55% marks separately in theory and practicals in the Principal subject.

In the case of candidates who have migrated from the Punjab and Sindh and have been admitted to the Senior B.Sc. Class in this University, the subsidiary subject shall mean the subsidiary subject in which they had passed in the University from which they migrated.

This amended regulation be brought into force from the examination of 1957."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ સાયન્સની ભલામણ મંજૂર કરવી પરંતુ સુધારેલા રેગ્યુ ૭૮ ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે ફરીથી વિચારણા કરવા માટે ફૅકલ્ટી ઑફ સાયન્સને વિનંતી કરવી તથા સુધારેલા રેગ્યુલેશન ૭૮ ને ચાલુ વર્ષની પરીક્ષા માટે અમલમાં મૂકવો નહિ.

૭૨. શ્રી. છગનભાઇ પી. પટેલની ફૅકલ્ટી એસાઇન કરવા બાબતની પુનર્વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. છગનભાઇ પી. પટેલને ફૅકલ્ટી ઑફ આર્ટ્સને બદલે ફૅકલ્ટી આફ સાયન્સ એસાઇન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધઃ- શ્રી. પટેલને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૧૨-૫૬ ની સભામાં આર્ટ્સ ફૅકલ્ટી એસાઈન કરવા માટે ભલામણ કરવામાં આવેલી, પરંતુ તેઓના બી.એ. ના વિષયો ફિઝિકસ અને કેમિસ્ટ્રી હોઇ આ બાબત પુનર્વિચારણા માટે મૂકવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૨ શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના પ્રિન્સિપલ વાય. પી. શુકલના પત્રમાંના નીચેના સૂચન અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણઃ

"અત્યારે ભૂગોળના વિષયમાં પૂરતી લાયકાતવાળા લેકચરરો સુલભ નહિ હોવાથી સિન્ડિકેટના નિર્ણય અનુસાર ઇતિહાસ વિષયના લેકચરરોને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલાં મહાવિદ્યાલયોમાં ભૂગોળનો વિષય શીખવવાની છૂટ આપવામાં આવી છે.

આ સંબંધમાં મારી નમ્ર વિનંતી એ છે કે કેવળ ઇતિહાસ વિષયના લેકચરરને જ નહિ પરંતુ અર્થશાસ્ત્ર અને રાજયશાસ્ત્રના વિષયોના લેકચરરોને પણ આ વિષય શીખવવાની છૂટ મળવી જોઇએ.

ઇતિહાસને ભૂગોળ સાથે જેટલો સંબંધ છે તેટલો જ અને કદાચ તેથી પણ વધારે સંબંધ અર્થશાસ્ત્ર તેમજ રાજયશાસ્ત્ર અને ભૂગોળનો છે એટલે જયાં સુધી આ પ્રકારની કામચલાઉ છૂટ ચાલુ રહે ત્યાં સુધી ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્ર એ ત્રણે વિષયના વ્યાખ્યાતાઓ ભૂગોળનો વિષય શીખવી શકે એ પ્રકારનો સિન્ડિકેટને ભલામણરૂપ નિર્ણય ઍકેડેમિક કાઉન્સિલ કરે એવી મારી વિનંતી છે."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના પ્રિન્સિપલનું સૂચન માન્ય કરવું નહિ"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૩. સોશ્યોલૉજી-એન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિના નીચેની ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બી.એ. જનરલ અને સ્પેશ્યલ સોશ્યોલૉજીના સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને સુધારેલો રેગ્યુ ૧૬ તથા સુધારેલા રેગ્યુ. ૧૮ સ્વીકારવા, અને તે સુધારેલા રેગ્યુ. ૧૬ અને ૧૮ ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા તથા ભલામણ કરેલાં પુસ્તકોને મંજૂર કરવાં."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સોશ્યોલૉજી-એન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. ૧૬ અને ૧૮ ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ ને ૨૦ મી જુન ૧૯૫૭ થી અમલનાં મૂકવા.

(રેગ્યુલેશન ૧૬ અને ૧૮ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "મ" તરીકે આ સાથે સામેલ છે.)

૭૪. પ્રિન્સિ. ડૉ. એસ. વી. શાહના નીચેના સૂચન અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"At present due to the introduction of Gujarati as the medium of instruction and due to very few people going in for M.A. with English, it has become extremely difficult to secure suitable hands for subjects like History, English, Economics and Mathematics.

It is, therefore, suggested that the qualification required for a Lecturer in these subjects should be relaxed and a Master's degree in the pass class may be considered sufficient."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડૉ. એસ. વી. શાહનું સૂચન મંજૂર કરવું નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૭૫. ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ન્યુ દિલ્હીના આશ્રયે, "Recruitment and Training for Public Services." વિષય અંગે તા. ૩-૩-૫૭ ના રોજ ભરનાર સેમિનારમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના સિનિયર ટીચર કે જેને આ બાબતનો અભ્યાસ હોય તેમને મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યુટના ડાયરેક્ટરના આવેલ પત્ર ઉપરથી આપણી યુનિવર્સિટીમાં ચાલતા યુનિયન પબ્લિક સર્વિસીઝ માટેના વર્ગોના એક કન્વીનર પ્રિન્સિ. એસ. આર. ભટ્ટને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા ઉપકુલપતિ મારફે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૬. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. ભાનુપ્રસાદ સી. જહાનો એમ.એસસી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નીમાયેલા રેફરીએ મજકૂર ડીગ્રી માટે સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીનાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૭. યુનિવર્સિટીના મકાનોમાં ઇલેકટ્રીક તેમજ પંખા વગેરે ઉપર દેખરેખ રાખવા માટે એક માણસ પાર્ટ ટાઇમ રાખવાની સિન્ડિકેટે મંજૂરી આપી છે. ત્રણ માસ માટે માસિક રૂા. ૧૦ નું સ્પેશ્યલ એલાવન્સ આપીને વાયરમેનનું કામ હાલ હવાલ તરીકે કામ કરતા સભ્ય શ્રી. બાબુલાલ કડીયાને આ કામ સોંપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બાબુલાલ કડીયાને વાયરમેનનું કામ કરવા માટે માસિક રૂા. ૧૦-૦-૦ નું સ્પેશિયલ એલાવન્સ ત્રણ માસ માટે આપવું.

૭૮. પોતાના પુત્ર તથા માતુશ્રીની તબીયત બહુજ નરમ હોવાથી તેમની દવા તેમજ ઇન્જેકશનો અને અન્ય ખર્ચના પૈસા ભરવાના હોવાથી પટાવાળા શ્રી. ગોપાલસિંહ એન. બાબળાને તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૧૨૫ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૯. પોતાના પિતાશ્રીની તથા પત્નીની માંદગી અંગે થયેલા ખર્ચ અંગે તેમજ બહેનની સુવાવડ, માંદગી તથા ઓપરેશન અંગે થવાના આકસ્મિક ખર્ચ માટે પોતાના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૮૦૦ ની લોન આપવા બાબતની ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી. વી. એમ. દેસાઈની અરજી ઉપરથી તે લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૦. ચાલુ સાલે પોતાની દીકરીનાં લગ્ન હોવાથી પોતાના પ્રોવિડન્ટ ફંડફાળામાંથી રૂા. ૧૦૦૦ ની લોન માટેની તથા આ લોન ભરપાઇ કરવા માટે સ્ટે. ૧૮૮ મુજબ સિન્ડિકેટને દરેક વ્યક્તિગત કેસ વિચારી હપ્તા નક્કી કરવાની સત્તા છે તે મુજબ તેમના કેસ પણ વ્યક્તિગત રીતે વિચારી આ લોન ૨૦ માસિક હપ્તાઓમાં ભરપાઇ કરવાનું મંજૂર કરવાની સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની અરજી.

(નોંધઃ- ૧. વહિવટી સરળતા ખાતર સામાન્ય રીતે આવી લોન ૧૦ માસિક હપ્તાઓમાં વસૂલ કરવામાં આવે છે, પણ રૂા. ૧૦૦૦ ની લોન ઉપર માસિક રૂા. ૧૦૦ નો હપ્તો ભરવો મુશ્કેલ પડે તેમ હોવાથી નીચેના સ્ટે. ૧૮૮ મુજબ પોતાનો કેસ વ્યક્તિગત રીતે

વિચારી લોન માસિક રૂા. ૫૦ ના ૨૦ હપ્તાઓમાં વસૂલ કરવાની શ્રી. વૈશ્યની વિનંતી છે.

"S. 188: Advances from the amount standing to the credit of a subscriber or account of his own subscription may at the discretion of the Syndicate, be granted to him in the case of the illness of the subscriber or of members of his family or for any other reason deemed sufficient by the Syndicate. Such Loans shall be repaid at a rate of interest and in a number of instalments to be fixed by the Syndicate in each case,"

૨. પોતાની અરજીના સમર્થનમાં શ્રી. વૈશ્ય વિશેષમાં જણાવે છે કે મુંબઇ સરકાર કે જેમના ઘણાખરા નિયમો આપણે અપનાવ્યા છે તેઓ પણ આવી લોન સેકશનીંગ ઓથોરીટી નક્કી કરે ને મુજબ જથ્થામાં વધુ ૨૪ અને ઓછામાં ઓછા ૧૨ હપ્તાઓમાં વસૂલ કરે છે, તે પણ ધ્યાનમાં લેવા તેમની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે શ્રી. બી. એમ. વૈશ્યની વિનંતી માન્ય કરવી તથા મજકૂર લોન ૨૦ માસિક હપ્તાઓમાં વસૂલ કરવી.

૮૧. ફેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને સાયકોલૉજીમાં બી.એ. (સ્પેશ્યલ) ડીગ્રીના અભ્યાસક્રમો માટે જુન ૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી.

(નોંધ:– ૧. પ્રિન્સિપલ તેમની અગાઉની ગુજરાતીમાં બી.એ. (સ્પેશ્યલ) ડીગ્રી સુધીના અભ્યાસક્રમો માટે જુન ૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબત કરેલી અરજીના અનુસંધાનમાં આ અરજી મોકલાવે છે.

૨. આવી મોડી આવેલી જયેન્દ્રપુરા આર્ટ્સ કૉલેજ, ભરૂચ અને વર્ધમાનસિંહજી કૉલેજ, રાજકોટની અરજીઓનો સિન્ડિકેટે સ્વીકાર કર્યો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજીનો સ્વીકાર કરવો નહિ.

(નોંધ:– બાબત નં. ૮૨ તથા ૧૦૨ ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી)

૮૨ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ માટે ઇલેકટ્રીક તથા સેનીટરીના ટેન્ડરો તથા ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના મકાન માટે આવેલા મકાનના તથા ઇલેકટ્રીકના ટેન્ડરો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૯–૨–૫૭ ની સભામાં નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણ મંજૂર કરવી.

(રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ય" તરીકે સામેલ છે.)

૧૦૨. નીચેનો ઠરાવ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા બાબત શ્રી. દેવેન્દ્ર જે. જોષીના આવેલ પત્ર.

"ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પર સિન્ડિકેટની વિચારણા માટે યુનિવર્સિટીના આર્કિટેકટ શ્રી. આત્મારામ એમ. ગજજરનો ઑફિસે અભિપ્રાય મંગાવતાં તેમણે મેસર્સ. આર. જી. દેસાઈ શાહ ઍન્ડ કંપનીના ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ હોવા છતાં મેસર્સ. શાહ ઍન્ડ પટવાની સાથે એમણે પેશ કરેલા ટેન્ડરમાંથી રૂા. ૫૦૦૦ ઓછા કરવા એ તૈયાર છે કે કેમ, એ મતલબનો પત્રવ્યવહાર કર્યો છે એ બનાવની સિન્ડિકેટની આ સભા સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીના કામકાજ અંગેનાં ટેન્ડરોની બાબતમાં ભવિષ્યમાં કદી આવું ન બને એ માટે આ બાબતમાં કડક પગલાં લેવાનો નિર્ધાર કરી શ્રી. વાઈસ-ચન્સેલરને એનો અમલ કરવાની સત્તા આપે છે."

બાઈન્ડીંગ ,, દરેક ૧૦૦ નકલે	...	રૂા. ૧૨૫
કાગળના ભાવ દરેક રીમના	...	રૂા. ૨૨
ઑફ પ્રીન્ટ્સ માટેના સ્ટીચીંગના ભાવ દરેક ૨૦ પાનાની એક નકલના	...	રૂા. ૦-૦-૩

હેન્ડબુક ભાગ ૨ ની ૫૦૦ નકલો તૈયાર કરાવવી અને દરેક ફેકલ્ટીવાઇઝ ઑફ પ્રીન્ટ્સ લઈ પેમ્ફલેટ્સ તૈયાર કરાવવા. તેઓની શરત નં. ૫ પ્રમાણે પાર્ટ પેમેન્ટ આપવું નહિ.

પરિશિષ્ટ "૨"

કામકાજ નં. ૯૫

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશીપ અને ફેલોશિપ, વગેરે બાબતો પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની પ્રથમ બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૨૩-૨-૧૯૫૭ ના રોજ બપોરના ૧-૦૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,
૨.	શ્રી. ઉમાશંકર જે. જોષી	હાજર,
૩.	ડૉ. વાય. જી. નાયક	હાજર.

૧. સર. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના શ્રી એ. ડી. શેઠને ચાલુ વર્ષની દક્ષિણા ફેલોશિપ આપેલી, પણ તેઓ નોકરીમાં જોડાવાથી તેમણે રાજીનામું આપેલ હોવાથી તેમની ખાલી પડેલી જગ્યા કૉમર્સ ફૅકલ્ટીના તેમના પછીના બીજા યોગ્ય વિદ્યાર્થીને આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના શ્રી. એ. ડી. શેઠની ચાલુ વર્ષની ખાલી પડેલી દક્ષિણા ફેલોશિપ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. ડી. એચ. વેલવાનને તા. ૧-૧-૧૯૫૭ થી આપવા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી, તેમજ ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂનાને પૂછાવવું કે શ્રી. શેઠ જેવા વિદ્યાર્થી અધવચથી ફેલોશિપનું રાજીનામું આપે તો તેમને આપેલી ફેલોશિપની રકમ પાછી મેળવવા અંગે કાંઇ પ્રબંધ છે કે કેમ ?

૨. એલ ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના શ્રી. એમ. એન. દેસાઇને પીએચ.ડી. માટેની વાર્ષિક રૂા. ૧૦૦ની સંશોધન શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ માટે આ વર્ષે ચાલુ રાખેલ છે. તેઓ તા. ૧૫મી સપ્ટેમ્બરથી કૉલેજમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે નીમાવાથી તેમની તા. ૬-૬-૧૯૫૬ થી તા. ૧૪-૯-૫૬ સુધીની શિષ્યવૃત્તિની રકમ આપવા બાબત તેમના શિક્ષક અને પ્રિન્સિપલ મારફત આવેલી માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના શ્રી. એમ. એન. દેસાઇને પીએચ.ડી. માટેની સ્કૉલરશિપ તા. ૧૫-૯-૫૬ થી આપવી બંધ કરવી. વધુમાં જો તેઓ તા. ૩૧-૩-૫૭ પહેલાં તેમના પીએચ.ડી માટેના મહાનિબંધની રૂપરેખા (સિનોપ્સીસ) અત્રે રજૂ ન કરે તો તેમને તા. ૧૫-૯-૫૬ સુધીની ચાલુ વર્ષની સ્કૉલરશિપની રકમ આપવી નહિ અને આપી હોય તો તે રકમ પાછી મેળવવા.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્રાંક એફ. ૨૨-૯૭-૫૫-એચ. તા. ૫-૧-૫૭ અનુસ્નાતક અને સંશોધન અંગેની શિષ્યવૃત્તિ આપવા બાબત અંગે વિચારણા કરવા બાબત.

આ બાબતની નોંધ લેવી અને તા. ૩૧ મી જુલાઇની આસપાસ આ સમિતિની મિટીંગ બોલાવવી તેમજ કૉલેજોના પ્રિન્સિપલોને આ બાબતની યાદ જુનની શરૂઆતમાં આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જે. એમ. મહેતા
ફોર રજિસ્ટ્રાર

નં. જન. ૧૦૪૮૫-૮૭-૧૯૫૭,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૬-૨-૧૯૫૭.

પરિશિષ્ટ "સ"

કામકાજ નં. ૧૦૨

૧. ત્રણ વરસના ડિગ્રી કોર્સીઝ દાખલ કરવા અંગે અને તે અન્વયમાં હાલના પ્રિવિયસ વર્ષને પ્રિ-યુનિવર્સિટી વર્ષ તરીકે ગણવા બાબત ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલ દરખાસ્ત અંગે, તેમજ ૨. રાધાકૃષ્ણન રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણેના જનરલ એજ્યુકેશન કોર્સીઝ દાખલ કરવા અંગે યોજના મોકલવા તેમજ તે અંગે થતા રિકરીંગ અને નોન-રિકરીંગ ખર્ચના અંદાજ ઘડવા માટે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની બીજી સામાન્ય સભા તા. ૮-૨-૫૭ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦ વાગે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૨.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૩.	પ્રોફેસર એલ. આઈ ભટ્ટ	ગેરહાજર,
૪.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર,
૫.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઇ	હાજર,
૭.	શ્રી વલ્લભરામ વી. વૈદ્ય	હાજર,
૮.	પ્રોફેસર ઉમાશંકર જોષી	હાજર,
૯.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ	હાજર,
૧૦.	ડૉ. વાય. જી. નાયક	હાજર,
૧૧.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૨.	પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિપલ ચંદ્રશેખર આઈયા	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિપલ ડોલરરાય ર. માંકડ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ ડૉ. જી. વી. ખર્વે	હાજર,
૧૭.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર,
૧૮.	પ્રિન્સિપલ જે. બી. સાણ્ડેલ	ગેરહાજર,
૧૯.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	હાજર.

ડૉ. કે. જી. નાયકે સભાનું પ્રમુખસ્થાન લીધું હતું.

૧. પ્રમુખશ્રીએ તા. ૮–૧ ૫૭ ના રોજ મળેલ સભાના કામકાજને નીચેનો ફેરફાર ઠરાવ નં. ૪ માં કરી બહાલી આપી હતી.

"ઠરાવ નં. ૪. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિભાગોમાં હાલનો અભ્યાસક્રમ ચાલુ રાખવો અને તે ઉપરાંત ૧૯૫૭ માં શૈક્ષણિક વર્ષમાં વધારાનો ઐચ્છિક વિષય તરીકે જનરલ એજ્યુકેશનનો વધારેમાં વધારે ૪૦ વ્યાખ્યાનોનો કોર્સ આપવો અને જે કૉલેજો આ કોર્સ અમલમાં મૂકવા તૈયાર હોય તેમને તે અંગેની મદદ વ્યાખ્યાનદીઠ રૂા. ૧૫ મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી મળ્યેથી આપવી."

The Committee recommends to the Academic Council that—

૨. Dr. Y. G. Naik be authorised to frame courses in General Education for the Faculties of Arts and Commerce for the Year 1956–57 in the light of Principal Sandil's suggestions.

૩. પ્રથમ વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં ૧૯૫૭ના જૂનથી એક વર્ષ માટે શીખવવા માટે જનરલ એજ્યુકેશનનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવોઃ–

Forty Lectures per year should be distributed as under;–

(1) First Year Science

20 Lectures for Social Sciences, and

20 Lectures for Humanities.

(2) First Year Commerce

20 Lectures for Natural Science, and

20 Lectures for Humanities.

(3) First Year Arts

20 Lectures for Natural Science, and

20 Lectures for Social Sciences.

વિગતવાર અભ્યાસક્રમ નીચે મુજબ છે:

For Social Sciences all the topics given in "The Story of Civilization "by C. E. M. Joad (96 pages) and (i) the divisive and Cohesive forces in Indian Society and (ii) the problem of Unity in the Cultural diversities of Indian should be covered in 20 lectures.

For Humanities 7 lectures on each of the following be given:–

(1) Katha Upnishad

(2) Apology by Plato

(3) Post Office by Ravindranath Tagore

Natural Science:- As may be prepared by Dr. Y. G. Naik.

૪. જનરલ એજ્યુકેશન માટે આ યુનિવર્સિટીમાંની દરેક ફૅકલ્ટીમાં નીચે મુજબ વ્યવસ્થા રાખવી એમ આ સમિતિ અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે:

6 periods ... First Year of the three year Degree course.

6 periods ... Second Year of the three year Degree course.

૫. ત્રણ વર્ષના ડિગ્રી કોર્સ ઘડવામાં આવે ત્યારે ઉપરનાં ઠરાવ નં. ૩ મુજબના પિરિયડોનો સમાસ કરીને દરેક ફૅકલ્ટીના અભ્યાસક્રમનું જરૂર પડે ત્યાં પુનઃવર્ગીકરણ કરવું.

૬. In the preprofessional courses in Medical, Engineering and Ayurvedic Medicine there should be six periods of General Education. For other 6 periods the matter be referred to the Faculties concerned.

ઍન્જિનીયરીંગ, મેડિકલ અને આયુર્વેદના પ્રિ-પ્રોફેશનલ કોર્સની વિચારણા મોકૂફ રાખી હતી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૭૬૧૭—૩૫ —૧૯૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ—૯. તા. ૧૩—૨—૫૭.

વાલિભક્ત દેસાઈ
ફૅાર રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી

રાધાકૃષ્ણન રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણેના જનરલ એજ્યુકેશન કોર્સીઝ દાખલ કરવા અંગે યોજના મોકલવા તેમજ તે અંગે થતા રિકરીંગ અને નોન-રિકરીંગ ખર્ચના અંદાજ ઘડવા તથા યુનિવર્સિટી કેળવણીમાં ડીગ્રી લેવલે સુધારા અંગેની દરખાસ્તોમાં અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમના આલુ પ્રથમ વર્ષને પ્રિયુનિવર્સિટી કોર્સ તરીકે ગણવા અંગેની ડાયરેકટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૨૧/૨૨-૧૨-૧૯૫૬ના રોજ મળેલી બેઠકમાં નીમેલ સમિતિની બેઠક મંગળવાર તા. ૮-૧-૧૯૫૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ જેમાં નીચે મુજબની હાજરી હતી:

૧.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૨.	ડૉ. કે આર રામનાથન	હાજર,
૩.	પ્રોફેસર એલ. આઈ. ભટ્ટ	ગેરહાજર,
૪.	શ્રી. હિંમતલાલ પી. શુકલ્લ	હાજર,
૫.	પ્રિન્સિ. એસ વી. દેસાઈ	ગેરહાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર,
૭.	શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	હાજર,
૮.	પ્રોફેસર ઉમાશંકર જોષી	હાજર,
૯.	પ્રિન્સિ. એલ આર. દેસાઈ	હાજર,
૧૦.	ડૉ. વાય. જી. નાયક	હાજર,
૧૧.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિ. ચન્દ્રશેખર આઇયા	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ્લ	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિ. ડોલ્લરરામ રં. માંકડ	હાજર,
૧૬.	પ્રિન્સિ. ડૉ. જી. વી. ખર્વે	હાજર,
૧૭.	પ્રોફેસર બી. આર. શેનોય	ગેરહાજર,
૧૮.	પ્રિન્સિ. જે. બી. સાન્ડિલ્લ	હાજર,
૧૯.	પ્રિન્સિ. એમ. એમ. ઠાકોર	હાજર,

પ્રિન્સિપલ એલ. આર. દેસાઇએ દરખાસ્ત મુકી અને તેને ડૉ. વાય. જી. નાયકે ટેકો આપ્યો કે સભાનું પ્રમુખસ્થાન ડૉ. કે. આર. રામનાથને લેવું. ત્યારબાદ ડૉ. કે. આર. રામનાથને પ્રમુખસ્થાન લીધું.

સમિતિએ નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરેલ છેઃ

૧. વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્ય વિભાગો માટે ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ જૂન ૧૯૫૮ થી અમલમાં આવે તે મુજબ તૈયારી કરવા.

૨. પ્રીપ્રોફેશનલ કોર્સીઝ પ્રોફેશનલ કૉલેજોએ પોતે અગર પ્રોક્ષીથી ૧૯૫૮થી અમલમાં આવે તે મુજબ તૈયાર કરવા. આ બાબત માટે કેટલીક કૉલેજોને સત્તા આપવી.

૩. ત્રણ વર્ષના ડીગ્રી કોર્સ માટેનો પ્રવેશ પરીક્ષા (ફર્સ્ટ ઇયરની અથવા તો પ્રિ-યુનિવર્સિટી કોર્સની પરીક્ષા) યુનિવર્સિટીએ પોતે લેવી.

૪. વિનયન વિજ્ઞાન અને વાણિજ્ય વિભાગોમાં ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત જુન ૧૯૫૭ થી વધારાના ઐચ્છિક વિષય તરીકે જનરલ એજ્યુકેશનનો વધારેમાં વધારે ૪૦ વ્યાખ્યાનોનો કોર્સ આપવો અને જે કૉલેજો આ કોર્સ અમલમાં મૂકવા તૈયાર હોય તેમને તે અંગેની મદદ (વ્યાખ્યાન દીઠ રૂા. ૧૫ મુજબ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી મળેથી આપવી.

૫. ત્રણ વર્ષ માટેના ડીગ્રી કોર્સ અંગે નીચેની ઉપ-સમિતિઓ નીમવીઃ

વિનયન વિભાગઃ

૧. શ્રી. આર. સી. પરીખ
૨. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૩. શ્રી. ઉમાશંકર જોષી
૪. પ્રિન્સિ. એલ. આર. દેસાઇ
૫. પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી
૬. પ્રિન્સિ. ડોલરરાય ર. માંકડ
૭. પ્રિન્સિ. એમ. એમ. કાકેાર
૮.

વિજ્ઞાન વિભાગઃ

૧. ડૉ. કે. આર. રામનાથન
૨. ડૉ. એન. આર. દેસાઈ
૩. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય
૪. ડૉ. વાય. જી. નાયક
૫. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક

૬. પ્રિન્સિ. ચંદ્રશેખર આઇયા
૭. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ
૮. પ્રિન્સિ ડૉ. જી. વી. બર્વે
૯. પ્રિન્સિ. જે. બી. સાન્ડિલ

વાણિજ્ય વિભાગ:

૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઇ
૨. પ્રોફેસર બી. આર. શેનોય

૬. પ્રી–પ્રોફેશનલ કોર્સીઝ (મેડિકલ, એન્જિનીયરીંગ તથા આયુર્વેદ માટે)

૧. ડૉ. નાનુભાઇ દેસાઇ
૨. ડૉ. જી. વી. બર્વે
૩. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય
૪. પ્રિન્સિ. ચન્દ્રશેખર આઇયા

ઉપર મુજબના સભ્યોએ પોતપોતાના ક્ષેત્ર માટે પ્રી–પ્રોફેશનલ કોર્સની રૂપરેખા તૈયાર કરવી.

૭. પ્રથમ વર્ષ માટેના (ઉપર નં. ૪મા ના) જનરલ એજ્યુકેશન અભ્યાસક્રમ માટેની નીચેની ઉપ-સમિતિએ રૂપરેખા તૈયાર કરવી.

૧. પ્રોફેસર ઉમાશંકર જોષી
૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઇ
૩. ડૉ. વાય. જી. નાયક
૪. પ્રિન્સિ. જે. બી. સાન્ડિલ
૫. પ્રિન્સિ. ડોલરરાય ર. માંકડ

ઉપર મુજબની ઉપ–સમિતિઓની સલાહ આવેથી આ સમિતિની બીજી બેઠક બોલાવવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૮૮૨–૧૯૦૦ –૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૧૧–૧–૫૭

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર

સિન્ડિકેટ (ખાસ સભા)
૨૨—૩—૧૯૫૭

ગુજરાત યુનિવર્સિટી

સિન્ડિકેટની એક અસાધારણ ખાસ સભા શુક્રવાર તા. ૨૨ મી માર્ચ ૧૯૫૭ ના રોજ સાંજે ૬—૦૦ કલાકે નીચેની બાબત પર વિચારણા કરવા મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયા વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. વી. એચ. ભાનેાટ, ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુ.	હાજર,
૩.	શ્રી. એચ. પી. શુકલ	હાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર,
૫.	શ્રી. બી. એચ. દેસાઇ	હાજર,
૬.	શ્રી. ડી. જે. જોષી	હાજર,
૭.	શ્રી. જે. આર દેસાઇ	હાજર,
૮.	ડૉ. બી. આર. પટેલ	હાજર,

૯.	શ્રી. એન. એસ. શોધન	હાજર,
૧૦.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર,
૧૧.	શ્રી. બી. પી શાહ	હાજર,
૧૨.	ડૉ. વાય. જી. નાયક	હાજર,
૧૩.	ડૉ. એમ ડી. પટેલ	હાજર,
૧૪.	પ્રોફેસર યુ. જે. જોષી	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એલ. આર દેસાઇ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૭.	પ્રિન્સિ. ડૉ. કે. જી નાયક	હાજર,
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	હાજર.

૧. તા. ૨-૩-૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની ૪૨ મી સભાના કામકાજની યાદીમાંની બાબત નં. ૨૨ અને ૨૩ ઉપરના સિન્ડિકેટના ઠરાવો ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

બાબત નં. ૨૨ અને ૨૩ અને તે ઉપરના સિન્ડિકેટના ઠરાવો નીચે પ્રમાણે છે.

૨૨. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. રતિલાલ ચંદુલાલ શાહની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલા અરજી

(નોંધ – વિદ્યાર્થીની પહેલા સત્રની હાજરી ૬૬ દિવસની અને બીજા સત્રની ધરપકડ થઇ ત્યાંસુધીની ૩૭ દિવસની હાજરી મળી કુલ હાજરી ૧૦૩ દિવસની થાય છે. પહેલા અને બીજા સત્રમાં અનુક્રમે પાંસઠ પાંસઠ દિવસની હાજરી વિદ્યાર્થીએ ભરવી જોઇએ એટલે બન્ને સત્રની મળી કુલ ૧૩૦ હાજરી ભરવી જોઈએ. પ્રિન્સિપલ જણાવે છે કે સદરહુ વિદ્યાર્થીને અટકાયતી ધારા હેઠળ યરવડા સેન્ટ્રલ પ્રીઝન, પૂનામાં રાખવામાં આવ્યો છે. એની સામેના આક્ષેપો માટે એની સામે કાયદાની અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું નથી. એના કાબુ બહારના સંજોગો હેઠળ એને અટકાયતમાં રહેવું પડયું છે એ હકીકત ધ્યાનમાં લઈ એની ખૂટતી હાજરી માફ કરી પરીક્ષામાં બેસવાની અનુકૂળતા કરી આપવા પ્રિન્સિપલ વિનંતી કરે છે.)

સિન્ડિકેટનો ઠરાવ

'આથી વધુમતે કરાવવામાં આવે છે કે શ્રી. રતિલાલ ચંદુલાલ શાહની ખૂટતી હાજરી માફ કરવી નહિ."

૨૩ એલ.ડી. આર્ટ્સ કૉલેજ અને એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના જુનિયર બી.એસસી. ના વિદ્યાર્થી શ્રી. નિખીલ એસ. સૈયદની અને સિનિયર બી.એ. ના

વિદ્યાર્થી શ્રી. કે. એ. શાહની ખૂટતી હાજરી માફ કરવા અંગે શ્રી. નિખીલના ભાઇ શ્રી. જયકાન્ત એસ. સૈયદ અને શ્રી. કે. એ. શાહ તરફથી આવેલી અરજીઓ.

(નોંધ:– ૧. ઉપરના બન્ને વિદ્યાર્થીઓની હાજરી નીચે પ્રમાણે છે એમ પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે.

નામ		કુલ ભરવા જોઇતાં લેક્ચર્સ		ભરેલાં લેક્ચર્સ	
૧. શ્રી. એન. એસ. સૈયદ	પહેલું સત્ર	૬૫		૬૫	
જુ. બી.એસસી.	બીજું સત્ર	૬૫		૩૯	કુલ ૧૦૪
૨. શ્રી. કે. એ. શાહ	પહેલું સત્ર	૬૫		૬૮	
સિનિયર બી.એ.	બીજું સત્ર	૬૫		૩૭	કુલ ૧૦૫

દરેકની આમ બંને ટર્મની કુલ હાજરી ૧૦૦ દિવસ ઉપર થાય છે તો તેમની ખૂટતી હાજરી જે ધરપકડને અંગે છે તે માફ કરવા બાબત છે.

નોંધ:– ૨. શ્રી. જયકાન્ત તેમની અરજીમાં જણાવે છે કે પોતાના ભાઇ નિખીલને સરકારે અટકાયતી ધારા હેઠળ પૂનાની યરવડા સેન્ટ્રલ પ્રીઝનમાં પૂર્યો છે. અને જણાવે છે કે મહાગુજરાતની ચળવળમાં **ultirior political motive** થી સરકારે, તેનો ભાઇ નિર્દોષ હોવા છતાં જેલમાં પૂર્યો છે. તેની સામે મૂકવામાં આવેલા આક્ષેપો બિન–પાયાદાર અને ખોટા છે.

શ્રી. કે. એ શાહ જણાવે છે કે તેમની ખૂટતી હાજરી તેમની અટકાયતી ધારા હેઠળ થયેલી ધરપકડને લીધે છે. કુલ હાજરી ૧૦૦ દિવસ ઉપર હોવાથી તે માફ કરી પરીક્ષામાં બેસવાની તક આપવા વિનંતી કરે છે.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એસ. સૈયદ તથા શ્રી. કે. એ. શાહની ખૂટતી હાજરી માફ કરવી નહિ."

આના અનુસંધાનમાં શ્રી. બિપિન શાહ તથા શ્રી. વાય. એચ. ગોડિલની ખૂટતી હાજરી માફ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતો એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પ્રિન્સિપલનો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને ઠરાવવામાં આવ્યું કે શ્રી. બિપિન શાહ તથા શ્રી. વાય. એચ. ગોડિલની ખૂટતી હાજરી માફ કરવી નહિ."

વિસ્તૃત ચર્ચાને અન્તે વધુમતે ઠરાવવામાં આવ્યું કે મજકૂર બાબતની પુનર્વિચારણા કરવી નહિ.

નં. સિં. ૧૬૨૯૩–૩૧૦–૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯, તા. ૨૩–૩–૫૭.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની તેતાળીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૬-૪-૧૯૫૭ તથા રવિવાર તા. ૭-૪-૧૯૫૭ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયાના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતીઃ

		તા. ૬-૪-૧૯૫૭	તા. ૭-૪-૧૯૫૭
૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, ઉપકુલપતિ	હાજર,	હાજર,
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યુટી ડાયરેકટર ઑફ એજ્યુકેશન	હાજર,	ગેરહાજર,
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર,	ગેરહાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર,	હાજર,
૫.	શ્રી. બટુભાઇ હ. દેસાઇ	હાજર,	હાજર,
૬.	શ્રી. દેવેન્દ્ર જે. જોશી	હાજર,	હાજર,

૭.	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇ	હાજર,	ગેરહાજર,
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,	ગેરહાજર,
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,	હાજર,
૧૦.	ડૉ. નાનુભાઇ આર. દેસાઇ	હાજર,	હાજર,
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર,	હાજર,
૧૨.	ડૉ. વાય. જી. નાયક	હાજર,	હાજર,
૧૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,	હાજર,
૧૪.	શ્રી. ઉમાશંકર જોશી	હાજર,	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ	હાજર,	હાજર,
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	હાજર,	હાજર,
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,	ગેરહાજર,
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. કાકોર	હાજર.	હાજર.

૧. તા. ૨-૩-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની એતાલીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨-૩-૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની એતાલીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

નોંધઃ- ૧. મજકૂર નોંધની બાબત નં. ૪ની નોંધ પરત્વે વાંધો ઉઠાવતો પ્રિન્સિપલ એમ. એમ. કાકોરનો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ વાંધો મંજૂર રાખવામાં આવ્યો નહોતો.

નોંધઃ- ૨. મજકૂર નોંધની બાબત નં. ૪૫માં "ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ" એમ છપાયું હતું તે ભૂલ હોવાથી તેને બદલે "ફૅકલ્ટીનો ઠરાવ" એમ વાંચવું.

૨. તા. ૨૨-૩-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની અસાધારણ ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૨-૩-૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની અસાધારણ ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૩. પરીક્ષાનાં પ્રશ્નપત્રો અંગ્રેજીમાં કાઢવા ઉપરાંત તેની સાથે તેનો ગુજરાતી તરજુમો કરવા બદલ તથા પરીક્ષાના પેપરો કાઢવા માટે જેટલા દિવસ રોકાવાનું થાય તેટલા દિવસનું હોલ્ટીંગ એલાવન્સ આપવા બાબત પ્રાધ્યાપક અને પરીક્ષક શ્રી. સી. સી. શાહ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. યુનિવર્સિટીઓમાં હોમી વર્કશોપ્સ સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર અંગે જુદી જુદી કૉલેજો તરફથી આવેલી યોજનાઓ તથા તે ઉપરનો પ્રિન્સિપલ જી. એસ. દેસાઇ અને પ્રિન્સિ. આઠયાની બનેલી સમિતિનો રિપોર્ટ તપાસી યોગ્ય યોજના રજૂ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના રિપોર્ટ ઉપરથી જોડાયેલી કૉલેજો પાસેથી મંગાવવામાં આવેલી યોજનાઓ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. સિન્ડિકેટના નીચેના ઠરાવમાં જણાવેલી કમિટીએ તેની તા. ૨૧-૩-૫૭ ની બેઠકમાં તે અંગે તૈયાર કરેલા રિપોર્ટમાંની ભલામણ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો ઉપર સિન્ડિકેટની વિચારણા માટે યુનિવર્સિટીના આર્કિટેકટ શ્રી. આત્મારામ એમ. ગજજરનો ઑફિસે અભિપ્રાય મંગાવતાં તેમણે મેસર્સ આર. જી. દેસાઇ શાહ ઍન્ડ કંપનીના ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ હોવા છતાં મેસર્સ શાહ અને પટવાની સાથે તેમણે પેશ કરેલા ટેન્ડરમાંથી રૂા. ૫૦૦૦ ઓછા કરવા એ તૈયાર છે કે કેમ એ મતલબનો પત્રવ્યવહાર કર્યો છે એ ગંભીર બનાવની સિન્ડિકેટની આ સભા સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીના કામકાજ અંગે ટેન્ડરોની બાબતમાં ભવિષ્યમાં કદી આવું ન બને તે માટે આ બાબતમાં નીચેના સભ્યોની એક કમિટી નીમી યોગ્ય તપાસ કરીને આર્કિટેકટને સાંભળવાની તક આપીને ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા મજકૂર કમિટીને વિનંતી કરે છે:

૧. શ્રી વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ
૪. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૫. શ્રી. દેવેન્દ્ર જે. જોષી
૬. ડૉ. મોતીભાઇ ડી. પટેલ. "

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની નોંધ મંજૂર કરવી તથા યુનિવર્સિટીનાં નવા મકાનોનાં બાંધકામ માટે શ્રી. આત્મારામ ગજજરને સ્થાને બીજા આર્કિટેકટની નિમણૂક માટે તથા જે મકાનોનું બાંધકામ હજુ શરૂ થયું નથી પણ જેના પ્લાન્સ શ્રી. ગજજરે તૈયાર કર્યા છે તે મકાનોના પ્લાન્સની ફી મુકરર કરવા માટે બિલ્ડીંગ કમિટીને જેમ બને તેમ જલ્દીથી ભલામણ કરવા માટે જણાવવું.

મજકૂર સમિતિની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.

(નોંધ:– ૧. સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ માટે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાનમાં જ એકસ્ટેન્શન કરવાનું છે તેનું બાંધકામ નવું બાંધકામ ગણવું.

નોંધ:– ૨. મજકૂર સમિતિની નોંધ પરત્વે શ્રી. દ્વેવેન્દ્ર જે. જોશીએ પોતાની અસંમતિસૂચક નોંધ મોકલી હતી તે તેમણે સ્વેચ્છાથી પાછી ખેંચી લેવાનું જાહેર કરતાં એ નોંધ દફ્તર પરથી કમી કરવાનું ઠરાવ્યું હતું.)

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સાયકોલૉજી ડિપાર્ટમેન્ટના ડેવલપમેન્ટ માટે રૂા. ૨૫૦૦૦ અને ફર્નીચર માટે રૂા. ૧૦,૦૦૦ મંજૂર કરેલા છે તે અંગે ડેવલપમેન્ટ તથા ફર્નીચરની વિગતો નક્કી કરવા બાબત સિન્ડિકેટે નીમેલી સમિતિએ તૈયાર કરેલી યોજના અને સાયકોલૉજીના પુસ્તકોની યાદી બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની નોંધ મંજૂર કરવી.

(મંજૂર થયેલી યોજનાની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭. જુન ૧૯૫૬ માં મળેલી સેનેટની વાર્ષિક સભામાં થયેલી ચર્ચા ઉપરથી ઉપસ્થિત થતા નીચેના મુદ્દા અંગેના સભ્યોના સૂચનો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે તેની ડિસેમ્બરની બેઠકમાં નીમેલી સમિતિનો રિપોર્ટ.

૧. શિક્ષણના ધોરણમાં સુધારા
૨. પરીક્ષા,
૩. પાઠયપુસ્તકો, પરિભાષા, પ્રેસ અને પ્રકાશનો,
૪. શારિરીક તપાસ,
૫. અભ્યાસેત્તર પ્રવૃતિઓ,
૬. પ્રકીર્ણ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. લીગલ કમિટીની તા. ૨૦–૩–૫૭ ના રોજ મળેલી બેઠકમાં થયેલી ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લીગલ કમિટીની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તથા લાગતી વળગતી કૉલેજોને જણાવવું કે ૧૯૫૭ ના જુનથી નવા વિદ્યાર્થીઓને પ્રવેશબંધી ફરમાવતા સિન્ડિકેટના આદેશનો અમલ મોકૂફ રાખવામાં આવે છે. તેમ છતાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની ૩૭ મી કલમ પરત્વે તેમનું ધ્યાન દોરવું.

(નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯. સિન્ડિકેટની તા. ૧૫/૧૬-૧૨-૫૬ ની સભાના કામકાજની યાદીમાંની પરીક્ષકોની નિમણૂક, પરીક્ષકો વગેરેને અપાતાં મહેનતાણાં, ભથ્થાં વગેરે તેમજ સ્ટાફના સભ્યોના પગાર સ્કેલ વધારવા અંગેની બાબતો નં. ૨૦ થી ૨૮ ઉપર વિચારણા કરી હેવાલ સુપ્રત કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૯-૩-૫૭ ના રોજ મળનાર સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

મજકૂર સમિતિની સભા મળી શકી ન હોવાથી આ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી નહોતી.

૧૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી "**Measures for promoting discipline among students**" એ વિષે આવેલા પત્ર અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિએ તૈયાર કરેલી યોજના અંગે કૉલેજોના પ્રિન્સિપલોના અભિપ્રાય માટે સિન્ડિકેટના ઠરાવ અનુસાર પરિપત્રિત કરતાં તે અંગે કેટલીક કૉલેજોના આવેલા અભિપ્રાયો.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરની તા. ૯-૩-૫૭ ના રોજ મળેલી છમ્મી બેઠકમાં પસાર થયેલા નીચેના ઠરાવ નં. ૨-અ., ૩, ૪ અને ૫ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૨-અ.

"વધુમાં જે આંકડાઓ તૈયાર કર્યા છે તેમાંથી નોર્મ્સ અને સ્ટેન્ડર્ડ ડેવીએશન વગેરે ચંડોદરા યુનિવર્સિટીના ધોરણ મુજબ આપણી યુનિવર્સિટીના સ્ટેટીસ્ટીકલ ડિપાર્ટમેન્ટ મારફત તૈયાર કરાવી આપવા આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ નં. ૩.

"તબીબી તપાસનું કામ ચાર વર્ષથી ચાલે છે પરંતુ યુનિવર્સિટીમાં દાખલ થયેલા વિદ્યાર્થીની તેની કારકીર્દી દરમિયાન બીજી વાર તપાસ થઈ શકી નથી તે થવી જોઇએ, એમ આ બૉર્ડ માને છે તેથી ૧૯૫૭-૫૮ માટે આ બૉર્ડની ભલામણ છે કે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ ઉપરાંત બધી કૉલેજોના અંતિમ વર્ષના બધા વિદ્યાર્થીઓની તપાસ પણ ફરજિયાત કરાવવી અને તે અંગે વધારાનું ખર્ચ મંજૂર કરવું."

ઠરાવ નં. ૪.

"આથી પેટા સમિતિની બંને યોજનાઓ અંગેની ભલામણો મંજૂર કરવા માટે અને યોજનાઓને સૂચવ્યા પ્રમાણે અમલી બનાવવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

"વધુમાં સુદૃઢ શરીર ધરાવનારને આપવાના ઇનામ અંગેની યોજનાનાં ધોરણો નક્કી કરવા માટે એક કમિટીની નિમણૂક કરવા માટે તથા આ માટે રૂા. ૧,૦૦૦ ની રકમ મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને તિનંતી કરે છે."

પેટા સમિતિની ભલામણો પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.

ઠરાવ નં. ૫

"આથી પરિશિષ્ટ "બ"માં આપેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરના સને ૧૯૫૭-૫૮ના વર્ષ માટેના સુધારેલા બજેટને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બૉર્ડના ઠરાવ નં. ૨–બ, ૩, ૪ અને ૫ મંજૂર કરવા.

ઠરાવ ૪ તથા ૫ માં જણાવેલી ભલામણોની તથા બજેટની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.

૧૨. લાયબ્રેરી કમિટિએ પસાર કરેલા નીચે જણાવેલ ઠરાવ નં. ૨૮૯ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૨૮૯

"સને ૧૯૫૬-૫૭ નું રિવાઇઝડ અંદાજપત્રક તથા સને ૧૯૫૭-૫૮ નું અંદાજપત્રક જે ઑફિસ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું તે મિટીંગ વખતે થયેલા સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે. આ બજેટ મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. લાયબ્રેરી સ્ટાફમાં બે કલાર્કની હંગામી જગ્યાઓ એક વર્ષ માટે ઉભી કરવાની તથા એક પટાવાળાની કાયમી જગ્યા ઉભી કરવાની જરૂર હોવાથી એ જગ્યાઓ ઉભી કરવા માટે પણ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. આનો સમાવેશ આ સાથેના સને ૧૯૫૭-૫૮ના અંદાજપત્રકમાં કરવામાં આવેલો છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીનો ઉપરનો ઠરાવ નં. ૨૮૯ મંજૂર કરવો.

૧૩ રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદમાં બી.એ. ના વિદ્યાર્થી હોવા છતાં પોતાને મજકૂર વિદ્યાલયના વિદ્યાર્થી ન ગણીને પરીક્ષા ફૉર્મ પ્રિન્સિપલે ન ભરવા દીધું તે અંગે શ્રી. એચ. જી. શુકલની અરજી અને તે ઉપરની ઑફિસે મંગાવેલ મજકૂર કૉલેજના મંતવ્ય અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર શ્રી. એચ. જી. શુકલનાં સત્રોની બાબતમાં ઘટતી તપાસ કરીને શ્રી. રજિસ્ટ્રારે સુપ્રત કરેલો હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારનો હેવાલ મંજૂર કરવો.

(હેવાલની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૪. સેનેટે પસાર કરેલ સ્ટે. ૯૯, ૧૦૮ અને ૨૦૪ મંજૂર કર્યા બાબત અને સ્ટે. ૧૩૫–એ. ને સંમતિ આપવી મોકૂફ રાખ્યા બાબત કુલપતિશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :–કુલપતિશ્રીના પત્રમાંની વિગતો નીચે પ્રમાણે છે :)

"The Chancellor is pleased under section 29 of the Gujarat University Act, 1949, to accord his assent to the amendments to statutes 99, 108 and 204 as passed by the Senate at its special meeting held on 4th/5th October 1956.

2. The proposed amendments to statute 108 will involve a certain amount of additional expenditure. The Chancellor agrees to the proposed amendment subject to the clear understanding that State Government are not committed to bear any extra expenditure on this account.

3. Similarly, the Chancellor accepts the proposed amendment to statute 204 on the understanding that the State Government cannot commit itself at this stage to bear the 20% of the extra expenditure involved in the University proposals.

4. The Chacellor is pleased to withhold assent to the new statute 135–A as the minimum qualifications now proposed for appointments of Professors and Lecturers in affiliated colleges and recognised institutions appear to be low as compared to those recommended by the Informal Committee on the Co-ordination of Teaching and Research Facilities provided by the Universities in the State especially as the higher scales of pay as laid down by the University grants Commission, have been accepted by the University. I am to suggest, therefore, that the University should now adopt the recommendations of the above mentioned Informal Committee in the matter of basic qualifications for appointments of Professors and Lecturers in affiliated colleges and recognised institutions which are as indicated below:–

For Professors :

First Class M.A./M.Sc. and/or Ph.D. or D.Sc. with 10 years' experience of teaching postgraduate classes and research work of recognised merit.

Or

Second Class M.A./M Sc. and/or Ph.D. or D.Sc. with 15 years' experience of teaching post-graduate classes and research work of recognised merit.

For Lecturers :

First Class M.A./M.Sc. with 5 years experience of teaching in colleges.

Or

First Class B.A./B.Sc. and/or Second Class M.A/M.Sc. with 7 years' experienee of teaching in colleges.")

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૫–એ. ને મંજૂરી આપવા અંગે નીચેની બાબતો ધ્યાનમાં લઇ ફરીથી વિચારણા કરવા શ્રી. ચાન્સેલરને વિનંતી કરવી :

મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનના કૉ-ઑર્ડિનેશન અંગેની ઇન્ફોર્મલ કમિટી માત્ર અનુસ્નાતક શિક્ષણ માટેજ ભલામણો કરવા નીમાઇ હતી જ્યારે સ્ટે. ૧૩૫–એ. પ્રથમ ડિગ્રીની કક્ષા સુધી શિક્ષણ આપતી કૉલેજોમાં નીમાતા શિક્ષકો પૂરતીજ લાયકાત નક્કિ કરે છે તેથી આ કમિટીની ભલામણો સ્ટે. ૧૩૫–એ.માં જણાવેલી પ્રોફેસર, લેકચરર વગેરે જગ્યાઓને લાગુ પડતી નથી.

લેકચરરની નિમણૂક માટે કમિટીએ સૂચવેલો પાંચ કે સાત વર્ષનો શૈક્ષણિક અનુભવ પ્રાપ્ત કરવા માટે સૂચવાયેલા સુધારામાં કશી જોગવાઈ નથી.

૧૪. સને ૧૯૫૬–૫૭ ના રિવાઇઝડ અંદાજપત્રક અને સને ૧૯૫૭–૫૮ ના કમિટીએ તૈયાર કરેલા અંદાજપત્રક ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બજેટ કમિટીએ તૈયાર કરેલ સને ૧૯૫૬–૫૭ નું રિવાઇઝડ અંદાજપત્રક અને સને ૧૯૫૭–૫૮ નું અંદાજપત્રક મંજૂર કરવું. (છાપેલી નકલ હવે પછી મોકલવામાં આવશે.)

૧૬. સને ૧૯૫૪–૫૫ ના વર્ષના હિસાબો ઉપર સરકારી ઑડિટરોએ કરેલી નોંધ તથા તે અંગેનો કાર્યાલયનો જવાબનો મુસદ્દો.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૪–૫૫ ના વર્ષના હિસાબો ઉપર સરકારી ઑડિટરોએ કરેલી નોંધ અંગે કાર્યાલયે તૈયાર કરેલા જવાબો સભા દરમ્યાન સૂચવેલા સુધારા સાથે મંજૂર કરવા.

(સુધારેલા જવાબોની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૭. સને ૧૯૫૪–૫૫ ના વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૪–૫૫ના વાર્ષિક હિસાબો મંજૂર કરવા.

૧૮. મુંબઇ સરકાર તરફથી મળેલી નીચેની ગ્રાન્ટ (જાણ માટે:)

૧.	રિકરીંગ ગ્રાન્ટ	રૂ. ૧,૪૯,૮૧૪
૨.	નોન-રિકરીંગ ગ્રાન્ટ (સેન્ટ્રલ વર્કશોપ માટે.)	રૂ. ૧૦,૦૦૦

(નોંધ:– ૧. રાજ્ય પુનર્રચનાને કારણે યુનિવર્સિટીઓને તા. ૩૦–૧૧–૫૬ના રોજ પુરા થતા આઠ માસ માટેની જ મેઇન્ટેનન્સ ગ્રાન્ટની રૂ. ૨,૬૬,૬૨૬ ની રકમ આપવામાં

આવી હતી. ચાલુ વર્ષની એન્યુઅલ ગ્રાન્ટ્સની હવે બાકીની રકમ રૂા. ૧,૪૯,૮૧૪ આ યુનિવર્સિટીને આપવામાં આવી છે.

૨. યુનિ. સાયન્સ ડીપાર્ટમેન્ટ માટે સેન્ટ્રલ વર્કશોપ સ્થાપવા અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશનની યોજના મુજબ મુંબઈ સરકારનો ફાળો રૂા. ૧૦,૦૦૦ એમ ગુજરાત, પૂના અને બરોડા યુનિ. ત્રણેને આપવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૯. સને ૧૯૫૪-૫૫ના હિસાબોમાં નીચેના ખાતાઓનો ખર્ચ માટે વંચારાની રકમ મંજૂર કરવા બાબત.

		અંદાજ	ખર્ચ
૧.	યુનિવર્સિટી બુલેટિન તથા જર્નલનું ખર્ચ.	રૂા. ૨૦૦૦	રૂા. ૨૩૫૫-૧૦-૦
૨.	ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન ફરનીચર.	રૂા. ૩૦૦૦	રૂા. ૩૦૬૯-૪—૬

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૪-૫૫ના હિસાબોના ખાતાઓમાં યુનિવર્સિટી બુલેટિન તથા જર્નલનું કુલ રૂા. ૨૩૫૫-૧૦-૦ નું અને ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના ફરનીચરનું કુલ રૂા ૩૦૬૯-૪-૬ નું ખર્ચ મંજૂર કરવું.

૨૦. તા. ૬-૨-૫૭ના રોજ થર્ડ સિનિયર ડિવિઝન એડવાઇઝરી કમિટીની ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯ માં મળેલી બેઠકમાં પસાર થયેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત મજકૂર કમિટીના કેપ્ટન-સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

"Provision of University grant to NCC Units was then discussed. It was pointed out by Capt. A. M. Dave that smaller NCC Units are at a disvantage if the University grant is continued to be given at a flat rate. The smaller Units are unable to purchase amenity radio sets for camps. The strength of units including a girls' division, units in Saurashtra and Surat Indep Coy excluding units at Anaad is 1633 cadets.

After discussion it was decided that a request for a grant of Rs. 5,000/- be put up before the University Syndicafe by the Registrar for sanction and provision in the years' budget, and distributed as follows :

All Units to get Rs. 200/- plus a grant of Rs. 2/- per cadet.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૬-૫૭ના વર્ષમાં રૂા. ૫૦૦૦ની ગ્રાન્ટની જોગવાઇ કરવા તથા મંજૂર કરવાની તથા પ્રત્યેક યુનિટને રૂા. ૨૦૦ ઉપરાંત પ્રત્યેક કેડેટ દીઠ રૂા ૨ લેખે ગ્રાન્ટની વહેંચણી કરવાની મજકૂર કમિટીના કેપ્ટન-સેક્રેટરીની વિનંતી મંજૂર કરવી.

૨૧. અમદાવાદ શહેરની કૉલેજોની "એરિયા કમિટી" એ યુનિવર્સિટી કેમ્પસમાં સને ૧૯૫૭-૫૮ માં વિદ્યાર્થીઓના શ્રમદાનની હાથ ધરવામાં આવનારી યોજનાઓ માટે ૨૫ ટકા ખર્ચ એટલે આશરે રૂા. ૯૦૦૦ મંજૂર કરવા તથા તેને માટેની જરૂરી જમીન મેળવવી આપવા અંગે પસાર કરેલા નીચેના ઠરાવો અંગે એરિયા કમિટીના પ્રમુખ તરફથી આવેલ પત્ર.

૨. અ. આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૭–૫૮ ની સાલ માટે યુનિવર્સિટી વિદ્યાર્થી-ઓના શ્રમદાનથી તૈયાર કરવા માટેની નીચેની યોજનાઓ હાથ ધરવી.

"૪૦૦ મીટર્સ ઓવલ સીન્ડર ટેક તથા પેવેલિયન, પરંતુ જો આ બે યોજનાઓ મધ્યસ્થ સરકાર મંજૂર ન કરે તો ઉપરની યોજનાને બદલે જીમનેસીયમની યોજના હાથ ધરવી."

બ. વધુમાં ઉપરની યોજનાઓ હાથ ધરવા માટે યુનિવર્સિટી વિસ્તારમાં જરૂરી જગ્યા આપવા માટે આ કમિટી સિન્ડિકેટને વિનંતી કરે છે.

ક. વધુમાં મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાની શરત પ્રમાણે કુલ ખર્ચના ૨૫ ટકા એટલે વધુમાં વધુ આશરે રૂા. ૯૦૦૦ ની રકમ સને ૧૯૫૭-૫૮ ના બજેટમાં મંજૂર કરવા આ કમિટી સિન્ડિકેટને વિનંતી કરે છે"

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એરિયા કમિટીના ઉપરના ઠરાવ નં. ૨ અ, બ અને ક મંજૂર કરવા તથા તે માટે થનાર ખર્ચમાં યુનિવર્સિટીના ફાળા પેટે રૂા. ૯૦૦૦ ની રકમ મંજૂર કરવી

યોજના નક્કિ થયેથી જરૂરી જમીન આપવી.

(નોંધ જમીનની પસંદગીના પ્રશ્ન પર યોજના નક્કિ થયેથી, બિલ્ડીંગ કમિટીનો અભિપ્રાય મંગાવવો.)

૨૨. ધી ઇન્સ્ટિટ્યુટ ઑફ એન્જિનીયર્સ (ઇન્ડિયા) ઑમ્બે સેન્ટરે તેની વાર્ષિક બેઠક અમદાવાદમાં બોલાવવા ધારી છે તો આ બેઠક ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે બોલાવવા અંગે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનીયરીંગના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે સામાન્ય રીતે આવી પરિષદો જયાં જયાં યુનિવર્સિટીઓના આશ્રયે બોલાવવામાં આવે છે. આ અંગે યુનિવર્સિટીએ ઔપચારિક આમત્રંણ આપવું સામાન્ય છે. ઉપકુલપતિશ્રી પ્રમુખ હોય એવી એક સ્વાગત સમિતિ અને એક કે બે સ્થાનિક મંત્રી નીમવા તથા ડેલીગેટો માટે ચાપાણીની વ્યવસ્થા કરવી તે યુનિવર્સિટી માટે સામાન્ય બાબત છે. આ અંગે રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ વચ્ચેનો ખર્ચ પૂરતો થશે. અંતમાં

પ્રિન્સિપલ આ બાબતમાં સિન્ડિકેટ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરે તે માટે ભારપૂર્વક ભલામણ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનીયરીંગનું સૂચન માન્ય કરવું તથા મજકુર ઇન્સ્ટિટ્યૂટ અને આ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે પરિષદ યોજવી અને આ માટે રૂા. ૧૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૩. આગામી જુન ૧૯૫૮ થી શરૂ થનાર શૈક્ષણિક વર્ષથી એલ. ડી. એન્જિનીયરીંગ કૉલેજમાં ચાલતા હાલના ડિપ્લોમાના વર્ગો બંધ કરી તેની જગ્યાએ ડિગ્રીના વર્ગો શરૂ કરવા અંગેની યોજના (જે હાલ સ્ટેટ ગવર્મેન્ટ અને સેન્ટ્રલ ગવર્મેન્ટની વિચારણા હેઠળ છે) અંગે મુંબઇ સ્ટેટના ડાયરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ યોજના અમલમાં આવશે એટલે હાલના એન્જિનીયરીંગ કૉલેજમાં વિદ્યાર્થીઓની એડમિશન સંખ્યા બે ગણી થશે. આ અંગે તેઓ કેવી વ્યવસ્થા કરવાના છે તેની વિગત પત્રમાં જણાવેલી છે. હાલની વ્યવસ્થા, સ્ટાફ, ઇકવીપમેન્ટ અને વધારાના એડમિશન અંગેની વિનંતી પરત્વે જે વધારો એલ. ડી. એન્જિ. કૉલેજમાં કરવા માગતા હોય તે બાબત વિગત મંગાવી છે. નવી યોજના નીચે એલ. ડી એન્જિ. કૉલેજમાં એડમિશનનું પ્રમાણ નીચે પ્રમાણે રહેશે:

Courses	Existing intake	Proposed intake	Net increase :
1. Civil Engg.	90	150	150
2. Mechanical Engg.	30	90	
3. Electrical Engg.	30	60	

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે તપાસ કરીને ભલામણ કરવા માટે નીચેના સભ્યોની સ્થાનિક સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. ટી. એ. દેસાઇ
૨. શ્રી. ગિરીશચંદ્ર દેસાઇ
૩. ડૉ. ડી. સુબ્બારાવ, ડીન, એન્જિનીયરીંગ ફૅકલ્ટી, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા.

૨૪. લૉ કૉલેજ અંગે નીચેની બાબત પરત્વે આવેલ મજકૂર સોસાયટીના માનદ મંત્રીના પત્ર.

"With reference to our application for affiliation for the proposed new Law College in Ahmedabad City, I have to state that the vacant possession of the premises which we intended to accommodate the New Law College cannot be had for some time. Under the

circumstances the aforesaid application may please be kept pending for one year more within which time we hope to fulfill the conditions prescribed by the Committee."

આથી ઠરાવવામાં આવે છે કે એફિલિએશન માટેની પોતાની અરજી એક વર્ષ માટે (Pending) રાખવાની ગુજરાત લૉ સોસાયટીના મંત્રીની વિનંતી માન્ય કરવી નહિ તથા મજકૂર અરજી પાછી ખેંચવામાં (Withdraw કરવામાં) આવી છે તેમ ગણવું.

૨૫. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના પ્રિન્સિપલને ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફ અંગેની સ્ટેન્ડીંગ કમિટીની સિન્ડિકેટે મંજૂર કરેલી નીચેની ભલામણ અંગે જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે મંજૂર કરેલી કમિટીની ભલામણ

"નીચે દર્શાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂક માન્ય રાખવી:

૧. ડૉ. બી સી. સાંગલ
૨. ડૉ. એલ આર. પાઠક
૩. ડૉ. કે. સી. મહેતા
૪. ડૉ. ડી. ડી. સાઠે

વધુમાં ઠરાવવામાં આવે છે કે નં. ૨, ૩ અને ૪ ની નિમણૂક કરી છે તે વિભાગના વડા તરીકે કોઈ છે કે નહિ તેની જાણ કાર્યાલયને તાકીદે કરવા જણાવવું."

(નોંધ:- ૧. પ્રિન્સિપલ જણાવે છે કે ડૉ. એસ. એમ. સેન, એમ.બી.બી.એસ., એમ.એ. (કેલ.) ને ઓકસ્ટ્રેટ્રીકસ અને ગાયનેકોલૉજીના પ્રોફેસર અને મજકૂર ડિપાર્ટમેન્ટના ડાયરેકટર તરીકે નિમણૂક કરી છે જે કારણસર મુંબઈમાં રોકાઈ ગયા છે. વધુમાં જણાવે છે કે નં. ૨ અને ૩ ની બાબતમાં સરકારને આ બાબતમાં જાહેરખબર આપવા વિનંતી કરી છે અને સર્જન જનરલને આ બાબત લખવામાં આવ્યું છે.

૨. માર્ચની સિન્ડિકેટના બાબત નં. ૫૩ ના ઠરાવ અનુસાર પ્રિન્સિપલને કૉલેજ સ્ટાફની વિગતવાર સંપૂર્ણ યાદી મોકલી આપવા તેમજ કેટલી જગ્યાઓ ખાલી છે તે બાબત લખતાં વિગત મોકલી આપી છે જેની ટૂંક નોંધ નીચે પ્રમાણે છે:

	Name os the teacher.	Designation.	Remarks.
1.	Dr. H. N. Dass	Prof: of Anatomy	Disapproved by Syn of 9–2–57 on recommendation of changes in staff Committee.
2.	Dr. M. P. Mehra	Sr. Lecturer in Embryology	Not yet joined.
3.	Vacant	Sr. Lecturer in Hystelogy. (Anatomy)	

સિન્ડીકેટ તેતાળીસમી
૬/૭—૪—૧૯૫૭

	Name of the teacher	Designation	Remarks
4.	Vacant	Sr. Lecturer in Physiology	
5	Dr. J. H. Balwani	Sr. Lecturer in Pharmacology	Under consideration of Changes in staff Committee.
6.	Vacant	Prof. of Preventive & Social Medicine.	
7.	Vacant	Jr. Lecturer –do–	
8.	Vacant	Physician & Prof. of Medicine	
9.	Vacant	Dy. Physician in Medicine	
10.	Vacant	–do–	
11.	Vacant	Dy. Physician in Psychiastry	
12.	Vacant	Dy. Physician in Paediatrics	
13.	Vacant	Dy. Physician in Dermatology	
14.	Vacant	Dy. Physician in Tuberculosis	
15.	Vacant	Surgeon & Prof. of Surgery	
16.	Vacant	Dy. Surgeon in Orthopaedics	
17.	Vacant	Dy. Surgeon in Veneriology	
18.	Vacant	Dy. Surgeon in Paediatrics	
19.	Vacant	Dy. Surgeon in Anarsthesiology	
20.	Vacant	Dental Surgeon	
21.	Vacant	Dy. Surgeon in Ear, Nose & Throat.	
22.	Vacant	Sr. Lecturer (Radiologist)	
23.	Vacant	Asstt. Radiologist	
24.	Vacaut	Refractionist	
25.	Vacant	M.O., Blood Bank Dept.	
26.	Dr. B. R. Joglekar	Clinical Pathologist	Disapproved by Syn. 2–3–57.
27.	Vacant	Asstt. Bathologist	
28.	Vacant	Physics–Therapist	
29.	H. H. Shah	Prof. of Pathology & Bacteriology.	Not joined
30.	Dr. S. L. Agrawal	Sr. Prof. of Pharmacology	Not yet joined.
31.	Dr. G. S. Mital	Sr. Lecturer in Forensic Medicine.	Not yet joined.

Name of the teacher	Designation	Remarks
32. Dr. N. C. Kothari	Othalmic Surgeon	Not yet joined.
33. Dr. S. M. Sen	Prof of Obstetrician and Gynaecologist.	Not yet joined.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧-૬-૫૭ સુધીમાં જરૂરી સ્ટાફની નિમણૂક અચૂક કરવા માટે મજકૂર કૉલેજના પ્રિન્સિપલને જણાવવું.

૨૬. કોઈપણ સંસ્થાને અનુસ્નાતક અભ્યાસક્રમના શિક્ષણ માટે માન્યતા આપવા કરવી જરૂરી અરજીનું ફૉર્મ નક્કી કરવા બાબત.

(નોંધ:- કૉલેજના જોડાણ અંગે કરવાની અરજીના ફૉર્મમાં અત્યાર સુધી કોઈપણ સંસ્થાની માન્યતા માટે અરજી કરવામાં આવતી હતી પણ તેમાંના કેટલાક મુદ્દા અસંબદ્ધ હોવાથી નવું જુદું ફૉર્મ રાખવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક સંસ્થાએ કરવાની અરજી માટે કાર્યાલયે ઘડેલું અરજીપત્ર (Form of application) મંજૂર કરવું.

(અરજીપત્રની નકલ પરિશિષ્ટ "જ" તરીકે આ સાથે સામેલ છે)

૨૭. ૧૯૫૮-૫૯ ના વર્ષ માટેની સેન્ટ્રલ સ્કોલરશિપ સ્કીમ નીચે મજકૂર વર્ષ માટેની સ્કોલરશિપ માટે આ યુનિવર્સિટી ભાગ લેવા તૈયાર હોય તો ફૂરતી ચોકસાઈથી તપાસી ૬ લાયક વિદ્યાર્થીઓનાં નામ તા. ૩૧-૬-૫૭ પહેલાં મોકલી આપવા બાબત હિંદ સરકારના કેળવણી ખાતાના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ બાબતમાં ૧૯૫૬-૫૭ ના વર્ષ માટે સિન્ડિકેટે ઠરાવ્યું હતું કે જે કૉલેજ તરફથી વિદ્યાર્થી જતો હોય તે કૉલેજ સત્તાવાળાઓએ કુલ ખર્ચના ૨૫ ટકા આપવા. ૨૫ ટકા યુનિવર્સિટી આપશે. ૫૦ ટકા સરકાર તરફથી અપાય છે.

૧૯૫૭-૫૮ ના વર્ષ માટે આવેલ સરકારના પત્રમાં, સંશોધન અંગે જતા વિદ્યાર્થીઓએ બે કે ત્રણ વર્ષ રોકાવું પડે તો તે માટે સ્પોન્સરીંગ ઓથોરીટીએ તેટલો વધારે ખર્ચ આપવો પડશે તેમ જણાવ્યું હતું જે અંગે સિન્ડિકેટે ઠરાવ્યું હતું કે "સ્પોન્સરીંગ ઓથોરીટી" તરીકે યુનિ. રહેશે નહિ. ૧૯૫૮-૫૯ ના વર્ષનો સ્કોલરશિપ પણ ત્રણ વર્ષના સમય માટેની છે. આ અંગે ભારત સરકાર ૫૦ ટકા ખર્ચ આપશે જ્યારે બાકીનો ૫૦ ટકા ખર્ચ "સ્પોન્સરીંગ ઓથોરીટી" એ આપવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ અગર માન્ય સંસ્થા કુલ ખર્ચનો ૨૫ ટકા જેટલો ફાળો આપવાની બાંહેધરી આપે તો બાકીનો ૨૫ ટકા ખર્ચ આપવાનો યુનિવર્સિટી વિચાર કરશે એમ જણાવીને તા. ૩૧ મી મે ૧૯૫૭ સુધીમાં અરજીઓ મોકલી આપવા માટે જોડાયેલી કૉલેજો તથા માન્ય કરેલી સંસ્થાઓને જણાવવું.

૨૮ યુનિવર્સિટી કોચીંગ કેમ્પમાં તાલીમ આપનાર અધ્યાપકોને કંઈક મહેનતાણું ઓનરેરિયમ રૂપે આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- ગયે વર્ષે આ બાબત તાલીમ આપનાર અધ્યાપકોની માગણી હતી અને આ અંગે આપણે બજેટમાં કંઈ આગળથી સૂચવેલું નહિ તેથી ત્યારે એમ જણાવેલું કે હવે પછીના કેમ્પ યોજાશે ત્યારે તે આપવા પ્રબંધ કરીશું.

બજેટની અંદર રહીને જ આ ખર્ચ કરવાનો. બધાજ કેમ્પ રમતગમતોના બે અઠવાડિયાના છે. વિગત નીચે પ્રમાણે છે:

કેમ્પનું નામ	સમય	તાલીમ આપનાર	ઓનરેરિયમના ખર્ચના આશરે અંદાજ.	મંજૂર કરેલ અંદાજી ખર્ચ
વોલીબોલ	બે અઠવાડિયાં	૧	રૂા. ૧૦૦	રૂા. ૨,૩૫૦
હોકી	,,	૧	રૂા. ૧૦૦	રૂા. ૫,૦૦૦
હતુતુ	,,	૧	રૂા. ૧૦૦	
યુથ લીડરશીપ	ત્રણ અઠવાડિયાં	૬	રૂા. ૬૦૦	રૂા. ૭,૦૦૦.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર શિબિરામાં તાલીમ આપનાર પ્રત્યેક કોચને રૂા. ૧૦૦ નું ઓનરેરિયમ આપવું.

૨૯. શ્રી. સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. એસ. આર. દેસાઈની પહેલા સત્રની ૧૫ દિવસની ખૂટતી હાજરી માફ કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

The deficiency in attendance during the first term in the case of the following student is for 15 days only. He is migrating from the Delhi University. His result of F.Y. Arts Examination was declared on 4th August 1956. He was admitted on 6th August 1956, to the Inter Arts Class. The total attendance of two terms counted together amounts to 132 days. His deficiency in attendance in the first term is, therefore, condoned by me.

Desai Suresh Ramanlal

ઉપર જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીની ખૂટતી હાજરી તબીબી કારણસર ઑર્ડિ. ૭૯ પ્રમાણે પ્રિન્સિપલ માફ કરી શકે નહિ તો આ બાબતમાં શું કરવું તે પ્રશ્ન છે. વિદ્યાર્થીને પરીક્ષામાં કામચલાઉ એડમિશન આપવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. દેસાઇની પહેલા સત્રની ખૂટતી હાજરી માફ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવાની માગણીઓ ઘણી મોટી સંખ્યામાં આવતી હોવાથી કૉલેજોના આચાર્યોનું ઑ. ૭૩ પરત્વે ધ્યાન ખેંચવું અને દર વર્ષે ૧૫ મી જુલાઇ પછી દાખલ કરવામાં આવે તે પ્રત્યેક કેસનો યુનિવર્સિટીને રિપોર્ટ કરવા આચાર્યોને જણાવવું.

૩૦. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટના પહેલી એલ.એલ.બી. ના વિદ્યાર્થી શ્રી. ટી. એ. નાનઝાણીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તથા વિદ્યાર્થીની અરજી ઉપરથી શ્રી. નાનઝાણીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું નહિ એવા સિન્ડિકેટે તેની ફેબ્રુઆરીની બેઠકમાં કરેલા ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલ વિદ્યાર્થીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- વિદ્યાર્થી પોતાની અરજીમાં જણાવે છે કે પોતે નિયમિત રીતે બને સત્ર ભર્યો છે ફક્ત તેની ભૂલ ઑલિજિબિલિટી સર્ટિફીકેટ માટે મોડી અરજી કરવામાં થયેલી છે વિદ્યાર્થી જણાવે છે કે તેને એપ્રિલ ૧૯૫૭ માં લેવાનારી પરીક્ષા માટે પૂરતી તૈયારી કરેલી પણ સિન્ડિકેટના ઠરાવની જાણ તેને વજ્રઘાત જેવી લાગી છે. વધુમાં જણાવે છે કે તે એક નિર્વાસીત વિદ્યાર્થી છે અને તેને પોતાના જીવનમાં ઘણું સહન કર્યું છે તે જોતાં અને બીજા સત્રમાં વખતસર એટલે તા. ૩-૨-૫૭ ના રોજ ઍલિ. સર્ટિફીકેટ માટે અરજી કરેલી છે તે જોતાં બે સત્રોમાંનું પહેલું સત્ર પૂરતી શિક્ષા ગણી માફ ન કરતાં, ફક્ત બીજું સત્ર માન્ય ગણી તેની શરૂઆતના સમયથી ઍલિ. સર્ટિફીકેટ કાઢી આપવા વિનંતી કરે છે જેથી તે ઑક્ટોબર ૧૯૫૭ ની પરીક્ષામાં બેસી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એ. નાનઝાણીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું તથા તે સર્ટિફીકેટને ૧૭ મી નવેમ્બરથી અમલમાં આવેલું ગણવું.

૩૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં જુનિયર બી.એ. ના વર્ગમાં બીજા સત્રમાં દાખલ થયેલ વિદ્યાર્થી શ્રી. આર. જી. અમીનની ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. અમીન ૧૯૫૬-૫૭ ના વર્ષના પહેલા સત્રમાં સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જુનિયર બી.એ. ના વર્ગમાં દાખલ થયેલા. તેમનું એડમિશન તે કૉલેજમાં ફન્ક્શન થાય તે પહેલાં તેમણે તે કૉલેજમાં પહેલા સત્રમાં કુલ ૫૫ દિવસમાંથી ૩૬ દિવસની હાજરી આપી બીજા સત્રમાં સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં જુનિયર બી.એ. ના વર્ગમાં જોડાયા છે. કૉલેજ બદલવાના કારણોમાં વિદ્યાર્થી જણાવે છે કે ૧. સેંટ ઝેવિયર્સ કૉલેજ

પરદેશીઓ દ્વારા ચાલે છે. ૨ શાકાહારી અને બિનશાકાહારી વિદ્યાર્થીઓને એકજ ઓરડામાં ખાણું આપવામાં આવે છે. ૩. સારો ટીચીંગ સ્ટાફ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રા. આર. જી. અમીનને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૩૨. યુનિવર્સિટી સ્ટાફના સભ્યોને પ્રસંગોપાત પ્રોવિડંડ ફંડફાળાની રકમમાંથી આપવામાં આવતી લોનની રકમ ભરપાઇ કરવા અંગે હાલમાં જે ૧૦ હપ્તા નક્કી કરવામાં આવ્યા છે તેને બદલે ૨૪ થી વધુ નહિ એવા હપ્તાઓમાં વસુલ કરવા નિયમ કરવાની યુનિવર્સિટી સ્ટાફના સભ્યોની વિનંતી પર વિચારણા કરવા બાબત

(નોંધ:– લોનની રકમ પરત લેવામાં હાલના નિયમ પ્રમાણે જો રૂા. ૧૦૦ ની લોન લીધી હોય તો રૂા. ૧૦ ના માસિક હપ્તો આપવાનો હોય છે આ પ્રમાણેના દરે હપ્તાની રકમ પરત કરવામાં રૂા. ૫૦૦, રૂા. ૧૦૦૦ કે તેથી વધુ લોન લેનારને માસિક રૂા. ૫૦, રૂા. ૧૦૦ કે તેથી વધુ એ પ્રમાણે માસિક પગારમાંથા કપાતાં કુટુંબનિર્વાહના ખર્ચ માટે પાછળ જૂજ રકમ રહેતી હોવાથી લોન લેવાનો હેતુ માર્યો જાય છે અને ઉપરથી લોન ભરવી આર્થિક બોજારૂપ થઇ પડે છે તેથી કુલ ૧૦ હપ્તાઓને બદલે માસિક રૂપ કે ૨૦ હપ્તાઓ રાખવામાં આવ્યા હોય તો લોનની રકમ ભરવી બોજારૂપ ન થતાં અનુકૂળ થઇ પડે. આ બાબતમાં બૉમ્બે ગવર્મેન્ટ સિવિલ સર્વિસીઝ પ્રોવિડંટ ફંડનો નિયમ ૧૫ (૧) નીચે પ્રમાણે છે. સ્ટાફના સભ્યોને જાણવામાં આવ્યું છે કે અમદાવાદમાં મ્યુ. કોરપો. માં પણ આ અંગે આવો નિયમ છે :

"15 (1) An advance shall be recovered from the subscriber in such number of equal monthly instalments as the sanctioning authority may direct; but such number shall not be less than twelve unless the subscriber so elects; or in any case more than twenty–four."

આથી ઠરાવવામાં આવે છે કે હવેથી જે લોન સ્ટાફના સભ્યોને આપવામાં આવે ને વધુમાં વધુ ૨૦ હપ્તામાં ભરપાઈ કરવા માટે સભ્યોને પરવાનગી આપવી.

૩૩. ટર્મિનોલૉજીના કામ અંગે ક્લાર્ક–ટાઇપીસ્ટની કામચલાઉ નિમણૂક વધુ એક વર્ષ ચલાવવા વિચારણા કરવા બાબત.

(નોંધ:– એક ક્લાર્ક–ટાઇપીસ્ટની નિમણૂક તા. ૫–૫–૫૬ થી એક વર્ષ માટે કામચલાઉ ધોરણે કરવામાં આવી છે. પણ ટર્મિનોલૉજીનું કામ હજુ બાકી હોવાથા અને તે પૂરૂં કરતાં હજૂ લગભગ એક વર્ષ લાગે તેમ હોવાથી તેમની નિમણૂકની મુદત વધારવાની જરૂર છે.

આથી ઠરાવવામાં આવે છે કે ટર્મિનોલૉજીના કામકાજ માટે ક્લાર્ક–ટાઇપીસ્ટની એક હંગામી જગા વધુ એક વર્ષ માટે મંજૂર કરવી.

૩૪ સ્ટાફના નીચેના સભ્યો યુનિવર્સિટીની નોકરીમાંથી રાજીનામું આપી છુટા થયેલાં હોવાથી તેમને તેમના ખાતે નીકળતી પ્રોવીડંટ ફંડફાળાની રકમ પરત કરવા બાબત.

૧. મિસ. જે. પી. મિસ્ત્રી
યુનિ. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં સોશિયોલૉજીના લેકચરર હતાં.

૨. શ્રી. ખીમજી વિશ્રામ ગોહિલ
યુનિ. લાયબ્રેરીમાં પટાવાળા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. જે. પી. મિસ્ત્રી તથા શ્રી. ખિમજી વિશ્રામ ગોહિલને તેમના ખાતે જમા નીકળતી પ્રોવિડંન્ટ ફંડની રકમ નિયમાનુસાર પાછી આપવી.

૩૫. સિન્ડિકેટે રજે. ૧૩૫-એ. માં સૂચવેલા નીચે મુજબના સુધારા સેનેટે સિન્ડિકેટને રિફર બેક કર્યા હોવાથી તે ઉપર ફરીથી વિચારણા કરવા બાબત.

I. "In the qualifications, etc. prescribed for a Lecturer etc. in 'Engineering' in S. 135-A.

Add the following as the qualifications etc. for an Asstt. Lecturer, and a Lecturer in Tele-Communications.

Asstt. Lecturer :

At least B.E. IInd Class or Diploma in Engineering with three years' experience.

Lecturer in Tele-Communications :

(1) A B.Sc. Degree in atleast Second Class with Physics as a Special subject plus a Master's or higher Degree in Physics with Radio Physics and Electronics as a special subject;

(2) Experience of Electronics and Radio Engineering for not less than three years in Industry or Industrial Research or Broadc sting on Radio Communications or College teaching to Degree courses or a combination of two or more of these."

II. "Replace the present qualifications, etc. prescribed for a Professor in 'Law' in S. 135-A. by inserting the following revised qualifications etc. for a Lecturer and a Professor in Law respectively :

સિન્ડિકેટ તેતાળીસમા
૬/૭–૪–૧૯૫૭

L A W.

Lecturer :

(1) LL.B. (1st Class) with three years' practice;

or

(2) LL.B. (2nd Class) with five years' practice;

or

(3) LL.B. with B.A., B.Sc. or B.Com. with three years' practice:

or

(4) LL.M. (with any class).

Professor :

(1) LL.B. (First Class) with two years' teaching experience)

or

(2) LL.B. (Sesond Class) with seven years' practice;

or

(3) LL.B. (Second Class) with two years' experience as a Lecturer;

or

(4) LL.M. witth a 1st Class;

or

(5) LL.M. with two years' teaching experience;

or

(6) A Bar–at–Law notwithstanding the face that he has not passed at any Degree Examination of the Faculty of Arts, Science or Law with requisite standing of five years at the Bar.

The Professor of English must be a First Class B.A. with English or a Second Class M.A. with English or must possess an equivalent degree of any recognised University; if he is only a Second Class B.A., he must have further at least five years' experience as a teacher of Engilsh."

(નોંધ:– ૧. ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઍન્કલ્યુડિંગ એન્જિનિયરીંગ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો ઉપરથી સિન્ડિકેટે રૂટે. ૧૩૫–એ. માં "એન્જિનિયરીંગ" ફૅકલ્ટીમાં "એસિસ્ટન્ટ લેકચરર" અને "લેકચરર ઇન ટેલિ–કૉમ્યુનિકેશન્સ" અને શિક્ષકોની નિમણૂક બાબતની ઉપર જણાવેલી લાયકાતો નક્કી કરી સ્ટેટ્યુટમાં ઉમેરો કરી ને પ્રમાણે સ્ટેટ્યુટ સુધારવા સેનેટને ભલામણ કરી હતી.

(નોંધ – ૨. કાયદાની અભ્યાસસમિતિ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી સિન્ડિકેટે સ્ટે ૧૩૫–એ. માંની વર્તમાન "પ્રોફેસર" ની નિમણૂક અંગે આપેલી લાયકાતોને બદલે "લેકચરર" અને "પ્રોફેસર" ની નિમણૂક બાબત ઉપર જણાવેલી લાયકાતો નક્કી કરી તે સ્ટેટ્યુટમાં દાખલ કરવા અને તે પ્રમાણે સ્ટેટ્યુટ સુધારવા સેનેટને ભલામણ કરી હતી "લૉ" માં પ્રોફેસરોની નિમણૂક અંગેની હાલની લાયકાતો નીચે મુજબ છે:

"Professor :

LL.B. (1st Class) or LL.B. with B.A. or B.Sc. or B.Com. and five years' practice as an advocate in a Court of Law (in either case) or LL.B. 10 years' professional experience. The Professor of English must be a First Class B.A. with English or a Second Class M.A. with English or must possess an equivalent degree of any recognised University; if he is only a Second Class B.A., he must have further at least five years' experience as a teacher of English.

A Bar-at-Law notwithstanding the fact that he has not passed any Degree Examination of the Faculty of Arts, Science or Law."

(નોંધ:– ૩. સેનેટે તેની તા. ૪/૫–૧૦–૧૯૫૬ ની બેઠકમાં પસાર કરેલા સ્ટે ૧૩૫–એ. ને મંજૂર ન કરતાં તેમના પત્રમાં જણાવ્યા પ્રમાણે સ્ટેટ્યુટમાં સુધારા કરવા કુલપતિશ્રીએ જણાવ્યું છે. આ અંગે આઇટેમ નં. ૧૪ માં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતો લાગતીવળગતી ફૅકલ્ટીઓ તરફ પુનર્વિચારણા માટે મોકલી આપવી.

૩૬. યુનિયન પબ્લીક સર્વિસ કમીશન તરફથી લેવાતી આઇ.એ.એસ. વગેરે પરીક્ષા માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી ચલાવાતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો સેનેટે સિન્ડિકેટને રિફર એક કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી આઇ.એ.એસ. વગેરે પરીક્ષા માટે યુનિવર્સિટી તરફથી ચાલતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા જુન ૧૯૫૭ થી ૬૨ મહિને રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવા સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી"

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગોમાં વધુમાં વધુ ત્રણ ફ્રીશિપ દાખલ કરવી તથા રૂા. ૫૦ ની એક સ્કોલરશિપ સ્થાપવા સેનેટને ભલામણ કરવી. મજકૂર સ્કોલરશિપ માટે ઓછામાં ઓછી લાયકાત માટે ડિગ્રી પરીક્ષામાં પ્રથમ વર્ગ આવશ્યક લેખવો.

૩૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લીટરેચરમાં મેરીટ સ્કોલરશિપો ઊભી કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો સેનેટે સિન્ડિકેટને ફિર એક કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો પ્રથમ ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલોમાં નીચે પ્રમાણે મેરીટ સ્કોલરશિપો ઊભી કરવા માટે ઘટતાં પગલાં લેવાંઃ

૧.	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ.	બે વર્ષ માટે માસિક રૂા. વીસની એક એવી ચાર મેરીટ સ્કોલરશિપો જુનિયર એમ.એ. ના વિદ્યાર્થીઓ માટે.
૨.	યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર.	બે વર્ષ માટે માસિક રૂા. વીસની એક એવી ચાર મેરીટ સ્કોલરશિપો જુનિયર એમ.એ. ના વિદ્યાર્થીઓ માટે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર મેરીટ સ્કોલરશિપો જે તે વિદ્યાર્થીઓનો અભ્યાસ સંતોષકારક છે એમ તેમના ડાયરેક્ટરનો અભિપ્રાય હોય તો જ તેમના સિનિયર એમ.એ. ના વર્ષમાં ચાલુ રાખવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે હાલની ચાલુ શિષ્યવૃત્તિઓ ઉપરાંત ઉપર મુજબ સૂચવાયેલી શિષ્યવૃત્તિઓ કાઢવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

(નોંધઃ- હાલમાં નીચે મુજબ મેરીટ સ્કોલરશિપો છેઃ

૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ ... ૧૦
૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ ... ૫.)
લિટરેચર.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં રૂપીયા વીસની એક એવી મેરીટ શિષ્યવૃત્તિઓ નીચે પ્રમાણે સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવીઃ

ડિપાર્ટમેન્ટ	કુલ શિષ્યવૃત્તિઓની સંખ્યા
૧. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ	૬૦
૨. સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર	૬

(નોંધઃ- શિષ્યવૃત્તિઓની આ સંખ્યામાં પ્રત્યેક ડિપાર્ટમેન્ટની ચાલુ પાંચ પાંચ શિષ્યવૃત્તિઓનો સમાવેશ થાય છે.)

૩૮. યુનિવર્સિટી તરફથી શરૂ કરવામાં આવનાર સાયકોલૉજી ડિપાર્ટમેન્ટમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેબર વેલ્ફેર ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની જગ્યાઓ, ફેલોશિપ્સ અને રિસર્ચ સ્કોલરશિપ્સ સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની નીચેની ભલામણો સેનેટે મંજૂર કરી હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી શરૂ કરવામાં આવનાર સાયકોલૉજી ડિપાર્ટમેન્ટમાં અને લેબર વેલ્ફેર ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચે પ્રમાણે શિક્ષકોની જગ્યાઓ, ફેલોશિપ્સ અને રિસર્ચ સ્કોલરશિપ્સ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવીઃ

સાયકોલૉજી ડિપાર્ટમેન્ટઃ	૧ પ્રોફેસર
	૧ રીડર
	૨ લેકચરર્સ
	૧ રિસર્ચ ફેલો
	૨ રિસર્ચ સ્કોલર્સ
યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ (લેબર વેલ્ફેર ડિપ્લોમા કોર્સ)	૧ લેકચરર."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રીના પત્રમાં જણાવ્યા મુજબની માસિક રૂા. ૨૫૦ ની એક રિસર્ચ ફેલોશિપ અને માસિક રૂા. ૧૦૦ ની એક એવી બે રિસર્ચ સ્કોલરશિપ સાયકોલૉજીના ડિપાર્ટમેન્ટ માટે સ્થાપવા તથા તે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

(નોંધ:– લેબર વેલ્ફેર અંગે આ અગાઉ સેનેટે નીચે મુજબની જગ્યાઓ સ્થાપેલી છે:

૧. રીડર
૨. લેકચરર્સ.

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે યુનિવર્સિટી તરફથી શરૂ કરવામાં આવનાર સાયકોલૉજી ડિપાર્ટમેન્ટમાં અને લેબર વેલ્ફેર ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં શિક્ષકોની જગ્યાઓ, ફેલોશિપ્સ અને રિસર્ચ સ્કોલરશિપ્સ સ્થાપવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી અને આ અંગે આગળનાં વધતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ:– સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ માટે ૧. પ્રોફેસર, ૧ રીડર અને ૨. લેકચરર્સની જાહેર ખબર આપી છે. લેબર વેલ્ફેર ડિપ્લોમા કોર્સ માટે પણ ૧. રીડર અને ૩. લેકચરર્સની જાહેર ખબર આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૩૯. નીચે જણાવેલો ડૉ. વિક્રમ એ. સારાભાઇનો ઠરાવ સેનેટે મંજૂર કર્યો હોવાથી તે અંગે આગળનાં વધતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત.

"The Senate recommends that a Committee be appointed by the Syndicate to suggest measures for an early re-orginisation of the existing system of examinations conducted by the University, in order that the emphasis is placed on learning rather than a memory. Consideration may be given by the Committee to the introduction of an open book examination system."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોની સમિતિને મજકૂર બાબત પર વિચારણા કરીને હેવાલ રજુ કરવા માટે જણાવવું.

૧. ડૉ. વિક્રમ સારાભાઇ
૨. પ્રિન્સિ. કે. એલ. દફ્તરી, ડીન, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન-કલ્યુડીંગ એજ્યુકેશન
૩. ડૉ. કે. આર. રામનાથન, ડીન, સાયન્સ ફૅકલ્ટી

૪. પ્રોફેસર એલ. આઇ. ભટ્ટ, ડીન, ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનીયરીંગ.
૫. શ્રી. હિમતલાલ પી. શુકલ, ડીન, ફૅકલ્ટી ઑફ લૉ
૬. ડૉ. એન. આર. દેસાઇ, ડીન ફૅકલ્ટી ઑફ મેડિસિન
૭. પ્રિન્સિ. એસ. વી. દેસાઇ, ડીન, ફૅકલ્ટી ઑફ કૉમર્સ
૮. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય, ડીન, ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિન
૯. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ
૧૦. શ્રી. ઝીણાભાઇ આર. દેસાઇ
૧૧. ડૉ. મોતીભાઇ ડી. પટેલ
૧૨. શ્રી. એસ. એમ. શાહ
૧૩. ડૉ. વાય. જી. નાયક
૧૪. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ
૧૫. પ્રિન્સિ. એસ. વી. સી. આઇયર
૧૬. ડૉ. એચ. પી. મેતી

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. વિક્રમ સારાભાઇને મજકૂર સમિતિના કન્વીનર તરીકે નીમવા તથા મજકૂર સમિતિને ચારથી વધુ નહિ એટલા બહારના સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી

૪૦. તા. ૧૬ મી થી ૧૯ મી જુન ૧૯૫૭ દરમિયાન શ્રીનગર મુકામે મળનારી ધી ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસની ૩૨મી બેઠકમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના ફિલોસોફી ડિપાર્ટમેન્ટના સભ્યોને પ્રતિનિધિ તરીકે મોકલવા બાબત મજકૂર કોંગ્રેસના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસના ૩૨ મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ઉપકુલપતિ શ્રી. એચ વી. દિવેટિયાની નિમણૂક કરવી

૪૧. સમાજ વિદ્યાભવનના મકાનના સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટ સિવાય કુલ અંદાજી ખર્ચ રૂા. ૪,૭૯,૫૦૦ સામે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૩,૧૦,૦૦૦ આપેલ છે તે વધારાના ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- મુંબઇ સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સોશિયલ સ્કૂલ તથા ગુજરાતી સ્કૂલના મકાન માટે રૂા. ૬.૦૦ લાખની ગ્રાન્ટ આપવા ભલામણ કરેલ આ સાથે આપણા મકાનોના મૂળ અંદાજ અનુક્રમે રૂા. ૪.૦૧ લાખ અને રૂા. ૨.૦૯ લાખ હતા આ પછી યુનિવર્સિટી

ગ્રાન્ટ્સ કમિશનની કમિટી આપણે ત્યાં આવી ગઈ અને તેઓની ભલામણ ઉપરથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીચે પ્રમાણેની ગ્રાન્ટ મંજૂર કરીઃ

૧. સોશિયલ સ્કૂલના મકાન માટે સાયકોલૉજી રૂા. ૧.૫૦ લાખ સિવાય — રૂા. ૩.૧૦ લાખ

૨. ગુજરાતી સ્કૂલના મકાન માટે — રૂા. ૨.૦૯ લાખ

આ બાબતમાં આપણે કમિશનને લખતાં કમિશને આપણને જણાવ્યું કે મુંબઇ સરકારની બંને સ્કૂલના મકાન માટે રૂા. ૬.૦૦ લાખની ગ્રાન્ટની ભલામણ મંજૂર કરી છે અને તેમાંથી ગુજરાતી સ્કૂલના મકાનના રૂા. ૨. ૯૦ લાખ જતાં (આપણો અંદાજ રૂા. ૨.૦૯ લાખનો છે.) બાકીના રૂા. ૩.૧૦ લાખ સોશિયલ સ્કૂલના મકાન માટે મંજૂર કર્યા છે. આ ઉપરથી આપણે કમિશનને લખ્યું કે ગુજરાતી સ્કૂલના મકાનની જરૂરીયાત રૂા. ૨.૦૯ લાખની હોવાથી કૂલ રૂા. ૬.૦૦ લાખમાંથી આ રકમ બાદ કરી બાકીની રકમ રૂા. ૩.૯૧ લાખ આપણને સોશિયલ સ્કૂલ માટે આપવા જોઇએ આના જવાબમાં કમિશને આપણને લખ્યું કે રૂા. ૨.૯૦ લાખ ગુજરાતી સ્કૂલ માટે અગાઉથી દર્શાવેલ તે ટાઈપીંગની ભૂલ હતી અને તે રૂા. ૨.૦૯ લાખજ હતા. ઉપરાંત તેઓએ જણાવ્યું છે કે કુલ ગ્રાન્ટ્સમાં હવે કંઇ ફેરફાર થઇ શકશે નહિ પરંતુ આ મકાન પૂરૂં કરવા અંગે યુનિવર્સિટીને વધુ નાણાંકીય મદદની જરૂર હોય તો પાછળથી તે માટે કમિશનની વિચારણા માટે લખવું.

સોશિયલ સ્કૂલના મકાન માટેનો મૂળ અંદાજ રૂા. ૪.૦૧ લાખ હતો તે પછી આ મકાનના એલીવેશન વિ. બદલવાનું નક્કી કરવાથી તેના રૂા. ૭૬,૫૦૦ મળી કૂલ ખર્ચ રૂા. ૪,૭૭,૫૦૦ અંદાજવામાં આવ્યો છે.

યુનિવર્સિટી પાસે પોસ્ટ-ગ્રેજયુએટ કામ માટે ઇયર માર્કડ ફંડમાં કેટલીક રકમ પડેલી છે તેમાંથી બીજી કોઈ ગ્રાન્ટ ન મળે તો આ ખર્ચ થઇ શકે તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૪૨. ૧૯૫૭ ના વર્ષના પ્રથમ છ માસ દરમ્યાનની પરીક્ષાઓમાં (૧) જે કોઇ વિદ્યાર્થી ગેરવ્યાજબી દલાજો (unfair means) નો ઉપયોગ કરે તથા (૨) જે કોઇ પ્રાધ્યિકો, પરીક્ષકો, પ્રૂફ રિડરો, સુપરવાઇઝરો, કાર્યાલયના સભ્યો વગેરે ભૂલો કરે તેમના કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે Unfair means and mistake committee ની નિમણૂક કરવા બાબત.

(નોંધઃ- ગઇ વખતની કમિટીમાં નીચેના સભ્યો હતાઃ

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર

૨. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ

૩. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૪. શ્રી. એસ. એમ. શાહ)

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭ ના વર્ષના પ્રથમ છ માસ દરમિયાન લેવાય તે પરીક્ષાઓમાં ગેરવ્યાજબી ઇલાજો તથા ભૂલોના (પરીક્ષકો, સુપરવાઇઝરો, કાર્યાલયના સભ્યો વગેરેની) કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે "Unfairmeans and mistake committee પર નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. બદુભાઈ એચ દેસાઈ
૩. શ્રી. એસ. એમ. શાહ
૪. પ્રિન્સિ. એસ. વી. દેસાઇ

૪૩. ૨૬-૨-૫૭ ના રોજ મળેલ યુનિવર્સિટી જર્નલ "વિદ્યા" ના એડિટોરિયલ બૉર્ડની બેઠકમાં જર્નલના (Review) અવલોકન માટે આવતાં પુસ્તકોની બાબતમાં ઘોરણ ઠરાવવા અંગે બૉર્ડે કરેલી નીચેની ભલામણ.

"To adopt the policy in case of books received for review this Committee further resolved to recommend to the Syndicate as follows :

1. Books received for review should be reviewed and the reviews be published in 'Vidya'.

2. These books received must be the one that show some original Research work or some original implication.

3. A list of such books received be circulated once a month among the members of the General Editorial Board to suggest the name of the person or persons by whom the book in question be reviewed,

4. For reviewing a book a minimum honorarium of Rs. 15/- be given, and further at the rate of Rs. 10/- per page and not more than Rs. 50/- in any case be paid.

It will be in the absolute discretion of the Editorial Board to review a book and also to publish a review of a book.

The acceptance of a book will not in any way guarantee that it will be reviewed and that the review will be published in 'Vidya'.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બૉર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. 'Establisment of Cubical Meson telescope for Cosmic Ray studies' અંગે ડૉ. વિક્રમ એ. સારાભાઇને આપેલી રિસર્ચ ગ્રાન્ટ પરત્વે તેમણે તે વિષે કંઇ સાહિત્ય પ્રગટ કર્યું હોય તો તે ગ્રાન્ટ કેવી રીતે ખર્ચી તેની વિગત તેમજ આંકેવરીમાં જણાવ્યા પ્રમાણે રિસર્ચ અંગે કંઇ સાધન સામગ્રી ખરીદી હોય તો તે સંશોધનનું કામ પૂરૂ થયે પાછુ મોકલવા લખતાં તે અંગે તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ડૉ. વિક્રમ એ. સારાભાઇએ ખરીદેલી સામગ્રી અંગે નીચે પ્રમાણે જવાબ આપ્યો છે.

"The Cubical meson telescope has been set up at the Physical Research Laboratory for participation in the programme of the 3rd International Geophysical Year. Even though the University has not paid any research grant in subsequent years, the laboratory is maintaining the instrument which should be operating for 10 to 15 years. The question of dismantlling the apparatus and returning the components would defeat the purpose for which the research grant was given and I trust the University would be good enough to consider the question in its long term perspective.")

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વિક્રમ એ સારાભાઇની વિનંતી અનુસાર "Establishment of Cubical Meson Telescope for Cosmic Ray Studies" માટે આપવામાં આવેલી સાધનસામગ્રી ડૉ. સારાભાઇ પાસે રહેવા દેવી.

૪૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના સ્ટુડન્ટસ યુનિયનના નીચેના ઠરાવની એક નકલ ફૅકલ્ટી ઑફ લૉના ડીન શ્રી. એચ. પી. શુકલ તરફ મોકલવામાં આવતાં તેમની વિનંતી અનુસાર મજકૂર બાબત અંગે ઘટતી તપાસ કરવા બાબત.

"This meeting of the students of Sir L. A. Shah Law College do hereby place on record their pleasure at the election of Principal Shri M. M. Thakore to the Syndicate. They also congratulate him for the same.

They also express their deep sense of gratitude to Principal C. D. Vyas, Sarvajanik Law College, Surat, for having supported Principal Shri Thakore's election and thereby serving the interests of the students as also of the Faculty of Law.

They also place on record their deep sense of resentment at the attitude of Acting Principal Shri N. J. Shah of A.M.P. Law College, Rajkot in not giving Principal Shri Thakore his first preference vote and thereby in acting against the interests of Law students. He has, at the expense of the Faculty of Law supported candidate of the other Faculty and proved himself untrue to the cause of the legal education and unworthy of the position that he occupies.

We also place on record our deep sense of resent at the part played by Shri Himatlal Shukla in persuading acting Principal Shri N. J. Shah not to support Principal Shri Thakore's election by giving him his first preference vote but to support the candidate of other faculty.

In expressing this resentment we are also fully conscious that Shri Himatlal Shukla has also in the pass acted against the interests of the Commerce students of the Gujarat Law Society's Commerce College in that he tried his level best at the meeting of the Syndicate to oppose the affiliation of the Gujarat Law Society's Commerce college inspite of the strong recommendation of the committee recommending the same."

(**નોંધ:–** આ બાબત પરત્વે ઉપકુલપતિશ્રીની સૂચના અનુસાર મજકૂર કૉલેજના પ્રિન્સિપલ પાસેથી જરૂરી માહિતી અને લાગતાવળગતા વિદ્યાર્થીઓના ખુલાસા મંગાવવામાં આવ્યા હતા પરંતુ તે માહિતી અને ખુલાસા પૂરા પાડવામાં આવ્યા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પર વિચારણા કરવા માટે નીચે મુજબ સભ્યોની બનેલી સમિતિને નીમવી:

૧. શ્રી. બી. પી. શાહ
૨. શ્રી. ડી. જે. જોશી
૩. શ્રી. જે. આર. દેસાઈ

સમિતિની ટર્મ્સ ઑફ રેફરન્સ નીચે મુજબ રાખવી:

મજકૂર કૉલેજના સ્ટુડન્ટ્સ યુનિયનના ઑફિસ બેરર્સના નામો મંગાવવા તથા ઑફિસ બેરર્સને રૂબરૂ મળવા બોલાવીને જરૂરી માહિતી મેળવવી તથા આ અંગે આગળ શું પગલાં લેવાં તે માટે સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

(**નોંધ:–** પ્રિન્સિ. એમ. એમ. ઠાકોરે આ બાબત પરત્વે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.)

૪૬. 'Seminar on Recruitment and Training for Public Services' ઉપરના પ્રિન્સિપલ્સ એસ. આર. ભટ્ટના સૂચન પર વિચારણા કરવા બાબત.

"In view of the general discussions it appears that at some stage the Universities will be called upon to undertake refresher courses for the recruited officers. The U.P.S.C. Training Class of our University can be suitably shaped for such training. It also appears that our U.F.S.C. class will attract more students and will secore better results if instead of coaching students in subjects in which they have qualified for Degrees the class offers them exclusive training in the Compulsory and essential subjects such as (1) General Knowledge (2) General English (3) The Essay (4) Psychological Factors of

Personality and job Analysis (5) Public Administration. In this connection I invite attention to the enclosure regarding courses offered at the I.A.S. Training School Delhi."

મજકૂર સૂચન આ યુનિવર્સિટીમાં ચાલતા યુ.પી.એસ.સી. પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગોના વિનયન અને વિજ્ઞાનના વિષયો માટેના કન્વીનર્સ પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ અને ડૉ. વાસ. જી. નાયકને વિચારણા માટે મોકલી આપવા.

૪૭. "Establishment of Faculties for the study of South Indian Languages and Culture in the Principal North Indian Universities" એ વિષય પરત્વે યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. ઉપરોક્ત વિષય પરત્વેની સ્ટેટ રી-ઓર્ગેનિઝેશન કમિશનની ભલામણોનો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૈદ્ધાન્તિક સ્વીકાર કર્યો છે. આ દરખાસ્તના અમલમાં જો યુનિવર્સિટીને રસ હોય તો આવતા ચાર વર્ષનો તે અંગેનો ખર્ચ અને યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિચારણા માટે મોકલી આપવાનો છે.

૨. આપણી યુનિવર્સિટીમાં આવી કોઈ ફેકલ્ટી નથી. સ્ટે. લે. અને ૧૦૮ માં કન્નડ અને તામિલ ભાષાઓનો પ્રબંધ હતો જે ગઈ સેનેટની બેઠકમાં તે રદ કરી સ્ટેટ્યુટ સુધારવા સેનેટે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. સ્ટે. ૨૦૪ જેમાં રીડરના પગારનું ધોરણ રૂા. ૪૦૦-૩૦-૭૦૦ થી રૂા. ૫૦૦-૨૫-૮૦૦ કરી સુધારેલા સ્ટેટ્યુટને ફુલપતિશ્રાની અનુમતિ મળી ગઈ છે તો આ પગાર વધારો કયી તારીખથી અમલી બનાવવો તે અંગે તેમજ યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના રિડર શ્રી. ડી. એન. પાઠકે પોતાને સિનિયોરિટીને લીધે એક વધુ ઈન્ક્રીમેન્ટ મળવા જોઇએ તેમ માગણી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી પગાર વધારાના ૮૦ ટકા રકમ ગ્રાન્ટ તરીકે તા. ૧-૪-૫૬ થી તા. ૨૮-૨-૫૭ સુધીના ૧૦ માસની મળી છે અને તે પ્રમાણે બીજી પંચવર્ષિય યોજના દરમિયાન મળશે સેક્રેટરીના પત્રમાં વિગત નીચે પ્રમાણે છે:

"I am directed to state that the salaries of Shri D. N. Pathak, Shri H. N. Pathak. Shri D. G. Vashi, Miss T. N. Patel, Readers of the Gujarat University are fixed at Rs. 500/- p.m. each in the grade of Rs. 500-25-800/- w.e.f. 1-4-55. The date of increment of salary for these Readers will be the 1st April every year, subject to postponement on accouut of leave etc. The salary of Shri P. B. Pandit is fixed at Rs. 500/- p.m. w.e.f. 9-7-1956 with the date of next increment on 9-7-1957 etc.")

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં કામ કરતા રીડરો શ્રી. ડી. એન. પાઠક, શ્રી. એચ. એન પાઠક, શ્રી. ડી. જી. વશી અને કુ. ટી. એન. પટેલને તા. ૧-૪-૫૬ થી રૂા. ૫૦૦-૨૫-૮૦૦ ના સ્કેલમાં માસિક રૂા ૫૦૦ ના શરૂઆતનો બેઝિક સેલેરી લેખે પગાર આપવો તથા ડૉ. પી. બી. પંડિત જેની નિમણૂક તા. ૯-૭-૫૬ થી કરવામાં આવી છે તેમને રૂા. ૫૦૦-૨૫-૮૦૦ ના સ્કેલમાં માસિક રૂા. ૫૦૦ નો શરૂઆતનો બેઝિક પગાર આપવો.

(નોંધ:- શ્રી. ડી. એન. પાઠક, શ્રી. એચ. એન પાઠક, શ્રી. ડી જી. વશી અને કુ. ટી. એન. પટેલનો પહેલો પગાર વધારા ઈન્ક્રીમેન્ટ તા. ૧-૪-૫૭ થી થયેલો ગણવો જ્યારે શ્રી પી બી. પંડિતનો પહેલો પગાર વધારો તા. ૯-૭-૫૭ થી થશે.)

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એક વધુ પગાર વધારો આપવાની શ્રી ડી. એન. પાઠકની વિનંતી નામંજૂર કરવી.

૪૯. ફર્સ્ટ યર (પ્રિ-યુનિવર્સિટી યર) ની ફેબ્રુઆરી-માર્ચ ૧૯૫૮ માં યુનિવર્સિટી તરફથી લેવાનારી પરીક્ષાઓ અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓ અંગે કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત

(નોંધ:- કાર્યાલયની નોંધ નીચે પ્રમાણે છે:

"1. (1) The matter regarding fixing of dates for the above mentioned examinations may please be placed before the Syndicate so that the relevant Ordinance may be amended in the light of the Syndicate's decision. The last week in February, or the first week in March should be, in my opinion, the appropriate time when these examinations should be held.

(2) The matter regarding fixing the centres for these examination, may also please be placed before the Syndicate. During the year 1958 will have to be held both the First Year (Pre-University Year) as well as the Intermediate Examinations. It has not, yet been decided as to whether from 1959 onwards we shall also conduct the examination at the end of the First Year in the Three-Year Degree Course which will be equivalent to our Intermediate Examination. It is possible that no examination correspnnding the present Intermediate Examination may be held, in which case the examination at the end of the Pre-University Year will virtually replace our Intermediate Examination. It is however, premature to anticipate what decision the authorities of the University will take in this matter. All the same for the year 1958 we will have to hold both the First Year (Pre-University Year) as well the Intermediate Examinations. Regarding the question as to whether the pre-University Examination should be held at all the places where colleges are situated or at a few centres to be selected in this behalf, in my opinion, it will be worthwhile both from the point of view of economy in expenditure and administrative convenienece to select a few centres

even for the First Year Examination. The Intermediate examination at present is conducted at nine centres. It is, however for the Syndicate to decide the question.

(3) The question regarding the examination fees to be charged for the First Year (Pre-University Year) Examination may also be placed before the Syndicate so that when the decision is taken steps may be taken to amend the relevant Ordinance.

(4) The question regarding prescribing the minimum qualifications for appointments as examiners may also be referred to the Syndicate.

(5) The question regarding remuneration for examinership and supervisorship - both junior and senior may also please be placed before the Syndicate.

2. (1) The question regarding evolving a detailed procedure for the receipt of forms for admission to the examination, preparation of results, laboratory fees for examinations in case of Science Students, etc. may be placed before the Syndicate.

(2) The question regarding the procedure in respect of drawing question papers and making necessary arrangements for printing them may be tackled on the same lines as the present Intermediate Examination question papers.

(3) The entries of marks, compilation of results and issue of certificates regarding the First Year (Pre-University Year) examination will have to be done by the University Office. On a conservative estimate more than 10,000 students will appear in the various First Year Examinations and it will not be possible for the present contingent of the staff to copy up with the additional work. It will, therefore, be necessary to oper a full-fledged separate department called the Department of Examination and to arrange to appoint the necessary additional staff - both supervisory and clerical for the purpose. The question as to how many new posts may be instituted will depend on as to whether the present Intermediate examination will be abolished. We may, therefore, during the year 1957-58, propose to institute in the first instance ten more posts for one year and ten more for a period of six months.)

(4) The question regarding continuing the present system of External Examination in Arts has been referred by the Academic Council to a committee which is expected to meet in April next. Its recommendations will go to the Academic Council in June and the final decision will not be taken till after July or August. It is, therefore. not neccssary at this stage to refer the question of External Examinations to the Syndicate.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ઉપર વિચારણા કરીને જરૂરી ભલામણ કરવા નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ
૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ
૩. ડૉ. વાય. જી. નાયક
૪. શ્રી. એસ. એમ. શાહ

૫૦. ભારત સરકારના કેળવણી ખાતાના સેક્રેટરીના તા. ૬-૬-૫૬ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે Inter-collegiate youth Festival યોજવાનું સૂચન આગામી વર્ષ માટે સ્વીકારવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ અંગે ભારત સરકાર તરફથી કુલ ખર્ચના ૫૦ ટકા પણ રૂા. ૫૦૦૦ થી વધુ નહિ તેટલી રકમ આર્થિક સહાય તરીકે મળવા સંભવ છે. આ અંગે કુલ ખર્ચ રૂા. ૧૫૦૦૦ જેટલો થવા સંભવ છે. યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોની સંખ્યા જોતાં આ કામ મોટી જોખમદારીવાળું અને ખૂબજ ખર્ચાળ થશે. ભારત સરકાર તરફથી મળતી સહાય જેટલી જ રકમ આપણે આપીએ તો પૂરું થાય નહિ અને ખર્ચ ખૂબ વધે તેમ છે.

જો સૂચન સ્વીકારવામાં આવે તો તેને માટે—

૧. જરૂરી આર્થિક જોગવાઈ કરવી પડે.
૨. તે યોજના માટે જરૂરી સ્ટાફ નીમવો પડે.
૩. જરૂરી પરિપત્ર વગેરે કાઢી તેને અંગેનું કામ મે માસ કે જુન માસથી કરવું પડે.
૪. બહારથી આવતા વિદ્યાર્થીઓ અંગે રહેવા, જમવા ઇત્યાદિની ગોઠવણ કરવી પડે.

ઉપર જણાવેલ મુખ્ય મુદ્દા છે. વિગતો નિર્ણય લીધા પછી કમિટી દ્વારા નક્કી કરી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ઇન્ટર કૉલેજિએટ યૂથ ફેસ્ટીવલ યોજવો નહિ.

૫૧. અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના મંત્રી તરીકે શ્રી. ચાન્સ-ચાન્સેલરના આદેશ અનુસાર યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન કામગીરી બજાવે છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના મંત્રી તરીકે યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશને કામગીરી બજાવવાની ચાલુ રાખવી.

૫૨. સને ૧૯૫૭-૫૮ ના વર્ષ દરમ્યાન પ્રિ-યુનિવર્સિટી પરીક્ષાઓનું કામકાજ વધશે તે અંગે તથા ૬૨ વર્ષના એનરોલમેન્ટના કામ માટે નીચે જણાવ્યા પ્રમાણેના વધારાના સ્ટાફની નિમણુક કરવા બાબત.

૧. જુલાઇથી ડિસેમ્બર સુધી ... ... ૬ કારકુન
૨. આખા વર્ષ દરમ્યાન ... ... ૧૦ કારકુન
૩. આ મે માસમા વિદ્યાર્થીઓને માર્કસ સ્ટેટમેન્ટસ વગેરે આપવા આ માસ માટે ૧૦ કામચલાઉ કારકુન.

(નોંધઃ- આમ આ મે માસમાં ૧૦, જુનથી ડિસેમ્બર સુધી ૧૬ અને જાન્યુઆરીથી આવતા જુન સુધી ૧૦ એ પ્રમાણે કારકુનો નીમવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું અને તે મુજબ મે ૧૯૫૭ માં દસ, જુનથી ડિસેમ્બર સુધી સોળ અને જાન્યુઆરીથી આવતા જુન સુધી દસ એ પ્રમાણે જુનિયર કલાર્કસની હંગામી જગાઓ સ્થાપવી.

૫૩. શ્રી. વાઇસ-ચાન્સેલરના બંગલાના ટેલીફોન નં. ૬૧૨૯ ઉપરથી શ્રી. રજિસ્ટ્રારના બંગલામાં એકસ્ટેન્શન લેવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- વાર્ષિક રૂા. ૧૫૭-૮-૦ નું ભાડું આપવાનું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારના બંગલા માટે ટેલીફોનનું એકસ્ટેન્શન મંજૂર કરવું.

૫૪. સેન્ટ્રલ ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યુટ ઇન દિલ્હીના વાર્ષિક રૂા. ૧૦૦ ભરીને આ યુનિવર્સિટીએ કોરપોરેટ સભ્ય બનવા બાબત મજકૂર ઇન્સ્ટિટ્યુટના ઉપપ્રમુખ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યુટનું કોરપોરેટ સભ્યપદ આ યુનિવર્સિટીએ સ્વીકારવું અને તે માટે વાર્ષિક રૂા. ૧૦૦ નું લવાજમ ખર્ચ મંજૂર કરવું.

૫૫. નીચે જણાવેલા વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા બાબત.

	સત્ર	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	બંને સત્રની કુલ હાજરી	ખૂટતી હાજરી	રિમાર્કસ
અ. ગુજરાત કૉલેજ, અમદાવાદ.						
૧. શ્રી. કે. એ. હરિજન ફર્સ્ટ ઇયર આર્ટ્સ.	પહેલું	૬૫	૫૧	૯૨	૩૮	બીજી ટર્મમાં માંદગીનું સર્ટિફીકેટ રજૂ કરેલું છે.
	બીજું	૬૫	૪૧			

	સત્ર	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	બંને સત્રની કુલ હાજરી	ખૂટતી હાજરી	રિમાર્કસ
૨. શ્રી. બી. એ. શાહ સિનિ. બી.એ.	પહેલું	૬૫	૪૬	૯૬	૩૪	મેડિકલ સર્ટિ. રજૂ કરેલું છે.
	બીજું	૬૫	૫૦			
બ. સામળદાસ કૉલેજ, ભાવનગર.						
૧. શ્રી. એમ. એમ. શેઠ જુનિ. બી.એસસી.	પહેલું	૬૫	૫૮	૯૦	૪૦	,,
	બીજું	૬૫	૩૨			
ક. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.						
૧. શ્રી. જે. એચ. પંડયા સિનિ. બી.કૉમ.	પહેલું	૫૬	૫૩	૯૮	૩	,,
	બીજું	૭૨	૪૫		૨૭	

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એ. હરિજન, શ્રી. બી. એ. શાહ, શ્રી. એમ. એમ. શેઠ અને શ્રી. જે. એચ. પંડયાની ખૂટતી હાજરી માફ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નવા શૈક્ષણિક વર્ષથી કોઈપણ વિદ્યાર્થીએ ભરેલી બન્ને સત્રોની કુલ હાજરી ૧૦૦ દિવસથી ઓછી હોય તો તેવા કેસોમાં ખૂટતી હાજરી માફ કરવા નહિ અને ખૂટતી હાજરીનું કારણ માંદગી અગર બીજું ગમે તે હોય તો પણ એવા કેસો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા નહિ. આ માટે કૉલેજોના આચાર્યોને જરૂરી પરિપત્ર આવતા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં મોકલી આપવો.

૫૬. નીચે જણાવેલા સ્ટાફના સભ્યના નામ સામે જણાવેલ કારણસર તેમાં જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડંડ ફંડફાળાની રકમમાંથી મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	કારણ અને રકમ
૧. શ્રી. બાબુલાલ નારણદાસ કડીયા	પોતાની પત્નીની બિમારી અંગે દવા અને ઇન્જેકશનોનું ડૉકટરનું બિલ ચૂકવવા રૂા. ૬૫ ની લોન.

નામ	કારણ અને રકમ
૨. શ્રી. ચુનીલાલ દોલાજી બારોટ	પોતાની માતાની બિમારી અંગે દાક્તરી ઇલાજ કરાવવાના ખર્ચ બાબત રૂા. ૧૦૦ ની લોન.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૭. પોતાની પત્નીની માંદગી અંગે દવા અને ઇન્જેકશનના દાક્તરના બિલના પૈસા આપવાના હોવાથી પટાવાળા શ્રી. મહેન્દ્ર એમ. બ્રહ્મભટ્ટને તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૭૦ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૮. ઇન્સ્ટિટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના વિદ્યાર્થી શ્રી. એસ. એચ. આયરનો એમ.એસસી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નીમાયેલા રેફરીએ સ્વીકાર્યો હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હૂકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૯. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯ ના વિદ્યાર્થી શ્રી. એન. ડબલ્યુ. નેરૂરકરનો પીએચ.ડી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નીમાયેલા રેફરીએ સ્વીકાર્યો હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એસ. જે. કોન્ટ્રાક્ટરનો એમ.એસસી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નીમાયેલા રેફરીએ સ્વીકાર્યો હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હૂકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૧. આ યુનિવર્સિટીમાં ટેક્ષેશન ઍન્ડ પ્રેકટીસ અને લેબર લોઝના ડિપ્લોમા ઇન્સ્ટિટ્યુટ કરવા અંગે સેનેટના અને સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર વિષયના અભ્યાસક્રમ ઘડવા અંગે કાયદાની અભ્યાસસમિતિની ભલામણમાંની નીચેની બાબત ઍકેડેમિક

કાઉન્સિલ અને સિન્ડિકેટે મંજૂર રાખી હોવાથી તે અંગે ઍાર્ડિ. ૧૨૯ માં સુધારો કરવા બાબત.

"ડિપ્લોમા ઇન લેબર લોઝ ઍન્ડ પ્રેકટીસ તથા ડિપ્લોમા ઇન ટેક્ષેશન ઍન્ડ પ્રેકટીસના એમ દરેક ડિપ્લોમા માટે પરીક્ષાની ફી રૂા. ૪૦ રાખવી"

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રેકટીસ તથા ડિપ્લોમા ઇન ટેક્ષેશન ઍન્ડ પ્રેકટીસ એમ દરેક ડિપ્લોમા માટે પરીક્ષાની ફી રૂા. ૪૦ રાખવી તથા તે મુજબ ઍાર્ડિ. ૧૨૯ માં જરૂરી સુધારો કરવો આ સુધારો તાત્કાલિક અમલમાં આવેલો ગણાશે.

૬૨. જુન ૧૯૫૭ થી લેબર વેલ્ફેર ડિપ્લોમા કોર્સ શીખવવો શરૂ કરવાનો હોવાથી તે અંગે એક રિડરની નિમણૂક કરવા બાબતની સિલેકશન કમિટી ઉપર ઍાર્ડિ. ૬૬ (૨) (iii) (b) પ્રમાણે સિન્ડિકેટે નીચેની ત્રણ વ્યક્તિઓની નિમણૂક કરી છે તેમાંથી શ્રી. એસ. આર. વસાવડા મજકૂર કમિટી ઉપર કામ કરવા અશક્ત હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

૧. શ્રી. એ. આર. વાડીયા
૨. શ્રી. એસ. આર. વસાવડા
૩. શ્રી. મદનમોહન મંગળદાસ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. વસાવડાની જગ્યાએ મજકૂર વરણી સમિતિ પર શ્રી. નૂરમહમદ શેખની નિમણૂક કરવી.

૬૩. ૧૯૫૭ ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેઠેલાં ગુજરાત કૉલેજ, અમદાવાદનાં વિદ્યાર્થીની કુમારી મીનાક્ષી એ. દલાલનો સંસ્કૃતમાં લેન્ગ્વેજ ટેસ્ટ તા. ૨-૮-૫૬ ના રોજ લેવાયેલો તો ૧૨ દિવસ મોડા લેવાયેલા લેન્ગ્વેજ ટેસ્ટની મુદત અંગે રાહત આપવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ જણાવે છે કે કુમારી દલાલ શરૂઆતમાં ઈન્ટર સાયન્સના વર્ગમાં બેઠાયેલાં અને પાછળથી ઈન્ટર આર્ટ્સના વર્ગમાં દાખલ થયેલાં જેથી તેમનો લેન્ગ્વેજ ટેસ્ટ તા. ૨-૮-૫૬ના રોજ લેવાયેલો જેમાં તેઓ પાસ થયાં છે. ઍા. ૧૬૪ મુજબ વિદ્યાર્થીએ લેન્ગ્વેજ ટેસ્ટની પરીક્ષા તા. ૨૦મી જુલાઇ પહેલાં પસાર કરવી જોઇએ. આ કેસમાં ૧૨ દિવસ મોડો ટેસ્ટ પસાર કર્યો છે એટલે તે અંગે રાહત આપવાનો પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુમારી મિનાક્ષી દલાલનો સંસ્કૃતમાં લેન્ગ્વેજ ટેસ્ટ ૧૨ દિવસ મોડો લેવાયો છે તે બાબત માફ કરવી.

૬૪. પોઇન્ટ ફોર પ્રોગ્રામની યોજના હેઠળ યુનિવર્સિટીના સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ તેમજ યુનિવર્સિટી સમાજ વિદ્યાભવન માટે નીચે પ્રમાણે બે અમેરિકન નિષ્ણાતોની સેવાઓની એક વર્ષ માટે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ અને સિન્ડિકેટ બહાલી આપે એ શરતે ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યુ દિલ્હી મારફત કરેલી માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

૧. સાયકોલૉજીના નિષ્ણાત
૨. ઇકોનોમિકસના નિષ્ણાત

અથવા

ઇકોનોમેટીકસમાં નિષ્ણાત એવા સ્ટેટિસ્ટીશિયન

(નોંધઃ– સદર માગણી આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટમાં દર્શાવેલ શરતો અનુસાર બહાલ રાખવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પોઇન્ટ ફોર પ્રોગ્રામની યોજના હેઠળ યુનિવર્સિટીના સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ તેમજ યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવન માટે ઉપર પ્રમાણે બે અમેરિકન નિષ્ણાતોની સેવાઓની એક વર્ષ માટે કરેલી માગણીને બહાલી આપવી.

૬૫. "ઇન્ડિયા વ્હીટ લોન એજ્યુકેશનલ એક્સચેન્જ પ્રોગ્રામ" હેઠળ નીચે મુજબની સામગ્રી મળી છે તે અંગે વિચારણા કરવા બાબત.

૧.	મર્ચન્ટ ફીગરમાસ્ટર કેલકયુલેટર	૧
૨.	બાયો–કોલોરીમીટર	૧
૩.	વીસ્કોસીમીટર	૧
૪.	માયક્રો બેલેન્સ	૧
૫.	સ્ટેપડાઉન ટ્રાન્સફોરમર	૧
૬.	રેડીએટર કાઉન્ટર	૧
૭.	મોઇસ્ટર મિટર	૧
૮.	સ્પેન્સર રીસર્ચ માયક્રો સ્કોપ	૧
૯.	એડજેસ્ટેબલ લેબોરેટરી ઇલ્યુમીનેટર	૧
૧૦.	માઇક્રો–ડુમાસ એપરેટસ	૧

(નોંધઃ– નં. ૧ સિવાયનાં બીજા એપરેટસ બાયો કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે હોય તેમ લાગે છે. નં. ૧ કેલ્યુલેટીંગ મશીન છે જે સ્ટેટિસ્ટીકસ ડિપાર્ટમેન્ટ અથવા યુનિવર્સિટી ઑફિસમાં કામ આપી શકે. બાયોકેમિસ્ટ્રીનું ડિપાર્ટમેન્ટ હમણાં આપણે શરૂ કરવાના નથી. આ એપરેટસ

પ્રિન્સિ. આર. પી. પટેલ તથા આણંદના ડૉ. સી. સી. શાહની બદલામણથી સિન્ડિકેટના તા. ૧–૮–૫૩ (બાબત નં. ૯૮) ના ઠરાવ અનુસાર મંગાવ્યાં હતાં.)

(નોંધ:–૨. આ અંગે મજકૂર યોજનાના ડાયરેકટર તરફથી પત્ર આવેલો છે. જેમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:

The India Wheat Loan Office is pleased to inform you that the procurement of scientific equipment for Gujarat University uader the first year's programm has been completed.

All itmes have been procured at an approximate cost of $ 12,418, 72 Ten shipments of this equipment have so far arrived in the port of Bombay and if they have not already been delivered should reach the University in the near future.)

આથી ઠરાવવામાં આવે છે કે 'ઇન્ડિયા વ્હીટ લૉન એક્ષચેન્જ' પ્રોગ્રામ હેઠળ ભેટ મળેલી કુપર મુજબની સામગ્રીનો ઉપયોગ સૂચવવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. શ્રી. એચ. પી. શુકલ
૨. ડૉ. કે. જી. નાયક
૩. ડૉ. એમ. ડી. પટેલ
૪. ડૉ વાય. જી. નાયક

બાબત નં. ૬૬ અને ૭૫ ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી અને તેમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું.

૬૬. તા. 3–3–૧૯૫૭ ના રોજ મળેલ બિલ્ડીંગ કમિટીની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

અને

૭૫. તા. ૫–૪–૧૯૫૭ ના રોજ મળનાર બિલ્ડીંગ કમિટીની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

૧. ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનનું મકાન સમાજ વિદ્યા ભવનના મકાનની ઉત્તરે ૫૦ ફૂટ દૂર ઉત્તર બાજુએ મુખ્ય પ્રવેશદ્વાર રાખીને બાંધવું અને તે પ્રમાણેની તેની ફેરફાર કરેલી ડિઝાઇન અને સાઇટ પ્લાન મંજૂર કરવા.

૨. સાયકોલૉજી ડિપાર્ટમેન્ટના મકાન માટે સમાજવિદ્યા ભવનના મકાન ઉપર એક વધારાનો માળ બાંધવો અને તે અંગેના પ્લાન્સ તથા એસ્ટીમેટસ મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટ માટેનું બાંધકામ હાલના કૉન્ટ્રાકટર પાસે વ્યાજબી દરથી કરાવી શકાય તો તેમ કરવું અને પ્રિન્સિ. એસ. વી. સી. આઇયાના સલાહસૂચનો લઇ વ્યાજબી દર નક્કી કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટના માળ માટે ડ્રેનેજ, સેનીટરી અને ઇલેકટ્રીકલ ફીટીંગ્ઝના ઈન્સ્ટોલેશનનું કામ સમાજવિદ્યા ભવનના મકાનમાં કામ કરતા કૉન્ટ્રાકટરોને ચાલુ દરે સોંપવું.

૩. યુનિવર્સિટી ટાવર અંગે બે નિષ્ણાતો શ્રી ભૂતા અને શ્રી. મહાત્રેના રિપોર્ટ ઉપર વિચારણા કરીને બિલ્ડીંગ કમિટીના અભિપ્રાય સાથે સિન્ડિકેટ સંમત છે અને ઠરાવે છે કે ઘુમ્મટ સહિત ટાવરની ડિઝાઇન છે તે પ્રમાણે જ રાખવી અને બની શકે તો અને તેટલી ટાવરની ઊંચાઇ ઘટાડવી.

નોંધ:- ઊંચાઇનો આ ઘટાડો પાંચ ફૂટથી વધારે કરવાનું શકય નથી. એવો આર્કિટેકટનો મૌખિક અભિપ્રાય શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જણાવ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનો બિલ્ડીંગ કમિટીનો ઠરાવ મંજૂર કરવો.

"ચર્ચાની શરૂઆતમાં શ્રી. વાઇસ-ચાન્સેલરે જણાવ્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ચેરમેન શ્રી. દેશમુખ અમદાવાદ આવ્યા ત્યારે તેઓશ્રીની સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે રૂા. ૧,૫૦,૦૦૦ ની ગ્રાન્ટ લાયબ્રેરીના એકસ્ટેન્શન માટે આપી છે અને તેથી તેનો ઉપયોગ સેનેટરી ઇલેકટ્રીક ફીટીંગ્ઝ માટે ન થઈ શકે. આ જોતાં ઠરાવવામાં આવ્યું હતું કે આ રકમનો ઉપયોગ સેનેટ હૉલ અને યુનિવર્સિટીના મુખ્ય મકાનને જોડતાં કોઇ મકાન માટે કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની નીચેની ભલામણો મંજૂર કરવી:

"શ્રી. વાઇસ-ચાન્સેલરના રૂમ માટેના એર કન્ડીશનીંગ યુનિટ માટે હાલ બહારથી ટેમ્પરરી લાઇન લેવામાં આવેલ છે તે કાઢી નાંખી કાયમી લાઇન મેસર્સ ગુજરાત ઇલેકટ્રીક કંપની લી. પાસે રૂા. ૧,૬૪૧-૧-૦ ના ખર્ચે કરાવવી.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફિસ તથા બંને સ્કૂલ માટેના સાયકલ સ્ટેન્ડની સાઈટ પ્રિન્સિપલ શ્રી આઇયા તથા યુનિવર્સિટી આર્કિટેકટ શ્રી. ગજજરે મળી નક્કી કરવી."

બિલ્ડીંગ કમિટીની બંને સભાની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.

૬૭. યુનિવર્સિટી હોસ્ટેલના પટાવાળા શ્રી. ભગત ડાહ્યા ચૌધરીનું તા. ૨૪-૬-૫૬ના રોજ નોકરીનું એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા બાબત.

આ બાબત અંગે શ્રી. રજિસ્ટ્રારની બાનગી ભલામણ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

૬/૭—૪—૧૯૫૭

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલના પટાવાળા શ્રી. મગન ડાહ્યા ચૌધરીને તા. ૨૫-૬-૫૬થી કાયમ કરવા

૬૮. યુનિવર્સિટીને સોંપાયેલ સી. એચ. હોસ્ટેલમાં રહેતા એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના સ્ટાફના કેટલાક સભ્યોની અમદાવાદ એજ્યુકેશન સોસાયટી મારફત ૩૧-૩-૫૭ પહેલાં હોસ્ટેલ ખાલી કરવા અંગે લખતાં તેમના તરફથી મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલ અરજી ઉપરથી તેમને તારીખ ૩૧-૫-૫૭ સુધી તેમના ચાલુ દરે ભાડે રહેવા દેવા અને ફિઝિકલ રિસર્ચ લૅબો-રેટરીઝ, અમદાવાદના રિસર્ચ વર્કર્સને મજકૂર લૅબોરેટરીના ડાયરેક્ટર તરફથી આવેલી વિનંતી ઉપરથી તેમને તા. ૩૧-૩-૫૮ સુધી તેમના ચાલુ દરે યુનિવર્સિટી હોસ્ટેલમાં ભાડે રહેવા દેવા પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:- આપણી જરૂરિયાત અંગે હોસ્ટેલ્સના રેક્ટર શ્રી. પાઠક જણાવે છે કે આપણને આપવામાં આવેલી બધી સોળ રૂમની ચોક્કસ જરૂર પડશે. ઉપરાંત પ્રસંગોપાત આવતા વિદ્યાર્થીઓ માટે આ ઉપરાંત બીજી આઠથી દસ રૂમની જરૂર રહેશે અને આ બધાની તા. ૨૦મી જુન ૧૯૫૭ સુધીમાં જરૂર પડશે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તેમની પાસેથી શું ભાડું લેતી હતી તે અંગે પુછાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી તથા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સ્ટાફના પરિણિત સભ્યોને ૩૧મી મે ૧૯૫૮ સુધી હોસ્ટેલ્સમાં રહેવાની પરવાનગી આપવી તથા તે માટે હાલ તેઓ જે ભાડું અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને આપતા હોય તે વસુલ તથા બીજાના વપરાશ પ્રમાણે ખર્ચ લેવું.

૬૯. સરકારી ઑડિટર્સની ૧૯૫૪-૫૫ના વર્ષની ઑડિટ નોટના પાન નં. ૨ આઇટેમ નં. ૮ માં જણાવ્યા પ્રમાણે શ્રી વાઇસ-ચાન્સેલરે તેઓશ્રીને સિન્ડિકેટે તેની તા. ૮/૯-૧૨-૫૦ ની સભામાં સ્ટાફની નિમણૂકો કરવા અંગે આપેલી સત્તા અનુસાર આજ દિન પર્યંત કરેલ નિમણૂકોને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૦. સરકારી ઑડિટર્સની ૧૯૫૪-૫૫ ના વર્ષની ઑડિટ નોટના પાન નં. ૩-૪ મુજબ નીચે મુજબના સ્ટાફ સભ્યોને શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમથી પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી લોન આપેલ તેને બહાલી આપવા બાબત.

૧. શ્રી. બી એમ. વૈશ્ય	રૂ. ૪૦૦	તા. ૯—૭-૫૪
૨. શ્રી. એસ. એમ. વ્યાસ	રૂ. ૧૨૦	તા. ૧૧-૧૧-૫૪

૩.	શ્રી. એન. વી. ગોહિલ	રૂા. ૪૦	તા. ૧૧-૧૧-૫૪
૪.	શ્રી. સી. ડી. બારોટ	રૂા. ૩૦	તા. ૪-૧૦-૫૪

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૨. પોતાની તબીયત બહુજ ખરાબ હોવાને અંગે દવાઓ, ઇન્જેકશનો તથા ડૉક્ટરના બીલનાં નાણાં ચૂકવવાનાં હોવાથી પટાવાળા શ્રી. છગન દેવજી ભોપેને તેમના પ્રોવીડંટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૫૦ ની લોન સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધઃ- શ્રી. ભોપેએ અગાઉ લીધેલી લોનના રૂા. ૧૦ હપ્તાના ભરવાના બાકી છે પણ માંદગીના કારણે પૈસાની ખાસ જરૂર હોવાથી રૂા. ૫૦ ની લોન મંજૂર કરવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૨. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, નવસારીના વિદ્યાર્થી શ્રી. પી. ડી. ચંદ્રાતેના પીએચ.ડી. ડીગ્રી અંગેના મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ મંજૂર રાખ્યાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૩. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્રમાંના ઠરાવ નં. ૪, ૬, ૭ અને ૮ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ- આ બાબત આગળ બાબત નં. ૯ માં મૂકવામાં આવી હતી પણ તેમાં જણાવેલી કમિટીની સભા મળી શકી ન હોવાથી ઉપકુલપતિશ્રીના આદેશ અનુસાર આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ફરીથી આગળ બાબત નં. ૯ માં જણાવેલી સમિતિ સમક્ષ રજૂ કરવી.

૭૪. 'Statistics of Universities in India' એ વિષય ઉપર ભારત સરકારના કેળવણી ખાતા તરફથી 'B-1' ફોર્મ ભરવાની તાલીમ આપવા અંગે એક ટૂંકી મુદતનો અભ્યાસક્રમ ઘડી કાઢી તે અંગેનો કાર્યક્રમ મોકલી આપવા બાબતમાં સિન્ડિકેટે તેની સમક્ષ કાર્યાલય તરફથી આ બાબતમાં મૂકવામાં આવેલું સૂચન માન્ય કરવામાં આવ્યું હતું આ અંગે તે કોર્સ એક પખવાડીયું પાછળ શરૂ કરવા અને તે એકજ કેન્દ્રે શરૂ કરવા બાબત તેમના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- આ બાબતમાં કાર્યાલયનું સૂચન હતું કે અમદાવાદ, રાજકોટ અને સૂરત એમ ત્રણ કેન્દ્રો પર તાલીમ આપવી અને તે અનુક્રમે તા. ૧ થી ૬ મે, ૮ થી ૧૩ મે અને ૧૬ થી ૨૩ મે રાખવી અને તે અંગેનો અંદાજી ખર્ચ રૂા. ૧૦૦૦ હતો.

નવા સૂચન પ્રમાણે જો અમદાવાદ એકજ કેન્દ્ર રાખવામાં આવે તો ૧૫ દિવસનો બધી કૉલેજો માટેના સળંગ તાલીમ કોર્સનો ખર્ચ આશરે રૂા. ૨૫૨૫ જેટલો થાય જ્યારે એક ટુકડીમાં અમદાવાદ, નડિયાદ, વિસનગર અને પેટલાદની કૉલેજોનો વિભાગ અને બીજી ટુકડીમાં સૌરાષ્ટ્ર, સૂરત, નવસારી અને ભરૂચની કૉલેજોનો વિભાગ એમ બે વિભાગમાં એક જ કેન્દ્રે દરેક માટે એકેક અઠવાડીયાનો તાલીમ વર્ગ રાખવામાં આવે તો ખર્ચ આશરે રૂા. ૧૩૦૦ જેટલો થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ખાતે એક જ કેન્દ્ર રાખીને બે ટુકડીઓમાં તાલીમ આપવા માટેની વ્યવસ્થા કરવાનું કાર્યાલયનું સૂચન મંજૂર કરવું તથા તે માટેનું રૂા. ૧૩૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૭૬. તા. ૫–૪–૧૯૫૭ના રોજ મળનાર 'Unfair means Committee' ના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર "અનફેર મીન્સ" કમિટીની નોંધ મંજૂર કરવી.

(સમિતિની સભાની નોંધ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૭૭. તા. ૫–૪–૧૯૫૭ના રોજ મળનાર ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી.

(ફાઇનાન્સ કમિટીની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૭૮. સિન્ડિકેટ સમક્ષ નીચેના ઠરાવ મૂકવા બાબત શ્રી. બિહારીલાલ પો. શાહ તરફથી આવેલ પત્ર.

"દેશ સ્વતંત્ર કારણે થવાને છેલ્લા દસ વર્ષમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં અસાધારણ ઉત્સાહ દેખાય છે. આ માંગને પહોંચી વળવા ગુજરાત યુનિવર્સિટીની હકૂમત નીચે દરેક વિષયની કૉલેજોની સંખ્યામાં સારો એવો વધારો પણ થયો છે. આમ છતાં કેટલાક વિદ્યાર્થીઓ કૉલેજમાં પ્રવેશ મેળવવાની અશ્રદ્ધામાં એકથી વધુ કૉલેજોમાં પ્રવેશ માટે અરજી કરે છે અને તેના કારણે વિદ્યાભ્યાસી વિદ્યાર્થીઓની ખરી સંખ્યા કરતાં સત્રની શરૂઆત પહેલાં ઘણી મોટી સંખ્યા દેખાય છે. આથી કૉલેજોના સંચાલકો પ્રવેશની અરજીઓના નિકાલ માટે કેટલીક કૃત્રિમ મુશ્કેલી અનુભવે છે અને વિદ્યાર્થીઓ જુદી જુદી જગાએ પ્રવેશ મેળવીને ફી ભરીને બીજા વિદ્યાર્થીઓને અટકાયત કરે છે. પોતાની પસંદગીની કૉલેજ ન મળે તે ડરથી વિદ્યાર્થી બેવડી ફી ભરે છે અને તેથી તેને આર્થિક નુકશાન પણ વેઠવું પડે છે. આ સંજોગોમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે કૉલેજોમાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે જે અરજીઓ કરે તે તમામ અરજીઓનો નિકાલ થાય તેની જાહેરાત બધીજ કૉલેજો સત્રની

શરૂઆતમાં વહેલામાં વહેલી તકે એકજ દિવસે કરે અને તે બાબતનો સમય અને તારીખ નક્કી કરવા શ્રી. ઉપકુલપતિને સત્તા આપવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના આચાર્યોનો અભિપ્રાય પૂછાવવો.

૭૬. નીચે જણાવેલા વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા બાબત.

એમ. એન. કૉલેજ-વિસનગર

	નામ	વર્ગ	પહેલા ટર્મની હાજરી	બીજા ટર્મની હાજરી	કુલ હાજરી	કેટલી હાજરી ખૂટે છે.	કારણ
૧.	શ્રી. એમ. ડી. પટેલ	એફ.વાય. સાયન્સ.	૪૧	૯૭	૧૩૮	૮ વધારે છે.	પોતે ગરીબ હોવાથી ચોમાસામાં પોતાના ગામથી રેગ્યુલર આવી શકાતું ન હતું ઉપરાંત નદીમાં પૂર આવેલું હોવાથી કૉલેજમાં રેગ્યુલર આવી શકાય તેમ ન હતું.
૨.	શ્રી. ડી. એસ. પંડયા	,,	૪૦	૫૮	૯૮	૩૨	માંદગીને અંગે હાજરી ખૂટે છે.
૩.	કુ. એ. એ. મજમૂદાર	એફ.વાય. આર્ટ્સ	૫૦	૭૫	૧૨૫	૫	પોતાના પતિની માંદગીને લીધે કૉલેજમાં હાજર રહી શકેલ નહિ. પતિની માંદગીનું સર્ટિફીકેટ સામેલ છે.
૪.	શ્રી. કે. એમ. જગાણી	ઈન્ટર સાયન્સ	૪૯	૭૭	૧૨૬	૪	પોતાના પિતાજીની માંદગી અંગે તેમની સારવાર કરવાની હોવાથી બહારગામ જવું પડેલ.

નામ	વર્ગ	પહેલા ટર્મની હાજરી	બીજા ટર્મની હાજરી	કુલ હાજરી	કેટલી હાજરી ખૂટે છે.	કારણ
૫. કુ. એલ. આર. પંડિત	ઇન્ટર આર્ટ્સ	૫૫	૭૨	૧૨૭	૩	ઘરકામ અંગે કૉલેજમાં રેગ્યુલર હાજર રહી શકેલ નહિ.
૬. શ્રી. બી. કે. ગઢવી	,,	૫૫	૭૨	૧૨૭	૩	કૉલેજમાં મોડા દાખલ થવાથી હાજરી ખૂટે છે.
ગુજરાત કૉલેજ, અમદાવાદ						
૧. શ્રી. એ. એમ. વહોરા	એફ.વાય. આર્ટ્સ	૫૧	૪૮	૯૯	૩૧	માંદગીને અંગે હાજરી ખૂટે છે.
સાર્વજનિક લૉ કૉલેજ, સુરત						
૧. શ્રી. એ. એ. ગોલંદાજ	પહેલી એલ.એલ.બી.	૪૦	૮૧	૧૨૧		અનિવાર્ય સંજોગોને લીધે કૉલેજમાં મોડા દાખલ થયેલા.
૨. શ્રી. આઇ. એ. શેખ	,,	૫૦	૭૭	૧૨૭		મદ્રાસ ઇન્સ્ટિટ્યુટમાં દાખલ થવા માટે અરજી કરેલ અને તેના જવાબની રાહ જોવાને લીધે કૉલેજમાં મોડા દાખલ થયેલ.
એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ						
૧. શ્રી. એ. સી. સોની	સિનિ. બી.કૉમ.	૪૫	૫૦	૯૫	૩૫	માંદગીને લીધે હાજરી ખૂટે છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા બધા વિદ્યાર્થીઓ શ્રી. એમ. ડી. પટેલ, શ્રી. ડી. એસ. પંડયા, શ્રીમતી એ. એ. મજમૂદાર, શ્રી. કે. એમ. જગાણી, કુમારી એલ. આર. પંડિત, શ્રી. બી. કે. ગઢવી, શ્રી. એમ. એ. વહોરા, શ્રી. એ. એ. ગોલંદાજ, શ્રી. આઇ. એ. શેખ અને શ્રી. એ. સી. સોનીની ખૂટતી હાજરી માફ કરવી.

૮૦. અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની દસમી બેઠકમાં પસાર થયેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ સાલથી એકાઉન્ટ્સ ખાતાના કામ માટે રૂા. ૧૫૦ ની એલાવન્સની રકમ મંજૂર કરવી અને તે રકમ ખાતાના માણસોને તેમના કામના પ્રમાણમાં અસંતોષ ન થાય તેવી રીતે વહેંચણી કરી આપવાની સત્તા રજિસ્ટ્રારને આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર લોકલ સ્પોર્ટ્સ કમિટીનો ઉપરનો ઠરાવ મંજૂર કરવો.

૮૧. શ્રી. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની આવેલી રૂા. ૨૬૭-૪-૦ ની ખાંધ ભરપાઇ કરી આપવા બાબત કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની આવેલી રૂા. ૨૬૭.૨૫ રૂપીયા બસો સડસઠ ૨૫ નયા પૈસાની ખાંધ ભરપાઇ કરી આપવી તથા તે માટે રૂા ૨૬૭.૨૫ રૂપીયા બસો સડસઠ ૨૫ નયા પૈસાનો ખર્ચ મંજૂર કરવો.

૮૨. ઇકોનોમિકસ વિષય સાથે એમ.કૉમ. ની ડીગ્રી બીજા વર્ગમાં પસાર કરી હોય તો તેને લેકચરરની નિમણૂક માટે ઇકોનોમિકસ વિષય સાથે એમ.એ. ની ડીગ્રી બીજા વર્ગમાં પસાર કરનાર વ્યક્તિની લાયકાત બરાબર ગણી શકાય કે કેમ તે અંગે પેટલાદ કૉલેજ, પેટલાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ – આ અંગે કૉમર્સ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય મંગાવતાં નીચે પ્રમાણે જવાબ આવ્યો છે:

"If you will kindly look up the M.Com. Syllabus of this University you will find that most of the papers at M.Com. are in applied Economics and not in pure economic theory. A M.Com. Class II may not find it esay to teach economic theory."

આથી ઠરાવવામાં આવે છે કે ઇકોનોમિકસ વિષય સાથે એમ.કૉમ. ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરેલા શિક્ષકને આર્ટ્સ ફૅકલ્ટીમાં લેકચરર તરીકે નીમી શકાય નહિ એમ પ્રિન્સિપલને જણાવવું.

૮૩ સાર્વજનિક લૉ કૉલેજ, સુરતને તા. ૨૦-૬-૫૭ થી એલ.એલ.બી. ડીગ્રીના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી નીચેની શરત અંગે લખતાં તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"That at least one member of the teaching staff besides the Princip l be raised to the status of a Professor."

(નોંધ:– પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે હાલના લેકચરર શ્રી ડી ડી. દેસાઈને ૨૯ી જુન ૧૯૫૭ થી રૂા. ૩૦૦–૧૫-૪૫૦ ના પે સ્કેલમાં પ્રોફેસરની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. શ્રા. ડી. ડી. દેસાઇની કેળવણી વિષયક લાયકાત અને અનુભવની વિગત નીચે પ્રમાણે જણાવી છે:

Degrees :– B.A. Passed in 1938 April with History and Economics in Pass Class.

LL.B.–Passed in 1940 April in Second Class.

Experience :– (a) Practised from 1940 October to 1948 February as pleader in Surat Courts.

(b) Experience of being a full time lecturer in Law in the Sarvajanik Law College for the period of nine years i.e. from 15th June 1948 till today.)

આથી ઠરાવવામાં આવે છે કે સાર્વજનિક લૉ કૉલેજને તા. ૨૯–૬–૫૭ થી એલ.એલ.બી. ડિગ્રીના અભ્યાસક્રમ માટે કાયમી જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૮૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના શ્રી. એમ. જી. દેસાઇને ફ્રેન્ચના તેમજ અંગ્રેજીના વિષયના પ્રોફેસર તરીકે ગણવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– આ અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ જણાવે છે કે શ્રી. દેસાઇ બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢમાં તા. ૨૯-૧–૫૫ ના રોજ ફ્રેચના આસિ. પ્રોફેસર તરીકે જોડાયા. ત્યાં તેઓ એફ. વાય. આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સના વર્ગોમાં ફ્રેન્ચ શીખવવા અને ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટના તે વખતના પ્રોફેસર નાકવાને ઈંગ્લીશ કમ્પોઝીશનનો વિષય લઇને મદદ કરતા. જુલાઇ ૧૯૩૭માં તેઓ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ રાજકોટમાં આવ્યા અને એફ. વાય. આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓને ફ્રેન્ચ તેમજ અંગ્રેજીના વિષયો શીખવતા. ૧૯૪૦ માં જ્યારે આ કૉલેજ ફર્સ્ટ ગ્રેડ કૉલેજ થઇ ત્યારે તેઓ એફ. વાય. આર્ટ્સ, ઇન્ટર આર્ટ્સ, બી.એ, એફ. વાય. સાયન્સ અને ઇન્ટર સાયન્સના વિદ્યાર્થીઓને ફ્રેન્ચ વિષય શીખવવા. ૧૯૪૭ પછી કૉલેજ વિસ્તૃત થઇ અને શ્રા. દેસાઇ આર્ટ્સ સાઇડમાં એફ.વાય. આર્ટ્સ અને સાયન્સ સાઈડમાં એફ.વાય. સાયન્સમાં અને એફ. વાય. આર્ટ્સમાં એડીશનલ ઈંગ્લીશનો વિષય શિખવવો નિયમિત રીતે શરૂ કર્યો. પ્રિન્સપલ જણાવેછે કે આ બધી વિગત અને વ્યવસ્થા મુંબઇ અને ગુજરાત યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિઓએ જોઈ તપાસી મંજૂર કરેલી છે. અને મજકૂર કૉલેજને આર્ટ્સ સાઇડમાં કાયમનું જોડાણ આપેલું છે. શ્રી. દેસાઇની શૈક્ષણિક લાયકાત વગેરે નીચે પ્રમાણે છે:

Prof. M. G. Desai Prof. of French 12 years Rs. 260/-	B.A. Hon. French (Bom) 1929 M.A. (Bom) 1931 Prin. French, Subs. English LL.B. (Bom) 1932.	As Asstt. Prof. of French, Bhauddin college; Junagadh (1935-57- 2½ Yrs. As Prof. of French, Dhar- mendrasinhji College, Rajkot. 12 years.	+ F.Y. Arts. + Int. Arts. + B.A.	French French French

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. દેસાઇને ફ્રેન્ચ તેમજ અંગ્રેજી વિષયના શિક્ષકના વિષય તરીકે કામ કરવા પરવાનગી આપવી.

૮૫. પોતાની પત્નીની બિમારી તેમજ ડીલીવરી અંગે ડૉક્ટર તેમજ નર્સના બીલના પૈસા ચૂકવવાના હોવાથી પટાવાળા શ્રી. મોહન રઘુનાથ જાદવને તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમમાંથી રૂા. ૧૫૦ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૬. નીચે જણાવેલા અનુસ્નાતક ખાતાઓ ખોલવા અંગે સેનેટે નીમેલ સભ્યો અને સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિના સભ્યોએ સંયુક્ત રીતે તૈયાર કરેલ રિપોર્ટ.

૧. કેમિસ્ટ્રી
૨. મેથેમેટિકસ
૩. ફિઝિકસ
૪. બૉટાની
૫. હિસ્ટ્રી

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે સેનેટે નીમેલ સભ્યો અને સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિના સભ્યોએ સંયુક્ત રીતે તૈયાર કરેલ નોંધ મંજૂર કરવી.

(નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૮૭. સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટ અંગે એસ્ટાબ્લીશમેન્ટ સ્ટાફની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટમાં નીચે પ્રમાણે એસ્ટાબ્લીશમેન્ટ સ્ટાફની નિમણૂક માટેની મંજૂરી આપવીઃ

૧.	સ્ટેનોગ્રાફર	એક
૨.	સિનિયર કલાર્ક	એક
૩.	જુનિ. કલાર્ક-ટાઈપીસ્ટ	એક
૪.	પટાવાળા	બે

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

નં. સિ. ૨૨૮૮૦-૮૯૭- ૧૯૫૭,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૪-૯-૧૯૫૭.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૫

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનનાં ટેન્ડરો અંગે યુનિવર્સિટીના આર્કિટેકટ શ્રી. આત્મારામ ગજજરે કરેલા પત્રવ્યવહાર અંગે નીચેના ઠરાવ અનુસાર નિમાયેલી સમિતિની એક સભા તા. ૨૧-૩-૧૯૫૭ ના રોજ ઉપકુલપતિ શ્રી. એચ. વી. દ્વિવેટિયાના પ્રમુખપદે મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. એચ. વી. દ્વિવેટિયા ઉપકુલપતિ	હાજર,
૨.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર,
૩.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર,
૪.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૫.	શ્રી. દેવેન્દ્ર જે. જોશી	હાજર,
૬.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પર સિન્ડિકેટની વિચારણા માટે યુનિવર્સિટીના આર્કિટેકટ શ્રી. આત્મારામ એમ ગજજરનો ઑફિસે અભિપ્રાય મંગાવતાં તેમણે મેસર્સ. આર. જી. દેસાઇ શાહ ઍન્ડ કંપનીના ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ હોવા છતાં મેસર્સ. શાહ ઍન્ડ પટવાની સાથે તેમણે પેશ કરેલા ટેન્ડરમાંથી રૂા. ૫,૦૦૦ ઓછા કરવા એ તૈયાર છે કે કેમ એ મતલબનો પત્રવ્યવહાર કર્યો છે એ ગંભીર બનાવની સિન્ડિકેટની આ સભા સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીના કામકાજ અંગે ટેન્ડરોની બાબતમાં ભવિષ્યમાં કદી આવું ન બને તે માટે આ બાબતમાં નીચેના સભ્યોની એક કમિટી નીમી યોગ્ય તપાસ કરીને આર્કિટેકટને સાંભળવાની તક આપીને ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા મજકૂર કમિટીને વિનંતી કરે છે:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ
૪. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૫. શ્રી. દેવેન્દ્ર જે. જોશી
૬. ડૉ. મોતીભાઇ ડી. પટેલ."

સમિતિની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આર્કિટેક્ટ શ્રી. આત્મારામ એમ. ગજ્જરને યુનિવર્સિટીનાં નવાં મકાનોનાં બાંધકામ માટે આર્કિટેક્ટ તરીકે નીમવા નહિ, પરંતુ જે મકાનોનું બાંધકામ હાલ ચાલુ છે તે પૂરું થતાં સુધી તેમને આર્કિટેક્ટ તરીકે ચાલુ રાખવા એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬-૩-૫૭

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૬

A meeting of the Committee Appointed by the Syndicate in its meeting held on 9-2-57 to fix up the detailed requirements in connection with the furniture, Equipment etc. towards the Institution of the Department of Psychology for which an amount of Rs. 25,000/- (for equipment) and Rs. 10,000/- (for furniture) have been already sanctioned by the University Grants Commission was held in the University Office on Monday the 4th March 1957 at 3-00 p.m. when the attendance was as under :-

1.	Principal A. K. Trivedi	Present
2.	Dr. H. P. Maiti	Absent
3.	Dr. Kamla Chaudhari	Present
4.	Prof. V. V. Akolkar	Present
5.	Prin. I. V. Trivedi	Absent
6.	Prof. K. B. Vyas	Present
7.	Prof. M. A. Buch	Present
8.	Prin. L. R. Desai	Present
9.	Prof. B. R. Shenoy	Absent.

At the outset the lists regarding the equipment and Books etc. submitted by some members of the Committee were scrutinised and checked. Also an estimate regarding the office furniture requirements submitted by the office was also examined.

The Committee makes the following recommendations to the Syndicate :-

1. **Re :- Equipment :**

Regarding equipment, Apparatus etc. the Committee recommends to the Syndicate that the requirements of the apparatus be finalised by the Director of the Department of Psychology when appointed, in consultation with the members of this Committee, if necessary.

The Committee in this connection therefore feels inclined to express the opinion that to enable to start the Department from June 1957 the appointment of the Director be made as early as possible.

The members of this Committee are willing to extend their co-operation to the Director when appointed, if the Director finds it necessary to consult any of them in the matter.

2. **Re :-Books :**

The Committee in this connection recommends to the Syndicate that out of the list of Books received and that are yet to be received from a few members, only those books which are common in two or more lists and those which are not in the University Library be purchased immediately and the Director of the Department be left free to select the books for the Department according to their needs.

3. **Re:-Furniture :**

The Committee recommends to the Syndicate that to start with, only the following furniture be purchased at present for the Department :

(1) Instead of Benches about 80 writing chairs be provided, 10% of those should be left handed.

(2) Necessary tables and chairs etc. required for the staff be purchased,

(3) Only one type-writer be purchased.

(4) Only 6 steel racks and 2 steel cabinets be purchased.

Other furniture for the Department and the staff should be ordered out as may be required by the Head of the Department when appointed.

The meeting then terminated.

No. Gen/14019-27 of 1957
Ahmedabad-9.
Dt. 14-3-1957.

J. M. Mehta
for Registrar.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૮

લીગલ કમિટીની એક સભા તા. ૨૦-૩-૧૯૫૭ના રોજ સાંજના ૫-૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧.	શ્રી. વાઈસ-ચાન્સેલર (પ્રમુખ)	હાજર
૨.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર
૩.	શ્રી. ખટુભાઇ એચ. દેસાઇ	હાજર
૪.	શ્રી. બિહારીલાલ પી. શાહ	ગેરહાજર

૧. આ કમિટીની તા. ૯-૨-૫૭ની નોંધને મંજૂર કરવા બાબત.

આ કમિટીની તા. ૯-૨-૫૭ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી.

૨. એફિલિએટેડ કૉલેજોમાં વિદ્યાર્થીઓને દાખલ કરવા સંબંધમાં ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સરકારના શિક્ષણ ખાતાના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી. એન. આર ત્રિવેદીને નીચે મુજબ જવાબ આપવા સિન્ડિકેટને ભલામણ કરવીઃ

"The directive asking the colleges concerned not to admit fresh students from June 1957 was given by the Syndicate with a view to avoiding constrintto restort to the extreme step of taking action under Section 37 of the Gujarat University Act as it would have at a later stage joopardised the interests of students admitted to those colleges and otherwise cause a lot of avoidable inconvenience and embarrassment."

૩. બૉટાનિકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ, પૂનાને અનુસ્નાતક સંસ્થા તરીકે માન્ય કરવા રિજીયોનલ બૉટાનિસ્ટ તરફથી આવેલી અરજી ઉપરના સિન્ડિકેટના ઠરાવ પરત્વે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા માટે બૉર્ડ ઑફ ટિચીંગને મોકલી આપવી."

બૉર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉટેનિકલ સર્વે ઑફ ઇન્ડીયા, વેસ્ટર્ન સર્કલ, પૂનાને તેમજ રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ (National Laboratories)ને અનુસ્નાતક સંશોધન માટે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવા."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍટેનિકલ સર્વે ઑફ ઇન્ડીયા, વેસ્ટર્ન સર્કલ, પૂનાને તેમજ રાષ્ટ્રીય પ્રયોગશાળાને આ યુનિવર્સિટીના સ્નાતકોને સંશોધન કરવા માટે માન્ય કરવામાં કાનુની બાધ આવતો ન હોય તો એ માટે સ્ટેચ્યુટમાં જરૂરી સુધારા કરવા માટે ઘટતાં પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ:– ૧. આ અરજીની વિચારણા સાથે નેશનલ લૅબોરેટરીઝને પણ અનુસ્નાતક સંસ્થાઓ તરીકે માન્ય કરવાનો કેસ વિચારવાનો છે.

૨. ઉપરોકત બાબતો અંગે ગુજરાત યુનિવર્સિટી ઍકટની કલમ ૫ ક્લૉઝ ૪ નીચે મુજબ છે:

૨. ઑફિસ બેરર્સ કબજે મળવા બોલાવીને જરૂર માહિતી મેળવવી તથા
૩. આ અંગે આગળ શું પગલાં ભરવાં તે અંગે સિન્ડિકેટને રિપોર્ટ કરવો.)

સભાનું પ્રમુખસ્થાન સભાગૃહ સંમતિથી શ્રી. બિહારીલાલ પી. શાહે લીધું હતું. સભામાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:

૧. નીચેની માહિતી મોડામાં મોડી મંગળવાર તા. ૨૩-૪-૫૭ સુધીમાં મળે તે રીતે પૂરી પાડવા શ્રી. રજિસ્ટ્રારે સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલને પત્ર લખીને જણાવવું.

શૈક્ષણિક વર્ષ ૧૯૫૬-૫૭ દરમ્યાન સર એલ એ. શાહ લૉ કૉલેજ લૉ સેકશનના સ્ટુડન્ટ્સ યુનિયનના ઓફ્બેઅરર્સ જેમાંનાં એક શ્રી સુમન વ્યાસ જણાય છે, તેમનાં પૂરાં નામ તથા તેમનાં હાલનાં, વેકેશનનાં તથા કાયમી સરનામાં લખી મોકલવા પ્રિન્સિપલને જણાવવું.

(નોંધ::- શ્રી. સુમન વ્યાસ મજકૂર યુનિયનના ઓફ્બેઅરર ન હોય તો પણ તેમનું હાલનું વેકેશનનું તથા કાયમી સરનામું લખી મોકલવા પ્રિન્સિપલને જણાવવું.

૨ આ સમિતિની બીજી સભા શનિવાર તા. ૨૭-૪-૫૭ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે રાખવી.

વધુમાં ઉપર નં. ૧ માં જણાવેલ શ્રી. સુમન વ્યાસ તથા અન્ય તમામ ઓફ્બેઅરરોને તા. ૨૭-૪-૫૭ ની સભામાં હાજર રહેવા શ્રી. રજિસ્ટ્રારે લખી જણાવવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. ૨૨૭૨૧- ૨૩ -૫૭ — ક. ચ. પરીખ
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ, — રજિસ્ટ્રાર
અમદાવાદ-૯. તા. ૨૪-૪-૫૭.

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૬

પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમો, પરીક્ષકોને અપાતાં મહેનતાણું, સ્ટાફના સભ્યોના પગારધોરણો, વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ સાંજના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. એચ. પી. થુકલ	હાજર
૨.	શ્રી. ખટુભાઈ હ. દેસાઈ	હાજર
૩	પ્રિ. એન. આર. દેસાઇ	હાજર
૪.	શ્રી. ડી. જે. જોશી	હાજર
૫.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૬.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર

૧. આ સમિતિની તા. ૧૦-૧-૧૯૫૭ ની સભાએ સિન્ડિકેટને કરેલા રિપોર્ટ ઉપર સિન્ડિકેટે તેની તા. ૯-૨-૧૯૫૭ ની સભામાં મજકૂર બાબતો ઉપર ફરી વિચારણા કરવાનો ઠરાવ કરેલો હોવાથી રિપોર્ટમાં સંકલિત બાબતો ઉપર ફરી વિચારણા કરવા બાબત.

અને

૨. પરીક્ષકોની નિમણૂક અંગેની લાયકાતના નિયમોમાં સુધારાવધારા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બંને બાબતોની વિચારણા મોકૂફ રાખવી.

(નોંધ:- બાબત નં. ૧ અને ૨ પરત્વેના નિર્ણયો આગામી ઑક્ટોબર માસની પરીક્ષાઓ માટે અમલી બને તે ધ્યાનમાં રાખી ફરીથી આ સમિતિની સભા બોલાવવી.)

૩ પગારના દરો વધારવા માટે શ્રી. એન. જે. પટેલ, સ્ટેનોગ્રાફર્સ, હેડ ક્લાર્કસ તથા સ્ટાફના સભ્યોની સંયુક્ત રીતે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૪. યુનિવર્સિટી ઑફિસના નીચલા વર્ગના કર્મચારીઓ તરફથી પગારના દરો વધારવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફિસના સ્ટાફના પગારધોરણમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

		ચાલુ પગારધોરણ	નવું સૂચવેલું પગારધોરણ
૧.	હેડ કલાર્ક	રૂા. ૧૫૦–૧૦-૨૦૦	રૂા. ૧૫૦–૧૦-૨૦૦-ઈબી-૧૦-૨૫૦
૨.	સિનિયર કલાર્ક	રૂા. ૧૦૦-૮-૧૪૦	રૂા. ૧૦૦-૮-૧૪૦-ઈબી-૮-૧૮૦
૩.	કેશિયર	રૂા. ૭૫–૫–૧૫૦	રૂા. ૧૦૦-૮-૧૪૦-ઈબી-૮-૧૮૦

(નોંધ:– કેશિયરનો દરજ્જો સિનિયર કલાર્કના દરજ્જા સમાન ગણવો.)

૪.	જુનિયર કલાર્ક/ટાઇપિસ્ટ	રૂા. ૫૫–૩–૮૫–૪–૧૨૫–૫–૧૩૦	અ. ત્રીજા વર્ગમાં પાસ થયેલા સ્નાતકો માટે: રૂા. ૬૫–૫–૧૧૦–૮–૧૫૦ બ. પ્રથમ અને બીજા વર્ગમાં પાસ થયેલા સ્નાતકોને ઉપર અ. મુજબ, પણ શરૂઆતના પગારમાં એક ઈન્ક્રીમેન્ટ વધારે આપવું. ક. નોન–ગ્રેજ્યુએટ્સ માટે: રૂા. ૫૫–૩–૮૫–૫–૧૪૦
૫.	આસિ. લાયબ્રેરિયન	રૂા. ૨૦૦–૧૦–૨૫૦–ઈબી–૧૫–૪૦૦	રૂા. ૨૦૦–૧૫–૩૨૦–ઈબી–૨૦–૪૦૦.

૬. નાયકની હાલની જગ્યાને જમાદારની જગ્યામાં ફેરવવી અને તેનું પગારધોરણ રૂા. ૪૦–૨–૬૦ રાખવું.

૭. હાલના પટાવાળાઓની ત્રણ જગ્યાઓને નાયકની જગ્યાઓમાં ફેરવવી અને તેનું પગાર-ધોરણ રૂા. ૩૫–૧½–૫૦ રાખવું.

(નોંધ:– ઉપર બાબત નં. ૬ અને ૭ માં થતા ફેરફારને કારણે પટાવાળાની નવી જગ્યા ખોલવી નહિ.)

૮. પટાવાળા અને હમાલનાં પગારધોરણ રૂા. ૩૦-½–૪૦ ને બદલે રૂા. ૩૦–૧–૪૫ રાખવું.

૯. સ્ટેનોગ્રાફરનું પગારધોરણ હાલ છે તે જ પ્રમાણે ચાલુ રાખવું.

૧૦. યુનિવર્સિટી સ્ટાફના કોઇ સભ્યને ઉપરના પગારધોરણના ફેરફારને કારણે હાલ જે એલાવન્સીજ તથા પગાર મળે છે તેમાં કોઇ ફેરફાર કરવો નહિ પરંતુ નવા ધોરણને લીધે જો કોઇ ગ્રેડનો શરૂઆતનો પગાર હાલ મળતા પગાર કરતાં વધારે હોય તો તેઓને નવા ધોરણનો શરૂઆતનો પગાર આપવો.

(નોંધ:–આ બાબતમાં "સિનિયોરિટી"ને કારણે વધુ ઇન્ક્રીમેન્ટ આપવાનો કોઈપણ સભ્યનો દાવો લક્ષમાં લેવો નહિ.)

૧૧. નોન–મેટ્રિકયુલેટ કારકૂન તથા ટાઇપિસ્ટને પ્રમોશન માટે લાયક (એલિજિબલ) ગણવા નહિ.

૫. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૩૧–૧–૧૯૫૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

યુનિયન તરફથી કરવામાં આવેલી માગણીઓ

તા. ૧૭–૪–૧૯૫૭ના રોજનો યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના સેક્રેટરીનો કાગળ પણ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. તે પરત્વે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણો કરવામાં આવી હતી:

યુનિયનનો ઠરાવ નં. ૪

આ અંગે ફરી વિચારણા કરવાની જરૂર નથી.

યુનિયનનો ઠરાવ નં. ૬

એ. કમિટીએ ઉપર પ્રમાણે પગારધોરણમાં વધારો સૂચવેલો હોવાથી હવે કાંઇ કરવાનું રહેતું નથી.

બી. હાલના પ્રોવિડંટ ફંડના નિયમોમાં કોઇ ફેરફાર કરવા નહિ.

સી. હાલના ગ્રેચ્યુઈટીના નિયમોમાં કોઇ ફેરફાર કરવો નહિ.

ડી. પરીક્ષા અંગેના કામકાજને કારણે પરીક્ષાની મોસમ દરમિયાન દરરોજના વધારાના એક કલાકનું કામ કરવા માટે સ્ટાફના સભ્યોને એક મહિનાનો ઝેરોક્સ પગાર તથા એક કલાકથી વધુ કામકાજ કરવા માટે ક્લેરિકલ સ્ટાફને કલાક દીઠ રૂા. ૧ તથા પટાવાળાઓ અને હમાલોને કલાક દીઠ રૂા. ૦–૬–૦ લેખે ભથ્થું હાલમાં આપવામાં આવે છે તે ઉપરાંત બીજા કોઈ પણ પ્રકારના કામ માટે ઓવરટાઇમ એલાવન્સ આપવું નહિ.

ઇ.અનેએફ. મજકૂર બાબતો અંગે હાલના નિયમોમાં ફેરફાર કરવો નહિ.

એચ. આ બાબત પરત્વે સિન્ડિકેટે વિચારણા કરવી.

આઈ.અનેજે. મજકૂર માગણીઓ મંજૂર કરવી નહિ.

કે. મજકૂર માગણી સ્વીકારવી નહિ.

એલ. હાલના રજાના નિયમોમાં કોઈ ફેરફાર કરવા નહિ.

એમ. મજકૂર માગણી સ્વીકારવી નહિ.

એન. રવિવાર કે તહેવારના દિવસે ૪ કલાક કે તેથી વધારે કલાક કામ કરવા માટે સ્ટાફના કોઇ સભ્યને બોલાવવામાં આવે તો તેમને એક બદલાની રજા (એકસ્ચેન્જ લીવ) આપવી.

ઓ.અનેપી. મજકૂર માગણીઓ સ્વીકારવી નહિ.

ક્યૂ. ચોથા વર્ગના નોકરીયાતોને બે સુતરાઉ યુનિફોર્મ દરેક વર્ષે, એક ગરમ કોટ દરેક પાંચ વર્ષે તથા એક છત્રી બે વર્ષે આપવી તથા યુનિવર્સિટીએ યુનિફોર્મ ધોલાઇનું ખર્ચ આપવું.

આર. મજકૂર માગણી સ્વીકારવી નહિ.

એસ. હાલ અપાય છે તે પ્રમાણે ફુલટાઇમ માળી, હમાલ, ભંગી તથા કાયમી ધોરણે નિમાયેલા પટાવાળાઓને એક અઠવાડિક રજા તથા બીજા તહેવારોની માન્ય થયેલી રજા આપવી.

ટી યુ.અનેવી. મજકૂર માગણીઓ સ્વીકારવી નહિ.

યુનિયનનો ઠરાવ નં. ૭

હાલને તબકકે કોઈ વાટાઘાટો કરવાની જરૂર નથી.

યુનિયનનો ઠરાવ નં. ૮

આ અંગે કાંઇ કરવાની જરૂર જણાતી નથી.

૬. જુનિયર કલાર્ક શ્રી. આર. કે. યાજ્ઞિક તરફથી કેશિયર તરીકે કામ કરતા હિસાબ-વિભાગના કર્મચારીને તે કામ માટે ખાસ ભથ્થું આપવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યાજ્ઞિકની માગણી સ્વીકારવી નહિ.

૭. યુનિવર્સિટી કાર્યાલય માટે એક ટેલિફોન ઓપરેટરની જગા સિન્ડિકેટે મંજૂર કરેલી છે તે માટેનો પગારનો દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેલિફોન ઓપરેટરનું પગારનું ધોણુર નોન-ગ્રેજ્યૂએટ ક્લાર્ક ટાઇપિસ્ટનું પગારધોરણ એટલે કે રૂા. ૫૫-૩-૮૫-૫-૧૪૦ રાખવું તથા આ જગ્યા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસની રાખવી.

ત્યારબાદ સભા બરખાસ્ત થઈ હતી

નં. એકા. ૨૪૭૮૧-૮૬: ૧૯૫૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯,
તા. ૨૭ એપ્રિલ ૧૯૫૭

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

સિન્ડિકેટ (ખાસ સભા) ૨૨
૭/૮-૫-૧૯૫૭

From :-**Satyendra Kalidas Zaveri,**
LL.B. Advocate,
Ahmedabad.

Dt. 31st Jan. 1957.

To

The Vice-Chancellor,
The Gujarat University,
Ahmedabad 9.

Subject :-**Resolutions of the General Meeting of the Guj University Employees Union, A'bad.**

Dear Sir,

Herewith are forwarded the resolutions passed in the General Meeting of the Guiarat University Employeer Union held on 20th Jan. 1957 at the Hansraj Pragji Hall, Ahmedabad.

It is forvently hoped that the demands made therein will be conceded at the earliest and the grievances redressed without delay.

Thanking you,

Yours fraternally,
Sd/- **S. K. Zaveri**
Hon. Gen. Secretary,
The Gujarat University
Employees Union,
Ahmedabad.

Resolution No. 4 :

This General Meeting of members of this Union notes with regret the sudden termination of services of Shri A. R. Desai the Assistant Librarian. A sense of insecurity prevails amongst the employees by this unjust and illegal removal of Shri A. R. Desai. Shri A. R. Desai has been victimised and before this Union takes further action in the matter, this General Meeting again requests the University Authorities to reinstate him and re-establish the sense of security.

Resolution No. 6 :

"This General Meeting feels that the present service conditions and remuneration are not at all satisfactory and considers the following as minimum demands which should be conceded by the employers :-

A. The pay scales should be revised as per schedule (Appendix A) attached herewith subject to the following conditions :

(i) If should not affect any employee adversely.

(ii) The employees be given rise in the above scales corresponding to the number of increments granted.

B. The provident fund rules be altered and modified so as to enable every employee who has put in one year's continuous service to get full contribution of the employer together with compound interest @ 4% per annum.

C. On termination of service of an employee by resignation or otherwise he should be given gratuity equivalent to one month's average wages inclusive of all kinds of allowances for every year of service or any part thereof in excess of six months.

D. Overtime for any type of work must be remunerated at the rate twice that of his wages inclusive of all kinds of allowances.

E. The Examination allowance be raised from one month's basic salary to two month's basic salary to two month's salary or wages inclusive of all kinds of allowances and it must be considered part of other salary and wages for the purpose of Provident Fund contribution.

F. Provident Fund be deducted from wages earned, i.e. including all kinds of allowances instead of basic salary.

G. Rule No. 11 regarding termination of service be deleted and a new rule be framed as follows :

Any employee can resign his post by giving one month's previous notice.

H. The employees can prosecute their studies further on condition that their normal duties are not interefered with.

I. Vacancies occuring for higher posts must be filled up by promotions strictly according to the seniority of service, and actual salary being drawn irrespective of the incumbents being graduates or not.

J. Officiating appointments must be made strictly according to the seniority of service and actual salary being drawn irrespective of the incumbents being graduates or otherwise.

K. Provision should be made for free medical aid fot the employees and membets of their family.

L. Leave rules be so modified as to enable an employee to accumulate their leave to the extent of 180 days. It may be further provided that when such maximum number is reached the employee be given leave liberally on demand or that be must be given full wages together with all kinds of allowances for one month in lieu of granting leave for corresponding period of one month which may be deducted from the accumulated leave.

M. Provisions be made for free and compluIsory education for children of the employees studying in High Schools and Higher studies including colleges.

N. The employees must be given double the wages for working on Sunday or such other Holidays.

O. Whenever any employee is asked to officiate or work for any employee for more than 10 days drawing higher salary than himself he must be given additional remuneration corresponding to that periods' wages inclusive of all allowances for that much period of that employee on leave, irrespective of appointment.

P. Whenever any employee is asked to work for the Cashier or the Office Superintendent on Casual Leave or otherwise, he shall be remunerated for such work at the rate of Rs. 5/- and Rs. 7/- per diem respectively, irrespective of the previous appointment.

Q. Woolen Uniforms and Umbrellas be supplied to all Class IV employees every two years.

R. Peons handling cash be given extra allowance of Rs. 15/- p. m.

S. All Class IV employees be given weekly and other Holidays as are enjoyed by other employees.

T. The employees be given casual leave for ½ day as exigencies may require,

U. C.A. at the rate of Rs. 15/- p. m. be given to all the employees as the work place is situated at a great distance from the City.

V. The matters relating to the and affecting the employees be delt with in consultation with their Union of a permanent committee be formed consisting of the representatives of this Union and Employers in equal number."

Appendix 'A'

Scales Demanded

Stenographers :		
(1) In old scales :	...	Rs. 170-10-300-15-375.
(2) In new scales :	...	,, 150-8-230-10-300-15-375.
Head Clerks :	...	,, 200-10-250-15-375.
Senior Clerks :	...	,, 150-8-230-10-250-12½-275.
Cashier :	...	,, 125-5-150-8-230-10-250.
Junior Clerks & Typist :	...	,, 100-5-150-8-190-10-220.
Assistant Librarian :	...	,, 250-20-350-25-500.
Naik :	...	,, 70-2-90-5-100.
Peons, Hamals, Sweepers etc :	...	,, 60-1-70-2-90.

Resolution No. 7 :

This meeting resolves that Shri S. K. Jhaveri. Shri S. S. Vora and Shri R. B. Bhavsar are hereby authorised to negotiate with the Universiry authorities in respect of the demands, in particular the revision of pay scales and other allowances.

Resolution No 8 :

Since the formation of this Union, it is found that the officers are not reating the employees with due respect. Incidents otherwise have been brought to the notice of the Registrar but they have been neglected. This meeting draws the attention of the Vice-Chancellor to the same and Hopes that the will use his good offices and create brotherly relation between the employees and their officers.

ખાનગી

સિન્ડિકેટ (ખાસ સભા)
૨૫/૨૬-૬-૧૯૫૭

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, મંગળવાર તા ૨૫-૬-૧૯૫૭ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેટિયાના પ્રમુખપદે મળી હતી અને બુધવાર તા. ૨૬-૬-૧૯૫૭ ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

	તા. ૨૫-૬-૧૯૫૭	તા. ૨૬-૬-૧૯૫૭
૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેટિયા, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર, ડાયરેકટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૩. શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર	હાજર
૪. શ્રી. એસ એમ. શાહ	હાજર	હાજર
૫. ખટુભાઇ હ. દેસાઇ	હાજર	હાજર

		તા. ૨૫-૬-૧૯૫૭	તા. ૨૬-૬-૧૯૫૭
૬.	શ્રી દેવેન્દ્ર જે. જોશી	હાજર	હાજર
૭.	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇ	હાજર	હાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	હાજર
૧૦.	ડૉ. નાનુભાઇ આર. દેસાઇ	હાજર	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. વાય જી. નાયક	હાજર	હાજર
૧૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર	હાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ	હાજર	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	હાજર	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	હાજર	હાજર.

૧. તા. ૭/૮-૫-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૭/૮-૫-૧૯૫૭ ની સભાની નોંધને મંજૂરી માટે મૂકતી વખતે સિન્ડિકેટના એક સભ્ય પ્રિન્સિપલ એમ. એમ ઠાકોરના તા ૨૧-૫-૧૯૫૭ તથા તા. ૩૦-૫-૧૯૫૭ના બાબત નં. ૫ પરત્વે ઠરાવ થયો ત્યારે "કોરમ" ન હતું તેવી શંકા ઉઠાવતા બે પત્રો સભાગૃહ સમક્ષ શ્રી. રજિસ્ટ્રારે રજૂ કર્યા. તે પરત્વે સભાગૃહે પ્રિન્સિપલ ઠાકોરે ઉઠાવેલો વાંધો કાઢી નાખ્યો. તે પછી નીચેના સુધારા સાથે નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી:

૧. બાબત નં. ૨ નો પેટા-ઠરાવ એક નીચે પ્રમાણે વાંચવો:

"૧. લેકચરર્સ ઇન લેબર વેલફેર : ત્રણ જગા.

નીચે જણાવેલા ઉમેદવારો પૈકી હાજર રહેલા ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા:

૧.	શ્રી. એ. આર. આથવલે	હાજર
૨.	કુ. ટી. સી. વકીલ	ગેરહાજર
૩.	શ્રી. જે. એન. હીમ્સ	ગેરહાજર
૪.	શ્રીમતી ડી. પી. પંડિત	હાજર

ઇન્ટરવ્યૂ લીધા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી ડી. પી. પંડિતની માસિક પગાર રૂા. ૪૫૦થી રૂા. ૨૫૦–૨૫-૫૦૦ ના પગારધોરણમાં લેકચરર ઇન લેબર વેલફેર તરીકે નિમણૂક કરવી પરંતુ તેમને નિમણૂકનો પત્ર હાલ નહિ લખતા યોગ્ય સમયે લખવો. દરમિયાન લેકચરર ઇન લેબર વેલફેરની બીજી એક જગા માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી પહેલા વર્ગમાં એલએલ.બી. પાસ થયા હોય અથવા તો બીજા વર્ગમાં એલએલ.બી. પાસ થયા હોય અને ઓછામાં ઓછાં પાંચ વર્ષનો વકીલાતનો અનુભવ (લેબર કોર્ટની વકીલાતનો અનુભવ ઇચ્છનીય ગણવો) ધરાવતા હોય તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે લાયક ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લઇ નિમણૂક માટે ભલામણ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. શ્રી. હિંમતલાલ પી શુકલ
૨. શ્રી. બટુભાઇ હ. દેસાઇ
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ

નોંધ:– મજકૂર બાબતના પેટા–ઠરાવ ૨ અને ૩ માં કશો ફેરફાર થતો નથી.)

૨. બાબત નં. ૪ નીચે પ્રમાણે વાંચવી:

"આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની તા ૬–૫–૧૯૫૭ ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી તથા જો અને જ્યારે આર્કિટેકટનું કામ પડે તો અને ત્યારે તે કામ માટે નીચેના ત્રણ આર્કિટેકટો પૈકી કોઇ એક આર્કિટેકટને નીમવાની સત્તા શ્રી. વાઇસ–ચાન્સેલરને આપવી:

૧ મેસર્સ આસરપોટા ઍન્ડ આસરપોટા
૨. શ્રી. એલ. કે. નંદવાણા
૩ શ્રી. વી. વી. દોશી.

(બિલ્ડીંગ કમિટીની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)"

૨. નીચેની જગ્યાઓ ઉપર નિમણૂક કરવા બાબત.

૧. લેકચરર્સ ઇન સાયકોલૉજી	બે જગ્યા
૨. લેકચરર્સ ઇન લેબર વેલફેર	ત્રણ જગ્યા.

(નોંધ:– લેકચરર્સ ઇન લેબર વેલફેરની ત્રણ જગ્યાના ચાર ઉમેદવારો પૈકી હાજર રહેલા બે ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લીધા બાદ સિન્ડિકેટે એમ ઠરાવ્યું હતું કે આ બાબતની વિચારણા સિન્ડિકેટની હવે પછીની સભા પર મોકૂફ રાખવી. તે દરમિયાન લેકચરર ઇન લેબર વેલફેરની એક જગ્યા માટે જાહેર ખબર આપી અરજીઓ મંગાવવી વધુમાં લાયક ઉમેદવારોના ઇન્ટરવ્યૂ

લઈ નિમણૂક માટે ભલામણ કરવા એક સમિતિ નીમી હતી જેનો રિપોર્ટ સભ્યોને મોકલી આપવામાં આવ્યો હતો.)

નીચેના ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લીધા બાદ ઠરાવવામાં આવે છે કે લેકચરર્સ ઇન સાયકોલૉજીની બે જગાઓ પૈકી એક પર શ્રી. વિનયકુમાર સિંગની નિમણૂક માસિક રૂા. ૨૫૦ ના પગારથી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ ના પગારધોરણમાં કરવી તથા લેકચરર ઇન સાયકોલૉજીની બીજી જગા માટે ઇન્ડસ્ટ્રીયલ સાયકોલૉજીમાં વિશિષ્ટ લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોની અરજીઓ જાહેર ખબર આપીને મંગાવવી:

૧. શ્રી. બી. એન મુખરજી
૨. શ્રીમતી રોઝ કે. પરીખ
૩. શ્રી. બા. એન. દવે
૪. શ્રી. ઈ. જી. પરમેશ્વરન
૫. શ્રી. એન એ. હનુમંતરાવ
૬. શ્રી. એમ. એમ. પટેલ
૭. શ્રી. ડી. એચ. દેસાઇ
૮. શ્રી. ચિન્મયાનંદ ચમનાજી
૯. શ્રી. કે. બી. વ્યાસ
૧૦. શ્રી. વિનયકુમાર સિંગ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે લેકચરર્સ ઇન લેબર વેલફેરની ત્રણ જગાઓ પૈકી એક પર શ્રી. એ. આર. આથવલેની નિમણૂક માસિક રૂા. ૨૫૦ ના પગારથી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ ના પગારધોરણથી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે લેકચરર ઇન લેબર વેલફેરની બાકી રહેલી એક જગા માટે જાહેર ખબર આપીને અરજીઓ મંગાવવી.

(શ્રીમતી ધીરૂબેન પંડિતનો નિમણૂક કરવાનો ઠરાવ આગળ થઇ ગયો છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે લેબર વેલફેરના ડિપ્લોમાનો અભ્યાસક્રમ જુન-જુલાઇ ૧૯૫૭ થી શરૂ કરવા માટે યુનિવર્સિટી સમાજવિદ્યાભવનના અધ્યક્ષને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં યુનિવર્સિટીની જગાઓ માટે ઉમેદવારોની જે માહિતી સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત કરવામાં આવે તેમાં યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે ઉમેદવારો લાયક છે કે નહિ તેની નોંધ પરિપત્રમાં કરવી તથા યોગ્ય લાયકાત ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવવા કોઇ પણ સભ્ય તરફથી સૂચન આવે તો તે બાબત પર શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ મેળવવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં નિમણૂકની ભલામણો માટે સિન્ડિકેટની એડ હોક કમિટીઓ નીમવી.

૩ **નીચેની જગાઓ ઉપર નિમણૂક કરવા બાબત.**

૧. રીડર ઇન લેબર વેલફેર
૨. ડાયરેકટર ઑન્ડ પ્રોફેસર ઑફ સાયકોલૉજી.

(નોંધ:– ૧. રીડર ઇન લેબર વેલફેર માટે પ્રિન્સિપલ ડી. આર. સામન્તની નિમણૂક માસિક રૂા. ૮૦૦ ના પગારથી રૂા. ૫૦૦–૨૫–૮૦૦ ની ગ્રેડમાં કરવાની સમિતિની ભલામણ મંજૂર કરવામાં આવી અને રૂા. ૧૦૦નું માસિક પર્સનલ એલાવન્સ આપવાની સમિતિની સૂચના સિન્ડિકેટે સ્વીકારી નહિ તે પછી પ્રિન્સિપલ સામન્તનો અસંમતિ-સૂચક તાર આવવાથી આ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૨. વરણીસમિતિની નોંધ પર વિચારણા કર્યા પછી સિન્ડિકેટે ઠરાવ્યું હતું કે પ્રોફેસર ઇન સાયકોલૉજીની જગા માટે ફરીથી જાહેર ખબર આપવી. આ અંગે જાહેર ખબર હજી આપવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની જગાઓ માટે ફરીથી જાહેર ખબર આપી અરજીઓ મંગાવવી.

૪ **એસ. એસ. સી. બૉર્ડના ઠરાવ પ્રમાણે માર્ચ ૧૯૫૭ અને ઑકટોબર ૧૯૫૭ ની એસ.એસ.સી. ની પરીક્ષાઓમાં ભાષાઓના બેઉ પેપરો પૈકી પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૨૫ પણ સરવાળે ૩૫ ટકા એટલે કે ૬૦ માર્કસ મેળવનાર વિદ્યાર્થીને પાસ જાહેર કરવામાં આવે છે પરંતુ આપણા રૂલ. ૬૭૩ પ્રમાણે ૩૫ ટકા જુદા જુદા જોઇએ તેથી આવા કેસોમાં એડમિશન માટે શું કરવું તે નક્કી કરવા બાબત.**

(નોંધ:– આવા ઘણા કેસો આવ્યા હતા તેઓને પ્રોવિઝનલ એડમિશન આપવા માટે કૉલેજોને પરિપત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ.એસ.સી. બૉર્ડની માર્ચ ૧૯૫૭ તથા ઑકટોબર ૧૯૫૭ની પરીક્ષાઓમાં ભાષાઓના બેઉ પેપરો પૈકી (હિન્દી તથા અર્વાચીન ભારતીય ભાષા પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૨૫ પણ સરવાળે ૩૫ ટકા એટલે કે ૭૦ માર્કસ જેટલા મેળવીને પાસ થનાર વિદ્યાર્થીને જો સ્ટેટ્યુટ ૧૭૩ પ્રમાણે અન્યથા લાયક હોય તો તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ–પાત્ર ગણવા તથા યુનિવર્સિટીએ આવા વિદ્યાર્થીઓને આપવામાં આવેલું પ્રોવિઝનલ એડમિશન માન્ય રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે સ્ટેટ્યુટમાં જરૂરી સુધારા કરવા માટે યોગ્ય પગલાં લેવાં.

૫. સર એલ એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના એક ભાગ તરીકે અથવા શહેરમાં એક જુદી કૉલેજ તરીકે ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી શરૂ કરાનાર સેક્શન લૉ કૉલેજને તા. ૨૦-૬-૧૯૫૮ થી બીજી એલએલ.બી. ના અભ્યાસક્રમો સુધીનું જોડાણ આપવા અંગે મજકૂર સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. શુકલ તથા શ્રી. બી. પી. શાહની બનેલી સ્થાનિક તપાસસમિતિએ અમદાવાદ શહેરમાં એક જુદી લૉ કૉલેજ (સર એલ. એ. શાહ લૉ કૉલેજના એક વિભાગ તરીકે નહિ) શરૂ કરવા માટે જરૂરી ભલામણો કરવી.

(નોંધ:- સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલે ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે ગુજરાત લૉ સોસાયટી શહેરમાં એક જુદી લૉ કૉલેજ કરવા માગે છે અને નહિ કે સર એલ. એ. શાહ લૉ કૉલેજના એક વિભાગ તરીકે.)

૬ શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજનું ગુજરાતી અને ઇકોનોમિક્સમાં બી.એ. (સ્પેશિયલ અને જનરલ) તથા ઇંગ્લીશ, સંસ્કૃત અને હિસ્ટ્રીમાં બી.એ. (જનરલ) ડિગ્રીના અભ્યાસક્રમો માટે તા. ૨૦મી જુન ૧૯૫૮ થી જોડાણ ચાલુ રાખવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ તથા પ્રોફેસર આર. બી. આથવલેની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૭ શેઠ બાલાભાઇ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ઑક્ટોબર-નવેમ્બર ૧૯૫૭ થી શરૂ કરાનાર બાલાભાઈ લૉ કૉલેજને ફર્સ્ટ અને સેકન્ડ એલએલ.બી. ના અભ્યાસક્રમો માટે ઑક્ટોબર નવેમ્બર ૧૯૫૭ થી જોડાણ આપવા અંગે મજકૂર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી શ્રી. એન. એસ. શીવન તરફથી આવેલ અરજી.

(નોંધ:- આ સંબંધમાં ઑર્ડિનન્સ ૧૨૦ નીચે પ્રમાણે છે.

"O. 120: All applications for the affiliation, extension of affiliation or continuation of affiliation, of Colleges shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first July of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation, continuation of affiliation or extension shall be accompanied with a fee of Rs. 200/- which will be returned after the same is finally disposed of, but will be forefeited in case the same is withdrawn

The Syndicate reserve to themselves the right to refuse to consider any application received after the aforesaid date.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. શુકલ તથા શ્રી. બિહારીલાલ પી. શાહની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી તથા શ્રી. બાલાભાઇ દામોદરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શરૂ કરવા ધારેલી લૉ કૉલેજને ઑક્ટોબર–નવેમ્બર ૧૯૫૭ થી નહિ પરંતુ જૂન ૧૯૫૮ થી માન્યતા આપવાનો પ્રશ્ન વિચારવા મજકૂર સમિતિને જણાવવું.

૮. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ (આર્ટ્સ સેક્શન) ને બી.એ. (જનરલ ઍન્ડ સ્પેશિયલ) અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, ઇકોનોમિક્સ, હિસ્ટ્રી, ફિલોસોફી, સાયકોલૉજી અને હિન્દી તથા બી.એ. (જનરલ) માં અર્ધમાગધી સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ તા. ૨૦–૬–૧૯૫૮ થી ચાલુ રાખવા અંગે ગુજરાત લૉ સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. પરીખને સ્થાનિક તપાસ કરવા માટે જણાવવું.

૯. ધી શ્રેયસ કૉલેજ, અમદાવાદના ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને ઇન્ટરમિડિયેટ સાયન્સ સુધીના અભ્યાસક્રમો માટે તા. ૨૦–૬–૧૯૫૭ થી તા. ૧૯–૬–૧૯૫૮ માટેના ચાલુ જોડાણ અંગે "તા. ૩૧–૫–૫૭ સુધીમાં ઇંગ્લીશના લેક્ચરર નીમવા" એવી સેનેટે નક્કી કરેલી શરત પરિપૂર્ણ કરવા અંગે લખતાં શ્રેયસના મંત્રી તરફથી આ અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. "શ્રેયસ"ના મંત્રી તરફથી આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે શ્રી. કે. વી. ચોળકીયાને તેમને ત્યાંથી છૂટા કરવામાં આવ્યા છે તેમની જગ્યાએ અંગ્રેજીના બીજા અધ્યાપક માટે જાહેરખબર આપ્યા છતાં કોઇ લાયક કાર્યકર મળ્યા નથી તેથી તા ૩૧ મી મે સુધીમાં નિમણૂક કરવી મુશ્કેલ છે. તેઓએ આ અંગે તપાસ ચાલુ રાખી છે અને કોઈની નિમણૂક થયે લખી જણાવીશું એમ લખે છે.

૨. આ અંગે કાર્યાલય તરફથી લખવામાં આવ્યું છે કે ઓછામાં ઓછી ૨૦ મી જુન સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરીને ખબર આપવી જરૂરી છે અને વધુમાં જણાવવામાં આવ્યું છે કે શરતનું યથાયોગ્ય પાલન નહિ થાય ત્યાં સુધી સરકારને જોડાણ માટે ભલામણ કરવાનું બની શકશે નહિ

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને પંદર દિવસમાં યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવા જણાવવું.

૧૦. ધી ગુજરાત લૉ સોસાયટી કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના બી.કૉમ. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટેના વધારાના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની શરત નં. ૯ બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ તેમના પહેલા પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે.

The Syndicate in its report on our application for extension of affiliation for teaching courses of study for B.Com. has laid down under condition No. 9 that the college does not hold classes before 8-00 a.m I have to request you to reconsider this point. Other local Colleges are holding classes from 7-30 a.m. onwards and similarly we may also be granted the permission to hold classes from 7-30 a.m"

પ્રિન્સિપલ તેમના બીજા પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે.

"Under above referred letters I requested that we may be permitted to hold classes from 7-30 a.m. as is done in other colleges working during morning hours In addition to this I also request that we may be permitted to hold P.T. classes before 7-30 a m. as was permitted hitherto. All the institutions that work during morning hours are permitted to hold classes according to their convenience and almost all of them commence work at 7-30 a.m and P.T. classes before that. There is no reason why we should not be permitted to hold classes from 7-30 a.m. and P.T. Classes before 7-30 a.m.")

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાં સિન્ડિકેટ કશો ફેરફાર કરી શકે નહિ

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલની માગણી પ્રમાણે યોગ્ય ફેરફાર કરવા માટે જરૂરી ભલામણ કરવી.

૧૧. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ તરફથી તા. ૨૦-૬-૧૯૫૭થી શરૂ થનાર કૉલેજના જોડાણ અંગેની શરતોમાંની એક શરત અંગે લેક્ચરર્સ ઇન કૉમર્સની બે જગા પૈકી એક જગા માટે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ કામ કરશે પણ તે ઉપરાંત પાર્ટ-ટાઇમ લેક્ચરરની ઇન ઇકોનોમિક્સની એક જગા માટે બીજો કોઇ સભ્ય ન નીમતાં આ કામ પ્રિન્સિપલ કરી શકે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ બી પી. દ્રુતિયાની શૈક્ષણિક લાયકાત નીચ પ્રમાણે છે.

B Com. II Class B.U.) 1948, M.Com. partly with papers and partly with thesis (B.U.) 1950. Ph D (Eco) University of London, 1956)

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન ઇકોનોમિક્સની એક જગા માટે જુદા નિમણૂક કરવી આવશ્યક છે એમ સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટને જણાવવું.

૧૨. ગુજરાત લૉ સોસાયટી કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ.માં ૧. ઑડિટીંગ અને ઑડિટીંગ અને ૨. બેન્કીંગના સ્પેશિયલ વિભાગો માટે તા ૨૦-૬-૧૯૫૭થી ત્રણ વર્ષ માટે સરકારને ભલામણ કરેલા જોડાણ અંગેની શરત નં. ૧૧ બાબત મજકૂર સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- માનદ્ મંત્રી તેમના પહેલા પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

"In the Syndicate's report on the subject referred above the admission of F.Y. Commerce Class is restricted to 240 (item No 11). We request that this condition may please be modified so as to allow us to have three divisions of F.Y. Commerce i.e. to admit 450 students in F.Y. Commerce Classes. Last year also University had permitted us to have three divisions in F.Y. Commerce Class and we request that this year also we may be granted permission to have three divisions of F Y. Commerce Class. We undertake to make necesssary and adequate provisions regarding accommodation and teaching staff"

માનદ્ મંત્રી તેમના બીજા પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

"I have further to infrom you that Syndicate has already resolved to delete the condition No 11 while considering the question of granting us the extension of affiliation. In the meeting of the Senate dated 22/23-3-57 Principal S. V. Desai moved the resolution to this effect on behalf of the Syndicate and this resolution was unanimously passed. Thus the above condition stands deleted both by the Syndicate and the Senate. Kindly remove the misunderstanding and confirm."

આ અંગે વધારાની જગ્યા અને સ્ટાફ વગેરે અંગે હકીકત મંગાવતાં કૉલેજના પ્રિન્સિપલે તે મોકલાવી આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડી આર. સામન્તને મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસ કરીને હેવાલ સુપ્રત કરવા જણાવવું તથા તેમનો હેવાલ આવ્યેથી આગળ પગલાં લેવાં.

૧૩. શ્રી. સર્વોદય કેળવણીમંડળ, અમદાવાદ સંચાલિત કૉલેજના મકાન અંગેની શરત બાબતમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો નીચે પ્રમાણેનો જવાબ (જાણ માટે).

(નોંધ:- આ અંગે મુંબઈ સરકારને શરતો પરિપૂર્ણ થયા બાબતની જાણ કરેલ જે ઉપરથી ગવર્મેન્ટ નોટિફિકેશન આવી ગયું છે, પણ મકાન જુન ૧૯૫૮ સુધીમાં તૈયાર કરવા માટે કાર્યાલય તરફથી લખેલ તે અંગે આવેલી બાંહેધરી ફક્ત જાણ સારૂ મૂકી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૪. એમ પી શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના બી.એ (સ્પેશિયલ અને જનરલ) તેમ જ બી એસસી. (પ્રિન્સિપલ અને સબ્સીડિયરી) માં અમુક વિષયોના અભ્યાસક્રમો માટે વધારાના જોડાણ અંગે કરેલી અરજી બાબતમાં એફિલિએશન પ્રોસિડીંગ્સ મુંબઇ સરકારને મોકલાવ્યા પછી હવે તેમનો આ અંગેની જોડાણની અરજીઓ પાછી ખેંચી લે છે તે જોતાં તા. ૧૯-૬-૧૯૫૮ ના રોજ પૂરા થતા ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને ઇન્ટરમિડિયેટ સાયન્સનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૮થી આગળ ચાલુ રાખવા માટે ત્રણ

વર્ષનો ડિગ્રી કોર્સ ૧૯૫૮થી અમલમાં આવે છે તે ધ્યાનમાં લઇ અરજી મંગાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત

અને

૨૫ ડી. કે. વી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરનું બી.એ. (જનરલ અને સ્પેશિયલ) તેમ જ બી.એસસી (પ્રિન્સિપલ અને સબ્સીડિયરી) માં અમુક વિષયોના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭થી તા. ૧૯-૬-૧૯૫૯ સુધી આપવા અંગેના એફિલિએશન પ્રોસિડીંગ્સ મુંબઇ સરકારને મોકલાવ્યા પછી હવે તેઓ બી.એ (સ્પેશિયલ એન્ડ જનરલ) સોશિયોલૉજી અને બી.એ. (જનરલ) સાયકોલૉજી માટેના તેમ જ બી.એસસી. (પ્રિન્સિપલ અને સબ્સીડિયરી) ના અભ્યાસક્રમો તા. ૨૦ મી જુન ૧૯૫૭ થી શીખવવાના નથી તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર

(નોંધ:- આ બાબત અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલને જણાવવામાં આવ્યું છે કે જો તેઓ બી.એસસી. ના અભ્યાસક્રમો તા. ૨૦-૬-૧૯૫૮ થી શીખવવાના હોય તો તે અંગે નવી અરજી કરવી જરૂરી છે. જુની અરજીમાં જણાવેલ વિષયો શીખવવાનું મુલતવી રાખી શકાય નહિ ઉપર પ્રમાણે જો તેઓ બી.એસસી. ના અભ્યાસક્રમો તા. ૨૦-૬-૧૯૫૮ થી શરૂ કરવાના ન હોય તો તા. ૧૯-૬-૧૯૫૮ ના રોજ ઇન્ટર સાયન્સના અભ્યાસક્રમો માટે ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ અમલમાં આવવાનો છે તે જોતાં બી.એસસી. ની અરજી ન આવે તો ઇન્ટર સાયન્સનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૮ થી ચાલું રાખવા અરજી મંગાવવી કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે તમામ ઇન્ટરમિડિયેટ કૉલેજો તથા નવી કૉલેજોને ડિગ્રી કોર્સના અભ્યાસક્રમ માટેના શિક્ષણ માટેના જોડાણની અરજીઓ કરવા જણાવવું તથા અરજીઓની મુદ્દતમાં એક માસનો વધારો કરવો.

૨૬. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ, કે જેની બાબતમાં ઇન્ટરમિડિયેટ આર્ટ્સ એન્ડ સાયન્સના અભ્યાસક્રમોના તા. ૨૦-૬-૧૯૫૭ થી તા. ૧૯-૬-૧૯૫૮ સુધીના જોડાણ અંગે મુંબઇ સરકારને ભલામણ કરી છે તેમાં હવે સંસ્કૃત ઉપરાંત, અર્ધમાગધી અને પર્શિયન શીખવવાની પરવાનગી આપવા બાબત શ્રી. નૂતન કેળવણી મંડળ, વલસાડના માનદ્ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- અર્ધમાગધી શ્રી. ટી. એમ. બૂચ શીખવશે એમ માનદ્ મંત્રી તેમના પત્રમાં જણાવે છે. શ્રી. બૂચ સંસ્કૃત (પ્રિન્સિપલ) અને અર્ધમાગધી (સબ્સી.) સાથે એમ.એ. બીજા વર્ગમાં પાસ થયેલા છે તો તેઓ અર્ધમાગધી વિષય ઇન્ટરમિડિયેટ સ્ટેજ સુધી શીખવી શકે કે કેમ તે પ્રશ્ન છે.

પર્શિયન શીખવવા અંગે તેઓ યોગ્ય અને સ્વીકાર્ય પાર્ટ-ટાઇમ લેકચરરની શોધમાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડને જણાવવું કે સંસ્કૃત ઉપરાંત અર્ધમાગધી અને પર્શિયન શીખવવા માટે તેઓ યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો નીમે તો તેમને તે વિષયો શીખવવાની પરવાનગી આપી શકાશે તેમ જણાવવું.

૧૯. નીચે જણાવેલી કૉલેજો બાબતમાં સેનેટે તેમના નામ સામે જણાવેલ સમય અને અભ્યાસક્રમો માટેના જોડાણ અંગે મુંબઇ સરકારને ભલામણો કરેલી છે. પ્રિ-યુનિવર્સિટી કોર્સ અને ત્રણ વર્ષના ડિગ્રી કોર્સ કે જે અનુક્રમે જુન ૧૯૫૭ અને જુન ૧૯૫૮ થી અમલમાં આવે છે તે મુદ્દો ધ્યાનમાં લઇ ઇન્ટરમિડિયેટ સ્ટેજ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૮થી આગળ ચાલુ રાખવા અંગે જે તે કૉલેજો પાસેથી અરજીઓ મંગાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

૧.	શ્રેયસ કૉલેજ, અમદાવાદ.	ઈન્ટરમિડિયેટ આર્ટ્સ ઍન્ડ સાયન્સના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૧૯૫૭ થી તા. ૧૯-૬-૧૯૫૮ સુધીના એક વર્ષના જોડાણ માટે સેનેટે ભલામણ કરી છે.
૨.	સાયન્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર.	,, ,, ,, ,, ,,
૩.	પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	ઈન્ટરમિડિયેટ આર્ટ્સ ,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૧૪ અને ૧૫ માં જે ઠરાવ કર્યો છે તે આ બાબતમાં લાગુ પાડવો.

૨૮. નીચેની કૉલેજો/સંસ્થા અંગે ત્રિવાર્ષિક તપાસસમિતિઓની નિમણૂક કરવા બાબત.

૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન વિભાગ
૨.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.	,, ,, ,, ,,
૩.	એમ ટી. બી. કૉલેજ, સૂરત	,, ,, ,, ,,
૪.	સામળદાસ કૉલેજ, ભાવનગર	વિનયન વિભાગ
૫.	મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ	,,
૬.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	વિનયન અને વિજ્ઞાન વિભાગ
૭.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	
૮.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	કાયદા વિભાગ
૯.	બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.	

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના સ્ટુડન્ટ્સ યુનિયનના ઠરાવની એક નકલ ફૅકલ્ટી ઑફ લૉના ડીન શ્રી એચ. બી. શુકલ તરફ મોકલવામાં આવેલી અને તેમના

સૂચનથી આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકાયેલી તે અંગે સિન્ડિકેટના નીચેના ઠરાવની જાણ શ્રી. સુમન વ્યાસને કરતાં તે બાબતમાં તેમના તરફથી આવેલા ખુલાસાના પત્ર ઉપર વિચારણા કરવા બાબત તથા પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોરને કૉલેજના પ્રિન્સિપલપદ પરથી દૂર કરવા જણાવ્યું છે તે અંગે લૉ સોસાયટી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સુમન વ્યાસ કે જેમણે સર લલ્લુભાઈ શાહ લૉ કૉલેજના સ્ટુડન્ટ્સ યુનિયન વતી યુનિયનના બીજા ઠરાવ પર સહી કરી છે તેમની સામે શિસ્તભંગના આરોપની તપાસ થાય અને તે અંગે અંતિમ નિર્ણય લેવાય ત્યાં સુધી તેમનું સેકન્ડ એલ.એલ.બી. ની પરીક્ષાનું પરિણામ અનામત રાખવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સર એલ એ. શાહ લૉ કૉલેજનું સંચાલન કરતી ગુજરાત લૉ સોસાયટીને તા. ૧૫-૬-૧૯૫૭ સુધીમાં પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોરને કૉલેજના પ્રિન્સિપલના પદ પરથી દૂર કરવા માટે જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટીના તા ૧૩ મી જુન ૧૯૫૭ નં પત્ર પરત્વે સંપૂર્ણ વિચારણા કર્યા બાદ સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે સિન્ડિકેટના આ બાબત પરત્વેના તેના અગાઉના નિર્ણયમાં ફરી વિચારણા કરીને ફેરફાર કરવાની કશી જરૂર જણાતી નથી.

વિશેષમાં સિન્ડિકેટ ઠરાવે છે કે પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોરને સર લલ્લુભાઈ શાહ લૉ કૉલેજના આચાર્યપદેથી દૂર કરીને તા ૧૫મી જુલાઈ ૧૯૫૭ સુધીમાં યુનિવર્સિટીને ખબર આપવા માટે ગુજરાત લૉ સોસાયટીને જણાવવું અને ઉમેરવું કે આ ઠરાવનો અમલ ત. ૧૫મી જુલાઈ ૧૯૫૭ સુધીમાં કરવામાં નહિ આવે તો સિન્ડિકેટ આગળ યોગ્ય પગલાં લેશે

વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની સભામાં થયેલી ચર્ચાને ધ્યાનમાં લઇને શ્રી. સુમન વ્યાસ પાસેથી જરૂરી ખુલાસો તથા માહિતી મંગાવવા.

નોંધ:- આ બાબત પરત્વે પત્રવ્યવહાર કરવા શ્રી. રજિસ્ટ્રારે ફૅકલ્ટી ઑફ લૉના ડીનનાં સલાહસૂચનો લેવાનુ ચાલુ રાખવું.)

૨૦. એમ. પી શાહ મેડિકલ કૉલેજ, જામનગર અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મુલાકાતીઓએ જે ભલામણો કરેલી તેના અમલ અંગે મજકૂર કૉલેજને લખતાં તે અંગે લોકલ સેલ્ફ ગવર્મેન્ટ ઍન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી તરફથી ઉપરોક્ત બાબતમાં કૉલેજના પ્રિન્સિપલના જવાબોની બે નકલ આ યુનિવર્સિટીની જાણ માટે મોકલી આપ્યા બાબત આવેલ પત્ર.

(નોંધ:- સેક્રેટરી તેમના પત્રમાં જણાવે છે કે જવાબો ઉપરથી દેખાશે કે મુલાકાતીઓનાં સૂચનોનો અમલ જેમ બને તેમ જલદી કરવા અંગે પગલાં લેવાઈ રહ્યાં છે અને આ અંગે વધુ રિપોર્ટ જુન ૧૯૫૭ માં મોકલવામાં આવશે.

નીચે દર્શાવેલ મુદ્દાઓ અંગે તેમની સામે જણાવ્યા પ્રમાણે જવાબો આવ્યા છે:

II. **Staff-Anatomy Dept.**	**Reply**
(i) Professor	No specific date for appointment of another person vice. Dr Dass can be given
(iii) Senior Lecturer in Embryology	They regret to give spe ific date of appointment.
Physiology and Biochemistry	
(ii) Senior Lecturer	As per II (iii) above
IV. **Technical and Ministorial Staff Technicians**	
There is only one Technican in the Bio-Chemistry Dept. Two more for Anatomy and Physiology Depts. need be provided.	There are three permanent post of Technicians with mini-B.Sc. qualifications. (One for Anatomy-Shri S. P. Desai, B.Sc.) (One for Physiology-Shri K. C. Patel, B.Sc.) (One for Biochemistry-Shri Talwalkar, M Sc.)
V. **Buildings**	New College building is expected to be ready by Nov. 1957.
VI. **Hospital**	Two floors of 2 extension wings have been completed which will accommodate 80 patients. It is not possible to build accommodation as fast as is desired to provide 120 more beds by Jan 1957. The target of total bed strength of 500 is expected to be reached by April 1958.
VII. **Staff of the Clinical Dept.**	They are expected to be ready by April 1958. Following quarters are expected to be completed before May 1957.
Quarters	
(Teaching Staff)	Principal-One Professors-four Junior Lecturers-Ten.

Hostel for students	
Admissions restricted upto 60 only, if it is not constructed.	2 blocks for 100 men students in each and 1 block for 100 women students are expected to be ready by May 57 and the rest by April 1953.
Head of the Institution	The Principal would take over the Hospital and his designation will be Principal and Superintendent.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. ધી શ્રેયસ કૉલેજ, અમદાવાદના ઇંગ્લીશ લેક્ચરર શ્રી. ધોળકીયાને ઇંગ્લીશના લેક્ચરર તરીકે માન્ય રાખી શકાય કે કેમ તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. આ બાબતમાં અંગ્રેજીના અભ્યાસસમિતિના પ્રમુખ અને આર્ટ્સ ફૅકલ્ટીના ડીન શ્રી. કે. એલ. દેસાઈ, શ્રી. ધોળકીયાની અરજી ઉપરથી અભિપ્રાય જણાવે છે કે શ્રી. ધોળકીયા નીચેની લાયકાત ધરાવતા હોવાથી યુનિવર્સિટીના નિયમો પ્રમાણે લેક્ચરરની જગા માટે લાયક ગણી શકાય નહિ.

B.A. (Class I) (Bom. Uni.) with Sanskrit & English 1911

૨. પ્રિન્સિપલ કે એલ. દેસાઇના આવેલા આ પત્ર પછી શ્રેયસ કૉલેજના મંત્રી તેમના તા. ૨૯-૫-૧૯૫૭ના પત્રમાં જણાવે છે કે શ્રી. કે. વી. ધોળકીયા અમારે ત્યાંથી છૂટા થયા છે. આ અંગે અલગ આઈટેમ નં. ૯ મૂકવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ધોળકીયાને અંગ્રેજીના લેક્ચરર તરીકે ખાસ કેસ તરીકે માન્ય કરવા.

૨૨. રામનારાયણ ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને ૫૦થી વધારી ૬૦ વિદ્યાર્થીઓને એટલે ૧૦ વધારે વિદ્યાર્થીઓને એડમિશન આપવા અંગેના પ્રશ્નની પુનઃ વિચારણા કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- મજકૂર કૉલેજનાં પ્રિન્સિપલે અગાઉ ૩૦ વિદ્યાર્થી દાખલ કરવા અંગે પરવાનગી માગેલી જે ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટે સ્થાનિક તપાસસમિતિના સભ્યોનો અભિપ્રાય લઈ વિનંતી નામંજૂર કરેલી. હવે આ બાબત પુનર્વિચારણા કરી ફકત ૧૦ વધારે વિદ્યાર્થી દાખલ કરવા વિનંતી કરે છે.

આ બાબતમાં અગાઉ ઍકેડેમિક કાઉન્સિલની શરત નં. ૫ અને ૬ પરિપૂર્ણ થાય છે કારણ કે પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

"The Government has now sanctioned the amounts of Rs. 6000/- for Educational Books and Rs 4500/- for equipments as per Government Resolution No. GCO-3256-U dated 29-3-57."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામભા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને વધુ ૧૦ વિદ્યાર્થીઓને એડમીશન આપવાની મજકૂર કૉલેજના પ્રિન્સિપલની માંગણી મંજૂર કરવી.

૨૩ ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓ કે જે માટે પરીક્ષાર્થીઓને બેસવા માટે સરકારી કૉલેજોનો ઉપયોગ કરવામાં આવે છે તે અંગે લેવતા ભાડાનો દર રોજના રૂા. ૨૫ લેવાનું રાજ્ય સરકારે ઠરાવેલું તે રૂા. ૨૫ ચાર્જ કરવા બાબત મુંબઇ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– આ અગાઉ એક ઠરાવ કરીને મુંબઇ સરકારને હસ્તક ચાલતી કૉલેજોના ઉપયોગ માટે દરરોજના રૂા. ૭૫ લેખે ચાર્જ કરવાનું સરકારે ઠરાવેલું તે સામે વિરોધ નોંધાવી કાર્યાલયે સરકાર સાથે પત્રવ્યવહાર કરેલો. તેના પરિણામે ઉપર મુજબ દરરોજના રૂા. ૨૫ લેખે ચાર્જ લેવાનું ઠરાવ્યું છે.

૨. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે સરકારી કૉલેજોનો ઉપયોગ કરવો કે કેમ તે અંગે પણ વિચારણા કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન આ બાબત પરત્વે ઉપકુલપતિશ્રીએ મુંબઇ સરકારના શિક્ષણ પ્રધાન સાથે ચર્ચા કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પ્રશ્નનો છેવટનો નિકાલ આવે ત્યાં સુધી શકય હોય ત્યાં પરીક્ષાઓ તથા પોલીંગ સેન્ટરો સરકારી કૉલેજોમાં રાખવી નહિ.

૨૪. યુનિવર્સિટી હેન્ડબુકના ઑર્ડિ. ૧૦૩ અનુસાર હોસ્ટેલોની તપાસ કરવા બાબત.

(નોંધ:– ઑર્ડિ. ૧૦૩ નીચે મુજબ છે:

"O. 103:- The Syndicate shall hold periodical Inspection of all Hostels, through the Agency of the Board of students' Welfare.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી

૨૫. એસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગા માટે સિન્ડિકેટના તા. ૭/૮–૫–૫૭ના ઠરાવ અન્વયે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને અરજીઓ મંગાવવામાં આવી છે. આ બાબત સંબંધી જુના આસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઇને રી-ઇન્સ્ટેટ કરવાની માગણી આવેલી તે સિન્ડિકેટે તા. ૧૫/૧૬–૧૨–૫૬ના ઠરાવ પ્રમાણે સ્વીકારી નથી. તે પછી તા. ૭/૮–૫–૫૭ના સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિયનના પ્રતિનિધિઓ સાથે તેમની માગણીઓ અંગે વાટાઘાટ કરવા માટે શ્રી વાઇસ–ચાન્સેલરને સત્તા આપવામાં આવેલી છે. તો આસિ. લાયબ્રેરિયનની જગા પૂરવા માટે હવે શાં પગલાં લેવા તે બાબત તથા શ્રી. એ. આર. દેસાઇના બાનગી કાગળો જોવા દેવાની યુનિયનના પ્રતિનિધિઓની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:- ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના તા. ૨૫-૫-૫૭ ના પત્રની તથા એ શ્રી. એ. આર. દેસાઈની તા. ૨૨-૫-૫૭ ની અરજીની નકલ મોકલવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે એસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઈને રી-ઈન્સ્ટેટ કરવાની યુનિયનની માગણી સ્વીકારવી નહિ તથા શ્રી એ આર. દેસાઇના કેસના ખાનગી કાગળો યુનિયનના પ્રતિનિધિઓને બતાવવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગા પૂરવા માટે આગળના જરૂરી પગલાં લેવાં

૩૦ ફર્સ્ટ ઇયર પ્રિ-યુનિવર્સિટી ઇયરની યુનિવર્સિટી તરફથી ફેબ્રુઆરી-માર્ચ ૧૯૫૮માં લેવાનારી પરીક્ષાઓ અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓ અંગે કાર્યાલયની નોંધ બાબત વિચારણા કરીને જરૂરી ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. યુનિવર્સિટી ટાવર માટે કલોકના વધેલા ભાવ વિષે વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૧૧-૧૯૫૬ ની સભામાં મે. સ્વદેશી ઇલેકટ્રીક કલોક મેન્યુ કું. પાસેથી રૂા. ૧૨૫૦૦ ની કિંમતે મિકેનીકલ કલોક ખરીદવા મંજૂરી આપેલી હતી પરંતુ પાછળથી ટાવરનું કામ બંધ રાખવાનું થતાં કલોકનો પણ ઓર્ડર તા. ૨૪-૧૨-૫૬ ના રોજ પત્ર લખીને રદ કરેલો. પછી ટાવર અંગે અંતિમ નિર્ણય લેવાયા બાદ સ્વદેશી ઇલેકટ્રીક કલોક મેન્યુ. કું. નો ઓર્ડર રીન્યુ કરવા માટે તા. ૨૨-૪-૫૭ ના રોજ પત્ર લખતાં સદરહુ કંપનીએ માલ સામાનના વધેલા ભાવને કારણે મૂળ કિંમતથી સરવાળે સાડાસાત ટકા જેટલી કિંમતની માગણી કરી છે અને આ વધારેલી કિંમતની ઑફર તા. ૨૮-૬-૫૭ સુધી મુલતવી રહેશે એમ એ કંપનીના એજન્ટે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મે. સ્વદેશી ઇલેકટ્રીક કલોક મેન્યુ. કું. ની ઉપર મુજબની સાડાસાત ટકા કિંમતના વધારાની માગણી મંજૂર કરવી.

૩૩. સને ૧૯૫૫-૫૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગેના ઓડિટ ઑફ એકાઉન્ટ્સના અને મેસર્સ. સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કું. ના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૩૪. હિંદ સરકારના કેળવણી અને વૈજ્ઞાનિક સંશોધન ખાતા તરફથી ૧૯૫૭-૫૮ ના વર્ષ માટે વ્યક્તિગત સંશોધન કાર્યકરોને મૂળભૂત સંશોધન અંગે જે તે યુનિવર્સિટીઓ મારફતે આર્થિક મદદ "ગ્રાન્ટ્સ ઈન એડ" આપવાનું મંજૂર કર્યું છે તે અંગે સંશોધન

કાર્યકરોની જે અરજીઓ આવે તે તપાસી જઇ ઉપરોક્ત ખાતાને યોગ્ય અરજદારોની અરજીઓ મોકલવા નક્કી કરવા એક સમિતિની નિમણૂંક કરવા બાબત ડૉ. કે. આર. રામનાથનના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટ્સ-ઇન-એડ માટે આવેલી ત્રણે અરજીઓ ભારત સરકારના કેળવણી અને વૈજ્ઞાનિક સંશોધન ખાતાને મોકલી આપવી.

૪૦. પરીક્ષાનાં પશ્નપત્રો અંગ્રેજીમાં કાઢવા ઉપરાંત તેની સાથે તેનો ગુજરાતી તરજુમો કરવા બદલ તથા પરીક્ષાનાં પેપરો કાઢવા માટે જેટલા દિવસ રોકાવાનું થાય તેટલા દિવસનું હોલ્ટીંગ એલાવન્સ આપવા બાબત પ્રાધ્યિક અને પરીક્ષક શ્રી સી. સી. શાહુ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. સી. શાહુની મજકૂર વિનંતી સ્વીકારવી નહિ.

૪૧. સિન્ડિકેટના ઠરાવ અનુસાર પોઇન્ટ ફોર પ્રોગ્રામની યોજના હેઠળ યુનિવર્સિટીના સાયકોલૉજી ડિપાર્ટમેન્ટ અને યુનિવર્સિટી સમાજ વિદ્યાભવન માટે જે બે અમેરિકન નિષ્ણાતોની સેવાઓની એક વરસ માટે માગણી કરી છે તે અંગે "સ્પોન્સરીંગ ઓથોરેટી" તરીકે આપવાના તેમના સ્થાનિક ખર્ચની તથા રહેઠાણની જોગવાઇ કરવાની જવાબદારી સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. યુનિવર્સિટી તરફથી ડિપાર્ટમેન્ટ ઑફ સાયકોલૉજી શરૂ થવાનું હોવાથી ગુજરાત કૉલેજ, અમદાવાદના સાયકોલૉજીના અનુસ્નાતક કેન્દ્રની અસ્કયામત (Assets) નો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજમાં સ્થાપવામાં આવેલ સાયકોલૉજીના અનુસ્નાતક કેન્દ્રની અસ્કયામતો યુનિવર્સિટીને પાછી આપવા માટે જણાવવું.

૪૪. લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટીસ તથા ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટીસ અંગે વર્ષમાં પરીક્ષા કેટલીવાર લેવી, કયી તારીખે આ પરીક્ષાઓ અંગેનાં ભરેલાં ફૉર્મ સ્વીકારવાં તથા કયી તારીખથી પરીક્ષાઓ લેવી શરૂ કરવી વગેરે વિગતો નક્કી કરી ન હોવાથી તે નક્કો કરી તે પ્રમાણે ઑ. ૧૨૯ સુધારવા બાબત.

(નોંધઃ- ૧. લેબર વેલ્ફેર ડિપ્લોમા અને સર્ટિફીકેટ કોર્સ તેમજ બી.એ.એમ.એસ. ની પરીક્ષાઓ માટે પણ ઉપર જણાવ્યા પ્રમાણેની વિગતો નક્કિ કરી ઑ. ૧૨૯ સુધારવો જરૂરી છે.

૨. આ અંગે કાર્યાલયનું સૂચન નીચે મુજબ છે.

Examination.	How many times held in a year.	Date of commencement.	Date of Applications.	Examination fee.
Dip. in Labour Law and Practice.	Once	3rd Monday in April	Six weeks befor the examination.	Rs 40/-
Dip in Taxation Laws and Practice.	-do-	-do-	-do-	Rs. 40/-
Dip. in Labour Welfare.	-do-	-do-	-do-	Rs. 100/-
1st B.A.M.S.	Twice in a year	2nd Friday in April & October.	One month before the examination.	Rs. 40/-
2nd B.A.M.S.	-do-	-do-	-do-	Rs. 50/-
3rd B.A M.S.	-do-	-do-	-do-	Rs. 75/-

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન પ્રમાણે ઑ. ૧૨૯ સુધારવો તથા સુધારેલો ઑ. ૧૨૯ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૪૫. નીચેની પેટા-ચૂંટણીઓ માટે મતદાન સ્થળ અને ચૂંટણી અધિકારીઓ નીમવા બાબત.

૧. પ્રિન્સિપલો વિ. સહિતનો શિક્ષક મતદાર વિભાગ

૨. રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટસ મતદાર વિભાગ

૩. માન્ય માધ્યમિક શાળાઓનો શિક્ષક મતદાર વિભાગ.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે ચૂંટણી માટે તૈયાર કરેલી યાદી મંજૂર કરવી તથા તેમાં જરૂરી ફેરફાર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી

(યાદીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૬. ઍકસ્ટર્નલ વિદ્યાર્થીઓના ફોટાઓ ઉપર રેકગ્નાઇઝ્ડ સ્કૂલોના હેડ માસ્તરોને સહી કરવા પરવાનગી આપવા બાબત એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્રમાંના સૂચન ઉપર વિચારણા કરી ઑર્ડિ. ૧૭૪ સુધારવા બાબત.

(નોંધ:- ૧. પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે પ્રમાણે સૂચન કરે છે:

"I invite your attention to my suggestion that the candidates may be allowed to produce photos countersigned by the Head Master of a recognised school The reason for this suggestion is that the candidates generally come from villages and they hardly know who are gazetted officers, members of the Senate, etc. and this put them to a very great difficulty, to produce photos signed by them as required by rules."

૨. ઑર્ડિ ૧૭૪-જી. નીચે પ્રમાણે છે:

"A candidate appearing at any external examination shall be required to keep with and produce at the place of Examination his passport size photograph duly signed by him and certified by either (1) a Government Gazetted Officer or 2) A Principal of an affiliated college or (3) a member of the Senate other than a Principal of a college.")

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન પ્રમાણે ઑ. ૧૭૪ ને સુધારવો તથા સુધારેલો ઑ. ૧૭૪ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા ઑ. ૧૭૪-જી. ની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૭. પત્રમાં જણાવેલી શરતોએ એમ.એ. માં "શ્રી. મોહનલાલ લલ્લુભાઇ શુકલ વ્યાકરણ પ્રાઇઝ" આપવા અંગે શ્રી. જે. એમ. શુકલ તરફથી રૂા. ૫૦૦૦ ની તથા આ વર્ષના પ્રાઇઝની રૂા. ૧૫૦ ની આવેલી સખાવત સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સખાવતનો સાભાર સ્વીકાર કરવો, તથા ચાલુ વર્ષના ઇનામ માટે આવેલા રૂા. ૧૫૦ ની રકમનો પણ સાભાર સ્વીકાર કરવો.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે)

૫૦. સને ૧૯૫૫-૫૬ના વર્ષ આખરે ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૬,૮૩,૦૬૭-૧૨-૩ રહેલા છે તો આ રકમમાંથી કોઇ ડયર ભાર્ગવ ફંડ ખાતે ટ્રાન્સફર કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- કાર્યાલયનું સૂચન છે કે આ રકમમાંથી રૂા. ૬,૦૦,૦૦૦ ફંડ ખાતે લેવા.)

આથી ઠરાવવામાં આવે છે કે "યુનિવર્સિટી ડેવલપમેન્ટ ફંડ" એ નામનું એક ફંડ ઉભું કરવું અને તે ખાતે રૂા. ૬ લાખ જમે લેવા.

૫૩. રજિસ્ટ્રાર અને ઉપકુલપતિશ્રીના બંગલાઓના બાંધકામ અંગે ટેન્ડર સિવાયની વધારાની આઇટેમો અંગેના યુનિવર્સિટી આર્કિટેક્ટે બિલ્ડીંગ સુપરવાઇઝરની મદદથી તૈયાર કરેલા દરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રી અને રજિસ્ટ્રારનાં બંગલાઓના બાંધકામ અંગે વધારાની બાબતો માટે યુનિવર્સિટી આર્કિટેકટે સૂચવેલા દર મંજૂર કરવા.

૫૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં એક હમાલ અને એક સફાઇ કામદારની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સમાજ વિદ્યા ભવનમાં એક હમાલ અને એક સફાઇ કામદારની જગાઓ સ્થાપવી.

૫૫. ગુજરાત યુનિવર્સિટીના જર્નલ "વિદ્યા" અંગેનું કામ કરતા સામાન્ય વિભાગના હેડ કલાર્ક શ્રી. કે. સી. જાનીને તે અંગે મહેનતાણું આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- યુનિવર્સિટી બુલેટિન, એકસ્ટ્રા-મ્યુરલ પ્રવૃત્તિઓ વગેરે બાબતોના કાર્ય અંગે યુનિવર્સિટીના અધિકૃત મંડળ દ્વારા મહેનતાણું મંજૂર કરવામાં આવેલ છે. બુલેટિનના કામ માટે વાર્ષિક રૂા. ૩૦૯ થી શ્રી. વી. એમ. દેસાઇને અને માસિક રૂા. ૨૫ શ્રી. જી. એ. દેસાઇને જે તે કામ કરવા બદલ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. મુંબઈ યુનિવર્સિટીમાં લાયબ્રેરી સાયન્સના ડિપ્લોમાનો અભ્યાસ કરવા માટે જવા ઇચ્છિતા ગુજરાત યુનિ. લાયબ્રેરીના કલાર્ક શ્રી. મુલચંદ સી. શાહને તા. ૨૦ ૬-૫૭થી તા. ૨૦-૪-૫૮ સુધીની કંપાતે પગારે રજા આપવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના લાયબ્રેરીના કલાર્ક શ્રી મુલચંદ સી શાહને કપાતે પગારે લાયબ્રેરી સાયન્સના ડિપ્લોમાનો અભ્યાસક્રમ કરવા માટે પરવાનગી આપવી તથા તેમની ખાલી પડેલી જગાએ એક કામચલાઉ જુનિયર કલાર્કની નિમણૂક કરવી.

૫૭. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના વિદ્યાર્થી શ્રી. સી. ટી. ભોપટકરનો પીએચ.ડી. ડિગ્રી અંગેનો મહાનિબંધ પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી આપવા બાબત તેમના અનુસ્નાતક શિક્ષક અને આચાર્ય પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી મારફત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ બાબતમાં બૉર્ડ ઑફ યુનિ. ટીચીંગનો ઠરાવ નીચે પ્રમાણે છે:-

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. ટી. ભોપટકર, તેમજ શ્રી. પી. ડી. ચંદ્ર તેને તેમના પીએચ.ડી. ડિગ્રી માટેના મહાનિબંધો પ્રસિદ્ધ કરવા પરવાનગી આપવી")

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સી. ટી ભોપટકરને અને પીએચ ડી. ડિગ્રી અંગેના તેમના મહાનિબંધ પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી આપવી

૫૮. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના એમ.કૉમ. ના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રિન્ટીંગ, સ્ટેશનરી વગેરે અંગે જરૂરી ખર્ચ રૂા. ૨૩ ઉપરાંત રૂા. ૩૧-૨-૬ નું વધારે ખર્ચ કરેલ છે તેમજ જરૂરી એડમિનિસ્ટ્રેશન ખર્ચ રૂા ૧૪૬ ઉપરાંત રૂા. ૧-૦-૦ નું વધારે કરેલ છે તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ પાસેથી ખુલાસો મંગાવતાં તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઉપર જણાવેલ વધારે ખર્ચ થયા બાબતમાં પ્રિન્સિપલ જણાવે છે કે પ્રિન્ટીંગ, સ્ટેશનરી, વગેરે અંગેના ખર્ચ બાબત કાર્યાલય તરફથી મોકલેલા પરિપત્ર પહેલાં તે ખર્ચ થયેલ છે પણ તેઓ ખાસ નોંધે કે આવતા વર્ષે આ બાબતમાં ખર્ચ ઘણો ઓછો થાય. એડમિનિસ્ટ્રેશન અંગે થયેલા રૂા. ૧ ના વધારે ખર્ચ બાબતમાં તેઓ જણાવે છે કે લાગતાવળગતા માણસો વચ્ચે રકમની યોગ્ય વહેંચણી થાય તે હિસાબે રૂા. ૧ વધારે ખર્ચ થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૫૭-૫૮ માં વધારાના વહીવટી ખર્ચનું એડજસ્ટમેન્ટ કરે તે શરતે સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના અનુસ્નાતક કેન્દ્રમાં થયેલા વધારાના વહીવટી ખર્ચને મંજૂરી આપવી.

૫૯. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના એલ.એલ.એમ. ના અનુસ્નાતક કેન્દ્રના આવક જાવકના વાર્ષિક હિસાબના સ્ટેટમેન્ટ બાબતમાં નિયમ કરતાં ઑફિસ ખર્ચમાં રૂા. ૧૪૭ વધારે ખર્ચ અને પોસ્ટેજ, સ્ટેશનરી વગેરેનાં રૂા. ૧-૧૨-૦ વધારે ખર્ચ થયેલ છે તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો ખુલાસો મંગાવતાં તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:- પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે ઑફિસ ખર્ચ બાબતનાં નિયમો યુનિવર્સિટી તરફથી ઘણાજ મોડા નક્કી કરવામાં આવ્યા હતા અને તે બાબતનો પરિપત્ર તા. ૧૨-૩-૫૭ ના રોજ યુનિ. કાર્યાલય તરફથી મોકલવામાં આવ્યો હતો તે પહેલાં શિક્ષકોની સમિતિમાં જ આ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. પોસ્ટેજ, સ્ટેશનરી વગેરે માટેના રૂા. ૧-૧૨-૦ ના થયેલા વધારાના ખર્ચ બાબતમાં તેઓ જણાવે છે કે અનુસ્નાતક કેન્દ્ર માટેનું આ પ્રથમ વર્ષ હોવાથી વધારે ખર્ચ થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૫૭-૫૮ માં વધારાના વહીવટી ખર્ચનું એડજસ્ટમેન્ટ કરે તે શરતે એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના એલ એલ.એમ ના અનુસ્નાતક કેન્દ્રમાં થયેલા વધારાના વહીવટી ખર્ચને મંજૂરી આપવી.

૬૧. એમ.એસસી. ના સ્ટેટીસ્ટીકસના પ્રેકટીકલ્સ માટે નીચે મુજબ સ્ટાફ રોકવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત તથા તે સ્ટાફનું મહેનતાણું નક્કી

કરવા બાબત અને ભવિષ્યમાં આ અંગે કેટલો સ્ટાફ રોકવો તથા શું મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

૧. ત્રણ લેબોરેટરી સુપરવાઈઝર
૨. એક મિકેનિક
૩. એક પટાવાળો મિકેનિક સાથે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપતા તથા ભવિષ્યમાં જરૂર જણાય તેટલો સ્ટાફ રોકવો, તથા શ્રી. ઉપકુલપતિશ્રીએ ચાલુ વર્ષે જે દર નક્કી કર્યો છે તે દર પ્રમાણે ભવિષ્યમાં પણ મહેનતાણું આપવું.

૬૨. એચ. એલ. કૉલેજ, ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિ. એમ.કૉમ. ના નીચેના વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

વિદ્યાર્થીઓની હાજરી નીચે પ્રમાણે છે:

નામ	વર્ષ	સત્ર	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી.
૧. શ્રી આર. સી. મહેતા.	૧૯૫૬-૫૭	પહેલું	૧૫	૧૦	૫	૫
૨. શ્રી જે. આર શાહ.	,,	પહેલું	૧૫	૧૦	૫	૫

(નોંધઃ- શ્રી. મહેતાની કુલ હાજરી આપેલા કુલ વ્યાખ્યાનોના ૫૦ ટકા કરતાં ઓછી છે. "He was suffering from severe attacks of Asthma" એમ વિદ્યાર્થીના મેડિકલ સર્ટિફીકેટમાં જણાવ્યું છે વિદ્યાર્થીએ બીજા સત્રમાં જોઇતી હાજરી કરતાં ૬ દિવસની હાજરી વધારે ભરેલ છે. શ્રી. શાહની કુલ હાજરી આપેલાં કુલ વ્યાખ્યાનોના ૫૦ ટકા કરતાં ઓછી છે. "He was suffering from cold and fever" એમ વિદ્યાર્થીના મેડિકલ સર્ટિફીકેટમાં જણાવ્યું છે વિદ્યાર્થીએ બીજા સત્રમાં જોઇતી હાજરી કરતાં ૭ દિવસની હાજરી વધારે ભરેલ છે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પર ફરીથી વિચારણા કરીને જરૂરી નિર્ણય લેવાની શ્રી ઉપકુલપતિશ્રીને સત્તા આપવી. તથા ૧૯૫૬-૫૭ ના વર્ષમાં અગાઉ ખૂટતી હાજરીના આવા જે કેસો બન્યા હોય તે કેસો પર ફરી વિચારણા કરીને જરૂરી નિર્ણય લેવાની શ્રી. ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. એચ. એલ. કૉલજ ઑફ કૉમર્સ, અમદાવાદના સિનિયર બી.કૉમ. ના વિદ્યાર્થી શ્રી. કે. પી. પટેલની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છેઃ-

વર્ષ	સત્ર	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
૧૯૫૬-૫૭	પહેલું	૫૬–૫૭	૩૫	૨૧
	બીજું	૭૨–૯૭	૫૯	૧૩

ખૂટતી હાજરી બાબત વિદ્યાર્થી માંદગીનું કારણ બતાવે છે અને તે અંગે "Cold & Fever" નું માંદગીનું સર્ટિફીકેટ રજૂ કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. પી. પટેલની ખૂટતી હાજરી માફ કરવા નહિ.

૬૪. સમાજ વિદ્યાભવનના એમ.એ. ના વિદ્યાર્થી શ્રી. એમ. પી. ભટ્ટની ખૂટતી હાજરી માફ કરવા અંગે ડાયરેક્ટરની ભલામણ સાથે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છેઃ—

વર્ષ	સત્ર	આપેલા વ્યાખ્યાન	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ખૂટતી હાજરી
૧૯૫૬-૫૭	પહેલું	સી. ૩૩	૧૪	૨૨	૮
		ઈ. ૪૯	૨૨	૩૩	૧૧
					૧૯

વિદ્યાર્થીની કુલ હાજરી આપેલાં કુલ વ્યાખ્યાનોના ૫૦ ટકા કરતાં ઓછી છે. "Dysentery" અંગેનું માંદગીનું સર્ટિફીકેટ રજૂ કર્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉ બાબત નં. ૬૨ માં જણાવ્યા પ્રમાણે આ બાબત પર વિચારણા કરવી ને જરૂરી નિર્ણય લેવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. ૧૯૫૬–૫૭ ના વર્ષના પહેલા સત્રમાં સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદના જુનિ બી.એ. ના વર્ગમાં દાખલ થયેલા શ્રી. આર. જી. અમનનું એડમીશન તે કૉલેજમાં કન્ફર્મ થાય તે પહેલાં તેમણે તે કૉલેજમાં પહેલા સત્રમાં કુલ ૫૫ દિવસમાંથી ૩૬ દિવસની હાજરી આપી બીજા સત્રમાં સર.એલ.એ. શાહ કૉલેજ, અમદાવાદમાં જોડાયા છે તે અંગે સત્રની

મધ્યમાં કૉલેજ બદલવા માટે શ્રી અમીને પરવાનગી લીધી નથી તો તે પરવાનગી હવે આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ: આ બાબતમાં તા. ૬/૭-૪-૫૭ ના રોજ મળેલી સિન્ડિકેટની બેઠકમાં બાબત નં. ૩૧ ઉપર નીચે જણાવ્યા પ્રમાણે સિન્ડિકેટનો ઠરાવ થયો છે:

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જી અમીનને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું પરંતુ તેમનાં સત્રો માન્ય કરવાં નહિ."

ઉપરની બાબતમાં સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે મુખ્ય મુદ્દો ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવા અંગે નહિ પણ સત્રની અધવચ્ચે કૉલેજ બદલી તે અંગે તેમની પરવાનગી લીધી નથી તો તે હવે આપવી કે કેમ તે પ્રશ્ન છે.

આથી ઠરાવવામાં આવે છે કે સત્રની મધ્યમાં કૉલેજ બદલવા માટે શ્રી. આર. જી. અમીને માંગેલી પરવાનગી આપવી.

૬૧ **દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના ઍન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરમાં બી.એ. જનરલના અભ્યાસક્રમ માટેના તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૫૮ સુધીનાં વર્ષારાનાં જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરત કૉલેજે પરિપૂર્ણ કર્યા બાબતની મુંબઇ સરકારને જાણ કરવાના ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમના કાર્યને બહાલી આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૨. **એમ ટી બી કૉલેજ, સુરતના હિંદીમાં બી.એ. સ્પેશ્યલ અને જનરલના અભ્યાસક્રમો માટેના તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૫૮ સુધીના વર્ષારાના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરત કૉલેજે પરિપૂર્ણ કર્યા બાબતની મુંબઇ સરકારને જાણ કરવાના ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમના કાર્યને બહાલી આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૩. **પેટલાદ કૉલેજ, પેટલાદના ૧. ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને ૨. બી એસસી માં કેમિસ્ટ્રી પ્રિન્સિપલ અને સબ્સિડીયરી તથા ફિઝિકસ અને બૉટાની સબ્સિ. ના અભ્યાસક્રમો માટેના તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૬૨ સુધીના ચાલુ જોડાણ અને ૨. ઇંગ્લીશમાં બી એ. સ્પેશ્યલ અને સંસ્કૃત, ગુજરાતી, પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિકસ, સોશિયોલૉજી, મોરલ ઍન્ડ સોશ્યલ ફિલોસોફી, કેમિસ્ટ્રી ફિઝિકસ, બૉટાની અને ઝૂલૉજીમાં બી.એ. જનરલના અભ્યાસક્રમો માટેના તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૫૮ સુધીના વર્ષારાના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતો કૉલેજે પરિપૂર્ણ કર્યા બાબતની મુંબઇ સરકારને જાણ કરવાના ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમના કાર્યને બહાલી આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૪. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ્ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદના બી.એસસી. માં ફિઝિકસ (પ્રિન્સિપલ) અને મેથેમેટિકસ (સબ્સિડીયરી)ના અભ્યાસક્રમો માટેના તા. ૨૦-૬-૫૭ થી કાયમી જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરત કૉલેજે પરિપૂર્ણ કર્યા બાબતની મુંબઇ સરકારને જાણ કરવાના ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૫. આયુર્વેદિ મહાવિદ્યાલય, જામનગરનું ફર્સ્ટ બી.એ.એમ.એસ. ડીગ્રીના અભ્યાસક્રમનું જોડાણ તા. ૨૦-૧૦-૫૭ થી ચાલુ રાખવા અને સેકન્ડ બી.એ.એમ એસ. ડીગ્રીના અભ્યાસક્રમોનું તા. ૨૦-૧૦-૫૭થી વધારાનું જોડાણ આપવા અંગે આવેલી અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના બે સભ્ય ડૉ. એમ. ડી. દેસાઇ અને ર. શ્રી. હરિદત્ત શાસ્ત્રીમાંથી શ્રી. શાસ્ત્રી મજકૂર કામ કરવાની અશક્તિ બતાવવાથી તેમની જગ્યાએ શ્રી. વલ્લભરામ વૈદ્યને નીમવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદને ઇન્ટરમિડિયેટ સુધીના વર્ગોમાં સિંધીનો વધારાનો વિષય શીખવવા અંગે મજકુર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી વિનંતી ઉપરથી ઉપકુલપતિશ્રીએ તે માટે નીચેની શરતોએ આપેલી પરવાનગીના કાર્યને બહાલી આપવા બાબત.

"Subject to the fulfilment of the following conditions before 20-6-57:

1. A duly qualified lecturer in Sindhi is appointed before 20-6-57.
2. Books in Sindhi worth Rs. 500/- are purchased."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૭. શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના બી.એ. ના વર્ગમાં ૨૫૦ વિદ્યાર્થીઓથી વધારી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને તથા તે ઉપરાંત ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપરથી સિન્ડિકેટ જે શરતો મૂકે તે શરતોએ કુલ ૩૦૮ વિદ્યાર્થીઓને બી.એ. ના વર્ગોમાં દાખલ કરવા માટે ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:– ૩૦૦ વિદ્યાર્થીઓને એડમીશન આપતાં અધ્યાપકો, સમયપત્રક તેમજ જગ્યા વગેરે માટે અમારે કોઇ વિશેષ પ્રબંધ કરવાપણું રહેશે નહિ અને અમારી પાસે જે સગવડો છે તે પૂરતી થઇ રહેશે એમ પ્રિન્સિપલે તેમના પત્રમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૮. ૧૯૫૬-૫૮ ના શૈક્ષણિક વર્ષનું સત્ર ૨૦મી જુનથી શરૂ થતું હોવાથી યુનિવર્સિટીના બીજી બે સ્કૂલોની તેમજ આર્ટ્સ ફૅકલ્ટીમાં અનુસ્નાતક કેન્દ્રોની માફક યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલૉજીમાં જોડાનાર વિદ્યાર્થીઓ પાસેથી ટર્મ ફી રૂા. ૬૫ લેવા અંગે ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૯. **"Establishment of student Homes for Day Scholar at University"** એ વિષય અંગે મુંબઇ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર ઉપરથી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ આ યોજના અંગે નીચે પ્રમાણે **"revised estimates"** તેમને મોકલી આપવા બાબત ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

Outline of a revised scheme for two Day-student's Homes catering for 500 students each.

Accommodation needed.	10,000 sq. ft. for each
	Total ... 20,000 ,, ,,

(A) **Non-recurring expenditure:**

Cost of two buildings	Rs.	2,50,000
Cost of furniture, books crockery and other equipment at Rs. 150/- per head	Rs.	1,50,000
Cost of establishment of the supervised Canteen	Rs.	15,000
Total Non-Recurring	Rs	4,15,000

(B) **Recurring expenditure:**

Staff

Two whole-time Wardens @Rs. 250/- p.m.	Rs.	6,000
Two Asstt. Wardens-cum-Librarians @Rs. 250/- p.m	Rs	6 000
8 Reading Room Assistants @Rs. 75/- p m. for two units.	Rs.	7,200
Two Canteen Supervisors @Rs. 125/- p.m.	Rs.	3,000
Durvans and other Staff for two Units Rs. 300/- p m.	Rs.	3,600
	Rs.	25,800

(C) The supervision and service charges for running a Canteen for serving wholesome food on payment on a no cost, no profit basis	Rs.	6,000
Total recurring	Rs.	31,800
Grand Total	Rs.	4,46,800

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૦. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. હસમુખરાય એ. મજમુદારનો પીએચ.ડી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલ જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવસારીના વિદ્યાર્થી શ્રી. ચિંતામણી ટી. ભોપટકરનો પીએચ.ડી ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલ જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૨. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના વિદ્યાર્થી શ્રી. મહેન્દ્રપ્રસાદ જે દેસાઇનો એમ.એસસી ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૩. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના વિદ્યાર્થી શ્રી. એસ. એ. પટેલનો એમ.એસસી ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલ જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. આર. જી. રાસ્તોગીનો પીએચ.ડી. ડીગ્રી અંગેનો મહાનિબંધ તે અંગે નિમાયેલ રેફરીએ સ્વીકાર્યા ઉપરથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૫. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેની નિમણૂકો કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

અ.નં.	નામ	હોદ્દો	નિમણૂક તારીખ	નોંધ
૧.	શ્રી. ડી. એન. શુકલ	કેટલોગર	૮-૬-૧૯૫૭	કાયમી
૨.	શ્રી. એસ. ડી. ભટ્ટ	જુનિ. કલાર્ક	૩૦-૪-૧૯૫૭	ટેમ્પરરી
૩.	શ્રી. એ. એન. દ્વેસાઇ	,, ,,	૩૦-૪-૧૯૫૭	,,
૪.	શ્રી. સી. સી. શાહ	,, ,,	૩૦-૪-૧૯૫૭	,,
૫.	શ્રી. પી. વી. શેઠ	,, ,,	૩૦-૪-૧૯૫૭	ટેમ્પરરી પરંતુ તા. ૧૭-૫-૫૭થી કાયમી કર્યા.
૬.	શ્રી. એસ. બી. પંડયા	,, ,,	૩૦-૪-૧૯૫૭	જોડાયા નથી ટેમ્પરરી.
૭.	શ્રી. જે. એમ. જાડેજા	,, ,,	૩૦-૪-૧૯૫૭	ટેમ્પરરી.
૮.	શ્રી. આઇ. એમ. ઠક્કર	,, ,,	૩૦-૪-૧૯૫૭	,,
૯.	શ્રી. એન. એ. પંચાલ	કલાર્ક ટાઇપીસ્ટ	૩૦-૪-૧૯૫૭	કાયમી
૧૦.	શ્રી. પી. એમ. ત્રિવેદી	જુનિ. કલાર્ક	૩૦-૪-૧૯૫૭	કાયમી પોસ્ટ જોડાયા નથી.
૧૧.	શ્રીમતી હંસા એ. દ્વેસાઇ	કલાર્ક ટાઇપીસ્ટ	૩૦-૪-૧૯૫૭	કાયમી
૧૨.	શ્રી. એમ. ડી. સોની	,, ,,	૧૩-૫-૧૯૫૭	કાયમી
૧૩.	શ્રી. એ. બી. દવે	,, ,, ટર્મિનોલૉજીના કામકાજ માટે	૧૫-૫-૧૯૫૭	એક વર્ષ માટે ટેમ્પરરી.
૧૪.	શ્રી. એમ. એમ. મકવાણા	પટાવાળા	૫-૬-૧૯૫૭	કાયમી
૧૫.	શ્રી. બી. બી. મકવાણા	,,	૧-૬-૧૯૫૭	,,
૧૬.	એમ. એલ. પરમાર	હમાલ	૫-૬-૧૯૫૭	,,
૧૭.	શ્રી. બચુ મનઓધ માળી	માળી	૫-૬-૧૯૫૭	,,

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૬. નીચે જણાવેલા સ્ટાફના સભ્યોને તેમના નામ સામે જણાવેલ રકમ સાથે જણાવેલ કારણોસર તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમમાંથી લોન તરીકે મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

અ.નં.	નામ	રકમ	કારણ
૧.	શ્રી. પી. જે. જયોર્જ—સ્ટેનોગ્રાફર	રૂા. ૧૦૦	પત્નિની ડીલીવરી પ્રસંગે થનાર ખર્ચ અંગે.

અ.નં.	નામ	રકમ	કારણ
૨.	શ્રી આર. ડી. ભગત સિનિ. કલાર્ક	રૂા. ૪૦૦	પોતાની પત્નીની અને બાળકોની માંદગી અંગે ડૉકટરના બીલોનો ખર્ચ આપવા.
૩.	શ્રી. એન. સી. ત્રવાડી જુનિ. કલાર્ક	રૂા. ૧૦૦	પત્નિની બિમારી અંગે દવા વગેરે ખર્ચનાં નાણાં ચૂકવવા.
૪.	શ્રી. તુલસીદાસ કડીયા–નાયક	રૂા. ૧૫૦	માતુશ્રીની બિમારી અંગે ડૉકટરના બીલ તથા દવાઓના ખર્ચ માટે.
૫.	શ્રી. ખેચરજી ચેલાજી પટાવાળા	રૂા. ૧૫૦	માતુશ્રીના મગજની અસ્થિરતાની દવા કરાવવા ડૉકટરની ફી તથા પેટન્ટ દવાઓ અને ઇંજેકશનના ખર્ચના.
૬.	શ્રી. પરસોતમ દામોદર ખત્રી	રૂા. ૮૦	ભાઈના લગ્ન પ્રસંગના ખર્ચ માટે.
૭.	શ્રી. ખેમાભાઇ હીરાભાઇ પટાવાળા	રૂા. ૭૫	પોતાની બિમારી અંગે ડૉકટરના બીલો તથા દવાઓના બીલ ચૂકવવાના ખર્ચના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૬. અમદાવાદ શહેરમાં ઇન્ફ્લ્યુએન્ઝાના બનેલા બનાવોને કારણે સાવચેતીના પગલાં તરીકે સ્થાનિક કૉલેજો, સંસ્થાઓ તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોને તા. ૨૦મી જુન ૧૯૫૭ના બદલે તા. ૨૬મી જુન ૧૯૫૭ના રોજ ખોલવા માટે શ્રી. વાઇસ–ચાન્સેલરની ગેરહાજરીમાં નીચે જણાવેલી સ્થાનિક કૉલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાઓની અધિસભાની સભાની ભલામણ અનુસાર શ્રી રજિસ્ટ્રારે લીધેલા નિર્ણયને બહાલી આપવા બાબત તથા સત્રમાં જરૂરી ફેરફાર કરવા બાબત અને ઇન્ફ્લ્યુએન્ઝાને કારણે આ સભાના દિવસે પ્રવર્તતી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત

"This informal meeting of the Principals of local affiliated Colleges and recognised Institutions and Heads of University Departments, Principal S. V. Desai presiding, having considered the situation arising out of the incidence of influenza in the City of Ahmedabad, advises the University authorities to postpone re-opening of Colleges and Institutions in Ahmedabad upto 26th June 1957 (26 inclusive) and request the Syndicate to review the question before that.

This meeting further requests the University to announce the postponement of re-opening to the colleges Institutions and the Press.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે લીધેલાં પગલાંને બહાલી આપવી તથા અમદાવાદ શહેર તથા પરા વિસ્તારની કૉલેજોને તા. ૨૭મી જુનથી શરૂ કરવા માટે પરિપત્ર દ્વારા તથા વર્તમાનપત્ર દ્વારા જાહેરાત આપવી.

નોંધ:- આ બાબત, બાબત નં. ૨ હાથ પર લેવાઇ તે પહેલાં સભાગૃહની સંમતિથી હાથ પર લેવાઈ હતી ત્યારે સભ્યોએ જણાવ્યું હતું કે ઉપકુલપતિશ્રીએ મ્યુનિસિપલ કમિશ્નરનો સંપર્ક સાધીને જરૂરી નિર્ણય લેવો તે પછી ઉપકુલપતિશ્રીએ મ્યુનિસિપલ કમિશ્નરનો સંપર્ક સાધ્યો હતો અને તા. ૨૬-૬-૫૭ના રોજ મ્યુનિસિપલ કમિશ્નરે બોલાવેલી પરિષદમાં થયેલા નિર્ણયને અનુસરીને ઉપરનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેર અને પરા વિસ્તારની કૉલેજોને એક અઠવાડિયું મોડી શરૂ થઈ તે કારણે સત્ર કે સત્રોમાં જરૂરી ફેરફાર કરવા માટે આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૯૦ રામજા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરનું તા. ૨૦-૬-૫૭થી તા. ૧૯-૬-૫૭ સુધીનું બી.એડ. ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની પે-સ્કેલ અંગેની બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

પે-સ્કેલ અંગેની શરત નં. ૩ નીચે પ્રમાણે છે:

"That the pay-scales prescribed by the University for the teaching staff in affiliated colleges are implemented"

પ્રિન્સિપલનો જવાબ નીચે પ્રમાણે છે:

"This question has been referred to the Department and I am informed that it is being considered at the higher level. The decision is now awaited."

આથી ઠરાવવામાં આવે છે કે રામજા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજને તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૫૭ સુધીનું બી.એડ. ના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા માટે સરકારને ભલામણ કરવી.

૯૧. સામળદાસ કૉલેજ, ભાવનગરના ૧. બી.એસસી. (પ્રિન્સિ.) માં બૉટાની અને ફિઝિક્સ ના કાયમી જોડાણ ૨. બી.એસસી. માં ઝૂલૉજી (સબ્સિ.) અને ૩. બી.એ. (જનરલ)માં હિંદીમાં તા. ૨૦-૬-૫૭ થી અનુક્રમે બે અને એક વર્ષના વધારાના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની પે-સ્કેલ અંગેની શરત બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

'The pay-scales prescribed by the University for teaching staff in colleges be implemented."

પ્રિન્સિપલનો જવાબ નીચે પ્રમાણે છે:

"As far as the salary scales are concerned, majority of the Lecturers and Professors are getting the minimum or more as prescribed by the University. In

one or two cases, the matter is resting with the Govt. of Bombay as a matter of general policy of integration. It may also be noted that all new appointees as Lecturers and Professors are given the minimum or more as prescribed by the University''

આથી ઠરાવવામાં આવે છે કે શામળદાસ કૉલેજ, ભાવનગરને ઉપર મુજબનું જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

'ઇન્ડિયા વ્હીટ લોન એજ્યુકેશનલ એક્ષચેન્જ પ્રોગ્રામ" હેઠળ સામગ્રીનો ઉપયોગ સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪ નીચે જણાવેલા સ્ટાફ સભ્યોનું તેમના નામ સામે જણાવેલી તારીખે નોકરીનું એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

નામ	હોદ્દો	નિમણૂક તારીખ	એક વર્ષ પૂરૂં થયા તારીખ
૧. શ્રી. વી. એમ. દેસાઇ	ઑફિસ સુપીન્ટેન્ડન્ટ	તા. ૨૫-૬-૫૬	તા. ૨૪-૬-૫૭
૨. શ્રી. એન. ડી. ચૌધરી	હમાલ	તા. ૨૩-૬-૫૬	તા ૨૨-૬-૫૭

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. દેસાઇ તથા શ્રી. એન. ડી. ચૌધરીને તેમના નામ સામે જણાવેલ તારીખથી અને જગ્યાએ કાયમ કરવા.

૬૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફના સભ્યોના મોંઘવારી ભથ્થામાં વધારો કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીઝ એમ્પ્લોઇઝ યુનિયનના માનદ્ સામાન્ય મંત્રી તરફથી નીચે પ્રમાણે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"Our demands are pendings consideration. Some of the demands involve financial considerations. In the meantime, the Union Government have imposed various taxes, as a result of which prices of necessities have gone up. In view of the rise in cost of living, it is requested that the staff of the University be given the 25% additional Dearness allowance with the minimum of Rs. 10/- per mensem with immediate effect from June, 1957.

It will not be out of place if we draw the attention of the University authorities to the recent decision of the State Government to increase the D.A of Class IV Employees by Rs. 5/- p m. ad-hoc.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના એમ.કૉમ. ના અનુસ્નાતક કેન્દ્રમાં સ્કૉલરશિપ અને ફ્રીશીપ બાબતમાં રૂા. ૧૪૨-૮-૦ ને બદલે રૂા. ૧૫૦ એડમિનિસ્ટ્રેટીવ કામ માટે રૂા. ૧૧૬ ને બદલે રૂા. ૧૨૨ તેમજ પ્રિન્ટીંગ સ્ટેશનરી વિગેરે અંગે રૂા. ૬-૮ ૦ ને બદલે રૂા. ૧૧ ખર્ચ કર્યો છે તે અંગે વધારાના કરેલ ખર્ચ બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો ખુલાસો મંગાવતાં તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ પત્રમા જણાવે છે કે રૂા. ૧૪૨-૮-૦ ની વહેંચણી બરાબર થઈ શકે તેમ ન હોવાથી રૂા. ૧૫૦ વહેંચવામાં આવ્યા હતા. પોસ્ટેલ, સ્ટેશનરી અને ઑફિસ ખર્ચ બાતે વધારાનો ખર્ચ બહુજ નાનો છે તેમ છતાં જો જરૂર હોય તો આવતા વર્ષના બજેટમાં તેને સરખો કરી દેવામાં આવશે એમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૫૭-૫૮માં વધારાના વહીવટી ખર્ચનું એડજસ્ટમેન્ટ કરે તે શરતે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના એમ.કૉમ. ના અનુસ્નાતક કેન્દ્રમાં થયેલા વધારાના વહીવટી ખર્ચને મંજૂરી આપવા.

૬૭. યુનિવર્સિટી સમાજ ભવનના બીજે માળે સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટ માટે "સેપ્ટીક ટેંક" અને "સોકપીટ" ની કેપેસીટી દોઢો કરવાથી રૂા. ૧૦૦થી વધી રૂા. ૧૫૦૦ ખર્ચ થશે તો તે વધારાના રૂા. ૫૦૦ ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

(નોંધ:- આ અંગે શ્રી. ગજજર તેમના પત્રમાં જણાવે છે કે સેપ્ટીક ટેંક બાબત રૂા. ૫૦૦ વધારાનો ખર્ચ થશે જયારે "સોકપીટ" ની નીચેની જમીન રેતીવાળી હોવાથી અને મૂળ પ્રમાણેજ કદ રહેવાનું હોવાથી તે અંગે વધારાનો ખર્ચ થશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના બીજા માળે સેપ્ટીક ટેંક અને સોકપીટ માટે વધારાના રૂા. ૫૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૬૮. યુનિવર્સિટી લાયબ્રેરીમાં કામ કરતા જુનિ. કલાર્ક શ્રી. મુલચંદ સી. શાહે મુંબઇ યુનિવર્સિટીમાં લાયબ્રેરી ડિપ્લોમાનો અભ્યાસ કરવા માટે તા. ૨૦-૬-૫૭ થી તા. ૨૦-૪-૫૮ સુધી કપાતે પગારે રજા માગેલી હોવાથી જુઓ બાબત નં. ૫૬ આ રજા આપતી વખતે તેમની રજા દરમિયાન તેમની જગ્યાએ બીજા કામચલાઉ કારકૂનની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

અગાઉ બાબત નં. ૫૬ માં લેવાયેલા નિર્ણયને કારણે હવે મજકૂર બાબત પરત્વે કશું કરવાપણું રહેતુ નથી.

૬૯. જુન ૧૯૫૮થી શરૂ થનાર શૈક્ષણિક વર્ષથી એલ. ડી. ઍન્જિનીયરીંગ કૉલેજ, અમદાવાદમાં ચાલતા હાલના ડિપ્લોમાના વર્ગો બંધ કરી તેની જગ્યાએ ડિગ્રીના વર્ગો શરૂ કરવા અંગેની યોજના અંગે મુંબઇ સ્ટેટના ડાયરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશન

તરફથી આવેલ પત્ર અંગે તપાસ કરી ભલામણ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૪-૫૭ની સભામાં નીમેલી સ્થાનિક તપાસ સમિતિના રિપોર્ટને અનુસરીને તેમાં જણાવેલી તથા સિન્ડિકેટ ઉમેરે તે શરતોએ એફ.વાય. ના વર્ગમાં વધુ ૧૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે બી ચાંસેલર-ચાન્સેલરની ગેરહાજરીમાં શ્રી રજિસ્ટ્રારે સિન્ડિકેટ મંજૂર કરે તે શરતે પરવાનગી આપવાના કાર્યને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી તથા ઍન્જિનિયરીંગ ફૅકલ્ટીમાં નક્કી કરેલા શિક્ષકોના ક્વોલીફીકેશન્સમાં કશી છૂટછાટ આપવામાં આવશે નહિ એમ ડાયરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશનને જણાવવું.

શ્રી. ટી. એ. દેસાઈએ સૂચવેલા સુધારા સાથેના સમિતિનો રિપોર્ટ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.

(નોંધ:– સ્થાનિક તપાસ સમિતિના પરિપત્ર કરવામાં આવેલા રિપોર્ટમાં સમિતિના સિનિયર મેમ્બર શ્રી ટી. એ. દેસાઈએ પાછળથી જણાવેલા શાબ્દિક સૂચનો કરવામાં આવેલા હતા તેમ શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જણાવ્યું હતું.)

૧૦૦. પ્રકાશ આર્ટ્સ કૉલેજ (ફૉર લેડીઝ.) અમદાવાદને તા. ૨૦-૬-૫૭ થી તારીખ ૧૯-૬-૫૮ સુધી ઇન્ટરમિડિએટ સુધીના અભ્યાસક્રમોનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી ૧ ઇકોનોમિક્સ અને ૨. હિસ્ટ્રીના લેક્ચરર્સ નીમવાની શરત અંગે લખતાં શ્રી. જે. જે. દેસાઈને ઇકોનોમિક્સ અને હિસ્ટ્રીના લેક્ચરર અને શ્રી. યુ. એ. કાપડીયાને ઓબ્ઝર્વેશનના પાર્ટ-ટાઈમ લેક્ચરર નીમ્યાની વ્યવસ્થાને મંજૂર કરવા અંગે પ્રકાશ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– પ્રિન્સિપલે તેમના પહેલા પત્રમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરી છે. એમ જણાવ્યું હતું.)

1. Shri J J. Desai. Lect in Econ	B A. with Econ from M S. Uni. Baroda in 1951 Class I	Lecturer at Sir L. A. Shah Law College Arts Section from 1953 to 1957 (4 Yrs.)
	M A. with Entire Econ. from M S. Uni. of Baroda in 1953 pass class.	
2. Shri U. A. Kapadia, Lect. in History.	M.A. with Anc. Ind. Cul. from Bombay Uni. in Class II.	

લેક્ચરર ઇન હિસ્ટ્રી માટે ઉપરની વ્યવસ્થા બરાબર નથી તેથી બીજી વ્યવસ્થા કરવાનું લખતાં પ્રિન્સિપલ તેમના બીજા પત્રમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરી છે એમ જણાવે છે. જે

આ વ્યવસ્થા યુનિવર્સિટી નામંજૂર કરે તો તેમને હિસ્ટ્રીના લેકચરર માટે બીજી જાહેરખબર આપી છે.

		F.Y.A.	Periods.	Int. Arts	Periods	Total Periods.
1.	Shri J. J. Desai Lecturer in Econ. & History.	Civics World History.	6 6	Econ –	3) –)	15
2.	Shri U. A. Kapadia Lecturer in Administration	Administration	6	–	– (Part time)	6

આથી ઠરાવવામાં આવે છે કે હિસ્ટ્રીના લેકચરર માટે પ્રકાશ આર્ટ્સ કૉલેજ તરફથી સૂચવવામાં આવેલી વ્યવસ્થા મંજૂર કરવી નહિ, પરંતુ યોગ્ય લાયકાત ધરાવતા હિસ્ટ્રીના લેકચરરની નિમણૂક કરવા જણાવવું.

૧૦૧. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાનું નીચેના વિષયો માટે તા. ૨૦-૬-૫૮ થી જોડાણ ચાલુ રાખવા માટે શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડાના મંત્રી તરફથી આવેલી અરજી. બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) ડીગ્રીમાં (૧) ગુજરાતી, (૨) સંસ્કૃત, (૩) ઇકોનોમિકસ અને બી.એ. (જનરલ) ડીગ્રીમાં (૧) સાયકોલૉજી અને (૨) એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૮થી ચાલુ જોડાણ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૨. લેબર લૉઝ અને ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટીસના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૧૯૫૭-૫૮ થી વિદ્યાર્થીઓ તરફથી દાખલ થવા માટે અરજીઓ મંગાવતાં સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલે સ્થાનિક સમાચાર પત્રોમાં આપેલી જાહેરાત અંગે થયેલ પત્રવ્યવહાર અને તે ડિપ્લોમાનો અભ્યાસક્રમ ઍફિલિએશનની અરજી કર્યા સિવાય શરૂ કરી શકે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- આ અંગે ફૅકલ્ટી ઑફ લૉના ડીનનો અભિપ્રાય નીચે પ્રમાણે છેઃ

"I am clearly of opinion that every college teaching a particular course of study for the purposes of University Examination must necessarily obtain affiliation for teaching that course of study.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે પણ જોડાણની અરજી કરવી આવશ્યક છે એમ સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલને જણાવવું.

૧૦૩. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને તા. ૨૦-૬-૫૭ થી બી.એ. (સ્પેશ્યલ) ડીગ્રીમાં ગુજરાતી વિષયના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે કરેલાં શરતોમાંની એક ગુજરાતી વિષયમાં પ્રોફેસર નીમવા બાબતની શરત અનુસાર અરજકર કૉલેજે નીમેલ શ્રી. એસ. ટી. જેસલપુરાની નિમણૂક મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. જેસલપુરાએ મુંબઇ યુનિવર્સિટીની બી.એ. ની પરીક્ષા ૧૯૪૧ માં ગુજરાતી (ઑનર્સ) અને ઈંગ્લીશ (લેંગ્વેજ) વિષયો સાથે પહેલા વર્ગમાં પાસ કરી છે અને ગુજરાતી વિષયમાં મુંબઇ યુનિવર્સિટીમાં સૌથી વધુ ૭૧ ટકા ગુણ મેળવ્યા છે. તેઓ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીને જોડાયેલી મહિલા કૉલેજ, ભાવનગરમાં એફ.વાય.એ., એસ.વાય.એ., અને બી.એ. ના વર્ગોમાં શિક્ષણનો પાંચ વર્ષનો અનુભવ ધરાવે છે.

આ બાબતમાં મુદ્દો એ વિચારવાનો છે કે ઉપરના અનુભવને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજના શૈક્ષણિક અનુભવ ગણવો કે કેમ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. ટી. જેસલપુરાની નિમણૂક મંજૂર કરવી.

૧૦૪ શ્રી. પી. ડી. માલવીઆ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટને ઇન્ટર કૉમર્સ સુધીના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૭થી બે વર્ષનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંથી શરત નં. ૧ પરિપૂર્ણ થયા અંગે સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ ના માનદ્ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- શરત નં. ૧ નીચે પ્રમાણે છે શરત નં. ૨ માંની ઇકોનોમિક્સના લેકચરર નીમવા અંગેની બાબત નં. ૧૧ તરીકે આ કામકાજની યાદીમાં આગળ મૂકવામાં આવી છે.

"(1 Adequate accomodation in own or hired building as mentioned in the report of the Local Inquiry Committee."

આ અંગે પ્રિન્સિપલનો જવાબ નીચે પ્રમાણે છે:

"Condition No 1 (i) As regards the number of rooms, we may state that the Officer on Special Duty (Education), Bombay State Rajkot has kindly granted us the accommodation of the Central Hall on the ground floor and the Central Hall on the First floor as wells as other 10 rooms on the ground floor of the Alfred High School, Rajkot for the College purposes This will cover up the required accommodation as stated in your letter under reply. A plan of the accommodation granted to us is enclosed herewith for ready reference. The plan contains full information pertaining to the size of the rooms,

the location and the special use to which the rooms are to be availed of. We trust these details will be found adequate by the University for the purpose.

(ii) As regards the Hostel accommodation the Officer on Special Duty (Education), Bombay State, Rajkot has kindly allowed use the us of a complete block of the Social Worker Training Institute which would easily accomodate more than 50 students.

(iii) Regarding the Principals residence a new bungalow has been specially hired which will be occupied on the 16th inst.

You will please note that all the above three arrangements are purely on a temporary basis till the time our college, hostels and the Principal's bungalow are completely constructed and available for use."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૫ ૧. શ્રી. એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર અને ૨. શ્રી ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની એક શરત ફિઝિકસ ઇન્સ્ટ્રકટર નીમવાની અધુરી રહેલી તે અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર બંને કૉલેજોમાં તારીખ ૩૧-૫-૫૭ સુધીમાં ફિઝિકલ ઇન્સ્ટ્રકટરો નીમી રિપોર્ટ કરવા અંગે વારંવાર લખતાં તા. ૧૪-૬-૫૭ના રોજ ડાયરેકટર ઑફ એજ્યુકેશન તરફથી નીચે પ્રમાણે આવેલ જવાબ ઉપર વિચારણા કરવા બાબત.

"I have the honour to say that the posts of Physical Instructors in the two Government colleges in question have been advertised and they will be filled in by suitably qualified persons in due course."

(નોંધ:- પાછળથી ડી. કે. વી આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપલ પત્રથી જણાવે છે કે શ્રી. આર. સી. દવે, કે જેઓ ગ્રેજ્યુએટ છે અને મુંબઈ કાન્દીવલીના ડી. પી. ઈ. છે તેમને તા. ૨૪-૬-૫૭ થી તેમની કૉલેજમાં ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે નીમ્યા છે એટલે હવે સુરેન્દ્રનગરની કૉલેજનો પ્રશ્ન બાકી રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને તા. ૧૫મી જુલાઈ પહેલાં યોગ્ય લાયકાત ધરાવતા ફિઝિકલ ઇન્સ્ટ્રકરની નિમણૂક કરીને ખબર આપવા જણાવવું તથા શ્રી. ડી. કે. વી. આર્ટ્સ તથા સાયન્સ કૉલેજ, જામનગરે માંગેલ જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૧૦૬ શ્રી પી. ડી માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ રાજકોટના એફ. વાય. કૉમર્સના બે ડિવિઝનમાં દરેકમાં ૧૨૦ વિદ્યાર્થીઓને બદલે ૧૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવા બાબત સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટના માનદ્ મંત્રી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– મજકૂર કૉલેજને બે ડિવિઝનમાં ૧૨૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપેલી છે હવે દરેકમાં ૧૫૦ વિદ્યાર્થીઓ એટલે બે ડિવિઝનમાં થઇ કુલ્લે ૬૦ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી માગે છે. આ માટે મકાનની વ્યવસ્થા બાબત પ્રિન્સિપલ જણાવે છે કે ૪૦′×૨૪′ ના બે ઓરડાઓ કૉમર્સ કૉલેજના ભોંયતળીએ બંધાઇ રહ્યા છે જે સપ્ટેમ્બર ૧૯૫૭ સુધીમાં તૈયાર થઇ જશે. દરમિયાન આલ્ફ્રેડ હાઇસ્કૂલ, રાજકોટના મકાનમાં ભોંયતળીયે એક અને પહેલા માળે એક એમ દરેક ૩૬′×૫૫½′ ના ઓરડાઓમાં વિદ્યાર્થીઓને બેસવાની વ્યવસ્થા કરી છે માનદ્મંત્રી સાથે આલ્ફ્રેડ હાઇસ્કૂલનો પ્લાન જુદો રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવાનું લખે છે.)

આથી ઠરાવવા આવે છે કે પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટને ફર્સ્ટ ઇયર કૉમર્સના પ્રત્યેક ડિવિઝનમાં ૧૨૦ વિદ્યાર્થીઓના બદલે ૧૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી.

૧૦૭. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના બી.એ ના વર્ગમાં ૬૦૦ને બદલે કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા તેમજ બીજા ૫૦ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગે પરવાનગી આપવા મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– રામાનંદ કૉલેજને બી.એ. માં ૨૫૦ (બે વર્ગ) દાખલ કરવા તથા તે ઉપરાંત દરેક ડિવિઝનમાં ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે સિન્ડિકેટે તેની તા.૨૩/૨૪-૬-૫૬ની સભામાં (બા. નં. ૧૬૫ મુજબ) પરવાનગી આપેલી હતી. તેમના પ્રથમના પત્રમાં ૨૫૦ વિદ્યાર્થીઓને બદલે ૩૦૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગે પરવાનગી માગેલી જે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ અને સિન્ડિકેટ નક્કી કરે તે શરતોએ પરવાનગી આપી છે. (જુઓ યાદીની બાબત નં. ૭૭) હવે પ્રિન્સિપલ બીજા ૧૦૦ વિદ્યાર્થીઓ અને જરૂર જણાતાં વધુ ૧૦ ટકા વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી માગે છે. પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે આ અંગે જરૂરી સ્ટાફ, જગ્યા લાયબ્રેરી માટેનો પ્રબંધ છે. ફક્ત એક અંગ્રેજીનો વ્યાખ્યાતા એક અર્થશાસ્ત્રનો વ્યાખ્યાતા અને એક ગુજરાતીનો વ્યાખ્યાતા ઉમેરશે અને તે ત્રણની નિમણૂક તેઓ કરશે. લાયબ્રેરી પાછળ રૂ. ૨૦૦૦ વધુ ખરચશે અને જગ્યા માટે આઠ મોટા ખંડો અને ઓપશનલ ગ્રુપ માટે બીજા દસ ખંડો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે તપાસ કરીને યોગ્ય ભલામણો કરવા માટે શ્રી. એચ. પી. શુકલ અને શ્રી. બી. પી. શાહની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી.

૧૦૮. વલસાડમાં ૫૦૧ ઇન્ફ્લ્યુએન્ઝાના કેસો થયા હોવાથી ત્યાંની શરૂ થતી કૉલેજ, અમદાવાદની કૉલેજો જેમ એક અઠવાડિયું મોડી ખોલવા બાબત તાર મારફતે આવેલી વલસાડ કેળવણી મંડળના મંત્રીની વિનંતી ઉપરથી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તે વિનંતી માન્ય કર્યાના રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવા બાબત તથા આ બાબત લક્ષમાં લઇને તે કૉલેજ માટે ચાલુ સત્રના દિવસો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી તથા મજકૂર કૉલેજ માટે ચાલુ વર્ષનાં સત્રોની વ્યવસ્થા કરવાનો પ્રશ્ન ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૧૦૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના સિનિયર એમ.એસસી. ના વિદ્યાર્થી શ્રી. પી. આઇ પંચાલની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

(નોંધ:– વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

વિદ્યાર્થીનું નામ	વર્ષ	સત્ર	આપેલા વ્યાખ્યાનો	જોઇતી હાજરી	કુલ હાજરી	ખૂટતી હાજરી
શ્રી. પંચાલ પી. આઇ.	૧૯૫૬–૫૭	ત્રીજું	૨૫	૧૭	૧૧	૬

વિદ્યાર્થીની પહેલા સત્રમાં ૧૫ હાજરી વધારે છે. તેમની કુલ હાજરી આપેલ વ્યાખ્યાનના
બીજા ,, ૧૪ ,, ,, ,, ૫૦ ટકા કરતાં ઓછી છે.
ચોથા ,, ૨ ,, ,, ,,

ખૂટતી હાજરી અંગે મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે જેમાં "Was suffering from diarrahoea, fever and senerif debilixy" એમ જણાવેલું છે. **આ વિદ્યાર્થીનું પરિણામ તેમની ખૂટતી હાજરીને લીધે અનામત રાખેલ છે.**)

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૬૨ માં જણાવ્યા પ્રમાણે મજકૂર બાબતમાં વિચારણા કરીને જરૂરી નિર્ણય લેવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૦. એમ. એન. કૉલેજ, વિસનગરના નીચેના વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

(**નોંધ**:– વિદ્યાર્થીઓની હાજરી નીચે પ્રમાણે છે:–

નામ	વર્ષ	પહેલા સત્રની હાજરી	બીજા સત્રની હાજરી	કુલ હાજરી	ખૂટતી હાજરી
૧. શ્રી. વી. એમ. પટેલ (એફ.વાય. સાયન્સ)	૧૯૫૬–૫૭	૪૩	૯૫	૧૩૮	૨૨ (પહેલા સત્રની)
૨. શ્રી. કે. કે. પટેલ (એફ.વાય. આર્ટ્સ)	,,	૩૩	૮૯	૧૨૨	૩૨ (પહેલા સત્રની)

આ બંને વિદ્યાર્થીઓ કૉલેજમાં મોડા દાખલ થયેલા હોવાથી તેમની હાજરી ખૂટે છે)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી એમ. પટેલ તથા શ્રી. કે. કે. પટેલની ઘટતી હાજરી માફ કરવી.

૧૧૧. એમ એન. કૉલેજ, વિસનગરના ઇન્ટર સાયન્સના વિદ્યાર્થી શ્રી. આર. બી. પટેલની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

(નોંધઃ– વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છેઃ–

નામ	વર્ષ	પહેલું સત્ર	બીજું સત્ર	કુલ ભરેલી હાજરી	ખૂટતી હાજરી
શ્રી. આર. બી. પટેલ	૧૯૫૬-૫૭	૫૬	૭૩	૧૨૯	૧

વિદ્યાર્થી કારણમાં જણાવે છે કે તેની બેનના લગ્ન પ્રસંગે તે કૉલેજમાં જઈ શકેલ નહિ તેથી ફક્ત એકજ દિવસની હાજરી ખૂટે છે. વિદ્યાર્થી રિપિટર છે અને નવા કોર્સ પ્રમાણે પરીક્ષામાં બેઠેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. પટેલની ખૂટતી હાજરી માફ કરવી.

૧૧૨. સૌરાષ્ટ્રના કેન્દ્રોમાંથી મુંબઇ સ્ટેટની પૂના બૉર્ડની એસ.એસ.સી. ની પરીક્ષામાં બેસી આવા વિદ્યાર્થીઓમાં સૌથી વધારે ગુણ મેળવી જે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઇપણ કૉલેજમાં દાખલ થાય તેને રૂા. ૨૫ ની "આર. કે વાડિક સ્કોલરશિપ" અપાય છે તે માટેની અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ દર વર્ષની ૩૦મી જુન હોય છે તે બદલી બીજી કોઈ અનુકૂળ તારીખ રાખવા અંગે વિચારણા કરવા બાબત અને આ વર્ષે કેટલીક કૉલેજો ઇન્ફ્લુએન્ઝાના કારણે એક અઠવાડીયું મોડી શરૂ થતી હોવાથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ એક અઠવાડીયું લંબાવ્યાના શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધઃ– આ સ્કોલરશિપ અંગે સિન્ડિકેટે ઠરાવ કર્યો ત્યારે પહેલા સત્રની શરૂઆત ૧૫મી જુનથી શરૂ થતી હતી. હવે ઑ. ૭૫ પ્રમાણે પહેલું સત્ર ૨૦મી જુનથી શરૂ થતું હોવાથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુન બદલી ૩૧મી જુલાઇ રાખવા બાબત કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી તથા ભવિષ્યમાં મજકૂર બાબત માટે અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુનથી ૩૧મી જુલાઇ રાખવા બાબતના કાર્યાલયના સૂચનને મંજૂર કરવું

૧૧૩. જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદના એમ.એસસી ના કેમિસ્ટ્રીના અનુસ્નાતક કેન્દ્રમાં ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રોફેસર-ઇન-ચાર્જ ડૉ. નાયક અને ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. કે. એન. ચોકસી છે તો આમાંથી સિનિયર મોસ્ટ માણસને

કેમિસ્ટ્રી (એક વિષય) માટે ફક્ત એક પ્રોફેસર-ઇન-ચાર્જ નીમવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના પ્રિન્સિપલની વિનંતી માન્ય કરવી.

૧૧૪. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના અનુસ્નાતક કેન્દ્રમાં પોસ્ટેજ, સ્ટેશનરી વિગેરે બાબતમાં રૂા. ૦-૬-૦ વધારે ખર્ચ થયેલ છે તે અંગે વધારાના કરેલ ખર્ચ બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો ખુલાસો મંગાવતાં તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે અને વધુમાં જણાવે છે કે આ કામ માટે એક આખા વખત માટે કારકૂન રોકવો જરૂરી છે. આ કારકૂનનો વાર્ષિક ખર્ચ રૂા. ૧૩૨૦-૦-૦ છે. જ્યારે નિયમ મુજબ રૂા. ૧૯૬-૦-૦ ખર્ચ કરી શકાય. આવો ખર્ચ કાયમ થશે એમ તેઓ જણાવે છે.

"(1) Separate Bank Accounts to be maintained per each subject (only on 12th March 1957 you say that separate Bank accounts are not necessary)

(2) Separate Library work attendance necessitated in the interests of P.G. students.

I may mention that P.G. classes were held in the interests of the conveniences of the students on Saturday evening, Sunday morning, Sunday noon, and Sunday evening. Our usual Librarian cannot be taxed with all this work. As the students came from nearby villages about the time of their lectures, they are issued books about the same time.

(3) Attendance roll calls to be maintained in the different subjects. The upkeep of this work also required a separate worker, for my office clerks could not be expected to work on the times mentioned in Para 2 above.

(4) Inquiries and correspondence connected with post-graduate teaching which too involved a separate worker due to the facts in Para 2 above.")

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૫૭-૫૮ માં વધારાના વહીવટી ખર્ચનું એડજસ્ટમેન્ટ કરે તે શરતે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના અનુસ્નાતક કેન્દ્રમાં થયેલા વધારાના વહીવટી ખર્ચને મંજૂરી આપવી.

૧૧૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદના અનુસ્નાતક કેન્દ્રના ૧૯૫૬-૫૭ના બજેટની બચત રૂા. ૧૩૫૨-૮-૦ માંથી

અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉપયોગ માટે પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવા મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજના પ્રિન્સિપલની વિનંતી અનુસાર અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉપયોગ માટે રૂા. ૧૩૫૨-૫૦ નયા પૈસાનાં પુસ્તકો ખરીદવા તેમની માગણી અનુસાર પરવાનગી આપવી.

૧૧૬. રામભા ગ્રેજ્યુએટ ટિચર્સ કૉલેજ, પોરબંદરનું તા. ૨૦-૬-૫૭ થી તા. ૧૯-૬-૫૮ સુધીનું બી.એડ. ના અભ્યાસક્રમોનું જોડાણ ચાલુ રાખવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની કૉલેજ અને હૉસ્ટેલના મકાનોના રિપેરીંગ કામ અંગેની શરત નં. ૨ બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:– શરત નં. ૨ નીચે પ્રમાણે છે. આજ કૉલેજના જોડાણ અંગેની શરત નં. ૩ અંગે પ્રિન્સિપલનો જવાબ બાબત નં. ૯૦ માં આગળ આપેલો છે.

"(2) that necessary repairs to the college and hostel buildings are carried out."

પ્રિન્સિપલનો જવાબ નીચે પ્રમાણે છે:

"As per oral consent of the authorities the contract for the current repairs and white-wash of the rooms is already completed by the contractor and remaining work of current repairs has been detained in absence of formal approval of the Government.

Estimates of the work have been sent to the Govt. and sanction is expected by the end of July 1957.")

આથી ઠરાવવામાં આવે છે કે રામભા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રિન્સિપલનો જવાબ માન્ય કરવો તથા તે અંગેની શરત નં. ૨નું પાલન થયેલું ગણવું.

૧૧૭. જુન ૧૯૫૭થી વલ્લભવિદ્યાનગર ખાતે શરૂ થનાર કૉલેજ ખાતે નીચે પ્રમાણેની નિમણૂક કરવા અંગે સલાહ આપવા બાબત શ્રી. નૂતન કેળવણી મંડળ, વલ્લભવિદ્યાનગરના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"7. We would like to be advised at the earliest whether we can appoint one Mr. A. T. Desai, B.Sc. Hon. II class of Baroda University, with entire Geography, as a Temporary Lecturer in Geography as it is very difficult to get such other person in this subject."

(**નોંધ**:– ગુજરાત યુનિવર્સિટીના નિયમો પ્રમાણે લેકચરર તરીકેની નિમણૂક માટે બી.એસસી. ની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ કરેલી હોવી જોઇએ જે આ કેસમાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના માનદ મંત્રીને જણાવવું કે શ્રી. એ. ટી. દેસાઇને ભૂગોળના કામચલાઉ લેકચરર તરીકે નીમી શકાય નહિ તથા વધારામાં ઉમેરવું કે હિસ્ટ્રીના પ્રાધ્યાપકને ઇન્ટરમિડિયેટ કક્ષા સુધી ભૂગોળ શીખવવા દેવામાં આવે છે.

૧૧૮. ગુજરાત લૉ સોસાયટી કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના એફ. વાય. કૉમર્સના બે વર્ગમાં દરેકમાં ૧૨૦ ના બદલે ૧૬૫ એટલે કુલ્લે ૨૪૦ વિદ્યાર્થીઓને બદલે ૩૩૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા અને ૧૩૮ વિદ્યાર્થીઓનો ત્રીજો ડિવિઝન બોલવા પરવાનગી આપવા અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ અંગે પ્રિન્સિપલ તરફથી આવેલ પત્રમાં વિગત આપી જણાવ્યું છે કે વધારાના એડમીશન માટે ઓરડાઓ, લાયબ્રેરી અને સ્ટાફ વિ. માટે પ્રબંધ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસ કરવા પ્રિ ડી. આર. સામંતની નિમણૂક કરવી

૧૧૯. મુંબઇ સ્ટેટની બીજી યુનિવર્સિટીઓમાંથી મુંબઇ યુનિવર્સિટીમાં દાખલ થતા (Migrating) વિદ્યાર્થીઓ માટે ઍલિજિબિલિટી અંગેની જુની પદ્ધતિ અખત્યાર કરવા અંગે મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત તેમજ જુની પદ્ધતિ આ યુનિવર્સિટીમાં દાખલ કરવી કે કેમ તે નક્કી કરવા બાબત

(નોંધ:- મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના પત્રમાં નીચે પ્રમાણે લખે છે:-

"I am to inform you that from this academic year this University has discontinued the simplified procedure recommended by the Joint Board of Vice-Chancellors of the Statutory Universities in the State of Bombay and have revived the procedure that was in vogue till June 1956 under which the students migrating from other Universities in the State of Bombay were required to obtain an Eligibility Certificate on payment of Rs. 2/-")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતનો વિચારણા મોકૂફ રાખવી.

૧૨૦. સામળદાસ કૉલેજ, ભાવનગરના ૧. બી.એસસી. (પ્રિન્સિ.) માં બૉટાની અને ફિઝિકસના કાયમી જોડાણ ૨ બી.એસસી. માં ઝૂલૉજી (સબ્સિ.) અને ૩. બી.એ. (જનરલ) માં હિંદીમાં તા. ૨૦-૬-૫૭ થી અનુક્રમે બે અને એક વર્ષના વધારાના જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંની આયોલૉજીમાં વધારાના એક ડેમોન્સ્ટ્રેટર તા. ૨૦-૬-૫૭થી નીમવાની શરત નં. ૫ બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

શરત નં. ૫ નીચે પ્રમાણે છેઃ-

"(5) An additional Demonstrator in Biology be appointed from 20 6- 7."

પ્રિન્સિપલનો જવાબ નીચે પ્રમાણે છેઃ

'Condition No. 5: The Government have been already requested to appoint a suitably qualified Demonstrar for Biology in time."

(**નોંધઃ**- આજ કૉલેજના જોડાણ અંગેની શરત નં. ૧ અંગે પ્રિન્સિપલનો જવાબ આગળ બાબત નં. ૯૨ માં આપેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સામળદાસ કૉલેજ, ભાવનગરને ઉપર જણાવ્યા પ્રમાણે જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૧૨૧. ફર્સ્ટ બી.ફાર્મ. ને લગતા ઍાર્ડિ. ૩૦૨-સી. મુજબ તે પરીક્ષામાં જે વિદ્યાર્થી એક સિવાય બીજા વિષયોમાં પાસ થતો હોય તો તેને સેકન્ડ બી.ફાર્મ. ની પરીક્ષા માટે સત્રો રાખવાની છૂટ આપી શકાય છે. પરંતુ આ પરીક્ષામાં રેગ્યુ. ૧૯૬-ઈ. મુજબ દરેક મુખ્ય વિષયમાં ૪૦ ટકા (લેખિત અને પ્રાયોગિક જુદા જુદા) અને તે મુખ્ય વિષયોના કુલ માર્કસના ૫૦ ટકા માર્કસ તે પરીક્ષામાં પાસ થવા મેળવવા જોઇએ તો જે કોઇ વિદ્યાર્થી કોઇ એક વિષયમાં નાપાસ થતો હોય અને કુલ માર્કસના સરવાળામાં પણ નાપાસ થતો હોય તો તેને સેકન્ડ બી.ફાર્મ. ની પરીક્ષા માટે સત્રો ભરવાની છૂટ આપી શકાય કે નહિ, તેમજ મુખ્ય વિષયોમાં પાસ થતો હોય અને ગૌણ વિષયો પૈકી એકમાં નાપાસ થતો હોય તો તેને પણ સત્રો રાખવાની પરવાનગી આપી શકાય કે કેમ તે નક્કી કરવા બાબત.

(**નોંધઃ**- આ બાબતમાં સંબંધકર્તા ઑ. ૩૦૧-સી. અને રેગ્યુ. ૧૯૬-ઈ. નીચે મુજબ છેઃ આ પ્રશ્ન પરિણામની જાહેરાત કર્યા પછી બે વિદ્યાર્થીઓએ ઉપકુલપતિશ્રીને કરેલી અરજી ઉપરથી ઉભો થયો છેઃ

O. 301-C. A student who passes in all subjects but one at the First B.Pharm examination as mentioned in R. 196-C will be allowed to keep terms and appear for the Second B.Pharm examination after keeping two terms but will not be declared to have passed the Second B Pharm Examination unless he has passed in the remaining subject of the First B.Pharm Examination held either in previous or in the same examination season.

R. 196-E. To pass an examination, candidates must obtain at least 40 per cent of the marks in Theory (including sessional) and Practical (including sessional) separately of each subject viz General Pharmacy, Pharmaceutical Chemistry I & II Pharmacognosy I and Pharmaceutical

Economics and Accounting, and in addition must obtain at least 50% of the total marks assigned to the whole examination The marks obtained in Dispensing Pharmacy, Forensic Pharmacy and Mathematics shall not be considered for these 50% of the total marks assigned to the whole examination. No class will be awarded to the successful candidates at the First B.Pharm. Examination.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓને બી.ફાર્મ. ની પરીક્ષા માટે સત્રો ભરવાની છૂટ આપવી નહિ તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑ. ૩૦૧-સી. માં નીચે પ્રમાણે સુધારો સુચવવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

"A student (1) who obtains the requisite total pasees in all subjects but one or 2) who obtains exemption marks in all subjects but one at the First B.Pharm. Examination as mentioned in O. 196 C will be allowed to keep terms and appear for the Second B Pharm. Examination after keeping two terms but will not be declared to have passed the Second B.Pharm Examination unless he has passed in the remaining subject of the B Pharm Examination held either in previous or in the same Examination season."

૧૨૨. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં સોશિયોલૉજી અને ઇકોનોમિકસના લેક્ચરર શ્રી. ભટ્ટ અને શ્રી. ઉન્નીને બી.એ. (સ્પેશ્યલ) માં સોશિયોલૉજી અને ઇકોનોમિકસના વિષયો શીખવાડવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૨-૫૬ ની સભામાં ખાસ કેસ તરીકે કામચલાઉ પરવાનગી આપેલી અને તેમની જગ્યાએ જુન ૧૯૫૭ થી યોગ્ય લાયકાત ધરાવનાર માણસોને નીમવા માટે જણાવેલું તેના અનુસંધાનમાં સોશિયોલૉજી અને ઇકોનોમિકસના પ્રોફેસર નીમવા બાબતની જાહેરખબર અપાઇ રહી છે માટે તેઓ નીમાય નહિ ત્યાં સુધી હાલની વ્યવસ્થા કામચલાઉ ચાલુ રાખવા પરવાનગી આપવા અને તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલને તાત્કાલિક સૂચના આપવા બાબત મુંબઇ સ્ટેટના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૩. એસ.એસ.સી. પાસ થયેલ વિદ્યાર્થી કૉલેજમાં દાખલ થવા માટે સ્ટે. ૧૬૩ મુજબની લાયકાત ધરાવતો ન હોય અને અંગ્રેજી અથવા ગુજરાતી અથવા હિંદીના વિષયમાં નાપાસ થયો હોય તે છતાંયે તેને પ્રિ-યુનિવર્સિટી કોર્સના આર્ટ્સ, સાયન્સ કે કૉમર્સના વર્ગમાં દાખલ થઇ અભ્યાસ કરવા માટે હકદાર છે તે અંગે તેમજ પ્રિ-યુનિવર્સિટી કોર્સમાં દાખલ થવા માટે સ્ટેટ્યુટ ઘડવા અથવા આ અંગે સ્ટેટ્યુટનું ઇન્ટરપ્રિટેશન કરવા બાબત ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. પ્રિન્સિ ત્રિવેદી તેમના પત્રમાં જણાવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રિ-યુનિવર્સિટીના વર્ગોમાં એડમીશન અંગે નિયંત્રણ કરવું ગેરકાનુની છે.

૨. ગુજરાત યુનિ. એ ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સના વર્ગોને પ્રિ-યુનિવર્સિટી કોર્સ તરીકે ગણ્યાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. અ. ક. ત્રિવેદીના ઈન્ટરપ્રિટેશન સાથે સિન્ડિકેટ સંમત નથી તેમ જણાવવું.

૧૨૪. ગુજરાત યુનિવર્સિટીની ઑર્ડ ઑફ સ્પોર્ટ્સની શુક્રવાર તા. ૧૪-૬-૫૭ ના રોજ મળેલી છવ્વીસમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૫. આર. જી. દેસાઇ શાહ ઍન્ડ કું. તરફથી ગુજરાતી ભાષા સાહિત્ય ભવનનું બંધકામ બાંધવા સંબંધમાં આવેલી નીચેની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

"We are in receipt of your above mentioned letter, and we hereby make it clear that inspite of the fact that prices of almost all Building Materials and labour have risen during last two months, we are still prepared to abide by the contract, provided the authorities agree to pay up the difference in cost of cement at present controlled rates which is purely due to the Act of Government.

We are sure that you will agree to our fair request as none can predetermine the Government's Policy.

Secondly, we have to request you to provide a Permit for Steel, also without which it is really impossible for us to procure steel required for such a big building. We feel that it costs nothing to the University in procuring Permit for Steel as it is a Government's work and as steel is controlled by the Government.

Hope, you will certainly review the whole case again and do justice to us."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પર જરૂરી નિર્ણય લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૨૬. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના મકાનના ત્રીજા માળના બાંધકામ અંગે શાહ ઍન્ડ પટવાની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- શાહ ઍન્ડ પટવાના પત્રમાં નીચે પ્રમાણે વિગત છેઃ

"Due to the Government's policy the duty on prices of cement and steel is increased. As these are the controlled items, we are not in a position to cover or collect these materials beforehand.

All round prices of materials have increased by 10%

Looking to the circumstances, you will please reconsider, at least, in increasement in our steel andcement rates and pay us the extra cost. Estimated consumption of cement for the third floor is 120 tons while that of steel is about 44 tons.

It is not possible for us to procure steel from the open market due to Government's restrictions. We shall have, therefore, to proceed with the work after the following categories of steel is made available to us through your good offices.

M.S. Round bars	1/4"	4 tons
	3 8"	12 ,,
	1/2"	12 ,,
	5/8"	5 ,,
	3/4"	4 ,,
	7/8"	7 ,,

Kindly therefore move suitably in the above matter."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પર જરૂરી નિર્ણય લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૨૬. સિન્ડિકેટની તા. ૬/૬–૪–૫૭ ની સભામાં આ. નં. ૬૬ અને ૬૫ યુનિવર્સિટી ટાવરની ડિઝાઇન અંગે શકય તેટલા ઉંચાઇમાં ઘટાડા બાબત ઠરાવ થયેલો છે. આ ફેરફાર અંગે થનાર ખર્ચની મંજૂરી બાબત આર્કિટેકટ શ્રી. ગજજરના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– શ્રી. ગજજરના પત્રમાંની વિગત નીચે પ્રમાણે છે:

"I have received a letter No. CED/2621/57 dated 17th May 1957 the copy of which I send herewith for ready reference and necessary action

I have taken measurements of the work to be demolished before starting the new work. The cost of the surplus dressed materials will be about Rs 6220-50. There are some other paragraphs regarding some other materials to be used and also for the extra cost for stone pillars and R.C.C. Fillars. Also they request us to make away surplus materials plus charges for the breaking down the existing work which will be measured and costed at a later date.

I will try to use the existing dressed material as far as possible so as to incur into less demage to the University"

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટાવરની રચના સંબંધી કરવામાં આવેલા ફેરફારને કારણે આર્કિટેકટ શ્રી. ગજજરે સૂચવેલા વધારાના ખર્ચને મંજૂર કરવું.

૧૨૮. સિન્ડિકેટે યુનિવર્સિટીનું છાપખાનું શરૂ કરવા અંગે વિગતવાર યોજના રજૂ કરવા માટે નીમેલી સમિતિની પહેલી સભા તા. ૨૦-૫-૫૭ ના રોજ મળેલી તે પછી તે સમિતિની બીજી સભા મળી શકી નથી. દરમિયાન ફ્રાઇન આર્ટ પ્રેસ ખરીદવા અંગે ઓફર આવી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. પ્રેસ મશીનરી વેચવા અંગે ધી રાજસ્થાન આર્ટ પ્રીન્ટર્સ, અજમેર તરફથી નીચે પ્રમાણેનો પત્ર આવેલ છે.

"In reply thereof we have to submit that the Press in perfect running order is to be sold as it is for Rs. 60,000/- which contains Machinery and Material worth a little over Rs. 90,000/- The list of the Machinery and Materials is being enclosed herewith f r your ready reference. The condition of the Machinery is just as new ones which will be open for inspection on any working day during the office hours

We are sorry, we are unable to supply any technical data and relevent printed literature as desired in your letter

Anxiously awaiting the favour of your reply in case you are interestsd to purchase the complete Press. Individual Machinery is not to be sold which may kindly be noted."

(નોંધ:- ૨. રાજનગર ટાઇપ ફાઉન્ડરીમાંથી શ્રી. પુરૂષોતમદાસ પટેલે ફોન મારફતે જણાવ્યું હતું કે તેમના ઉપર અજમેરના પ્રેસનો પત્ર છે અને પ્રેસે આપણને રૂા. ૬૦,૦૦૦ ભાવ જણાવ્યા છે પરંતુ તેઓ રૂા. ૫૦૦૦ જેટલા ઓછા લઇને પણ પ્રેસ આપી દેવા તૈયાર છે)

આથી કરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝની ઑફિસ જુનમાં તેના પોતાના મકાનમાં જવાની હોઇ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કૉલેજોમાં પ્રથા છે તેવી રીતે સ્કૂલના હિસાબોનું કામકાજ જે હાલ યુનિવર્સિટી ઑફિસનો એકાઉન્ટ સેકશન કરે છે તે સ્કૂલની ઑફિસને સોંપવા તથા આ અંગે બેંકમાં સ્કૂલના નામનો એકાઉન્ટ ખોલાવી ચેક ઓપરેટ કેવી રીતે કરવો તેની વ્યવસ્થા કરવા અને બજેટની મર્યાદામાં રહી સ્કૂલને આ અંગે advanced કરવા વગેરે બાબતો ઉપર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણના ડિપાર્ટમેન્ટમાં શું વ્યવસ્થા છે તે અંગેની માહિતી મંગાવવી અને આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૧૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	હોદ્દો	નિમણૂક તારીખ	નોંધ
શ્રી. ભલુભાઇ ખો. મકવાણા	પટાવાળા	તા. ૧૨-૬-૫૭	કાયમી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩૧. ફર્સ્ટ યર (પ્રિ-યુનિવર્સિટી કોર્સ) ની ફેબ્રુઆરી-માર્ચ ૧૯૫૮ માં યુનિવર્સિટી તરફથી લેવાનારી પરીક્ષાઓ અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓ બાબત કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલ સમિતિની નીચે મુજબની ભલામણો.

"૬-અ. પરીક્ષક થવા માટેની અરજીઓ, ફોર્મમાં જરૂરી સુધારા કરી, લાગતી વળગતી કૉલેજોના પ્રિન્સિપલો મારફત મંગાવવી. આ નિયમ આ યુનિવર્સિટી સાથે જોડાએલી કૉલેજોના શિક્ષકોને જ લાગુ પડશે અન્યત્ર કામ કરવા અરજદારોને આ નિયમ લાગુ પડશે નહિ.

બ. આ નિયમ ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) ની પરીક્ષાઓ સિવાય બીજી પરીક્ષાઓ માટે લાગુ પાડવો કે કેમ તે **પ્રશ્ન સ્વતંત્ર રીતે સિન્ડિકેટ સમક્ષ મૂકવો.**

ક. ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) ની પરીક્ષાઓ માટે પરીક્ષકપદની નિમણૂક માટે અરજીપત્રની ફી આઠ આના રાખવી. તથા અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ મી જુલાઇ રાખવી.

ડ. ઉપર "ક" માં જણાવ્યા પ્રમાણેની ફી બીજી પરીક્ષાઓ માટે પણ રાખવી કે કેમ તે **બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

(નોંધ:- આ બાબત આગળ આપેલી બાબત નં. ૩૦ માં એન્કલોઝર તરીકે આપેલા સમિતિના રિપોર્ટમાં આવી જાય છે. તે છતાં તે સ્વતંત્ર રીતે સિન્ડિકેટ સમક્ષ મૂકવાની હોવાથી જુદી આઇટેમ તરીકે અહીં લીધી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૨. ૧૯૫૪ માં શ્રી. પ્રવીણચંદ્ર નંદલાલ ગાંધીએ નીચેના વિષયો સાથે એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી છે.

૧. અંગ્રેજી, ૨. ગુજરાતી, ૩. જોગ્રાફી, ૪. સાયન્સ, ૫. ઇન્ડિયન એડમિનીસ્ટ્રેશન, ૬. હિન્દી અને ૭. એરીથમેટીક.

આ બાબત ઘણીજ અગત્યની હોઇ શ્રી વાઇસ-ચાન્સેલરે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કામકાજની નોંધ મંજૂર કરેલ છે તો શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

(પબ્લિકેશન બૉર્ડના કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૧. ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૬-૫ ૫૭ના રોજ મળેલી સોળમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આ બાબત ઘણીજ અગત્યની હોઇ શ્રી. વાઇસ-ચાન્સેલરે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કામકાજની નોંધને મંજૂર કરેલ છે તો શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

(બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૨. સિન્ડિકેટે તેની તા. ૬-૪-૧૯૫૭ અને તા. ૭-૪-૧૯૫૭ના રોજ મળેલી બેઠકમાં આઇટેમ નં. ૮૬ ઉપર નીચે જણાવેલ અનુસ્નાતક ખાતાં ખોલવા અંગે સેનેટે નીમેલ સભ્યો અને સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિના સભ્યોએ સંયુક્ત રીતે તૈયાર કરેલ નોંધ (રિપોર્ટ) મંજૂર કર્યા પ્રમાણે તે અંગે દરખાસ્તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફ મંજૂરી માટે મોકલવામાં આવેલ છે તે બાબત (જાણ માટે.)

૧. કેમિસ્ટ્રી, ૨. મેથેમેટિકસ, ૩. ફિઝિકસ, ૪. બૉટાની, ૫. હિસ્ટ્રી.

(નોંધ:- ૧. સંયુક્ત સમિતિના રિપોર્ટમાં ઠરાવ્યા પ્રમાણે "એપ્લાઇડ કેમિસ્ટ્રી" બાબતમાં દરખાસ્તો મોકલવા ડૉ. કે. જી. નાયકને જણાવવામાં આવ્યું છે તે સિવાયની દરખાસ્તો યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને મોકલવામાં આવેલ છે.

૨. ઉપરાંત હિસ્ટ્રીના ડિપાર્ટમેન્ટ માટેની યોજના મોકલવામાં આવેલ નથી. તો તે અંગે શું કરવું તેનો પણ વિચાર કરવાનો છે.)

અને

૬૫. સિન્ડિકેટના ઠરાવ અનુસાર એપ્લાઇડ કેમિસ્ટ્રીના ડિપાર્ટમેન્ટ અંગે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકે રજૂ કરેલી યોજના અને તેનો અંદાજી ખર્ચ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

એપ્લાઇડ કેમિસ્ટ્રીની યોજનાના સંદર્ભમાં બાબત નં. ૬૫ પર પણ સાથે સાથે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકે તૈયાર કરેલી યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મંજૂરી માટે મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસની યોજના સંબંધી શું કરવું તેની વિચારણા મોકૂફ રાખવી.

(નોંધ:- રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૩. સિન્ડિકેટના ઠરાવ અનુસાર પૉઇન્ટ ફૉર પ્રોગ્રામની યોજના હેઠળ યુનિવર્સિટીના સાયકૉલૉજી ડિપાર્ટમેન્ટ અને યુનિવર્સિટી સમાજ વિદ્યાભવન માટે જે બે અમેરિકન નિષ્ણાતોની સેવાઓની એક વરસ માટે માગણી કરી છે તે અંગે "સ્પૉન્સરીંગ ઑથોરીટી" તરીકે આપવાના તેમના સ્થાનિક ખર્ચની તથા રહેઠાણની જોગવાઇ કરવાની જવાબદારી સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર નિષ્ણાતો માટે હાલ જુદું મકાન બાંધવાની જરૂર નથી, પરંતુ તેમના રહેઠાણ માટે તેઓ આવ્યેથી જરૂર વ્યવસ્થા કરવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટીના ટીચર્સ માટે પોરબંદર મુકામે ભરવાના "Youth Leadership training and Dramatic Training Camp" અંગે હિંદ સરકારે રૂા. ૩૭૦૦ મંજૂર કર્યા બાબત. (જાણ સારૂ)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૨૫. ગુજરાત યુનિવર્સિટી જર્નલ "વિદ્યા" અંગેનું કામ કરતા સામાન્ય વિભાગના હેડ કલાર્ક શ્રી કે. સી. જાનીને તે અંગે મહેનતાણું આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ – યુનિવર્સિટી બુલેટિન, એકસ્ટ્રા-મ્યુરલ પ્રવૃત્તિઓ વગેરે બાબતોના કાર્ય અંગે યુનિવર્સિટીના અધિકૃત મંડળ દ્વારા મહેનતાણું મંજૂર કરવામાં આવેલ છે. બુલેટિનના કામ માટે વાર્ષિક રૂા. ૩૦૦ શ્રી. વી. એમ. દેસાઇને અને માસિક રૂા. ૨૫ શ્રી. જી. એ. દેસાઇને જે તે કામ કરવા બદલ આપવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે તપાસ કરીને ભલામણ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ
૨. શ્રી. નવનીતલાલ શેાધન
૩. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ
૪. શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇ

૨૬. યુનિવર્સિટી લાયબ્રેરીમાં કેટલોગર તરીકે કામ કરતાં શ્રીમતી બી. એસ. દેસાઇ રાજીનામું આપી છૂટાં થયેલાં હોવાથી તેમના ખાતે જમા થયેલી તેમના પ્રોવિડંટ ફંડ-ફાળાની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. એસ. દેસાઇને નિયમ પ્રમાણે તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ આપવી.

૨૭. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને રમતગમત વગેરે પ્રવૃત્તિઓ અંગે આર્થિક મદદ આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ:– યુનિવર્સિટી તરફથી સ્પોર્ટ્સ કલબને વાર્ષિક રૂા. ૨૦૦ ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે. સ્પોર્ટ્સ કલબને બેડમિન્ટન, ક્રિકેટ, અને શકય હોય તો ટેનિસ માટેના મેદાનો અંગે પણ સગવડ કરવાની છે. તો આ વિગત ધ્યાનમાં લઇ પાછલાં વર્ષોની જેમ ચાલુ સાલે પણ યોગ્ય મદદ આપવા ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબના સેક્રેટરીની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની સ્પોર્ટ્સ કલબને રૂા. ૨૦૦ આર્થિક મદદ તરીકે આપવા.

૨૮. કાર્યાલયના ૧૬૫૬ના પરિપત્ર નં. સિં. ૧૦૮૦૬ માં નિયમ નં. ૨ (૧) માં આવતા શબ્દો "upto the 15th June" ને બદલે "upto the 19th June" એ પ્રમાણે શબ્દો મૂકી મજકૂર પરિપત્રમાં જરૂરી સુધારો કરવા બાબત.

(નોંધ:- સુધારેલો નિયમ નં. ૨ (૧) નીચે પ્રમાણે વંચાશે:

2. Subject to the undermentioned proviso, a member of the teaching staff of an affiliated college who ceases to be a teacher at the end of the second term or at the end of the first term, as the case may be, should be paid his salary in accordance with the following rules.

(1) If he has served for the major part *of the whole academic year**, he should be paid his salary **upto the 19th June** following the end of the second term.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન પ્રમાણે મજકૂર નિયમ નં. ૨ ની પેટા કલમ (૧) ના ઉપરનો સુધારો મંજૂર કરવો.

૨૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફના સભ્યોના મોંઘવારી ભથ્થામાં વધારો કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના માનદ્ સામાન્ય મંત્રી તરફથી નીચે પ્રમાણે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"Our demands are pending consideration. Some of the demands involve financial consideration. In the meantime, the Union Government have imposed various taxes, as a result of which prices of necessities have gone up. In view of the rise in cost of living, it is requested that the staff of the University be given the 25% additional Dearness allowance with the minimum of Rs. 10/- per mensum with immediate effect from June, 1957.

It will not be out of place if we draw the attention of the University authorities to the recent decision of the State Government to increase the D.A. of Class IV Employees by Rs. 5/- p m. ad hoc."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર યુનિયનની બીજી માગણીઓની સાથે આ બાબતની પણ વિચારણા કરવી.

આ પછી સભાગૃહની ઇચ્છાને માન આપી બાબત નં. ૬૮ હાથ ધરવામાં આવી.

---

* 'Major Part' means more than one half.

** 'Academic year' means the period between the 19th June of the year and the 15th March of the following year.

૩૮. લૉ કૉલેજના પ્રિન્સિપલ શ્રી. એમ. એમ. ઠાકોરને પ્રિન્સિપલ પદેથી દૂર કરવા બાબતના સિન્ડિકેટના ઠરાવ અનુસાર ગુજરાત લૉ સોસાયટીને જણાવતાં તેમના તરફથી ગવર્નિંગ બૉડીનો આવેલો નીચે મુજબનો ઠરાવ :

ઠરાવ :

" Resolved that a committee consisting of Shri C. C. Parikh and Hon. Secretary Shri H. K. Adhyaru be appointed to negotiate with University authorities for an emicable settlement in the matter in question, and that the Universitey be informed accordingly."

(**નોંધ**:— સિન્ડિકેટે કરેલા ઠરાવ અનુસાર શ્રી. સુમન વ્યાસને પત્ર લખ્યો છે પરંતુ હજુ સુધી જવાબ આવ્યો નથી.)

એ બાબત પરની ચર્ચા અધૂરી રહેતાં બીજે દિવસે એટલે કે તા. ૨૧-૭-૧૯૫૭ના રોજ પણ ચર્ચા ચાલુ રહી. વિસ્તૃત ચર્ચા-વિચારવાના અંતે નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

After giving full consideration to the reply of the Honorary Secretary, Gujarat Law Society dated 14-7-'57 together with letters forwarded by him of Principal M. M. Thakore and the student Shri Suman Vyas, both dated 14-7-'57, the Syndicate resolves as follows :

The Governing Body in their letter have given up their contention regarding the competence of the University to investigate into the matter of Shri Suman Vyas and have assured the University of their future cooperation.

Principal M. M. Thakore has expressed his sincere regret for not having supplied the information asked for in the matter of inquiry against Shri Suman Vyas. Principal Thakore has expressed his sincere regret for the tone of his letters and has withdrawn the statements made therein. He has also assured the University of his cooperation in future.

Shri Suman Vyas has tendered his unqualified apology for the alleged resolutions of the Students' Union containing aspersions against the Dean of the Faculty of Law, Shri H. P. Shukla and the then officiating Principal, Shri N. J. Shah of A. M. P. Law College, Rajkot. He has also withdrawn his previous letters and expressed his sincere regrets for the same.

In view of the withdrawal of all statements made by Principal M. M. Thakore and Shri Suman Vyas and their expression of regret and apology and also in view of the Governing Body of the Gujarat Law Society having realised that their earlier contention about the authority of the Gujarat University was unfounded, the Syndicate does not desire to take any further steps against them and accepts the regret and apology tendered by them as also the explanation given

by the Gujarat Law Society and authorities the Registrar to declare the result of Shri Suman Vyas's Examination.

At the same time, however, as it appears to the Syndicate that the explanation given by Shri Suman Vyas regarding the existence or otherwise of the Students' Union is not satisfactory, the Syndicate calls upon Principal Shri M. M. Thakore to investigate into the matter and report the result of his investigation to the Registrar at an early date.

In view of what has happened, the Syndicate wishes to impress upon the members of the Governing body of the Gujarat Law Society the necessity of exercising effective control over principal M. M. Thakore so as to deter him from doing any act, unworthy of his responsible post as Principal of the College and from disobeying the instructions given by the University in the discharge of its statutory duty to maintain the academic authority of the University over the College and maintain and enforce discipline over its students.

(**નોંધ:**—આ ઠરાવને અંગે શ્રી રજિસ્ટ્રારે અખબારી નિવેદન તારીખથી પ્રસિદ્ધ કરવું.) તે પછી સમયના અભાવે ફક્ત નીચેની બાબતો તેના ક્રમ અનુસાર હાથ ધરવામાં આવી :

૩૧. સિન્ડિકેટે યુનિવર્સિટીનું છાપખાનું શરૂ કરવા અંગે વિગતવાર યોજના રજુ કરવા માટે નીમેલી સમિતિની પહેલી સભા તા. ૨૦-૫-૫૭ના રોજ મળેલી તે પછી તે સમિતિની બીજી સભા મળી શકી નથી. દરમિયાન ફાઈન આર્ટ પ્રેસ ખરીદવા અંગે ઓફર આવી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ:**—પ્રેસ મશીનરી વેચવા અંગે ધી રાજસ્થાન આર્ટ પ્રીન્ટર્સ, અજમેર તરફથી નીચે પ્રમાણે પત્ર આવ્યો છે :

" In reply thereof we have to submit that the press in perfect running order is to be sold as it is for Rs. 60,000/- which contains Machinery and Material worth a little over Rs 90,000/- The list of the Machinery and Materials is being enclosed herewith for your ready reference. The condition of the Machinery is just as new ones which will be open for inspection on any working day during the office hours.

We are sorry, we are unable to supply any techinical data and relevant printed literature as desired in your letter.

Anxiously awaiting the favour of your reply in case you are interested to purchase the complete press. Individual Machinery is not to be sold which may kindly be noted. "

નોંધ:—શ્રી. રાજનગર ટાઈપ ફાઉન્ડરીમાંથી શ્રી. પુરૂષોતમદાસ પટેલે ફોન મારફત જણાવ્યું હતું કે તેમના ઉપર અજમેરના પ્રેસનો પત્ર છે અને પ્રેસ આપણને રૂા. ૬૦,૦૦૦ ભાવ જણાવ્યા છે પરંતુ તેઓ રૂા. ૫,૦૦૦ જેટલા ઓછા લઈને પણ પ્રેસ આપી દેવા તૈયાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ધી રાજસ્થાન આર્ટ પ્રિન્ટર્સ, અજમેરની રૂબરૂ તપાસ (Survey) કરીને યંત્ર સામગ્રી યુનિવર્સિટીએ ખરીદવા જેવી છે કે નહિ તેનો અભિપ્રાય આપવા માટે શ્રી. ધીરૂભાઈ દેસાઈને વિનંતિ કરવી.

૩૨. ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી ઈયર) ની ફેબ્રૂઆરી-માર્ચ ૧૯૫૮ માં યુનિવર્સિટી તરફથી લેવાનારી પરીક્ષાઓ અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓ બાબત કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલ સમિતિની નીચે મુજબની ભલામણો :

૬ અ. પરીક્ષક થવા માટેની અરજીઓ, ફોર્મમાં જરૂરી સુધારા કરી, લાગતી વળગતી કોલેજોના પ્રિન્સિપલો મારફત મંગાવવી. આ નિયમ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોના શિક્ષકોને જ લાગુ પડશે. અન્યત્ર કામ કરતા અરજદારોને આ નિયમ લાગુ પડશે નહિ.

બ. આ નિયમ ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) ની પરીક્ષાઓ સિવાય બીજી પરીક્ષાઓ માટે લાગુ પાડવો કે કેમ તે પ્રશ્ન સ્વતંત્ર રીતે **સિન્ડિકેટ સમક્ષ મૂકવો.**

ક. ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) ની પરીક્ષાઓ માટે પરીક્ષકપદની નિમણૂંક માટે અરજીપત્રની ફી આઠ આના રાખવી. તથા અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ મી જુલાઇ રાખવી.

ડ. ઉપર " ક " માં જણાવ્યા પ્રમાણેની ફી બીજી પરીક્ષાઓ માટે પણ રાખવી કે કેમ તે બાબત સિન્ટિકેટ સમક્ષ રજૂ કરવી.

(**નોંધ**:—આ બાબત આગળ આપેલી બાબત નં. ૧૯ માં તા. ૨૫/૨૬-૬-૫૭ ની સિન્ડિકેટની બાબત નં. ૩૦ ના એન્કલોઝર તરીકે મોકલી આપેલા સમિતિના રિપોર્ટમાં આવી જાય છે. તે છતાં તે સ્વતંત્ર રીતે સિન્ડિકેટ સમક્ષ મૂકવાની હોવાથી જુદી આઇટેમ તરીકે અહીં લીધી છે.)

૧. પરીક્ષકપદ માટેની અરજીઓ પ્રિ-યુનિવર્સિટી સિવાયના પરિક્ષકપદ માટે પણ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજો, સંસ્થાઓ અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં કામ કરતા શિક્ષકો પાસેથી લાગતા-વળગતા પ્રિન્સિપલો કે અધ્યક્ષો મારફતે મંગાવવી.

(**નોંધ**:—આ નિયમ આ યુનિવર્સિટીની બહાર કામ કરતા શિક્ષકોને તથા અન્ય ઉમેદવારોને લાગુ પડશે નહિ.)

૨ પરીક્ષકપદની નિમણૂક માટે અરજીપત્રની ફી મુકરર કરવાના પ્રશ્ન પર વિચારણા મોકુફ રાખવામાં આવી હતી.

૩૩. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, વલસાડને ઇન્ટરમિડિયેટ આર્ટસ અને સાયન્સના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૭ થી જોડાણ આપવા અંગે તા. ૩૧-૫-૫૭ સુધીમાં કોલેજે પરિપૂર્ણ કરવાની સેનેટે મુકરર કરેલી શરતોમાંની ૧. મેથેમેટિકસમાં લેકચરર નીમવાની. ૨. જરૂરી ડેમોન્સ્ટ્રેટર્સ નીમવાની અને ૩. હિસ્ટ્રી અને ઇકોનોમિકસમાં લેકચરર નીમવાની શરત અંગે કોલેજ તરફથી પૂરી પાડેલી વીગત અંગે સ્થાનિક તપાસ સમિતિના સિનિયર મેમ્બરોનો અભિપ્રાય પૂછાવતાં આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:—સિનિયર મેમ્બર પ્રિન્સિ. કે. એલ. દેસાઈ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે :

1. The candidate is a specialist in Statistics. As the B. Sc., Mathematics was his subordinate subject, I am doubtful whether he can teach Mathematics to the degree classes. He can, however be permitted to teach Mathematics to the First Year and Second Year students.
2. The teaching staff in each Science department can do the demonstration work, I think.
3. The candidate is a specialist in Economics. He should, however, be able to teach History, Civics and Administration to the lower classes.)

આથી ફરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિના સિનિયર સભ્યોનો અભિપ્રાય માન્ય રાખશો તથા મજકૂર કોલેજના જોડાણ માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૩૫. ધી ઇન્ડિયન સ્ટાન્ડર્ડઝ ઇન્સ્ટિટ્યુટશન, દિલ્હી-૮ની ત્રીજી સ્ટાન્ડર્ડઝ કન્વેન્શનમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓનાં નામ અને સરનામાં તા. ૩૧-૭-૫૭ સુધીમાં મોકલી આપવા બાબત મજકૂર સંસ્થાના ડાયરેક્ટર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:—મોકલનારા પ્રતિનિધિઓએ ચર્ચા માટે ટેકનીકલ પેપર્સ મોકલવાં હોય તો તે તા. ૧૫-૯-૫૭ સુધીમાં મોકલવાં જોઈએ એમ ડાયરેક્ટર તેમના પત્રમાં જણાવે છે.)

આથી ફરાવવામાં આવે છે કે મજકૂર સ્ટાન્ડર્ડઝ કન્વેન્શનમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવો નહિ.

૩૬. ઓક્ટોબર ૧૯૫૭માં લેવાનારી બી. કોમ. ની પરીક્ષા માટે બી. જે વાણિજ્ય મહા વિદ્યાલય, વલ્લભવિદ્યાનગરને કેન્દ્ર તરીકે રાખવા અંગે મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:—પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે લગભગ ૧૮ થી ૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તેથી ઓક્ટોબર ૧૯૫૭ની બી. કોમ.ની પરીક્ષા માટે પણ તેમની કોલેજને પરીક્ષા કેન્દ્ર તરીકે ચાલુ રાખવા વિનંતી કરે છે.

આથી ફરાવવામાં આવે છે કે બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરને ઓક્ટોબર ૧૯૫૭માં લેવામાં આવનાર બી. કોમ.ની પરીક્ષા માટે કેન્દ્ર રાખવું નહિ.

૪૦. રિસર્ચ ગ્રાન્ટસ આપવા અંગે રિસર્ચનું કામ કયારે પૂરૂં કરવું તે માટે સમય મર્યાદા ન હોવાથી તેમજ તે કયારે પ્રગટ કરવું વગેરે અંગે કોઇ ખાસ નિયમો ન હોવાથી તે અંગે કાર્યાલયે તૈયાર કરેલા નિયમોનો મુસદ્દો મંજુર કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે રિસર્ચ ગ્રાન્ટસ અંગે કાર્યાલયે ઘડેલા નિયમોનો મુસદ્દો નીચેના ફેરફાર સાથે માન્ય કરવો.

નિયમ નં. ૪ માં "Six months" એ શબ્દોને બદલે "One year" એ શબ્દો મૂકવા.

(મંજૂર કરેલા નિયમોની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.

૪૩. એમ. ઇ. ની પરીક્ષા પેપરો સાથે પસાર કરી ત્યારે શ્રી. એસ. બી. કુમ્તાએ રૂ. ૧૦૦ ની પરીક્ષા ફી ભરી હતી અને ડીઝર્ટેશન મારફતે રજુ કરવા માટે પરવાનગી આપેલી. હવે શ્રી. કુમ્તાએ એમ. ઇ. નાં ડિઝર્ટેશન રજુ કર્યાં છે તો તે અંગે અલગ પરીક્ષા ફી રૂ. ૧૦૦ લેવી કે કેમ તે અંગે એક સામાન્ય નિયમ ઘડવા વિચારણા કરવા બાબત.

નોંધ:- શ્રી. કુમ્તાએ એમ. ઇ.ની પરીક્ષા પેપરો સાથે આપી ત્યારે રૂા. ૧૦૦ પરીક્ષા ફી આપી હતી તો ડિઝર્ટેશન માટેની ફી તેમાં ગણી લેવી કે તે માટે જુદી ફી રૂા. ૧૦૦ ચાર્જ કરવી તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. બી. કુમ્તા પાસેથી પેપરો અને ડિઝર્ટેશનની પરીક્ષા ફી અલગ અલગ લેવી.

૫૮. યુનિવર્સિટી હોસ્ટેલ્સમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી ૨૦ ટેબલો અને ૫૦ ખુરસીઓ વસાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**:- હાલ હોસ્ટેલ્સમાં પાટલા આપેલા છે ખુરસી ટેબલ આપવામાં કુલ ખર્ચ રૂા. ૨,૦૦૦. જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલ્સમાં ખુરસી ટેબલ રાખવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૬૩. સામળદાસ કોલેજ, ભાવનગરમાં સોશિયોલોજી અને ઇકોનોમિકસના લેક્ચરર શ્રી. ભટ્ટ અને શ્રી. ઉન્નીને બી. એ. (સ્પેશ્યલ)માં સોશિયોલોજી અને ઇકોનોમિકસના વિષયો શીખવાડવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૨-૫૬ની સભામાં ખાસ કેસ તરીકે કામચલાઉ પરવાનગી આપેલી અને તેમની જગ્યાએ જુન ૧૯૫૭ થી યોગ્ય લાયકાત ધરાવનાર માણસોને નીમવા માટે જણાવેલું તેના અનુસંધાનમાં સોશિયોલોજી અને ઇકોનોમિકસના પ્રોફેસર નીમવા બાબતની જાહેરખબર અપાઈ રહી છે માટે તેઓ નીમાય નહિ ત્યાં સુધી હાલની વ્યવસ્થા કામચલાઉ ચાલુ રાખવા પરવાનગી આપવા અને તે અંગે મજકુર કોલેજના પ્રિન્સિપલને તાત્કાલિક સૂચના આપવા બાબત મુંબઈ સ્ટેટના ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભટ્ટ અને શ્રી. ઉન્નીને અનુક્રમે બી. એ. સ્પેશ્યલમાં સોશિયોલોજી અને ઇકોનોમિકસના વિષયો શીખવવા માટે ખાસ કેસ તરીકે આપેલી કામચલાઉ પરવાનગી તા. ૨૦ મી ઓકટોબર ૧૯૫૭ સુધી લંબાવવી.

૬૪. યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં પ્રથમ વર્ષની પરીક્ષામાં કોઈ વિદ્યા-

થીઁએ ગેરવ્યાજબી ઇલાજોનો ઉપયોગ કર્યો હોય તો તે વિદ્યાર્થી સામે યુનિવર્સિટીએ પગલાં લેવાં કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં કોલેજની પ્રથમ વર્ષની પરીક્ષામાં કોઇ વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજોનો ઉપયોગ કર્યો હોય તો તે વિદ્યાર્થીઓ સામે લાગતી વળગતી કોલેજોએ પોતે પગલાં લેવાં.

૬૬. જોડાયેલી કોલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૦-૭-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની તા. ૧૦-૭-૫૭ની સભાના કામકાજની નોંધમાંથી નીચેની છેલ્લી કંડિકા રદ કરીને નોંધ મંજૂર કરવી.

"સભાગૃહ વધુમાં સિન્ડિકેટને ભલામણ કરે છે કે કોલેજોમાં થતી ટ્યૂટરની નિમણૂંકની જાણ યુનિવર્સિટીને કરવી જોઈએ અને તે માટે કોલેજોના આચાર્યોને પરિપત્ર દ્વારા જણાવવું."

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્યુટર અને ડેમોન્સ્ટ્રેટરની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા માટે જરૂરી વિચારણા કરવી.

(કામકાજની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૭. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૫-૭-૫૭ના રોજ મળનાર સભાના કામકાજની નોંધને મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બોર્ડની તા. ૧૫-૭-૫૭ના રોજ મળેલી સભાની કામકાજની નોંધ મંજૂર કરવી.

(કામકાજની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૮. સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઓફ એકઝામિનેશન્સની તા. ૧૫-૭-૫૭ ના રોજ મળનાર સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઓફ એકઝામિનેશન્સની તા. ૧૫-૭-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટી તા. ૧૫-૭-૫૭ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૯. યુ. પી. એસ. સી. ના વર્ગો અંગેની સમિતિની તા. ૧૬-૭-૫૭ના રોજ મળનારી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીની તા. ૧૬-૭-૫૭ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૭૦. બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૧૬-૭-૫૭ના રોજ મળનારી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે મજકૂર બોર્ડની તા. ૧૬-૭-૫૭ની સભાના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૭૧. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ અને યુનિ. સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરીના પત્રમાં જણાવેલી નીચે પ્રમાણેની વિગત અનુસારની નિમણૂકો મંજુર કર્યા બાબત આવેલ પત્ર અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"I am directed to convey the sanction of the University Grants Commission to the appointment of the following teahers in the School of Social Sciences and the School of Gujarati Language & Literature in the Gujarat University in the usual grades, under the Second five Year Plan, with effect from the date of oppointment.

(a) School of Social Sciences :

(1) Economics	Readers	2
	Lecturers	2
(2) Sociology	Professor or Reader.	1
(3) Politics	Lecturer	1
(4) Statistics	Lecturers	2
	Demonstrator at Rs. 250/- Per month fixed	1.

(b) School of Gujarati Language & Literature :

(1) Conversion of one Readership to Professorship (Linguistics)	1
(2) Reader	1
(3) Lecturer	1
(4) Research Assistant at Rs. 250/- p. m. fixed.	

2. It has been noted that the University and/or the state Government will share the expenditure involved in the creation of these posts at 50% of the recurring cost during the Second Five Year Plan period.

The commission may kindly be informed as early as possible of the action taken by the University as also the detailed requirements of the University in 1957-58 in respect of the appoinment of the teachers in the School of Social Sciences and the School of Gujarati Language and Literature."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને મંજુર કરેલી વધારાની જગાઓ પૈકી યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગવેજ એન્ડ લિટરેચરમાં નીચેની વધારાની જગાઓ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવીઃ

યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝઃ

૧. રીડર ઇન ઇકોનોમિકસ એ
૨. લેકચરર ઇન ઇકોનોમિકસ એ
૩. પ્રોફેસર ઇન સોશિયોલોજી એક
૪. લેકચરર ઇન પોલિટિકસ એક
૫. લેકચરર ઇન સ્ટેટીસ્ટીકસ એ
૬. ડેમોન્સ્ટેટર ઇન સ્ટેટીસ્ટીકસ એક
ફીકસ પે રૂા. ૨૫૦ દર મહિને.

યુનિ. સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લીટરેચર :

૧. રીડરની જગ્યાને પ્રોફેસર
(લિન્ગ્વીસ્ટીકસ) ની
જગામાં ફેરવવી.
૨. રિસર્ચ આસિસ્ટન્ટ
રૂા. ૨૫૦ ફીકસ્ડ દર મહિને. એક

(**નોંધ**;–હાલમાં સ્કુલોમાં નીચે પ્રમાણેનો ટીચીંગ સ્ટાફ છે.

૧. યુનિ. સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝઃ

૧. પ્રોફેસર
૪. રીડર
૩. લેકચરર્સ
૧. ડેમોન્સ્ટ્રેટર

૨. યુનિ. સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લીટરેચર

૧. પ્રોફેસર
૧. રિડર
૧. રિસર્ચ ફેલો

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કુલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરમાં મજકૂર ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની જગાઓ આપવા માટે સેનેટને ભલામણ કરવી.

૭૨. લખધીરજી એન્જિનીયરીંગ કોલેજ, મોરબીને બી. ઇ. સિવિલ, મિકેનીકલ

અને ઇલેક્ટ્રીકલના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૮થી કાયમી જોડાણ આપવા બાબતની મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ફરાવવમાં આવે છે કે પ્રિન્સિ. એસ. વી. સી. આઈયા અને પ્રિન્સિપલ જી. એસ દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૭૩. પેટલાદ કોલેજ, પેટલાદને સંસ્કૃત અને ગુજરાતીમાં બી. એ. (સ્પેશ્યલ) સુધીના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૮થી વધારાનું જોડાણ આપવા બાબતની મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ફરાવવામાં આવે છે કે પ્રિન્સિ. વાય પી. શુકલને સ્થાનિક તપાસ કરીને હેવાલ સુપ્રત કરવા વિનંતી કરવી.

૭૪. ડી. કે. વી. આર્ટ્સ કોલેજ, જામનગર અને બી. એમ. શાહ ઈન્ટરમિડિએટ કોલેજ, ભાવનગરનું અનુક્રમે બી. એ. (સ્પેશ્યલ અને જનરલ)નું વધારાનું જોડાણ અને ઇન્ટરમિડિએટ આર્ટ્સનું ચાલુ જોડાણ તા. ૨૦-૬-૫૭થી આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોના પાલન થયા અંગે સિન્ડિકેટ સરકારને રિપોર્ટ કરે તે પહેલાં સરકાર તરફથી મજકૂર બંને કોલેજો અંગે આવેલાં એફિલિએશન નોટિફીકેશન.

(**નોંધ:**—આ બાબતમાં આમ કેમ થયું તે અંગેના ખુલાસા માટે મુંબઈ સરકારને પત્ર લખવામાં આવ્યો છે તેના જવાબની રાહ જોવાઈ રહી છે.

આથી ફરાવવામાં આવે છે કે સિન્ડિકેટની ભલામણ વગર મજકૂર કોલેજના જોડાણ માટે નોટિફિકેશન બહાર પાડવા માટે મુંબઈ સરકાર પાસેથી કાર્યાલયે માગેલો ખુલાસો તાકીદે આપવા માટે મુંબઈ સરકારને જણાવવું.

૭૫. કોઇપણ જોડાયેલી કોલેજ માન્ય સંસ્થામાં જો કોઇ પણ લેકચરર, પ્રોફેસર વગેરે સત્રની શરૂઆત પહેલાં નિમણુક સ્વીકારે અને સત્રની શરૂઆતથી એક મહિના પહેલાં તેઓ નિમણુકનો અસ્વીકાર કરે તો તેમના ઉપર નિયમ પ્રમાણે પગલાં લઇ શકાતાં નથી તો તે અંગે કોલેજ/સંસ્થા વગેરેને નિમણુક અંગે વેઠવી પડતી મુશ્કેલીઓ વગેરે જોઇ નિયમોમાં ફેરફાર કરવા વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના બી. એ. ના વર્ગમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ તથા તે ઉપરાંત ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગે પરવાનગી આપવા બાબત મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૨૫/૨૬-૬-૫૭ની બેઠકમાં આ બાબતમાં તપાસ કરી રિપોર્ટ કરવા નીમેલી શ્રી. એચ. પી. શુકલ અને શ્રી. બી. પી. શાહની બનેલી સ્થાનિક તપાસ સમિતિના રિપોર્ટ ઉપરથી નીચેની ત્રણ નિમણુકો કરવાની શરતે ઉપકુલપતિશ્રીએ તે પરવાનગી આપ્યાના કાર્યને બહાલી આપવા બાબત.

૧. અંગ્રેજીમાં એક લેક્ચરર
૨. ઇકોનોમિક્સમાં એક લેક્ચરર
૩. ગુજરાતીમાં એક લેક્ચકરર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૭. સેંટ ઝેવીયર્સ કોલેજ, અમદાવાદને ગુજરાતીમાં બી. એ. (સ્પેશ્યલ) ડીગ્રીના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૭થી વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા અંગે મજકૂર કોલેજના પ્રિન્સિપલના પત્ર ઉપરથી શરતો પરિપૂર્ણ થયા બાબત મુંબઇ સરકારને ખબર આપવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૮. યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયન કે યુનિયનોને માન્ય કરવા નિયમો ઘડયા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં એમ્પ્લોઇઝ યુનિયન કે એમ્પ્લોઇઝ યુનિયન્સને માન્ય કરવા માટે નીચેના નિયમો મંજૂર કરવા:

1. Every Association or Union of the Employees of the University shall apply to the Vice-Chancellor for recognition, giving full particulars regarding its name, registered address and constitution and undertake to comply with the rules laid down here below and supply such information pertaining to its official business as may be called for from time to time by the University.
2. The Syndicate shall be the sole judge whether recognition shall be given to a particular applying Association or University on and its decision shall be final.
3. The Association or Union shall consist of a distinct class of employees of the University and shall not discriminate against any individual on grounds of caste, community, religion or sex.
4. The office bearers of the Association or Union shall be selected from amongst the individuals who are in active service and employment of the University and are members of the Association or Union.
5. No representation or deputation shall be received except in connection with a matter which is, or raises a question which is of common interest to the class as whole represented by the Association or the Union and no representation shall be received save by the Vice-Chancellor or an individual or individuals authorised by the Syndicate in this behalf by a specific resolution. Such a representation or deputation shall not include any person who is not a member of the Association or the Union concerned.

6. The Union or the Association shall regularly submit copies of its rules, annual statement of its accounts, its annual report and the list of its members including office-bearers together with their addresses and such other information as may be called for by the University from time to time.

7. The Association or Union shall not interfere with the official administration of the University. The Vice-Chancellor's decision as to whether a particular act of the Union or the Association amounts to interference in offical administration shall be final.

8. The Association or Union shall not entertain frivolous or malicious complaints or representation by its members

9. The Association or Union shall make all efforts to discourge such acts of omission or commission by its members as are reasonably calculated to undermine the discipline or efficiency or intergrity of its members in relation to their official work in the University.

10. The Syndicate may withdraw recognition granted to any Association or Union, if in its opinion, there are sufficient grounds for doing so.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ નિયમો હાલમાં અસ્તિત્વ ધરાવતા યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનને પણ લાગુ પાડવા.

(**નોંધ**:–આ ઠરાવની એક નકલ મુંબઇ સરકારના કેળવણીખાતાને તથા ટ્રેડ યુનિયન્સના રજિસ્ટ્રારને પણ મોકલી આપવી.)

૭૮. લેબર વેલ્ફેર ડિપ્લોમાના વર્ગો આ વર્ષથી શરૂ કરવા સિન્ડિકેટે કરેલા નિર્ણય અંગે યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝના અધ્યક્ષના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેબર વેલ્ફેર ડિપ્લોમાના વર્ગો ચાલુ સત્રથી તાકીદથી શરૂ કરવા માટે યુનિવર્સિટી સમાજવિદ્યાભવનના અધ્યક્ષને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસક્રમ શીખવવામાં જો કોઈ પણ કોલેજ કે સંસ્થામાં કામ કરતા શિક્ષકોની મદદની જરૂર જણાય તો તે મદદ આપવા માટે લાગતી વળગતી કોલેજ કે સંસ્થાના વડાને વિનંતી કરવી.

૮૩. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરમાં મેરીટ સ્કોલરશિપો ઉભી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો સેનેટે સિન્ડિકેટને રિફર બેક કરી હતી તે અંગે સિન્ડિકેટની ભલામણ સેનેટે મંજૂર કરી હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત.

સિન્ડિકેટનો પ્રથમનો ઠરાવ. તા. ૧-૯-૫૬

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલોમાં નીચે પ્રમાણે મેરિટ સ્કોલરશિપો ઊભી કરવા માટે ઘટતાં પગલાં લેવાં :

૧. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ	બે વર્ષ માટે માસિક રૂા. વીસની એક એવી ચાર મેરીટ સ્કોલરશિપો જુનિયર એમ. એ. ના વિદ્યાર્થીઓ માટે.
૨. યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર.	બે વર્ષ માટે માસિક રૂા. વીસની એક એવી બે મેરીટ સ્કોલરશિપો જુનિયર એમ. એ. ના વિદ્યાર્થીઓ માટે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર મેરીટ સ્કોલરશિપો જે તે વિદ્યાર્થીઓનો અભ્યાસ સંતોષકારક છે એમ તેમના ડાયરેક્ટરનો અભિપ્રાય હોય તો જ તેમના સિનિયર એમ. એ.ના વર્ષમાં ચાલુ રાખવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ : તા. ૨૧/૨૨-૧૨-૫૬.

"આથી ઠરાવવામાં આવે છે કે હાલની ચાલુ શિષ્યવૃત્તિઓ ઉપરાંત ઉપર મુજબ સૂચવાયેલી શિષ્યવૃત્તિઓ કાઢવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો બીજો ઠરાવ: તા. ૧૨/૧૩-૧-૫૭.

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ત્રીજો ઠરાવ : તા. ૬/૭-૪-૫૭.

"આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં રૂા. વીસની એક એવી મેરીટ શિષ્યવૃત્તિઓ નીચે પ્રમાણે સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી:

ડિપાર્ટમેન્ટ	કુલ શિષ્યવૃત્તિઓની સંખ્યા:
૧. સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ	૬૪
૨. સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર	૭

(**નોંધ:**-શિષ્યવૃત્તિઓની આ સંખ્યામાં પ્રત્યેક ડિપાર્ટમેન્ટની નીચે જણાવ્યા પ્રમાણે ચાલુ પાંચ પાંચ શિષ્યવૃત્તિઓનો સમાવેશ થાય છે:

૧. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ	૫
૨. યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર	૫

સેનેટનો ઠરાવ

સેનેટથી આ સભા આથી ઠરાવે છે કે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં રૂપિયા વીસની એક એવી

મેરીટ શિષ્યવૃતિઓ નીચે પ્રમાણે આપવા માટેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવી અને આ અંગે આગળનાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ડિપાર્ટમેન્ટ :	કુલ શિષ્યવૃત્તિની સંખ્યા :
૧. સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ.	૬૬
૨. સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લીટરેચર	૭

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઠરાવ અનુસાર સ્થાપવામાં આવેલી શિષ્યવૃતિઓ ચાલુ વર્ષથી અમલમાં મૂકવી તથા તે માટે ઘટતાં પગલાં લેવા માટે લાગતા વળગતા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોના અધ્યક્ષોને વિનંતી કરવી.

૮૬. વાર્ષિક હેવાલની નકલ રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટોને આપવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટોને યુનિવર્સિટીના ૧૯૫૫-૫૬ના વાર્ષિક હેવાલની નકલ જોઈતી હોય તો તેમની પાસેથી લેખિત માગણી મંગાવવી તથા આવી માગણી કરનાર રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સને હેવાલની નકલ મફત આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકુર હેવાલની ૧૫૦૦ નકલ છપાવવી તથા તે માટે જરૂરી ખર્ચ કરવો.

૮૭. આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગા માટે ઇન્ટરવ્યુ લઇ સિન્ડિકેટને ભલામણ કરવા એક વરણી સમિતિની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની વરણી સમિતિ નીમવી.

૧. શ્રી વાઇસ-ચાન્સેલર
૨. શ્રી ઝીણાભાઇ ૨. દેસાઇ
૩. પ્રિન્સિ. એસ. વી- દેસાઇ
૪. શ્રી બિહારીલાલ પો. શાહ

૮૮. સામળદાસ કોલેજ અને સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, ભાવનગરને હિંદીમાં બી. એ. (જનરલ)ના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૮થી આપવા અંગે ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈને સ્થાનિક તપાસ કરીને હેવાલ સુપ્રત કરવા વિનંતી કરવી.

૮૯. ગુજરાત લો, સોસાયટી કોલેજ ઓફ કોમર્સના ફર્સ્ટ ઇયર કોમર્સ કલાસના બન્ને વર્ગો પૈકી દરેક વર્ગમાં ૧૬૫ વિદ્યાર્થી તથા ફર્સ્ટ ઇયર કોમર્સ કલાસનો ત્રીજો વર્ગ ૧૩૦ વિદ્યાર્થીની સંખ્યાવાળો ઉઘાડવા તથા સિનિયર બી. કોમ. ના વર્ગમાં ૧૦૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા અને જોડાણ અંગેની શરત નં. ૧૧ (જુદા જુદા વર્ગમાં વિદ્યાર્થીઓ દાખલ કરવાની મર્યાદા બાબત)માં સુધારો કરવા અંગેની બાબતમાં મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્રો ઉપરથી સિન્ડિકેટે તેની તારીખ ૨૫/૨૬-૬-

પહની બેઠકમાં આ બાબત તપાસ કરી રિપોર્ટ કરવા નીમેલી પ્રિન્સિ. ડી. આર. સામન્તની સ્થાનિક તપાસ સમિતિના રિપોર્ટ ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ નીચે મુજબની પરવાનગી આપ્યા બાબતના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

વર્ગ:	વિદ્યાર્થી દાખલ કરવાની સંખ્યા:
ફરટ યર કોમર્સ	૪૨૫
ઇન્ટર કોમર્સ	૩૦૦
સિનિયર બી. કોમ.	૧૨૫

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૦. મહિલા મહા વિદ્યાલય, પોરબંદરને બી. એ. (સ્પેશ્યલ અને જનરલ) માં સંસ્કૃતને બી. એ. (જનરલ) માં હિન્દિ, ઇકોનોમિકસ, (પ્રિન્સિપલ ઓફ ઇકોનોમિકસ), ફિલોસોફી (સાયકોલોજીમાં બે પેપર) અને ગુજરાતીના અભ્યાસક્રમોનું જોડાણ તા. ૨૦-૬-૫૮ થી ચાલુ રાખવા તથા બી. એ. (સ્પેશ્યલ) માં ગુજરાતી તથા બી. એ. (જનરલ)માં અંગ્રેજી અને ઇકોનોમિક (ઇકોનોમિકસ હિસ્ટરી અને પોલિટિકલ સાયન્સ)ના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૭થી વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા અંગે મજકુર કોલેજના પ્રિન્સિપલના પત્ર ઉપરથી શરતો પરિપૂર્ણ થયા બાબત મુંબઇ સરકારને ખબર આપવા ઉપકુલપતિશ્રીએ કરેલ હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૧. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઓફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટિના અહેવાલના ૮મા પ્રસ્તાવમાંની ભલામણો સ્વીકારવા અંગે ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઓફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર સિન્ડિકેટે તેની તા. ૯-૨-૫૭ની સભામાં તે પ્રસ્તાવ પરપર સ્વીકારવાના ધોરણે માન્ય કરવામાં આવ્યો હતો. આ અંગે નીચેની યુનિવર્સિટીઓએ તે પ્રસ્તાવના ધોરણે સ્વીકાર્યા છે તે જાણ સારૂ છેઃ સાગર, પૂના, એમ. એસ. યુનિ. ઓફ બરોડા, ઉત્કલ, નાગપુર. ઓસ્માનિયા, રાજપુતાના, કર્ણાટક, પંજાબ, સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ, અલીગઢ અને પટણા.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૯૨. બિલ્ડીંગ કમિટીની તા. ૨૮-૬-૫૭ની સભાની કાર્યવાહીની નોંધને મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીની તા. ૨૮-૬-૧૯૫૭ની સભાના કામકાજની નોંધ મંજૂર કરવી. (નોંધ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે)

૯૪. પ્રકાશ ટ્રસ્ટ તરફથી તા. ૨૦-૬-૧૯૫૭થી શરૂ થનાર આર્ટસ કોલેજના જોડાણ અંગેની શરતોમાંની શરત નં. (૨) (૭) લેકચરર ઇન હિસ્ટરી તથા (૨) (૯) પાર્ટ

ટાઇમ લેક્ચરર ઇન જોગ્રાફીની નિમણુંક કરવા બાબત લખતાં તેમના તરફથી આવેલ નીચે મુજબના જવાબ ઉપર વિચારણા કરી બંને શરતો પરિપૂર્ણ થયેલી ગણવી કે કેમ તે નક્કી કરવા બાબત.

" In reply to the correspondence resting with you under your No. Syn/Aff/ 34547 of 20-6-1957, I have to inform you as under :- Condition 2 (B) Lecturer in History.

Mr. M. J. Mehta whose particulars are given in the enclosed sheet has been appointed as a Part-time lecturer in History & Geography.

We have only three periods each of History and Geography and further Miss. S. U. Bhatt whose particulars are also given in the attached sheet has been appointed as Tutor in Geography.

As already referred in my previous correspondence-we have found it impossible to get capable and qualified persons as a full-time Lecturer in History. With great difficulty we have arranged for a Part-time Lecturer especially in view of the fact that the total work of the department is only 6 periods."

Shri M. J. Mehta.

Qualifications :	University	Class	Year	Subjects :
B. A.	Shree M. S. Uni. Baroda.	II	1952	Pri. History 6 Papers. Sub-Politics 2 Papers.
M A.	,,	II	1955	Pri. History 6 papers. Sub : Politics 2 papers.

Experience : Two years in a College.

(Smt. Bhatt is M. A. (Pass Class) (A. I. C.); B. Ed. II (Geog.) & M. Ed. (Pass) and possesses experience of teaching as Lady Superintendent of Prakash High School for last 5 years. Teaching Geography to Std. XI for last 5 years.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોલેજ માટે લેક્ચરર ઇન હિસ્ટરી તથા પાર્ટ-ટાઇમ લેક્ચરર ઇન જોગ્રાફીની નિમણૂક અંગે પ્રકાશ ટ્રસ્ટ તરફથી સૂચવવામાં આવેલી વ્યવસ્થા મંજૂર કરવી તથા મજકૂર કોલેજને જોડાણ આપવા માટે મુંબઇ સરકારને ભલામણ કરવી.

૯૫. શ્રેયસ કોલેજ, અમદાવાદના આર્ટ્સ તથા ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસ-ક્રમ માટેના તા. ૨૦-૬-૧૯૫૭ થી તા. ૧૯-૬-૧૯૫૮ સુધીના ચાલુ જોડાણ અંગે સેનેટે નક્કી કરેલી શરત (અંગ્રેજીના લેક્ચરરની નિમણુંક કરવી.) કોલેજે પરિપૂર્ણ કર્યા બાબ-તની મુંબઇ સરકારને ભલામણ કરવા બાબત.

(**નોંધઃ-** આ બાબતમાં શ્રી. ચતુર્લક્ષ્મી બી. ત્રિવેદીની નિમણૂક અંગ્રેજીના અધ્યાપક તરીકે કોલેજ સત્તાવાળાઓએ કરેલ છે જ્યારે ચેન્જીઝ ઇન સ્ટાફ કમિટીએ તેમની નિમણૂક અંગ્રેજીના લેકચરર તરીકે મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ચતુર્લક્ષ્મી ત્રિવેદીને લેકચરર તરીકે નીમવા માટે શ્રેયસ કોલેજને જણાવવું તથા મજકૂર કોલેજને જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૯૬. સ્વ. ડો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ, એમ. એ., એલ. એલ. બી., ડી. લીટ. નું એક આરસપાણનું બાવલું થાંભી સાથેનું (બાવલાની સાઇઝ ૨½" તથા થાંભીની સાઇઝ ૪"-૬½") આ યુનિવર્સિટીને અર્પણ કરવા બાબતનો તેમની પૂત્ર વધુઓ ૧. શ્રીમતી સુલતા ધ્રુભાઇ ધ્રુવ ૨. શ્રીમતી પ્રતિમા પ્રહલાદભાઇ ધ્રુવ તરફથી તા. ૧૨-૭-૫૭ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્‌ગત આચાર્ય ડો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એમ. એ., એલ. એલ. બી., ડી. લીટ. જેવા પ્રખર વિદ્વાન અને સેવાભાવી કેળવણીકારની પુણ્ય સ્મૃતિમાં આરસની પ્રતિમા ગુજરાત યુનિવર્સિટીને ભેટ આપવાના તેમના સુપુત્રો પ્રો. ધ્રુભાઇ આનંદશંકર ધ્રુવ અને શ્રી. પ્રહલાદભાઇ આનંદશંકર ધ્રુવના સંકલ્પની ગુજરાત યુનિવર્સિટી કદર કરે છે એ સુપુત્રોના જીવનકાળ દરમિયાન એ સંકલ્પ સાકાર થઈ શકયો નહિ તે વિધિ નિર્મિત સંજોગોની સખેદ નોંધ લે છે તથા તેમના સંકલ્પ અનુસાર શ્રીમતી સુલતા ધ્રુવ અને પ્રતિમા પી. ધ્રુવ તરફથી આપવામાં આવતી એ ભેટનો સ્વીકાર કરતાં ગુજરાત યુનિવર્સિટી સાનંદ અનુભવે છે.

ગુજરાતની જૂનામાં જૂની કોલેજ ગુજરાત કોલેજના આચાર્ય તરીકે તથા બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે શિક્ષણના ક્ષેત્રમાં તેમજ આજીવન ઉપાસના દ્વારા સાહિત્ય અને તત્વજ્ઞાનના ક્ષેત્રમાં કરેલી પંડિત યુગના એ પ્રતિનિધિની સેવાઓને અંજલિ આપવાની સિન્ડિકેટ આ તક લે છે અને સદ્‌ગતની પ્રતિમા પાસેથી પ્રેરણા પામીને આ યુનિવર્સિટીના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભારતવર્ષની વધુ ઉપયોગી સેવા કરશે એવી આશા વ્યક્ત કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર પ્રતિમાનું અનાવરણ આગામી કોન્વોકેશનના સમયે કરવું તથા તે માટે જરૂરી પગલાં લેવાં.

૯૭. ઇન્ડિયન ફિલોસોફિકલ કોંગ્રેસની હવે પછીની સભા, ડિસેમ્બર ૧૯૫૮ માં ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ મુકામે બોલાવવા ઉપકુલપતિશ્રીએ આપેલા નિમંત્રણને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ફિલોસોફિકલ કોંગ્રેસનું હવે પછીનું અધિવેશન ડિસેમ્બર ૧૯૫૮માં ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદમાં ભરવા માટે **ઉપકુલપતિશ્રીએ આપેલા આમંત્રણને બહાલી આપવી.**

૯૯. શ્રી. એ. એમ. પારેખ લૉ કોલેજ, રાજકોટમાં ફર્સ્ટ એલ.એલ. બી. ના વર્ગના બીજો ડીવીઝન ઉઘાડવા બાબતની પરવાનગી આપવા બાબતનો તે કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એમ. પારેખ લો કોલેજ, રાજકોટને ફર્સ્ટ એલ. એલ. બી. ના વર્ગનો બીજો ડીવીઝન ઉઘાડવા માટે પરવાનગી આપવી.

૧૦૦. ફેકલ્ટી ઓફ સાયન્સ અને ફેકલ્ટી ઓફ આર્ટસમાં કોલેજ શિક્ષકોમાંથી સંશોધન કાર્યમાં પ્રથમ આવનારને અનુક્રમે દર વર્ષે "ધી રેક્ટર ડો. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" આપવા અંગે રેક્ટર ડો. કે. જી. નાયક મેમોરિયલ કમિટીના કન્વીનર તરફથી આવેલી રૂા. ૫,૦૦૦ ની સખાવત સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સખાવતનો, તેની શરતોમાં નીચેના ફેરફાર રેક્ટર ડો. કે. જી. નાયક મેમોરિયલ કમિટિ મંજૂર રાખે તે શરતે સાભાર સ્વીકારવો.

૧. ચંદ્રકનું નામ " The Rector Dr. K. G. Naik Gold Medal " ને બદલે " The Principal K. G. Naik Gold Medal " રાખવું.

૨. to be awarded, every year, at the annual convocation of the University alternatively " અને " in the Faculty of Science and the Faculty of Arts એ શબ્દોની વચ્ચે " by turns " એટલા શબ્દો ઉમેરવા;

૩. " to the person from amongst the teachers of the colleges affiliated to the Gujarat University " એ શબ્દોને બદલે " to the person from amongst the teachers in the affiliated colleges, or recognised Institutions or University Departments. " એ શબ્દો મૂકવા.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ " ઢ " તરીકે સામેલ છે.)

૧૦૧. રીડર ઇન લેબર વેલ્ફેર તથા લેકચરર ઇન લેબર વેલ્ફેરની જગ્યાઓ માટે ઓછામાં ઓછી લાયકાતો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ઇન લેબર વેલ્ફેર માટે માન્ય અનુસ્નાતક શિક્ષકની જે લાયકાત નકકી કરવામાં આવી છે તે રાખવી અને લેકચરર્સ ઇન લેબર વેલ્ફેર માટે બાકીની બે જગાઓ માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ માટે જે લાયકાતો નક્કી કરવામાં આવી છે તે રાખવી.

બાબત નં. ૧૦૨ અને ૧૦૩ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી.

૧૦૨. શામળદાસ કોલેજ, ભાવનગરના પ્રિન્સિપલની કોલેજ મજકૂરને એમ. એ. ડીગ્રીના શિક્ષણ માટે ઇંગ્લીશ વિષયમાં વધારાનું અનુસ્નાતક કેન્દ્ર આપવા અંગે આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:—સૌરાષ્ટ્ર ઝોનમાં ધર્મેન્દ્રસિંહજી કોલેજ, રાજકોટમાં ઇંગ્લીશના શિક્ષણ માટેનું કેન્દ્ર આપવામાં આવેલ છે.)

૧૦૩. મહાબુદ્દીન કોલેજ, જૂનાગઢના પ્રિન્સિપલની કોલેજ મજકૂરને એમ. એ. ડીગ્રીના શિક્ષણ માટે ઇંગ્લીશ વિષયમાં વધારાનું અનુસ્નાતક કેન્દ્ર આપવા અંગે માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ:**—સૌરાષ્ટ્ર ઝોનમાં ધર્મેંદ્રસિહજી કોલેજ, રાજકોટમાં ઇંગ્લીશના શિક્ષણ માટેનું કેન્દ્ર આપવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢમાં ઇંગ્લીશ વિષયમાં એમ. એ. ડીગ્રીના શિક્ષણ માટે વધારાનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું તથા ત્રીજા કેન્દ્ર માટે જરૂરી શરતોનું પાલન થયેથી શામળદાસ કોલેજ, ભાવનગરમાં ઈંગ્લીશના વિષયમાં એમ. એ. ડીગ્રીના શિક્ષણ માટે ત્રીજું કેન્દ્ર સ્થાપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૪. ૧૯૫૭ની સાલના પ્રથમ છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષામાં ગેર-વ્યાજબી ઇલાજો લીધા હોય તેવા વિદ્યાર્થીઓના કેસો ઉપર તથા પ્રાશ્નિકો, પરીક્ષકો વગેરેએ જે ભૂલો કરી હોય તેવા કેસો ઉપર, તે માટે નીમાયેલી કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીની તા. ૧૭-૭-૧૯૫૭ની સભાના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૦૫. પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમો, મહેનતાણા વગેરે બાબતો ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તારીખ ૫-૭-૫૭ની બેઠકની કાર્યવાહી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની તા. ૫-૭-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

ફેરફાર: મેડિકલ ફેકલ્ટીમાં પ્રેકટીકલ પરીક્ષા માટે આવતા પરીક્ષકોને યુનિવર્સિટીના પરીક્ષા અંગેના ધારાધોરણ પ્રમાણે હોલ્ટીંગ એલાવન્સ આપવું.

૧૦૬. ફાઈનાન્સ કમિટીની તા. ૧૯-૭-૧૯૫૭ ની બેઠકની ભલામણો.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટીની ૧૯-૭-૫૭ ની સભાના કામકાજની નોંધ મંજૂર કરવી. (નોંધ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૦૭. ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ અંગે એકેડેમિક કાઉન્સિલની નોંધ અને ઠરાવ અંગે તથા તે પર લેવાય તે નિર્ણય અંગેના આનુષંગિક ફેરફાર પરત્વે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની નોંધ અને ઠરાવ:

" ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ અંગે આવેલી વિવિધ ફેકલ્ટીઓની ભલામણો પરત્વે વિચારણા શરૂ કરવામાં આવી તે પ્રસંગે સભાગૃહની સંમતિથી આ સુગ્રથિત અભ્યાસક્રમ ૧૯૫૮ના જૂન માસથી શરૂ કરવાની બાબતમાં કેટલીક વ્યવહારિક અને અન્ય મુશ્કેલીઓને કારણે અગાઉનો નિર્ણય ફેરવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી કે નહિ તે પ્રશ્ન પર વિચારણા કરવામાં આવી તે પછી પ્રિન્સિ. યશવંત શુકલે પ્રિન્સિ. એસ. આર ભટ્ટના ટેકાથી નીચેનો ઠરાવ રજૂ કર્યો:—

"એકેડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમની યોજનાને જૂન ૧૯૫૮થી અમલમાં મુકવામાં રહેલી કેટલીક વ્યવહારિક અને મુશ્કેલીઓને કારણે એ યોજનાને જૂન ૧૯૫૯થી અમલમાં મુકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઠરાવ પર મત લેવામાં તે વધુમતીએ પસાર થયો.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેનો ઠરાવ પણ ઉપર જણાવેલા પ્રિન્સિ. યશવંત પી. શુકલના ઠરાવની સાથે rider તરીકે સિન્ડિકેટ સમક્ષ વિચારણા કરવા માટે મોકલવો એમ ઠરાવવામાં આવ્યું.

"This meeting recommends to the Syndicate that pending implementation of the revised pattern of three-year integrated degree courses, the present intermediate and junior and senior degree classes in the Faculties of Arts, Science and Commerce be respectively treated as the first, second and third year of the Faculties concerned with effect from June 1958."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. ઓક્ટોબર ૧૯૫૭માં લેવાનારી બી. ઇ. ની પરીક્ષા માટે મોરબીને કેન્દ્ર આપવા માટે ત્યાંની કોલેજના પ્રિન્સિપલની આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઓક્ટોબર ૧૯૫૭માં લેવાનારી બી. ઈ. ની પરીક્ષા માટે લખધીરજી એન્જિનીયરીંગ કોલેજ, મોરબીમાં કેન્દ્ર રાખવું.

બાકીના કામો સમયના અભાવે હાથ પર ધરવામાં આવ્યાં ન હતાં.

નં. સિં. ૪૧૯૧૨
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ
અમદાવાદ, તા. ૧૩-૮-૧૯૫૭

કં. ચ. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૧૪

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની છવ્વીસમી સભા તા. ૧૪–૬–૫૭ને શુક્રવારના રોજ સાંજના ૪–૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કામો ઉપર વિચારણા કરવા મળી હતી, અને તેમાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	પ્રિ. એમ. એમ. દાકોર	હાજર
૨.	પ્રિ. એ. કે. ત્રીવેદી	ગેરહાજર
૩.	શ્રી છગનભાઈ પી. પટેલ	હાજર
૪.	પ્રિ. ટી. એ. દેસાઇ	હાજર
૫.	શ્રી રતીલાલ કે. પટેલ	હાજર
૬.	શ્રી રાવજીભાઇ સી. પટેલ	હાજર
૭.	શ્રી ચીનુભાઇ પી. શાહ	ગેરહાજર

૧. તા. ૯–૪–૫૭ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની પચ્ચીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

"તા. ૯–૪–૫૭ના રોજ મળેલ બોર્ડ ઓફ સ્પોર્ટ્સની પચ્ચીસમી બેઠકના કામકાજને બહાલી આપવામાં આવી હતી અને તે ઉપર ચેરમેને સહી કરી હતી."

૨. તા. ૯–૪–૫૭ની સભામાં આઇટમ નં. ૧૮માં ઠરાવ્યા પ્રમાણે રમતગમતના વિભાગોની પુનઃરચનાની અસરમાં આવતી કૉલેજોના આચાર્યોના મંગાવવામાં આવેલા અભિપ્રાયો ઉપર વિચારણા કરીને રમતગમતના વિભાગો નક્કી કરીને તે પ્રમાણે બૉ. ૧૫માં જરૂરી સુધારો કરવા માટે સિન્ડિકેટને વિનંતી કરવા બાબત.

"સૂચિત વિભાગોની પૂનરચનાની અસર નીચે આવતી જુદી જુદી કૉલેજોના આચાર્યોના આવેલા અભિપ્રાય ધ્યાનમાં લઈને તે ઉપર સંપૂર્ણ વિચાર કરીને રમતગમતના સફળ અને કાર્યક્રમ સંચાલન માટે ગુજરાત યુનિવર્સિટી સાથે સંયોજાયેલી કૉલેજોના નીચે પ્રમાણે વિભાગ પાડવાની સિન્ડિકેટને આ બૉર્ડ ભલામણ કરે છે."

૧.	અમદાવાદ "અ" વિભાગ	૩.	દક્ષિણ વિભાગ
૨.	અમદાવાદ "બ" વિભાગ	૪.	સૌરાષ્ટ્ર વિભાગ

(નોંધ:–અમદાવાદ "અ" વિભાગ એટલે યુનિવર્સિટી કેમ્પસ પર આવેલી.

૧. એલ. ડી. એન્જીનીયરીંગ કૉલેજ, ૨. ફાર્મસી કૉલેજ, ૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટયુટ, ૪. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, ૫. એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સ

અને ૬. યુનિવર્સિટી સ્કુલ ઓફ સોશીઅલ સાયન્સીઝ અને બીજા યુનિવર્સીટીના ડિપાર્ટમેન્ટ અને માન્ય સંસ્થાઓ જે અમદાવાદ લોકલ સ્પોર્ટસ કમિટીના સભ્ય થાય તે, અને તે ઉપરાંત ૭. સર એલ. એ. શાહ લો કોલેજ અને ૮. લો સોસાયટી, કોમર્સ કોલેજ.

અમદાવાદ "બ" વિભાગ એટલે "અ" વિભાગમાં દર્શાવ્યા સિવાયની અમદાવાદ શહેરની કોલેજો તથા વલ્લભ વિદ્યાપીઠની કોલેજો સિવાયની ખેડા જિલ્લો, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની કોલેજો.

દક્ષિણ વિભાગ એટલે પંચમહાલ, ભરૂચ, સૂરત અને એમ. એસ. યુનિવર્સીટી વિસ્તાર સિવાયની વડોદરા જીલ્લાની કોલેજો.

સૌરાષ્ટ્ર વિભાગ એટલે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલી કોલેજો.

બ. વધુમાં ઉપર્યુક્ત વિભાગોની ભલામણને મંજૂર કરી તે પ્રમાણે ઓર્ડિનન્સ નં. ૧૫માં જરૂરી સુધારો કરવા વિનંતી કરે છે.

(**નોંધ:**—સુધારેલો ઓર્ડિનન્સ નં. ૧૫ પ્રમાણે વંચાશે.

" There shall be four Local Commitees one for each of the following Zones.

1. Ahmedabad 'A' 2. Ahmedabad 'B'
3. South Gujarat and 4. Saurashtra

Ahmedabad 'A' area shall include all Colleges and Recognised Institutions, and University Departments as are members of the Local Sports Committee in Ahmedabad and suburbs on the University Campus side of the Sabarmati River, excluding only Gujarat College.

Ahmedabad 'B' area shall include all Colleges and institutions in Ahmedabad City other than those included in Ahmedabad 'A' and also the Colleges in Sabarkantha, Banaskantha, Mehsana and Kaira Districts excluding those in Vallabh Vidyapith.

South Zone Area will include Colleges in the Panchmahals, Baroda, Broach and the Surat districts excepting those under the jurisdiction of the M. S. Uuiversity, Baroda.

Saurashtra Zone Area shall include Colleges in the whole of Saurashtra, and Kutch.")

ક. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વિભાગીય પૂનર્રચનાનો અમલ બે વર્ષ માટે કર્યો પછી બોર્ડ ઓફ સ્પોર્ટસને જરૂર જણાય તો જ તે અંગે ફરી વિચારણા હાથ ધરવી.

૩. ઇન્ટર યુનિવર્સિટીની જુદી જુદી હરીફાઇઓમાં અત્યારસુધીમાં ભાગ લઈ

આવેલ હરીફોને તથા હવે પછીથી તેમાં ભાગ લેવા માટે પસંદ કરાય તે હરીફોને પ્રમાણપત્રો આપવા કે કેમ તે નક્કી કરવા બાબત.

"ઈન્ટર યુનિવર્સિટીની રમતગમતની હરીફાઇઓમાં ભાગ લઈ આવેલા અને હવે પછી ભાગ લેવા માટે પસંદ કરાનારા હરીફોને યુનિવર્સિટી તરફથી રજિસ્ટ્રારની સહીથી પ્રમાણપત્રો આપવાનું મંજૂર કરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે.

આ પછીથી પ્રમુખશ્રીએ નીચેનો ઠરાવ રજૂ કર્યો હતો.

"ગુજરાત યુનિવર્સિટી તરફથી બોર્ડ ઓફ સ્પોર્ટસની ભલામણ પ્રમાણે વાઇસ ચાન્સેલર સાહેબની મંજૂરીથી આંતર યુનિવર્સિટીની ૧૯૫૭-૫૮ની દક્ષિણ વિભાગની વોલીબોલની હરીફાઇઓ આ યુનિવર્સિટીના આશરા હેઠળ યોજવાના પાઠવેલા આમંત્રણનો આંતર યુનિવર્સિટી સ્પોર્ટસ બોર્ડે સ્વીકાર કર્યો છે તેની સાભાર નોંધ લે છે અને સિન્ડિકેટને તે મંજૂર કરવા વિનંતી કરે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

વાસુદેવ મહેતા
સેક્રેટરી
બોર્ડ ઓફ સ્પોર્ટસ

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૨૭

ગુજરાત યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની આઠમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર તા. ૬-૫-૧૯૫૭ના રોજ સાંજના ૫-૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયાના અધ્યક્ષપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧. શ્રી હરસિદ્ધભાઈ વ. દિવેટિયા શ્રી વાઇસ-ચાન્સેલર	હાજર,
૨. પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ	ગેરહાજર,
૩. ડો. કે. આર. રામનાથન	ગેરહાજર,
૪, પ્રોફેસર એલ. આઈ. ભટ્ટ.	ગેરહાજર,
૫. ડો. એન. આર. દેસાઇ	ગેરહાજર,
૬. શ્રી. એચ. પી. શુકલ	હાજર,
૭. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર,
૮. શ્રી વી. વી. વૈદ્ય	ગેરહાજર,
૯. પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ	ગેરહાજર,
૧૦. પ્રિન્સિપલ આર. પી. પટેલ	હાજર,
૧૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૨. ડો. કે. જી. નાયક	ગેરહાજર,
૧૩. ડો. એમ. ડી. દેસાઈ	ગેરહાજર,
૧૪. પ્રિન્સપલ જે. બી. સાંન્ડલ	હાજર,
૧૫. શ્રી. ઉમાશંકર જોષી	ગેરહાજર.

૧. પબ્લિકેશન બોર્ડની તા. ૩૧-૮-૧૯૫૬ના રોજ મળેલી સાતમી બેઠકની મિનિટસ મંજૂર કરવા બાબત.

પબ્લિકેશન બોર્ડની તા. ૩૧-૮-૫૬ના રોજ મળેલી સાતમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. શ્રી. રામચંદ્ર જગન્નાથ સોમણ કે જેમની ઇકોનોમિક્સ વિષયમાં પી. એચ. ડી. ડીગ્રી માટે "Peaceful Industrial Relations" એ વિષય પરનો મહાનિબંધ યુનિવર્સિટીએ સ્વીકાર્યો છે તે પ્રસિદ્ધ કરવા માટે યુનિવર્સિટી તરફથી થતી મદદ આપવા અંગેના તેમના પત્ર પર પબ્લિકેશન બોર્ડની તા. ૩૧-૮-૫૬ ની બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે તેમનો મહાનિબંધ પ્રસિદ્ધ કરવા બાબતમાં તે પુસ્તકનાં કેટલાં પાનાં થશે તેમજ શું ખર્ચ આવશે વગેરે વિગતો તેમજ કેટલા મદદ જોઇએ છે તે પુછાવતાં તેમના તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામચંદ્ર સોમણને તેમનો મહાનિબંધ પ્રસિદ્ધ કરવા માટે તેઓ પ્રકાશનની પચ્ચીસ નકલો યુનિવર્સિટીને આપે એ શરતે રૂા. ૨૦૦૦ ની મદદ આપવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૩. પબ્લિકેશન બોર્ડની તા. ૫-૮-૫૫ના રોજ મળેલી બેઠકના એજન્ડાની આઇટેમ નં. ૨ ઉપર ઠરાવ્યા પ્રમાણે મુંબઇ સેક્રેટરિએટના રેવન્યુ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ ઓફિસર શ્રી. ગોવિંદલાલ ડી. પટેલ, એમ. એ., પી. એચ. ડી. તરફથી મુંબઇ યુનિવર્સિટી દ્વારા પી. એચ. ડી. ડીગ્રી માટે સને ૧૯૪૭ માં પસંદ કરાયેલ " Land Revenue settlements in Gujarat under the British **" પરનો મહાનિબંધ આ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરવા બાબત આવેલ માગણી બાબતમાં શ્રી પટેલે તૈયાર કરેલી મહાનિબંધની** Abridged edition **અત્રે મંગાવી તે પ્રસિદ્ધ કરવા બાબતની કમિટીની ભલામણ પરથી પબ્લિકેશન બોર્ડની તા. ૩૧-૮-૫૬ની સભામાં ઠરાવ્યા પ્રમાણે આ બાબત પ્રસિદ્ધ કરવામાં કેટલો ખર્ચ થશે તે મંગાવવા ઠરાવ્યા પ્રમાણે નીચેના અંદાજ પરથી વિચારણા કરવા બાબત :**

મહાનિબંધના લગભગ ૫૦૦ પાનાં થશે તેની છપામણી ખર્ચ	રૂા. ૧૭૫૦
એક પાનાના રૂા. ૩-૮-૦ પ્રમાણે	
કાગળની કિંમત તથા બાઇન્ડીંગ ચાર્જીઝ	રૂા. ૧૬૫૦
આશરે.....	રૂા. ૩૪૦૦

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. ડી. પટેલને જો તેઓ તેમનો મહાનિબંધ તેમના ખર્ચે પ્રસિદ્ધ કરવા તૈયાર હોય તો યુનિવર્સિટી તેમને તે કાર્ય માટે રૂા. ૫૦૦ પાંચસો સુધી મદદ આપી શકશે એમ જણાવવું. તેમણે તેમના પુસ્તકની પ્રસ્તાવનામાં આ બાબતનો ઉલ્લેખ કરવો અને યુનિવર્સિટીને પાંચ નકલ આપવી જરૂરી છે એમ પણ ઉમેરવું.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર પી. ડી. ચંદ્રાત્રેને ફિલસોફી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ (આસીસ્ટન્ટ) તરીકે માન્ય કરવા નહિ.

૫. ગુજરાત કોલેજ, અમદાવાદના હિસ્ટરી—ઇકોનોમિકસ વિષયના આસીસ્ટન્ટ લેકચરર શ્રી. શ્રીવાસ્તવ કે જેઓ હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી" માટે ઑ. ૬૫–જે. અનુસાર અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની હિસ્ટરી ગ્રૂપ "સી" અને "ઇ" માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્યતા આપવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:–૧. શ્રી શ્રીવાસ્તવ હિસ્ટીરી ગ્રૂપ "એ" અને "બી" માટે ઓ. ૬૫–જે અનુસાર અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે.

૨. ઓર્ડિ. ૬૫–એમ (i) (b) (ii) અનુસાર તેઓ એમ. એ. (ii) એન્ટાયર ઇકોનોમિકસ અને પાંચ વર્ષનો અનુભવ હોવાથી મદદનીશ તરીકેની માન્યતાને પાત્ર છે.

૩. તો ઉપર પ્રમાણે તેમને માન્યતા આપવી કે કેમ તે પ્રશ્ન વિચારવાનો છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શ્રીવાસ્તવને હિસ્ટરી ગ્રૂપ "સી" અને "ઇ", માટે અનુસ્નાતક શિક્ષણના મદદનીશ (આસિસ્ટન્ટ) તરીક માન્ય કરવા.

૬. એલ. ડી. આર્ટસ કોલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના અર્ધમાગધીના પ્રોફેસર વી. એમ. શાહ કે જેઓ એમ. એ. ડીગ્રી માટે પ્રાકૃત વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની તેમને સંસ્કૃત (જૈન ફિલોસોફી) વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:–૧. ઉપરના સમર્થનમાં તેઓ જણાવે છે કે પ્રાકૃત વિષયના પાંચમા પેપર માટે જે પાઠયપુસ્તકો નકકી કરવામાં આવ્યાં છે તે જૈન ફિલોસોફી પેપર ૧ ને માટે પણ લગભગ ૨૫ વર્ષથી મુંબઇ યુનિ.માં અને ત્રણ વર્ષથી આ યુનિવર્સિટીમાં સરખાં જ છે. તેમણે આ પુસ્તકનો ફકત અભ્યાસ જ કર્યો નથી પણ લગભગ ૧૬ વર્ષ સુધી શીખવ્યાં પણ છે.

૨. આપણી યુનિ.માં તેમણે જૈન ફિલોસોફી માટે પેપર–સેટર તરીકે કામ કર્યું છે.

૩. અમદાવાદમાં ભરાયેલ ઓરિએન્ટલ કોન્ફરન્સમાં તેમણે "જૈન સ્ટડીઝ"ના વિભાગમાં મંત્રી તરીકે કામ કરેલ છે.

૪. જૈન ફિલોસોફી પેપર ૨ માં "પ્રવચનસાર" નામની આખી ટેકસ્ટ છે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર વી. એમ. શાહની તેમને સંસ્કૃત (જૈન ફિલોસોફી) વિષય માટે અનુસ્નાતક શિક્ષણ તરીકે માન્યકરવા અંગેની વિનંતી મંજૂર રાખવી નહિ.

૭. એમ. પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરને એમ. એસ. સી. ડીગ્રીના શિક્ષણ માટે ફિઝિયોલોજી અને બાયો-કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર આપવા માટે પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત,

નોંધ:-૧. શરૂઆતમાં એમ. એસસી. ફિઝિયોલોજી માટે શિક્ષણ શરૂ કરી તે જ વિષયમાં ધીમે ધીમે પી. એચ. ડી. માટે વિકાસ કરવાનું સૂચન છે.

૨. કોલેજના ફિઝિયોલોજી ડિપાર્ટમેન્ટમાં નીચે પ્રમાણે સ્ટાફ છે.

સિનિયર લેકચરર ..... એક

જુનિયર લેકચરર ..... ચાર

શ્રી. બાગચી હ્યુમન ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ તરીકે અને શ્રી. અગ્રવાલ બાયો-કેમિસ્ટી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા છે.

૩. યોગ્ય પુસ્તકો માટે વાર્ષિક ખર્ચ રૂા: ૨૦,૦૦૦ કરવાનું વિચારાયું છે તેમજ અને પુસ્તકો અને પિરિયોડીકલ વગેરે માટે સને ૧૯૫૬-૫૭ માટે રૂા. ૫૬,૭૦૦ ખર્ચ કરેલ છે.

૪. આ કોલેજને હજી બીજી અને ત્રીજી એમ. બી. બી. એસ.ની પરીક્ષા માટે જોડાણ આપવામાં આવ્યું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી તેમજ કોલેજ મજકૂરના એકંદર સ્ટાફ ઇત્યાદિ અંગે માહિતી મેળવવી.

૮. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદના આસિસ્ટન્ટ ડિરેક્ટર તરફથી સ્કોલરશિપ અને ફ્રીશિપ અંગેના નીચે દર્શાવેલા અનુસ્નાતક નિયમ ૨૭ (બી) અંગે સ્પષ્ટીકરણ કરવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.
અનુસ્નાતક નિયમ ૨૭ (બી.)

"It is recommended that each centre may set apart at least one-tenth of the fees so received for the purposes of scholarships for deserving students at centre and at least another one-tenth for freeships & half freeships."

નોંધ:—૧. તેઓ પત્રમાં જણાવે છે કે:

"In Rule No. 27 [b] it is specifically recommended that at least one-tenth of the fees should be set apart for the purposes of scholarships and at least another one-tenth for freeships and half-freeships. Here "at lest" clearly signifies the **minimum amount** to be set apart, the maximum being left unspecified. Otherwise the words "at least" have no meaning."

૨. એટલે વધારેમાં વધારે (Maximum) મર્યાદા કેન્દ્ર મુકરર કરી શકે કે કેમ એ પ્રશ્ન વિચારવાનો છે.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ ૨૭ (બી) માં કાંઈ ફેરફાર કરવાની જરૂર નથી. ફકત નોંધ રૂપે જણાવવું કે આર્થિક સહાયને માટે ૧૦ ટકા કરતાં વધુ કરેલો ખર્ચ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૯. એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદના પ્રિન્સિપલનો અનુસ્નાતક માન્યતા અંગેના નવા નિયમો થવાથી કેટલાક અનુભવી શિક્ષકોને બહોળો શૈક્ષણિક અનુભવ હોવા છતાં પણ ટેકનીકલ મુદ્દાઓને લીધે તેઓ માન્ય થઈ શકતા ન હોવાથી તેમના જ્ઞાનના લાભ અનુસ્નાતક શિક્ષણ માટે મળી શકતા નથી તેવી અનુસ્નાતક માન્યતા અંગેના નિયમોમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ફેરફાર કરવા અંગે પ્રિન્સિપલના આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

" Notwithstanding anything contained in the above clauses, a person with an experience of 10 (or 12) years or more of teaching a subject in the degree classes may be considered eligible to be recognised as a Postgraduate teacher in the subject."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સ. એસ. વી. દેસાઇનું સૂચન સ્વીકારવું નહિ.

૧૦. અનુસ્નાતક કેન્દ્રની યોજના સને ૧૯૫૬–૫૭ માં દાખલ કર્યાને એક વર્ષ થયેલ છે, અત્યારે ૧૯૫૭–૫૮ ની શરૂઆતમાં કેટલાંક કેન્દ્રોના સ્ટાફ ઉપર વારંવાર ફેરફાર થવાથી તેમજ કેટલીકવાર અધવચ્ચે ફેરફાર થવાથી નિયમ પ્રમાણે સ્થાનિક સ્ટાફ ન રહેવાથી કેન્દ્ર ચાલુ રાખી ન શકાય એવી સ્થિતિ ઉપસ્થિત થાય છે. અને આમ થવાથી અને શિક્ષકની પડેલ ખાલી જગા વગેરે તાત્કાલિક ભરવાનું કેન્દ્ર માટે શકય ન બનવાથી જુનિયર વર્ગમાં દાખલ થયેલા અને સિનિયરમાં આવેલ વિદ્યાર્થીઓ તેમજ નવા દાખલ થનાર વિદ્યાર્થીઓની બાબતમાં મુશ્કેલી ઉભી થાય છે તેથી સ્ટાફના ફેરફાર થવાને કારણે ઉપર પ્રમાણે પરિસ્થિતિ ઉભી થાય તો શું કરવું તે અંગે એક કાયમી નીતિ અખત્યાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં દરેક અનુસ્નાતક કેન્દ્રને જણાવવું કે સત્ર દરમ્યાન નિયમ પ્રમાણે જે તે કેન્દ્ર ચલાવવાને માટે પૂરતી લાયકાત ધરાવતો સ્ટાફ રાખવો જરૂરી છે. જો તે રાખવામાં આવે નહિ તો તે કેન્દ્રને બીજા સત્રથી રદ કરવું અને નોંધાયેલ વિદ્યાર્થીઓએ બ્યાં તે વિષયને માટે અન્ય કેન્દ્ર હોય ત્યાં જવું જોઈએ.

૧૧. એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારીના ગુજરાતીના પ્રોફેસર શ્રી. જે. એસ. જોશી કે જેઓ ફિલોસોફી વિષયમાં પ્રિન્સિ. એ. કે. ત્રિવેદીના હાથ નીચે " Mysticism on medieval Gujarati poetry " એ વિષયના સંશોધન માટે પીએચ. ડી. ડીગ્રી

માટે રજિસ્ટર થયેલા છે તેમની તેમના વિષયની બાબત ગુજરાતીને લગતી જ હોવાથી તેમનો મહાનિબંધ તેમને ગુજરાતી ભાષામાં લખવા દેવા પરવાનગી આપવા અંગે પ્રિન્સિપલ મારફતે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:- આ અંગે ઓર્ડિ. ૩૧૯ નીચે પ્રમાણે છે:

"The thesis shall be written or printed in English, save that when the subject matter of the thesis relates to a modern European or Modern Indian Language it may, with the previous permission of the Board of Postgraduate Studies, be written or printed in that language."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એસ. જોશીને તેમનો પી એસ. ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ ગુજરાતી ભાષામાં લખવા પરવાનગી આપવી.

૧૨. સામળદાસ કોલેજ, ભાવનગરના બાયોલોજી ડિપાર્ટમેન્ટના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એન. એમ. દલાલની પીએચ. ડી. ડીગ્રી માટે ઝૂલોજી વિષયમાં એન્ટોમોલોજી માટે સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે પ્રિન્સિપલ મારફત આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. દલાલની પીએચ. ડી. ડીગ્રી માટે ઝૂલોજી વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા પરવાનગી અંગેની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૩. સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સૂરતના પ્રોફેસર આર. એન. ભટ્ટ કે જેઓ પીએચ. ડી. ડીગ્રી માટે રજિસ્ટર થયેલ છે અને જેમને તેમના મહાનિબંધનો ટાઇટલ બદલવા તા. ૧૫-૯-૧૯૫૬ થી પરવાનગી આપેલ છે અને જેઓ તેમનો મહાનિબંધ તા. ૩૧-૭-૧૯૫૭ના રોજ રજૂ કરવાને પાત્ર થાય છે તેમને તેમના કુટુંબની કેટલીક કૌટુંબીક માંદગી અંગે તેમજ તેમને કોલેજના વહીવટ અંગેનું કામ પણ કરવું પડતું હોવાથી તેમજ સંશોધન અંગે સુરત ડીસ્ટ્રીક્ટની ટૂર પણ કરવાની હોવાથી તેમનું કામ તે ઉપરોક્ત મુદ્દતમાં પૂરું કરી શકે એમ ન હોવાથી તેમને તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે તા. ૩૧-૭-૧૯૫૮ સુધીનો વધારો આપવા તેમના માન્ય અનુસ્નાતક શિક્ષક તેમજ પ્રિન્સિપલ મારફતે આવેલી માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આર. એન. ભટ્ટને તેમનો પી એચ. ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા તા. ૩૧-૭-૧૯૫૮ સુધીની મુદ્દત વધારી આપવી. તેમજ જણાવવું કે હવે પછી કોઇપણ સંજોગમાં વધારો આપવામાં આવશે નહિ.

૧૪. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયકોલોજી અને ચાઇલ્ડ ડેવેલપમેન્ટ, અમદાવાદના ડિરેક્ટર શિક્ષક તરીકે માન્ય કરવા બાબત તેમજ તેમની પોતાની અનુસ્નાતક તરફથી ઇન્સ્ટિટ્યૂટ મજકૂરના સોયકોલોજિસ્ટ શ્રી. ખત્રી અબ્દુલ્લાને અનુસ્નાતક-માન્યતા અંગે પહેલાં શ્રી. ગૌતમ સારાભાઇએ લખેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદર બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૬-૫-૧૯૫૭ ના રોજ મળેલ બેઠકમાં આઇટેમ ૨૨ પર મુલતવી રાખવામાં આવી હતી.

નોંધ-૧. બી. એ. ઈન્સ્ટિટ્યૂટને એમ. એ. અને પીએચ. ડી ના સંશોધન માટે તા. ૨૦ મી જૂન ૧૯૫૭ થી બે વર્ષને માટે માન્ય કરવામા આવેલ છે.

૨. પ્રો. મૈતીની અનુસ્નાતક માન્યતા અંગે તેમને (Eminence) ઓ. ૬૫-આઇ અન્વયે વિશિષ્ટ રીતે માન્ય કરવા બાબત શ્રી. ગૌતમ સારાભાઈએ ભલામણ કરેલી તે અંગે બોર્ડની તા. ૧૮-૮-૫૬ની બેઠકમાં " જ્યાં સુધી બી. એમ. ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યૂટને માન્ય કરવામાં આવે નહિ ત્યાં સુધી આ બાબતની વિચારણા કરી શકાય નહિ. " એમ ઠરાવેલ છે.

૩. શ્રી. ખત્રીની અરજી જોતાં તેમનો શૈક્ષણિક અનુભવ ફક્ત ત્રણ માસનો જ છે જેથી નિયમ પ્રમાણે તેમને માન્ય કરી શકાય નહિ.

૪. પ્રો. મૈતીની અરજી પણ નિયમ પ્રમાણેની માન્યતામાં આવી શકતી નથી. તેમને ઓ. ૬૫-આઈ. નીચે વિશિષ્ટ વિદ્વાન તરીકે એમ. એ. અને પીએચ. ડી.ના સંશોધન માટે માન્ય કરી શકાય છે કે કેમ તે પ્રશ્ન વિચારવાનો છે. પ્રોફેસર મૈતી તા. ૩-૭-૧૯૫૭ના પત્રમાં નીચે મુજબ જણાવે છે.

" I have to state for your information that I was recognised as a guide for Ph. D. research by the Patna University and two students were registered for research under me. One of the students. Working on Standaridization of Research responses in different age groups nearly completed her thesis when I left for U. S. A. in 1952. The other student went out for higher studies in Cambridge after working half through the research thesis under me.

I may add here that I have been examiner of Doctorate Thesis at the University of Calcutta (D. Phil.) at the University of Allahabad (Ph. D.), and at the University of Bombay (Ph. D.).

You may be interested to know that I have been invited to participate as a discussant in the symposimum entitled. ' The Theoretical Bases of Projective Techniques and Assessment Procedures ' at the XV International Congress of Psychology at Brussels from July 28 to August 3.

(The names of the symposiasts are given below:)

Symposium : The Theoretical Bases of Projective Techniques and Assessment Procedures.

Participants : Prof. H. A. Murray, Harvard University Prof. A. Ombredane, University Libre de Bruxelles
Prof. Richard Moili, Universitat Born prof. P. Pichot, Universite de Paris,

Discussionts : Prof. H. P. Matiti, B. M Institute of Child Development, Ahmedabad•
Dr. Gardner Murphy, The Meninger Foundation, Topoka, Kansas.

I have also been invited to participate in the 10th Annual Meeting of world Federation of Mental Health at Copenhagon in August, where the main subject of the discussion is ' Problems of the Child in changing culture.'

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર મૈતીને એ. ૬૫-આઇ. અન્વયે ખાસ કેસ તરીકે એમ. એ. તેમજ પીએચ. ડી. ડીગ્રીના સંશોધન માટે ચાઇલ્ડ સાયકોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે. શ્રી. ખત્રીને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા નહિ.

૧૫. ગુજરાત કોલેજના ગુજરાતી વિષયના આસીસ્ટન્ટ લેકચરર શ્રી. આઇ. કે. દવે કે જેમને તેમનો પીએચ. ડી. ડીગ્રી માટેના મહાનિબંધ ગુજરાતી ભાષામાં લખવા બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૬-૫-૧૯૫૭ના રોજ મળેલ બેઠકમાં પરવાનગી આપવામાં આવી છે અને જેઓ તે તા. ૧૭-૬-૧૯૫૭ના રોજ રજૂ કરવાને પાત્ર થાય છે તેમની તેમના કુટુંબમાં કુલુ વગેરે માંદગીને કારણે તેમજ ટાઇપ કરનાર ટાઇપિસ્ટ પણ બિમાર પડવાથી તેમને મહાનિબંધ રજૂ કરવા માટે વધુ બે માસનો વધારો એટલે તા. ૧૭-૮-૧૯૫૭ સુધીનો સમય આપવા પ્રિન્સિપલ મારફતે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. કે. દવેને તેમનો પીએચ. ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા તા. ૧૭-૮-૧૯૫૭ સુધીની મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઈપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૧૬. સાયન્સ ફેકલ્ટીમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા સભ્યોને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ આસીસ્ટન્ટ તરીકે નિયમ પ્રમાણે તેમની અન્ય બાબતોમાં પાત્રતા હોય તો માન્ય કરી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૨. એસ. બી. ગાર્ડા કોલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારીને હિન્દી વિષયના એમ. એ. ડીગ્રી માટેના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવેલ છે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પતરામ ગોરને નીમવા માટે પ્રિન્સિપલે ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારીના હિન્દી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પતરામ ગોરને નીમવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨૩. પ્રોફેસર એમ. એન. દેસાઈ કે જેઓ એમ. એન. કોલેજ, વિસનગરમાં એમ. એસસી. ડીગ્રી માટે ઓર્ગેનિક કેમિસ્ટ્રીના વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ હતા તેમની હવે ગુજરાત કોલેજમાં બદલી થવાથી તેમની અનુસ્નાતક માન્યતા ગુજરાત કોલેજ, અમદાવાદમાં ટ્રાન્સફર કરવા અંગે પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એમ. એન. દેસાઈની એમ. એસસી. ડીગ્રી માટે ઓર્ગેનિક કેમેસ્ટ્રીના વિષયના શિક્ષણ માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એમ. એન. કોલેજ, વિસનગરમાંથી ગુજરાત કોલેજમાં, અમદાવાદમાં બદલી આપવી.

આ તબકકે સમયના અભાવે આઇટેમ ૧૭ થી ૨૧ અને ૨૪ થી ૨૭ ઉપરની વિચારણા મુલતવી રાખવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૪૨૧૬૫-૮૧-૧૯૫૭.
અમદાવાદ-૯, તા. ૧૮-૭-૧૯૫૭

જે. એમ. મહેતા
રજિસ્ટ્રાર વતી

નીચે જણાવેલ અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલ પરીક્ષાના વિષયો માટે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ આસીસ્ટન્ટ તરીકે તા. ૨૦મી જુન ૧૯૬૧ સુધી શ્રી. ઉપકુલપતિશ્રીએ માન્ય કર્યા તેની યાદી :

નામઃ	વિષયઃ	ડીગ્રીઃ	કોલેજ અથવા સંસ્થાઃ
૧. શ્રી. શાહ કે. એન.	મેથેમેટીકસ "બી"	એમ. એ. એમ. એસસી.	સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ.
૨. મીસ દૌલતજાદા આર. એન.	મેથેમેટિકસ "એ" અને "બી"	,,	એમ. ટી. બી. કોલેજ, સુરત.
૩. શ્રી. પટેલ પી. એફ.	ફિઝિકસ	એમ. એસસી.	સેંટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદ.
૪. ડો. મજમુદાર એચ. એ.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ. એ.	એલ. ડી. આર્ટસ કોલેજ, અમદાવાદ.
૫. શ્રી. ઘોળકીયા જે. એલ.	હિસ્ટરી "સી"	એમ. એ.	સદર
૬. મીસ મહેતા આઈ. આર.	ગુજરાતી	એમ. એ.	એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારી.
૭. શ્રી. કોટસ્થાને ડબલ્યુ. વી.	માઈક્રોબાયોલોજી	એમ. એસસી.	સદર
૮. શ્રી. વૈષ્ણુવ એમ. ડી.	એજ્યુકેશન	એમ. એડી.	આર. જી. ટીચર્સ કોલેજ, પોરબંદર
૯. શ્રી. સુખવાલ એચ. બી.	હિન્દી	એમ. એ.	એમ. પી. શાહ આર્ટસ કોલેજ, સુરેન્દ્રનગર
૧૦. શ્રી. શાસ્ત્રી આર. વી.	હિસ્ટરી "એ" અને "સી"	એમ. એ.	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૧૧. શ્રી. દવે સી. બી.	સાયકોલોજી એન્ટાયર	એમ. એ.	એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારી.
૧૨. શ્રીમતી ભટ્ટ સી. એલ.	એજ્યુકેશન	એમ. એડી.	એ. જી. ટીચર્સ કોલેજ, અમદાવાદ.
૧૩. શ્રી. સંત એસ. એમ.	"બી"	એમ. કોમ.	સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત.
	૧. એગ્રિકલ્ચર કોર્પોરેશન		
	૨. કો–ઓપરેટીવ ફાઈનાન્સ અને માર્કેટીંગ		
	"ડી"		
	૧. ફોરેઈન એક્ષચેઈન્જ		
	૨. ઈન્ટરનેશનલ એકીંગ		

નીચે જણાવેલ અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલ પરીક્ષાના વિષયો માટે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ આસીસ્ટન્ટ તરીકે તા. ૨૦મી જુન ૧૯૬૧ સુધી શ્રી. ઉપકુલપતિશ્રીએ માન્ય કર્યા છે તેની યાદીઃ—

યાદી નં. ૨

નામ :	વિષય :	ડીગ્રી :	કોલેજ અથવા સંસ્થા :
૧૪. શ્રી. મીસ્ત્રી પી. જે. એમ. એ.	ગુજરાતી	એમ. એ.	એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગર.
૧૫. શ્રી. પટેલ એન. કે. એમ. એસસી.	બોટાની	એમ. એસસી.	એલ. ડી. આર્ટસ કોલેજ, અમદાવાદ.
૧૬. શ્રી. મેહરા પી. જી.	હ્યુમન એનેટોમી	એમ. એસસી. મેડિકલ	બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ.
૧૭. શ્રી. વૈષ્ણવ વી. પી.	પેથોલોજી	એમ. ડી.	સદર

પરિશિષ્ટ "ઝ"

કામકાજ નં. ૬૮

પરીક્ષા "બી" ૪૬૭૨-૪૬૭૮-૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૭-૭-૧૯૫૭

સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા સોમવાર તારીખ ૧૫-૭-૫૭ના રોજ સાંજના ૫-૦૦ કલાકે યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતીઃ

૧.	શ્રી. વાઇસ-ચાન્સેસર	હાજર,
૨.	શ્રી. કે. એલ. દેસાઈ	ગેરહાજર,
૩.	ડૉ. કે. આર. રામનાથન	હાજર,
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઇ	ગેરહાજર,
૫.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઇ	હાજર,
૭.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,
૮.	શ્રી વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર.

૧. તા. ૧૯-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સિંધ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશન, ઇન્ટર આર્ટ્સ, બી.એ., ઇન્ટર સાયન્સ, બી.એસસી., ઇન્ટર કૉમર્સ, બી.કૉમ., ઇન્ટર સાયન્સ એગ્રિ., જુનિયર બી.એસસી. એગ્રિ., સિનિયર બી.એસસી. એગ્રિ, એમ.એ. પ્રિવિયસ, એમ.એ. ફાઇનલ, બી.ટી., એમ.ઇડી., પ્રિવિયસ, એમ ઇડી., ફાઇનલ, ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એમ.બી.,બી.એસ. ની પરીક્ષાઓ માન્ય કરવા બાબત.

(નોંધઃ- ૧. મુંબઇ યુનિવર્સિટી પ્રત્યેક કેસ ઉપર વિચારણા કરે છે.

૨. નાગપુર યુનિવર્સિટીએ ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., બી.એલ., એમ.બી.,બી.એસ., એમ.એ., એમ.એસસી., એમ.એલ. પરીક્ષાઓ માન્ય કરી છે.

૩. એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરી છે:

Matriculation, I.A., I.Sc., I.Com., B A., B.Sc., B.Com, M A. (Pre), M.A. (Final), B.T., M.Ed. (Pre & Final), I, II, III, Professional M.B ,B.S. (Provided the name of the degree is included in the first schedule of the Indian medical Council Act.).

૪. પૂના યુનિવર્સિટી પ્રત્યેક કેસ ઉપર વિચારણા કરી નિર્ણય લે છે. તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર વિવિધ પરીક્ષાના અભ્યાસક્રમ મંગાવીને જુદી જુદી ફૅકલ્ટીના ડીનના અભિપ્રાય મંગાવેલ છે તે નીચે મુજબ છે:

Dean of the Faculty of Arts including Education opines as under :-

"There are nine papers in all in the Sind Matriculation. It can be considered equivalent to Bombay, the Bombay State S.S.C Examination. The F.Y. Arts and Inter Arts Examinations of the Sind University can be considered equivalent to the F.Y. Arts and I.A. of Gujarat University. The B.A. pass of the Sind University has six papers only. The B.A. Hons., however, can be considered equivalent to the B.A. General and B A. Special examinations of the Gujarat University.

The M.A. examination of the Sind University comprises eight papers in a subject. It can be considered equivalent to the M.A. of the Gujarat University.

The Principal, A. G. Teachers' college was consulted for B T. and M.Ed. examinations. He recommended that these examinations be recognised

Dean of the Faculty of Science advised that views of the Chairman of the Boards of Studies in Physics, Mathematics, Chemistry and Botany may please be obtained.

Chairman of Board of Studies in Physics has opined as under :-

"The courses in Physics at F Y. Science and I.Sc. are comparable to the Gujarat University courses for the same.

The Pass B.Sc. course in Physics is comparable to B.Sc. (Subsidiary) of the Gujarat University.

The B.Sc. (Hons.) course in Physics is comparable to the B.Sc. degree course in Physics of the Gujarat University."

The Chairman of Board of Studies in Chemistry has opined as under :-

"Comparing the courses and question papers of Sind University with these of our University, the F.Y. Science and Inter Science examinations of both the

Universities are equivalent. As far as the B.Sc. examination is concerned, Sind B.Sc. (Pass) course in Chemistry is equivalent to our B.Sc. (Subsidiary) while Sind B.Sc. (Hons.) course in Chemistry is equivalent to our B.Sc. (Principal) Therefore if a student of Sind University has passed B.Sc. (Hons.) Examination in Chemistry, he can be considered on par with a student who has passed the B.Sc. degree examination of our University as the Principal subject."

Opinions of the Chairman of Board of Studies in Mathematics and Botany are awaited.

Deen of the Faculty of Commerce opined that no examinations in commerce of the Sind University should be recognised.

Deen of the Faculty of Medicine opined that the M.B.,B.S. examination may be recognised for a limited period of three years.

Dean of the Faculty of Law opined as under:-

"To my mind. the standard is not as high as ours. All the same equivallence may be granted on reciprocal basis, until the All India Bar Legislation contemplated at present, comes into force."

આથી ઠરાવવામાં આવે છે કે સિંધ યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષા પાસ કરી આ યુનિવર્સિટીની કૉલેજમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસમાં જે તે ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય મેળવી તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરનો યોગ્ય હૂકમ મેળવી નિર્ણય કરવો.

૩. પટના યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના પત્ર નં. ૭ આર-૧-૫૬-જી-૮૮૨૩-સી તારીખ ૨/૩-૫-૫૬ માં તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- રે. ૭ મુજબ ફકત ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની જ પરીક્ષાઓ માન્ય કરી છે.

નાગપુર યુનિવર્સિટીઃ-	ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી. બી.કૉમ., બી.એલ., એમ.બી., બી.એસ., એમ.એ., એમ.એસસી. અને એમ.એલ.
મુંબઇ યુનિવર્સિટીઃ-	ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ., બી.ઇ. સિવિલ એ.મ.બી.બી.,એસ.
પૂના યુનિવર્સિટીઃ-	ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, ઇન્ટર ઍન્જ. બી.એ., બી.એસ.સી , બી.એસ.સી. ઍન્જ., એમ.એ., એમ.એસ.સી. એમ.બી.બી.એસ.,બી.એલ.

બરોડા યુનિવર્સિટી:- એમ.બી.,બી.એસ., ડિપ્લોમા ઇન એજ્યુકેશન, બી.એડ, એમ.એડ., એમ.કૉમ., ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એમ.બી.બી.એસ. ઈન્ટર સાયન્સ ઑનર્સ. પાર્ટ-એફ.ઇ., બી.એસસી. ઑનર્સ., મિકેનીકલ અને ઈલેકટ્રીકલ

The Dean of the Faculty of Arts Opined as under :-

"I think that Patna Inter Arts, B.A., and M.A. examinations may be considered equivalent to the respective examinations of the Gujarat University."

The Principal, A G. Teacher' College, Ahmedabad-9 opined as under :-

"T.D. examination is generally on the lines of our B.Ed. course and if the minimum admission qualification is a first degree of a recognised University, there is no reason why it should not be considered equivalent to our B.Ed. degree.

The course of M.Ed is different from our M.Ed. course in certain respects but may be considered equivalent to our M.Ed. degree course."

Dean of the Faculty of Science opined as under :-

"As regards the Patna University the I.Sc. courses relate to the examinations of 1956. Details about the number and grouping of subjects to be studied for the B.Sc. are not available.

It seems to me that the present time is inopportune to fix equivalences of of examinations, of different Universities. In many Universities, courses of studies and syllabe are being modified in view of the instruction of the three year degree courses. I expect that in another couple of years, things will get clear. I suggest that in the meantime, for the next year or two, we consider applications from students of other Universities on merit. The Vice-Chancellor may authorise the Dean and one or two members of each Faculty to screen the applications and recommend whether the candidate can be admitted to the class to which he applies. They may, if necessary, interview the candidate for an oral examinations"

The Dean of the Faculty of Medicine opined as under :-

"Equivalence should be granted to the M B.B S. examination of the Patna University."

Principal, L. D. College of Engineering, Ahmedabad opined that B.Sc. (Engg.) should be recognised for admission to M.E. Other examinations of Universities outside the State should not be recognised.

Dean of Faculy of Law opined that Equivalence may safely be granted as under –

Part I- Ist LL.B.
Part II- 2nd LL B.
B.L. – Our LL.B.

No definite opinion has so far been received from Dean of the Faculty of Commerce.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પટના યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માન્ય કરવા.

૪. ઑરિસ્સા ઑર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના હાઇસ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ– તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી ઈકવીવેલેન્સ કમિટીની સભામાં ઠરાવ્યા અનુસાર આર્ટ્સના ડીનનો અભિપ્રાય મેળવ્યો છે જે નીચે મુજબ છેઃ

"The examination can be considered equivalent to the S.S.C. examination of the Bombay State"

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઓરિસ્સાની બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના હાઇસ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષાને મુંબઈ રાજ્યની એસ.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવી.

૫. મુસ્લીમ યુનિવર્સિટી, અલિગઢના રજિસ્ટ્રાર તેમના તા. ૨૪-૪-૫૭ના પત્ર નં. ૮૬૪માં તે યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા માન્ય કરવા બાબત લખ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

ફૅકલ્ટી ઑફ કૉમર્સનો અભિપ્રાય નીચે મુજબ છેઃ

" The examination should not be recognised as equivalent to our corresponding examination."

એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા – માન્ય કરી નથી
પૂના યુનિવર્સિટી – જુન ૧૯૬૪ સુધી માન્ય કરી છે
મુંબઇ યુનવર્સિટી – માન્ય કરી નથી
નાગપુર યુનિવર્સિરી – એમ.એ. ઇકોનોમિકસ અને એલ.એલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરી છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે અલિગઢની મુસ્લીમ યુનિવર્સિટીની બી.કૉમ પરીક્ષા ફસ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરવી.

૬. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૫-૧૨-૫૬ના પત્ર નં. ૨૦૭૭૯ માં તેમની એમ.એ. પરીક્ષા માન્ય કરવા લખે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Opinion of the Dean of the faculty of Arts is as under:-

"The Punjab University new M.A. Course comprising four papers Part I and four papes Part II can be considered equivalent to the M.A. examination of the Gujarat University.

However, after looking into some of those courses of the different Universities in our country, I am personally inclined to think that they have been planned more or less on the same basis as those of the Universities of the Bombay State. In view of this, when there is a request for recognising some of these examinations, the main point for our University to see is whether this can be done on a reciprocal basis. If it can be so done, there should be no difficulty in recognising most of these examinations as equivalent to cours.e

Further, thesc examinations may be considered equivalent to ours for students who migrate, not for would be teachers who want to be appointed in college affiliated to our University.

સ્ટેટ યુનિવર્સિટીઓમાં પૂછાવતાં નીચે મુજબ જવાબો આવેલા છેઃ

૧.	પૂના યુનિવર્સિટી	માન્ય કરી છે
૨.	બરોડા યુનિવર્સિટી	માન્ય કરી છે
૩.	નાગપુર યુનિવર્સિટી	આર્ટ્સ ફૅકલ્ટીમાં પીએચ.ડી કરવા માટે એમ.એ. માન્ય કરી છે.
૪.	મુંબઇ યુનિવર્સિટી	માન્ય કરી નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પંજાબ યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.એ. તુલ્ય માન્ય કરવી.

૯. શ્રી. જ્ઞાનચંદ જૈન તેમના તા. ૨૬-૨-૫૭ના પત્રમાં એલએલ.બી માં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- શ્રી. જ્ઞાનચંદ જૈને રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા પાસ કરી છે. તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી ઇક્વીવેલેન્સ કમિટીના ઠરાવ નં. ૬ અનુસાર આવાજ એક વિદ્યાર્થીને ફર્સ્ટ એલએ.બી. માં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું હતું. તેથી ઉપર્યુક્ત વિદ્યાર્થીને પણ તેમના જોખમે કામચલાઉ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે.

મુંબઇ યુનિવર્સિટીએ તમામ સ્ટેટ્યુટરી યુનિવર્સિટીઝની બી.કૉમ. પરીક્ષા ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરી છે તો તે મુજબ આપણે કરવું કે કેમ ?

આથી આ કમિટી ઠરાવે છે કે વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮. નાગપુર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૬-૫-૫૭ના પત્ર નં. જીએ-૮-૫૭-૩૬૩૫ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની બી.કૉમ. ની પરીક્ષા ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે અરસપરસના ધોરણે માન્ય કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પત્રની નોંધ લેવી.

૯. આપણી યુનિવર્સિટીના રે. ૭ મુજબ દિલ્હી યુનિવર્સિટીની કવોલીફાઇંગ એકઝામીનેશન ૧૯૫૩ સુધી ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સ તુલ્ય માન્ય કરી હતી. પરંતુ દિલ્હી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૯-૧-૫૭ના પત્રાંક નં. સી-૬-ગુજરાત-૫૭-૩૨૩૧૪ માં લખી જણાવે છે કે સદરહુ પરીક્ષા ૧૯૬૧ સુધી લેવાની હોવાથી તે સાલ સુધી રેકગ્નીશન ચાલુ રાખવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Arts opines as under :-

"The Qualifying examination of the Delhi University seems to be equivalent to our F.Y. Arts and Science Examination."

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓને પૂછાવતાં તેમના તરફથી નીચે મુજબ જવાબ આવ્યા છેઃ

૧. નાગપુર યુનિવર્સિટી – કાયમ માટે ફર્સ્ટ ઇયર પરીક્ષા તુલ્ય માન્ય કરી છે.

૨. બરોડા યુનિવર્સિટી – ફર્સ્ટ ઇયર પરીક્ષા તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરી છે પરંતુ પ્રવેશ આપતાં પહેલાં યુનિ. ટેસ્ટ એકઝામીન લે છે.

૩. મુંબઇ યુનિવર્સિટી – ૧૯૫૬ના જુન સુધી ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને સાયન્સ તુલ્ય માન્ય કરી છે. રેકગ્નીશન ચાલુ રાખવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.

૪. પૂના યુનિવર્સિટી – માન્યતાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.

નોંધઃ- દિલ્હી યુનિ. ના રજિસ્ટ્રાર લખી જણાવે છે કે ૧૯૫૩ પછી કવોલીફાઇંગ એકઝામિનેશનના અભ્યાસક્રમમાં ફેરફાર થયો નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીની કવોલીફાઇંગ પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયરની પરીક્ષા તુલ્ય ૧૯૬૧ સુધી માન્ય કરવી.

૧૦. ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ પરીક્ષા તેમજ વિવિધ ઇન્ટરમિડિએટ બૉર્ડ્ઝની હાઇસ્કૂલ પરીક્ષા માન્ય કરી છે તેમાં કેટલાક ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– ૧. ત્રાવણકોર યુનિવર્સિટી ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા ભેગી લે છે. તેવીજ રીતે મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીઓ પણ ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા ભેગી લે છે. મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાની માન્યતા માટે આપણા રે. ૭ મુજબ નીચેની શરત મૂકી છે:

"If passed in Arts subject=Inter Arts,

If passed in Science subjects=Inter Science.

Arts subjects means 1. Logic, 2. Indian History, 3. Ancient History, 4. Modern History, 5. 3rd Language, 6 Economic History of England and Economic Geography, 7. Geography, 8. Mathematics.

Science subjects Means:– 1. Mathematics, 2. Physics, 3. Chemistry & 4. Natural Science.

ઉપર્યુક્ત શરત ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાને લાગુ પાડવી કે કેમ તે નક્કી કરવાનું છે.

(2) રે. ૬ નીચે મુજબ છે:

"The Matriculation or Entrance Examination conducted and controlled directly by every Statutory Indian University will be deemed equivalent to S.Sc. Examination, Poona, if passed with at least 35% marks in each of the following subjects viz. English, An additional Language, Mathematics, History or Geography and one other subject or if passed in five or more heads of passing in the first or second division through a school recognised by the University.

Even according to our St. 173 old and revised, the candidates are required to pass in seven subjects, out of which five are compulsory.

According to our R. 7 High School Examinations of Statutory Indian Boards are recognised if passed with 35% marks in each subject or if passed in first or second divison.

ઉપરની હકીકત ધ્યાનમાં લઇ આપણા રે. ૭ માં જરૂરી ફેરફાર કરવા કે નહિ તે નક્કી કરવાનું છે.

૧. આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીના ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા જે શરતોએ માન્ય કરી છે તે શરતો ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાને લાગુ પાડવી.

૨. રે. ૬ અને ૭ સુધારવા અંગે રજિસ્ટ્રારે યોગ્ય તપાસ કરી રિપોર્ટ કરવો.

૧૧. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના રજિસ્ટ્રાર તરફથી આવેલ પત્ર નં. એસી. ૩૩૬૩ તા. ૨૦–૪–૫૭ માં તેમની યુનિવર્સિટીની માસ્ટર ઑફ સોશિયલ વર્ક સની પરીક્ષા માન્ય કરવા વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Arts including Education opines as under:–

"M.S.W. degree may be considered equivalent to our M.B. with Sociology."

મુંબઈ રાજ્યની કોઇપણ યુનિવર્સિટીએ આ પરીક્ષા માન્ય કરેલ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. કલકત્તા યુનિવર્સિટીની એમ.બી. બી.એસ. પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under:–

"The examinations and the syllabus for the course of M.B.B.S. are identical with ours. We should grant equivalence to the degree examinations of the Clacutta University on a reciprocal basis."

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓ તરફથી નીચે મુજબ જવાબ આવ્યા છે.

૧. બરોડા યુનિવર્સિટી – માન્ય કરી છે.

૨. મુંબઇ યુનિવર્સિટી – માન્ય કરી છે.

૩. પૂના યુનિવર્સિટી – માન્ય કરી નથી.

૪. નાગપુર યુનિવર્સિટી – વિચારણા હેઠળ છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કલકત્તા યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.બી.બી એસ. તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવી.

૧૩. ડિરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસીઝ, ન્યુ દિલ્હી તેમના તા. ૨૮–૧–૫૭ ના પત્રાંક નંબર ૪૫–૪૯-૫૬ એમ.આઇ. માં સુવાની સેન્ટ્રલ મેડિકલ સ્કૂલમાં અભ્યાસ કરતા ફીજી ઇન્ડિયન વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજમાં પ્રવેશ આપવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under:-

"The students after passing senior Cambridge enter the Medical School at Suva. This in inself is not consistent with our requirements. The student does only one year of Science. If he does two years of Science after senior Cambridge examination, our University may give equivalence for admission to a Medical college. Under the circumstance prevailing now, in my opinion it cannot be done."

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ફીજી ઇન્ડિયન વિદ્યાર્થીઓ સિનિયર કેમ્બ્રીજ સ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષ સુધી વિજ્ઞાન અગર સુવાની સેન્ટ્રલ મેડિકલ સ્કૂલમાં અભ્યાસ સંપૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર લાવે તો તેમને અત્રેની મેડિકલ કૉલેજમાં દાખલ થવા લાયક ગણવા.

૧૪. ફૅકલ્ટી ઑફ સાયન્સના ડીને તેમના તા. ૬૮-૧૨-૫૬ના પત્રાંક યુજ-જન-૨-૫૬માં કરેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

"I do not feel competent to add any special remarks to what Principal Patel has said but it seems to me that in general when we disagree with another University regarding any course of studies it would be desirable to indicate briefly why we disagree and which part of the syllabus we would require to be modified in order that we may recognise their degree as equivaient. To my mind, the object should be to help different Universities to come upto a uniform standard of excellence rather than merely saying that we do not agree"

આથી ઠરાવવામાં આવે છે કે કોઈપણ પરીક્ષા માન્ય કરવા માટે આવેલા અભ્યાસક્રમ તથા પાસ થવાનું ધોરણ આપણા નિયમોની સરખામણીમાં કેટલા અંશે બરાબર નથી તે અંગે જે ફૅકલ્ટીના ડીને મુદ્દામાં કારણો આપવા અને લાગતીવળગતી યુનિવર્સિટી અગર બૉર્ડ માંગે તો તે તેમને આપવી.

૧૫. સાહિત્યરત્ન પ્રયાગ પરીક્ષાને એમ.એ. સમાન ગણી શિક્ષકની નિમણૂક માટે લાયક ગણવા શ્રી. કેશવલાલ વિ. શાસ્ત્રીના તરફથી આવેલા તા. ૧૫-૩-૫૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓને પૂછાવતાં તેમના તરફથી આવેલા જવાબ નીચે પ્રમાણે છે:

મુંબઈ યુનિવર્સિટી	માન્ય કરી નથી
પૂના યુનિવર્સિટી	માન્ય કરી નથી
બરોડા યુનિવર્સિટી	માન્ય કરી નથી
નાગપુર યુનિવર્સિટી	માન્ય કરી નથી

આથી ઠરાવવામાં આવે છે કે પ્રયાગની સાહિત્ય રત્ન પરીક્ષાને આ યુનિવર્સિટીના એમ.એ. તુલ્ય માન્ય કરવી નહિ.

૧૬. રાજપુતાના યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૧૮-૩-૫૭ના પત્રાંક નં. ૧૬૪૧૦માં તેમની બી.કૉમ. પરીક્ષા બીનશરતે માન્ય કરવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

નાંધ:- તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની સભામાં રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા નીચેની શરતોએ માન્ય કરી હતી.

B. Com. Examination of the Rajputana University be recognised on conditions that the candicate seeking admission to M. Com. Class of a college affiliated to this University should have passed it with advanced Accountancy and Auditing or Advanced Banking as a special subject provided that the candidate appears and passes the B Com. examination of this University without being required to keep any terms in the subject of

(1) Two papers in principles of Economics and

(2) One paper in ModernEconomic Development.

On consulting the Dean of the Faculty of Commerce, he has opined that the B Com. examination of the Rajputana University should not be recognised unconditionally.

આથી ઠરાવવામાં આવે છે કે રાજપૂતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા બીનશરતે માન્ય કરવી નહિ.

૧૭. મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૬-૬-૫૭ના પત્ર નં. ૨૭૫૭૬માં જણાવે છે કે આ યુનિવર્સિટીની નીચે જણાવેલી પરીક્ષાઓ જુન ૧૯૫૮ સુધી અરસપરસના ધોરણે માન્ય કરી છે તો તેટલા સમય માટે તેટલી જ પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

Inter Arts Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Gom., M.A., M.Sc., M.Com , F.E., S.E., B.E. 1st LL.B., 2nd LL.B.,B.Ed. 1st M.B.B.S., 2nd M.B.B S., 3rd M.B.B.S., 2nd M.B.B.S., 3rd M.B.B.S., First Year Examination (Provided the candidate could have been held eligible for enrolment in this University under S. 204-M. at the time of his joining the First Year Class of the Gujarat University, and Law Preliminary.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિને ભલામણ કરે છે કે મુંબઈ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓ અરસપરસના ધોરણે જુન ૧૯૫૮ સુધી માન્ય કરવી.

ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એફ.ઇ., એસ.ઈ., બી.ઈ., ફર્સ્ટ એલ.એલ.બી., સેકન્ડ એલ.એલ.બી.,

બી.એડ., ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ એમ બી.બી.એસ., અને થર્ડ એમ.બી બી.એસ., ફર્સ્ટ ઇયર પરીક્ષા (જો વિદ્યાર્થી મુંબઇ યુનિ. ના સ્ટે. ૨૦૪ એમની શરતો પરિપૂર્ણ કરતો હોય તો જ) અને લૉ પ્રિલિમિનરી.

૧૮. શ્રીમતી સુતીપ ગુલાટીએ દિલ્હી યુનિવર્સિટી ની પ્રિ-મેડિકલ એક્ઝામિનેશન પાસ કરી છે તેમને હોમ સાયન્સમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા માટે વિચારણા કરવા બાબત.

નોંધ:- મુંબઇ યુનિ. માં તપાસ કરતાં જાણવા મળે છે કે આવા વિદ્યાર્થીઓને બી.એસ.સી. માં દાખલ કરવામાં આવે છે. ઉપરના સંજોગો ધ્યાનમાં લઈ શ્રીમતી સુતીપ ગુલાટીને તેમના લેખમે શ્રી. ઉપકુલપતિશ્રીના હુકમ અનુસાર કામચલાઉ એલિ. સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રિ-મેડિકલ પરીક્ષા પાસ કરી આ યુનિવર્સિટીમાં સાયન્સ અગર હોમ સાયન્સના કોર્સમાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓને ઘટ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૧૯. શ્રી. પી. સી. ફીલીપોસે, ત્રાવણકોર યુનિવર્સિટીની બી.કોમ. અને અલાહાબાદ હિંદુ યુનિવર્સિટીની એમ.કોમ. પરીક્ષા પાસ કરી છે. ફર્સ્ટ એલ.એલ.બી. માં પ્રવેશ આપવા માટે તેમણે વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- ઉપર્યુક્ત યુનિવર્સિટીની બી.કોમ. અને એમ.કોમ. પરીક્ષાઓ માન્ય કરી નથી.

Dean Faculty of Law has opined as under :-

"To my mind, the candidate's being M.Com. is not relevent. If he is a B.Com. he is entitled to be admitted to the 1st LL.B. class provided B.Com. of Travancore is equivalent to our B.Com. If the Equivalence Committee has not decided this issue, the matter may be referred to the Dean, Faculty of Commerce with the necessary papers such as syllabus etc."

Dean Faculty of Commerce has stated as under:-

"I regret I am unable to recommend considering the student eligible for admisslon to the 1st LL.B. class of this University."

The University of Bombay has recognised the B.Com. examination of all the statutory Indian Universities for the prpose of admission to 1st LL.B. Class.

આથી આ કમિટી ઠરાવે છે કે શ્રી ફીલીપોસને ફર્સ્ટ એલ.એલ.બી. માં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૨૦. દિલ્હી યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલરે તેમના તા. ૨૯-૧૨-૫૬ ના પત્ર નં. સી. ૬-૭-૫૬-૨૩૭૬૫ માં ત્રણ વર્ષના ડીગ્રી કોર્સના પ્રથમ વર્ષને આ યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષા તુલ્ય માન્ય કરવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

Dean, Faculty of Arts has opined as under:-

"In our University, the Inter Arts Examination is the examination in eight papers. In Delhi, in the B.A. (Pass) examination 11 papers in all, three years, there does not seem to be an examination at the end of the first year. In B.A. (Hons.) 12 papers in all, three years, there is an examination in subsidiary subjects either at the end of the First Year or at the end of Second Year is not clear whether there is a full examination at the end of first year in Delhi.

Dean Faculty of Science has opined as under:-

"It is not clear how many subjects have to be taken by a student for the Delhi B.Sc. Pass course first year. If the subjects are as many and the same as those for our I.Sc., the equivalence of the 1st year B.Sc. and our I.Sc. my be accepted.

મુંબઈ રાજ્યની બીજી યુનિવર્સિટીને પૂછાવતાં નીચે મુજબ જવાબો આવ્યા છે:

મુંબઈ યુનિવર્સિટી	–	ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પ્રથમ વર્ષની પરીક્ષા ઇન્ટરમિડિએટ તુલ્ય માન્ય કરી છે.
બરોડા યુનિવર્સિટી	–	માન્ય કરી છે.

પૂના અને નાગપુર યુનિવર્સિટી તરફથી હજુ જવાબ આવ્યા નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીના ત્રણ વર્ષના પ્રથમ વર્ષના સર્ટિફીકેટને ઇન્ટરમિડિએટ તુલ્ય માન્ય કરવું.

૨૧. કુ. ઉષા એમ. દોશીએ પૂના યુનિવર્સિટીમાં બી.એસસી. ની ચારેય ટર્મ્સ રાખી છે પરંતુ માંદગીને કારણે પરીક્ષામાં બેસી શક્યાં નથી. વર્ધમાનસિંહજી કૉલેજ, રાજકોટમાં સિનિયર બી.એસસી. માં દાખલ થયું છે અને તે માટે મંજૂરી આપવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– તા. ૧૯–૧૨–૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સનો ઠરાવ નીચે મુજબ છે:

"પૂના યુનિવર્સિટીની બી.એસસી. માંથી આ યુનિવર્સિટીની બી.એસસી. માં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસ તેના વ્યક્તિગત ગુણદોષ પર વિચારણા કરવી."

ઑ–૭૧ મુજબ સ્ટેટ યુનિવર્સિટીઝની કૉલેજોમાં રાખેલા સત્રો અરસપરસના ધોરણે માન્ય કર્યા છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. ઉષા દ્વેાશી સિનિયર બી.એસસી. માં બે સત્રો રાખે અને આ યુનિવર્સિટીની બી.એસસી. સબ્સિડિયરી પરીક્ષા પાસ કરે તે શરતે તેમની વિનંતી મંજૂર કરવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પુરું થયું હતું.

એસ. પી. મેઢ
રજિસ્ટ્રાર વતી.

નં. એકઝામ–બી. –૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. –૭–૫૭.

પરિશિષ્ટ "૮"

કામકાજ નં. ૬૯

યુનિયન પબ્લિક સર્વિસને કમિશન તરફથી લેવામાં આવતી પરીક્ષાઓ અંગેના ગુજરાત યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા તાલિમ વર્ગો અંગે વિચારણા કરવા માટે શ્રી. વાઇસ ચાન્સેલર તેમજ વર્ગોના કન્વીનરો વગેરેની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તારીખ ૧૬મી જૂલાઇ ૧૯૫૭ના રોજ સાંજના ૩-૦૦ કલાકે મળી હતી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	હાજર,
૩. પ્રિન્સિ. એસ. વી. સી. આઇયા	ગેરહાજર,
૪. ડો. એ. એમ. ત્રિવેદી	હાજર,
૫. પ્રિન્સિ. એચ. એ. ડિસોઝા	ગેરહાજર.

૧. ૧૯૫૬-૫૮ના વર્ષમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના તાલિમ વર્ગો અંગે નીચેની બાબતો નક્કી કરવા બાબત.

અ. સાયન્સ વિભાગના કન્વીનર તરીકે ડો. વાય. જી. નાયકને બદલે હવે કોને મૂકવા તે બાબત ભલામણ કરવા.

બ. ૧૯૫૭-૫૮ની સાલમાં જૂદા જૂદા વિષયો માટે વ્યાખ્યાનો આપવા કોને બોલાવવા તે નક્કી કરવા.

ક. આ વર્ગના વિદ્યાર્થીઓને જોઇતાં પુસ્તકો યુનિવર્સિટી લાયબ્રેરીમાંથી બીજા પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીની પેઠે મળે તેમ કરવા ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે:-

અ. સાયન્સ વિભાગના કન્વીનર તરીકે ડો. વાય. જી. નાયકને બદલે ડો. એ. એમ. ત્રિવેદીને મૂકવા એમ નક્કી થયું હતું.

બ. આ બાબતમાં એમ ઠરાવવામા આવ્યું કે વિદ્યાર્થીએ જે વિષયો લઇને ડિગ્રી પરીક્ષા પાસ કરી હોય તે સિવાયના બીજા વિષયો માટે શિક્ષણ આપવા વ્યવસ્થા કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીએ ડિગ્રી પરીક્ષામાં જે વિષય લીધો હોય તે વિષય યુ. પી. એસ. સી. પરીક્ષામાં રાખવા ફરજ પાડવી. આ ધ્યાનમાં રાખીને કન્વીનરોને જૂદા જૂદા વિષયો માટે કોને બોલાવવા તે નક્કી કરવા કહેવું.

કે. વર્ગમાં જોડાયા હોય તેવા વિદ્યાર્થીઓ વર્ગ બંધ થયા પછી સપ્ટેમ્બરમાં યુ. પી. એસ. સી. પરીક્ષામાં બેસવાના હોય તેવા વિદ્યાર્થીઓને વર્ગ બંધ થયાથી પરીક્ષા સુધીના સમય દરમ્યાન એમ. એ.ના ચાલુ વિદ્યાર્થીઓની જેમ લાયબ્રેરીમાં બેસી વાંચવા માટે તથા જરૂરી ડિપોઝીટ લઇને પુસ્તક ઘેર વાંચવા આપવા પ્રબંધ કરવા લાયબ્રેરીયનને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જનરલ નોલેજ (General Knowledge) માટે ગયા વર્ષની માફકજ વ્યવસ્થા રાખવી. જૂદી જૂદી વ્યકિતઓને નિમંત્રણ આપી તેમની પાસે વ્યાખ્યાન અપાવવાં.

૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટને દિલ્હીમાં પબ્લિક સર્વિસમાં ભરતી અને શિક્ષણ અંગે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી આવ્યા બાદ તેમના રિપોર્ટમાં કરેલા સૂચનો અંગે વિચારણા કરવા બાબત અને તે ધ્યાનમાં રાખી આ વર્ગને Re-organize **કરવો કે કેમ તે બાબત વિચારણા.**

પ્રિ. ભટ્ટના સૂચનો નીચે પ્રમાણે છે :-

"In view of the general discussions it appears that at some state–the Universities will be called upon to undertake refresher courses or the recruited officers. The U. P. S. C. Training Class of our University can be suitably shaped for such training. It also appears that our U. P. S. C. Class will attract more Students and will secure better results if instead of coaching students in subjects in which they have qualified for Degrees the class offers them exclusive training in the Compulsory and essential subjects such as (1) General Knowledge, (2) General English, (3) The Essay, (4) Psychologycal Factors of Personality and Job Analysis, (5) Public Administration. In this connection I invite attention to the enclosure regarding courses offered at the I. A. S. Training School, Delhi. (not attached).

પ્રિન્સિ. એસ. આર. ભટ્ટના સુચનો પર વિચારણા કરી નક્કી કરવામાં આવ્યું હતું કે યુનિવર્સિટીએ ચાલુ વર્ષે અંગ્રેજીના વ્યાખ્યાનો ઉપરાંત પ્રો. ભટ્ટે સુચવ્યા પ્રમાણે Psychological Factors of Personality and job Analyis અને Public Administration પર ભાષણો ગોઠવવા. તે ઉપરાંત ઠરાવવામાં આવ્યું હતું કે ચાલુ વર્ષે ભાષણો આપવા માટે નીચેનાઓને આમંત્રણ આપવું :

૧. શ્રી. એલ. આર. દલાલ
૨. શ્રી. વી. ટી. દહેજીઆ
૩. શ્રી. જી. એલ. શેઠ
૪. શ્રી. બી. પી. પટેલ
૫. શ્રી. એમ. ડી. રાજપાલ
૬. શ્રી. મીરચંદાની
૭. શ્રી. ડી. ડી. સાઠે
૮. શ્રી. કે. એમ. કાંટાવાલા.

૨૦/૨૧–૭–૧૯૫૭

ત્યારબાદ આવેલી અરજીઓમાંથી જેઓએ ૫૦ ટકા અથવા તે કરતાં વધારે માર્ક મેળવ્યા છે તેવા વિદ્યાર્થીઓને જ વર્ગમાં દાખલ કરવા એમ નક્કી કરવામાં આવ્યું હતું અને તે મુજબ નીચેના વિદ્યાર્થીઓને વર્ગમાં દાખલ કરવા એમ ફરાવવામાં આવ્યું હતું.

૧. શ્રી. શેખ અબ્દુલકરીમ ભીખુભાઈ
૨. શ્રી. ઠક્કર ભાલચંદ્ર કાંતિલાલ
૩. શ્રી. અડવાની કીક્ષા દયાલસિંહ
૪. શ્રી. પટેલ પુનમભાઇ ડાહ્યાભાઈ
૫. શ્રી. બ્રહ્મભટ્ટ ચંદ્રવદન હીંમતલાલ
૬. શ્રી. શાહ હસમુખ શાંતિલાલ
૭. શ્રી. સ્વામિનારાયણ નવીનચંદ્ર શાંતિલાલ
૮. શ્રી. ડોકટર રમાકાન્ત ભાઇલાલ
૯. વાપ પુંડલિક યશવંતરાવ
૧૦. શ્રીમતી ભટ્ટ મહેંદ્રીકા ચંદુલાલ

નં. યુ. પી. એસ. સી.–૪૨૧૮૨–૮૬ ઓફ ૧૯૫૭
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ,
અમદાવાદ–૯.
તા. ૧૮–૭–૧૯૫૭

જે. એમ. મહેતા
રજિસ્ટાર વતી

પરિશિષ્ટ "ઠ"

કામકાજ નં. ૭૦

બોર્ડ ઓફ ઍકરટ્રા મ્યુરલ સ્ટડીઝની સાતમી સભા તા. ૧૬ જૂલાઈ ૧૯૫૭ના રોજ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. એચ. વી. દિવેટિયા, વાઇસ–ચાન્સેલર	હાજર,
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર	ગેરહાજર,
૩. શ્રી. જે એચ. ત્રિવેદી	ગેરહાજર,
૪. શ્રી. યશવંત પી. શુક્લ	હાજર,
૫. શ્રી. વિઠ્ઠલદાસ મ. કોઠારી	હાજર,
૬. શ્રી. લલ્લુભાઈ હ. પટેલ	હાજર,
૭. શ્રી. સોમનાથ પી. દવે	ગેરહાજર,
૮. ડૉ. આર. પી. પટેલ	હાજર,
૯. શ્રી. પોપટલાલ જી. શાહ	ગેરહાજર,
૧૦. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૧૧. પ્રિન્સિ. કે. એલ. દેસાઇ	ગેરહાજર,
૧૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	હાજર,
૧૩. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર,
૧૪. ડૉ. કે. જી. નાયક	હાજર.

૧. તા. ૧૫–૬–૧૯૫૬ના રોજ મળેલી બોર્ડની ગઇ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૫–૬–૧૯૫૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઇસ–ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. સને ૧૯૫૬–૫૭ ના વર્ષ દરમ્યાન બોર્ડ તરફથી ચાલુ થયેલી પ્રવૃત્તિઓના હેવાલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૬–૫૭ના વર્ષની બોર્ડનો પ્રવૃત્તિનો હેવાલ મંજૂર કરવો. હેવાલની નકલ પરિશિષ્ટ તરીકે આપવામાં આવી છે.

૩. સને ૧૯૫૭–૫૮ વર્ષ માટે બોર્ડની પ્રવૃત્તિ માટે રૂા. ૧૫,૦૦૦ ના બજેટની જોગવાઇ કરવામાં આવી છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૭–૫૮ના વર્ષ માટે બોર્ડની પ્રવૃત્તિ માટે યુનિવર્સિટીના બજેટમાં કરવામાં આવેલી રૂા. ૧૫,૦૦૦ ની જોગવાઇ મંજૂર કરવી.

૪. આગામી ઓકટોબર માસમાં ભારત સરકાર તરફથી યોજનારા યુવક મહોત્સવમાં ભાગ લેવા માટે અને તે અંગેની નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત.

અ. યુવક મહોત્સવનાં ભાગ લેવા માટે જનાર ટુકડીના કન્ટીજન્ટ ધ્રુન ચાર્જ તથા આસિ. કન્ટીજન્ટ ધ્રન ચાર્જની પસંદગી કરવા બાબત.

બ. યુવક મહોત્સવ માટેના કન્ટીજન્ટની પસંદગી કરવા માટે જે પ્રાથમિક હરિફાઇઓ યોજાય છે તે અંગે જડજોની નિમણુક કરવા તેમજ હરિફાઈની અન્ય વ્યવસ્થા કરવા એક કમિટી નીમવા બાબત.

ક. યુવક મહોત્સવ માટે નાટક, રેડિયો નાટક, સમૂહ નૃત્ય, સમૂહ, સંગિત એ માટે જુદી કોલેજોમાંથી સ્વતંત્ર કૃતિઓ દર વર્ષ પ્રાથમિક હરિફાઈમાં રજૂ થાય છે અને તેમાંથી શ્રેષ્ટ ટીમને પસંદગી કરવામાં આવે છે તેને બદલે ખાસ કરીને અમદાવાદની કોલેજોમાંથી સારા પાત્રો પસંદ કરી યુનિવર્સિટી દ્વારા દરેક માટે એક કૃતિ તૈયાર કરવામાં આવે એવાં સૂચન ઉપર વિચારણા કરવા બાબત તથા જો આ સૂચન મંજૂર થાય તો એને માટે જરૂરી યોજના તૈયાર કરવા માટે એક કમિટી નીમવા બાબત તથા તે અંગેનું ખર્ચ મંજૂર કરી કમિટીને જરૂરી ખર્ચ કરવા માટે સત્તા આપવા બાબત.

ડ. યુવક મહોત્સવ માટે ઓગસ્ટથી ઓકટોબર માસ સુધી ઘણું કામકાજ રહેતું હોવાથી તે સમય દરમ્યાન એક કામચલાઉ કલાર્કની નિમણુક કરવા બાબત

ઇ. યુનિવર્સિટીના કન્ટીજન્ટ સાથે જરૂરી વ્યવસ્થા કરવા અંગે દર વર્ષની માફક એક યુનિવર્સિટી સ્ટાફના સભ્યને મોકલવા બાબત.

યુવક મહોત્સવ અંગેની ચર્ચા વખતે પ્રથમ શ્રી. વાઇસ–ચાન્સેલર તથા પ્રિ. એસ. આર. ભટ્ટે વિદ્યાર્થીઓને ખોરાક તથા અન્ય અગવડો પડે છે તેનું ધ્યાન કર્યું હતું અને એવું ઠરાવવામાં આવ્યું હતું કે શ્રી. વાઇસ–ચાન્સેલરે આ પ્રશ્ન જોઇન્ટ બોર્ડ ઓફ વાઇસ–ચાન્સેલર્સ સમક્ષ ઉઠાવી તે અંગે ઘટતું કરવું તથા તે અંગે ભારત સરકારને પણ લખવું.

અ. આથી ઠરાવવામાં આવે છે કે કન્ટીજન્ટ ધ્રન ચાર્જ તરીકે નીચેનાને ક્રમવાર લખવું:

૧. ડો. વાય. જી. નાયક
૨. પ્રો. આર. એમ. શુકલ
૩. ડો. ધીરૂભાઇ ઠાકર

વધુમાં એમ ઠરાવવામાં આવ્યું કે આસિ. કન્ટીજન્ટ ધ્રુન ચાર્જ તરીકે કામ કરવા ડો. સુસ્મિતા મેઢને જણાવવું.

બ. આથી ઠરાવવામાં આવે છે કે યુથ ફેસ્ટીવલ અંગેની બધી તૈયારી અને ગોઠવણો કરી તેનો નિકાલ લાવવા નીચેની સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ
૩. શ્રી. એ. એમ. રાવળ
૪. ડૉ. ધીરૂભાઈ પી. ઠાકર

ક. આથી ઠરાવવામાં આવે છે કે બ.માં ઠરાવ્યા મુજબની સમિતિને આ કામ સોંપવું અને પ્રિન્સિપલો પાસે વિદ્યાર્થીઓનાં નામો મંગાવવા આ અંગે જે ખર્ચ થાય તે બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના બજેટમાંથી કરવા આ કમિટિને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ડ. આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવના કામ અંગે ઓગસ્ટથી ઓકટોબર માસ સુધી એક કામચલાઉ કલાર્ક નીમવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઇ. આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. કન્ટીજન્ટ સાથે જરૂરી વ્યવસ્થા અંગે આ કામ કરનાર ઓફિસના માણસને મોકલવો.

૫. આગામી ઓગસ્ટ માસમાં ઉજવાનારી ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય ચળવળ ૧૮૫૭ની શતાબ્દી અંગે કોઇ ખાસ કાર્યક્રમ યોજવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક કોલેજોના પ્રિન્સિપલોની એક મિટીંગ બોલાવી આ અંગે કોઈ કાર્યક્રમ ઘડી કાઢવો.

૬. યુવક મહોત્સવ, યુનિવર્સિટી સપ્તાહ, સ્વાતંત્ર્ય દિન અથવા એવા બીજા પ્રસંગો વખતે કોલેજોના સમાન્ય વિદ્યાર્થી મંડળોનો સહકાર મેળવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોલેજોના પ્રિન્સિપલો પાસે દર વર્ષ ચૂંટાયેલા એક પ્રતિનિધિનું નામ મંગાવવું અને કાર્યક્રમ વખતે તેમનો સહકાર મેળવવો.

૭. સેનેટની વાર્ષિક સભામાં થએલાં સૂચનો મૂજબ બોર્ડ તરફથી જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનોની હારમાળાઓ ગોઠવવા અંગે જુદા જુદા વિષયોમાં કોને આમંત્રણ આપવા તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતીના વિષયોમાં બે કે તેથી વધુ ભાષણોની શ્રેણી માટે નીચેનાને પસંદ કરવા.

૧. શ્રી. કાકા કાલેલકર, ૨. શ્રી. રામપ્રસાદ બક્ષી,
૩. શ્રી. વિજયરાય વૈદ્ય, ૪. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી,

આ પ્રસંગે શ્રી. પી. જી. શાહે પત્રદ્વારા આવા ભાષણો માટે આમંત્રણ આપવા માટે કેટલાંક નામો સૂચવ્યા હતા તે પૈકી શ્રી. લક્ષ્મીપ્રસાદ શ્રી કાંતને " પછાત વર્ગની જાતિઓ "ના વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપવું એમ ઠરાવવામાં આવ્યું હતું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે દરેક ફેકલ્ટીના ડીનો તથા બોર્ડના સભ્યોને વિષયો તથા વ્યાખ્યાનકારોના નામો સુચવવા જણાવવું.

વધુમાં એમ સૂચવવમાં આવ્યું કે બોર્ડ ઓફ સ્ટડીઝને પણ જણાવવું કે સામાન્ય જનતામાં જ્ઞાનનો પ્રચાર થાય તે હેતુથી બોર્ડના વિષયો પૈકી કયા મુદ્દાઓ ટોપીકસ પર ભાષણો યોજવા એ માટે સૂચનો મંગાવવાં.

૮. પોતાની યુનિવર્સિટી પ્રત્યે ગર્વ લેવાની ભાવના ઉત્પન્ન થાય અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ઐકય સધાય એ હેતુથી વિદ્યાર્થીઓની સમૂહરેલી કરવા કોઇ સમૂહ કાર્યક્રમ યોજના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઇટમ નં. ૫માં ઠરાવ્યા મુજબની પ્રિન્સિપલોની મિટીંગ સમક્ષ આ કામ મુકવું અને જો આ સૂચન સ્વીકારવામાં આવે તો તે મુજબનો કાર્યક્રમ તા. ૨૩ નવેમ્બર યુનિવર્સિટી ઇન્કોર્પોરેશન ડેના દિવસે યોજવો.

૯. બોર્ડના કામકાજને લગતા એ. ૪૯ અને ૫૦ પૈકીની કોઇ પણ બાબતની પ્રવૃત્તિ ચાલુ વર્ષે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે કોઈ નવી પ્રવૃત્તિ ઉપાડવી નહિ.

૧૦. બોર્ડની યોજના પૈકીની ખાસ કરીને સામાન્ય જનતાને સ્પર્શતી બાબતોમાં શિક્ષકો અને કોલેજોને ઉત્સાહભેર પ્રવૃત્તિઓ ઉપાડે તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક પ્રિન્સિપલોની મીટીંગ બોલાવવામાં આવે તે સભાને આ અંગે જરૂરી વિચારણા કરી રિપોર્ટ કરવા જણાવવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

નં. ૪એમ. ૪૧૬૩૦–૪૩–૪૮
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ,
અમદાવાદ–૯. તા. ૧૮–૭–૫૭.

જે. એમ મહેતા
ડે. રજિસ્ટ્રાર અને સેક્રેટરી
બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ

બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ ૧૯૫૬–૫૭ નો હેવાલ.

ઓર્ડિ. ૪૭ મુજબ રચાયેલી આ બોર્ડમાં ચાલુ વર્ષે કોઇ ફેરફાર થયો નથી. ફક્ત ગુજરાત વિદ્યાસભાના પ્રતિનિધિ તરીકે શ્રી. યશવંત શુકલને નિયુક્ત કરવામાં આવ્યા હોવાથી તેઓ પણ આ બોર્ડના સભ્ય બન્યા છે.

વર્ષ દરમ્યાન બોર્ડની ફક્ત એકજ સભા બોલાવવામાં આવી હતી. હેવાલના વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ તારીખના ક્રમે નીચે જણાવવામાં આવી છે.

૩૦–૭–૫૬ અમેરિકન સાંસ્કૃતિક કાર્યક્રમ :– રેકાર્ડો દ્વારા..

૧. આધુનિક અમેરિકન કવિઓની – સેન્ડબર્ગ, કોરલોસ વિલિયમ વગેરે – કવિતાનું વાંચન.

૨. અબ્રાહમ લિંકનનું ગેટીસબર્ગનું ભાષણ – રેકાર્ડો દ્વારા.

૬૩. યુનિવર્સિટી ઓફિસ સ્ટાફના નીચેના સભ્યોને નિમણૂક ''કોન્સોલીડેટેડ'' પગાર ઉપરની હોવાથી તેમને હક્ક રજા, માંદગીની રજા, વગેરે રજાઓ આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧. શ્રી. એમ. એમ. મહેતા, બિલ્ડીંગ સુપરવાઇઝર

૨. શ્રી. ગોવિંદ પરમાર, ડ્રાઇવર

૪. શ્રીમતી રતા વરૂ, પાર્ટ ટાઇમ સ્વીપર

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા કોન્સોલિડેટેડ પગાર પર નિમવામાં આવેલા સભ્યોને વાર્ષિક ૧૫ દિવસની આકસ્મિક રજા ઉપરાંત વાર્ષિક ૧૫ દિવસની હકક રજા આપવી અને આ હકક રજા કયારે આપવી તેનો આધાર કાર્યાલયની સગવડ પર રહેશે એમ તેમને જણાવવું.

૬૪. "Establishment of Faculty for the study of South Indian Languages and Culture in the Principal North Indian Uuiversity **એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના સેક્રેટરીના આવેલ પત્ર પર ઉવિચારણા કરવા બાબત.**

(**નોંધ** :- ૧. ઉપરોક્ત વિષય પરત્વેની સ્ટેટ રિ-ઓર્ગેનિઝેશન કમિશનની ભલામણોનો યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. આ દરખાસ્તના અમલમાં યુનિવર્સિટીને જો રસ હોય તો આવતા ચાર વર્ષનો તે અંગેનો ખર્ચ અને યોજના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને વિચારવા માટે મોકલી આપવાની છે.

૨. આપણી યુનિવર્સિટીમાં આવી કોર્ઈ ફેકલ્ટી નથી. સ્ટે. ૬૬ અને ૧૦૮ માં કન્નડ અને તામીલ ભાષાઓનો પ્રબંધ હતો જે ગઇ સેનેટની બેઠકમાં તે રદ કરી સ્ટેટયૂટ સુધાર્યો છે તેને કુલપતિશ્રીએ સંમતિ પણ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દક્ષિણ ભારતની ભાષાઓના અભ્યાસ માટે આ યુનિવર્સિટીમાં જુદી ફેકલ્ટી કરવાની જરૂર સિન્ડિકેટને લાગતી નથી એમ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને જણાવવું.

૬૫. અમદાવાદ શહેરમાં ઈન્ફ્લ્યૂએન્ઝાના બનેલા બનાવોને કારણે સાવચેતીના પગલાં તરીકે સ્થાનિક કોલેજો, સંસ્થાઓ તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોને તા. ૨૦ મી જૂન ૧૯૫૭ના બદલે તા. ૨૭ મી જૂન ૧૯૫૭ના રોજ ખોલવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરની ગેરહાજરીમાં સ્થાનિક કોલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાઓની અધિસિરની સભાની ભલામણ અનુસાર શ્રી. રજિસ્ટ્રારે લીધેલા નિર્ણયને સિન્ડિકેટે તેની તા. ૨૫/૨૬-૬-૫૭ની સભામાં બહાલી આપી છે તો તે અંગે સત્રમાં જરૂરી ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેર અને પરાં વિસ્તારની કોલેજો માટે આગામી સત્ર ૧૦ મી નવેમ્બર ૧૯૫૭ ને બદલે ૪ થી નવેમ્બર ૧૯૫૭ થી શરૂ કરવું.

૬૬. શ્રી. બિહારીલાલ પી. શાહના નીચેના ઠરાવ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોના આચાર્યોના અભિપ્રાય પૂછાવતાં તે અંગેના આવેલા જવાબ:

" દેશ સ્વતંત્ર થવાને કારણે છેલ્લા દસ વર્ષમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં અસાધારણ ઉત્સાહ દેખાય છે, આ માંગને પહોંચી વળવા ગુજરાત યુનિવર્સિટીની હકુમત નીચે દરેક વિષયની કોલેજોની સંખ્યામાં સારો એવો વધારો પણ થયો છે. આમ છતાં કેટલાક વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રવેશ મેળવવાની અશ્રદ્ધામાં એકથી વધુ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરે છે અને તેના કારણે વિદ્યાભ્યાસી વિદ્યાર્થીઓની ખરી સંખ્યા કરતાં સત્રની શરૂઆત પહેલાં ઘણી મોટી સંખ્યા દેખાય છે. આથી કોલેજના સંચાલકો પ્રવેશની અરજીઓના નિકાલ માટે કેટલીક કૃત્રિમ મુશ્કેલી અનુભવે છે અને વિદ્યાર્થીઓ જુદી જુદી જગ્યાએ પ્રવેશ મેળવીને ફી ભરીને બીજા વિદ્યાર્થીઓને અટકાયત કરે છે. પોતાની પસંદગીની કોલેજ ન મળે તે ડરથી વિદ્યાર્થી બેવડી ફી ભરે છે અને તેથી તેને આર્થિક નુકશાન વેઠવું પડે છે. આ સંજોગોમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે કોલેજમાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે જે અરજીઓ કરે તે તમામ અરજીઓનો નિકાલ થાય તેની જાહેરાત બધીજ કોલેજો સત્રની શરૂઆતમાં વહેલામાં વહેલી તકે એકજ દિવસે કરે અને તે બાબતનો સમય અને તારીખ નકકી કરવા શ્રી. ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

સિન્ડિકેટનો ઠરાવ:

" આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોના આચાર્યોનો અભિપ્રાય પૂછાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે આવેલા કોલેજોના આચાર્યોના અભિપ્રાયો શ્રી. બિહારીલાલ શાહને મોકલી આપવા તથા તે બાબત પરત્વે તેમનાં સૂચનો આવેથી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૬૭. " ઇન્ડિયા વહીટ લોન એજ્યૂકેશનલ એક્ષચેન્જ પ્રોગ્રામ " હેઠળ મળેલી સામગ્રીનો ઉપયોગ સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

(**નોંધ**:–નીચેના ઍપેરેટસ ગુજરાત કોલેજના કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટને ન્યુકલીઅર કેમિસ્ટ્રી લેબોરેટરી ઓર્ગેનાઇઝ કરવા અને કેમિસ્ટ્રીમાં સંશોધન કરવા માટે આપવા મજકૂર કોલેજના કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વડા અને ઇન–ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રોફેસર બી. સી. હલદારની કોલેજના પ્રિન્સિપલ મારફતે માગણી આવી છે:

(1) Micro Dumas, (2) Polarograph, (3) Rediation Counter

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિએ જુદી જુદી વસ્તુઓ માટે જે જે કોલેજ અગર સંસ્થાના નામની ભલામણ કરી છે તે તે કોલેજ અગર સંસ્થાને ક્રમ અનુસાર જે તે વસ્તુઓ આપવી અને જે બાબતમાં કોઇ પણ સંસ્થા કે કોલેજની કશી ભલામણ સમિતિએ ન કરી હોય તે બાબતમાં લાગતી વળગતી કોલેજ અગર સંસ્થાની જરૂરીઆત પુછાવવી.

૬૮. ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટરની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા માટે વિચારણા કરવા બાબત.

(**નોંધ**:—મેન્જીઝ ધન કોલેજ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તારીખ ૧૦–૭–૫૭ની સભા ની નોંધ મંજૂર કરતી વખતે વધુમાં સિન્ડિકેટે તેની જુલાઇમાં મળેલી સભામાં નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે તે અનુસાર ઉપરની બાબત મુકવામાં આવી છે.

સિન્ડિકેટનો ઠરાવ:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટરની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા માટે જરૂરી વિચારણા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૬૯. કોઇપણ જોડાયેલી કોલેજ—માન્ય સંસ્થામાં જો કોઇપણ લેક્ચરર, પ્રોફેસર વગેરે સત્રની પહેલાં નિમણૂક સ્વીકારે અને સત્રની શરૂઆતથી એક મહિના પહેલાં તેઓ નિમણૂકનો અસ્વીકાર કરે તો તેમના ઉપર નિયમ પ્રમાણે પગલાં લઇ શકાતાં નથી તો તે અંગે કોલેજ–સંસ્થા વગેરેને નિમણૂક અંગે વેઠવી પડતી મુશ્કેલીઓ વગેરે જોઇ નિયમોમાં ફેરફાર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ નિયમ મંજુર કરવો:

"In the case of a teacher already working in a college affiliated to or an Institution recognised by this University who has accepted the offer of a teaching post in any college or institution it shall be obligatory for him to work for at least one full term before he joins another college or institution."

૭૦. નીચે જણાવેલો રા. હરિપ્રસાદ જી. શાસ્ત્રીનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર કર્યો છે તો તે અંગે વિચારણા કરવા બાબત,

ઠરાવઃ

"That the Senate requests the Bombay Government to add the following at the end of section 25 (2) of the Gujarat University Act:

Provided further that in the event of there being no ex-officio member actually teaching the subject or group of subjects as the case may be, in any of the affiliated colleges, recognised institutions or University Departments, the Board shall co-opt, notwithstanding anything contained in this sub-clause, at least one person, If any, who actually teaches the subject or group of subjects in any of the affiliated colleges, recognised institutions or University Departments."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. સિન્ડિકેટે નવા ઘડેલા નીચે મુજબના સ્ટે. ૨૩-એ. અને સ્ટે. ૨૩-બી. ઉપર ફરી વિચારણા કરવા બાબત.

S. 23. A. No proposal, save as provided in S. 23-B, shall be entertained by the Senate, that has not, in the first instance been considered by the Syndicate, or submitted, for a period of at least 3 months for consideration by the Syndicate; provided that when any proposal has been duly brought before the Senate it shall be competent to the Senate to deal with all amendments or modifications thereof which it is otherwise competent to the Senate to entertain.

S. 23. B. A meeting of the Senate shall be convened on the requisition of at least twenty members to the Vice-Chancellor. Any proposal, other than a proposal on which the Syndicate are required to take the opinion of the Academic Council or any other Statutory body, brought before the Senate at such meeting may be entertained by the Senate, provided that notice of the same has been given to the Syndicate notwithstanding that it has not been considered by the Syndicate, or submitted for a period of at least three months for consideration by the Syndicate as contemplated by S. 23. A.

(**નોંધ**:—હાલના નીચેના સ્ટે. ૨૩ ઉપરાંત મુંબઈ યુનિવર્સિટીના નીચે જણાવેલ સ્ટે. ૫ અને ૭ આ યુનિવર્સિટીના સ્ટે. ૨૩-એ. અને ૨૩-બી. તરીકે સ્વીકારવા સિન્ડિકેટે ભલામણ કરી છેઃ)

S. 23. The Registrar shall give notice of the likely date of the meeting of the Senate six weeks before such date. A member of the Senate who intends to move a resolution or resolutions shall give notice thereof to the Registrar within 10 days of the date of the notice given by the Registrar.

મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટયૂટ ૫ અને ૭ નીચે મુજબ છે :

S. 5. No proposal save as provided in S. 7 shall be entertained by the Senate that has not, in the first instance been considered by the Syndicate, or submitted for a period of at least 3 months for consideration by the Syndicate; provided that when any proposal has been duly brought before the Senate, it shall be competent to the Senate to deal with all amendments or modifications thereof which it is otherwise competent to the Senate to entertain."

S. 7. A meeting of the Senate shall be convened on the requisiton of at least twenty members to the Vice-Chancellor. Any proposal, other than a proposal on which the Syndicate are required to take the opinion of the Academic Council or any other Statutory body, brought before the Senate at such meeting may be entertained by the Senate, provided that notice of the same has been given to the Syndicate, notwithstanding that it has not been considered by the Syndicate, or submitted for a period of at least three months for consideration by the Syndicate as contemplated by S. 5.

આથી ફરાવવામાં આવે છે કે નવા ઘડેલા સ્ટેટયૂટ ૨૩–એ અને ૨૩–બી.માં સૂચવેલા ફેરફાર કરવાનો વિચાર પડતો મૂકવો.

૭૨. યુનિયન પબ્લીક સર્વિસ કમિશન તરફથી લેવાતી આઇ. એ. એસ. વગેરે પરીક્ષા માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી ચલાવાતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવાનું સેનેટે મંજૂર કર્યું હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત.

સેનેટનો ઠરાવ:

"સેનેટની આ સભા આથી ફરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગોમાં વધુમાં વધુ ત્રણ ફ્રીશીપ દાખલ કરવી તથા રૂા. ૫૦ ની એક સ્કોલરશિપ સ્થાપવા તથા મજકૂર સ્કોલરશિપ માટે ઓછામાં ઓછી લાયકાત માટે ડીગ્રી પરીક્ષામાં પ્રથમ વર્ગ આવશ્યક ગણવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવી અને આ અંગેના આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ફરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં સેનેટના ફરાવ અનુસાર ત્રણ ફ્રીશીપ તથા રૂા. ૫૦ ની એક શિષ્યવૃતિ આપવા માટે કાર્યાલયે ઘટતાં પગલાં લેવાં.

૭૩. નીચે જણાવેલો પ્રો. વી. એમ. શાહનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર બેક કર્યો હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવઃ

" સેનેટની આ સભા ઠરાવે છે કે આપણી યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજો તથા શોધ-ખોળની સંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકો તથા બીજા કર્મચારીઓને " ગ્રેજ્યુઈટી " આપવા. માટે જોગવાઇ કરવી જરૂરી છે માટે તે પ્રમાણે કરવી અને તેને લગતા નિયમો ઘડવા દરેક સંસ્થાને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નિર્દેશેલી ભલામણને અમલી બનાવવાની સત્તા યુનિવર્સિટીની ન હોઈ આ ઠરાવ પસાર કરવાથી કશો ઉપયોગી હેતુ સરશે નહિ એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે.

૭૪. અનુસ્નાતક કેન્દ્ર બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ તરફથી આવક જાવકના હિસાબનું સ્ટેટમેન્ટ અત્રે આવેલ જે તપાસી જોતાં વર્ષ આખરે રૂા. ૧૨૩ ની ખોટ આવેલ છે તે રૂા. ૧૨૩ ની ખોટ મંજૂર કરવા બાબત.

બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદને અનુસ્નાતક શિક્ષણ માટે રૂા. ૧૨૩ની આવેલી ખોટ ભરપાઈ કરી આપવી.

૭૫. નીચેની જગાઓ પુરવા માટે સિન્ડિકેટ એડહોક કમિટીઓ નીમવા વિચારણા કરવા બાબત.

	જગા
૧. લેક્ચરર ઇન સાયકોલોજી	૧
૨. લેક્ચરર ઇન લેબર વેલ્ફેર	૧

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન સાયકોલોજીની નિમણૂક કરવા માટે નીચે જણાવેલા સભ્યોની એડહોક કમિટી નીમવીઃ

૧. શ્રી. વાઇસ--ચાન્સેલર

૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ

૩. શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ

(**નોંધઃ**—સમિતિની બેઠકમાં રીડર ઇન સાયકોલોજી, ડો. મુકુલ કે ડેને હાજર રહેવા આમંત્રણ આપવું.)

૨ આથી ઠરાવવામા આવે છે કે લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની નિમણૂક માટે નીચે જણાવેલા સભ્યોની એડહોક સમિતિ નીમવી.

૧. શ્રી. વાઇસ--ચાન્સેલર

૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ

૩. શ્રી. હિમતલાલ પી. શુકલ

૪. શ્રી. નવનીતલાલ શોધન

(**નોંધ:**–સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રોફેસર બી. આર. શેનોયને મજકૂર સમિતિની બેઠકમાં હાજર રહેવા આમંત્રણ આપવું.)

૭૬. માર્ચ–૧૯૫૮માં લેવાનારી ઈન્ટરમિડિએટ આર્ટસ અને સાયન્સની પરીક્ષાઓ માટે પેટલાદને પરીક્ષા કેન્દ્ર તરીકે રાખવા બાબત મજકૂર કોલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ ૧૯૫૮માં લેવાનાર ઈન્ટર આર્ટસ અને સાયન્સની પરીક્ષાઓ લેવા માટે તથા ફરર્ટ ઈયર (પ્રિ–યુનિવર્સિટી) ઈન આર્ટસ એન્ડ સાયન્સની પરીક્ષાઓ લેવા માટે પેટલાદમાં પરીક્ષા કેન્દ્ર સ્થાપવું.

૭૭. એમ. ઈ. (ઇલે.)ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન–ચાર્જ પ્રોફેસર એમ. વી. દેશપાન્ડેની નિમણૂક ગવર્નમેન્ટ પોલિટેકનીક, અમદાવાદના પ્રિન્સિપલ તરીકે થઈ હોવાથી હવે તેમને મજકુર કેન્દ્રના પ્રોફેસર--ઇન–ચાર્જ તરીકે ચાલુ રાખવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ:**—એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ, અમદાવાદના પ્રિન્સિ. તેમના પત્રમાં જણાવે છે કે પ્રોફેસર દેશપાંડે તેમની પ્રિન્સિપલ તરીકેની ફરજ ઉપરાંત મજકૂર કોલેજમાં ઈલેકટ્રીકલ એન્જિ. ના પાર્ટ–ટાઈપ પ્રોફેસર તરીકે કામ કરશે. વધુમાં જણાવે છે કે પ્રો. દેશપાંડે અહવાડિયામાં મંગળવાર અને ગુરૂવારે સાંજે ૩–૩૦ થી ૫–૪૫ સુધી આવશે અને અહવાડિયામાં ૨ લેકચર્સ બી. ઈ. (ઇલે.) ના વિદ્યાર્થીઓને અને ૨ લેકચર્સ એમ. ઈ. (ઇલે.)ના વિદ્યાર્થીઓને આપશે. ઉપરાંત ઇલે. એન્જિનીયરીંગના મજકૂર કોલેજના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર--ઇન--ચાર્જ તરીકે રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ઈ. ઇલેકટ્રીકલના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર–ઇન ચાર્જ તરીકે પ્રોફેસર એમ. વી. દેશપાંડેની નિમણૂક ચાલુ રાખવી.

૭૮. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અન્વયે ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષે કરેલાં નીચેના સૂચનો પર વિચારણા કરવા બાબત.

"૧. વ્યાખ્યાનની પસંદગી માટે નીચે પ્રમાણેની સભ્યોની સ્થાયી સમિતિની રચના કરવી:

૧. અધ્યક્ષ, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન

૨. પ્રમુખ, ગુજરાતી બોર્ડ ઓફ સ્ટડીઝ

૩. કોઇપણ એક ગુજરાતી વિદ્વાન, જે સાહિત્ય અને ઇતિહાસ બંનેમાં રસ ધરાવતા હોય.

૨. પસંદગી કરનાર સમિતિના અહેવાલ ઉપરથી સિન્ડિકેટ વ્યાખ્યાતા અંગે છેવટનો નિર્ણય કરશે, જે ઉપરથી વ્યાખ્યાતાને નિમંત્રણ મોકલાશે.

૩. વ્યાખ્યાતાને મોકલવામાં આવેલા નિમંત્રણપત્રથી એક વર્ષ સુધીમાં વ્યાખ્યાનો અપાવાં જ જોઇએ. ન આપવામાં આવે તો નિમંત્રણ રદ થયેલું ગણી નવેસરથી વ્યવસ્થા કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના અધ્યક્ષની સૂચના મંજૂર કરવી તથા તે બાબત પસ્તવે આગળ જરૂરી પગલાં લેવાં.

૭૯. ૧૯૫૭–૫૮ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીને મુંબઈ સરકાર તરફથી મળેલી રૂા. ૨,૩૮,૨૦૩ની ગ્રાન્ટ પેટે હપ્તો મલ્યો છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૮૦. બીજી પંચવર્ષિય યોજનાના સમય દરમિયાન ૧૯૫૭–૫૮ના વર્ષ માટે નીચે જણાવેલી યોજનાઓ માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ પેટે મળેલી નીચેની રકમોના હપ્તા મલ્યા છે તેની નોંધ લેવા બાબત.

૧. સાયકોલોજી ડિપાર્ટમેન્ટ સાથે યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના મકાનના બાંધકામ માટે — રૂા. ૧,૦૦,૦૦૦ રૂપિયા એક લાખ.

૨. સાયકોલોજી અને લેબર વેલ્ફેરના ડિપાર્ટમેન્ટ માટે ફરનીચર અને ડેવલપમેન્ટ સારૂ — રૂા. ૩૦,૦૦૦ રૂપિયા ત્રીસ હજાર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૮૧. એકાઉન્ટસ વિભાગના જુનિયર કલાર્ક શ્રી. એચ. એમ. શાહ રાજીનામું આપી યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા થયેલા હોવાથી તેમના ખાતે જમા થયેલ તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. એમ. શાહને નિયમ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ફાળાની રકમ પરત કરવી.

૮૨. યુનિવર્સિટી ઓફિસના પટાવાળા શ્રી. ભોપેનું અવસાન થયેલું હોવાથી તેમના ખાતે નીકળતા તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમ તેમના પિતાશ્રીને આપવા બાબત.

(**નોંધ** :—શ્રી. ભોપેની નોકરીનાં ત્રણ વર્ષ પૂરા થવામાં ફક્ત ૨૩ દિવસ ખુટે છે છતાં તેમને તેમની કપાયેલી રકમ ઉપરાંત યુનિવર્સિટીનો ફાળો પણ આપવો કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભોપેના પિતાશ્રીને શ્રી. ભોપેના પોતાના ફંડફાળાની રકમ ઉપરાંત યુનિવર્સિટીના ફાળાની રકમ પણ ખાસ અપવાદ તરીકે આપવી.

૮૩. ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના બંગલે રહેતા પટાવાળાને સાયકલ એલાવન્સ આપવા વિચારણા કરવા બાબત.

(**નોંધ** :—યુનિવર્સિટીમાં ન રહેતા હોય તેવા પટાવાળાઓને તથા કારકૂનો જે કાર્યાલય દૂર હોવાથી માસિક રૂા. ૫. નું સાયકલ એલાવન્સ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પટાવાળાઓને પણ માસિક રૂા. ૫. નું સાયકલ એલાવન્સ આપવું.

૮૪. સિન્ડિકેટના તા. ૨૦/૨૧-૭-૧૯૫૭ના નીચેના ઠરાવ મુજબ સર એલ. એ. શાહ કૉલેજના સ્ટુડન્ટસ યુનિયનની બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલે મોકલેલ હેવાલ:

સિન્ડિકેટનો ઠરાવ:

" At the same time, however, as it appears to the Syndicate that the explanation given by Shri Suman Vyas regarding the existence or otherwise of the Students' Union is not satisfactory, the Syndicate calls upon Principal Shri M. M. Thakore to investigate into the matter and report the result of his investigation to the Registrar at an early date. "

પ્રિન્સિપલનો હેવાલ

There is no students' Union in our college. Elections are hold annually to the various offices of the college bodies which are separate entities under different secretaries who are elected to particular offices such as Magazine secretaryship, Cricket secretariship, Tennis Secretariship, Two general secretaries are elected, one each from the Law and Arts Sections of the college. Their functions are connected with the celebration of the Annual Social and Debating activites They are in no way concerned with the work of other secretaries. They are called general secretaries in as much as they mind general residuary activities not specifically assigned to any of the remaining six secretaries. The eight secretaries are nnder the guidance and control of different professors. They never meet in a joint meeting.

There is no membership of any general students' Union either voluntary or compulsory. No fees are levied by the college compulsarily on all students nor are any amounts contributed by them voluntarily for the membership of students' Union. Fees are levied for the Annual Social, Magazine, Library and Gymkhana but not for the members of any students' union. There is no students' representative council in the college. There are only different departments for various activities, each managed by its own secretary elected for purpose and who is accountable to the Principal and professor in charge,

The occasional reference to "Students' Union" in the Magazine is a loose and inaccurate expression. A students' Union with its constitution, membership and election does not exist."

આથી ઠરાવવામાં આવે છે કે સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલે મોકલેલા હેવાલની નોંધ લેવી.

૮૫. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક ગોલ્ડ મેડલ આગામી ઑક્ટોબર ૧૯૫૭ના વાર્ષિક પદવીદાન સમારંભમાં પણ આપી શકાય તે માટે વધારાના ડોનેશન તરીકે આવેલા રૂા. ૨૦૦ ની રકમ સ્વીકારવા બાબત તથા મજકૂર ચંદ્રક આપવા અંગે ઑફિસરે ઘડેલા ડ્રાફ્ટ નિયમો મંજૂર કરવા બાબત.

(**નોંધ**:—આ ચંદ્રકને "પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક ગોલ્ડ મેડલ"ને બદલે "પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક મેમોરિયલ ગોલ્ડ મેડલ" કહેવાનું સમિતિના કન્વીનરનું સૂચન પાછળથી આવેલું છે તો તે વિષે પણ વિચારણા કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પણ મજકૂર ચંદ્રક આપી શકાય તે માટે આપવામાં આવેલી વધારાની રૂા. ૨૦૦.ની રકમનો પણ સાભાર સ્વીકાર કરવો તથા મજકૂર ચંદ્રક આપવા માટે ઑફિસે ઘડેલા નિયમોનો ખરડો મંજૂર કરવો.

૮૬. પ્લાનીંગ કમિશનની એજ્યુકેશનની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

The Panel notes that several Universities have already started the pre-university and three-year degree course and commends generally the recommendations of the Deshmukh Commission in this respect with particular reference to para II of the summary of the recommendations. In special cases, however, where the University Grants Commission is satisfied with reference to the number of students to be admitted in a College this condition may be relaxed subject to a maximum of 1,500 students being pemitted.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૮૭. સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૨—૮—૧૯૫૭ના રોજ મળેલી સભાની નોંધ.

આ સભામાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશનની સ્કૉલરશિપો માટે કઇ કઇ અરજીઓની ભલામણ કરવી તેમજ પીએચ. ડી.ના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીની રિસર્ચ સ્કૉલરશિપો અંગેની ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણુમાંથી સ્વેચ્છાએ પોતાની અરજી પાછી ખેંચી લેનાર વિદ્યાર્થી શ્રી. એન. પી. પંડયાનું નામ કમી કરીને બાકીની ભલામણો મંજૂર કરવી. (સમિતિની ભલામણોની નોંધની નકલ પરિશિષ્ટ " ટ " તરીકે સામેલ છે.)

૮૮. અનુસ્નાતક વિદ્યાર્થીઓ પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓની સરખામણીમાં પ્રવેશ માટે મોડા આવતા હોવાથી ટ્યૂશન ફી રીફંડ અંગેના રૂલ્સ તેમને ટર્મની શરૂઆતથી લાગુ પાડવાને બદલે તેઓને જે તારીખે દાખલ કરવામાં આવ્યા હોય તે તારીખથી લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**:—આ અંગે આ નિયમોની નીચે નીચેની નોંધ ઉમેરવા કાર્યાલયનું સૂચન છે.

" In case of Post-Graduate students the date of commencement of the term will be the date on which the candiadate submits his application for registration as a Post-graduate student.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

૮૯. જ્યારે જ્યારે ગવર્નમેન્ટ પ્રોમીસરી નોટસ રિન્યૂ કરાવવાની સત્તા આપવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના સૂચન પર વિચારણા કરવા બાબત.

" Express authority to sell, endorse transfer or negotiate Goverment and other securities in favour of the Registrar, Gujarat University (Disclosing his name with his specimen signature) who has signed the renewal receipt should be forwarded to this office for registration,"

Resolved that the Registrar Shri K. C. Parikh be authorised to renew the above mentioned Government Promissory Notes.

૯૦. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટના ડો. એ. એમ. ત્રિવેદી તથા એમ. જે પટનીને ૧૯૫૬-૫૭ના વર્ષમાં રૂા. ૫૦૦ની રિસર્ચ ગ્રાન્ટ આપવામાં આવેલી તેમાંથી અધી રકમ ગયા વર્ષ દરમિયાન ઉપાડવામાં આવી હતી હવે તેમના તરફથી બાકી રહેલી રૂા. ૨૫૦ની રકમ માટે માગણી આવી હોવાથી તે ગ્રાન્ટનો બાકી હપ્તો ચાલુ વર્ષે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડો. એ. એમ. ત્રિવેદી તથા શ્રી. એમ. જે. પટનીને તેમની ગ્રાન્ટનો બાકી રહેલો રૂા. ૨૫૦–૦–૦ નો હપ્તો ચાલુ વર્ષે આપવો.

૯૧. ડો. આર. ડી. દેસાઇને ૧૯૫૪–૫૫ના વર્ષમાં રૂા. ૫૦૦ ની તથા ૧૯૫૫–૫૬ના વર્ષમાં રૂા. ૩૦૦ ની રિસર્ચ ગ્રાન્ટ આપવામાં આવી હતી તેમણે તેમની ૧૯૫૫–૫૬ની ગ્રાન્ટના બંને હપ્તા ઉપાડયા છે પરંતુ ૧૯૫૪–૫૫ની ગ્રાન્ટના બીજા હપ્તાના રૂા. ૨૫૦. ઉપાડયા નથી તો તે આપવા બાબત તથા તેમની બંને રિસર્ચ ગ્રાન્ટની કુલ રૂા. ૮૦૦

કરેતાં સરવાળે ખર્ચ રૂા. ૨૪–૯–૦. જેટલું વધ્યું હોવાથી તે ભવિષ્યની ગ્રાન્ટના અર્ચમાં મજરે લેવા અંગેની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિ. આર. ડી. દેસાઇને ૧૯૫૪–૫૫ની ગ્રાન્ટનો રૂા. ૨૫૦-૦-૦ નો બીજો હપ્તો ચાલુ વર્ષે આપવો તથા તે ઉપરાંત તેમને રિચર્સ ગ્રાન્ટની કુલ રૂા. ૮૦૦–૦–૦ની રકમ ઉપરાંત રૂા. ૨૪–૯–૦ ની ગ્રાન્ટ તેમને થયેલા વધારાના ખર્ચ પેટે આપવાની તેમની વિનંતી મંજૂર કરવી.

બાબત નં ૯૨ અને ૧૪૩ એક સાથે વિચારવામાં આવી હતી.

૯૨. ગવર્નમેન્ટ કોલેજોમાં યુનિ.એ નક્કી કરેલા ધોરણે શિક્ષકોને પગાર અપાતા નથી આ અંગે જ્યારે મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓ તરફથી સેરખું ધોરણ સ્વીકારવામાં આવશે ત્યારે સરકાર તરફથી વિચારણા કરવામાં આવશે એમ જણાવતો ડાયરેકટર ઓફ એજ્યુકેશનના તા. ૨૪ જુલાઈ ૧૯૫૭ના પત્રાંક ૨૫૧–૨૨૨ એ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૪૩ સ્ટે. ૧૩૫–એ.ની એસેન્ટ બાબત શ્રી. ચાન્સેલરના સેક્રેટરી તરફથી આવેલા તારીખ ૧૭ ઓગસ્ટના પત્રાંક જીએસ–૨૯–સી. ઉપર એકેડેમિક કાઉન્સિલનો નીચે મુજબનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવઃ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓમાં શિક્ષકોની લાયકાત, પગાર વગેરે બાબતો અંગે સમાન ધોરણોનો પ્રશ્ન રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ–ચાન્સેલરના સંયુક્ત મંડળ સમક્ષ રજૂ કરવા તથા તે અંગે આખરી નિર્ણય થાય ત્યાંસુધી સિન્ડિકેટે મંજૂર કરેલા હાલના નિયમો અમલમાં રાખવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

૯૨ આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓમાં કામ કરતા શિક્ષકો માટે એક સરખાં પગાર ધોરણ રાખવાનો પ્રશ્ન મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ–ચાન્સેલરોની જોઇન્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવો.

૧૪૩ આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર મજકૂર બાબત મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ–ચાન્સેલરોની જોઇન્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવા તથા જોડાયેલી કોલેજોમાં કામ કરતા શિક્ષકો અને યુનિવર્સિટીના શિક્ષકોના પગાર ધોરણમાં સમાનતા રાખવાનો પ્રશ્ન પર કુલપતિશ્રીના મંત્રીને જરૂરી સ્પષ્ટતા કરવા વિનંતી કરવી.

૯૩. યુનિવર્સિટી હોસ્ટેલમાં કેન્ટીન ખોલવા પરવાનગી આપવા માટે હોસ્ટેલની કલબના કોન્ટ્રાકટર શ્રી. ઇશ્વરલાલ રાવળની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ માટે યુનિવર્સિટી હોસ્ટેલની કલબના કોન્ટ્રાકટર શ્રી. ઇશ્વરલાલ રાવળને કેન્ટીન ખોલવા પરવાનગી આપવી તથા તે માટે તેમની પાસેથી માસિક રૂા. ૧૦-૦-૦ લેખે ભાડું લેવું.

૯૪. સમાજ વિદ્યાભવનના રીડર ઇન સ્ટેટિસ્ટીકસ શ્રી. ડી. જી. વશીના બે વર્ષના પ્રોબેશનનો સમય તા. ૧૪મી જુન ૧૯૫૭ના રોજ પુરો થયો હોવાથી તેમને જગ્યા ઉપર કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનના રીડર ઇન સ્ટેટિસ્ટીકસ શ્રી. ડી. જી. વશીને તા. ૧૫-૬-૧૯૫૭થી તેમની રીડર તરીકે જગા પર કાયમ કરવા.

૯૫. યુનિવર્સિટી ઓફિસમાં કામ કરતા નીચેની વ્યક્તિઓનો પ્રોબેશન સમય પુરો થયો હોવાથી તેમને જગા ઉપર કાયમ કરવા બાબતઃ

નામ :	**હોદ્દો :**	**નિમણૂક તારીખ :**
૧. શ્રી. વી. એમ. વ્યાસ	સિનિયર કલાર્ક	તા. ૨૮-૭-૫૬
૨. શ્રી. બી. સી. પટેલ	સિનિયર કલાર્ક	તા. ૨૮-૭-૫૬
૩. શ્રી. એચ. જે. મકવાણા	જુનિયર કલાર્ક	તા. ૩૦-૭-૫૬

આથી ઠરાવવામાં આંવે છે કે :—

૧. શ્રી. વી. એમ. વ્યાસને સિનિયર કલાર્ક તરીકે તા. ૨૮-૭-૧૯૫૭થી કાયમ કરવા.

૨. શ્રી. બી. સી. પટેલને તેમની જગા પર હાલ કાયમ કરવા નહિ, પણ તેમને તક આપવા માટે તેમના પ્રોબેશનના પિરિયડમાં એક વર્ષની મુદત વધારી આપવી તથા તેમને જરૂરી ચેતવણી આપીને જણાવવું કે જો તેમનું કામકાજ સંતોષકારક લાગશે નહિ તો તેમને સિનિયર કલાર્ક તરીકે કાયમ કરવામાં આવશે નહિ.

૩. શ્રી. એચ. જે. મકવાણાને જુનિયર કલાર્ક તરીકે તા. ૩૦-૭-૧૯૫૭થી કાયમ કરવા.

૯૬. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની યોજના હેઠળ સ્ટુડન્ટસ હોમ બાંધવા માટે યુનિવર્સિટીએ ઘડેલી યોજનામાં રિકરીંગ ખર્ચના ૨/૩ ભાગ નોન-રિકરીંગ ખર્ચના ૧/૨ ભાગ મુંબઈ સરકાર આપી શકે એમ નથી એમ જણાવતો પત્ર આવ્યો છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

નોંધ :- યુનિવર્સિટીએ આ અંગે નીમેલી સમિતિની યોજના મુજબ સ્ટુડન્ટ હોમનું નોન-રિકરીંગ ખર્ચ રૂા. ૪,૧૫,૦૦૦ જેટલું થશે જ્યારે રિકરીંગ ખર્ચ વાર્ષિક રૂા. ૩૬,૮૦૦ જેટલું થશે એવો અંદાજ છે આમાંથી ૨/૩ જેટલું નોન-રિકરીંગ તથા ૧/૨ જેટલું રિકરીંગ ખર્ચ જો યોજના મંજૂર થાય તો યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મળી શકશે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર યોજનાની બે યુનિટને બદલે એક યુનિટથી શરૂઆત કરી શકાય તે માટે એ યોજનામાં ઘટતો ફેરફાર કરીને ભલામણ કરવા માટે આ બાબત સમિતિ સમક્ષ ફરીથી વિચારણા માટે મોકલી આપવી.

૯૭. ઇન્સ્ટિટ્યુશન ઓફ્ એન્જિનિયર્સના મુંબઇ કેન્દ્રની વાર્ષિક સભા ડિસેમ્બરની ૧૦ થી ૨૦ મી સુધીના કોઇપણ ચાર દિવસોમાં અમદાવાદ ખાતે ભરવા અંગે મજકુર કેન્દ્રના પ્રેસિડેન્ટને આમંત્રણ આપવા માટે આવેલો પ્રિન્સિ. આઇયાના સૂચન પર વિચારણા કરવા બાબત તથા તે અધિવેશન માટે સ્વાગત સમિતિ રચવા બાબત.

નોંધ:—આ અધિવેશન ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ્ એન્જિનિયર્સ તથા ગુજરાત યુનિ.ના સંયુક્ત ઉપક્રમે યોજવા તથા તે માટે રૂા. ૧,૫૦૦ સુધીનું ખર્ચ કરવા માટે સિન્ડિકેટે મંજૂરી આપેલી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂશન ઓફ્ એન્જિનિયર્સના મુંબઇ કેન્દ્રની વાર્ષિક સભાની તારીખ ઇન્સ્ટિટ્યૂશન ઓફ્ એન્જિનિયર્સના મંત્રી સાથે પત્રવ્યવહાર કરીને નક્કી કરવી તથા તે માટે શ્રી. વાઇસ–ચાન્સેલરના પ્રમુખપદ હેઠળ નીચે જણાવેલા સભ્યોની એક સ્વાગત સમિતિ નીમવી :

૧. મેયર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ.	એક્સ–ઓફિસિયો વાઇસ ચેરમેન.
૨. શ્રી. કસ્તુરભાઈ લાલભાઇ	વાઇસ–ચેરમેન
૩. વાઇસ-ચાન્સેલર, વલ્લભવિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર.	વાઇસ–ચેરમેન

સ્વાગત સમિતિ

૧. મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદ

૨. સીટી એન્જિનિયર, અમદાવાદ

૩. સુપ્રિન્ટેન્ડન્ટ એન્જિનિયર, નોર્થ ગુજરાત સર્કલ અમદાવાદ

૪. ડિવિઝનલ ઓફિસર, અમદાવાદ

૫. કલેક્ટર, અમદાવાદ

૬. ડીસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ્ પોલિસ (સીટી) અમદાવાદ

૭. પ્રિન્સિપલ, એલ. ડી. કોલેજ ઓફ્ એન્જિનિયરીંગ, અમદાવાદ

૮. પ્રિન્સિપલ, લખ્ધીરજી એન્જિનિયરીંગ કોલેજ, મોરબી

૯. પ્રિન્સિપલ, બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર

૧૦. ડાયરેક્ટર, અમદાવાદ ટેક્ષટાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ રિચર્સ એસોસિએશન, અમદાવાદ

૧૧. ડાયરેક્ટર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ

૧૨. ડો. વિક્રમ સારાભાઇ

૧૩. ગુજરાત ઇન્સ્ટિટ્યૂશન ઓફ્ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટસના તે સંસ્થાએ નિયુક્ત કરેલા ત્રણ પ્રતિનિધિઓ.

૧૪. શ્રી. એચ. ટી. ભવનાની, કેલીકો મિલ્સ, અમદાવાદ

મંત્રીઓ :

૧. પ્રોફેસર જી. જે. કુલકર્ણી, જનરલ અને રિસેપ્શન સેક્રેટરી
૨ પ્રોફેસર પી. એસ. કલ્યચવાલા, પેપર્સ, મિટીંગ્સ એન્ડ ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી
૩. પ્રોફેસર વી. જે. જાની, એકરકર્ઝન સેક્રેટરી
૪. પ્રોફેસર એમ. એમ. પટેલ, સેક્રેટરી, હોસ્પિટાલિટી એન્ડ હાઉસીંગ.

૯૮. સર એલ. એ. શાહ લૉ કોલેજ, અમદાવાદના અનુસ્નાતક કેન્દ્ર માટે લાયબ્રેરી ખર્ચ માટે સિન્ડિકેટે ૧૯૫૬-૫૭ના વર્ષ માટે રૂા. ૨,૦૦૦-૦-૦ મંજૂર કર્યા હતા તેમાંથી તેમણે રૂા. ૧૪૫૩-૮-૦ નાં પુસ્તકો ખરીદ કર્યાં હતાં હવે તેમણે ચાલુ વર્ષ દરમ્યાન ગયા વર્ષના વધેલા રૂા. ૫૪૬-૮-૦.ના પુસ્તકો ખરીદયાં છે તો તેમને આ ખર્ચ આ વર્ષમાં બતાવવા માટે પરવાનગી આપવા બાબત.

(**નોંધ**:- આવા કેસોમાં સામાન્ય ઠરાવ થવો જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કેન્દ્ર પાસેથી પુસ્તકોની યાદી અને તેની ખરીદનાં વાઉસર્ચ મંગાવીને આ બાબત સિન્ડિકેટ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૯૯. યુનિવર્સિટી પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટોના હિસાબ રાખવા બાબત સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઇ યુનિ.ને પૂછાવતાં તેમના તરફથી આવેલા જવાબમાં નીચેના મુદ્દાઓ છે તો યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટોના હિસાબ અંગે શું કરવું તે નક્કી કરવા બાબત:

૧. બૂકસ ઓફ એકાઉન્ટસ રજિસ્ટ્રારની ઓફિસ રાખે છે તેમજ ફાઇનલ એકાઉન્ટ પણ રજિસ્ટ્રારની ઓફિસ બનાવે છે.

૨. ટયૂશન ફી વગેરે જે તે ડિપાર્ટમેન્ટ સ્વીકારે છે તેમજ ડિપાર્ટમેન્ટસ ખરીદી પણ જે તે ડિપાર્ટમેન્ટ મારફતે જ થાય છે. આ અંગે ડિપાર્ટમેન્ટોમાં આસી. એકાઉન્ટન્ટ તથા એકાઉન્ટસ ક્લાર્ક હોય છે.

૩. બીલોના પેમેન્ટ તથા સ્કુટીની રજિસ્ટ્રારની ઓફિસમાંથી થાય છે.

૪. બજેટ જે તે ડિપાર્ટમેન્ટના વડાઓ તરફથી તૈયાર થાય છે અને તે ડિપાર્ટમેન્ટની એડવાઇઝરી કમિટી તે તપાસે છે ત્યારપછી તે બજેટ યુનિ. ના સામાન્ય બજેટમાં યુનિ. ઓફિસ તરફથી સમાવી લેવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટોમાં મુંબઇ યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટમાં પ્રવર્તતી પ્રથા અપનાવવી અને તે માટે પ્રત્યેક ડિપાર્ટમેન્ટમાં એક એકાઉન્ટસ ક્લાર્કની જગા મંજૂર કરવી.

૧૦૦. ઓલ ઇન્ડ્યા પી. ઈ. એન. સેન્ટર તરફથી તા. ૨૬ થી ૨૯ ઓકટોબર ૧૯૫૭ સુધી વડોદરામાં ભરનાર ફોર્થ ઓલ ઇન્ડિયા રાઇટર્સ કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીની પ્રાદેશિક ભાષાના લેખક-શિક્ષકો હોય એવા એક અથવા વધુ પ્રતિનિધિઓ મોકલવા બાબત મજકૂર પરિષદના આહવાહકના તા. ૨-૮-૫૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના ત્રણ સભ્યોને મોકલવા:

૧. પ્રોફેસર ઉમાશંકર જોષી

૨. પ્રોફેસર વી. આર. ત્રિવેદી

૩. પ્રોફેસર એ. એમ. રાવળ

૧૦૧. ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસની તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર ૧૯૫૭ સુધી નાગપુર ખાતે ભરનાર આઠમી વાર્ષિક પરિષદમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા માટે આવેલા મજકૂર સોસાયટીના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :—કોન્ફરન્સમાં નીચેના વિષયો ઉપર ચર્ચા થશે:

1. Input-output Relations in Indian Agriculture.
2. Experience of cooperative Farming and other systems of Mutual Aid in Cultivation in India.
3. Agriculture and its terms of Trade with Special reference to India.

ઉપર પૈકી નં. ૩ ઉપર ભારતમાં મળનારી ૧૦મી આંતર રાષ્ટ્રિય કૃષિવિષયક પરિષદમાં પણ ચર્ચાનાર હોવાથી તે વિષય ઘણો જ અગત્યનો છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૧૦૨. એમ. એસસી. સ્ટેટીસ્ટીકસના પ્રેકટીકલની પરીક્ષા આ વખતે પહેલ-વહેલી લેવાઇ હોવાથી તે પરીક્ષાના પ્રેકટીકલ્સ માટે મહેનતાણાના દરો મુંબઇ યુનિ.ના ધોરણે આપવા બાબત સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ સૂચન પર વિચારણા કરવા બાબત તેમજ ભવિષ્યમાં આ અંગેના દરો ઠરાવવા બાબત.

(નોંધ:—મુંબઈ યુનિવર્સિટીના દરો તથા ગુજરાત યુનિવર્સિટીના એમ. એસસી. પરીક્ષાના બીજા વિષયોના દરો નીચે મુજબ છે.

	મુંબઇ યુનિ. ના એમ. એસસી. પ્રેકટીકલ્સના દરો.	ગુજરાત યુનિ. ના અન્ય વિષયોના દરો.
૧. એક્ષપર્ટ એસિસ્ટન્ટ	રૂા. ૧૫ દર દિવસ દીઠ	રૂા. ૧૦
૨. લેબોરેટરી ,,	રૂા. ૬ ,, ,,	રૂા. ૫
૩. મિકેનીક	રૂા. ૫ ,, ,,	—
૪. હમાલ	રૂા. ૩ ,, ,,	રૂા. ૨.૫૦)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસસી. ની પ્રેકટીકલ પરીક્ષામાં અન્ય વિષયોની અનુસ્નાતક પરીક્ષામાં પ્રવર્તતાં દરો પ્રમાણે મહેનતાણું આપવું.

૧૦૩. યુનિવર્સિટી ઓફિસમાં એક દફતરી તથા ઇન્કવાયરી કલાર્કની જગાઓ કાઢવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં દફતરી તરીકે કામ કરવા માટે જુનિયર કલાર્કની નવી જગા કાઢવી તથા ઇન્કવાયરી કલાર્ક તરીકે કામ કરવા માટે સિનિયર કલાર્કની એક જગા કાઢવી અને આ કલાર્કને ઇન્કવાયરી ઉપરાંત શ્રી. રજિસ્ટ્રારને યોગ્ય લાગે તે બીજું કામ પણ સોંપવું.

૧૦૪. યુનિવર્સિટીમાં પરમેનન્ટ પોસ્ટ ઉપર પ્રોબેશન ઉપર નીમાતા કર્મચારીઓને પ્રોબેશન સમય દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે છે તે સામે ઓડિટરો વાંધો લે છે તે જોતાં સ્ટે. ૧૮૦ (અ) અને સ્ટે. ૧૮૦ (બ) માં નીચે મુજબ વંચાય છે તે પ્રમાણે સુધારો કરવા બાબત.

S. 180 (a) Every whole-time officer, teacher or other servant of the University, except one whose services have been lent to the University by Government, appointed on or after the date when Sec. 5 of the Act comes into force to a permanent post carrying a salary of rupees thirty or upwards per mensem shall, asa condition of his service, become a subscriber to the University Provident Fund.

(b) Any whole-time officer, teacher or other servent of the Universtiy temporarily appointed in the first instance and subsequently confirmed in the some appointment may, by a resolution of the Syndicate be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the permanent appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.

આથી ઠરવવામાં આવે છે કે સ્ટે. ૧૮૦-અ અને ૧૮૦-બ. ઉપર પ્રમાણે વંચાય તે મુજબ સુધારવા સેનેટને ભલામણ કરવી.

૧૦૫. શ્રી. આર. જી. આસ્તીએ " An Analytical study of earlier Mahakavyas in relation to the Mahakavya-definition in the Alamkara-sastra and the influence of the Sastraic definition on the composition of later Mahakavyas " **પી. એચ. ડી. ડીગ્રી માટેના મહાનિબંધ માન્ય કરવા માટે રેફરિઓની નીચે જણાવેલા અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત.**

" We wish to state again, that we recommend the award of the Ph. D. to the candidate but we do not recommend the publication of the Thesis in its present form. The candidate may be asked to work upon his thesis further under the direction of his supervisor and revise it in the light of the observations in the appendix to this report."

આથી ઠરાવવામાં આવે છે કે રેફરીઓની ભલામણ સ્વીકારવી અને શ્રી. આર જી. આસ્તીનો મજકૂર મહાનિબંધ પીએચ. ડી. ની ડીગ્રીની પરીક્ષા માટે માન્ય કરવા અને તેમની પીએચ. ડી. ડીગ્રી માટેની યોગ્યતા જાહેર કરવી.

૧૦૬. વડોદરા ખાતે ૨ અને ૩ નવેમ્બર ૧૯૫૭ના રોજ મળનાર " થર્ડ કોન્ફરન્સ ઓફ રિસર્ચ વર્કર્સ ઇન ગુજરાત " માટે યુનિવર્સિટીના ૧૦ પ્રતિનિધિઓ મોકલવા માટે ગુજરાત રિસર્ચ સોસાયટીના જનરલ સેક્રેટરીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં કયા કયા પ્રતિનિધિઓ મોકલવા જેવા છે તેની તપાસ કરીને તેમાંથી ૧૦થી વધુ નહિ એટલા પ્રતિનિધિઓને મંજૂર કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત રિસર્ચ સોસાયટીને રૂા. ૫૦૦ની આર્થિક સહાય ગુજરાત યુનિવર્સિટી તરફથી આપવી.

૧૦૭. વલસાડ કોલેજના ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ કરવામાં આવેલા શ્રી. કે. ડી. કાપડીઆને સ્ટે. ૧૭૩ હેઠળ સાયન્સમાં દાખલ થવા લાયક ગણવા કે કેમ તે નક્કી કરવા બાબત.

(**નોંધ**:— શ્રી. કાપડીયા જુના અભ્યાસક્રમ હેઠળ પાસ થયા છે એટલે જૂના સ્ટે. ૧૭૩ હેઠળ તેમને ફર્સ્ટ ઇયર સાયન્સમાં પ્રવેશ મેળવવા માટે એલજીબ્રા-જ્યોમેટ્રીમાં પાસ થવું જરૂરી છે. પરંતુ તેઓએ જ્યારે જૂના અભ્યાસક્રમ હેઠળ પરીક્ષા પાસ કરી ત્યારે તેઓ એલજીબ્રા-જ્યોમેટ્રીમાં બેઠા ન હતા. ત્યારબાદ તેમણે નવા અભ્યાસક્રમની એલીમેન્ટરી મેથેમેટિકસની પરીક્ષા જેમાં ૧૦૦ માર્કસના એક પેપરમાં એલજીબ્રા જ્યોમેટ્રી અને એરીથમેટિક ત્રણેનો સમાવેશ થાય છે તે પરીક્ષા પાસ કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. કાપડીયાને ફર્સ્ટ ઇયર સાયન્સમાં પ્રવેશ યોગ્ય ગણવા.

૧૦૮. કર્ણાટક યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી રેસીપ્રોકલ બેઝીસ ઉપર નીચેના કન્સેશન્સ વિદ્યાર્થીઓને આપવા બાબત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(1) The fee of the eligibility certificate to be charged is Rs. 2/- only. (After June, 1959 the fee for eligibility certificate will be Rs. 20/-).

(2) Simplified rules of eligibility and migration as per ordinance 53, 54, and 67-B.

(3) Recognition of terms as per ordinance 57-A.

આથી ઠરાવવામાં આવે છે કે કર્ણાટક યુનિવર્સિટીની સૂચના મુજબ પરસ્પર માન્યતાને ધોરણે તેમણે સૂચવેલ "કન્સેશન્સ" માન્ય કરવાં.

૧૦૯. અ. તા. ૨૧-૮-૫૭ના રોજ મળેલી અનફેર મીન્સ કમિટીની ભલામણો.

૧૦૯. બ. તા. ૨૬-૮-૫૭ના રોજ મળનાર મીસ્ટેક કમિટીની ભલામણો.

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર સુપરવાઈઝર શ્રી. સી. એન. શાહના સંબંધમાં તેમનાં અયોગ્ય વર્તણુંકનું કારણ ઉભેરી તા. ૨૧-૮-૧૯૫૭ના રોજ મળેલી "અનફેરમીન્સ કમિટી"ની ભલામણો મંજૂર કરવી. (સમિતિના કામકાજની નોંધ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.

(**નોંધ**:-તા. ૨૬-૮-૧૯૫૭ના રોજ મળનાર "મિસ્ટેક કમિટી"ની સભા મોકૂફ રાખવામાં આવી હોવાથી તેની ભલામણ હવે રજૂ કરવામાં આવશે.)

૧૧૦. ડો. વાય. જી. નાયક હવે પછી સિન્ડિકેટના સભ્ય તરીકે ચાલુ રહેતા ન હોવાથી નીચેની સમિતિઓ પર તેઓને ચાલુ રાખવા કે તેમની જગાએ કોઇ બીજા સભ્યની નિમણૂક કરવી તે અને કરવી તો કોની કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

૧. અનુસ્નાતક શિક્ષણ અંગેની સ્થાયી સમિતિ

૨. સ્કોલરશિપ, ફેલોશિપ વિ. અંગેની સ્થાયી સમિતિ

૩. પરીક્ષકોના નિયમો વિ. માં સુધારા કરવા તેમજ મહેનતાણાના દરોમાં સુધારા-વધારા કરવા અંગેની સમિતિ

આથી ઠરાવવામાં આવે છે કે ડો. વાય. જી. નાયકને ઉપરની સર્વ સમિતિઓ પર સભ્ય તરીકે ચાલુ રાખવા.

૧૧૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦ (૧) સુધારવા અંગે મુંબઇ સરકારના શિક્ષણ ખાતા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:-મજકૂર પત્રમાં જણાવવામાં આવ્યું છે કે આ બાબત રાજ્યની ધારાસભા હાલમાં મળતી ન હોવાથી રાખેતા મુજબ ધારાસભા હવે મળશે ત્યારે રજૂ કરવામાં આવશે. દરમ્યાન કલમ

૪૦ (૧) ના શબ્દો જોતાં નવેમ્બર ૧૯૫૭ પહેલાં સેનેટે અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ ઈન્ટરમિડિએટ શિક્ષણ અંગે યુનિવર્સિટીએ વ્યવસ્થા હાથમાં લેવી એમ નક્કી કરવું આવશ્યક છે.

કલમ ૪૦ (૧) નીચે મુજબ છે :

" Within a period of seven years from the date on which section 3 comes into force the Senate shall determine that all instructions, teaching and training beyond the stage of Intermediate examinations shall, within the area of the City of Ahmedabad and such other contiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad area) be conducted by the University and shall be imparted by the teachers of the University. The senate shall communicate its decision to the Provincial Government."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત સેનેટ સમક્ષ સિન્ડિકેટ તરફથી રજૂ કરવી.

૧૧૨. આગામી તા. ૬/૭–૧૦–૧૯૫૭ના રોજ મળનારી સેનેટની સભા સમક્ષ મુકવા માટે પ્રિન્સિ. એમ. સી. દેસાઇ તરફથી આવેલા નીચેના ઠરાવ:

" That the following conditions laid down in the matter of extension of affiliation be deleted or amended viz :

(1) The college does not hold classes before 8-0 a. m.

(2) P. T. Classes are not held before 7-30 a. m.

and the college be permitted to hold classes aforesaid and to commence work as hitherto."

(**નોંધ:-** પ્રિન્સિપલ દેસાઇ ઉપરનો ઠરાવ રજૂ કરવા માટે નીચેનાં કારણો દર્શાવે છે:

Reasons: All the institutions that work during morning hours are permitted to hold classes according to their convenience and almost all of them commence work at 7–30 a. m. and P. T. classes before that there is no reason why these hours of work should be incorporated as a condition in the case of Gujarat Law Society College of Commerce while granting extension of affiliation for teaching courses upto B. Com. degree examination.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એમ. સી. દેસાઇના ઠરાવની સિન્ડિકેટ તરફેણ કરે છે એમ સેનેટને અભિપ્રાય આપવો.

૧૧૩. આગામી તા. ૬/૭–૧૦–૫૭ના રોજ મળનારી સેનેટની સભા સમક્ષ મુકવા માટે ડો. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલા નીચેના ઠરાવો:

Resolution No. 1

Statute 136 (iii) be amended so as to read as follows :—Demonstrators and Tutors having the minimum qualifications of a lecturer to be prescribed by the Syndicate with at least two years continuous experience as a Demonstrator and/or a Tutor and who are on the permanent staff of the college subject to minimum teaching (Lecturing work) of 4 periods a week.

Amended Statute 136 will read as follows :

For all purposes of this Act (a) the term teacher within the minimum meaning of section (2) sub-clause (12) shall include :- (i), (ii), (iv), (v) as at present and (iii) as amended (B) C. D. as at present.

Resolution No. 2

Section 19. (iv), (vi) & (vii) be amended so as to read as follows :-

(iv) One Dean elected by the Senate from amongst its members who are Deans.

(vi) One of the Head of University departments, elected by the Senate, from its members who are Heads of the University departments.

(vii) Four principals selected by the Senate from amongst its memebrs who are principals.

The remaining portion of section 19 as at present.

૧. આથી ઠરાવવામાં આવે છે કે લાગતીવળગતી ફેકલ્ટીઓનો અભિપ્રાય જાણ્યા સિવાય આ બાબત ઉપર સિન્ડિકેટ કશો અભિપ્રાય આપી શકે તેમ નથી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે મજકૂર બાબત ઉપર સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા માગતી નથી.

૧૧૪. બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢમાં અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન ચાર્જ તરીકે પ્રો. એ. એસ. પ્રભુદેસાઇની શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી નિમણૂકને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૫. સેંટ ઝેવીયર્સ કોલેજ, અમદાવાદમાં હિંદીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન-ચાર્જ તરીકે પ્રો. વી એન. શુકલની શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી નિમણૂકને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી-વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૬. વિનયન વિભાગ તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિના ચેરમેન તથા તે વિભાગની પરિભાષા ઉપસમિતિના ચેરમેનોની સંયુકત સભા અગાઉ ઠરાવ્યા પ્રમાણે ત્રણ બેઠકોમાં કામ પુરું કરી શકી ન હોવાથી તેની એક વધારાની બેઠક બોલાવવા અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૭. એ. ૧૯૫૭ના વર્ષના પ્રથમ છ મહીના દરમ્યાનની પરીક્ષાઓ અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી નિમણૂકોને બહાલી આપવા બાબત.

બ. પરીક્ષકો કે કાર્યાલયની ભુલથી જાહેર થયેલાં પરિણામો સુધારવા બાબત
શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બાહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૮. શ્રી. વાઇસ-ચાન્સેલરે યુનિવર્સિટી ઓફિસમાં કરેલી નીચેની નિમણૂકોને બહાલ આપવા બાબત.

નામ :	હોદ્દો :	સ્થળ :
૧. સામતુભાઇ અબેસીંગ	પટાવાળા	સમાજ-વિદ્યાભવન
૨. કુલાભાઈ મેલાભાઈ	ભંગી	,,
૩. જયંતીલાલ વેલજી તન્ના	હમાલ	,,
૪. કાનજી ભલાજી	હમાલ	યુનિ. ઓફિસ
૫. આઇ. એલ. વાળંદ	,,	,,
૬. શંકરલાલ રણછોડલાલ જાદવ	પટાવાળા	,,
૭. કે. એમ. જોષી	પટાવાળા	સાયકોલોજી સ્કૂલ
૮. શ્રી. કે. સી. નાયક	ક્લાર્ક ટાઇપીસ્ટ	સમાજ-વિદ્યાભવન

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી ઉપરની નિમણૂકોને બહાલી આપવી.

૧૧૯. ગુજરાતમાં શ્રમશિબિર સમિતિની પુનઃરચના અને કેન્દ્રીય ભારત સેવક સમાજના આદેશ અનુસાર શ્રમશિબિર સમિતિમાં સ્થાનિક યુનિવર્સિટીઓનો સહકાર અનિવાર્ય બન્યો છે તે ધ્યાનમાં લઇ શ્રમશિબિર સમિતિમાં આ યુનિવર્સિટીનું યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહે તે માટે એક વ્યકિતનું નામ મોકલી આપવા અંગે ભારત સેવક સમાજ ગુજરાતના માનદમંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર શ્રમશિબિર સમિતિમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડાયરેકટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતાને નીમવા.

૧૨૦. નીચે જણાવેલ પરીક્ષાના તેની સામે જણાવેલ બેઠક નંબરનાં પરિણામો વેરીફીકેશન કેસનાં જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબતઃ

પરીક્ષાનું નામ :	ઉમેદવારનો બેઠક નંબર :
૧. ઇન્ટરમિડિએટ સાયન્સ એકઝામીનેશન, માર્ચ-૧૯૫૭.	૨૯૯
૨. ઇન્ટરમિડિએટ આર્ટસ એકઝામીનેશન, માર્ચ-૧૯૫૭	૧૫૫૪
૩. ,, ,,	૩૩૩૯

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૧. સિન્ડિકેટ વિભાગના હેડ કલાર્ક શ્રી. એન. જે. પટેલ રાજીનામું આપી યુનિવર્સિટી નોકરીમાંથી છુટા થયેલા હોવાથી તેમના ખાતે જમા થયેલ તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમ તેમને આપવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૨. એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદને તા. ૧૫-૩-૧૯૫૮ સુધી કામચલાઉ પગલાં તરીકે બી. ઇ. સેકન્ડ કલાસે તથા બે વર્ષના અનુભવી લાયકાત ધરાવતા માણસોને લેકચરર તરીકે નીમવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરે પરવાનગી આપી હોવાથી તેને બહાલી આપવા બાબત.

(**નોંધ**:—ચાલુ વર્ષે મુંબઈ રાજ્યની એન્જિનિયરીંગ કોલેજોમાં ડિગ્રી કોર્સ માટે દાખલ કરાતા વિદ્યાર્થીઓની સંખ્યા બેવડાવવામાં આવી હોવાથી તે અંગે તાત્કાલીક બધા સ્ટાફ મેળવવામાં મુશ્કેલી પડતી હોવાથી એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપલ તરફથી ઉપર મુજબની વિનંતી કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૩. શ્રી. કલોલ તાલુકા કેળવણી મંડળના સેક્રેટરી તરફથી કલોલ ખાતે જુન ૧૯૫૮થી શરૂ થનાર આર્ટસ કોલેજની પ્રિ-યુનિવર્સિટીના અભ્યાસક્રમ શીખવવા માટે એફિલિએશનની અરજી.

(**નોંધ:**—અરજી ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ ૧૯૫૮ના જૂનથી અમલમાં આવશે એવી અપેક્ષાથી મજકૂર અરજી આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એસ. વી. દેસાઈ અને પ્રિન્સિ. એસ. આર. ભટ્ટની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી અને એ સમિતિને ઈન્ટરમિડિએટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમ માટેના જોડાણ પરત્વે હેવાલ રજૂ કરવા સૂચવવું.

૧૨૪. લખધીરજી એન્જિનિયરીંગ કોલેજ, મોરબીની એફિલિએશન અરજી ઉપર રિપોર્ટ કરવા માટે નીમાયેલી પ્રિન્સિ. એસ. વી. સી. આઇયાએ તે કામ કરવા પોતાની અશકિત દર્શાવી હોવાથી તેમની જગ્યાએ અન્ય કોઇની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એસ. વી. સી. આઇયાને બદલે મજકૂર સ્થાનિક તપાસસમિતિ પર શ્રી. એસ. એસ. દ્વિવેટિયાની નિમણૂક કરવી.

૧૨૫. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ તરફથી પી. ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સના બી. કોમ. ડીગ્રી માટે તથા પ્રિ-યુનિવર્સિટી કલાસ ચલાવવા માટેની મજકૂર સમાજના સેક્રેટરીઓ તરફથી આવેલી જોડાણ અંગેની અરજીઓ.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડી. આર. સામન્ત અને પી. વી. લોકરસની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૨૬. પ્રકાશ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી પ્રકાશ આર્ટ્સ કોલજને બી. એ. ની ડીગ્રી માટે નીચેના વિષયોના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા માટેની મજકુર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી આવેલી અરજી.

૧. ઇંગ્લીશ
૨. ગુજરાતી
૩. સંસ્કૃત
૪. હિંદી
૫. હિસ્ટરી
૬. ઈકોનોમિકસ
૭. સાયકોલોજી
૮. ફિલોસોફી

૧. ઈંગ્લીશ
૨. ગુજરાતી
૩. હિંદી
૪. ફિલોસોફી
૫. હોમસાયન્સ

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ તથા શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૨૭. સ્ટુડન્ટસ હેલ્થ સેન્ટર યોજવા માટે યુનિ. ગ્રાન્ટસ કમિશન તરફથી આવેલા તા. ૯ ઓગસ્ટ ૧૯૫૭ના પત્રાંક એફ. ૮૪-૯૯-૫૬ એચ. ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:—આ અંગે યુનિ. ગ્રાન્ટસ કમિશન ફક્ત નોન-રિફરીંગ ખર્ચના ૫૦ ટકા અને વધુમાં વધુ એક લાખ રૂપિયા સુધી ગ્રાન્ટ આપવા તૈયાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર યોજના ડો. મોતીભાઇ ડી. પટેલના અભિપ્રાય માટે મોકલી આપવી.

૧૨૮. ૧૯૫૬-૫૭ના વર્ષમાં જેમણે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ ન કઢાવ્યાં હોય તેવા એક્ષસ્ટર્નલ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન રદ કરવા તથા તેવા રેગ્યુલર વિદ્યાર્થીઓના સત્રો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એક્ષસ્ટર્નલ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન રદ કરવાં તથા મજકૂર રેગ્યૂલર વિદ્યાર્થીઓનાં સત્રો રદ કરવાં.

૧૨૯. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં કેન્ટીન ઉઘાડવા માટે કરારની શરતોને મંજૂર કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત તથા તે કોન્ટ્રેક્ટ કોને આપવો તે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં કેન્ટીન ઉઘાડવા માટે કરારની શરતો મંજૂર કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી તથા તે કોન્ટ્રેક્ટ કોને આપવો તે બાબત પરત્વે ભલામણ કરવા માટે નીચેના સભ્યોની સમિતી નીમવી:

૧. ડો. મોતીભાઇ ડી. પટેલ
૨. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ
૪. શ્રી. રજિસ્ટ્રાર

નોંધ:—આવેલી અરજીઓ પૈકી નીચેના ત્રણ સભ્યોને સમિતિ સમક્ષ ઇન્ટરવ્યૂ માટે બોલાવવાનું પણ વિચારવામાં આવ્યું હતું:

નીચેની કોલેજોના કેન્ટીન કોન્ટ્રેક્ટરો

૧. ફાર્મસી કોલેજ, અમદાવાદ
૨. એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ, અમદાવાદ
૩. એલ. ડી. આર્ટસ કોલેજ, અમદાવાદ.

૧૩૦. યુનિવર્સિટી ઓફિસમાં જુનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા શ્રી. અરવિંદ ડી. હવે રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને તેમના પ્રોવિડંટ ફંડફાળાની રકમ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અરવિંદ ડી. દવેને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ પરત કરવી.

૧૩૧. યુનિવર્સિટી ઓફિસમાં સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા શ્રી. જી. એ. શેઠનું રાજીનામું મંજૂર થયું હોવાથી તેમના એકાઉન્ટમાં જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટી કોન્ટ્રીબ્યુશન સહિત તેમને નિયમ મુજબ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. શેઠને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ પરત કરવી.

૧૩૨. યુનિવર્સિટીઓમાં પુઅર સ્ટુડન્ટસ એઇડ ફંડ ચાલુ કરવા અંગે આવેલા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૧-૮-૫૭ના પત્ર નં. એફ. ૩૭-૧૦-૫૭ (એચ) ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:- આ ભંડોળ સ્થાપવા માટેની મુખ્ય શરતોમાં દર વિદ્યાર્થી દીઠ વાર્ષિક એક રૂપિઆનો ફાળો લેવા તેમજ ભંડોળના વહીવટ માટે જે વ્યવસ્થા થાય તેની સાથે વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સાંકળવા એ છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આ માટે વિદ્યાર્થીઓના ફાળા જેટલી પણ રૂા. ૧૦,૦૦૦ થી વધુ નહિ એટલી રકમ વાર્ષિક ગ્રાન્ટ તરીકે આપવા તૈયારી બતાવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૩. તા. ૨૭-૮-૧૯૫૭ના રોજ મળનારી ફાઇનાન્સ કમિટીની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૮-૧૯૫૭ના રોજ મજકૂર કમિટિની સભાના કામકાજની નોંધને મંજૂર કરવી.

(કામકાજની નોંધ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૩૪. તા. ૨૩-૮-૧૯૫૭ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૫. યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટ્સની તારીખ ૯-૮-૧૯૫૭ને રોજ મળેલી સત્તાવીસમી સભાના નીચેના ઠરાવો :

અ. આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર કોલેજીએટ સ્પોર્ટ્સ અંગે બજેટમાં જોગવાઈ કરેલી છે તેની સૌરાષ્ટ્ર વિભાગ, દક્ષિણ વિભાગ અને અમદાવાદ "બ" વિભાગના હરિફોને રેલ્વેભાડાનું તથા જમવા અંગેનો એથ્લેટીકસ હરીફાઈ વખતે જે ખર્ચ કરવો પડે તે ધ્યાનમાં લઈને જૂદા જૂદા વિભાગો વચ્ચે નીચે પ્રમાણેના ધોરણે વહેંચણી કરવી.

	વિભાગનું કૉન્ટ્રીબ્યુશન.	યુનિ. તરફથી વિભાગને આપવાનું કૉન્ટ્રીબ્યૂશન
અમદાવાદ "અ" વિભાગ	રૂા. ૪,૩૫૫	રૂા ૨.૦૦૦
અમદાવાદ "બ" વિભાગ	રૂા. ૨,૮૦૦	રૂા. ૨,૬૦૦
દક્ષિણ વિભાગ	રૂા. ૨,૧૦૦	રૂા. ૨,૩૦૦
સૌરાષ્ટ્ર વિભાગ	રૂા. ૧,૩૦૦	રૂા. ૩,૧૦૦
	રૂા. ૧૦,૫૫૫	રૂા. ૧૦,૦૦૦

ક. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટરગ્રૂપ એથ્લેટીક્સ સ્પોર્ટ્સ માટે મંજૂર કરવામાં આવેલી રૂા. ૪,૦૦૦ ની રકમમાંથી બોર્ડ ઑફ સ્પોર્ટ્સમાં ઠરાવ્યા પ્રમાણેની વિગતો માટે જરૂરી ખર્ચ કરવા માટે સૌરાષ્ટ્ર વિભાગની લોકલ સ્પોર્ટ્સ કમિટિના ચેરમેનને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ નં. ૮

આથી આ બાબતમાં જરૂરી પગલાં લેવાની સત્તા સાથે નીચેના સભ્યોની બનેલી ઉપસમિતિ નીમવામાં આવે છે તથા તે ઉપસમિતિને જો જરૂર જણાય તો બીજા પાંચ વધુ સભ્યો કો–ઓપ્ટ કરવાની સત્તા આપવામાં આવે છે.

૧. પ્રિન્સિ. એચ. એ. ડિસોઝા (ચેરમેન)
૨. પ્રિન્સિ. સી. ડી. દેશપાંડે
૩. શ્રી. છગનભાઈ પી. પટેલ
૪. શ્રી. રતિલાલ કે. પટેલ
૫. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ
૬. પ્રિન્સિ. આર. પી. પટેલ
૭. પ્રિન્સિ. વાય. પી. શુકલ
૮. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ

બ. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ માટે જરૂરી ખર્ચ કરવા માટે ઇન્ટર યુનિવર્સિટી માટેના ફંડમાંથી રૂા. ૨,૦૦૦ ની રકમ જુદી રાખવી.

નોંધ:—ઉપરનો ઠરાવ ઇન્ટર યુનિ. વૉલીબૉલની હરીફાઈ યોજવાના કાર્ય અંગે છે.

ઠરાવ નં. ૯

આથી ઠરાવવામાં આવે છે કે બધા વિભાગોમાં રમતોની હરીફાઇઓ શરૂ થઈ ગઈ હોવાથી આ પ્રશ્નની પુનર્વિચારણા કરવાનું હવે શકય નથી.

(**નોંધ:**—ઠરાવ નં. ૯ પ્રિ. એસ. આર. ભટ્ટના સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ જુદી થઈ હોવાથી યુનિવર્સિટીની કૉલેજોને નવેસરથી ઝોનોમાં વહેંચવા બાબત તથા અમદાવાદ શહેર માટે બહેનોની હરીફાઈ પૂરતો એકજ ઝોન રાખવા અંગેના પત્ર ઉપર વિચાર કરવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બોર્ડના ઠરાવોની ઉપર જણાવેલ નોંધ મંજૂર કરવી.

૧૩૬. ગુજરાત કૉલેજના બોટાનીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. એચ. ડી. નારોન્હાની શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી નિમણૂકને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૩૭. એન્જિનિયરીંગ પરીક્ષાઓ માટે નવો અભ્યાસક્રમ અમલમાં આવતો હોવાથી જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓ લેવા તેમજ લાગતા વળગતા વિષયોમાં એક્ઝમ્પ્શન આપવા અંગેની વિગતો નક્કી કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે નીમેલી સમિતિએ ઘડેલા કામચલાઉ ઑર્ડિનાન્સો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિએ ઘડેલ કામચલાઉ ઑર્ડિનાન્સો ૨૧૭-બી. થી ૨૧૭-એચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી તથા કામચલાઉ ઑર્ડિનન્સ ૨૧૭-બી. થી ૨૧૭-એચ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક એટલે માર્ચ એપ્રિલ ૧૯૫૮ની પરીક્ષા માટે અમલમાં આવેલા ગણવા.

(કામચલાઉ ઑર્ડિનાન્સો પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૩૮. નીચેના પ્રશ્નો ઉપર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

૧. એમ. એ. હિન્દીની પરીક્ષા માટે ટર્મ રાખ્યા વગર બેસતા શિક્ષકોને ક્લાસ અપાતો નથી તો તેઓ આ રીતે એમ. એ. હિન્દીની પરીક્ષા પાસ કર્યા પછી હિંદીના શિક્ષક તરીકે સંકળાયેલી કૉલેજોમાં કામ કરી શકે કે કેમ ?

૨. એમ. એ. માં હિંદી મુખ્ય ભાષાના હવે આઠ પેપરોનો અભ્યાસક્રમ રહ્યો ન હોવાથી સત્ર રાખ્યા વગર એમ. એ. હિન્દીની પરીક્ષામાં બેસનાર યુનિ.ના શિક્ષકોએ હિંદીના ૭ પેપરોમાં બેસી ગૌણ ભાષાના બે પેપરોમાં તેમને એક્ઝમ્પ્શન આપવું કે તેમની ૧૯૫૬માં લેવાયેલ એમ. એ. હિંદીની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭ અને ૮માં નિયત કરેલા પુસ્તકો પ્રમાણે પરીક્ષા લેવી તે નક્કી કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

૨૩. વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૩૦ ડિસેમ્બર ૧૯૫૭ તથા ૧ જાન્યુઆરી ૧૯૫૮ ના રોજ મળનારી ઇન્ડિયન હીસ્ટરી કૉન્ગ્રેસના ૧૨ મા અધિવેશન માટે એક પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર કૉન્ગ્રેસના મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટરી કૉન્ગ્રેસના આગામી અધિવેશનમાં શ્રી. ડી. એન. પાઠકને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૨૪. ઑલ ઇન્ડિયા સર્વિસીસની પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે મુંબઇ સરકારના શિક્ષણ ખાતાના સેક્રેટરી તરફથી તા ૧૩ મી ઓગસ્ટ ૧૯૫૭ ના પત્રથી ૧૯૫૫-૫૬ ના વર્ષ માટે રૂા. ૯૬૮ ની ગ્રાન્ટ મંજૂર કર્યા બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ બાબતની નોંધ લેવી.

૨૫. યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા માટે રૂા. ૧૯૦૦-૩૧ નું બીલ આવ્યું છે તો તે બાબતમાં કાનૂની સુધારો કરવા બાબત વિચારણા કરવા બાબત.
(**નોંધ**:-મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓને પૂછાવતાં નીચે મુજબ જવાબો આવ્યા છે:

યુનિ. નામ	ગેઝેટમાં પ્રસિદ્ધ
૧. મુંબઇ યુનિવર્સિટી	ફરજિયાત નથી.

૨. પૂના યુનિવર્સિટી — ફરજિયાત છે. સેકશન ૫૧ (૨) હેન્ડબુક ભાગ–૨–૧૯૫૦.

૩. વડોદરા યુનિવર્સિટી — ફરજિયાત નથી. સેકશન ૫૩ (૧) હેન્ડબુક ભાગ–૨–૧૯૫૬.

૪. નાગપુર યુનિવર્સિટી — ફરજિયાત છે. સેકશન ૩૬ (૨) હેન્ડબુક ભાગ ૧૯૫૧–૫૪ વોલ્યૂમ. ૧)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાનું ફરજિયાત ન રહે તેવો કાનૂની સુધારો કરવાનું સરકારને સૂચવવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૬. ઍા. ૬૭૪–એ. મુજબ સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીની એકસ્ટર્નલ પરીક્ષાઓમાં બેસવા દેવામાં આવતા નથી તો તે અંગેના ઍાર્ડિનન્સીઝ તથા રેગ્યુલેશન્સ સુધારીને મજકૂર વિદ્યાપીઠના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીની એકસ્ટર્નલ પરીક્ષાઓમાં બેસવા દેવા માટે પરવાનગી આપવા બાબતના મજકૂર વિદ્યાપીઠના એકટીંગ રજિસ્ટ્રાર તરફથી તા. ૨૪–૮–૫૭ ના પત્રાંક ૬–૩૫૨૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે આ યુનિવર્સિટીની આર્ટ્સ પરીક્ષાઓમાં બેસવા માટે પરવાનગી આપવી નહિ.

૨૭. એમ.ટી.બી. કૉલેજ, સૂરતના અનુસ્નાતક કેન્દ્ર તરફથી આવેલ આવક જાવકના હિસાબનું સ્ટેટમેન્ટ તપાસતાં નીચે મુજબનો વધારાનો ખર્ચ કરેલ છે તે મંજૂર કરવા બાબત.

સંસ્કૃત કેન્દ્રમાં ફી શિપ રૂા. ૪૫ આપી શકાય તેને બદલે રૂા. ૧૫૦ આપી છે જે નિયમ કરતાં રૂા. ૧૦૫ વધારે છે જેના કારણમાં બધા સેન્ટરો ભેગા કરીને જે રકમ આપી તેના ૧૦ ટકા આપેલ છે એમ પ્રિન્સિપલ જણાવે છે.

૨. ઑફિસ ખર્ચ પેટે રૂા. ૨૮૩ ખર્ચ કરી શકાય જેને બદલે રૂા. ૩૧૪ ખર્ચ કરેલ છે જે નિયમ કરતાં રૂા. ૩૧ વધારે છે અને સ્ટેશનરી, પોસ્ટેજ વિ. માટે રૂા ૬૧.૫૦ નયા પૈસા કરી શકાય તેને બદલે રૂા. ૧૦૭ ખર્ચ કરેલ છે જે નિયમ કરતાં રૂા. ૧૫.૫૦ નયા પૈસા વધારે છે જેના કારણમાં જણાવાયું છે કે પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓની સંખ્યા ઉમેરીને આ ખર્ચ કરવામાં આવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ટી.બી. કૉલેજ, સૂરતના સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રે ફીશીપ માટે કરેલા રૂા. ૧૦૫ ના વધારાના ખર્ચને મંજૂર કરવું તથા પ્રત્યેક કેન્દ્રને પરિપત્ર પાઠવીને જણાવવું કે ફરનીચર, ચોપડીઓ, વહીવટી ખર્ચ, ફીશીપ તથા અન્ય

બાબતો અંગેના ખર્ચમાં નિયમ બહારના ખર્ચને મંજૂર કરવામાં આવશે નહિ અને તે અંગેની તમામ જવાબદારી જે તે કૉલેજ અગર સંસ્થાની રહેશે.

૨૮. જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં અધ્યાપન કાર્ય કરતા અધ્યાપકોના પગારનું ધોરણ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સૂચવેલા પગાર ધોરણ એટલે કે રૂા. ૨૦૦ થી ૫૦૦ રાખવા અને તે અંગે થતા ખર્ચના હિસાબ પત્રકો મોકલવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:-પત્રમાં તા. ૧-૪-૫૭ સુધી પગાર ધોરણનો અમલ કરવો તેમ જણાવાયું છે અને તેના વધારાના ખરચના ૫૦ ટકા કમિશન એ શરતે આપે છે કે બાકીના ૫૦ ટકા રાજ્ય સરકાર-સંસ્થા આપે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે જોડાયેલી કૉલેજોના અભિપ્રાય સાથે ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૨૯. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની વધારાની રૂા. ૧૦૧ ની ઓટ બાબતના કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:-સિન્ડિકેટે તેની તા. ૬/૭-૪-૫૭ની બેઠકમાં બાબત નં. ૮૧ થી સદરહુ કેન્દ્રને રૂા. ૨૬૭-૨૫ નયા પૈસાની બાંધ ભરપાઇ કરી આપી છે અને ખર્ચ મંજૂર કર્યા છે. ત્યારબાદ ઉપરનો ખર્ચ સમજફેરથી બતાવવો રહી ગયો હોવાથી તે ઓટ પણ ભરપાઈ કરવા માટે મજકૂર કૉલેજ તરફથી વિનંતી આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રની ૧૯૫૬-૫૭ના વર્ષની રૂા. ૧૦૧ની વધારાની ઓટ મંજૂર કરવી.

૩૦. ડાયરેક્ટર અને પ્રોફેસર ઑફ સાયકૉલૉજીની જગા માટે જાહેર બાંધર આપતાં અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન માટે યોગ્ય લાયકાત, ધરાવનાર વ્યક્તિઓની અરજીઓ સંતોષકારક સંખ્યામાં આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારતની બીજી યુનિવર્સિટીઓમાં તપાસ કરીને યોગ્ય લાયકાત ધરાવનાર સાયકૉલૉજીના પ્રોફેસરની સેવાઓ ઉછીની મેળવવા પ્રયત્ન કરવો અને તેમાં સફળતા ન મળે તો હાલ પૂરતું પ્રોફેસરને બદલે રીડરની નિમણૂક કરવાનું વિચારવું.

૩૧. પ્રો. મૈતીની જગ્યાએ પ્રોફેસર ઑફ સાયકૉલૉજીની જગા માટેની વરણિ સમિતિ ઉપર બીજા કોઇ સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ**:-પ્રો. મૈતી હવે સેનેટના સભ્ય થયા હોવાથી એ. ૬૬ (૨) (બી.) હેઠળ બીજા સભ્યની નિમણૂક કરવી જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિ પર પ્રો. મૈતીની જગાએ બીજા સભ્યની નિમણૂક કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. ઍા. ૪૭ (૫) મુજબ બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝ ઉપર શ્રી. બિહારીલાલ પી. શાહની જગ્યાએ મ્યૂનિસિપલ સ્કૂલ બૉર્ડનો સેનેટ ઉપર આવેલા બે સભ્યો પૈકી એક સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ**:–સેનેટ ઉપર મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડના નીચે મુજબ બે સભ્યો ચૂંટાઈ આવ્યા છે:

૧. શ્રી. સી. સી. દેસાઇ, મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડ, ગોધરા.

૨. શ્રી. એ. બી. પંડયા, નાગર ફળિયા, સુરત.)

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝ પર શ્રી. સી. સી. દેસાઇની નિમણૂક કરવી.

૩૩. ઇન્ટર આર્ટ્સના એકસ્ટર્નલ વિદ્યાર્થી શ્રી. એસ. એચ. કાપડીયાને બી.એ. ૧૯૫૮ની એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવાની અરજી ઉપર વિચારણા કરવા બાબત અને ઍા. ૧૬૪–એન. સુધારવા બાબત.

(**નોંધ**:–શ્રી. કાપડીયાને સને ૧૯૫૫ની ઈન્ટર આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષામાં એ. ટી. કે. ટી. આપેલ છે અને તેણે ૧૯૫૬ માં તે પરીક્ષા પાસ કરેલ છે. તો તે ૧૯૫૮ની બી.એ.ની પરીક્ષામાં બેસી શકે કે કેમ તે પ્રશ્ન છે:

O. 174–N:–No candidate shall be admitted to this Examination unless he has (a) passed the Intermedediate Examination in Arts, (b) registered as an external student before the 1st September of the previous calender year and (c) unless an interval of three academic years has been allowed between his passing the Intermediate Examination in Arts and his appearance at the B.A. (External) Examination.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. કાપડીયાની વિનંતી માન્ય કરવી નહિ

૩૪. પી. એચ. ડી. રિસર્ચ સ્કોલરશિપ ચાલુ રાખવા અંગે ગુજરાત કૉલેજના વિદ્યાર્થી શ્રી. મહેશ એચ. ચોકસીની તેમના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**:–શ્રી. મહેશ એચ. ચોકસીને માસિક રૂા. ૧૦૦ ની સ્કોલરશિપ ગયે વર્ષે આપવામાં આવી હતી તે ચાલુ વર્ષે ચાલુ રાખવા માટે અરજ કરે છે. તેઓની તબીયત સારી નહિ હોવાથી તેઓ સમયસર અરજી કરી શકયા નથી તેમ જણાવે છે. હજુ ત્રણ સ્કોલરશિપો આપવાની બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેશ એચ. ચોકસી કેટલો વખત માંદા હતા તથા તેમણે સંશોધનના ક્ષેત્રમાં શું કામ કર્યું છે તેની માહિતી સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

૩૫ ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) પરીક્ષા માટે નિમાયેલી સમિતિના હેવાલમાં પ્રિ-યુનિવર્સિટી એકસ્ટર્નલ પરીક્ષા ફી અંગે કશો ઉલ્લેખ નથી તો તે નક્કી કરવા બાબત. તથા તે મુજબ ઓ. ૧૭૪-ડી. માં સુધારો કરવા બાબત.

(નોંધઃ– આ પરીક્ષાની ફી જૂના ફર્સ્ટ ઇયર એકસ્ટર્નલની માફક રૂા. ૩૦ રાખવા કાર્યાલયનું સૂચન છે)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષા માટે પરીક્ષા ફી રૂા. ૩૦ નિયત કરવી.

૩૬. સેનેટ સભ્ય શ્રી. સી સી. શાહ તરફથી આવેલા નીચેના પ્રશ્નો ઉપર વિચારણા કરવા બાબત.

૧. માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમજ પાઠય-પુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઇએ તેટલી પ્રગતિ થઇ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિશે પોતાની ઊંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પુસ્તકો તૈયાર કરાવવા સારૂ તેમજ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં ક્રમશઃ પણ અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના ને સમયપત્રક ઘડી કાઢવા સારૂ અને વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠયપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિશે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારૂ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે મે ૧૯૫૮ ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહ-પૂર્વક વિનંતી કરે છે.

૨. પ્રથમ સ્નાતક પદવી માટે ત્રણ વર્ષના અભ્યાસક્રમની યોજના અપનાવ્યા પછી નક્કી કરેલી મુદતથી એનો અમલ થઇ શકે એ પ્રમાણે આવશ્યક પૂર્વ તૈયારી કરવામાં ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો નિષ્ફળ નીવડયા એ માટે સેનેટની આ સભા પોતાનો અસંતોષ વ્યક્ત કરે છે ને હવે સઘળી તૈયારી કરવાને પૂરતો અવકાશ રહે એ રીતે એ યોજનાને અમલમાં મૂકવા માટેની તારીખ મુકરર કરવા અને તે માટે ઘટતો પ્રબંધ કરવાને જરૂરી ચક્રો વેળાસર ગતિમાન કરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે.
આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બન્ને બાબતોની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. ઍા. ૧૮૩ (એ) ની ફુટ નોટમાં ટી.ડી. ની પાર્ટ–૨ ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીને "એપ્રૂવ્ડ સ્કૂલ" શિક્ષણનો અનુભવ લેવાનું જરૂરી ગણ્યું છે તેમાં પ્રાથમરી સ્કૂલના ધોરણ ૫ થી ૭ નો પણ સમાવેશ કરી તે ઑર્ડિનન્સની ફુટ નોટમાં નીચે મુજબ સુધારો કરવા બાબત.

Explanation :– Teaching done in standards V to VII in the Primary Schools shall be considered qualifying teaching for the purposes of this ordinance.

આથી ઠરાવવામાં આવે છે કે ફૂટ નોટમાં ઉપર મુજબ સૂચવવામાં આવેલો સુધારો મંજૂર કરવો તથા સુધારેલા ઑ. ૧૮૩ (એ) ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

સુધારેલો ઑ. ૧૮૩ (એ.) નીચે મુજબ વંચાશે :

O. 183. No candidate shall be admitted to the examination for the Diploma in Teaching unless he has passed:–

(a) the Entrance Examination of this University or an examination recognised as equivalent thereto and subsequently has obtained teaching experience for a period of not less than three years in School * recognised by this University;

OR

(b) the First Year Examination in Arts, Science or Commerce of this University or the Intermediate Examination in Arts, Science or Commerce of any other University or examining body recognised by this University.

૩૮. ગુજરાત યુનિવર્સિટીની એફિલિએટ કૉલેજોમાં કામ કરતાં પાંચ એન.સી.સી. યુનિટમાંના ૧૯૫૬–૫૭ ના વર્ષ દરમ્યાન ઑડ ઠરેલ દરેક યુનિટ દીઠ એક કેડેટને રૂા. ૨૫ ની આસપાસની કિંમતનો એક કપ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:– ગઇ સાલ આ પ્રમાણે કપ એનાયત કરવામાં આવ્યા હતા. ચાલુ સાલે આ પ્રમાણે કરીએ તો રૂા. ૧૨૫ જેટલો ખર્ચ થાય એમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.સી. ના પાંચે પાંચ યુનિટોને દરેકને રૂા. ૨૫ ની આસપાસની કિંમતનો એક કપ એનાયત કરવો તથા તે માટે રૂા. ૧૨૫ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

---

* All schools teaching the first three A. V. standards (or the corresponding standards of the English teaching and European school) and recognised by the Educational Department, Bombay, the primary training Institutions recognised by the Educational Department of the Government of Bombay or the Indian State concerned and the Primary Training Institutions recognised by the Educational Department of the Government of Bombay and the Practising School attached to the Secondary Teachers Training College, Baroda are approved by the Syndicate for the purpose of Ordinance 183.

Explanation :– Teaching done in standards V to VII in the Primary Schools shall be considered qualifying teaching for the purposes of this ordinance.

૩૯. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી સેન્ટ્રલ વર્કશોપ ઉભી કરવા માટે રૂા. ૨૦,૦૦૦ ની ગ્રાન્ટ અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૧-૫૬ ની સભામાં એ ગ્રાન્ટનો ઉપયોગ એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગની સેન્ટ્રલ વર્કશોપના વિસ્તરણ માટે કરવા તથા આ અંગેની યોજના કૉલેજના પ્રિન્સિપલ પાસેથી મંગાવી રાજ્ય સરકાર તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને મોકલવા ઠરાવેલું. પરંતુ આ અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો એવો જવાબ છે કે યોજના બનાવવા અંગેના સરકારી હુકમ મેળવવા બાબત રાજ્ય સરકારનો સંપર્ક સાધવો તો આ અંગે યુનિવર્સિટી પોતે જ એક યોજના તૈયાર કરી પોતાની એક વર્કશોપ ઉભી કરે તેવા કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :-રાજ્ય સરકાર તરફથી પણ આ અંગે રૂા. ૧૦,૦૦૦ ની ગ્રાન્ટની રકમ મળી છે અને આ રકમનો જલ્દીથી ઉપયોગ કરીને રિપોર્ટ કરવા માટે યુનિ ગ્રાન્ટસ કમિશન તરફથી જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન માન્ય કરવું તથા તે યુનિવર્સિટીની પોતાની સેન્ટ્રલ વર્કશોપ ઉભી કરવા માટે ટેકનોલૉજી ઇન્ક્લ્યૂડિંગ ઍન્જિનિયરીંગ ફૅકલ્ટીના ડીનને યોજના ઘડવા વિનંતી કરવી.

૪૦. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ફર્સ્ટ ઇયર સાયન્સના નવ વિદ્યાર્થીઓ આર્ટ્સમાં દાખલ થવા ઇચ્છતા હોવાથી તેમને આર્ટ્સમાં દાખલ કરવા માટે વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પ્રિન્સિપલની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :-બહાઉદ્દીન કૉલેજને ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ૧૬૫ વિદ્યાર્થીઓ દાખલ કરવાની છૂટ આપવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને ફર્સ્ટ ઇયર (પ્રિ-યુનિવર્સિટી) આર્ટ્સના વર્ગમાં ૧૬૫ થી વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવી નહિ અને તે કૉલેજને જણાવવું કે મજકૂર વિદ્યાર્થીઓને આર્ટ્સમાં દાખલ થવું હોય તો બીજી જે કૉલેજમાં જગા હોય તે કૉલેજમાં દાખલ થવા કહેવું.

૪૧. નીચેની કૉલેજોના અનુસ્નાતક કેન્દ્રોના બજેટ મંજૂર કરવા બાબત.

કૉલેજનું નામ:	આવક:	ખર્ચ:	વધ-ઘટ.
૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ	રૂ. ૮૯૩૧-૫૦	૭૬૧૦ પ્લસ	૧૩૨૧-૫૦

(નોંધ :-ખર્ચ બાબતમાં મુખ્ય રકમ રૂ. ૪૦૦૦ લાયબ્રેરી માટે દર્શાવ્યા છે.)

૨. એ. જી. ટીચર્સ કૉલેજ	રૂ. ૫૨૦૨-૦૦	૪૯૮૫ પ્લસ	૨૧૭-૦૦

(નોંધ:ખર્ચ બાબતમાં મુખ્ય લાયબ્રેરી અને ટેસ્ટ મટીરીયલ્સ માટે રૂ. ૧૫૦૦ તથા કૅલ્કયુલેટીંગ મશીન માટે રૂ. ૧૫૦૦ છે.)

૩. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, રૂ. ૧૫૪૫૦-૦૦ ૧૦૫૨૦-૦૦ ૪૯૩૦

(**નોંધ**:-ખર્ચ બાબતમાં મુખ્ય રકમ રૂ. ૫૫૦૦ લાયબ્રેરી પુસ્તકો તથા ફરનીચર માટે છે. ગયે વર્ષે આ અંગે રૂ. ૨૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલાં અનુસ્નાતક કેન્દ્રનાં અંદાજપત્રો મંજુર કરવાં.

૪૨. સિંધીના વિષયમાં યુનિવર્સિટીએ ઠરાવેલી લાયકાત મુજબ શિક્ષકો મળતા ન હોવાથી મુંબઈ યુનિવર્સિટીની માફક યુનિવર્સિટીએ ઠરાવેલી લાયકાત ધરાવતા ન હોય તેવા શિક્ષકોની નિમણુક ખાસ કેસ તરીકે માન્ય કરવા બાબત.

(**નોંધ**:-સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદમાં નીચેની લાયકાત ધરાવતા એક સિંધીના શિક્ષકની નિમણૂકની મંજૂરી માંગવામાં આવતાં ઉપરનો પ્રશ્ન ઉભો થયો છે.

૧. બી. એ. સિંધીમાં પ્રથમ સબ્સિડિયરી વિષય તરીકે

૨. હાઇસ્કૂલમાં સિંધી તથા પર્શિયન શીખવવાનો ૨૧ વર્ષનો અનુભવ

૩. સિંધીના ફર્સ્ટ ઇયર અને ઈન્ટરના વિદ્યાર્થીઓને કોચ કરવાનો પાંચ વર્ષનો અનુભવ.

૪. સિંધી તથા ઉર્દુમાં એસ.એસ.સી. તથા ફર્સ્ટ ઇયરની કક્ષાના સાત પુસ્તકો તથા ૧૪ એનોટેડ ટેક્ષ બુકસ.

આ અંગે મુંબઇ યુનિવર્સિટીને પૂછાવતાં ત્યાં પણ સિંધી પ્રિન્સિપલ સબ્જેકટ લાયકાત-વાળા શિક્ષક મળતા ન હોવાથી સિંધી સાહિત્યમાં જેમણે ફાળો આપ્યો હોય તેવી વ્યક્તિઓની નિમણુક સિન્ડિકેટ વિચારણા કરી મંજૂર રાખે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી લાયકાત ધરાવનાર શિક્ષકને સિંધીના લેકચરર તરીકે, ખાસ કેસ તરીકે, માન્ય કરવા.

૪૩. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન તથા માનસશાસ્ત્રના મકાનના બાંધકામ માટે સિમેન્ટ ઉપર ટને રૂા. ૧૫ હિન્દ સરકારે એકસાઇઝ ડયુટી નાખી હોવાથી તે અંગેની વધારાની રકમ કોન્ટ્રેકટરને આપવાનું સિન્ડિકેટે આપેલી સત્તાની રૂએ શ્રી. વાઇસ-ચાન્સેલરે મંજૂર કર્યા બાબત. (જાણ માટે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૪૪. ઑ. ૧૭૬-એ હેઠળ ચાલુ સાલે એમ.એન. કૉલેજ, વિસનગરમાં દાખલ થયેલા પરંતુ પાછળથી નોકરી મળવાથી છૂટાં થયેલા એક વિદ્યાર્થિની કુ. શ્રીમતી શારદાબેન પટેલને એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ફર્સ્ટ ઇયરની પરીક્ષા માટે રજિસ્ટર થવાની સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૫. ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ સાથે આપણી યુનિવર્સિટીને જોડવા અને આપણી યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ તરીકે ચાલુ વર્ષે ૧. શ્રી. વી. પી. મહેતા, ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ૨. પ્રિન્સિ. હર્બર્ટ એ. ડિસોઝા, ચેરમેન, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સને નીમવા માટેના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૬. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સાથે જણાવેલ ડીગ્રી માટેના મહાનિબંધો રેફરીઝે સ્વીકાર્યા હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

	નામ	ડીગ્રી
૧.	શ્રી. હસમુખ સી. મહેતા	એમ.એસસી. કેમિસ્ટ્રી
૨.	શ્રી. ઇ. એચ. ચીનીવાલા	,, ,,
૩.	શ્રી. ડી. એચ. સુતરીયા	પીએચ.ડી. પોલિટિકસ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૭. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૨–૫૬ ની સભામાં ઠરાવ્યા મુજબ ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટની મિલ્કત ટ્રાન્સફર: અંગેના દસ્તાવેજ ઉપર યુનિવર્સિટી તરફથી મે. વાઇસ-ચાન્સેલર સાહેબે સહી કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૪૮. યૂથ હોસ્ટેલ્સ એસોશિએશન ઑફ ઇન્ડિયા તરફથી નાગપુર ખાતે તા. ૧૯ મી તથા ૨૦ મી ઑકટોબરના રોજ મળનારી બીજી નેશનલ યૂથ હોસ્ટેલ્સ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ માટે વિનંતી કરતા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એસોશિએશનના નાગપુર ખાતે તા. ૧૯–૨૦ થી ઑકટોબરના રોજ મળનાર અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રિ. ડૉ. કે. જી. નાયકને તથા પ્રિ. એસ. વી. દેસાઇને મોકલવા.

૪૯. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા અંગે પ્રો. ઉમાશંકર જોશીના સિન્ડિકેટે સ્વીકારેલાં સૂચનો અનુસાર વ્યાખ્યાતાની પસંદગી કરવા માટે સમિતિના ત્રીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ:- સમિતિના બીજા બે સભ્યો નીચે મુજબ છે:

૧. અધ્યક્ષ, ગુજરાતી ભાષા સાહિત્ય-ભવન
૨. પ્રમુખ, બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ગુજરાતી.

કોઇપણ એક ગુજરાતી વિદ્વાન જે સાહિત્ય અને ઇતિહાસ બંનેમાં રસ ધરાવતા હોય એવા ત્રીજા સભ્યની નિમણૂક અંગે વિચારણા કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિના ત્રીજા સભ્ય તરીકે પ્રો. રસિકલાલ છોટાલાલ પરીખની નિમણૂક કરવી.

૫૦. હિંદી ભાષાની બીજી પ્રાદેશિક ભાષાઓની શૉર્ટહેન્ડ પદ્ધતિ વિકસાવવા માટે તથા ગુજરાતી ભાષાની મોર્ફો-ફોનેમિક પૃથક્કરણ અંગેની રિસર્ચ યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય-ભવન તરફથી ભારત સરકારની શિક્ષણ ખાતા તરફથી હાથ પર લેવાઇ છે તે અંગે ભારત સરકાર તરફથી મળેલી રૂા. ૩૦૦૦ની નોન-રીકરીંગ તથા રૂા ૧૦૩૦૦ની રીકરીંગ ગ્રાન્ટ મંજૂર કરતો ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી આવેલો પત્ર (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૫૧. એમ.ટી.બી. કૉલેજ, સુરતના સંસ્કૃત કેન્દ્ર માટે રૂા. ૨૦૦ના પુસ્તકો ખરીદવાની પરવાનગી માંગતો તા. ૧૬-૯-૫૭નો પત્ર તથા તે કેન્દ્રનું નીચેનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આવક	ખર્ચ	ખોટ
રૂા. ૬૦૦	રૂા. ૧૦૪૮	રૂા. ૪૪૮

(નોંધ:- ઉપરના અંદાજપત્રમાં રૂા. ૨૦૦ની પુસ્તક ખરીદીનો સમાવેશ ખર્ચમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. કૉલેજના ગયા વર્ષના અનુસ્નાતક વર્ષના હિસાબ રૂા. ૩૦૬૫-૧૧-૦ની પુરાંત છે માટે ઉપરનો પુસ્તકો અંગેનો ખર્ચ મંજૂર કરવા પ્રિન્સિપલે ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ટી.બી કૉલેજ, સુરતના સંસ્કૃતના કેન્દ્રનું અંદાજપત્ર મંજૂર કરવું તથા રૂા. ૨૦૦ના પુસ્તકોનું ખર્ચ ગયા વર્ષની પુરાંતમાંથી કાઢવામાં આવે તે શરતે રૂા. ૨૦૦ના પુસ્તકો ખરીદવા માટે પરવાનગી આપવી.

(નોંધ:- શ્રી. ચૌહાણની કામગીરી અંગેની બાનગી હેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

૫૨. યુનિવર્સિટી ઑફિસમાં કામ કરતા જુનિ. ક્લાર્ક શ્રી. જે. જે. ચૌહાણનો એક વર્ષનો પ્રોબેશન સમય તા. ૧૬-૯-૫૭ના રોજ પુરો થતો હોવાથી તેમને તે જગા ઉપર કાયમ કરવા બાબત.

(નોંધ:– શ્રી. ચૌહાણની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જે. ચૌહાણને જુનિયર કલાર્ક તરીકે તા. ૧૭-૬-૫૭ થી કાયમ કરવા.

૫૩. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની કલકત્તા ખાતે તા. ૨૧ મી જાન્યુઆરીના રોજ મળેલી ૩૨ મી વાર્ષિક સભાના નીચે મુજબના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

Proposal of Ministry of Education.

(III) (6) (a) That the Botany Department of the Universities and affiliated institutions may be requested to send two copies of reprints of each of the publications on Botany including all older publications, specially those dealing with the flora (Phanerogams and Cryptogam) of the country by the members of the staff and research students to the Chief Botanist, Botanical Survey of India The information about completed manuscripts not yet published may also be furnished.

Resolution of Inter University Board of India.

Resolved that the Ministry be informed that the Universities will be requested on reciprocal basis to send their reprints if the Ministry would send their publications to the Departments concerned.

(V) (3) (a) RESOLVED that it be a recommendation to the Universities concerned that as far as possible all foreign nationals be admitte to such colleges as have facilities, in one or other of their Hostels to cater to the diet etc. to which such students may be accustomed.

(V) (3) (c) RESOLVED also that in regard to foreign students, the Universities be requested to constitute special committees and also to appoint an adviser from the teaching staff who will be responsible to look to the needs of such foreign scholars. So far as societies are concerned, it is under-stood that all Universities have a sufficient number of Societies Clubs etc. where foreign students can participate.

(V) (3) (d) RESOLVED Also that in view of the fact that a large number of foreign students are being admitted to the Universities, more Hostel facilities be provided by the Universities, and funds for the purpose be made available to the Universities by the Government.

આથી ઠરાવવામાં આવે છે કે–

ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડનો ઠરાવ નં. (III) (6) લાગતીવળગતી અભ્યાસ-સમિતિઓને અભિપ્રાય માટે મોકલી આપવોઃ

ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના ઠરાવ નં. (V) (3) (a) ની નોંધ લેવી.

ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના ઠરાવ નં. (V) (3) (c) અને (V) (3) (d) સંબંધમાં જણાવવું કે આ યુનિવર્સિટીમાં પરદેશી વિદ્યાર્થીઓ ભણતા નથી તેથી મજકૂર બાબતમાં આ યુનિવર્સિટીને કશું કરવાપણું રહેતું નથી.

૫૪. તા. ૩ જી સપ્ટેમ્બર ૧૯૫૭ના રોજ મળેલી પરીક્ષામાં ગેરવ્યાજબી ઠરાવો લીધા હોય તેવા વિદ્યાર્થીઓના કેસોનો નિકાલ અંગેની તથા ઑફિસ અથવા પરીક્ષકોની ભૂલો અંગેના રિપોર્ટોનો નિકાલ કરવા અંગેની સમિતિની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. યુનિવર્સિટીની ઘણી પરીક્ષાઓ ઓક્ટોબર વેકેશન શરૂ થાય તે પહેલાં શરૂ થતી હોવાથી જે કૉલેજોમાં પરીક્ષાનાં કેન્દ્રો હશે તેમને તેમની કૉલેજોની ટર્મિનલ પરીક્ષાઓ ઘણી વહેલી લઈ લેવી પડશે અને આમ કરવાથી ચાલુ ટર્મના કામના દિવસો કપાઈ જશે એ ધ્યાનમાં લઈ ઓક્ટોબર પરીક્ષાઓની તારીખો ફેરવવા અંગે એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલા તા. ૯ મી સપ્ટેમ્બરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– નીચેની પરીક્ષાઓ ઑક્ટોબર વેકેશન શરૂ થાય તે તા. ૮–૧૦–૫૭ થી પહેલાં શરૂ થનાર છેઃ

પરીક્ષાઃ

૧. બી.એસસી. (સર્વિસ ડીયરી)
૨. બી.કૉમ.
૩. લૉ પ્રિલિમિનરી
૪. ફર્સ્ટ એલએલ.બી.
૫. સેકન્ડ એલએલ.બી. (ન્યૂ)

આથી ઠરાવવામાં આવે છે કે ઓક્ટોબર ૧૯૫૮ અને તે પછીની પરીક્ષાઓ માટે મજકૂર બાબત અંગે શું થઈ શકે તેમ છે તેની ઘટતી તપાસ કરીને આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૫૬. ડૉ. ટી. એસ. ચીમાની તેમનું એમ.ડી. બ્રાન્ચ–૩ ડીગ્રી માટેનું ડીઝર્ટેશન પ્રસિદ્ધ કરવા દેવાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–આ ડિઝર્ટેશન પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવા માટે મજકૂર વિદ્યાર્થીના ગાઇડ ડૉ. એસ. બી. અંકલેસરીઆએ ભલામણ કરી છે જ્યારે આ બાબત અંગે મેડિકલ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય નીચે મુજબ છે:

This should be placed before Syndicate. Thesis is a part of the Examination. University may publish it.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એસ. ચીમાને તેમનું એમ. ડી. બ્રાન્ચ ૩ માટેનું ડિઝર્ટેશન પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી આપવી નહી, પણ એ ડિઝર્ટેશનનો મહત્વનો સાર યુનિવર્સિટી જર્નલમાં પ્રસિદ્ધ કરવાની તેમની ઇચ્છા હોય તો તે તૈયાર કરીને જર્નલના તંત્રી-મંડળની વિચારણા માટે મોકલી આપવા શ્રી. ચીમાને જણાવવું.

૫૭. નૂતન કેળવણી મંડળ, વરસાડ તરફથી ચાલતી સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ માટે ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સ માટેનું જોડાણ ચાલુ રાખવા માટે તથા બી.એસસી. અને બી.એ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની મજકૂર મંડળના સેક્રેટરી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ તથા પ્રોફેસર સી. એમ. દેસાઇની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી.

૫૮. સમાજ વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીક્સ શ્રી. આર. સી. પરીખનો બે વર્ષનો પ્રોબેશન સમય તા. ૩૧–૯–૧૯૫૭ ના રોજ પૂરો થતો હોવાથી તેમને તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આર. સી. પરીખને તેમની જગાએ તા. ૧–૮–૧૯૫૭ થી કાયમ કરવા.

૫૯. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં ૧૯૫૬–૫૭ ના વર્ષમાં રૂા. ૫૩૯૫-૪૫ નો વધારો છે. આ વધારાની રકમ નીચે મુજબ વાપરવા દેવા માટે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત

૧.	રૂા. ૫૪૦–૫૦	રિઝર્વ ફંડ	મેથેમેટીક્સ એ અને બી, ફિલોસોફી એ અને બી તથા હિસ્ટરી એ અને બી કેન્દ્રો માટે
૨.	રૂા. ૯૭૫–૦૦	ગેાદરંજનાં ત્રણ કબાટો	
૩.	રૂા. ૩૩૮૦–૦૦	પુસ્તકો માટે	૧. હિસ્ટરી – ૧૪૫૪–૦૦ ૨. મેથેમેટીક્સ – ૧૧૯૮–૦૦ ૩. ફિલોસૉફી – ૭૨૮–૦૦
૪.	રૂા. ૫૦૦–૦૦		હિસ્ટરી એ અને બી. ના વિષયોના નામાંકિત વિદ્વાનોનાં વ્યાખ્યાનોની હારમાળા યોજવા માટે

(નોંધ:–ગોદરેજના કબાટ ખરીદવા માટે અગાઉ એલ. ડી. આર્ટ્સ કૉલેજ મારફત આવેલી માંગણી નામંજૂર કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદના અનુસ્નાતક કેન્દ્રોમાં પુસ્તકો ખરીદ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવો:

હિસ્ટરી	રૂા. ૧૪૫૪–૦૦.
મેથેમેટીકસ	રૂા. ૧૧૬૮–૦૦
ફિલોસૉફી	રૂા. ૭૨૮–૦૦

તથા હિસ્ટરી "એ" અને "બી" ના વિષયોના નામાંકિત વિદ્વાનોના વ્યાખ્યાનોની હારમાળા યોજવા માટે રૂા. ૫૦૦–૦૦ સુધીનો ઈતિહાસના અનુસ્નાતક કેન્દ્રનો ખર્ચ મંજૂર કરવો પણ ગોદરેજનાં કબાટો ખરીદવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૬૦. લેબર વેલ્ફેર ડિપ્લોમા માટેના પ્રવેશ માટેનો ઍકેડેમિક કાઉન્સિલે નીચે મુજબનો સુધારેલો ઑ. ૩૪૧ મંજૂર કરવા બાબત.

O. 341. Every candidate for the Diploma in Labour Welfare must have passed the Degree Examination of this University or of any other University recognised as equivalent thereto.

(નોંધ:–ઉપરના સુધારાથી લેબર વેલ્ફેર ડિપ્લોમા માટે બધી ફૅકલ્ટીઓના ગ્રેજ્યુએટો પ્રવેશ મેળવી શકશે તેમજ ગ્રેજ્યુએટ થયા પછી લેબર વેલ્ફેર ડિપ્લોમાના અભ્યાસક્રમ શીખવા માટે બે વર્ષનો ગાળો હોવો જોઈએ તે જાતનું બંધન પણ દૂર થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ ઑર્ડિનાન્સ-૩૪૧ મંજૂર કરવો તથા તેને તા. ૨૦ મી જૂન ૧૯૫૮થી અમલમાં લાવવો.

૬૧. લીગલ કમિટીની તારીખ ૨૩-૯-૧૯૫૭ના રોજ **મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીની તા. ૨૩-૯-૧૯૫૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬૨. એસ. બી ગાર્ડા કૉલેજ, નવસારીના અનુસ્નાતક કેન્દ્રોના ૧૯૫૬-૫૭ના વર્ષના હિસાબોમાં રૂા. ૯૦૨-૬-૦ ની પુરાંત છે તે રકમ લાયબ્રેરી માટે પુસ્તકો તથા સામાયિકો ખરીદવા માટે વાપરવા દેવાની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે. એસ.બી. ગાર્ડા કૉલેજ. નવસારીના અનુસ્નાતક કેન્દ્રોના ૧૯૫૬–૫૭ના વર્ષના હિસાબોમાં રૂા. ૯૦૨–૬–૦ ની જે પુરાંત છે તે રકમ અનુસ્નાતક કેન્દ્રો માટે પુસ્તકો તથા સામયિકો ખરીદવા માટે મંજૂર કરવી.

૬૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં પ્રોફેસર ઓફ ઇકોનોમિકસની જગા ઉપર યોગ્ય લાયકાતવાળા માણસ મળતા નથી માટે તે જગા ઉપર કામચલાઉ નીમાયેલા શ્રી. બી. એમ. મુલેની નિમણૂક બીજો માણસ મળે નહિ ત્યાંસુધી અથવા આ વર્ષના અંત સુધી માન્ય કરવા અંગે મુંબઇ સરકારના ડાયરેકટર ઓફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. મુલેની નિમણૂક માન્ય કરવા માટેની મુંબઈ સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનની વિનંતી માન્ય કરવી નહિ તથા તા. ૧૦–૧૧–૧૯૫૭ પહેલાં યોગ્ય લાયકાત ધરાવનાર પ્રાધ્યાપકની નિમણૂક કરીને યુનિવર્સિટીને જણાવવા માટે તેમને લખવું.

૬૪. ટેલીફોન ઓપરેટરની જગા માટે પગારનું ધોરણ નક્કી કરવા બાબત.

(નોંધઃ– સિન્ડિકેટે તેની તા. ૩–૪–૫૪ની સભામાં એક ટેલીફોન ઓપરેટરની જગા સરકારી પગાર ધોરણે મંજૂર કરેલ છે. આ બાબત સ્ટાફના સભ્યોના પગાર ધોરણ વિ. માટે નીમાયેલી કમિટી સમક્ષ મૂકવામાં આવેલી જેણે આ જગાનું પગાર ધોરણ નોન-ગ્રેજ્યુએટ કલાર્ક ટાઈપીસ્ટનું રાખવા ભલામણ કરેલ છે આ અંગે કમિટીએ તેણે સૂચવેલા નવા પગાર ધોરણ મુજબ ભલામણ કરેલ છે પરંતુ કમિટીના રિપોર્ટ સંબંધી છેલ્લો નિર્ણય લેવાયો ન હોઇ હાલ કાર્યાલયમાં નોન-ગ્રેજ્યુએટ કલાર્ક ટાઇપીસ્ટનું જે પગાર ધોરણ છે તે પ્રમાણેનું પગારધોરણ રાખવા કાર્યાલયનું સૂચન છે. આ પગાર ધોરણ રૂા. ૫૫–૩–૮૫–૪–૧૨૫–૫–૧૩૦ છે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. તા. ૨૬–૯–૧૯૫૭ના રોજ મળનારી ફાઇનાન્સ કમિટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬–૯–૫૭ના રોજ મળેલી ફાઇનેન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી. (સમિતિના કામકાજની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૬. ઓફિસમાં કામ કરતા જૂનિ. કલાર્ક શ્રી. એન. આર. જોશીના તા. ૩૧–૮–૫૭ના રોજ પ્રોબેશન સમય પૂરો થતો હોવાથી તેમને તે જગ્યા ઉપર કાયમ કરવા બાબત. (શ્રી. જોશીની કામગીરીનો બાનગી હેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.)

(શ્રી. જોશીની કામગીરીનો બાનગી હેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે જૂનિયર કલાર્ક શ્રી. એન. આર. જોશીને તેમની જગાએ કાયમ કરવા નહિ, પણ તેમને વધુ એક તક આપવાના આશયથી તેમના પ્રોબેશનના સમયમાં

એક વર્ષનો વધારો કરવો તથા શ્રી. જોશીને જણાવવું કે આ વધારાના પ્રોબેશનના સમયને અંતે તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને કાયમ કરવામાં આવશે નહિ.

૬૬. ચાલુ વર્ષના ઓકટોબર-નવેમ્બર દરમ્યાન લેવાનાર પરીક્ષાઓ માટે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે કરેલી સિનિયર સુપરવાઇઝરોની નિમણૂકોને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલી સિનિયર સુપરવાઇઝરોની નિમણૂકને બહાલી આપવી. (સિનિયર સુપરવાઇઝરોની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે)

૬૮. શ્રી. વિનોદચંદ્ર કાન્તિલાલ જોશીની કેમિસ્ટ્રીના વિષયની એમ.એસસી. ડીગ્રી માટેની થિસિસ રેફરીઝ તરફથી સ્વીકારાઇ હોવાથી શ્રી. વાઇસ-ચાન્સેલરે તેમને એમ.એસસી. પરીક્ષામાં પાસ જાહેર કર્યાના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૯. સિન્ડિકેટે નીમેલી કેન્ટીન સમિતિની ભલામણ અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કેન્ટીનનો કોન્ટ્રાકટ રીટઝ હોટલ અમદાવાદને આપવા ઠરાવ્યું તેને બહાલી આપવા બાબત.

મજકૂર સમિતિની ભલામણ નીચે મુજબ છે:

"સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટે નક્કી કરેલી શરતો પ્રમાણે યુનિવર્સિટી કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ રીટઝ હોટેલને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી. કેન્ટીનમાં હાલ વેજીટેરીયન વાનગીઓ આપવાની રહેશે ઉપરાંત કોકરી તથા વાસણોની પસંદગી યુનિવર્સિટીએ કરવાની રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૦. ઇન્ડિયન હિસ્ટોરીકલ રેકોર્ડઝ કમિશનની રિસર્ચ એન્ડ પબ્લિકેશન કમિટી ઉપરના પ્રતિનિધિની મુદત તા. ૩૧-૩-૧૯૫૭ના રોજ પૂરી થઇ ગઇ હોવાથી તેમની જગાએ તે કમિટી પર પ્રતિનિધિ નીમવા અંગે વિચાર કરવા બાબત.

(નોંધ:—મજકૂર સમિતિ ઉપર શ્રી. આર. સી પરીખ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હતા અને તેઓ ફરીથી નીમાવાને માટે લાયક છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટોરીકલ રેકોર્ડઝ કમિશનની રિસર્ચ એન્ડ પબ્લિકેશન કમિટી પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. આર. સી. પરીખની નિમણૂક કરવી.

૭૧. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને નીચેના વિષયો માટે બી.એ. તથા બી.એસસી. નો ડીગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે મુંબઈ સરકારના ડાયરેકટર ઓફ એજ્યુકેશન તરફથી આવેલ અરજી:

બી.એ. સ્પેશ્યલ :	બી.એ. જનરલ :	બી.એસસી.
૧. ઇકોનોમિક્સ	૧. હિસ્ટરી	૧. કેમિસ્ટ્રી (પ્રિન્સપલ એન્ડ સબ્સિડીયરી)
૨. ગુજરાતી	૨. સાયકોલૉજી	૨. મેથેમેટિકસ ,,
	૩. હિન્દી	૩. ફિઝિકસ (સબ્સી.)
	૪. સ્ટેટીસ્ટીકલ મેથડસ	૪. બોટેની (સબ્સી.)
	૫. સંસ્કૃત	
	૬. ફિલોસૉફી	
	૭. મેથેમેટીકસ	

આથી ઠરાવવામાં આવે છે મજકૂર બાબતમાં નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી :

આર્ટ્સ વિભાગ :	સાયન્સ વિભાગ
૧. પ્રોફેસર બી. આર. શેનોય	૧. પ્રિ. ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ	૨. પ્રિ. ડૉ. વાય. જી. નાયક
	૩. પ્રોફેસર જે. ડી. ઓઝા

૭૨. ડી.કે.વી. કૉલેજ, જામનગરને નીચેના વિષયો માટે બી.એસસી. ડીગ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે મુંબઇ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ અરજી.

૧. કેમિસ્ટ્રી (પ્રિન્સિ. એન્ડ સબ્સિ.)
૨. મેથેમેટિકસ (,, ,,)
૩. ફિઝિકસ (સબ્સિડીયરી)
૪. બોટેની (સબ્સિડીયરી)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૩. પ્રોફેસર જે. ડી. ઓઝા

૯૩ મુંબઇ સરકાર તરફથી ૧૯૫૯ની શતાબ્દિ અંગે નિબંધ હરીફાઇ યોજવા અંગે મળેલી રૂા. ૫૦૦ ની ગ્રાન્ટ મંજૂર કરતો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૯૪. સ્કોલરશિપ, રિસર્ચ સ્કોલરશિપ તથા ફેલોશિપ વગેરે બાબતો અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૬-૬-૧૯૫૭ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની તા. ૨૭-૬-૧૯૫૭ના રોજ મળેલી સભાની નોંધને મંજુર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૯૫. સમાજવિદ્યા ભવન માટે રૂા ૩૦,૦૦૦ ની વધારાના ફરનીચરની ખરીદી કરવા અંગે ભવનના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :-આ વર્ષના બજેટમાં રૂા. ૧૦,૦૦૦ નું પ્રોવિઝન કરેલ છે જે અંગે ઓર્ડર મુકાઇ ગયા છે અને હવે ઉપર પ્રમાણે રૂ. ૩૦,૦૦૦ ની વધારાની માગણી છે અને ૧૯૫૬-૫૭ના બજેટમાં રૂા. ૧૫,૦૦૦ નું પ્રોવિઝન કરેલું પરંતુ સ્કૂલનું પોતાનું મકાન તૈયાર થએલું ન હોવાથી તેમાંથી ફક્ત રૂા. ૬૫૦૪ જ વપરાયેલા અને બાકીની રકમ વપરાયેલી ન હતી આ પેટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી રૂા. ૧૦,૦૦૦ ની ગ્રાન્ટ લેબર વેલ્ફેર માટે આપવાને મળેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનના લેબર વેલ્ફેર ડિપ્લોમા માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મળેલી રૂા. ૧૦,૦૦૦ ની ગ્રાન્ટ સહિત કુલ રૂા. ૩૦,૦૦૦ નો ખર્ચ વધારાના ફરનીચર માટે મંજૂર કરવો.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

નં. સિ. ૬૮૪૯૬-૫૧૫-૧૯૫૭
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ,
અમદાવાદ-૯. તા. ૧૬-૧૦-૫૭.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૮

મે. સાહેબ,

અમે અજમેરના "રાજસ્થાન આર્ટ પ્રીન્ટર્સ" પ્રેસની ખરીદી અને તેને માટેની જરૂરી વ્યવસ્થા અંગે જે કામગીરી બજાવી તેનો રિપોર્ટ નીચે સાદર રજૂ કરીએ છીએ.

તા. ૩ જી એ સવારે લગભગ ૧૧ ને સુમારે આખું પ્રેસ રૂા. ૪૭,૦૦૦ ની કિંમતે યુનિવર્સિટીને વેચાણ આપવા માટેનો સોદો નક્કી થયો અને તેમાં એમ ઠરાવ્યું કે તુરતજમાં રૂા. ૧,૦૦૦ રોકડા યુનિવર્સિટીએ આપવા તથા અઠવાડિયા બાદ ટાઇટલ્સ ક્લીયર્સ થયે રૂા. ૧૫,૦૦૦ આપવા અને બાકીની રકમ ટાઇટલ્સ ક્લીયર થયાના વધુમાં વધુ ૨૧ દિવસની અંદર આપી દેવી તથા પ્રેસના મકાનનો કબજો સોંપી દેવો. જો પ્રેસના મકાનનો કબજો તે મુદત સુધીમાં ન સોંપાય તો ત્યાર-પછીનું ભાડું યુનિવર્સિટીએ આપવું. આ બાબતની ખબર આપને અગાઉ પત્રદ્વારા આપી છે.

રૂા. ૧-૮-૦ ના સ્ટેમ્પ પર જરૂરી લખાણ કર્યું જે આ સાથે જોડયું છે. અને તે બાબતની જાહેરાત ત્યાંના સ્થાનિક વર્તમાનપત્રમા પણ આપી. જેની નકલ આ સાથે છે.

આ પછી અમે તરતજ પ્રેસનો કબજો લીધો અને તેમાંથી જે જે વસ્તુઓ આપણને જરૂરી ન લાગી તથા જે અમદાવાદ લાવવાને બદલે ત્યાંજ વેચી દેવા જરૂરી લાગી તે વેચવાનું નક્કી કર્યું તે પ્રમાણે વેચેલી વસ્તુઓ તથા તેમાંથી ઉપજેલી કિંમતની યાદી આ સાથે જુદી જોડી છે.

ત્યારબાદ ત્યાંના મશીનોને છૂટા પાડવાનું અને તેને અમદાવાદમાં આપણે ત્યાં ફરી જોડી મશીન ચાલુ કરવાનું કામ ત્યાંના શ્રી. રામસ્વરૂપને રૂા. ૫૦૦ માં આપવાનું નક્કી કર્યું. તે કામમાં તેને જરૂરી મજુરો તથા વસ્તુઓ પૂરી પાડવાનું, તેના બે માણુસોને અમદાવાદ લઇ જઇ ત્યાં તેમને સૌ તેમનું કામ પૂરું થાય ત્યાં સુધી રહેવા જમવાનું અને જરૂરી મજુરી આપવાનું આપણે શરે છે. મશીનો તારીખ ૭ મીએ અમે નીકળ્યા ત્યાં સુધીમાં જુદા પાડી દેવાયાં હતાં અને તેનું જરૂરી પેકીંગ કામ શરૂ થશે.

બીજો સામાન જેવો કે કાગળો, નાના મશીનો, શાહીના ડબ્બા ઇત્યાદિ અમોએ અમારી રૂબરૂમાંજ પેક કરાવ્યાં છે.

પ્રેસમાં ટાઇપોનો જથ્થો ઘણો મોટો છે અને તે બધા કંપોઝડ મેટર રૂપે પડી રહેલાં છે. તેને છુટાં પાડવા જરૂરી હોવાથી જરૂરી માણુસો રોકી તેને છુટા પાડવાનું કામ પણ રોજીંદા માણુસો રાખી શરૂ કરી દીધું છે. બધાં મશીનો તથા ટાઇપ વગેરેને અમદાવાદ તા. ૧૨ મીએ ટ્રકો દ્વારા ખસેડવાનું ઠરાવ્યું છે અને ચાર ટ્રકો બધો સામાન સાથે નીકળે તેવી ગોઠવણ કરી છે. અને તે માટે યુ.પી. અને સી પી. ટ્રાન્સપોર્ટ કંપની સાથે દર ટ્રક દીઠ રૂા. ૪૬૫ આપવાનું નક્કી કર્યું છે. કાગળો ટ્રકમાં લાવવાને બદલે ગુડઝમાં લાવવામાં આવે તો અનુકૂળતા વધુ રહેશે અને ખર્ચ ઓછું આવશે તેથી કાગળો ગુડઝમાં લાવવા સુચના આપી છે.

ત્યાંના ટાઇપો વગેરેના જાણકાર શ્રી. મધુકરને અમે હાલ તુરત કામચલાઉ માસિક રૂા. ૧૦૦. પ્રમાણે રોકી લીધા છે અને તેને અમદાવાદ આવી બધા ટાઇપો બરાબર ગોઠવવાનું કામ આપ્યું છે.

તે પ્રેસના મેનેજર મી. ભીડેએ અમને ઉપરની તૈયારીઓ કરવામાં ખુબજ સહકાર આપ્યો છે અને તેની નોંધ લેવી જરૂરી છે.

તા. ૯–૯–૧૯૫૭

લી. આપના વિશ્વાસુ,
સહી: જ. મં. મહેતા
ભુ. મ. પટેલ

"રાજસ્થાન આર્ટ પ્રીન્ટર્સ"માંથી વેચેલી વસ્તુઓની યાદી :

તા. ૫–૬–૫૭ **શ્રી જીતમલજી લુણીયાને ગ્લોબ પ્રીન્ટીંગ પ્રેસ :** રૂા.

૧. લાકડાના બે ઘોડા દરેક રૂા. ૧૫ પ્રમાણે ૩૦–૦–૦
૨. ટાઇપ મૂકવાના ઘોડા નં. ૮ દરેક રૂા. ૧૨–૮–૦ પ્રમાણે ૧૦૦–૦–૦
૩. ખુરશીઓ નં. ૧૧ ૭૩–૦–૦
નં. ૯ રૂા. ૭ પ્રમાણે
નં. ૨ રૂા. ૫ ,,

શ્રી સુલાલજીને

૧. સીસુ ઢાળવાની લોખંડની ચેનલ નં. ૩. ૧૦–૦–૦
૨. ટેબલ નં ૧ ૨૫–૦–૦
૩. સ્ટુલ નં ૪ ૨૫–૦–૦

શ્રી મીશ્રા બ્રધર્સ

૧. સ્ટુલ નં. ૩ ૨૧–૦–૦

શ્રી કેશવ પ્રેસ

૧. ટેબલ નં ૧ ૨૫–૦–૦

ધી વેદ સંસ્થાન

૧. ઑફીસ ટેબલ ૫૭૫–૦–૦
૨. ફરતી ખુરશી
૩. સ્ટીલ કબાટ
૪. ફાઇલ કેબીનેટ

શ્રી દીનેશજી

૧. વેસ્ટ પેપર. : કતરણ : ૭ મણ અને ૨૫ શેર. ૩૬–૪–૦
રૂા. ૧૦ મણ પ્રમાણે.

તા. ૬–૬–૫૭ **શ્રી દીનેશજી**

૧. લાહીની તપેલી નંગ ૧ ૩–૦–૦

શ્રી ભાર્ગવ પ્રેસ

૧.	ટેબલ નં. ૧	૪૦–૦–૦

તા. ૭–૯–૫૭ **શ્રી. જીતમલજી લુણીયા : જોધ પ્રેસ :**

૧.	લાકડાનું નાનું ટેબલ નંગ ૧	૧૨–૦–૦
૨.	બાઇંડીંગ સ્ટુલ નંગ ૩	૩૨–૦–૦
૩.	ટાઇપ કેસો નંગ ૮ ૬૨ ૩ા. ૪ પ્રમાણે	
૪.	હિંદી ટાઇપો : ૧૨ : પોઇંટ. ૨તલ ૪૬૫ ૬૨ ા. ૧ ૨તલ પ્રમાણે	૪૬૫–૦–૦

શ્રી. પઠાણ બુક બાઇન્ડીંગ :

૧.	સરેશ. આશરે ૪૦ શેર. ૦–૧૨–૦ શેર પ્રમાણે	૩૦–૦–૦

શ્રી. ધીસા રામજી : નેશનલ પ્રેસ :

૧.	સ્ટીરીઓ મશીન અને તેના સાધનો	૪૫૦–૦–૦
૨.	નાના સ્ટુલ થોડા ટુટેલા નંગ ૪	૫૧–૦–૦
૩.	મોટા સ્ટુલ ,, ,, નંગ ૮	
૪.	શાહીનું ડ્રમ	૨૦૧–૦–૦
૫.	સ્ટીરીઓના બ્લોક–શીશાના મણ ૦ાા.	૩૦–૦–૦
૬.	ટાઇપો હિંદી ૨તલ ૩૬૧.	૩૬૧–૦–૦
	૩ા.	૨,૫૮૫–૪–૦

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૬૧

Syndicate Sp. Re: Item No.

Dt: 28-9-57

એકા. નં. ૧૯૫૭.
અમદાવાદ-૯. તા. ૯-૫૭.

લીગલ કમિટીની એક સભા તા. ૨૩-૯-૫૭ ના રોજ સાંજના ૫-૧૫ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. વાઇસ ચાન્સેલર	હાજર
૨.	,, બટુભાઈ એચ. દેસાઇ	હાજર
૩.	,, એચ. પી. શુકલ	હાજર
૪.	,, બિહારીલાલ પી. શાહ	ગેરહાજર

૧. આ કમિટીની તા. ૧૯-૪-૫૭ ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

આ કમિટીની તા. ૧૭-૪-૫૭ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર વાઇસ ચાન્સેલર સાહેબે સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના ઓનરરી જનરલ સેક્રેટરીના તા. ૧૭-૯-૫૭ ના પત્રની સાથે મોકલેલી પોતાના યુનિયનની માગણીઓ મજકુર પત્ર પહોંચ્યાના દિન ૧૪ ની અંદર સંતોષવામાં નહિ આવે તો કર્મચારીઓને હડતાલ ઉપર ઉતરવાની ફરજ પડશે તેમ જણાવતા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

પત્ર અને તે સાથેના સુસંગત બીડાણો સામેલ છે. : આ બાબત સિન્ડિકેટની તા. ૨૪-૯-૫૭ ની સભા સમક્ષ મૂકવામાં આવેલી છે. :

કમિટીએ ખૂબ લંબાણપૂર્વક આ અંગે વિચારણા કરી હતી અને મજકૂર બાબત ઉપરથી ઉભા થતાં કાનૂની મુદ્દાઓ ધ્યાનમાં લીધા બાદ ઠરાવવામાં આવ્યું કે સમિતીના હાજર રહેલા સભ્યોએ સિન્ડિકેટને તે વિષે વીગતે ખ્યાલ આપવો.

૩ સ્ટે. નં. ૧૪૨ માં નીચે પ્રમાણે સુધારો કરવા માટે તા. ૩૦/૩૧-૮-૫૭ ની સભામાં મૂકવામાં આવેલું જેમાં આ બાબત આ કમિટી સમક્ષ મોકલવાનું ઠરાવવામાં આવેલું હતું તે ઉપર વિચારણા કરવા બાબત.

Amendment to S. 142 :-

It it proposed to add the following sentense :

"Notwithstanding anything contrary in the Statutes, every member of the authority of the University shall be entitled to vote at an election in a meeting of the authority of which he is a member at the time of the meeting.

આથી ઠરાવવામાં આવે છે કે આ કમિટી સૂચવેલ સુધારો મંજૂર કરવાની તરફેણમાં છે.

૪. યુનિવર્સિટી લાયબ્રેરી માટે રૂા. ૧૧૨૬ ની કિંમતની ચોપડીઓ પુના ઓરીએન્ટલ બુક હાઉસ પાસેથી મંગાવેલી તેમાંથી ચોપડીઓને બદલે પત્થર વિ. નીકળેલું તે બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રશ્નનો છેવટનો નિર્ણય ન આવે અને આ અંગે કોની જવાબદારી રહેલી છે તે નક્કી થાય નહિ ત્યાં સુધી મે. પુના ઓરીએન્ટલ બુક હાઉસનાં આ ચોપડીઓ અંગેના બીલના પૈસા આપવા નહિ.

ત્યારબાદ સભા બરખાસ્ત થઈ હતી.

ક. ચ. પરીખ
રજીસ્ટ્રાર.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૬૫

ફાઇનાન્સ કમિટીની એક સભા યુનિ. કાર્યાલયમાં તા. ૨૬-૯-૫૭ ને ગુરુવારના રોજ ૩-૩૦ કલાકે નીચેના કામકાજની વિચારણા માટે મળી હતી. હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. વાઇસ ચાન્સેલર	હાજર
૨.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૩.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૪.	પ્રિ. એસ. વી. દેસાઇ	ગેરહાજર

૧. આ કમિટીની તા. ૨૭-૮-૫૭ ને તા. ૩૦-૮-૫૭ ની સભાની નોંધને મંજુર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૭-૮-૫૭ ને તા ૩૦-૮-૫૭ ની નોંધ મજૂર કરવામાં આવી અને તે ઉપર મે. વાઇસ ચાન્સેલરે સહી કરી.

૨. યુનિવર્સિટી લાયબ્રેરી માટે લાકડાનું ફરનીચર ખરીદવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનું ફરનીચર તેની સામે જણાવેલા વેપારી પાસેથી તેમના ભાવ આવેલા ટેન્ડરોમાંથી સૌથી ઓછા હોવાથી તેમની પાસેથી ખરીદવા સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે :

	ફરનીચરની વિગત	જરૂરીયાત	પાર્ટીનું નામ	ભાવ રૂા.
૧.	કાર્ડ ઇન્ડેકસ માટેના સ્ટેન્ડ મોટા	નંગ ૩	લાય. મે. અંબરીષ ફરનીચર માર્ટ	૬૨-૭૫ નંગના
૨.	,, ,, ,, નાના	,, ૧	,, ,,	૩૨-૮૦ ,,
૩.	ખુરશીઓ	,, ૭૦	,, ,,	૨૫-૫૦ ,,
૪.	ટેબલો અધ્યયન વિભાગ માટે	,, ૧૦	,, ,,	૧૧૬-૨૫ ,,
૫.	સ્ટુલ	,, ૧૦	,, ન્યુ ફરનીચર માર્ટ	૧૩-૬૫ ,,
		,, ૩	સાયકો. ,,	
૬.	ટેબલો-૪'-૨'-૨॥'- ત્રણખાનાવાળા	,, ૨૬	લાય. ,,	૧૧૫-૫૦ ,,
૭.	લાકડાની ડમી	,, ૫૦૦	લા. અંબરીષ ફરનીચર માર્ટ	૫-૨૮ ડઝન સેટ

ફરનીચરની વિગત	જરૂરીયાત	પાર્ટીનું નામ	ભાવ રૂા.
૮. નોટિસ બોર્ડ-ગ્લાસડોરવાળું	નંગ ૧	સાયકો. ન્યુ ફરનીચર માર્ટ	૩૧-૫૦ નંગના
૯. કી બૉર્ડ	,, ૧	યુનિ. અંગે. ,,	૩૧-૫૦ ,,
૧૦. પાર્ટીશન-લાયબ્રેરી વિંગના ૧ માળે.		કે. પી. મિસ્ત્રી	૩-૫૦ ચો. ફુટ

૩. યુનિવર્સિટી લાયબ્રેરી માટે લોખંડનું ફરનીચર ખરીદવા માટે મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનું ફરનીચર મે. જહાંગીર બ્રધર્સ પાસેથી તેઓના ભાવ સૌથી ઓછા હોવાથી ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વિગત	જરૂરીયાત	ભાવ રૂા.
૧	૨	૩
૧. ડબલ ફેઇસડ ગ્લાસડોરવાળો ૮ કબાટનો બ્લોક.	નં ૧	૨,૭૧૧-૩૮
૨. ,, ,, ૬ ,,	,, ૮	૨,૦૪૩-૦૦ નંગના
૩. સ્ટીલ કપબૉર્ડ ગ્લાસડોરવાળા. લાયબ્રેરી-	,, ૪	૩૨૫-૨૮ ,
સાયકોલૉજી-	,, ૨	
૪. ફાઇલીંગ કેબીનેટ-ફુલ્સકેપ સાઇઝ લાયબ્રેરી-	,, ૧	૨૪૯-૩૧ ,,
સાયકોલૉજી-	,, ૧	
૫. કાર્ડ ઈન્ડેકસ કેબીનેટ મોટી-૨૪ ખાનાવાળી. લાયબ્રેરી-	,, ૩	૬૭૯-૮૯ ,,
૬. ,, ,, ,, નાની-૪ ,, ,, -	,, ૪	૧૧૭-૭૦ ,,
સાયકોલૉજી-	,, ૧	
૭. સ્ટીલના ઘોડા-૮૪"-૩૬"-૧૫" લાયબ્રેરી-	,, ૪	૭૩-૮૩ ,,

૪. સ્કૂલ ઑફ સાયકોલૉજી માટે એપરેટસો ખરીદવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

મે. વાઇસ ચાન્સેલર સાહેબના હુકમથી એપરેટસોની પસંદગી કરવાનું કામ શ્રી. વી. વી. અકોલકર તથા શ્રી. એમ. કે. ડે. ને સોંપવામાં આવ્યું હતું. અને તેઓની ભલામણો આ કમિટી સમક્ષ મૂકવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવ્યા પ્રમાણેની શ્રી. અકોલકર તથા શ્રી. ડેની ભલામણ પ્રમાણેના લેબોરેટરી એપરેટસો ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી:

Serial No.	Particulars of Equipments	Requirements	Name of the party	Rate
1	2	3	4	5
				Rs. nP.
1	Slow-speed self contained recording drum.	5	Bhavnagar General Store.	625/- each
2	Drums 6" for above.	5	-do-	85/- ,,
3	Drum papers.	500 sheets	Psychological & Physiological Apparatus Mfg. Co.	25/- for all.
		2	Rolls. Biological Supply.	35/- each
4	Smoking Stand.	1	Technical Corporation	70/- ,,
5	Fenthol or Kerosene burner	1	Psy. & Phy. Appa. Mfg. Co.	30/- ,,
6	Varnishing Tray	1	-do-	20/- ,,
7	Pneumograph - Drum type	1	Biological Supply Con.	30/- ,,
	- Mary type	2	Technical Corp.	100/- ,,
8	Marey Tambour.	1	Central Scientific Instrument Corp.	75/- ,,
		5	Technical Corp.	22 50 ,,
9	Frgograph (with weights both Masso & self-recording)	2	Psy. & Phy. Appara. Mfg. Co.	198/- ,,
10	Dynameter (Finger)	1	Doctor & Co.	165/- ,,
11	Plethysmograph (Arm)	1	Tosniwal Brothers	158/- ,,
12	Cardiograph.	1	Biological Supply Corn.	250/- ,,
13	Sphygmograph (ought to be fit for Kymographic recording)		May not be purchased We shall have to import.	
14	Graphic Chronometer OR Direct Time Marker.	3	Scientific Instrument Co. Indian make.	16/50 ,,
		1 Simple	Gordhandas Desai & Co.	365/- ,,
		1 Superior	-do-	+60/- ,,

1	2	3	4	5
				Rs. nP.
15	Electromagnetic Tuning Fork.		Not to be purchased at present.	
16	Electromagnetic Stylus-Single	5	Technical Corporation.	20/- each
		2	Bhavnagar General Store	65/- ,,
17	Conditioned hand withdrawal	1	Auand Agencies	100/- ,,
	shock Box for above	1	-do-	90/- ,,
18	Stop-Clock	1	Central Scientific Instrument Corporation	65/- ,,
19	Metronome - Simple	1	Bhavnagar General Store	50/- ,,
	,, - Bell	1	Scientific Instument Co.	68/- ,,
	,, - Mercury Cups.	2	Bhavnagar Gen. Store.	160/- ,,
20	Timing Unit or Time Clock		We shall have to import.	
21	Chronoscope Vernier	4	Biological Supply Co.	90/- ,,
22	Tachistescope Fall	2	Purohit & Purohit	60/- ,,
23	Exposure Apparatus : Memory Drum & Ramsohberg Turner Sound		Can be constructed Locally.	
24	Hammer.	1	Technical Corporation.	45/- ,,
25	Keys - Reaction	18	-do-	6/- ,,
	,, - Make-Break	3	Psy. & Phy. Apparatus Mfg. Co.	10/- ,,
	,, - Hand-Tapping	3	Technical Corporation	7/- ,,
	,, - Foot-Tapping	1	-do-	14/- ,,
26	Pneumatic Bulb	2	Psy. & Phy. Appar. Mfg. Co.	15/- ,,
27	Perimeter (fited with 90° Arc, Levelling Rod and Adjustable Chin-Rest.	2	Purohit & Purohit	125/- ,,
28	Stereoscope - Brewster	2	Psy. & Phy. Appara. Mfg. Co.	22/- ,,
29	Stereoscopic Cards	2	Doz -do-	6/- per doz
30	Colour Discs (Pure colours, preferably with varying brightness)	4	sets. Scientific Instument Co.	13/- per set
31	Colour Papers (Pure and mixed colours) Large size	4	doz. Biological Supply Con.	15/- per doz

1	2	3	4	5
				Rs. nP.
32	Grey Discs of varying shades.	6	Psy. & Phy. Appara. Mfg. Co.	1/- each
33	Masson's Disc.	4	-do-	2/- ,,
34	Simultaneous Constrast Apparatus (Herring)		to be constructed locally.	
35	Mullor Lyer Illusion Apparatus	2	Psy. & Phy. Appara. Mfg. Co.	10-50 ,,
		1	Anand Agencies	35/- ,,
35-A.	Aesthesiometer (Graduated) Caliper.	6	Technical Corporation.	10/- ,,
36	Brightness Discrimination Apparatus.		to be constructed locally.	
37	Dichord		not available from anywhere.	
38	Hair Holder	6	Bhavnagar Gen. Store.	3/- ,,
	Von Frey's	1	Gordhandas Desai	30/- ,,
39	Temperature Cylinders	3	Anand Agencies	38/- ,,
		3	Technical Corporation	30/- set
40	Rubber Grid Stamps	6	Bhavnagar Gen. Store	1/- of 3.
41	Mazo - Finger	1	Anand Agencies	15/- each.
	,, - Stylus	1	-do-	20/- ,,
42	Printed Star Pattern	500 sheets.	Psy. & Phy Appara. Mfg. Co.	20/- for all
43	Impulse Counter (6 Volts)	2	Purohit & Purohit	150/- Each
44	Hand Tally Counter	1	Tosniwal Brothers.	55/- ,,
45	Electrical Contact Pencil	12	Psy. & Phy. Appara.	3/- ,,
46	Stands with heavy base - Plain	8	Bhavnagar General Store	3.50 ,,
	- Adjustable	12	Technical Corporation.	13.25 ,,
47	Boss-heads - Universal or 'x' Blocks	12	Psy. & Phy. Appara. Mfg. Co.	2/- ,,
	,, - Simple	12	-do-	3/- ,,
48	Clamps - Jaw	3	Technical Corporation	4.50 ,,
	,, - Table	18	-do-	6/- ,,

1	2	3	4	5
				Rs. nP.
49	Models made of plaster of paris			
	Brain	1	Bhavnagar General Store	18/- each
	Eye-Ball	1	-do-	22/- ,,
	Ear	1	-do-	28/- ,,
	Skin	1	-do-	14/- ,,
	Spinal Chord	1	-do-	15/- ,,
50	Physiological Charts :			
	Central Nerveous System	1	Doctor & Co.	80.87 ,,
	Eye	1	-do-	32.37 ,,
	Ear	1	-do-	32.37 ,,
	Skin	1	-do-	32-37 ,,
	Peripheral Nervous System	1	Laboratory Supplier	33-50 ,,
	Endocrine System		-do-	33-50 ,,
51	Ishihara Charts	1	Psy. & Phy. Appar. Mfg. Co.	56/- ,,
52	Alexander Passalong.	1	Purohit & Purohit	30/- ,,
53	Dearborn From Board	1	Biological Supply Corn. Ltd.	58/- ,,
54	Kno's Block Design Test	1	Purohit & Purohit	30/- ,,
55	Cube Construction Test	1	-do-	30/- ,,
56	Kent Rosanoff.		not to be purchased.	
57	Jung's Word Association Test.	500 sheets.	Psy. & Phy. Appara. Mfg. Co,	22/- ,,
58	Reschach Test Material with Instruction Manual and Scoring Sheets.	1	Can be obtained at a cheaper rate from M/s. Manasayan, Delhi, who are the official agents of M/s. Psychological Corporation, New York.	
59	T.A T. Test material with Instruction Manual and Scoring Sheets.	1	Psy. & Phy. Appara. Mfg. Co.	48/- each
60	Variable speed F. H. Motor	-	none of the offers suits our needs.	
61	Time Switch		,, ,,	
62	Constant Valtage Transformer. 220A.C.	1	Gordhandas Desai & Co.	250/- each.

૫. સમાજવિદ્યા ભવનના મકાન માટે ફિલોસ્કરનો પંપ ખરીદવા માટે તા. ૨૭-૮-૫૭ ની સભામાં નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ જે એસ વી. સી. નંબર ૨ માટે ઓર્ડર મૂકવામાં આવ્યો હતો તે ટાઇપ તેઓ પાસે હાજર નહિ હોવાથી તે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આપણી જરૂરીયાતવાળા પંપના ભાવ ફરીથી મંગાવવા.

૬. ફાઇનાન્સ કમિટીની તા. ૨૮-૮-૫૭ ની સભામાં સમાજવિદ્યા ભવન માટે ૪'-૪' ના બ્લેક બોર્ડ રૂા. ૧૦૬.૧૭ ના ભાવે ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ ૪'-૪' ના બોર્ડ નાના પડશે તેને બદલે ૬'-૪' ના બોર્ડ ખરીદવા બાબત. આ અંગેનો સમાજવિદ્યા ભવનના અધ્યક્ષનો પત્ર સભા સમક્ષ રજુ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે બ્લેક બોર્ડ નં. ૬ સમાજવિદ્યા ભવન માટે ૬'-૪' ની સાઇઝના ખરીદવા અને તેના ભાવ સ્કેચર કુટના ભાવની ગણતરી કરીને ન્યુ ફરનીચર માર્ટને આપવા.

૭. લાયબ્રેરીના જર્નલ્સ બાઇન્ડ કરવાના વાર્ષિક કોન્ટ્રેકટ અંગેનો નિર્ણય કરવા બાબત. આ બાબત અગાઉ તા. ૧૯-૭-૫૭ ની સભા સમક્ષ મૂકવામાં આવી હતી.

આથી સિન્ડિકેટને ધ્યાનમણ કરવામાં આવે છે કે યુનાઇટેડ બુક બાઇન્ડીંગ વર્કસ પાસે યુનિવર્સિટી મેગેઝીન રૂા. ૮.૦૦ નંગના ભાવે બંધાવવા. પરંતુ તેઓ યુનિવર્સિટીની જરૂરીયાત જેટલા બાંધી આપી શકે તેમ ન હોવાથી મે. અરવિંદ બાઇન્ડીંગ વર્કસ પાસે પણ રૂા. ૬.૨૫ ના ભાવે બંધાવવા.

કં. ચં. પરીખ
રજીસ્ટ્રાર.

એકા. નં. ૧૯૫૭.
અમદાવાદ-૯. તા ૧૦-૫૭

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૬૭

List of the persons proposed to be appointed as Senior Supervisors at the various Examinations to be held in October 1957.

AHMEDABAD CENTRE

B.Sc. (Sub.) Law. Ph.D. Translation Test	8-10-57 to 14-10-57 (5½ days)	(1) Dr. B. C. Haldar (2) Prof. M. S. Pandit.
B.Com.	8-10-57 to 12-10-57 (5 days)	(1) Prin S. V. Desai (2) Prof. V. N. Joshi (3) Prof. A. D. Jhala (Reserve)
M.B.B.S. M.D. M.S.	11-10-57 to 16-10-57 (4½ days)	(1) Prin. Dr. G. V. Barve (2) Dr. Y. M. Bhende (3) Dr. A. D. Joseph (Reserve)
B.Pharm.	14-10-57 to 17-10-57 (3 days)	(1) Dr. R. P. Patel (2) Dr. C. R. Mehta.

SURAT CENTRE

B.Sc. (Sub.) B.Com. Law.	8-10-57 to 14-10-57 (5½ days)	(1) Prin. K. L. Desai (2) Prin. C. D. Vyas (3) Prof. K. M. Talati (Reserve)

RAJKOT CENTRE

B.Sc. (Sub.) Law.	8-10-57 to 14-10-57 (5½ days)	(1) Prin. G. R. Kotwal (2) Prin. H. S. Sanghvi

BHAVNAGAR CENTRE

B.Com.	8-10-57 to 12-10-57 (5 days)	(1) Prin. S. C. Pathak (2) Prof. P. P. Mehta.

JAMNAGAR CENTRE

1st M.B.B.S. 1st B.A.M.S.	11-10-57 and 12-10-57 (2 days)	(1) Dr. H. N. Dass (2) Prin. Dr. T. N. Jalundhwala

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૭૪

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિંન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની ત્રીજી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૨૭-૯-૧૯૫૭ ના રોજ બપોરના ૨-૩૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૨.	શ્રી. ઉમાશંકર જોશી	હાજર
૩.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વાય. જી. નાયકે લીધું હતું.

૧. ચાલુ વર્ષની દક્ષિણા ફેલોશિપ કોને આપવી તે નક્કી કરવા બાબત:

શરૂમાં એમ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી હસ્તકની ૮ ફેલોશિપોમાંની બને ત્યાં સુધી ૪ જુનિયર વર્ષ માટે અને ૪ સીનિયર વર્ષ માટે રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૬-૫૮ ના વર્ષ માટે દક્ષિણા ફેલોશિપ જુનિયરના વર્ષમાં ભણતા નીચેના વિદ્યાર્થીઓને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

				છેલ્લી પરીક્ષામાં મેળવેલા માર્કસ
૧.	શ્રી. કાકડ મુકુંદરાય જગજીવનદાસ, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ :	એમ.એ. ઈંગ્લીશ–સંસ્કૃત	બી.એ.	૫૨૯/૮૦૦
૨.	શ્રી. પટેલ શાંતિભાઇ રણછોડભાઇ, યુનિ. સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ અમદાવાદ.	એમ.એસસી. સ્ટેટિસ્ટીકસ	બી.એસસી.	૪૪૧/૬૦૦
૩.	શ્રી. ભુતવાલા ગમનલાલ ચીમનલાલ, સર કે. પી. કૉલેજ ઓફ કૉમર્સ, સૂરત	એમ.કૉમ. સ્ટેટિસ્ટીકસ	બી.કૉમ.	૬૧૮/૧૦૦૦
૪.	શ્રી. પરીખ અમરીશ જગમોહનદાસ, શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, અમદાવાદ.	એમ.એસ.	એમ.બી.,બી.એસ.	૧૧૨૬/૧૮૦૦

એમ.બી.,બી.એસ.માં ક્લાસ આપવામાં આવતો નથી પણ તેના માર્કસ ૬૨.૫ ટકા છે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. શાહ નગીનદાસ જીવણલાલ બી.જે. ઇન્સ્ટીટયૂટ, અમદાવાદ જેમને ગયે વર્ષે દક્ષિણા ફેલોશિપ આપી હતી તેમને ચાલુ વર્ષે તે ચાલુ રાખવા ભલામણ કરવી.

તદુપરાંત બાકી રહેલી ત્રણ જગ્યાઓ માટે સીનિયરના વર્ગમાં ભણતા અને ફેલોશિપ માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની નામાવલી અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટોમાંથી મંગાવીને ફરીથી વિચારણા માટે બેઠક બોલાવવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા
ડેપ્યુટી રજિસ્ટ્રાર.

નં. જન. ૬૨૪૬૨–૬૪ –૫૭
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ,
અમદાવાદ–૯. તા. ૨૭–૯–૫૭

ખાનગી

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૮–૧૧–૫૭

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર તા. ૧૧–૧૧–૧૯૫૭ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળી હતી અને રવિવાર તા. ૧૭–૧૧–૧૯૫૭ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટીઆ પ્રમુખસ્થાને હતા. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી.

		તા. ૧૬–૧૧–૧૯૫૭	તા. ૧૭–૧૧–૧૯૫૭
૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટીઆ, વાઇસ-ચાન્સેલર	હાજર	હાજર
૨.	ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન, મુંબઇ રાજ્ય	ગેરહાજર	ગેરહાજર.
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર	ગેરહાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર	હાજર
૫.	શ્રી. બટુભાઇ હ. દેસાઈ	હાજર	હાજર
૬.	શ્રી. દેવેન્દ્ર જે. જોશી	ગેરહાજર	ગેરહાજર
૭.	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇ	ગેરહાજર	હાજર
૮.	ડૉ. ભારકર આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	ગેરહાજર
૧૦.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઇ	હાજર	હાજર
૧૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર	હાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ	હાજર	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર	ગેરહાજર

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૧/૧૭-૧૧-૫૭

૧. તા. ૨૮-૯-૧૯૫૭ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૮-૯-૫૭ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૨૩-૮-૧૯૫૭ ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી લાયબ્રેરી અંગે મળેલી રૂ. ૧,૫૦,૦૦૦ ની ગ્રાન્ટ અંગે.

ચર્ચા દરમ્યાન આ રકમ ખર્ચવા માટે નીચેના બે વિકલ્પો સૂચવવામાં આવ્યા હતા.

૧. લાયબ્રેરી વિંગને આગળ વધારવી.

અથવા

૨. યુનિવર્સિટી મકાન આગળ લાયબ્રેરી માટે મકાન વધારવું.

યુનિવર્સિટી મકાન આગળ જે સેનેટ હોલ બાંધવાનો હતો તે બાંધવાનો ન હોવાથી તેના ફ્રન્ટેજ માટે નવા રિવાઇઝ્ડ પ્લાન કરવાની જરૂર રહેશે. આખા મકાનના બાંધકામના પ્લાન્સ આર્કિ-ટેક્ટ શ્રી. આત્મારામ ગજ્જરે કરેલા હોવાથી, આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ખાસ કેસ તરીકે ફ્રન્ટેજના રિવાઇઝ્ડ પ્લાન કે જે મારે લાયબ્રેરીની રકમ વાપરી શકાય તે રીતે બનાવ-વાનું કામ શ્રી. ગજ્જરને સોંપવું.

સ્ટાફ કવાર્ટર્સ અંગે.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સ્ટાફ કવાર્ટર્સ પ્લાન સ્ટાફના પગા-રના જુદા જુદા વર્ગ પાડી આર્કિટેક્ટ શ્રી. બી. વી. દોશી પાસે તૈયાર કરાવવા અને તેઓને પહેલા પ્લાન માટે અંદાજી ખર્ચના ૩॥ ટકા અને તે પછીના રીપીટેશન્સ માટે ૦॥ ટકા પ્રમાણે મહેનતાણું પ્લાન સુપરવીઝન વિ. માટે આપવું. શ્રી. આત્મારામ ગજ્જરના સ્ટાફ કવાર્ટર્સના પ્લાનનો ઉપયોગ હવે થવાનો નહિ હોવાને લીધે સ્ટાફ કવાર્ટર્સના સુપરવીઝનનું કામ શ્રી. મણિલાલ સી. મિસ્ત્રીને આપવું નહિ.

શ્રી. ગજ્જરે બનાવેલ પ્લાન્સની ફી અંગે.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. ગજ્જરને નીચે પ્રમાણે મહેનતાણું આપવું:

૧. ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના મકાન માટે ૧૫ ટકા.

૨. સાયકોલોજી ડિપાર્ટમેન્ટના મકાન માટે ૧૫ ટકા.

૩. રેવન્યુ ફ્રી ગ્રાન્ટની જમીન મેળવવા માટેનાં પ્લાન્સ માટે કાંઇ આપવું નહિ.

૪. સ્ટાફ ક્વાર્ટર્સના પ્લાન માટે લમ્પસમ રૂા. ૫૦૦, ડાયરેક્ટરના બંગલાના પ્લાન માટે રૂા. ૨૦૦, સાયકલ સ્ટેન્ડ માટે ૧૫ ટકા, સેનેટ હોલ માટેના પ્લાન્સ માટે ઉચ્ચક રકમ રૂા. ૧૭,૦૦૦ અને રોડ પ્લાન્સ તૈયાર કર્યા તે માટે કાંઇ આપવું નહિ.

સેનેટ હોલના સાઇટ પ્લાન્સ અંગે.

૪. ત્યારબાદ સભાની સંમતિથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે સેનેટ હોલનો સાઇટ પ્લાન્સ આર્કિટેક્ટ શ્રી. બી. વી. દોશીએ બનાવેલો સભા સમક્ષ મૂકવામાં આવેલો છે તે પ્રમાણે મંજૂર કરવા તેમજ પ્રિન્સિ. આર્ટ્યાએ સૂચવેલા સુધારા ધ્યાનમાં લઇ તેમાં જરૂરી ફેરફાર કરી સિન્ડિકેટને મંજુરી માટે ભલામણ કરવી.

વિસ્તૃત ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:–

૧. કોન્વોકેશન હોલ યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગના આગળના ભાગમાં બાંધવો.

૨. કોન્વોકેશન હોલ આશરે રૂપિયા દસેક લાખના ખર્ચમાં બાંધી શકાય તે રીતે બાંધવો.

૩. ઉપરના મુદ્દાઓ ૧ અને ૨ લક્ષમાં લઇને આ હોલ આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગન્જરે તૈયાર કરેલા પ્લાન્સમાં યથોચિત ફેરફાર કરીને બાંધી શકાય એમ હોય અને તેમ કરવામાં પ્લાન્સમાં જરૂરી ફેરફાર કરવા પડે તો તે કરવાને આ બાબત પર બિલ્ડીંગ કમિટીનો અભિપ્રાય મંગાવવો.

૪. મજકૂર કોન્વોકેશન હોલ બાંધવા માટે શ્રી. ગન્જરના પ્લાન્સ કામમાં ન આવે તો તે પ્લાન્સ તૈયાર કરાવવા માટે કેટલો ખર્ચ યુનિવર્સિટીને થશે તે જણાવવા માટે બિલ્ડીંગ કમિટીને વિનંતી કરવી.

(નોંધ:–કોન્વોકેશન હોલના પ્લાન્સ તૈયાર કરવા માટે આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગન્જરને કેટલું મહેનતાણું આપવું તેનો નિર્ણય ઉપરના મુદ્દાઓ નક્કી થાય તે પછી લેવામાં આવશે.)

૫. લાયબ્રેરી બિલ્ડીંગના એક્સ્ટેન્સન માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી રૂપિયા દોઢ લાખની જે ગ્રાન્ટ ઓફર કરવામાં આવી છે તે માટે યુનિવર્સિટીની વધતી જતી જરૂરિયાતો

સમજાવીને આ ગ્રાન્ટ યુનિવર્સિટીના એક સ્વતંત્ર પુસ્તકાલય માટે ભંડોળમાં જમા લેવા માટે મંજૂરી આપવા લખી પૂછાવવું.

૨. યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સના પ્લાન તૈયાર કરાવવા માટે તથા તે ક્વાર્ટર્સના સુપરવિઝન માટે આર્કિટેક્ટ શ્રી. બી. વી. દોશીને નીચેના દરે કામ સોંપવું :

પ્રત્યેક પ્રકારના પહેલા મકાનના પ્લાન તથા સુપરવિઝન માટે ખર્ચના ૩॥ ટકા;

તે પછીના રીપીટેશન્સ અને સુપરવિઝન માટે કુલ ખર્ચનો ૦॥ ટકા.

(નોંધ :-૧. પહેલા મકાનના પ્લાન અને તેના સુપરવિઝન માટે ૬॥ ટકા નક્કી કરવામાં આવ્યા છે. તે પ્રત્યેક પ્રકારના પ્લાન માટે અલગ અલગ રહેશે.

૨. શ્રી. દોશીને દર અંગેની ઉપર જણાવેલી સ્પષ્ટતા કરવી તથા તે અંગે તેમની સ્વીકૃતિ મેળવવી.)

૩. આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની ભલામણ પ્રમાણે શ્રી. ગજ્જરને નીચે પ્રમાણે મહેનતાણું આપવું.

૧. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે ૧॥ ટકા;

૨. મનોવિજ્ઞાન ભવનના મકાન (માળ) માટે ૧। ટકા;

૩. રેવન્યૂ-ફ્રી ગ્રાન્ટની જમીન મેળવવા માટે કાંઈ આપવું નહિ;

૪. સ્ટાફ ક્વાર્ટર્સના પ્લાન માટે, ડાયરેક્ટરના બંગલાના પ્લાન માટે તથા સાયકલ સ્ટેન્ડ માટે તેમજ સેનેટ હોલ માટેના પ્લાન માટે શ્રી. ગજ્જરને શું મહેનતાણું આપવું તે પ્રશ્ન પર નિર્ણય લેવાનું મોકૂફ રાખવામાં આવ્યું હતું.

૪. કોન્વોકેશન હોલ યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગના આગળના ભાગમાં બાંધવા ઉપર બાબત નં. (૧) પ્રમાણે ઠરાવવામાં આવ્યું હોવાથી આ બાબતમાં હવે કશું કરવાપણું રહેતું નથી.

૩. તા: ૨૩-૮-૫૭ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની સભામાં સ્ટાફ ક્વાર્ટર્સના પ્લાન વિ. બનાવવાનું કામ શ્રી. દોશીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી છે પરંતુ આ બાબતની વિચારણા સિન્ડિકેટે તેની ગઈ સભામાં મોકૂફ રાખી હતી. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને ત્યારબાદ જણાવ્યું છે કે લોનનો કેટલો ભાગ નોનટીચીંગ સ્ટાફ માટે રાખવામાં આવે તો વાંધો નથી એટલે ફક્ત ટીચીંગ સ્ટાફ માટે જ લોન વાપરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તો પ્લાન્સ વગેરે બનાવવા માટે આગળ શું પગલા લેવા તે વિચારવા બાબત.

(નોંધ :-શ્રી. ગજજરે કરેલા પ્લાન્સ નીચે મુજબ છે :—

અનુક્રમ નંબર	ક્વાર્ટર્સની જાત	સંખ્યા :	અંદાજી બાંધકામ ખર્ચ	અંદાજી કુલ ખર્ચ
૧.	"બી" ટાઇપ રૂ. ૨૫૦ કે તેથી વધુ પગાર મેળવનાર સભ્ય માટે.	૪	રૂ. ૧૨,૦૦૦	રૂ. ૪૮,૦૦૦
૨.	"સી" ટાઇપ સ્ટેનો, હેડક્લાર્ક, સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક માટે.	૧૬	રૂ. ૧૦,૦૦૦	રૂ. ૧,૬૦,૦૦૦
૩.	"ડી" ટાઇપ પટાવાળા, હમાલ વગેરે માટે.	૨૦	રૂ. ૪,૦૦૦	રૂ. ૮૦,૦૦૦
				રૂ. ૨,૮૮,૦૦૦

બિલ્ડીંગ કમિટીએ શ્રી. દોશી પાસે નવા પ્લાન્સ બનાવવાની ભલામણ કરી છે અને ઉપરોક્ત એસ્ટીમેટસ બનાવ્યા પછી બાંધકામનો સામાન વગેરેમાં થયેલા વધારાને લીધે આંકડાઓ ફરીથી બનાવવાના રહેશે).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સ્ટાફ ક્વાર્ટર્સ ટીચીંગ અને નોન -ટીચીંગ બન્ને પ્રકારના સ્ટાફ માટે બાંધવાની છૂટ આપેલી છે તે જોતાં પ્રત્યેક પ્રકારના ક્વાર્ટર્સની સંખ્યામાં નીચે પ્રમાણે ફેરફાર કરવા :

અનુક્રમ	ક્વાર્ટર્સનો પ્રકાર	સંખ્યા :	અંદાજી બાંધકામ ખર્ચ પ્રત્યેક બ્લોક માટે :	અંદાજી કુલ ખર્ચ
૧.	"બી" ટાઇપ-રૂ. ૨૫૦ કે તેથી વધારે પગાર મેળવનાર સભ્યો માટે.	૧૦	રૂ. ૧૨,૦૦૦	રૂ. ૧, ૨૦,૦૦૦
૨.	"સી" ટાઇપ-સ્ટેનો-ગ્રાફર, હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક માટે.	૧૦	રૂ. ૧૦,૦૦૦	રૂ. ૧,૦૦,૦૦૦
૩.	"ડી" ટાઇપ-પટાવાળા, હમાલ, વગેરે માટે.	૧૨	રૂ. ૪,૦૦૦	રૂ. ૪૮,૦૦૦
			કુલ	રૂ. ૨,૧૮,૦૦૦

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

(નોંધઃ-કુલ ખર્ચ ઉપર મુજબ રૂા. ૨,૬૮,૦૦૦ નો અંદાજવામાં આવ્યો છે, પણ બાંધકામની સામગ્રીના ભાવોમાં જે વધારો થયો છે તે જોતાં આ ખર્ચ રૂપિયા ત્રણ લાખ સુધીની મર્યાદામાં આવી જાય તે અપેક્ષાએ ક્વાર્ટર્સની સંખ્યા ઉપર મુજબ ઠરાવવામાં આવી છે.)

૪. સેનેટ હોલના પ્લાન્સ વગેરે બનાવવા માટે સિન્ડિકેટે તેની તારીખ ૨૦/૨૧-૭-૫૭ની મિટીંગમાં શ્રી. દોશીને આર્કિટેક્ટ તરીકે નીમવાનું ઠરાવેલ છે. આ કામ માટે તેઓ અંદાજી ખર્ચના ૩॥ ટકા મહેનતાણું માગે છે તો તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોન્વોકેશન હોલ બાંધવા માટે આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજજરે બનાવેલા પ્લાન્સનો ઉપયોગ થઇ શકે કે કેમ ? અથવા ન થઇ શકે તેમ હોય તો શું કરવું તે આગળ બાબત નં. ૨ ના પેટા વિભાગની કલમ (૩) (૪) માં ઠરાવ્યા પ્રમાણે બિલ્ડીંગ કમિટીને પૂછાવ્યું હોવાથી આ બાબત પરત્વે હવે કશું કરવાપણું રહેતું નથી.

૫. સિન્ડિકેટે આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની નિમણૂક માટે નીમેલી વરણી સમિતિની તા. ૨-૯-૫૭ની કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિની ભલામણ અનુસાર શ્રી. પી. એફ. પટેલ - આ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ લાયબ્રેરિયન તરીકે શરૂઆતના માસિક રૂા. ૨૦૦ ના બેઝીક પગારથી રૂા. ૨૦૦-૧૦-૨૫૦-ઇબી-૧૫-૪૦૦ના પગાર ધોરણમાં નીમવા.

૬. પુસ્તકોની પ્રસિદ્ધિ અંગે યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવા અંગેની યોજના અંગે ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલા તા. ૧૪-૮-૫૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ-પત્રમાં નીચે પ્રમાણે શરતો જણાવી છે :—

(a) that the amount of the loan to any University should depend on the amount required by it for expenditure on preparation and publication of text books in regional languages for college students, subject to a maximum amount of Rs 50,000/-.

(b) that the loan will be repayable to Government within a period of 10 years, the first repayment commencing from the second anniversary of the drawal of the loan by the University.

(c) that it is left to the Universities to commission eminent scholars to write fresh text books or to get standard text books translated into Regional languages by competent persons.

(d) that the copy right of the books should vest in the University, the authors or translators being paid suitable remuneration, in a lumpsum,

(e) that the selling price of the books should be fixed at the minimum possible level, taking into consideration the total cost of production plus administrative charges which the University will have to incur.

(f) that the loan must not remain unutilised with the University for more than two years from the date of advancement. Otherwise Government would charge interest at the usual rate.

In the circumstances I request you to let this office know whether your University desires a loan for the preparation and publication of text-books in regional languages and if so, the amount of loan it would like to have during 1958-59 subject to an upper limit of Rs. 50,000/-.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. સેનેટ સભ્ય શ્રી. સી. સી. શાહ તરફથી આવેલા નીચેના પ્રશ્નો ઉપર વિચારણા કરવા બાબત :

૧. માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યકત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમજ પાઠ્યપુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઇએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિષે પોતાની ઉંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પુસ્તકો તૈયાર કરાવવા સારુ તેમજ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનો સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં ક્રમશઃ પણ અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજનાને સમયપત્રક ઘડી કાઢવા સારુ વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિશે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકુળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોકકસ ભલામણો કરવા સારુ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે મે ૧૯૫૮ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

૨. પ્રથમ સ્નાતક પદવી માટે ત્રણ વર્ષના અભ્યાસક્રમોની યોજના અપનાવ્યા પછી નક્કી કરેલી મુદતથી એનો અમલ થઈ શકે એ પ્રમાણે આવશ્યક પૂર્વ તૈયારી કરવામાં ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો નિષ્ફળ નિવડયા એ માટે સેનેટની આ સભા પોતાનો અસંતોષ વ્યકત કરે છે ને હવે સઘળી તૈયારી કરવાને પૂરતો અવકાશ રહે એ રીતે એ યોજનાને અમલમાં મૂકવા માટેની તારીખ મુકરર કરવા અને તે માટે ઘટતો પ્રબંધ કરવાને જરૂરી ચક્રો વેળાસર કરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા સિન્ડિકેટની હવે પછીની સભા પર મુલતવી રાખવી અને તે વખતે આ બાબતને "ટોપ પ્રાયોરિટી" આપવી.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

૮. તા. ૩ જી સપ્ટેમ્બર ૧૯૫૭ અને તા. ૫-૧૧-૧૯૫૭ ના રોજ મળેલી પરીક્ષામાં ગેર વ્યાજબી ઇલાજો લીધા હોય તેવા વિદ્યાર્થીઓના કેસોના નિકાલ અંગેની તથા ઓફિસ અથવા પરીક્ષકોની ભૂલો અંગેના રિપોર્ટો નો નિકાલ કરવા અંગેની સમિતિની નોંધો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની તા. ૩-૯-૧૯૫૭ અને તારીખ ૫-૧૧-૧૯૫૭ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (બન્ને સભાઓના કામકાજની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯ બરોડા ડીસ્ટ્રીકટ એજ્યુકેશન સોસાયટી, ડભોઇ તરફથી ઇન્ટર આર્ટસ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે શરૂ કરનારી નવી કોલેજના જોડાણ અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ અને પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી.

૧૦ સમાજ વિદ્યાભવનમાં રીડર ઇન લેબર વેલ્ફેરની જગા પૂરવા માટે સિન્ડિકેટે નિમેલી વરણી સમિતિની તા. ૨૭-૯-૫૭ના રોજ મળેલી બેઠકની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિની ભલામણ અનુસાર નીચેની શરતે શ્રી. ફિલિપ થોમસની સમાજવિદ્યાભવનમાં રીડર ઇન લેબર વેલ્ફેરની જગાએ શરૂઆતના રૂા. ૫૦૦ના બેઝીક પગારથી રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગાર ધોરણમાં નિમણૂક કરવી.

મુંબઇ ખાતે ઔદ્યોગિક ક્ષેત્રનો બે માસની તાલીમ પોતાના ખર્ચે લેવી તથા આ ઔદ્યોગિક ક્ષેત્રની પસંદગી સમાજવિદ્યાભવનના અધ્યક્ષના સલાહ સૂચન અનુસાર તેમણે કરવી.

૧૧. સમાજ વિદ્યાભવનમાં લેકચરર ઇન લેબર વેલ્ફેરની જગા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૮-૧૦-૫૭ના રોજ મળેલી બેઠકના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત

(નોંધ :- ઇન્ટરવ્યુ માટે આવેલા ઉમેદવારો પૈકી કોઇપણ ઉમેદવાર મજકૂર જગા માટે સમિતિને નિમણૂક માટે લાયક જણાયો નહતો.)

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિની ભલામણ અનુસાર સમાજ વિદ્યાભવનના લેકચરર ઇન લેબર વેલ્ફેરની જગા માટે ફરીથી જાહેર ખબર આપીને અરજીઓ મંગાવવી.

૧૨. લેકચરર ઇન સ્ટેટીસ્ટીકસની જગા પૂરવા માટે આવેલી અરજીઓમાંથી ઇન્ટરવ્યુ લઈ સિન્ડિકેટને આ જગા પૂરવા માટે ભલામણો કરવા સમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની એડ હોક વરણી સમિતિ નીમવી:

૧. ડો. વિક્રમ સારાભાઇ
૨. શ્રી. એસ. એમ. શાહ
૩. પ્રોફેસર બી. આર. શેનોય
૪. શ્રી. ડી. જી. વશી

૧૩. મદ્રાસ ખાતે તા. ૨૭થી૩૧મી ડિસેમ્બર સુધી મળનારા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ એજ્યુકેશનલ એસોસિએશનના ૩૨મા અધિવેશન માટે યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર એસોસિએશનના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-આ અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરને મજકૂર કોન્ફરન્સની રીસીપ્શન કમિટી તરફથી જુદું આમંત્રણ પણ મળ્યું છે. તેમાં તેઓએ શ્રી. વાઇસ-ચાન્સેલર હાજર ન રહી શકે તો પ્રતિનિધિઓ નીમવા માટે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇને મોકલવા અને સંજોગવશાત તેઓ જઈ શકે તેમ ન હોય તો શ્રીમતી સુમિત્રાબેન એન. દેસાઇને મોકલવા.

૧૪. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ જોગ્રાફર્સ તરફથી તા. ૪ જાન્યુઆરી થી ૧૦મી જાન્યુઆરી સુધી મદ્રાસ ખાતે મળનારી તેમની વાર્ષિક સભામાં "ધી રોલ ઓફ જોગ્રાફર્સ ઇન ટાઉન પ્લાનીંગ" એ વિષય ઉપર યોજનારા સેમિનાર માટે યુનિવર્સિટીને એક પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર કાઉન્સિલના પ્રમુખ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-મજકૂર સેમિનાર (પરિષદ) ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસની સાથેજ મદ્રાસમાં તા. ૪ જાન્યુઆરી થી ૧૦ મી જાન્યુઆરી સુધી મળનાર છે. સાયન્સ કોંગ્રેસમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે સિન્ડિકેટે નીચેના ગૃહસ્થોને નિમ્યા છે.

૧. ડો. કે. જી. નાયક
૨. ડો. વાય. જી. નાયક
૩. ડો. આર. ડી. દેસાઇ)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનાર માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ સી. ડી. દેશપાંડેને મોકલવા અને સંજોગોવશાત તેઓ જઇ શકે તેમ ન હોય તો પ્રોફેસર એસ. પી. મુકર્જીને મોકલવા.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૧/૧૭-૧૧-૫૭

૧૫. ઇન્ડિયન મેથેમેટીકલ સોસાયટીની ૧૯૫૭ ના ડિસેમ્બરની તા. ૨૬ થી ૨૮ સુધી કટક ખાતે મળનારી ૨૩ મી વાર્ષિક સભા માટે યુનિવર્સિટીના મેથેમેટિકસ ડિપાર્ટમેન્ટના ઓફિસરોને પ્રતિનિધિ તરીકે મોકલવા માટે મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની તેવીસમી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. સી. વૈદ્યને મોકલવા.

૧૬. ઓલ ઇન્ડિયા ઇંગ્લીશ ટીચર્સ કૉન્ફરન્સના તા. ૨૯ થી ૩૧ મી ડિસેમ્બર સુધી હૈદ્રાબાદ ખાતે મળનારા આઠમા અધિવેશન માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર કૉન્ફરન્સના માનદ સ્થાનિક મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓલ ઇન્ડિયા ઇંગ્લીંશ ટીચર્સ કૉન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ કે. એલ. દેસાઈને મોકલવા.

૧૭. ઇન્ડિયન કૉન્ફરન્સ ઓફ સોશિયલ વર્કના ઇન્સ્ટિટ્યુશનલ મેમ્બર થવા માટે તેમજ મજકૂર કૉન્ફર-સની ૨૮મી ડિસેમ્બર ૧૯૫૭થી ૧ જાન્યુઆરી ૧૯૫૮ સુધી મદ્રાસ ખાતે મળનારી દશમી વાર્ષિક સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા માટે મજકૂર કૉન્ફરન્સના માનદ સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૮. વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૩૦ ડિસેમ્બર ૧૯૫૭ તથા ૧ જાન્યુઆરી ૧૯૫૮ના રોજ મળનારી ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસના ૧૨માં અધિવેશન માટે સિન્ડિકેટે પ્રો. ડી. એન. પાઠકની પ્રતિનિધિ તરીકે નિમણુંક કરી હતી પરંતુ તેઓ ઓલ ઇન્ડિયા પોલિટિકલ કૉન્ફરન્સમાં હાજરી આપવાના હોઈ ઉપર જણાવેલ અધિવેશનમાં હાજર રહી શકશે નહિ તો પ્રો. ડી. એન. પાઠકના જગ્યાએ બીજા પ્રતિનિધિની નિમણુંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસના બારમા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ડી. એન. પાઠકની જગ્યાએ ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રીને મોકલવા.

૧૯. મુંબઇ ખાતે નાતાલની રજાઓમાં યોજાનાર સેમિનાર "Education and Inter regional understanding" **પ્રસંગે આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ ધરાવતા બે શિક્ષકો તેમજ બે વિદ્યાર્થીઓને નિયુકત કરવા બાબતનો વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ બોમ્બે કમિટીના સેક્રેટરી તરફથી તા. ૫ મી ઓકટોબર ૧૯૫૭ ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનારમાં કોર્ટ પ્રતિનિધિને મોકલવો નહિ.

૨૦. ૧૯૫૮ નાં વર્ષ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂંક કરવા માટેની ભલામણો કરવા માટે જુદી જુદી ફેકલ્ટીઓની એકઝામીનેશન્સ કમિટીઓમાં ઓ–૬૭ મુજબ સિન્ડિકેટ તરફથી બબ્બે સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:—૧૯૫૭ની પરીક્ષાઓ માટે એકઝામીનેશન્સ કમિટીમાં નીચેના સભ્યો સિન્ડિકેટ તરફથી નીમવામાં આવ્યા હતા.

૧. **આર્ટ્સ ફેકલ્ટી:–** ૧. શ્રી. ઝીણાભાઇ આર. દેસાઇ
૨. શ્રી. ઉમાશંકર જોશી

(નોંધ:–પ્રિન્સિ. એલ. આર. દેસાઇ એકેડેમિક કાઉન્સિલ તરફથી નીમાયા છે. ૧૯૫૮ માટે.)

૨. **સામાન્ય ફેકલ્ટી:–** ૧. પ્રિન્સિ. ડો. કે. જી. નાયક
૨. શ્રી. એસ. એમ. શાહ

૩. **ટેકનોલોજી ઇન્કલ્યૂડીંગ: ૧. પ્રિન્સિ. ડો. કે. જી. નાયક**
એન્જિનીયરીંગ ફેકલ્ટી: ૨. પ્રિન્સ. એસ. વી. દેસાઇ

૪. **લૉ ફેકલ્ટી:–** ૧. પ્રિન્સિ. એમ. એમ. દાકોર
૨. શ્રી. બિહારીલાલ પી. શાહ

(નોંધ:–૧. શ્રી. એચ. પી. શુકલ ડીન હોવાથી આપો આપ સભ્ય થાય છે જ. ૧૯૫૮ માટે
૨. શ્રી. બકુભાઈ દેસાઇ એકેડેમિક કાઉન્સિલ તરફથી નિમાયા છે. ૧૯૫૮ માટે.)

૫. **મેડિકલ ફેકલ્ટી :–** ૧. ડો. મોતીભાઇ ડી. પટેલ
૨. ડો. ભાસ્કર આર. પટેલ

(નોંધ :– ડો. નાનુભાઇ દેસાઈ ડીન હોવાથી આપોઆપ સભ્ય થાય છે જ. ૧૯૫૮ માટે.)

૬. **કોમર્સ ફેકલ્ટી :–** ૧. શ્રી. નવનિતલાલ એસ. શોધન
૨. શ્રી. દેવેન્દ્ર જે. જોશી

(નોંધ :– પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ એકેડેમિક કાઉન્સિલ તરફથી નિમાયા છે. ૧૯૫૮ માટે.)

૭ **આયુર્વેદિક મેડિસિન ફેકલ્ટી:** ૧. ડો. નાનુભાઈ આર. દેસાઇ
૨. ડો. મોતીભાઇ ડી. પટેલ

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૮ના વર્ષ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

નિમણૂંક કરવા માટેની ભલામણો કરવા માટે જુદી જુદી ફેકલ્ટીઓની એકઝામિનેશન કમિટીઓ ઉપર ઓર્ડિનન્સ ૬૭ મુજબ સિન્ડિકેટના બબ્બે સભ્યોની નીચે પ્રમાણે નિમણૂક કરવી.

૧.	આર્ટસ ફેકલ્ટી:	૧. શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ ૨. શ્રી. ઉમાશંકર જોશી
૨.	સાયન્સ ફેકલ્ટી:	૧. પ્રિન્સિપલ ડો. કે. જી. નાયક ૨. શ્રી. એસ. એમ. શાહ
૩.	ટેકનોલોજી ઇન્કલ્યૂડીંગ એન્જીનીયરીંગ ફેકલ્ટી	૧. પ્રિન્સિપલ ડો. કે. જી. નાયક ૨. ડો. વિક્રમ સારાભાઈ
૪.	લો ફેકલ્ટી:	૧, પ્રિન્સિપલ એમ. એમ. દાકોર ૨. શ્રી. બિહારીલાલ પો. શાહ

(નોંધ:—૧. શ્રી. હિંમતલાલ પી. શુકલ ડીન હોવાથી આપોઆપ સભ્ય થાય છે ૧૯૫૮ માટે.

૨. શ્રી. બટુભાઇ દેસાઈ એકેડેમિક કાઉન્સિલ તરફથી નિમાયા છે. ૧૯૫૮ માટે.)

૫.	મેડિકલ ફેકલ્ટી :	૧. ડો. મોતીભાઇ ડી. પટેલ ૨. ડો. ભાસ્કર આર. પટેલ

(નોંધ :- ડો. નાનુભાઈ ૨. દેસાઈ ડીન હોવાથી આપોઆપ સભ્ય થાય છે જ-૧૯૫૮ માટે.)

૬.	કોમર્સ ફેકલ્ટી :	૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન ૨. શ્રી. એસ. એમ. શાહ

(નોંધ :- પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ એકેડેમિક કાઉન્સિલ તરફથી નિમાયા છે-૧૯૫૮ માટે.)

૭.	આયુર્વેદિક મેડિસિનની ફેકલ્ટી	૧. ડો. નાનુભાઇ આર. દેસાઇ ૨. ડો. મોતીભાઇ ડી. પટેલ.

૨૧. યુનિવર્સિટીના ૧૯૫૫-૫૬ના હિસાબો ઉપર આવેલી ઓડિટ નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ઓડિટ નોંધના જવાબોનો મુસદ્દો મંજૂર કરવો. (જવાબોના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૨. ૧૯૫૭ ના બીજા છમાસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેર વ્યાજબી કલાકો (અનફેર મીન્સ) લીધા હોય તેવા કેસો તથા પ્રાક્ટિકો, સુપરવાઇઝરો યુનિ. ઓફિસ સ્ટાફના સભ્યો વિ. ભૂલો કરે તેમના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટેની સમિતિની નિમણૂંક કરવા બાબત.

(**નોંધ**:–૧૯૫૭ ના પ્રથમ છમાસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ માટે આ અંગે નીચે મુજબની સમિતિ સિન્ડિકેટે નીમી હતી.

૧. શ્રી. વાઇસ–ચાન્સેલર, ૨. શ્રી. બટુભાઇ હ. દેસાઇ, ૩. શ્રી. એસ. એમ. શાહ, ૪. પ્રિન્સિ. એસ. વી. દેસાઇ.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭ ના ઉતરાર્ધ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો લીધા હોય તેમના કેસો તથા પ્રાંશિકો, સુપરવાઇઝરો, યુનિવર્સિટી કાર્યાલયના સભ્યો, વગેરેની ભૂલોના કેસો પર વિચારણા કરીને સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિ નીમવી.

૧. શ્રી. વાઇસ–ચાન્સેલર

૨. શ્રી. બટુભાઇ હ. દેસાઇ

૩. શ્રી. એસ. એમ. શાહ

૪. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ

૨૩. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે વ્યાખ્યાતાની પસંદગી માટે સિન્ડિકેટે નીમેલી કમિટી ઉપર કામ કરવા શ્રી. આર. સી. પરીખે અસંમતિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ કોઇ અન્ય સભ્યની નિમણૂંક કરવા બાબત.

(નોંધ :–કોઇપણ એક ગુજરાતી વિદ્વાન જે સાહિત્ય અને ઇતિહાસ બંનેમાં રસ ધરાવતા હોય તેમની નિમણૂક કરવી એવું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. પરીખની જગ્યાએ મજકૂર સમિતિ પર પ્રિન્સિપલ ડોલરરાય ર. માંકડની નિમણૂંક કરવી.

૨૪. એમ. એન. કોલેજ, વિસનગરના અનુસ્નાતક કેન્દ્રોના ૧૯૫૬-૫૭ના વર્ષના આવક જાવકના સ્ટેટમેન્ટ તપાસતાં ઓફિસે તારવેલા નીચેના મુદ્દાઓ ઉપર વિચારણા કરવા બાબત :

૧. સંસ્કૃતના વિષય માટે રૂા. ૬૫નો ફ્રીશિપ આપી છે જે નિયમ કરતાં રૂા. ૩૦ વધારે છે. આમ થવાનું કારણ ગુજરાતી અને સંસ્કૃત વિષયની ફી ભેગી ગણીને ફ્રીશિપ આપવામાં આવી હતી એમ કોલેજ તરફથી જણાવાયું છે.

૨. પુસ્તકો માટે રૂા. ૩૦૦નો ખર્ચ કરેલ છે પણ તે માટે નિયમ મુજબ પહેલેથી પરવાનગી લેવામાં આવી નથી હવે ખાસ કેસ તરીકે તે ખર્ચ મંજૂર કરવાની પરવાનગી કોલેજ તરફથી માંગવામાં આવી છે.

અને

૨૫. વી. એસ. હોસ્પિટલના અનુસ્નાતક કેન્દ્રનું ૧૯૫૬-૫૭ના વર્ષનું આવક જાવકનું સ્ટેટમેન્ટ તપાસતાં રૂા. ૧૦૩-૧૫-૦ની બચત જણાય છે પરંતુ ખર્ચ બાબતમાં રૂા. ૧૩૯૦-૧-૦ પુસ્તકો ખરીદાયા બાબતની આઈટમ છે. આ પુસ્તકોની ખરીદી અંગે સિન્ડિકેટની મંજૂરી મળવાઈ નથી તો તેને મંજુર કરવા બાબત.

(નોંધઃ-ઉપરની પુસ્તક ખરીદીની રકમ બાદ કરતાં કુલ બચત રૂા. ૧૪૯૪-૧-૦ ની હતી પરંતુ તેમાંથી ઉપર મુજબ રૂા. ૧૩૯૦-૧--૦ ના પુસ્તકો ખરીદાં હોવાથી આખરી બચત રૂા. ૧૦૩-૧૫-૦ છે.)

અને

૨૬. ગુજરાત કોલેજ, અમદાવાદમાં અનુસ્નાતક કેન્દ્રોનું ૧૯૫૬-૫૭ ના વર્ષનું આવક જાવકના સ્ટેટમેન્ટ ઉપર વિચારણા કરવા બાબત. આ સ્ટેટમેન્ટમાં નીચેની ચાર બાબતો પર નિર્ણય કરવો જરૂરી છે.

૧. હિસ્ટ્રીના સેન્ટરમાં સ્કોલરશિપ માટે રૂા. ૫૪૦ ખર્ચ કરેલ છે જે નિયમ કરતાં રૂા. ૭૨-૮-૦ વધારે છે કારણ માટે જણાવે છે કે આ બાબતનો પરિપત્ર મોડો મળ્યો હતો.

૨. મેથેમેટીકસમા ફ્રીશીપ રૂા. ૬૦૦ આપી છે જે નિયમ કરતાં રૂા. ૧૭૩-૭૫ વધારે આપેલ છે કારણમાં જણાવે છે કે ફ્રીશીપ તેમજ સ્કોલરશિપ ભેગી ગણીને આપી છે.

૩. ઓફિસ ખર્ચ માટે નિયમ પ્રમાણે રૂા. ૨૬૩. ખર્ચ કરી શકાય જ્યારે રૂા. ૬૭૦ ખર્ચવામાં આવ્યા છે જે નિયમ કરતાં રૂા. ૪૦૭ વધારે છે.

૪. ટપાલ ખર્ચ માટે નિયમ પ્રમાણે રૂા. ૮૬.૧૦ ખર્ચ કરી શકાય પણ રૂા. ૮૭૦૫ ખર્ચ કરેલ છે જેથી નિયમ કરતાં રૂા. ૪.૫૫ વધારે ખર્ચ થાય છે. નં. ૩ અને ૪ માટે જણાવે છે કે આ બાબતનો પરિપત્ર મોડો આવ્યો હતો પણ હવેથી નિયમ કરતાં ખર્ચ વધારે કરવામાં આવશે નહિ.

અને

૨૭. સિન્ડિકેટે તેની તા. ૨૮-૬-૫૭ની સભામાં એચ. એસ. કોલેજ ઓફ કોમર્સના અનુસ્નાતક કેન્દ્રનું અંદાજપત્ર મંજુર કર્યું હતું તેમાં રૂા. ૫૦૦.ના ફરનીચરની જોગવાઇ પણ છે. સાધારણ રીતે ફરનીચર ખરીદવા અંગે કોઇ કોલેજને પરવાનગી આપવામાં આવી નથી તેમજ અત્યાર સુધી ફરનીચર અંગે આવેલી બધી માંગણીઓ સિન્ડિકેટે નકારી છે તો તે અંગે ફરી વિચારણા કરવા બાબત.

અને

૨૮. એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારીના પ્રિન્સિપાલ તરફથી કોલેજ મજદૂરના અનુસ્નાતક કેન્દ્રના સન ૧૯૫૭-૫૮ના બજેટમાં અંદાજે રૂા. ૨૧૭૬.૨૫નો જે વધારો

(સરપ્લસ) રહેવા સંભવ છે તેનો ઉપયોગ ૧. અનુસ્નાતક અભ્યાસ અંગે પુસ્તકો ખરીદવા તેમજ ૨. પ્રયોગશાળાના ઉપયોગ માટેનાં સાધનો અને ખાસ કરીને પ્રાયોગિક માનસશાસ્ત્રની પ્રયોગશાળા (Experimental Psychology) માટેનાં સાધનો ખરીદવા અંગે કરવા પરવાનગી આપવા બાબત માંગણી કરતા પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયકોલોજી હવે ચાલુ થયેલ હોવાથી તેમજ તેનો ઉત્તરો ઉત્તર વિકાસ થતો અને થનાર હોવાથી ઉપર પ્રમાણે માગણી અંગે મંજૂરી અપાય કે કેમ તે પ્રશ્ન વિચારવાનો છે.)

અને

૨૯. એમ. ટી. બી. કોલેજ, સુરતના અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૫૬-૫૭ના વર્ષમાં વધેલી રકમ રૂા. ૩૬૦૦ તથા ચાલુ વર્ષમાં બચનારી રકમ રૂા. ૨૪૦૦ વધશે તેમાંથી નીચે મુજબની વસ્તુઓ ખરીદવા અંગે પરવાનગી આપવા માટે મજકૂર કોલેજ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. પુસ્તકો રૂા. ૧૮૫૦

૨. સામયિકો રૂા. ૪૦૦

(**નોંધ**:- ઉપરોકત રકમ પૈકી રૂા. ૨૦૦ મંજૂર થઇ ગયા છે એટલે વધારાના રૂા. **૨૦૫૦** મંજૂર કરવાના છે.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ના જુદાં જુદાં અનુસ્નાતક કેન્દ્રોના કોઇપણ ચાલુ વર્ષ દરમિયાન વર્ષની શરૂઆતમાં કેન્દ્રના અંદાજપત્રમાં ખર્ચ કરતાં આવકનો જે વધારો અડસટ્ટામાં આવે તે વધારાના ૫૦ ટકા જેટલો ખર્ચ કરવાની કેન્દ્રોની માગણી મંજૂર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૨. અનુસ્નાતક કેન્દ્રોના ૧૯૫૬-૫૭ના વર્ષના હિસાબોમાં ચાલુ વર્ષનો વધારો મજરે લઇ શકાય તે શરતે કેન્દ્રોએ ૧૯૫૬-૫૭ના વર્ષમાં કરેલા ખર્ચને મંજૂર કરવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૩. કોઇપણ અનુસ્નાતક કેન્દ્રમાં વર્ષને અંતે જે વધારો રહ્યો હોય તે વધારા પેટે પુસ્તકો ખરીદવા માટે વર્ષને આખરે મંજૂરી આપવા માટે શ્રી. વાઇસ ચાન્સેલરને સત્તા આપવી.

(**નોંધ**:-બાબત નં. ૩૦ ની વિચારણા કરતા પહેલાં બાબત નં. ૩૧ ની વિચારણા કરવામાં આવી હતી.)

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

૩૧. સ્ટે. ૧૧૮ (૪) અનુસાર બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ પરના સિન્ડિકેટે નીમેલા બે સભ્યોની મુદત તા. ૬-૧૦-૫૭ ના રોજ પૂરી થાય છે તો મજકૂર બોર્ડ પર બે સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. સ્ટે. ૧૧૮ (૪) નીચે પ્રમાણે છેઃ-

Two members nominated by the Syndicate for a period of three years.

૨. હાલ બોર્ડ પર બે સભ્યો નીચે પ્રમાણે છે :

૧. શ્રી. બી. કે. મુઝુમદાર
૨. શ્રી. એમ. પી. દેસાઈ)

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ પર સિન્ડિકેટ તરફથી નીચેના બે સભ્યોની નિમણૂંક કરવી.

૧. પ્રિન્સિ. ડો. કે. જી. નાયક અને ૨. ડો. વિક્રમ સારાભાઇ

૩૦ ઓર્ડિનન્સ ૧ (૪) અનુસાર પબ્લિકેશન બોર્ડ પરના સિન્ડિકેટે નીચે નોંધ ૧ માં દર્શાવ્યા પ્રમાણેના નીમેલા સાત સભ્યોની મુદત તા. ૬-૧૦-૫૭ના રોજ પૂરી થાય છે તો મજકૂર બોર્ડ પર સાત સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. ઓર્ડિ. ૧ (૪) નીચે પ્રમાણે છે.

Seven persons appointed by the Syndicate five of whom shall be from amongst the heads of the University Departments, Heads of recognised Institutions and Members of the Board of University Teaching.

૨. હાલ બોર્ડ પર સાત સભ્યો નીચે પ્રમાણે છેઃ—

૧. પ્રિન્સિ. એલ. આર. દેસાઇ
૨. પ્રિન્સિ. ડો. આર. પી. પટેલ
૩. શ્રી. એમ. પી. દેસાઈ
૪. પ્રિન્સિ. ડો. કે. જી. નાયક
૫. ડો. એમ. ડી. દેસાઈ
૬. પ્રિન્સ. જે. બી. સાન્ડિલ
૭. શ્રી. ઉમાશંકર જોશી.

આથી ઠરાવવામાં આવે છે કે પબ્લિકેશન બોર્ડ પર સિન્ડિકેટ તરફથી નીચેના સભ્યોની નિમણૂંક કરવી.

૧. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ
૨. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ
૩. ડૉ. વિક્રમ સારાભાઇ
૪. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૫. ડૉ. એમ. ડી. દેસાઇ
૬. પ્રિન્સિપલ જે. બી. સાન્ડિલ
૭. શ્રી. ઉમાશંકર જોશી

૩૨. સિન્ડિકેટની તા. 30 –૮–૫૭ ના રોજ મળેલી ખાસ સભાના આઇટમ ૫૭ ઉપર ઠરાવ થયા પ્રમાણે યુનિવર્સિટી જર્નલ માટે ફેકલ્ટીવાર સલાહકાર સમિતિઓ નીમેલી છે તેની પુનઃરચના કરવા બાબત અંગે આ બાબત નવેસર રજુ કરવા ઠરાવ્યા પ્રમાણે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– આ અંગે કાર્યાલયનું સૂચન છે કેઃ—

આ સમિતિઓ કાયમી હોવી જોઇએ અને તે જ્યારે એડિટોરીયલ બોર્ડમાં ફેરફાર થાય ત્યારે જ બદલવી જોઇએ.

હાલમાં એડિટોરીયલ બોર્ડ અથવા તો એડવાઇઝરી કમિટી માટે કોઈ સમય મર્યાદા નથી તો તે ત્રણ વર્ષની ઠરાવવી.

પણ જો કોઇ જગા ખાલી પડે તો તે એડવાઇઝરી કમિટી ઉપર જગા પૂરવાનો હક્ક એડિટોરીયલ બોર્ડને જ આપવો.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩૩. ઓર્ડિ. ૩૭ અનુસાર ગ્રાન્ટસ યુટિલાઇઝેશન કમિટી પરના સીન્ડિકેટ નીચે નોંધ ૧ માં દર્શાવ્યા પ્રમાણેના ૬ સભ્યોની મુદત તા. ૬–૧૦–૫૭ના રોજ પુરી થાય છે તો મજકૂર કમિટી પર ૬ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :–૧. ઓર્ડિ. ૩૭ નીચે પ્રમાણે છે :

The Grants Utilisation Committee shall consist of the Vice–Chancellor, the Rector, if any, and six other members appointed by the Syndicate for a period of three years.

૨. કમિટી પર છ સભ્યો હાલ નીચે પ્રમાણે છે :

૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક
૨. શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ
૩. શ્રી. એમ. પી. દેસાઇ
૪. ડૉ. એમ. ડી. પટેલ
૫. શ્રી. આર. સી. પરીખ
૬. ડૉ. કે. આર. રામનાથન

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટસ યુટિલાઇઝેશન કમિટી પર સિન્ડિકેટ તરફથી નીચેના સભ્યોની નિમણૂંક કરવી :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ
૩. ડૉ. વિક્રમ સારાભાઇ
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૫. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ
૬. ડૉ. કે. આર. રામનાથન

૩૪. ગુજરાત લૉ સોસાયટી તરફથી અમદાવાદ શહેરમાં એલ. એલ. બી. ડીગ્રી તથા લેબર લૉઝ અને ટેક્ષેશનના ડિપ્લોમાના અભ્યાસક્રમો શિખવવા માટે આવેલી જોડાણ અરજી સોસાયટીના તરફથી તેના બંધારણ અનુસાર અરજી કરવા માટે સેક્રેટરીને સત્તા આપવામાં આવે તે પહેલાં સેક્રેટરીએ કરેલી અરજી બાબતમાં સ્થાનિક તપાસ સમિતિના એક સભ્યના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ઉપરની અરજી ઉપર સહી કર્યા બાબતના મજકૂર સોસાયટીના ઓન. સેક્રેટરીના પગલાંને બહાલી આપતો ગવર્નીંગ બોડીનો ઠરાવ પાછળથી સ્થાનિક તપાસસમિતિના સભ્યોને મોકલવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે એફિલિએશન માટે અરજી કરનાર સંસ્થાના હોદ્દારે અરજી કરતી વખતે એફિલિએશન માટે અરજી કરવાની પોતાને સત્તા આપવામાં આવી છે તેની જાહેરાત કરવા માટે તથા એ સત્તા આપતા ઠરાવની નકલ એફિલિએશનની અરજીની સાથે આવે તે માટે કાર્યાલયે ઘટતાં પગલાં લેવાં.

૩૫. બી. એમ. શાહ ઇન્ટરમિડિએટ આર્ટસ કૉલેજ, ભાવનગરમાં યુનિવર્સિટીની અગાઉથી પરવાનગી મેળવ્યા વગર ઈન્ટર આર્ટસનો બીજો વર્ગ જુન ૧૯૫૭ થી ઉઘાડવામાં આવ્યો છે. તે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-મજકૂર કૉલેજ તરફથી ૬ ઠ્ઠી મે ૧૯૫૭ ના રોજ ઈન્ટર આર્ટસનો બીજો વર્ગ ખોલવા માટે પરવાનગી માગતો પત્ર આવ્યો હતો તે ઉપરથી તેમને આ અંગે જોઇતી વધારાની જગ્યા ફ્લોર સ્પેશ તથા સ્ટાફ માટે યુનિવર્સિટી ઓફિસ તરફથી તરતજ લખવામાં આવ્યું હતું. ત્યારપછી ૧૩ મી સપ્ટેમ્બરે તેમણે જરૂરી સ્ટાફ નિમાયો છે તથા કૉલેજનું નવું બિલ્ડીંગ તૈયાર થયું છે એમ જણાવતો પત્ર આવ્યો હતો તેમજ મજકૂર વર્ગને ઉઘાડવાની માન્યતા ૨૦–૬–૫૭ થી આપવામાં આવે એમ તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે. મજકૂર કૉલેજે બીજો વર્ગ તા. ૨૦–૬–૫૭ થી ઉઘાડયો છે અને જ્યાં સુધી સ્ટાફ નીમાયો ન હતો ત્યાં સુધી અન્ય અધ્યાપકોએ વધારાનાં વ્યાખ્યાનો લીધા હતા એમ પ્રિન્સિપલ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. શાહ ઇન્ટરમિડિએટ આર્ટસ કૉલેજ, ભાવનગરને ઈન્ટર આર્ટસનો બીજો વર્ગ જુન ૧૯૫૭થી ઉઘાડવા માટે પરવાનગી આપવી તથા આવી પરવાનગી અગાઉથી નહિ મેળવવા માટે મજકૂર કૉલેજના આચાર્યને ચેતવણી આપીને જણાવવું કે ભવિષ્યમાં આ પ્રકારની પરવાનગી અગાઉથી મેળવી લેવી આવશ્યક રહેશે.

આ પછી સભાગૃહની મંજૂરીથી બાબત નં. ૧૧૨ પહેલાં લેવાની સિન્ડિકેટના એક સભ્યની માગણી અનુસાર તે બાબત હાથ ધરવામાં આવી હતી.

૧૧૨. કુ. શીલા એસ. રાવ જેઓને ઈન્ટર આર્ટસમાં સેંટ ઝેવીયર્સ કૉલેજે જુન ૧૯૫૭માં પ્રોવિઝનલ એડમિશન આપેલું પરંતુ તા. ૨૪-૯-૫૭ના રોજ ટ્રાન્સફરન્સ સર્ટિફીકેટ કાર્યાલયમાં આવતાં તેઓ રેસીડેન્સીના નિયમ પ્રમાણે લાયક (એલિજિબલ) ન હોઈ, તેમનું પ્રોવીઝનલ એડમીશન રદ કરવાની યુનિવર્સિટીને ફરજ પડી તે પરથી એ વિદ્યાર્થીનીના પિતાએ આ બાબતની પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે તો તે બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. શિલા એસ. રાવને ખાસ કેસ તરીકે ઈન્ટર આર્ટસમાં પ્રવેશ આપવો.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭–૧૧–૫૭

૩૬. યુનિવર્સિટી નોકરીઓમાં બેકવર્ડ ક્લાસીસ માટે અમુક ટકા જગ્યાઓ રિઝર્વ રાખવા માટે મુંબઈ સરકારના શિક્ષણ ખાતા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :— નીચે પ્રમાણે જગ્યાઓ રિઝર્વ રાખવાં તેમનું સૂચન છે:

૧.	ઓલ સ્ટેટ સર્વિસીસ એન્ડ પોસ્ટસ	૧૨½	ટકા
૨.	ક્લાસ ૩ સર્વિસીસ એન્ડ પોસ્ટસ શીડ્યુલ કાસ્ટ	૬	,,
	,, ટ્રાઇબ્સ	૭	,,
	અધર બેકવર્ડ ક્લાસ	૬	,,
૩.	ક્લાસ ૪ સર્વિસીસ એન્ડ પોસ્ટસ–શીડ્યુલ કાસ્ટ	૭	,,
	,, ટ્રાઇબ્સ	૬	,,
	અધર બેકવર્ડ ક્લાસ	૧૧	,,)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. નીચેની પરીક્ષાઓ માટે ૧૯૫૮ અને ૧૯૫૯ના વર્ષો માટે ભૂજને કેન્દ્ર તરીકે માન્ય કરવા માટે આર. આર. લાલન કોલેજ, ભૂજના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. ફર્સ્ટ યર આર્ટસ
૨. ,, ,, સાયન્સ
૩. ઈન્ટર આર્ટસ
૪. ,, સાયન્સ

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ચોકકસ ધોરણો સૂચવવા માટે તથા કયા કયા સ્થળોએ પરીક્ષાનાં કેન્દ્રો રાખવા તે બાબત પર ભલામણ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ
૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ
૩. પ્રિન્સિપલ ડો. કે. જી. નાયક

૩૮. કૉલેજમાં પ્રવેશ આપવા માટે આવતી અરજીઓનો નિકાલ સત્રની શરૂઆતમાં બધી કૉલેજો એક જ દિવસે નક્કિ કરે એવા શ્રી. બિહારીલાલ પી. શાહના સૂચનને સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજોને પરિપત્રિત કરાતાં કૉલેજો તરફથી આવેલા જવાબો ઉપર શ્રી. બિહારીલાલ શાહે કરેલી નીચે મુજબની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

૧. કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે એક પ્રકારની મુશ્કેલી ઉભી થઇ છે તે બહુ મોટા ભાગના આચાર્યો સ્વીકારે છે અને તે બાબત કાંઇક લાભદાયક પગલાં લેવાય તેવું તેઓ ઇચ્છે છે.

૨. સારી સંખ્યામાં આચાર્યોએ સિન્ડિકેટના ઠરાવને આવકાર્યો છે અને કેટલાક આચાર્યોને તો આ ઠરાવ બહુ ગમ્યો છે અને અમલમાં મુકાય તેવું ઇચ્છે છે. જ્યારે કેટલાક આચાર્યો આ ઠરાવ સિદ્ધાંતની દૃષ્ટિએ સારો હોવા છતાં વ્યવહારુ હોવાનું માનતા નથી.

૩. નાના કેન્દ્રોમાં ચાલતી કૉલેજોમાં પ્રવેશની મુશ્કેલીઓ નહી હોવાથી આ પ્રશ્ન તેમના પુરતો ઉભો થતો નથી તેવું તે કેન્દ્રોના આચાર્યોનું માનવું છે.

૪. સાયન્સ વિષયમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનીયરીંગ કૉલેજમાં પ્રવેશ મેળવવા પ્રાથમિકતા આપતા હોય છે તેથી તે પ્રકારની કૉલેજો માટે સરકારની જે વ્યવસ્થા છે તેના વ્યવસ્થાપકો કૉલેજો શરૂ થવાના સમય પહેલાં દાખલ થએલા વિદ્યાર્થીઓની યાદી બહાર પાડે તો તે વિદ્યાર્થીઓ ચોકકસ પણે આગળ અભ્યાસ કયાં કરવો છે, તેનો નિર્ણય કરી શકે.

૫. વિદ્યાર્થી દાખલ થવાના ફોર્મ ઉપર બીજી કઇ કઇ કૉલેજમાં પ્રવેશ માટે અરજી કરે છે તેની વિગત તેની અરજમાં માંગવાની સૂચના પણ આવી છે.

૬. અમદાવાદ શહેર જેવા મોટા કેન્દ્રમાં કેટલીક કૉલેજોમાં પ્રવેશ મેળવતા ખુબ દોડાદોડી થાય છે એટલે એકજ વિષયવાળી એટલે કે આર્ટસ, સાયન્સ, કે કોમર્સ વાળી કૉલેજો એકજ દિવસે વિદ્યાર્થીઓને દાખલ કરવાની યાદી બહાર પાડે તો વિદ્યાર્થીઓ એવડી ફી ભરે નહીં તથા બીજા વિદ્યાર્થીઓને દાખલ થતાં રોકે નહીં.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક કૉલેજોના આચાર્યોની એક અવિચ્છિન્ન સભા બોલાવીને આ બાબતમાં કોઇ વ્યવહારુ ઉકેલ શકય હોય તો તે સૂચવાયેથી આ બાબત સિન્ડિકેટ સમક્ષ ફરીથી રજુ કરવી.

આ પછી સમયના અભાવે ફકત નીચેની બાબતો જ વિચારવા માટે હાથ ધરી શકાઇ હતી.

૪૦. નીચે જણાવેલા સુવર્ણ ચંદ્રકો એનાયત કરવા માટે ઓફિસે ઘડેલા ડ્રાફ્ટ નિયમો મંજૂર કરવા બાબત.

૧. બંસીલાલ અમરતલાલ હરગોવનદાસ ગોલ્ડ મેડલ
૨. નાથીબા હરગોવનદાસ લખમીચંદ ગોલ્ડ મેડલ
૩. નાનુભાઇ માણેકલાલ મુન્શા ગોલ્ડ મેડલ

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ચંદ્રકો એનાયત કરવા માટે કાર્યાલયે ઘડેલા નિયમોના મુસદ્દા મંજૂર કરવા (મંજૂર થયેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૨. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયકોલોજીમાં લેબોરેટરી આસિસ્ટન્ટની જગા કાઢવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :- સાયકોલોજી ડિપાર્ટમેન્ટના રીડર ઇન ચાર્જ તરફથી આ જગા માટે રૂા. ૬૫૦-૧૦-૨૫૦ ના સ્કેલ સૂચવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લેબોરેટરી આસિસ્ટન્ટ માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત કઇ હોવી જોઇએ તેની માહિતી સાથે આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૪૩. જયંતિલાલ અમરતલાલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧૫૦ ના બે સુવર્ણ ચંદ્રકો તથા રૂા. ૩૦૦.ના રોકડા ઇનામો આપવા માટે ૧૯૬૬ માં પાકતી ૪૫ ટકાની રૂા. ૧૫૭૦૦. ની લોનનું દાન આપવા માટે મજકૂર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :- ઉપર પ્રમાણે વ્યવસ્થા ૧૨ વર્ષ સુધી એટલે કે જ્યાંસુધી લોનનું વ્યાજ ૪૫ ટકા છુટશે ત્યાંસુધી થઇ શકશે પણ ત્યારપછી આપણે તે રકમ ઓછા વ્યાજે રોકવી પડે તો વ્યાજની રકમ ઓછી આવે અને ઉપર પ્રમાણે ઇનામો તથા ચંદ્રકો આપી ન શકાય. આપણે સામાન્ય રીતે બધી રકમ ૩ ટકાની ગવર્નમેન્ટ લોનમાંજ રોકેલી છે. ચંદ્રકોની તથા ઇનામોની વિગત નીચે પ્રમાણે છે :

૧. બી. એસસી. ફિઝિકસ કેમિસ્ટ્રીમાં પ્રથમ આવનારને	સુવર્ણચંદ્રક
૨. બી. કે.મ.માં એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડિટીંગમાં વધુમાં વધુ માર્કસ મેળવનારને.	,,
૩. બી. એ. માં એકવાર ઇકોનોમિકસ લઇને વધુમાં વધુ માર્કસ મેળવનારને.	રૂા. ૫૦. નું ઇનામ

૪. બી. એ. માં સંસ્કૃત ખાસ વિષય લઇને વધુમાં વધુ માર્કસ મેળવનારને. ..... રૂા. ૫૦નું ઇનામ

૫. બી. એ. માં મેથેમેટિકસ ખાસ વિષય લઇને વધુમાં વધુ માર્કસ મેળવનારને..... ,, ,,

૬. બી. એ. માં એન્ટાયર સાયકોલોજી ખાસ વિષય લઇને વધુમાં વધુ માર્કસ મેળવનારને..... ,, ,,

૭. બી. ઇ. મિકેનિકલ અને ઇલેકટ્રીકલમાં સૌથી વધુ માર્કસ મેળવનારને..... રૂા. ૧૦૦ નું ,,

આથી ઠરાવવામાં આવે છે કે સુવર્ણ ચંદ્રક માટે ઓછામાં ઓછા રોકડ રૂા. ૪૫૦૦ અગર તો તેની ઇકવીવેલન્ટ કિંમતની સિકયુરીટી દાનમાં આપવા માટે તથા ઓછામાં ઓછું રૂા. ૧૦૦ નું ઇનામ આપી શકાય તે રીતે પોતાની ઓફર પર પુનર્વિચારણા કરવા માટે મજકૂર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીને વિનંતી કરવી.

૪૪. બાઈ રૂક્ષમણી ચીમનલાલ કપુરચંદ ટ્રસ્ટ તરફથી અનુસ્નાતક અભ્યાસ તથા સંશોધન પ્રકાશન અને વ્યાખ્યાનો ગોઠવવા માટે રૂા. ૨૫૦૦૦.નું દાન નીચેની શરતોએ આપવા માટે શ્રી. પ્રભુદાસ બાલુભાઇ પટવારી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. આ રકમ " બાઈ રૂક્ષમણી ચીમનલાલ કપુરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ " એ નામે રાખવામાં આવશે.

૨. આ રકમના વ્યાજમાંથી નીચેના કાર્ય કરી શકાશે.

અ. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની શુદ્ધા દ્વૈત લીલસુરી-પુષ્ટિમાર્ગિય સિદ્ધાંતો કે અણુભાષ્ય અંગે એમ. એ. અથવા પી. એચ. ડી. નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને દર વર્ષે બે વરસ માટે યોગ્ય શિષ્યવૃત્તિ આપવી.

બ. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની શુધ્ધાદ્વૈત લીલસુરી-પુષ્ટિમાર્ગિય સિદ્ધાંતો કે અણુભાષ્ય અંગે સંશોધન પ્રકાશન કે વ્યાખ્યાનો આપવાનું કાર્ય હાથ ધરવું.

ક. આ કાર્ય અંગે દર વર્ષે યોગ્ય જાહેરાત કરવી કે જેથી જરૂરી વર્ગને જાણ થાય.

ડ. જે કાર્ય થાય તેની માહિતી ઉપરના ટ્રસ્ટીઓને મોકલવી.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની શરતોએ મજકૂર દાનનો સાભાર સ્વીકાર કરવો

૪૫. સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીકસ તરીકે કામ કરતા. શ્રી. ટી. એન. ભાગર્વ રાજીનામું આપી છુટા થયા હોવાથી તેમને તેમના પ્રોવીડંટ ફંડનો ફાળો પાછો આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એન. ભાર્ગવને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૪૬. અટકાયતી ધારાને કારણે જેલમાં ગયેલા વિદ્યાર્થીઓ તરફથી કેટલાક વિદ્યાર્થીઓના સત્રો મંજુર ન થતાં તેમણે મુંબઇ રાજ્યના કેળવણી પ્રધાનને આ અંગે કરેલી અરજી સરકાર તરફથી આ યુનિવર્સિટીની વિચારણા માટે મોકલાઈ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓની વિનંતી માન્ય કરવી નહિ.

૪૭. ઇન્ટર આર્ટસ તથા ઇન્ટર સાયન્સની પરીક્ષા માટે જૂનાગઢને કેન્દ્ર તરીકે ચાલુ રાખવા તથા બી. એ. તથા બી. એસસી. પરીક્ષાઓ માટે જૂનાગઢમાં નવું કેન્દ્ર ખોલવા અંગે બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :- બી. એ. તથા બી. એસસી. ની પરીક્ષામાં બંને મળીને આશરે ૬૪૦ વિદ્યાર્થીઓ બેસશે એમ પ્રિન્સિપલ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત આગળ બાબત નં ૩૭ માં નીમાયેલી સમિતિ સમક્ષ રજૂ કરવી.

૪૮. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ ડોગ્રી માટેના મહા નિબંધ રફરીઝ તરફથી માન્ય થયા હોવાથી તેમને તે પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

૧.	શ્રી. એ. એસ. ગોવાર્ઇકર	એમ. એસસી. (કેમિસ્ટ્રી)
૨.	શ્રી. જે. આર. રેડ્ડી	,, ,,
૩.	શ્રી. એમ. એલ. વસા	,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાર્ઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

૫૦. શ્રી અરુણકુમાર સાંકળેશ્વર વ્યાસ જેઓ મુંબઇ યુનિવર્સિટીની ઈન્ટર સાયન્સની પરીક્ષામાં પ્રથમ નાપાસ જાહેર થયેલા પરંતુ પાછળથી પાસ થયેલા જાહેર થયા હતા. રીઝલ્ટની આ ભૂલને લીધે તેઓ શ્રી ગુલાબ કુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયમાં મોડા દાખલ થઇ શકયા હોઇ આ અંગે તેમની ખૂટતી હાજરી માફ કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૧. યુનિવર્સિટી તરફથી દરેક એન. સી. સી. યુનિટોને દરેક કેડેટ દીઠ રૂા. ૨ તથા ૬૨ યુનિટ દીઠ વધારાના રૂા. ૨૦૦ની ગ્રાન્ટ આપવામાં આવે છે. આ વર્ષે આ પ્રમાણે ગ્રાન્ટ આપતાં બજેટ કરતાં રૂા. ૪૦૨ નું વધારાનું ખર્ચ થાય તેમ છે તો ૬૨ યુનિટ દીઠ વધારાના રૂા. ૧૫૦ આપવા નકકી કર્યું છે. (જાણ માટે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૨. ધર્મેન્દ્રસિંહજી કોલેજ, રાજકોટને બી. એ. ના વર્ગમાં જોગ્રાફીના વિષય માટે ચાર વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી આપવા માટેના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૩. ચાલુ સાલે જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલટી સર્ટિફીકેટ કઢાવી ન લીધા હોય તેમને તા. ૩૧-૧૨-૫૭ સુધીમાં કઢાવી લેવા અંગેના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૪. પૂના યુનિવર્સિટીના આશ્રય હેઠળ પૂના ખાતે ડિસેમ્બર ૧૯૫૭ના છેલ્લા અઠવાડિયામાં મળનાર વીસમી ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે કોન્ફરન્સના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :- યુનિવર્સિટીના પ્રતિનિધિઓ જો મજકૂર એસોસિએશનના સભ્યો ન હોય તો દરેક પ્રતિનિધિ દીઠ રૂપિઆ પંદર સભ્ય ફીના મોકલવા માટે જણાવવામાં આવ્યું છે.)

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૧/૧૭-૧૧-૫૭

આથી ઠરાવવામાં આવે છે કે વીસમી ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજ વિદ્યાભવનના રીડર શ્રી. ડી. એન. પાઠકને મોકલવા.

૫૫. નાગપુર યુનિવર્સિટીના આશ્રય હેઠળ નાગપુર ખાતે તા. ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બર ૧૯૫૭ના રોજ મળનાર ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ૪૦મી વાર્ષિક સભામાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર પરિષદના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :– પ્રો. બી. આર. શેનોયના પ્રમુખપદ હેઠળ પરિષદ ભરાનાર છે. જો પ્રતિનિધિઓ સભ્ય ન હોય તો તેમની પાસે સભ્ય દીઠ ફીના રૂા. ૧૫ લેવામાં આવશે એમ જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ચાલીસમી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. બી. આર. શેનોય તથા રિડર શ્રી. એચ. એન. પાઠકને મોકલવા.

૫૬. એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણ ઉપરથી સેનેટે મંજુર કરેલી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ તથા યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ અને લિટરેચરમાં નીચેની વધારાની જગાઓ પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને મંજૂર કરેલી વધારાની જગ્યાઓ પૈકી યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરમાં નીચેની વધારાની જગ્યાઓ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝ

૧.	રીડર ઇન ઇકોનોમિકસ	એ
૨	લેકચરર ઇન ઇકોનોમિકસ	એ
૩.	પ્રોફેસર ઇન સોશિયોલોજી	એક
૪.	લેકચરર ઇન પોલિટિકસ	એક
૫.	લેકચરર ઇન સ્ટેટિસ્ટીકસ	એ
	ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીકસ માસિક રૂા. ૨૫૦ ઉચ્ચક	એક

૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર :

૧. રીડરની જગ્યાને પ્રોફેસર ઑફ
લિન્ગ્વીસ્ટીકસની જગ્યામાં ફેરવવી.

૨. રિસર્ચ એસિસ્ટન્ટ ..... એક
રૂા. ૨૫૦ ફીકસ્ડ દર મહિને. "

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તે અનુસાર ઉપર જણાવેલી જગ્યાઓ આપવા માટે સેનેટને ભલામણ કરવી. "

(નોંધ :- યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને યુનિ. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ તથા યુનિ. સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર માટે નીચેની વધારાની જગ્યાઓ મંજુર કરી હોવાથી ઉપરના ઠરાવો એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટે કરેલા છે.

અ. સમાજ વિદ્યાભવન

૧. ઇકોનોમિકસ	રીડર ૨ લેકચરર્સ ૨
૨. સોશિયોલોજી	પ્રોફેસર અથવા રીડર ૧
૩. પોલિટિકસ	લેકચરર ૧
૪. સ્ટેટીસ્ટીકસ	લેકચરર્સ-૨ ડેમોન્સ્ટ્રેટર માસિક રૂા. ૨૫૦ ઉચ્ચક-૧

અ. ગુજરાતી ભાષા સાહિત્ય ભવન :

૧. લિગ્વીસ્ટીકસના રીડરની જગ્યાને પ્રોફેસરની જગ્યામાં ફેરવવી

૨. રીડર ૧

૩. લેકચરર ૧

૪. રિસર્ચ આસિસ્ટન્ટ માસિક રૂા. ૨૫૦ ઉચ્ચક)

બંને ફેકલ્ટીમાં હાલમાં નીચે મુજબ સ્ટાફ છે :-

૧. ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સીઝ :

પ્રોફેસર	૧
રીડર	૪
લેક્ચરર	૭
ડેમોન્સ્ટ્રેટર	૧

૨. ફેકલ્ટી ઓફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર :

પ્રોફેસર	૧
રીડર	૧
રિસર્ચ ફેલો	૧)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનમાં ઉપરની જગાઓ પૈકી કેટલી જગાઓની હાલ પૂરતી જરૂર છે તે બાબતમાં ભવનના અધ્યક્ષને પૂછાવવું.

૨. ગુજરાતી ભાષા-સાહિત્યભવનમાં રીડરની જગાને પ્રોફેસર ઓફ લિન્ગ્વીસ્ટીક્સની જગામાં ફેરવવા માટે તથા રિસર્ચ એસિસ્ટન્ટની નિમણૂંક કરવા માટે કાર્યાલયે ઘટતાં પગલાં લેવા તથા ઓર્ડિનન્સ નં. ૬૬ અનુસાર મજકૂર પ્રોફેસર ઓફ લિન્ગ્વીસ્ટીક્સની જગ્યા પૂરવા માટે વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂંક કરવી :

૧. સુનીતિકુમાર ચેટરજી
૨. ડૉ. એસ. એમ. કત્રે
૩. શ્રી. રામપ્રસાદ બક્ષી

૫૮. પ્રથમ સત્રને અંતે કોલેજ બદલવાની પરવાનગી આપવા અંગેનો ઓર્ડિ. ૮૯ માં નીચેનો સુધારો કરવા અંગના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

હાલનો ઓ. ૮૯ નીચે પ્રમાણે છે :-

O. 89 : If as the result of a student leaving one College, to join another it is necessary for him to count the attendance registered in more than one college to

enable him to make up the necessary number of attendance, for his First year in the case of a First year student, or for the term in the case of any other student, transference Certificate shall not be granted; except

(i) In case the parent or guardian with whom the student has been residing is transferred to another place;

(ii) When a change of air for the improvement of student's health has been recommended by a recognised medical practitioner;

* (iii) For other reasons which appear to the syndicate to be sufficient.

---

* It will be competent to the Syndicate to permit a student to join another college when a town in which the college attended by the student is situated, is declared infected with plague or other epidemic disease.

સુધારેલો ઓર્ડિ. ૮૯ (iii) નીચે પ્રમાણે વંચાશે :

0. 89 (iii)

* For such other reasons as may be found satisfactory to the Vice-Chancellor.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન અનુસાર ઓર્ડિનન્સ નં. ૮૯ માં સુધારો કરવો તથા સુધારેલા ઓર્ડિનન્સ નં. ૮૯ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

સુધારેલો ઓર્ડિ. નં. ૮૯ નીચે પ્રમાણે વંચાશે :

0. 89: If as the result of a student leaving one college to join another, it is necessary for him to count the attendance registered in more than one college, to enable him to make up the necessary number of attendance for his First year in the case of a First year student, or for the term in the case of any other student, transference certificate shall not be granted, except

(i) In case of the parent or guardian with whom the student has been residing is transferred to another place;

(ii) When a change of air for the improvement of student's health has been recommended by a recognised medical practitioner;

* (iii) For such other reasons as may be found satisfactory to the Vice-Chancellor.

---

* It will be competent to the syndicate to permit a student to join another college when a town in which the college attended by the student is situated, is declared infected with plague or other epidemic diseases.

૫૯. યુનિવર્સિટી પ્રેસ માટે નાની ખરીદી વિ. કરવા માટે રૂા. ૨૫૦.ની કાયમી પેટીકેશ પ્રેસ મેનેજર નીમાય ત્યારે પ્રેસને આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ માટે નાની ખરીદી માટે રૂા. ૨૫૦ ની કાયમી "પેટી કેશ" પ્રેસ મેનેજર નિમાય ત્યારે તેમને આપવી.

૬૦. હાલ પૂરતું યુનિવર્સિટી પ્રેસમાં જે જે કામ કરવામાં આવે છે તે કામ યુનિવર્સિટીનું છાપવાનું કામ હાલમાં જે દરે બહાર કરાવવામાં આવે છે તે દરે હિસાબમાં મજરે બતાવવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા બાબત.

હાલમાં બહાર જે છાપકામ કરાવીએ છીએ તેના દર નીચે મુજબ છે :

પ્રિન્ટીંગ તથા કમ્પોઝીંગના દર

	૧૦ પોઇન્ટ ટાઇપ		૧૨ પોઇન્ટ ટાઇપ	
	૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૦૦ પ્રતના	૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૦૦ પ્રતના
½ ક્રાઉનરૂકેપ	રૂા. ૫- -૦	રૂા. ૨-૦-૦	રૂા. ૫-૦-૦	રૂા. ૨-૦-૦
¼ ,,	રૂા. ૩-૦-૦	રૂા. ૨-૦-૦	રૂા. ૩-૦-૦	રૂા. ૨-૦-૦
½ ક્રાઉન સાઇઝ	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦
,, ડેમી સાઇઝ	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦
રોયલ સાઇઝ	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦	રૂા. ૩-૮-૦	રૂા. ૨-૦-૦

સ્ટીચીંગ તથા બાઈન્ડીંગ ચાર્જીસ

૧ થી ૩૦ પાનાના રૂા. ૩-૦-૦

વધારાના દરેક ૨૦ પાનાના રૂા. ૧-૦-૦

સાઇઝ	પેડીંગ ચાર્જ	લુઝબોર્ડ બાઈન્ડીંગ નંગના.	કટબોર્ડ બાઇન્ડીંગ નંગના.	ડબલ કટબોર્ડ બાઇન્ડીંગ નંગના.	ઓપન લેજર બાઈન્ડીંગ નંગના.
ફૂલસ્કેપ	૦-૪-૦	૦-૬-૦	૦-૯-૦	૧-૦-૦	રૂા. ૫-૦-૦
½ ,,	૦-૩-૦	૦-૪-૦	૦-૬-૦	૦-૧૦-૦	૪-૦-૦
¼ ,,	૦ ૨-૦	૦-૩-૦	૦-૪-૦	૦-૬-૦	૨-૦-૦

નંબરીંગ ચાર્જીસ ૧ થી ૧૦૦૦ના રૂા. ૦-૮-૦

રૂલીંગ ચાર્જીસ-સ્ટોપ રૂલીંગ રૂા. ૫-૦-૦ ડબલ ફૂલસ્કેપ રૂા. ૭-૦-૦

,, ,, ચાલુ ,, રૂા. ૦-૮-૦

ખાસ આઇટેમ માટેના ભાવ :

૧. કમ્પોઝ કરેલ મેટર સુધારાવધારા સાથે તેજ સાઈઝમાં રીપ્રીન્ટ કરવાનું..... ... ... રૂા. ૨-૦-૦

૨. વિદ્યાર્થીઓની નામાવલી છાપવાના ૦॥ ફૂલસ્કેપના રૂા. ૫-૦-૦ ૧ પેજના

૩. પરીક્ષાના રીઝલ્ટ સીટ માટેના ભાવ ,, ,, રૂા. ૫-૦-૦

૪. ,, ,, ,, ,, ,, ફૂલસ્કેપના રૂા. ૭-૦-૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં પ્રિન્ટીંગ તથા કમ્પોઝીંગના દર ઉપરના કોઠા પ્રમાણે મજરે લઇને હિસાબ રાખવો.

૬૧. પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ માટે સુરેન્દ્રનગરને કેન્દ્ર તરીકે રાખવાની પરવાનગી આપવા માટે શ્રી. એમ. પી. શાહ કોલેજ, સુરેન્દ્રનગરના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

(નોંધ :—પ્રથમ વર્ષ વિજ્ઞાનમાં ૧૩૦, પ્રથમ વર્ષ વિનયનમાં ૭૨, નિયમિત અને એક રટર્નલ મળી કુલ ૧૫૨, દ્વિતીય વર્ષ વિજ્ઞાનમાં ૬૦, અને દ્વિતીય વર્ષ વિનયનમાં ૬૮ નિયમિત અને ૭૦ એકસ્ટર્નલ મળી કુલ ૧૩૮ વિદ્યાર્થી બેસશે એવો આચાર્યનો અંદાજ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૩૭ માં નિમાયેલી સમિતિ સમક્ષ રજુ કરવી.

૬૨. પ્રોફેસર એ. ડી. ઝાલા, અમદાવાદ તરફથી તેમના પુત્રની યાદગીરી માટે "શરદ એ. ઝાલા મેમોરિયલ ગોલ્ડ મેડલ" ઇન્ટર સાયન્સ "બી" ગ્રુપમાં સૌથી વધુ ગુણ મેળવનારને આપવા અંગે નીચે પ્રમાણે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

("I propose to donate to the Gujarat University a sum of Rs. 2500/- to 3000/- in cash or Rs. 4000/- worth of 3% conversion Loan Note for instituting a prize in the form of Gold medal in memory of my dear son Sharad who unfortunately expired this August.

It is my desire that the Medal be named "Shri Sharad A. Jhala Memorial Gold Medal" and that it be awarded every year to the candidate securing the highest number of marks in the aggregate from among the candidates who pass the Intermediate Examination in Science with Group-B every year.

I also wish that the Medal should be awarded right next year i. e. on the results of the said examination to be held in March, 1958. However, since I cannot put the entire sum at the disposal of the University earlier than July or August 1958, I would be prepared to donate for the Medal to be awarded in 1958, an additional sum of Rs. 125/- in cash sometimes in June 1958.

I shall feel obliged if you will kindly let me know the terms and conditions, if any, on which the University would accept such a donation and whether the Syndicate would be good enough to accept my offer.")

આથી ઠરાવવામાં આવે છે કે સુવર્ણચંદ્રક માટે ઓછામાં ઓછા રોકડ રૂા. ૪૫૦૦. અથવા તેની ઇક્વીવેલન્ટ કિંમતની સિકયુરીટી આપવા માટે તથા ચાલુ વર્ષે સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૧૫૦. ની વધારાની રકમ આપવા પ્રો. એ. ડી. ઝાલાને વિનંતી કરવી.

૬૩. આનંદાશ્રમ, બીલખા સૌરાષ્ટ્રના સંસ્થાપક પૂજ્યપાદ શ્રીમાન નાથુરામ શર્માની

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૧/૧૧-૧૧-૫૭

શતાબ્દીની યાદ માટે એમ. એ.ના વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા અંગે શ્રી. કેશવલાલ કે. ઓઝા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે :-

The Trustees of the Anandashrama intended to give a donation in Government Securities of the face value of Rs. 3400/- bearing 3 P. C. interest per annum which will yield Rs. 102/- P. A.

In my discussion with you, you, however, told me that an income of Rs. 150/- P. A. will be required for the medal as under : and it means that Government Security of the face value of Rs. 5000/- may have to be given to the University.

1. One tola gold costing about 105/- with alloy. You told me that a medal weighing less than a tola may not be accepted.
2. Making of the medal.
3. Dies. (Are these to be prepared every year and will there be two dies ? one for the obverse and one for the Reverse ?)
4. 5 P. C. University Charges ?

I request you kindly to confirm the details of expenditure to be incurred on this behalf and intimate to me whether securities of the face value of Rs. 4000/- or 4500/- (bearing 3 p. c. interest) will serve the purpose.

આથી ઠરાવવામાં આવે છે કે રૂા. ૪૫૦૦.ની રોકડ રકમ અથવા તેની ઈકવીવેલેન્ટ કિંમતની સિકયુરીટી આપવા માટે આનંદાશ્રમના ટ્રસ્ટીઓને વિનંતી કરવી.

૬૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ તરફથી અનુસ્નાતક કેન્દ્ર માટે ચાલુ વર્ષ દરમ્યાન ખરીદાયેલી રૂા. ૫૪૬-૮-૦ના પુસ્તકોનાં વાઉચર્સો રજુ કરાયાં હોવાથી તે ખર્ચ મંજુર કરવા બાબત.

(નોંધ :- સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૫૬-૫૭ના વર્ષમાં લાયબ્રેરી ખર્ચ અંગેના રૂા. ૨૦૦૦. મંજુર કર્યા હતા. તેમાંથી તેમણે તે વર્ષ દરમ્યાન રૂા. ૧૪૫૩-૮-૦ ના પુસ્તકો ખરીદ્યાં હતા. અને બાકીના રૂા. ૫૪૬-૮-૦ ના પુસ્તકો ૧૯૫૭-૫૮ના વર્ષમાં ખરીદ્યા છે. તો તેમને આ ખર્ચ આ વર્ષમાં બતાવવા અંગે પરવાનગી આપવા માટેની બાબત ગઇ સિન્ડિકેટ

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૧/૧૭–૧૧–૫૭

સમક્ષ હતી તે ઉપર સિન્ડિકેટે મજકૂર પુસ્તક ખરીદીના વાઉચર્સ મંગાવવા એમ નક્કી કર્યું હતું. મજકૂર વાઉચર્સો કૉલેજ તરફથી રજુ કરવામાં આવ્યા છે. આ ખર્ચ ચાલુ વર્ષમાં નાખવું કે ગયા વર્ષમાં તે પણ નક્કી કરવાનું છે તેમજ આ બાબત અંગે સામાન્ય ઠરાવ પણ થવો જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સર એલ. એ. શાહ લૉ કૉલેજના અનુસ્નાતક કેન્દ્ર માટે ચાલુ વર્ષ દરમિયાન ખરીદાયેલ પુસ્તકોનો રૂા. ૫૪૬. ૮૦. નો ખર્ચ મંજુર કરવો.

૬૫. ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાયેલ બી. ઈ. સિવિલ પરીક્ષામાં ઉત્તીર્ણ થએલ વિદ્યાર્થીને મણીગૌરી હિંમતલાલ બાપુલાલ પરીખ સુવર્ણચંદ્રક આપવામાં આવે છે. તે સબાવત સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના નામ પર ફેરબદલો કરવા માટેની દાતારની માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના નામ પર પોતે આપેલો સબાવતનો ફેરબદલો કરવાની દાતાની વિનંતી મંજુર કરવી નહિ.

૬૬. રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખનો પ્રોબેશન પિરિયડ તા. ૮–૧૧–૫૭ના રોજ પૂરો થતો હોવાથી તેમને સ્ટે. ૧૩૨ મુજબ તે જગ્યાએ કાયમ કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ – સ્ટે. ૧૩૨ નીચે મુજબ છે:–

"S. 132 : The appointment of the Registrar shall ordinarily be on probation for a period of two years. On the expiry of the said period the appointment shall, subject to the age limit of 60, be made permanent if the Registrar has given satisfaction in his work, of which the Syndicate shall be the sole judge, provided however that it shall be competent for the Syndicate and the Registrar, at any time during the period of probation or thereafter, by either party by giving not less than six calendar months' notice in writing to the other, or by mutual agreement to terminate the tenure of his office.")

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખને તા. ૮–૧૧ ૫૭ થી સ્ટેટ્યૂટ નં. ૧૩૨ મુજબ યુનિવર્સિટીના રજિસ્ટ્રારની જગા પર કાયમ કરવા.

૬૭ નીચે જણાવેલા સ્ટાફના સભ્યોને તેમના નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

નામ :	મુદ્દત :
૧. શ્રી. પી. એસ. ત્રિવેદી	૫-૧૧-૫૭
૨. શ્રી. એ. એન. દેસાઇ	૬-૧૧-૫૭
૩. શ્રી. બી. એમ. જની	૨૧-૯-૫૭
૪. શ્રી. ટી એમ. ભટ્ટ	૩૦-૧૧-૫૭
૫. શ્રી. એમ. બી. દવે.	૬-૧૧-૫૭
૬. શ્રી. રામપ્યારે દુર્ગાદાસ માળી	૧૪-૧૦-૫૭

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એસ. ત્રિવેદી, શ્રી. બી. એમ. જની, શ્રી. એ. એન. દેસાઇ, શ્રી. એમ. બી દવે, શ્રી. રામપ્યારે દુર્ગાદાસ માળીને ઉપર તેમના નામ સામે જણાવેલ તારીખથી તેમની જગાઓએ કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એમ ભટ્ટને પ્રોબેશન સમય વધુ એક વર્ષ લંબાવવો તથા આ મુદ્દત દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને કાયમ કરવામાં આવશે નહિ એવી તેમને લેખિત ચેતવણી આપવી.

૬૮. લેક્ચરર ઇન સાયકોલોજીની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિની તા. ૬-૧૧-૧૯૫૭ ના રોજ મળેલી અને તે પછી મુલતવી રહીને ફરી તા. ૧૫-૧૧-૧૯૫૭ ના રોજ મળેલી સભાઓમાં કરવામાં આવેલી ભલામણ અનુસાર શ્રી. ગોપાલ ડી. દાસની મનોવિજ્ઞાનભવનમાં લેક્ચરર ઇન સાયકલોજી તરીકે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ ના પગાર ધોરણમાં શરૂઆતના માસિક રૂા. ૨૫૦ ના એકિક પગારથી નિમણૂંક કરવી.

૬૯. યુનિવર્સિટી પ્રેસના મેનેજરની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વરણી સમિતિની બન્ને ભલામણો મંજૂર કરવી તથા શ્રી. પુરોહિતની સાથે વરણી સમિતિના સભ્યોને મતે જે ઉમેદવારો લાયક હોય તેમને પણ ફકત ઇન્ટરવ્યુ માટે બોલાવવા. (ભલામણોની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૭૦. યુનિવર્સિટી વિસ્તારમાં બેડમિન્ટન કોર્ટ બાંધવા માટે ડાયરેકટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આ સાથે યુનિવર્સિટી કેમ્પસ ઉપર એક બેડમિન્ટન કોર્ટ માટેનો પ્લાન ૯૦ ફૂટ લાંબો ૬૦ ફૂટ પહોળો બંધ બોરડામાં હોય તે પ્રમાણેનો છે. એનું અંદાજી ખર્ચ લગભગ ૧ લાખ રૂપિયા જેટલું થવાનો સંભવ છે. આ બાંધવા અંગે જો સિન્ડિકેટ જરૂરી અનુમતિ આપે અને તેના અંદાજી ખર્ચના અડધા એટલે રૂા. ૫૦,૦૦૦ પચાસહજાર તે પેટે મંજૂર કરે તો મધ્યસ્થ સરકારે નિયુક્ત કરેલી નેશનલ કાઉન્સિલ ઑફ સ્પોર્ટસ તરફથી બાકીની રકમ આપણે આપણા પ્લાન અને અંદાજી ખર્ચના આંકડા સાથે જરૂરી ખર્ચનો અડધો ખર્ચ યુનિવર્સિટી તરફથી ખર્ચવાની મંજુરી સાથે મોકલીએ તો મળવાનો સંભવ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નેશનલ કાઉન્સિલ ઓફ સ્પોર્ટસ કેટલી મદદ કરવા તૈયાર છે તેની માહિતી મંગાવી આ બાબત ફરીથી વિચારણા માટે રજુ કરવી.

૭૧. રજિસ્ટ્રારના કાર્યાલયનું બાનગીકામ કાર્યાલયના કોઈ વિશ્વાસપાત્ર સભ્યને અંગત મદદનીશ તરીકે સોંપવા માટે તેમને યોગ્ય ભથ્થુ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારના કાર્યાલયનું બાનગી કામ એક સ્ટેનોગ્રાફરને અંગત મદદનીશ તરીકે સોંપવા માટે તેમને માસિક રૂા. ૩૦ નું પર્સનલ એલાવન્સ પ્રયોગ તરીકે ત્રણ માસ માટે મંજુર કરવું તથા ત્રણ માસને અંતે ફરીથી વિચારણા કરવા માટે આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.

૭૨. રમતગમતના કામ માટે ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને કોલેજમાં વારંવાર જવું પડતું હોવાથી તેમને વાહન ભથ્થુ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને રમતગમતનાં કામ માટે જ્યારે જ્યારે કોઇપણ દિવસે બે માઇલથી વધારે અંતર પર જવાનું થાય તો તેમણે પોતે કરેલો ખર્ચ મજરે આપવો.

૭૩. યુનિવર્સિટી હોસ્ટેલમાં લેવાતા ભાડા તથા ડિપોઝીટના રીફંડ અંગેના નિયમો મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલમાં લેવાતા ભાડા તથા ડિપોઝીટના રિફન્ડ અંગેના કાર્યાલયે ઘડેલા નિયમો મંજુર કરવા. (નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

આ પછી સભાનું કામકાજ તે દિવસ પુરતું પૂરું થયું હતું બીજે દિવસે આ સભા ફરી મળી હતી.

૭૪. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરવા માટે સિન્ડિકેટે જે સમિતિ નીમી હતી તે સમિતિની વાટાઘાટોના પરિણામે ઉભય સમિતિઓ વચ્ચે થએલા કરાર પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– આપણી યુનિવર્સિટીમાં કર્મચારીઓના પગારના દર સુધારવા માટે મુંબઇ યુનિવર્સિટીમાં સમકક્ષ કર્મચારીઓના જે દર પ્રવર્તવા રૂકી છે તેનો આધાર basis લેવામાં આવ્યો છે. જુઓ ખરડાની નકલ નં. ૨. યુનિવર્સિટીના સુધારવા ધારેલા દર તેની સિન્ડિકેટે માન્ય કર્યા છે અને ચાલુ માસ દરમિયાન તેની સેનેટ સમક્ષ મંજુરી માટે જશે. આ નવા દરની માહિતી માટે મુંબઇ યુનિવર્સિટીને લખતાં તેઓ જણાવે છે કે ચાલુ માસના અંતે આપણે તેમને ફરીથી લખી પૂછાવવું.)

મજકૂર બાબત વિચારણા માટે રજુ થઇ ત્યારે કરારના મુસદ્દા પર ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓની સંમતિ આવી નહિ હોવાથી આ બાબત પાછળથી લેવાનું વિચારવામાં આવ્યું હતું. પણ બપોરે ૨.૩૦ના સુમારે યુનિયનના ત્રણ પ્રતિનિધિઓ ।। સહીથી કેટલાક મુદ્દાઓ ઉપર અસંમતિ દર્શાવતો પત્ર આવ્યો ત્યારે એમ ઠરાવવામાં આવ્યું કે કરારના મુસદ્દાને આખરી સ્વરૂપ મલ્યું નહિ હોવાથી આ બાબત પરની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. શ્રી. એમ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને બી. એ. એમ. એસ. ડીગ્રીના અભ્યાસક્રમો શિખવવા જોડાણ આપવા બાબત શ્રી. તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતના પ્રેસિડન્ટ તરફથી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. શ્રી. વલ્લભરામ વૈ. વૈદ્ય

૨. ડો. પ્રાણજીવન મહેતા

૩. ડો. નાનુભાઇ ૨. દેસાઇ.

૭૬. ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટની મિલ્કત ગુજરાત યુનિવર્સિટીને ટ્રાન્સફર કરાઇ હોવાથી તથા ૨. હિસાબ વિભાગમાં કામ વધ્યું જ વધ્યું હોવાથી નીચે પ્રમાણેના વધારાના સ્ટાફ નીમવા અંગે કર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

જગા :

૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ — એક

અથવા

આર્સીસ્ટન્ટ એકાઉન્ટન્ટ

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૪

૨.	એસ્ટેટ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ	એક
૩.	જુનિયરકલાર્ક	એક
૪.	ચોકીદાર	એક
૫.	વર્કમેન રોજિંદા પગારથી	એક

આથી ઠરાવવામાં આવે છે કે તાત્કાલિક ચોકીદારની એક જગા મંજૂર કરવી તથા બાકીની જગાઓ ઉભી કરવાના પ્રશ્ન પર વિચારણા કરવા માટે તેમજ યુનિવર્સિટીના સ્ટાફને લગતા તમામ વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા માટે નીચે જણાવેલા સભ્યોનો બનેલો એક સ્થાયી સમિતિ નીમવા:

૧. શ્રી. વાઈસ -ચાન્સેલર

૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ

૩. શ્રી. એસ. એમ. શાહ

૪. ડો. વિક્રમ એ. સારાભાઈ

૫. શ્રી. રજિસ્ટ્રાર

૬૭. **સને ૧૯૫૮નાં સાલથી પ્રી-યુનિવર્સિટી પ્રથમ વર્ષની પરીક્ષાઓ યુનિવર્સિટીએ લેવાનો નિર્ણય કર્યો હોવાથી તે અંગેના વધારાના નીચે પ્રમાણેનો સ્ટાફ નીમવા અંગે મંજૂરી આપવા બાબત.**

૧.	સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ એકઝામિનેશન્સ	એક
૨.	જુનિયર કલાર્કસ કાયમી	૭
૩.	૧૯૫૮માં નીચે પ્રમાણે કામચલાઉ જુનિયર કલાર્કોનો નિમણૂક કરવી :	

પરીક્ષા વિભાગ માટે :

અ.	જા-યુઆરીથી જૂન	૨
બ.	જુલાઈ	૮

ક. ઓગસ્ટથી ડિસેમ્બર ૨

હિસાબ વિભાગ માટે :

અ. જાન્યુઆરીથી એપ્રિલ ૨
બ. મે થી સપ્ટેમ્બર ૫

ક. ઓકટોબર થી ડિસેમ્બર ૨

(નોંધ-ચાલુ સાલે પ્રથમ વર્ષની આર્ટસ, સાયન્સ અને કોમર્સની પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા આસરે ૧૩,૦૦૦ થશે. બીજી પરીક્ષાઓ તથા એકસ્ટર્નલ પરીક્ષાઓ માટેનો વિદ્યાર્થીઓનો અંદાજ લગભગ ૧૮,૦૦૦ છે. આ માટે વધારાના ૩૦ માણસોના સ્ટાફની જરૂર રહેશે એમ કાર્યાલયનો અંદાજ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૮માં જાન્યુઆરીથી જૂન સુધી પરીક્ષા વિભાગ માટે બે કામચલાઉ જુનિયર કલાર્કની જગાઓ તથા હિસાબી વિભાગ માટે જાન્યુઆરીથી એપ્રિલ સુધી બે કામચલાઉ જુનિયર કલાર્કની જગાઓ મંજૂર કરવી તથા બાકીની જગાઓનો પ્રશ્ન બાબત નં. ૭૬ માં જણાવેલી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવો.

૭૮. ૧૯૫૬-૫૭ના વાર્ષિક હિસાબપત્રકમાં સાથેના પત્રક મુજબ અમુક ખાતાઓમાં રિવાઇઝડ અંદાજ કરતા વધુ ખર્ચ થવા પામ્યું છે તેને મંજુરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૬-૫૭ના વર્ષમાં થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવો. (વધારાના ખર્ચની વિગત દર્શાવતું પત્રક પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૯. સ્ટુડન્ટ હેલ્થ સેન્ટરની યોજના અંગે સિન્ડિકેટે તેની તા. ૨૮. ૯. ૫૭થી બાબત નં. ૧૪ ઉપર ઠરાવ્યા પ્રમાણે ચિફ મેડિકલ ઓફિસરે રજુ કરલી યોજનાને મંજૂર કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટે તેની તા. ૨૮. ૯. ૫૭ની બેઠકમાં આશરે રૂપિયા બે લાખનું નોન- રિકરીંગ ખર્ચ થાય તે મુજબની યોજના રજૂ કરવા માટે ઠરાવ કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટુડન્ટસ હેલ્થ સેન્ટરની સુધારેલી યોજના મંજૂર કરવી. (યોજનાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૦. યૂથ વેલફેર બોર્ડઝ અને એરિયા કમિટીઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

(નોંધ:- એરિયા કમિટીઓ જ્યાં જ્યાં એક કરતાં વધુ કોલેજો હોય ત્યાં આપવાની છે જે નીચે મુજબ આવશે:

અમદાવાદ

સુરત

રાજકોટ

ભાવનગર

જામનગર

પોરબંદર

૨. તેમના કાર્યક્ષેત્રો : ફરજો વગેરે યોગ્ય ધારા ધોરણ ઘડવાના રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સ્થળો કે જ્યાં જ્યાં એક કરતાં વધારે કોલેજો હોય ત્યાં મધ્યસ્થ સરકારની યોજના મુજબ "એરિયા કમિટીઓ" નીમવી અને મધ્યસ્થ સરકારની યોજનામાં જણાવ્યા પ્રમાણે કાર્યક્ષેત્ર અને ફરજો બજાવવા મજકૂર કમિટીઓને જણાવવું.

૮૧. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હી તરફથી આ યુનિવર્સિટીના "૩ સ્કોલરો" માટે સ્ટુડન્ટસ હોમ સ્થાપવા અંગેની યોજના મોકલી આપી હતી જેના અર્થમાં સુબઇ સરકારે તેનો હિસ્સો આપવા અશક્તિ દર્શાવી છે તે અંગે વિચારણા કરી સિન્ડિકેટે તેની તા. ૩૦-૬૧. ૮. ૫૭ના રોજ મળેલી સભામાં ઠરાવ્યું છે કે મજકૂર યોજનાની બે યુનિટ ને બદલે એક યુનિટથી શરૂઆત કરી શકાય તે માટે એ યોજનામાં ઘટતો ફેરફાર કરીને ભલામણ કરવા માટે આ બાબત યોજનાઓ અંગેની સ્થાયી સમિતિ સમક્ષ ફરીથી વિચારણા માટે મોકલી આપવી તો આ અંગે તે સમિતિની તા. ૨૮-૧૦-૫૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણ

"આથી ભલામણ કરવામાં આવે છે કે "૩ સ્કોલરો" માટે સ્ટુડન્ટસ હોમના એક યુનિટ માટેની સાથેની રિવાઝડ યોજના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને મંજુર કરી મોકલો આપવી અને તેના ખર્ચના સ્ટેટ ગવર્નમેન્ટ અથવા યુનિવર્સિટીના હિસ્સા બાબતમાં સ્ટેટ ગવર્નમેન્ટને ફરીથી વિનંતી કરવી. વધુમાં કમિટી ધ્યાન છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની જુદીજુદી યોજનાઓ અંગે સ્ટેટ ગવર્નમેન્ટ તેનો હિસ્સો Matching grants ગ્રાન્ટ આપે તે બાબત ચર્ચવા સિન્ડિકેટની એક કમિટી

સ્ટેટ ગવર્નમેન્ટને મળે છતાં જો સ્ટેટ ગવર્નમેન્ટ તરફથી મદદ ન મળે તો યુનિ. કેમ્પસમાં આવેલ જોડાયેલી કોલેજો તેમજ સંસ્થાઓનો આ યોજનાનું તેમના ફાળા માટે સંપર્ક સાધવો છતાં બીજી મદદ ન મળે તો યુનિવર્સિટીએ તેની આર્થિક જવાબદારી સ્વીકારી લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિકાસની વિવિધ યોજનાઓના ખર્ચમાં રાજ્ય સરકારના હિસ્સાનો પ્રશ્ન મુંબઇ સરકાર સમક્ષ રજુ કરવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને વિનંતી કરવી.

૮૨. "હિન્દીના પ્રચાર અને વિકાસ અંગેની મધ્યસ્થ સરકારની યોજના" પરના મધ્યસ્થ સરકારના તા. ૨૨-૮-૫૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

અને

હિન્દીના પ્રચાર અને વિકાસ અંગેની મધ્યસ્થ સરકારની યોજનાઓ-હિન્દી શિક્ષકોનો સેમિનાર ઉપરના મધ્યસ્થ સરકારના તા. ૨૨-૮-૫૭ના ઉપર વિચારણા કરવા બાબત આ અંગે યોજનાઓ માટેની સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૫૭ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મધ્યસ્થ સરકારની આ બન્ને યોજનાઓમાં આ યુનિવર્સિટી સંમત છે એમ જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણ મંજુર કરવી.

૮૩. અનુસ્નાતક કેન્દ્રમાં બહારની યુનિવર્સિટીના નામાંકિત પ્રોફેસરો (Professors of outstanding merit) **ને વ્યાખ્યાનો આપવા માટે આમંત્રણ આપી શકાય કે નહિ તે અંગે વિચારણા કરવા બાબત.**

(નોંધઃ- ગુજરાત કોલેજ, અમદાવાદમાં આ અંગે ઇતિહાસના કેન્દ્રે "એ" અને "બી" ગ્રુપ માટે આવા પ્રોફેસરોને બોલાવવા બાબત કેન્દ્રની બચતમાંથી ખર્ચ કરવાની પરવાનગી માગી છે. આવીજ માગણી મેથેમેટિકસ કેન્દ્રે પણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચીંગને વિચારણા માટે મોકલી આપવી.

૮૪. યુનિવર્સિટી પ્રેસમાં પ્રેસ મેનેજરની જગ્યા માટે ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવવા અંગે સિન્ડિકેટના સભ્યો પાસેથી સિનોપ્સીસમાંથી લાયક ઉમેદવારોના નામોના

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

સૂચન મંગાવવામાં આવતા સિન્ડિકેટ સભ્ય ડો. વિક્રમ એ. સારાભાઈ તરફથી આવેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"Being recently elected I am considerably bewildered by the most unusual procedure of requesting members of the Syndicate to pick people who should be called for interview. I believe that the proper thing would be for the University administration to sort out the applications and suggest names of individuals who are considered appropriate for calling for interview. The final selection of the names of the candidates to be called for interview should be made by the selection Committee. In my opinion the Syndicate should be interested only in information concerning the candidates who have been selected for interview and if necessary names and qualifications of all other candidates who have applied. It would not be appropriate for the Syndicate to take over executive functions in relation to selection of staff.

I shall be grateful if you will kindly place these views before the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં ફક્ત લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરીને લાગતી-વળગતી વરણીસમિતિ તથા સિન્ડિકેટના સભ્યોને મોકલી આપવી અને તેમને કયા કયા ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવા તે જણાવવા વિનંતી કરવી તથા તેમની સૂચના અનુસાર ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવા.

૨. લાયક ઉમેદવારો પૈકી જેઓ નિમણૂકને યોગ્ય જણાયા હોય તેવા ઉમેદવારોનાં નામોનો ભલામણ વરણીસમિતિએ ક્રમ અનુસાર કરવી.

૮૫. જોડાયેલી કોલેજો અને માન્ય સંસ્થાઓમાં અધ્યાપન કાર્ય કરતા અધ્યાપકોના પગારનું ધોરણ યુનિવર્સિટિ ગ્રાન્ટસ કમિશને સૂચવેલા પગાર ધોરણ પ્રમાણે રાખવા અને તે અંગે થતા ખર્ચની માહિતી મોકલી આપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–પત્રમાં પગાર ધોરણ રૂા. ૨૦૮–૫૦૦નું સૂચવેલ છે પણ પગાર વધારા ઇન્ક્રીમેન્ટ અંગે કશો ઉલ્લેખ નથી. આ યોજના સરકારી કોલેજોમાં કામ કરતા શિક્ષકોને લાગુ પડશે નહિ એમ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં વધારાના ખર્ચના ૫૦ ટકા જેટલી યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની મદદ બીજી પંચવર્ષિય યોજનાના બાકીના ભાગના સમય પૂરતી જ મળશે તેવો ખુલાસો લાગતીવળગતી કોલેજોને કરીને આ યોજના તેમને સ્વીકાર્ય છે કે કેમ તે બાબત કાર્યાલયે

તેમને લખી પૂછાવવું અને જે કૉલેજો આ યોજના સ્વીકારવા તૈયાર હોય તે કૉલેજોને મદદ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧-૪-૫૭ પહેલાં જે કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સૂચવેલ પગારધોરણો અપનાવ્યાં હોય તેમને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન મદદ કરશે કે કેમ તે પણ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને પૂછાવવું.

૮૬. ડો. ટી. એસ. ચિમાએ એમ. ડી. પરીક્ષા માટે લખેલું ડિઝર્ટેશન પ્રસિદ્ધ કરવા અંગેની વિનંતી નામંજુર કરવામાં આવતાં તે અંગે પુનર્વિચારણા કરવા સારૂ તેમના ગાઇડ ડો. એસ. બી. અંકલેસરીઆ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :-ડો. અંકલેસરીઆ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે :—

By preventing him to publish it in a journal which may give him better publication you are also preventing our good material from receiving better publication. There is no written rule which in fact demands or makes this permission necessary.

આથી ઠરાવવામાં આવે છે કે ડો. ટી. એસ. ચીમાને ગુજરાત યુનિવર્સિટીનું સૌજન્ય સ્વીકારે તે શરતે એમ. ડી ની પરીક્ષા માટે તેમણે લખેલું "ડિઝર્ટેશન" પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવી.

૮૭. આગામી ડિસેમ્બર માસમાં દર વર્ષની માફક યુનિવર્સિટી સપ્તાહ ઉજવવા માટે તારીખો નક્કી કરવા અને તે અંગે જરૂરી ખર્ચ મંજુર કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ :—ગયા વર્ષે યુનિવર્સિટી સપ્તાહ ઉજવવા માટે સિન્ડિકેટે રૂા. ૨૦૦૦નો ખર્ચ મંજુર કર્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સપ્તાહ માટે રૂા. ૨૦૦૦નો ખર્ચ મંજુર કરવો તથા યુનિવર્સિટી સપ્તાહની તારીખો નક્કી કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૮૮. દ્વિતીય વર્ષ વાણિજ્ય પરીક્ષા માટે રાજકોટને કેન્દ્ર બનાવવા અંગેની પરવાનગી આપવા માટેના શ્રી પી. ડી. માલવીયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ—દ્વિતીય વર્ષ વાણિજ્યમાં ફકત ૩૦ વિદ્યાર્થીઓ બેસનાર છે એમ આચાર્યે જણાવેલું છે.)

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭–૧૧–૫૭

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૩૭માં જણાવેલી સમિતિ સમક્ષ વિચારણા માટે રજુ કરવી.

૮૯. મુંબઈ ખાતે તા. ૨૮ થી ૩૧ ડિસેમ્બર ૧૯૫૭ સુધી મળનાર ઇન્ડિયન ફાર્માસ્યૂટીકલ કોંગ્રેસની દસમી બેઠકમાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિને મોકલવા અંગે મજકૂર સંસ્થાના સ્થાનિક મંત્રીઓ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ફાર્માસ્યૂટીકલ કોંગ્રેસની દસમી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ડો. આર. પી. પટેલને મોકલવા.

૯૦. લાયબ્રેરી અંગે પુસ્તક ખરીદીના તમામ બીલો માં શ્રી. લાયબ્રેરીયન ઉપરાંત લાયબ્રેરી કમિટીના ચેરમેનની કાઉન્ટર સિગ્નેચર લેવાની હોય છે. જે વહીવટી રીતે શકય નથી તો તે અંગેના ઓ. ૩૧માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ઓર્ડિ. ૩૧ નીચે મુજબ છે :—

O. 31 : All bills in respect of Books purchased for the Library shall be verified and checked by the Librarian and shall be countersigned by the Chairman of the Library Committee in attestation of their correctness.)

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિનન્સ ૩૧માંથી "and shall be countersigned by the Chairman of the Library Committee in attestation of their correctness" એટલા શબ્દો રદ કરીને ઓર્ડિનન્સ સુધારવો તથા સુધારેલા ઓર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

સુધારેલો ઓર્ડિનન્સ નીચે મુજબ વંચાશે :

"O. 31 : All bills in respect of books purchased for the Library shall be verified and checked by the Librarian."

૯૧. ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાની પરીક્ષાઓ માટે પરીક્ષાર્થીઓને બેસવા માટે સરકારી કોલેજોનો ઉપયોગ કરવામાં આવે છે તે અંગે લેવાતા ભાડાનો દર રૂા. ૨૫. રોજના લેવાનું રાજ્ય સરકારે ઠરાવેલું જે નિર્ણય કામચલાઉ મુલતવી રાખવા અંગે લખતાં મુંબઈ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી વિનંતી નામંજૂર કર્યા અંગેની જાણ કરતા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ–આ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર ડો. ભારકર પટેલને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એજ્યુકેશન ડિપાર્ટમેન્ટનો સંપર્ક સાધી યોગ્ય કરવા જણાવેલ. ડો પટેલ તરફથી તે અંગે આપણને કશું જાણવા મળેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે ડો. ભારકર આર. પટેલને પૂછાવવું અને તેમનો જવાબ આવેથી આ બાબત ફરીથી વિચારણા માટે રજૂ કરવી.

૬૨. ઓર્ડિનન્સ ૭૫ મુજબ આર્ટસ, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીઓમાં બીજા સત્રનો અંત ૧૫મી માર્ચે થાય છે. સિન્ડિકેટે પ્રી–યુનિવર્સિટીની પરિક્ષા ૧૦મી માર્ચથી લેવા માટે ઠરાવ્યું છે તો તે અંગે કાર્યાલયના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ–એસ. એસ. સી.ની પરીક્ષા ૧૮મી માર્ચે શરૂ થનાર છે તો યુનિવર્સિટી પરીક્ષા ૧૦મી માર્ચ પછી લઈ શકાય નહિ માટે સત્રનો અંત તા. ૮ મી માર્ચે રાખવો અથવા કોલેજના કામકાજનો સમય સવારના ૧૦–૦૦ સુધી રાખવો એમ સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાના કારણે પોતાની કોલેજોમાં વ્યાખ્યાનો કયારથી બંધ કરવા તે પ્રશ્ન લાગતી વળગતી કોલેજોના આચાર્યો પર છોડી દેવો.

૬૩. બી. એ એમ. એસ.ની પરીક્ષા માટે પરીક્ષકોને આપવાનું મહેનતાણું તથા પ્રાયોગિક પરીક્ષા માટેના સ્ટાફનું મહેનતાણું નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ પહેલી એમ. બી. બી એસ. પરીક્ષા માટે નીચે પ્રમાણે ઠરેા છે :–

V–F. E., S. E., First M. B. B. S , Second M. B. B. S. & Dip. Pharm. Examinations.

	Rs.An.ps.
1. Drawing up a paper of three or four hours	60-0-0
2. Drawing up a paper of two hours	40-0-0
3. Examining an answer paper of two, three or four hours.	1-0-0

FIRST M. B. B. S. EXAMINATION

In each subject	2-0-0

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૬-૧૧-૫૭

Sub.	Expert Assi-stants.	Labora-tory Assi-stants.	Hamals.	Days for prepara-tion.	Days for clean-ing up.	Nurses.
1	2	3	4	5	6	7
Anatomy	2	1	3	2 days for expert Asstts. & Hamals	1 day for Laborato ry Asstts. & Hamals.	-
Physiology	3	3	3	1 day for expert Asstts. Laboratory Asstts. & Hamals.	1 day for Laboratory Asstts. & Hamals.	- -

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. બી. એસની પરીક્ષા માટેના ઉપર મુજબના દર બી. એ. એમ. એસ. ની પરીક્ષા માટે તેના સમકક્ષ વિષયો અને આખતો માટે મંજુર કરવા.

૬૪. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ ખાતામાં કામ ઘણું જ વધ્યું હોવાથી જૂનિયર કલાર્કની જગ્યાને સિનિયર કલાર્કની જગ્યામાં ફેરવવાના ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશનના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશનનો પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૬૫. ૧૯૫૮ની સાલ માટે રજાઓ નિયત કરવા બાબત.

(નોંધ – દિવાળીની રજાઓ એક અઠવાડિયાની એટલે કે તા. ૧૦ થી ૧૫ નવેમ્બર સુધી રાખવી અને તેને બદલે એક રજા પારસી નવું વર્ષ અથવા ઈદે મિલાદ કમી કરવી તેવું કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૮ની સાલ માટે ફકત જે રજાઓ બેન્કો માટે મુકરર થઈ હોય તેટલી જ રજાઓ કાર્યાલય માટે મંજૂર કરવી. (રજાઓની યાદી પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૯૬. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં અનુસ્નાતક કેન્દ્રોનું સન ૧૯૫૬-૫૭નું આવક જાવકનું સ્ટેટમેન્ટ તપાસતાં ઑફિસે તારવેલા નીચેના મુદ્દાઓ બાબત વિચારણા કરવા બાબત.

૧. ઇંગ્લીશ વિષયમાં સ્કૉલરશિપ અને ફ્રી શિપ રૂા. ૧૪૨-૮-૦. આપી શકાય તેને બદલે રૂા. ૧૪૩-૮-૦. આપેલ છે જે નિયમ કરતાં બન્નેમાં રૂા. ૧. ૦. ૦. વધારે છે.

૨. ટપાલ ખર્ચ નિયમ પ્રમાણે રૂા. ૧૨૨-૫૦ નયા પૈસા કરી શકે જેને બદલે રૂા. ૧૨૪-૩૪ નયા પૈસા કરેલ છે જે નિયમ કરતાં ૧.૮૪ નયા પૈસા વધારે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત આગળ નં. ૨૪ થી ૨૯ માંથયેલા ઠરાવ અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપી હોવાથી સિન્ડિકેટને હવે તેમાં કશું કરવાપણું રહેતું નથી.

૯૭. યૂથ વેલ્ફેર બોર્ડઝ અને કમિટીઓ સ્થાપવા અંગેના તા ૧૪-૮-૫૭ તથા તારીખ ૧૪-૯-૫૭ના ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના પત્રો બાબતમાં સિન્ડિકેટની બહુ:દીની અપેક્ષાએ શ્રી વાઇસ-ચાન્સેલરે મંજૂર કરેલી યૂથ વેલફેર કમિટી સ્થાપવાની યોજનાને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

(યોજનાની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૯૮. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદની સ્થાનિક તપાસસમિતિ ઉપર નીમાયેલ પ્રિન્સિપલ ડા. કે જી. નાયકે કામ કરવાની અશકિત દર્શાવી હોવાથી તેમની જગ્યાએ પ્રો. ડા. સી. એમ. દેસાઇની નીમણૂંક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૯ નીચેના વિદ્યાર્થીઓની બીજા સત્રમાં કૉલેજ બદલવાની પરવાનગી આપવા બાબતની વિનંતી મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

વિદ્યાર્થીનું નામ:	કૉલેજ:
૧. શ્રી. જિતેન્દ્ર ક. પંચોલી	શ્રેયસ કૉલેજ, અમદાવાદ
૨. શ્રી. ચિનુભાઇ જે. ક્રિશ્ચીયન	,, ,, ,,
૩. શ્રી રમેશચંદ્ર કા શેઠ	રામાનંદ કૉલેજ, અમદાવાદ
૪. શ્રી. હેમન્તકુમાર એમ. જાની	સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૫. શ્રી. રસિકલાલ કૂ. શાહ	રામાનંદ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૦. યુનિવર્સિટી પ્રેસ માટે અજમેરથી આવેલ એક મશીનમેન તથા બે ગેલીમેનોને અનુક્રમે ઉચ્ચક માસિક પગાર રૂા. ૧૩૫ અને ૭૫ દરેકને આપવાના દરે એક મહિના માટે નિમણૂંક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૧. યુનિવર્સિટીમાં પુઅર સ્ટુડન્ટસ એઇડ ફંડ ચાલુ કરવા અંગે આવેલા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના તા. ૨૧-૯-૫૭ના પત્ર નં. એફ. ૩૭-૧૦-૫૭ એચ. ઉપર સિન્ડિકેટે તેની તા. ૨૮-૯-૫૭ની ખાસ બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે શ્રી. રજિસ્ટ્રારે તૈયાર કરેલો અંધારણનો અરડા શ્રી. વાઇસ-ચાન્સેલરે મંજુર કર્યો હોવાથી તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

(ખરડાની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૧૦૨. યુનિવર્સિટીમાં ખાલી જગા માટે અરજી કરવા માટેનું આવેદનપત્ર મંજુર કરવા બાબત.

(નોંધ:- આવેદનપત્રની કિંમત રૂપિયો એક રાખવાનું સૂચન કરેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ખાલી જગા માટે કાર્યાલયે ઘડેલું આવેદનપત્ર મંજૂર કરવું તથા તેની કિંમત રૂા. ૧. ૦. ૦ રાખવી.

આ આવેદનપત્ર પટાવાળા, હમાલ, માળી, ચોકીદાર વગેરેની જગાઓ માટે લાગુ પડશે નહિ. (આવેદનપત્રની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૦૩. અનુસ્નાતક કેન્દ્ર એલ. ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદનું ૧૯૫૬-૫૭નું આવક જાવકનું હિસાબપત્રક તપાસતાં નીચે પ્રમાણેના ઉપસ્થિત થતા મુદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

"ઇનઓર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રીના કેન્દ્રમાં સ્કોલરશિપ માટે રૂા. ૫૧૨-૫૦ નયા પૈસા ખર્ચ કરી શકાય જેને બદલે રૂા. ૫૫૦ ખર્ચ કરેલ છે જે નિયમ કરતાં રૂા. ૩૭.૫૦ નયા પૈસા વધારે છે. તેજ પ્રમાણે ફ્રી શિપ માટે રૂા. ૫૧૨. ૫૦ ખર્ચ કરી શકાય પણ રૂા. ૬૬૦ ખર્ચ કરેલ છે. જે નિયમ કરતાં રૂા. ૧૪૭. ૫૦ નયા પૈસા વધારે છે. કારણમાં તેઓ જણાવે છે. કે આ બાબતના નિયમમાં સંદિગ્ધતા રહેવાથી આમ બન્યું છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત આગળ બાબત નં ૨૪ થી ૨૬ માં થયેલા ઠરાવ અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપેલી હોવાથી સિન્ડિકેટને હવે તેમાં કશું કરવાપણું રહેતું નથી.

૧૦૪. એન. સી સી. વાર્ષિક સિબિર યોજવા માટે કોલેજોમાં ડિસેમ્બર-જાન્યુઆરીમાં મીડ-ટર્મ વેકેશન દાખલ કરવા બાબત આવેલા બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે ક બી. જે. મેડિકલ કોલેજના આચાર્યની વિનંતી માન્ય કરવી નહિ

૧૦૫. મુંબઈ રાજય તરફથી આપણી યુનિવર્સિટીને રૂા. ૨, ૩૮, ૨૦૩નો હપ્તો મેન્ટેનન્સ ગ્રાન્ટ પેટે આપ્યા બાબતનો મુંબઇ રાજ્યના કેળવણી ખાતાના મંત્રીનો આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૦૬ સને ૧૯૫૭ના બીજા છ માસ દરમિયાન લેવાયલી પરીક્ષાઓ માટે નિમાયેલ પરીક્ષકો પૈકી જેમણે અશક્તિ દર્શાવી હતી તેમની જગાએ બીજી નિમણૂકો કર્યાના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

(નિમણૂકોની યાદી આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે સામેલ છે.)

૧૦૭. નીચેના બે વિષયો માટે પરીક્ષકોની નિમણૂકો કરવામાં આવી નહતી પરંતુ

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પાછળથી તે વિષયોમાં વિદ્યાર્થીઓ બેસનાર હોવાથી નીચે મુજબ તે વિષયો માટે પરીક્ષકોની નિમણૂક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

વિષયો :	પરીક્ષકોના નામ :
૧. પી. એચ. ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ-જર્મન	૧. ડો. સી. એમ. શાહ
૨. પબ્લિક ફાઇનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન-બી. કોમ.	૧. પ્રો. ડી. ટી. લાકડાવાલા ૨. પ્રો. ડી. પી. કુલકર્ણી

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૮. સને ૧૯૫૭ના ઓક્ટોબર-નવેમ્બરમાં લેવાયેલી બી. ઈ. પરીક્ષાઓ માટે નીચે પ્રમાણે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

સેન્ટર	નામ :
અમદાવાદ	૧. પ્રિન્સિ. એસ. વી. સી. આર્યા ૨. પ્રોફેસર જી. જે. કુલકર્ણી
મોરબી	૧. પ્રિન્સિપલ ટી. એ. દેસાઇ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૯. નીચે પ્રમાણેના માણસોને યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧૧-૧૧-૫૭થી વધુ એક માસ માટે ચાલુ રાખવા માટેના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

નામ :	હોદ્દો	પગાર :
૧. શ્રી. રામસ્વરૂપ પન્નાલાલ	મશીનમેન	રૂા. ૧૩૫. ૦. ૦. ઉચ્ચક માસિક
૨. શ્રી. મધુકર બૈજનાથ ઉપાધ્યાય	કોમ્પોઝીટર	રૂા. ૧૧૫. ૦. ૦. ,, ,,
૩. શ્રી. રામસીંગ પન્નાલાલ	ગેલીમેન	રૂા. ૭૫. ૦. ૦. ,, ,,
૪. શ્રી. રામચંદ્ર બુદ્ધારામ	ગેલીમેન	રૂા. ૭૫. ૦. ૦. ,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૬૦. નીચે મુજબની યુનિવર્સિટી કાર્યાલયમાં નિમણૂંકો કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

નામ:	હોદ્દો
૧. શ્રી. એન. એન. શાહ	જૂનિયર કલાર્ક હંગામી
૨. શ્રી. એમ એ. ત્રિવેદી	,, ,,
૩. શ્રી. એચ. એમ. શાહ	,, ,,
૪. શ્રી. એમ. એમ. શાહ	,, ,,
૫. શ્રી. પી. ટી. ક્રિશ્ચિયન	,, ,,
૬. શ્રી. એ. સી. ગાંધી	,, ,,
૭. શ્રી. એસ. એસ ભટનાગર	જૂનિયર કલાર્ક-કાયમી માસિક રૂા. ૧૦૫ વત્તા મોંઘવારી ભથ્થું. યુનિવર્સિટી પ્રેસ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૧. કલકત્તા ખાતે તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર ૧૯૫૭ સુધી મળનાર ઓલ ઇન્ડિયા રાઇટર્સ કોન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર ઉમાશંકર જોશીની નિમણૂક કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ :- પ્રોફેસર ઉમાશંકર જોશીને આ પરિષદનું પ્રમુખપદ સ્વીકારવા માટે આમંત્રણ આપવામાં આવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૨. કુ. શીલા એસ. રાવ જેઓને ઇન્ટર આર્ટસમાં સેંટ ઝેવીયર્સ કોલેજે જૂન ૧૯૫૭માં પ્રોવિઝનલ એડમિશન આપેલું પરંતુ સપ્ટેમ્બરની તા. ૨૪-૯-૫૭ તારીખે ટ્રાન્સફર્સ સર્ટિફીકેટ કાર્યાલયમાં આવતાં તેઓ રેસીડેન્સિટીના નિયમ પ્રમાણે લાયક એલિજિબલ ન હોઈ તેમનું પ્રોવીઝનલ એડમિશન રદ કરવાની યુનિવર્સિટીને ફરજ પડી. તે પરથી એ વિદ્યાર્થિનીના પિતાએ આ બાબતની પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે તો તે બાબત પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૬

આ બાબત આગળ બાબત નં. ૩૬ પહેલાં આવી ગઈ છે. અને તેના પર નિર્ણય કરવામાં આવ્યો છે જેની નોંધ તે ક્રમમાં કરેલી છે.

૧૧૩. "પ્રિન્સિ. ડો. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" એનાયત કરવા અંગે જે વિદ્યાર્થી તેમજ શિક્ષકનું પ્રકાશિત થયેલ સંશોધન કાર્ય પ્રથમ કક્ષાનું હોય તે નક્કિ કરવા માટે શરત મુજબ એક સમિતિ રચવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે વિજ્ઞાનના ક્ષેત્રમાં "પ્રિન્સિપલ ડો. કે. જી નાયક ગોલ્ડ મેડલ" એનાયત કરવો તથા તે માટે નીચેના સભ્યોની બનેલી પરીક્ષા સમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. ડો કે. જી. નાયક
૨. પ્રિન્સિ. ડો વાય. જી. નાયક
૩. ડો. એ. એમ. ત્રિવેદી

૧૧૪. એ. ૭૧ મુજબ રૂટેટ યુનિવર્સિટીમાંથી એક અથવા વધુ સત્રો રાખી આપણી યુનિવર્સિટીમાં દાખલ થનાર વિદ્યાર્થીઓની એલિજિબિલિટી રૂટે. ૧૭૩ મુજબ જોવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. યુનિવર્સિટી રૂ ઉજવવા માટે યુનિવર્સિટીએ દરેક કોલેજને રૂા. ૧૦૦ સુધીની મદદ કરવી જોઈએ તેવા પ્રિન્સિ. અ. ક. ત્રિવેદીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ વર્ષે શ્રી. અ. ક. ત્રિવેદીનું સૂચન સ્વીકારવું નહિ.

૧૧૬. યુનિવર્સિટી જર્નલ "વિદ્યા" અંગેના કામકાજ કરવા અંગે સામાન્ય વિભાગના હેડક્લાર્ક શ્રી. કે. સી. જાનીને શું ભથ્થું આપવું તે નક્કિ કરવા માટે સિન્ડિકેટ નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સામાન્ય વિભાગના હેડ ક્લાર્ક શ્રી. કે. સી. જાનીને યુનિવર્સિટી જર્નલ "વિદ્યા"ના કામકાજ અંગે "વિદ્યા" ના પ્રત્યેક અંક દીઠ રૂપિયા ૫૦-૦-૦નું પર્સનલ એલાવન્સ આપવાની સમિતિની ભલામણ મંજૂર કરવી તથા "જોબ એલાવન્સીસ" બાબતમાં સમિતિનું સૂચન સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવું.

(નોંધઃ– શ્રી. કે સી. જનીને અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા બે અંકો માટે પણ ઉપરના દરે વેતન આપવું.)

૧૧૭. મનો વિજ્ઞાન ભવનના અધ્યક્ષની નિમણૂક થાય ત્યાંસુધી ભવનના રિડર-ઇન-ચાર્જ ડો. એમ. કે. ડેને અમુક ખર્ચ મર્યાદા સુધી ખર્ચ મંજુર કરવાની સત્તા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનો વિજ્ઞાન ભવનના રિડર–ઇન–ચાર્જ ડો. એમ. કે ડેને ભવનના અધ્યક્ષની નિમણૂંક થાય ત્યાં સુધી રૂા. ૫૦ સુધાનો ખર્ચ મંજૂર કરવાની સત્તા આપવી.

૧૧૮. નીચેના વિદ્યાર્થીઓની બીજા સત્રમાં કોલેજ બદલવાની પરવાનગી આપવા બાબતની વિનંતી મંજૂર કર્યાના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

વિદ્યાર્થીનું નામ :	કોલેજ
૧. શ્રી. હસમુખ એમ. દવે	શ્રેયસ કોલેજ, અમદાવાદ
૨. શ્રી. પ્રમોદકુમાર બી. હાકર	સર એલ. એ. શાહ લૉ કોલેજ, અમદાવાદ વિનયન વિભાગ

આથી ઠરાવવામાં આવે છે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

બાકી રહેલા કામો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતા.

નં. સિ. ૭૬૮૮૬–૬૦૬–૧૬૫૭
ગુજરાત યુનિવર્સિટી ઓફિસ,
અમદાવાદ-૯. તા. ૨–૧૨–૫૭.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૮

GUJARAT UNIVERSITY.

A meeting of the Unfair means and mistake Committee was held in the University office on Tuesday, 3rd September 1957 at 5.00 p.m. to consider the cases of mistakes etc. committed by the examiners, supervisors, Proof-readers, office staff etc. at the examinations held during first half of the year 1957.

The presence was as under :

1. Vice-Chancellor — Present
2. Shri Batubhai H. Desai — Present
3. Shri S. M. Shah — Present
4. Prin. S. V. Desai — Absent.

The Committee after having thoroughly gone through the papers of each case and having carefully considered each case report as under :

Unfair Means Cases.

Nos. & Examination.	Committee's Report.
1. No. 269 at the F. Y. Arts (External) examination at B. M. Shah Intermediate College, Bhavnagar.	No recommendation is necessary. The punishment should not be altered.
2. No. 72 at the B. E. (Civil) Examination.	No action be taken as there is no conclusive proof of copying.

Cases of Mistakes.

1. Shri C. K. Shah	No action be taken in the matter of the Old Course Q.P. on Modern India having been

	given to some fresh candidates at the B.A. Examination.
2. Prof. G. N. Dike.	Rs. 10/- be deducted from his remuneration for interchange in sending the answer books of Nos. 532 to 563 to the examiners in Economics at Inter Arts.
3. Prof. M G. Desai	Rs. 10/- be deducted from his remuneration for the interchange in sending the answer books of some candidates in Gujarati at the Inter Arts.
4. Prin. H. S. Sanghavi) 5. Prof. N. J. Shah)	Rs. 5/- be deducted from the remuneration of each for the despatch of the answerbooks of statistics Paper II at the B.Sc. examination to the unconcerned examiner.
6. Prof. U. D. Bhatt) 7. Shri R. P. Rathod)	Rs. 5/- be deducted from the remuneration of each for the interchange in sending the section wise answerbooks of Physics Paper II at the B Sc. exam. to the examiners.
8. Shri B. P. Parekh	Warning be given to him for having given the main answerbooks to the two candidates without putting on them his signature.
9. Prof. M. G. Desai	Rs. 5/- be deducted from his remuneration for the mistakes in proof reading of the question Paper on French at the Inter Arts.
10. Dr. Priyabala Shah	No action is necessary.
11. Prof. S. K. Katrak	No action is necessary as there is no conclusive proof of copying in the case of No. 72 at the B.E (Civil) Exam.
12. Prof. I. V. Trivedi	Postponed.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૰

13. Prof. V. P. Pandya — She should not be appointed as Paper-setter or examiner for one year for the mistake in not showing on the answerbook of the candidate No. 3339 at the Inter Arts Examination the marks assigned to the Q. 3 in Mathematics Paper I and also in the mark sheet.

Office Staff.

1. An oral warning be given to all the members who corrected the proofs in the matter of mistakes in the printed list of the candidates at the Inter Arts Examination.

2. Penalty of Rs. 10/- each be imposed on (1) Shri J. C. Patel and (2) Shri N. C. Travadi in the matter of mistake in preparing the statements for the Inter Arts Exam.

3. Warning be given to (1) Shri S. P. Medh, (2) V. M. Desai and (3) H. B. Kharod for the mistake in not assigning the classes in results of the Diploma Course Examinations in Pharmacy.

4. Penalty of Rs. 15/- each be imposed on (1) Shri S. P. Medh and (2) Shri H. B. Kharod for the mistakes in preparing the results of the two candidates at the M. A. & M.Sc. Statistics.

5. The matter regarding the mistake in the grand total of one candidate at the B.Com. Examination is postponed for want of explanations of the responsible persons for the mistake.

6. Penalty of Rs. 5/- each be imposed on (1) Shri S. P. Medh and (2) Shri H. B. Kharod for the mistake in declaring the result of the two candidates at the Second Year Examination in I.Sc. (Agri.) instead of withholding their results.

7. The representation for reconsideration of the matter of debarring some examiners be placed directly before the Syndicate.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

GUJARAT UNIVERSITY

A meeting of the Unfair means and Mistakes Committee was held in the University office on Tuesday, 5th November 1957 at 5.00 P. m. to consider the following items of mistakes committed by the examiners and members of the office staff at the examinations held in March–April 1957.

1. Mistakes of the examiners in the mark-sheets of Logic at the Inter Arts Examination.
2. Mistake of the staff members in totalling the marks of one candidate at the B. Com. examination.

The presence was as under :-

1. Shri H. V. Divatia Vice-Chancellor	A
2. Shri Batubhai H. Desai	P
3. Shri S. M. Shah	P
4. Prin. S. V. Desai	P

All the relevant papers in the matters were placed before the Committee. The committee after having carefully gone through the papers report as under :-

1. Mistakes of the examiners :—

The Committee was informed that under the provision of the instruction No. 19 to the Paper–Setters and examiners the deduction of Rs. 5/- for each mistake was made from the examiners' remuneration and, therefore, the Committee reports that the following examiners be given warning.

1. Prin. I. V. Trivedi.
2. Prof. T. G. Deokule.
3. Dr. G. N. Joshi
4. Shri V. S. Gogate.
5. Prof. B. N. Dave.
6. Prof. A. J. Jani.
7. Prof. K. B. Vyas.

2. Mistake of the staff members :—

Penalty of Rs. 10/- each be imposed on (1) Shri R. D. Bhagat and (2) Shri B. C. Patel for the mistake in totalling the marks of a candidate at the B. Com. examination.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૨૧

Replies to the Audit Note on the accounts of the Gujarat University, Ahmedabad, including Government Grants for the year 1955–56 (i. e. 1st July 1955 to 30th June 1956.)

Part I – Previous Audit.

2 & 3. Replies to the audit note as sanctioned by the Syndicate has been sent to the Examiner, Local Fund Accounts with our letter No. Acc. 22929 dated 24–4–1957. The same may please be verified at the time of the next audit.

Part II – Current Audit.

4. The appointment of Harijan Shri Juga Chuna on the consolidated rate of pay of Rs. 50/- per month with effect from 7–7–1955 by the Vice-Chancellor is hereby confirmed.

5. Particulars about the progress of work etc. of the grantees till to-date is given herebelow :

S. No.	Name :	Rs.	Production of Accounts.	Forwarding :	Return of apparatus.
1.	Dr. Y. G. Naik	2500	submitted	Report given. Work is in progress.	The question of return of apparatus does not arise at present as work is in progress.
2.	Dr. Y. M. Bhende	1500	,	Report given. Work sent for publication.	Does not arise.
3.	Dr. C. R. Mehta	125	,,	Report given. Work is in progress.	-do-

4. Shri R. D. Desai	150	submitted	Work is in progress.	Does not arise
5. Dr. A. M. Trivedi	150	,,	Report given.	-do-
6. Dr. V. A. Sarabhai	3000	,,	Report given.	Syndicate resolved to keep apparatus at Physical Research Laboratory.
7. Shri R. K. Mapara	150	,,	Work is in progress.	Does not arise.
8. Miss H. J. Kaji	150	,,	Report given.	-do-
9. Shri K. H. Kamdar	250	He is requested to send the same but not sent so far.		-do-
10. Dr. B. J. Jhaveri	150	Submitted	Work sent for publication.	--do-
11. Prof. I. R. Dave	250		The work is in progress.	-do-

6. Sanction of the Vice-Chancellor will be shown at the time of the next audit.

7. Requisite declarations of the persons concerned are being obtained and will be shown at the time of the next audit.

8. The matter is being placed before the Syndicate for consideration.

9 O. 143. has been correctly interpreted to mean that a member is entitled to a halting allowance of Rs. 15/- for the first day and Rs. 10/- for each subsequent day spent by him **at a place** out side his headquarters. Accordingly if a member goes from one place to another place, he has to be paid Rs. 15/- for the first day and Rs. 10/- for subsequent days spent by him at another place. Therefore payment of Rs. 60/- to Shri A. K. Trivedi for his trip to Ahmedabad and Anand is in order. For his journey to Jamnagar, Rajkot, Surendranagar and Ahme-

dabad, Shri A. K. Trivedi was paid Rs. 55/- only, as he had claimed less than what was admissible in terms of O. 143.

10. Three temporary posts of junior clerks were sanctioned by the Syndicate for the period of two months. But in view of the volume and nature of the work, it was subsequently felt necessary to relieve two persons earlier by about 18 days and to continue the services of one person for further period of 10 days, On the whole total period sanctioned by the Syndicate has not been exceeded. However, the action is hereby confirmed.

11. S, 130 B lays down that a sum of Rs. 3000/- shall be placed annually at **the disposal of the Vice-Chancellor** by way of sumptuary allowance. The amount of Rs. 1-8-0 and Rs. 175/- has been spent under orders of the Vice-Chancellor, at whose disposal amount of the sumptuary allowance is placed. The payment is, therefore, in order.

12. Item No. 4 of Statute 130-A lays down that the Vice-Chancellor be provided with motor conveyance at Ahmedabad from the date of his nomination as long as he holds his office. No conditions regarding the use of the motor conveyance are obviously laid down in the said Statute, as it is not deemed proper for a person of the Vice-Chancellor's Status to be subjected to any conditions that would affect his status. The expenditure may, therefore, be held in order.

13. (i) Ordinance No. 31 is being placed before the Syndicate for revision, Meanwhile the bills amounting to Rs. 60,640-15-0 passed under the signature of the Librarian are hereby approved.

13. (ii) The purchases of books and periodicals made by the Library during the year 1955-56 are hereby approved Tenders are being invited for such purchases now.

14. (i) Amount of Rs. 113-8-0 paid to Shri B. A. Patel as interest under orders of the Vice-Chancellor was on account of amount withheld by the University pursuant to the Syndicate's resolution till the question of payment of house rent allowance was decided. Though the account was closed with effect from 30-6-1955, his amounts were retained by us at our instance upto 20-1-56 and hence in all fairness the interest was calculated upto

28-1-1956, and paid accordingly. However the action of the Vice-Chancellor is hereby confirmed.

(ii) The interests payable to subscribers is recalculated and is adjusted in the next year 1956/57. The accountant is asked to verify the correctness of interest payable on all accounts hereafter.

15. Noted.

16. Unspent balance of Rs. 167-8-0 has been fully utilised during 1956/57. Periodical statements of expenditure have been sent to the University Grants Commission from time to time and they have been accepted as such without any objection by the Commission, which implies that it is not necessary to obtain specific orders for extension of time limit for expenditure of unspent balance during the next year.

17. The University Grants Commission have been supplied periodical statements of expenditure and such other information as may have been asked by them.

18. The Accounts have been submitted to the Ministry of Education by A. G. Teachers' College. (vide Government of India, Ministry of Education's letter No. F. 11-18/56 DI dated 10/12 July 1956) and the unspent balance of Rs. 1254/- has been adjusted while giving another grant of Rs. 1900/- to A. G. Teachers' College during 1956-57.

19. (i) Final Statements of Expenditure incurred by the Charutar Vidya Mandal for grants received have been submitted to the Ministry of Education and accordingly nothing remains to be refunded to the Minisiry. Copies of the Statements may please be verified at the next audit.

(ii) The Grant in question was sanctioned to B. A. College of Agriculture direct by the Ministry of Education, Government of India and as such detailed accounts and vouchers can only be had at the college concerned.

20. Noted.

21. Noted.

22. An amount of Rs. 28952. 56 has been spent in all upto 30-6-1957 for

construction of an Open Air Theatre in the University Campus, against Rs. 15,000/- sanctioned and received as grant in aid for the same. The constructional work is now finished.

23. Detailed statements of Accounts and relevant vouchers may please be inspected at the Birla Engineering College as the grant in question has been sanctioned direct by the Ministy of Education, Government of India, New Delhi.

24. Noted.

25. Noted.

26. Noted.

27. A sum of Rs. 78, 076-15 has been spent up to 30-6-1957 in purchase of books for the University School of Social Sciences. The Balance will be of Social spent during the current year i. e. 1957—58. Orders for purchase of books have already been placed.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૪૦

'BANSILAL AMRATLAL HARGOVANDAS GOLD MEDAL" ENDOWMENT :

1.	Donar	: Shri Manubhai Tribhovandas, C/o Hargovandas Lakhmichand, Manek Chowk, Ahmedabad.
2.	Amount of Donation	: Government of India 3% Conversion Loan of 1946 of the face Value of Rs. 6,300/-.
3.	Award to be made	: One Gold Medal.
4.	Accepted by	: Syndicate Resolution No. 30 dated 4.2.1956.

RULES

1. A Gold Medal in the name of 'Bansilal Amratlal Hargovandas Gold Medal" of the value of about Rs. 175/-, shall be awarded annually to a candidate who stands first in First Class at the B.Pharm. Degree Examination.
2 The medal shall be awarded irrespective of the Winner's caste, creed, sex or community.
3. The medal shall, as far as possible, be presented to the Winner at the Annual Convocation of the University.
4. The annual income of the endowment shall be subject to a deduction of five per cent as contribution to the General Fund of the University.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

"NATHIBA HARGOVANDAS LAKHMICHAND GOLD MEDAL" ENDOWMENT :

1. Donor :- Shri Indravadan Amratlal,
   C/o Hargovandas Lakhmichand,
   Manek Chowk,
   Ahmedabad.

2. Amount of donation :- Government of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 6,200/-.

3. Award to be made :- One Gold Medal.

4. Accepted by :- Syndicate Resolution Nos. 30 and 80 dated 4.2.56 and 3.3.56 respectively.

RULES

1. A gold medal in the name of "Nathiba Hargovandas Lakhmichand Gold Medal of the value of about Rs. 175/- shall be awarded annually to a candidate who stands first in the First Class at the M.Sc. degree examination.

2. The medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

3. The annual income of the endowment shall be subject to a deduction of five Percent as contribution to the General Fund of the University.

"NANUBHAI MANEKLAL MUNSHAW GOLD MEDAL" ENDOWMENT :

1. Donor : Shri Chinubhai Nanubhai Munshaw,
   C/o Shri Vivekanand Mills Limited,
   Rakhial Road,
   Gomtipur,
   Ahmedabad. 10

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

2. Amount of donation : Government of India 3% Conversion loan of 1946 of the face value of Rs. 6,700/-.

3. Award to be made : One Gold Medal.

4. Accepted by : Syndicate Resolution No. 35 dated 2/3.3.1957.

RULES

1. A Gold Medal in the name of " Nanubhai Maneklal Munshaw " of the value of about Rs. 185/, shall be awarded annually to a candidate who stands first in First Class at M.Sc. degree examination.

2. If in any year no candidate is eligible for the award of the medal, the income from interest so saved, shall be added to the Principal amount.

3. The medal shall, as far as possible, be presented to the Winner at the Annual Convocation of the University.

4. The annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University

---

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ધ"

કામકાજ નં. ૬૯

એકા નં. ૧૯૫૭.
અમદાવાદ-૯. તા. -૧૧-૧૯૫૭.

યુનિવર્સિટી પ્રેસના મેનેજરની નિમણૂંક કરવા અંગે ભલામણ કરતા સિન્ડિકેટે નિમેલી એડહોક સમિતિની એક સભા તા. ૨-૧૧-૫૭ના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિ. કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી નવનીતલાલ શેાધન ગેરહાજર
૨. ,, એસ. એમ. શાહ ,,
૩. ,, બી. પી. શાહ હાજર
૪. ,, ધીરૂભાઇ નાયક ,,
૫. ,, બચુભાઈ રાવત ,,

સભાનું પ્રમુખસ્થાન શ્રી બિહારીલાલ પી. શાહે લીધું હતું.

કુલ ૫૩ અરજીઓ આવેલી જેમાંથી સિન્ડિકેટ તથા સમિતિના સભ્યોની ભલામણ પ્રમાણે ૪૫ ઉમેદવારોને પસંદગી માટે બોલાવવામાં આવેલા. ૩૫ ઉમેદવારો પસંદગી માટે હાજર રહ્યા હતા. તેઓના ઇન્ટરવ્યુ લેતા વરણિસમિતિને પ્રેસ મેનેજરની જગા માટે કોઇ પણ ઉમેદવાર લાયક લાગ્યો ન હતો અને તેથી સિન્ડિકેટને નીચે મૂજબ ભલામણ કરવાનો ઠરાવ થયો હતો :—

"પ્રેસ મેનેજરની જગા માટે કોઇપણ ઉમેદવાર લાયક નહિ હોવાથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી એસ. એસ. ભટનાગરની પ્રેસ કલાર્ક તરીકે રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦ ના પગાર ધોરણમાં માસિક રૂા. ૧૦૫ના મૂળ પગાર તથા યુનિ. માં અપાતા મોંઘવારી ભથ્થાથી નિમણૂંક કરવી. : જેથી તેઓનું કુલ માસિકવેતન રૂા. ૧૫૦ થી વધુ થાય નહિ :

વધુમાં પ્રેસ મેનેજરની જગા માટેની પસંદગી માટે બોલાવવામાં આવેલ શ્રી. એમ. એમ. પુરોહિત ઇન્ટરવ્યુ માટે માંદગીના કારણે હાજર રહ્યા ન હતા પરંતુ તેઓનો અનુભવ વિગેરે જોતાં તેઓ આ

જગા માટે લાયક હોય તેમ લાગે છે. પરંતુ તેઓ નોન મેટ્રીક હોઇ આ જગા માટે શ્રી. વાર્ષ્ણેય–ચાન્સેલર સાહેબના હુકમ અનુસાર મુકરર કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ ધરાવતાં નથી તો સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતના ધોરણમાં તેઓના દાખલામાં છૂટછાટ મૂકી તેઓને ઇન્ટરવ્યુ માટે બોલાવવા અને સિન્ડિકેટ એટલી છૂટછાટ આપે તો તેઓએ માગેલ રૂા. ૫૦ માસિક પગાર અને રૂા. ૧૦૦ માસિક ભથ્થાને બદલે યુનિ. એ નકકી કરેલ પગાર ધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૫૦ અને ભથ્થાની થતી રકમથી તેઓ કામ કરવા ખુશી છે કે કેમ તે પૂછાવવું.

ત્યારબાદ સભા બરખાસ્ત થઈ હતી.

ક. ચં. પરીખ

૨૭૨૬૧૨

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૭૩

Draft rules regarding refund of deposit and rent (including post-share fee) in the University Hostels.

On receipt of an application, addressed to the Registrar, a student may be refunded hostel deposit and/or rent (including post-share fee) on the following grounds provided the Rector certifies such payment :-

1. Hostel deposit may be refunded if a student avails himself of the admission given to him or is not granted the admission. In no other circumstances, the deposit will be refunded.

2. Hostel rent (including post-share fee) be refunded to a student after deducting Rs. 15/-, if he leaves hostel within a fortnight from the date of his joining it and one-half of the rent be refunded if he leaves hostel within 30 days. In other circumstances, hostel rent will be refunded.

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૭૮

રિવાઈઝડ અંદાજ કરતાં વધુ ખર્ચ થયેલ હોય તેવા ખાતાઓની યાદી

વર્ષ ૧૯૫૬-૫૭.

	એકચ્યુઅલ્સ: અંદાજ	રિવાઇઝડ અંદાજ	વધારો
	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.

જ ન ર લ ફં ડ એ કા ઉ ન્ટ

પરીક્ષા ખર્ચ :

પરીક્ષાના મહેનતાણા ખર્ચ એગ્રિકલ્ચર પરીક્ષા.	૧૨,૩૨૯.૫૬	૧૨,૦૦૦	૩૨૯.૫૬
પરીક્ષકો વિ ના મુસાફરી ભથ્થા	૪૩,૫૮૨.૧૬	૪૧,૦૦૦	૨૫૮૨.૧૬
પરીક્ષા દેખરેખ ખર્ચ	૩૧,૧૦૨.૫૦	૩૧,૦૦૦	૧૦૨.૫૦
પરીક્ષાના સવાલપત્રોની છપામણી.	૮૨,૧૬૯.૭૦	૮૦,૦૦૦	૨૧૬૯.૭૦
પરીક્ષા:છપામણી	૨૭,૩૦૩.૧૫	૨૬,૦૦૦	૧,૩૦૩.૧૫

ખુલાસો :- પરીક્ષા ખર્ચ અંગેના આ પેટા મથાળાઓમાં રિવાઇઝડ અંદાજ કરતાં એકચ્યુઅલ્સ વધારે થયેલ છે. તેમ છતાં એકંદરે પરીક્ષા ખર્ચના મૂખ્ય મથાળે એકચ્યુઅલ ખર્ચ રૂા. ૬,૦૧,૪૧૭.૨૩ નો થયો છે જે રૂા. ૧,૪૬,૦૦૦. ના રિવાઇઝડ અંદાજ કરતાં ઓછો છે. ઉપરાંતજેમ પરીક્ષા અંગેનો કુલ એકચ્યુઅલ ખર્ચ વધુ થયો છે તેમ આ બાજુ પરીક્ષા ફીની એકચ્યુઅલ આવક રિવાઇઝડ અંદાજની આવક કરતાં રૂપિયા ૪૪,૭૩૭.૫૦ થી વધવા પામી છે.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૭૯

GUJARAT UNIVERSITY

Establishment of a Student's Health Centre
at the Gujarat University

It is envisaged that this Centre will be a multi-purpose institution. It will first of all serve as the Centre for the Medical Examination of the students of the Ahmedabad area.

The University will appoint a panel of doctors who will examine the students as they come from the various colleges in Ahmedabad. This system will have three advantages.

(1) The work will be carried out under the direct supervision of the University (2) There will be uniformity in the examination as the same panel will examine all the students and (3) the cost to the University will remain the same.

The Centre will also work as an outdoor dispensary for the students living on the Campus for members of the staff of the University. It will be staffed by a whole time Medical Officer, a technician, a compounder, a dresser and a sweeper who will all be provided with free quarters. There will be provision for screening, and also for routine laboratory work. Provision will also be made for 8 indoor patients in the case of emergencies.

The Centre will also provide facilities for treatment of Sports injuries, for physio-therapy, corrective exercises and recreation.

A Copy of the sketch plan is known to the members. This copy can be seen the office

The estimated cost will be as under :-

(1)	Cost of the Building as shown in diagram approximately built area 4500 sq.ft.calculated at Rs. 20/- per sq. ft. including water connections, sanitary arrangements and electric fittings.	Rs. 90,000
(2)	Quarters for the staff on top of this calculated at 3/4 the cost of ground floor.	Rs. 67,500
(3)	A two room tenement for the sweeper.	Rs. 4,000
(4)	Wooden furniture such as counter, benches, chairs, tables, stools etc.	Rs. 5,000
(5)	Steel furniture for the ward room such as a bed, a locker, a stool, a low chair, mattrresses sheets etc. sets.	Rs. 4,000
(6)	An X ray mechine for screening purposes only.	Rs. 12,000
(7)	A short wave diathermy apparatus.	Rs. 5,000
(8)	Ultra Violet ray apparatus.	Rs. 1,000
(9)	Intra red ray lamp.	Rs. 900
(10)	Vibratory massage apparatus.	Rs. 1,000
(11)	Vital capacity apparatus.	Rs. 3,000
(12)	Refrigerator.	Rs. 2,000
(13)	One microscope and other laboratory equipments.	Rs. 2,500
(14)	Weighing Scales, dynamometers and other apparatus.	Rs. 3,000
(15)	Miscellaneous including enamal ware, instruments etc.	Rs. 2,000
		Total Rs. 202,900

If the Scheme materialises, the University will have to undergo a recurring expense to the extent of about seven thousand Rupees as shown below, assuming that no separate Medical Officer will be necessary for the present.

For the staff :

1. Technician
   Grade 70-5-130
   Salary 840

	D. A. 540	
	Rs. 1380	Rs. 1380
2.	Compounder	
	Grade 55-3-85-4-125	
	Salary Rs. 660	
	D. A. Rs. 540	
	Rs. 1200	Rs. 1200
3.	Dresser in the grade of 30-1/2-35	
	Salary Rs. 360	
	D. A. Rs. 420	
	Rs. 780	Rs. 780
4.	Sweeper in the grade of 30-1/2-35	
	Salary Rs. 360	
	D. A. Rs. 420	
	Rs. 780	Rs. 780
5.	Contribution to provident fund and leave pay.	Rs. 420
6.	Medicines and appliances.	Rs. 2000
7	Miscellaneous	Rs. 300
		Rs. 6860

V. P. Mehta
for Chief Medical Officer.

	એકચ્યુઅલ્સ	રિવાઇઝ્ડ અંદાજ.	વધારો	
મુસાફરી ભથ્થાં :				
	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.	
	(૧)	(૨)	(૩)	
શ્રી. વાઇસ–ચાન્સેલરના અંગત મદદનીશના મુસાફરી ભથ્થાં.	૧૯૦૪.૬૯	૧૭૫૦.૦	૧૫૪.૬૯	શ્રી. વાઇસ–ચાન્સેલરના અંગત મદદનીશને મુંબઇ વધુ રોકાવાનું થયું તેથી તેમનું મુસાફરી ભથ્થાં ખર્ચ વધવા પામ્યું છે. શ્રી. વાઇસ-ચાન્સેલરને અમદાવાદ ઓછું રહેવાનું થવાથી તેઓનું મુસાફરી ભથ્થાં ખર્ચ ઘટવા પામ્યું છે.
રમતગમત હરીફાઇઓ અંગેનું ખર્ચ :				
કોચીંગ કેમ્પસ	૯૫૯૩.૫૬	૬૦૦૦.૦	૨૫૯૩.૫૬	કુલ કોચીંગ કેમ્પ ખર્ચ રૂા. ૯૫૯૩.૫૬ માં યુનિવર્સિટીએ ભોગવવાના ખર્ચ ઉપરાંત સરકારે ભોગવવાનો ખર્ચ પણ આવી જાય છે. કોચીંગ કેમ્પસ અંગે સરકારે યુનિવર્સિટીને જે ખર્ચ અંગેની ગ્રાન્ટ આપી છે તે આવક તરીકે અલગ જમા બતાવેલી છે. રૂા. ૨૫૯૩.૫૬ના વધારાના ખર્ચ સામે સરકાર તરફથી મળેલી ગ્રાન્ટની રકમ રૂા. ૪૯૦૦. થાય છે.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

યુનિ. પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ :				
યુનિ. બુલેટીન તથા જર્નલ.	૪૦૧૮.૫૮	૩૫૦૦.૦	૫૧૮.૫૮	યુનિ. જર્નલ "વિદ્યા" ના પ્રથમ અંકનું છપામણી કાગળ વિ. નું બીલ રૂા. ૧૭૫૯-૫૧ ને તા. ૨૮-૬-૫૭ ના રોજ ચૂકવવાથી ખર્ચ વધી જવા પામ્યો છે.
બીજા કાર્યાલય ખર્ચ :				
વિજળીક બળ ખર્ચ	૩૫૨૭.૭૫	૩૫૦૦.૦	૨૭.૭૫	નજીવો છે.
ટેલીફેાન	૨૪૭૭.૭૨	૨૦૦૦.૦	૪૭૭.૭૨	યુનિ. કાર્યાલયમાં એક વધુ ટેલીફેાન લાઈન મૂકાવી તથા શ્રી. રજિસ્ટ્રારના બંગલે એક ટેલીફેાન એક્ષટેન્સન મૂકાવ્યું તે વિગેરેના લીધે ખર્ચનો વધારો થવા પામ્યો છે.
લાયબ્રેરી એકાઉન્ટસ				
ન્યૂઝપેપર ખર્ચ	૮૨૭.૫૦	૭૦૦.૦	૧૨૭.૫૦	આસિસ્ટન્ટ લાયબ્રેરીયનની જગા માટે એક કરતાં વધુ વાર જા-ખ આપવી પડી તેથી ખર્ચનેા વધારો થયેા છે.
ગુજરાતી ભાષા સાહિત્યભવન-પુસ્તક ખરીદી	૧૮૦૩.૦૩	૧૮૦૦.૦	૩.૦૩	ખર્ચનો વધારો નજીવો છે.

સમાજ વિદ્યાભવન એકાઉન્ટસ :

ઓફિસ સ્ટાફ :—

મોંઘવારી તથા બીજા ભથ્થાં	૨૩૪૦.૦	૧૩૦૦.૦	૧૦૪૦.૦	સિન્ડિકેટે મંજૂર કરેલી જગાઓ પૂરવામાં આવવાથી ખર્ચમાં વધારો થયો છે.

ગુજરાતી ભાષા સાહિત્ય ભવન એકાઉન્ટસ :

ઓફિસ સ્ટાફ:-

પગાર ખર્ચ	૧૦૦૫.૬૩	૯૦૦.૦	૧૦૫.૬૩	સિન્ડિકેટે મંજૂર કરેલા ઓફિસ સ્ટાફની નિમણૂક કરી તેથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે
મોંઘવારી તથા બીજા ભથ્થાં.	૬૬૪.૨૩	૬૦૦.૦	૬૪.૨૩	
વિઝિટીંગ પ્રોફેસરોને ઓનરેરિયમ તથા મુસાફરી ભથ્થાં.	૧૭૨૦.૦.	૧૫૦૦.૦	૨૨૫.૦	પોસ્ટગ્રેજ્યુએટ સેન્ટર તરીકે વિઝિટીંગ પ્રોફેસરોને આપવાના ઓનરેરિયમ વિ. નો ખર્ચ ગુજરાતી સાહિત્યભવનના બજેટમાંથી ચૂકવવામાં આવ્યો તેથી.

બિલ્ડીંગ એકાઉન્ટસ :

ઓપનએર થિએટર.	૧૧૫૩૪.૬૪	૧૧૦૦૦.	૫૩૪.૬૪	ઓપનએર થિએટરના બાંધકામ ખર્ચ ઉપર આર્કિટેક્ટને ફીના રૂા. ૫૬૭. આપવાના થાય છે તે રકમની જોગવાઈ કરવાથી ખર્ચનો વધારો થવા પામ્યો છે.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "૮"

કામકાજ નં. ૯૭

GUJARAT UNIVERSITY

THE YOUTH WELFARE COMMITTEE

COMPOSITION

This will consist of

1. The Vice-Chancellor, President
2. The Presidents of Area Committees.
3. One student representative from each of the three Area Committees, elected every year by the student representatives of those committees.
4. 3 members of the Senate or Court (To be appointed by the Syndicate)
5. 3 members of the College Staff. (Preferably from amongst those trained in Youth Leadership, Training Camps.) to be nominated by the Syndicate for a period of three years.
6. The Secretary, Board of Extra-Mural studies, Chief Medical Officer and Director of Physical Education as ex-officio members.
7. Director of Youth welfare will be the member-secretary.

FUNCTIONS.

1. To organise an Annual University Youth Festival, and send up entries for the Inter-University Youth Festival.

2. To scrutinise and recommend schemes of Youth Work Camps to the Ministry of Education.

3. To ask for grants for Youth Welfare Works from the State and Central Governments.

4. To arrange programme of Youth travel, hikes and mountaineering etc.

5. To secure grounds for recreation.

6. To provide workshop and Hobbies Centre in the University.

7. To hold Youth Leadership Training Camps for University.

8. To take up any other projects for the Welfare of Youth.

The Area Committee will be formed as per constitution suggested with functions as mentioned in your letter at the cities and towns in Gujarat under the jurisdiction of the University where there are more than one College. In this case the Area Committee will be formed at Ahmedabad, Surat, Rajkot, Bhavnagar, Jamnagar and Porbandar.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

ESTIMATED EXPENSES OF ESTABLISHMENT OF DIRECTOR OF YOUTH WELFARE.

Designation.	Pay Scale	Pay	D.A.	House Allowance.	Local Comp. Allowance.	Cycle Allowance.
1. Director of Youth Welfare.	250-15-400	250×12=3,000	60×12=720	20×12-240	—	—
2. Junior Clerk.	55-3-85-4-125	55×12=660	45×12=540	10×12=120	5×12=60	5×12=60
3. Typist	-do-	55×12=660	45×12=540	10×12=120	5×12=60	5×12-60
4. Peon.	30-½-35	30×12=360	35×12=420	10×12=120	5×12=60	5×12=60
		4,680	2,220	600	180	180

D.A.	Rs.	2,220
H.A.	Rs.	600
Local Comp. Allowance	Rs.	180
Cycle Allowance	Rs.	180
Contingencies etc.	Rs.	1,000
Total...	Rs.	4,180/-

Estimated Expenses.

Pay ...	Rs.	4,800
D.A & other All...	Rs.	4,200
Total...	Rs.	9,000/-

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ઠ"

કામકાજ નં. ૧૦૧

GUJARAT UNIVERSITY

The Gujarat University Poor Students Aid Fund
Draft Constitution.

1. This Fund shall be called the Gujarat University Poor Students Aid Fund hereafter called "the Fund".

2. The Secretary, Student's Welfare Board of the Gujarat University shall act as the Secretary.

3. The Fund Shall be administered by a Committee called The Poor Students Aid Fund Committee hereafter called "the Committee".

4. The Committee shall consist of the following:-

   (1) The Vice-Chancellor;

   (2) Three Representatives of the Syndicate, one at least of whom shall be the Principal of an affiliated College; and

   (3) Three Representatives of the Unions of students representing the Ahmedabad Zone, the Saurashtra Zone and the Surat Zone defined under O. 65-O (1) quoted below to be selected by the Vice-Chancellor from amongst such elected student representatives of the Colleges as may be recommended by the Principal or the Director at the rate of one even from a College, Institution or Department, in each of the Zones concerned:

"O.65-O: (1) For the purpose of organising and coordinating postgradnate instruction, teaching, training and research in the University, there shall be the following three Zones:

(i) Ahmedabad Zone (including Ahmedabad Area, Visnagar and Petlad);

(ii) Saurashtra Zone (including Saurashtra and Cutch);

(iii) Surat Zone (including Surat, Broach and Navsari)."

5. The Committee shall hold at least one meeting in a year.

6 All decisions shall be taken by votes and in the event of a division of votes by a majority of votes.

7. The object of the Fund shall be to render financial assistance to poor students (1) to meet their tuition or examination fees, (2) to purchase books, medical aid, such other expenses as the Committee may in its discretion approves.

No scholarships or prizes be awarded from the Fund, notwithstanding anything contained above.

8. Every student of the University shall contribute Rs. 1/- per annum to the Fund.

9. The contributions shall be collected by the Principals of the Colleges or the Heads of Recognised Institutions or the University Departments as the case may be and forwarded to the University before the end of August every year.

Notwithstanding anything contained above the abovementioned contribution of the students shall be collected in the manner indicated above and forwarded to the University by the end of January 1958 so far as the current acadamic year is concerned.

10. The contribution thus collected from the students shall be added to the contribution received from the University Grants Commission and the Fund shall be administered by the Committee in whom all executive powers shall be vested.

11. The Committee shall submit its annual report by the end of September following the end of the year under report.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "૬"

કામકાજ નં. ૧૦૨

GUJARAT UNIVERSITY

Price Rs. 1/- only
No :

Application for the post of _____

N. B. :-1. Complete and correct information against each item should be entered, if space against any item is insufficient, candidates are requested to attach separate slips covering the information by indicating appropriate appendices.

2. The application must necessarily be forwarded through the applicant's present employer, if any.

1. Name in full : _____
(In block capitals
beginning with surname)

2. Permanent address : _____

_____

3. Address for correspondence : _____

_____

4. Date of birth _____ Age (Mention complete years) _____.

5. Married or Unmarried : _____.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

6. Particulars regarding academic career (beginning with and inclusive of the Matriculation or S. S. C. Examination.)

Name of Examination	University	Year of Passing	Class obtained	Subjects offered (for teaching staff only)	Prizes or Medals won, if any.	Remarks, if any.

7. Other academic achievements or dictions, if any.

8. Past experience (for non-teaching staff)

Name of the employer	Date of joining	Date of leaving	Designation & nature of employment	No. of sub-ordinate staff, if any.	Salary	Reasons for leaving.

9. Teaching experience (for teaching staff only.)

Name of the institution	Date of joining	Date of leaving	Designation	salary	Reasons for leaving.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

10. Research Papers and/or Publications :
(for teaching staff only)

1. _____
2. _____
3. _____
4. _____
5. _____

11. Administrative experience, if any (Give details)

12. Knows typing at _____ words per minute and Shorthand at _____ words per minute.

(Applicable for non-teaching staff)

13. If appointed, probable date of joining. _____

14. Confidential references (One of these references must necessarily be of the present or last employer, if any) : 1. _____
2. _____

15. Copies of testimonials from :

1. _____
2. _____
3. _____
4. _____
5. _____

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

16. Additional remarks, if any :

I hereby declare that all the entries in this form are true to the best of my knowledge and belief.

Date : _____

(Signature)

* Forwarded with compliments to the Registrar, the Gujarat University, Ahmedabad. 9.

I declare that the above statements made by the applicant are correct to the best of my knowledge and belief.

Date : Signature _____

Designation _____

---

* It is essential for the applicant to forward the application through his present employer, if any. Applications forwarded directly are liable to be rejected.

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "૮"

કામકાજ નં. ૧૦૬

October 1957

Examination	Subject	Examiner	In place of
2nd LL. B.	-	Shri A.N. Surati	Shri R. K. Malji
B.E. (M & E) & (E)	Electrical Technology Electrical Engineering Electrical Design and Project.	Shri H.S. Jain	Prof. M.V. Deshpande.
B. E. (Mech.)	Heat Engines-IV.	Prin. T. A. Desai	Prof. V. J. Jani
B. E. (Elect.)	Applied Electronics as examiner only.	1. Shri K. M. Mehta	Prin. S.V.C. Aiya
	-do-	2. Shri V. R. Mathrubhutheswaran	Dr. S. M. Sen
I st M. B. B. S.	Physiology Practicals	Dr. E. M. Best.	Dr. N. R. Shroff
IInd M. B. B.S.	Opthalmology Practicals	Dr. N. C. Kothari	Dr. K. G. Das
IIIrd M.B.B. S.	Preventive Medicine	Dr. R. J. Majmudar	Shri V. H. Thakore
M. D. Part I&II	Br.III	Dr. J. N. Karande	Dr. V.N. Shirodkar
I st. B. A. M. S.	Dosha-Dhatu Mala-Vijnan	Shri Fulabhai M. Patel	Shri R. A. Desai

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬/૧૭-૧૧-૫૭

પરિશિષ્ટ "ઝ"

કામકાજ નં. ૬૫

GUJARAT UNIVERSITY

The following are the holidays for the year 1958.

1.	New Year's Day	1st January	Wednesday
2.	Holi (2nd Day)	6th March	Thursday
3.	Jamshedi Naoroz)	21st March	Friday
4.	Gudi Padva)		
5.	Ramnavmi	29th March	Saturday
6.	Mahavir Jayanti	2nd April	Wednesday
7.	Good Friday	4th April	Friday
8.	Ramzan-Id (Id-ul-Fitr)	21st April	Monday
9.	Shivaji Jayanti	22nd April	Tuesday
10.	Bakri-Id (Id-ul-Azha)	28th June	Saturday
11.	Muharram	28th July	Monday
12.	Punyatithi of Lokmanya Tilak	1st August	Friday
13.	Independence Day	15th August	Friday
14.	Nariali Purnima	28th August	Thursday
15.	Parsi New Year	1st September	Monday
16.	Gokul Ashtami)	6th September	Saturday
17.	Khordad Sal)		

18.	Ganesh Chaturthi	16th September	Tuesday
19.	Samvatsari	17th September	Wednesday
20.	Id-E-Milad	26th September	Friday
21.	Mahatma Gandhi's Birth Day.	2nd October	Thursday
22.	Dassera	21st October	Tuesday
23.	Diwali (2 days) (i.e.)	11th November &	Tuesday &
24.	(Diwali & New Year Day)	12th November	Wednesday
25.	Christmas	25th December	Thursday

Note : No days have been notified as holidays on account of Indian Republic Day (26th January), Mahashivratri (16th February) University Incorporation Day (23rd November) as they fall on Sundays.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ૧૯૫૭–૫૮ના ડિસેમ્બર માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૭–૧૨–૧૯૫૭ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ ઉપકુલપતિ	હાજર,
૨.	શ્રી. વી. એચ. ભાનોટ ડેપ્યૂટી ડાયરેક્ટર ઑફ એજ્યૂકેશન	હાજર,
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર,
૫.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૬.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર,
૭.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૮.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૯.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર,
૧૦.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર,
૧૧.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર,
૧૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૧૩.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર,
૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એસ. પી. દેસાઈ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૭.	પ્રિન્સિપલ એમ. એમ. શાંકાર	હાજર.

૧. તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની આસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધમાં નીચે પ્રમાણે સુધારા રજુ કરવામાં આવ્યા તે માન્ય કરીને તે નોંધ તે સુધારા સાથે મંજુર કરવામાં આવી. તથા તે પર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી:-

૧. બાબત નં. ૭ નો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો.

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા સિન્ડિકેટની હવે પછીની સભા પર મુલતવી રાખવી અને તે વખતે આ બાબતને "ટોપ પ્રાયોરિટી" આપવી".

૨. બાબત નં. ૨ ના પેટા-ઠરાવ ૧ (૨) માંથી "૪૦ ફીટ જગ્યા રાખીને" એટલા શબ્દો કમી કરવા. તેને પરિણામે તે બાબતનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો.

"કોન્વોકેશન હોલ આશરે રૂપિયા દસેક લાખના ખર્ચમાં બાંધી શકાય તે રીતે બાંધવો."

ઉપરની બાબતના પહેલા સુધારાની રૂએ સભામાં એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો કે, તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ના રોજ સિન્ડિકેટની સભા સમક્ષ રજુ કરવામાં આવેલી સદરહુ નં. ૭ હવે આ સભાએ હાથ ધરવી જોઈએ. ચર્ચાના જવાબમાં પ્રમુખશ્રીએ જણાવ્યું કે, આ સભાનું કામકાજ, તેને માટેના કામકાજ-પત્રમાં જણાવેલ ક્રમે અત્યારે તો લેવું જોઈશે, અને જો સભ્યો સદરહુ બાબત નં. ૭ આ સભામાં લેવા ઈચ્છતા હોય, તો સભાના કામકાજ-પત્રની ૩૭મી છેલ્લી બાબતમાં પ્રમુખશ્રીની પરવાનગીથી કોઈ બાબત વિચારણા માટે આવી શકે છે તેની રૂએ લઈ શકાશે. આ પરથી સભાએ ઈચ્છા બતાવી કે આજના કામકાજ-પત્રની બાબત નં. ૩૭ની રૂએ આ કામ લેવું.

૨. તા. ૨૩-૮-૫૭ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

શ્રી. ગજજરે બનાવેલ પ્લાન્સની ફી અંગે

"સ્ટાફ કવાર્ટર્સના પ્લાન માટે લમ્પસમ રૂા. ૫૦૦, ડાયરેક્ટરના બંગલાના પ્લાન માટે રૂા. ૨૦૦, સાયકલ સ્ટેન્ડ માટે સવા ટકો, સેનેટ હોલ માટેના પ્લાન્સ માટે ઉચ્ચક રકમ રૂા. ૧૦,૦૦૦, અને રોડ પ્લાન્સ તૈયાર કર્યા તે માટે કાંઈ આપવું નહિ."

(**નોંધ:**-કોન્વોકેશન હોલ માટે શ્રી ગજજરના પ્લાન્સ કામમાં આવશે કે નહિ તે નક્કી થયા પછી તે પ્લાન્સ અંગેના મહેનતાણા અંગે વિચાર કરવો એમ સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૧૧-૫૭ની સભામાં ઠરાવ્યું છે.)

તા. ૨૩-૮-૧૯૫૭ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની ભલામણ વિષે ઠરાવવામાં આવે છે કે, આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજજરને તેમણે બનાવેલા પ્લાન્સની ફી અંગે નીચે પ્રમાણે મહેનતાણું આપવું.

૧. સ્ટાફ ક્વાર્ટર્સના પ્લાન માટે ઉચક રકમ રૂા. ૫૦૦;
૨. ડાયરેક્ટરના બંગલાના પ્લાન માટે રૂા. ૨૦૦;
૩. સાયકલ સ્ટેન્ડ માટે સવા ટકો;
૪. સેનેટ હોલના પ્લાન બનાવવા માટે આર્કિટેક્ટના મહેનતાણાનો પ્રશ્ન સિન્ડિકેટના તા. ૧૬/૧૭–૧૧–૧૯૫૭ની સભામાં ઠરાવ્યું છે તે પ્રમાણે શ્રી. ગજ્જરના પ્લાન કામમાં આવશે કે નહિ તે બાબત નક્કી થયા પછી વિચારવો;
૫. રોડ પ્લાન માટે કાંઈ આપવું નહિ.

૩. સિન્ડિકેટની તા. ૩૦–૮–૫૭ના રોજ મળેલી ખાસ સભાની બાબત ૫૭ ઉપર ઠરાવ થયા પ્રમાણે, યુનિવર્સિટી જર્નલ માટે ફેકલ્ટીવાર સલાહકાર સમિતિઓ નીમેલી છે તેની પુનર્રચના કરવા અંગેની બાબત નવેસર રજુ કરવા ઠરાવ્યા પ્રમાણે,તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ :– આ અંગે કાર્યાલયનું સૂચન છે કે :–

આ સમિતિઓ કાયમી હોવી જોઈએ અને તે જ્યારે સંપાદક મંડળમાં ફેરફાર થાય ત્યારે જ બદલવી જોઇએ.

હાલમાં સંપાદક મંડળ અથવા સલાહકાર સમિતિ માટે કોઇ સમય મર્યાદા નથી તો તે ત્રણ વર્ષની ઠરાવવી.

પણ જો કોઈ જગ્યા ખાલી પડે તો તે સલાહકાર સમિતિ ઉપર જગા પૂરવાનો હક્ક સંપાદક મંડળને જ આપવો.)

યુનિવર્સિટી જર્નલ માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧. "વિદ્યા"ના સંપાદક મંડળમા ગુજરાત યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીદીઠ એક એક પ્રતિનિધિ હોય તે પ્રમાણે તેની રચના કરવી અને તે પ્રતિનિધિઓના બનેલા સંપાદક મંડળની મુદત ત્રણ વર્ષની રાખવી;

૨. તે મુજબ નવા સંપાદક મંડળમાં નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રોફેસર ઉમાશંકર જોશી
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૩. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૫. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ
૬. પ્રોફેસર એમ. એસ. પંડિત
૭. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય

તથા આ સંપાદકમંડળને તા. ૭–૧૨–૧૯૫૭થી અમલમાં આવેલું ગણાવું ;

૩. આ સંપાદકમંડળ તેને યોગ્ય લાગે તે નિષ્ણાતોની સલાહ તેમને પ્રસિદ્ધ કરવા મળતા લેખો અંગે લઈ શકશે. આથી કરીને જુદી સલાહકારક સમિતિ નીમવાની જરૂર નથી.

૪. સેનેટ ઉપરની ટ્રેડ યુનિયન્સના પ્રતિનિધિની ચૂંટણી માટે શ્રી. સોમનાથ દેવ તરફથી આવેલ પત્ર ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૩૦/૬૧-૮-૫૭ના રોજ મળેલી સભામાં ઠરાવ્યા મુજબ મુંબઈ રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં આ ચૂંટણી કેવી રીતે થાય છે તે બાબત આવેલા જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓમાં નીચે મુજબ પ્રથા છે:-

૧.	મુંબઈ યુનિવર્સિટી	દરેક ટ્રેડ યુનિયન એક મત આપી શકે જે ગુજરાત યુનિ. મુજબ છે.
૨.	એમ. એસ. યુનિવર્સિટી, બરોડા	,, ,,
૩.	એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી.	ટ્રેડ યુનિયનનું પ્રતિનિધિત્વ નથી.
૪.	સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ	,, ,,
૫.	નાગપુર યુનિવર્સિટી	,, ,,
૬.	પૂના યુનિવર્સિટી	દરેક ટ્રેડ યુનિયન દીઠ એક મત જે ગુજરાત યુનિ. મુજબ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજદૂર બાબત અંગે હાલના કાયદામાં કશો ફેરફાર કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો મત છે.

૫. સેનેટની તા. ૨૮/૨૯-૬-૫૭ની સભામાં થયેલા કેટલાંક સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આ કામને બીજાં કામો થઈ ગયા પછી છેવટે લેવાનું કરીને બાબત નં. ૬ હાથ ધરવામાં આવી હતી. છેવટે આ કામ લેવામાં આવ્યું હતું અને ઠરાવવામાં આવ્યું હતું કે મજદૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. ઓર્ડિ. ૨૬૮ અનુસાર ત્રીજી એમ. બી. બી. એસ.ના વિદ્યાર્થીઓને બીજી એમ. બી. બી. એસ. પસાર કર્યા પછી ઓછામાં ઓછું એક સત્ર તથા પહેલી એમ. બી. બી. એસ. પસાર કર્યા પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરેલો હોવો જોઈએ તો ત્રીજી એમ. બી. બી. એસ.ના વિદ્યાર્થીઓને જો બીજી એમ. બી. બી. એસ.માં બે વખતે નાપાસ થયા હોય તો પણ ત્રીજી એમ. બી. બી. એસ.ના બે સત્રો બીજી એમ. બી. બી. એસ.ના અભ્યાસક્રમો સાથે કરવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે આવા વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું એક સત્ર રાખવું જરૂરી છે."

એકેડેમિક કાઉન્સિલના ઠરાવમાંની ભલામણ મંજુર કરવામાં આવી.

૭. એ. ૭૨ મુજબ સ્ટેટ યુનિવર્સિટીમાંથી એક અથવા વધુ સત્રો રાખી આપણી યુનિવર્સિટીમાં દાખલ થનાર વિદ્યાર્થીઓની એલિજિબિલિટી સ્ટે. ૧૭૩ મુજબ જોવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આ બાબતમાં વિશેષે કરીને પ્રથમ વર્ષમાં યુનિવર્સિટી બદલનારા લોકોનો પ્રશ્ન ઉભો થાય છે. (જેમ કે, તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ની સિન્ડિકેટની સભાના કામકાજની બાબત નં. ૧૧૨ના કુ. શીલા રાવના કેસ માટે.) આવી બાબતમાં ઠરાવવામાં આવ્યું કે, સ્ટેટયૂટ નં. ૧૭૩ મુજબ નહિ પણ ઓર્ડિનન્સ નં. ૭૧ મુજબ આ યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની નીતિ રાખવી અને તેમાં સ્ટેટયૂટ નં. ૧૭૩ની દૃષ્ટિ રાખીને "રેસીપ્રોસિટી"ની નીતિ જતી કરવી.

૮. સેનેટ રિફર બેક કરેલા નીચે મુજબના સ્ટે. ૧૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

S. 173 : For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce and the First Year Diploma in Pharmacy Class, a candidate must have passed the S. S. C. Examination conducted by the S. S. C. Examination Board of the Bombay State or an equivalent examination, provided he has obtained at least 35% of marks in each of the seven subjects of which one shall be English (at higher or lower level).

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજી વિષય સાથે એસ. એસ. સી. પરીક્ષા પાસ થાય તે પ્રત્યેક વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીમાં કોઈ પણ ફેકલ્ટીમાં પ્રવેશ આપી શકાય તે રીતે સ્ટે. ૧૭૩ સુધારવો એવા સિન્ડિકેટના અભિપ્રાય સાથે મજકૂર બાબત એકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવી.

(નોંધ:- ઉપર અંગ્રેજીના વિષયનો જે ઉલ્લેખ કર્યો છે તે વિષય કોઈ વિદ્યાર્થીએ સબ-હેડ તરીકે લીધો હોય તો તે પણ ચાલી શકશે એવો અર્થ સિન્ડિકેટને અભિપ્રેત છે.)

૯. સેનેટે સિન્ડકેટને રિફર બેક કરેલા ડો. એ. એમ. ત્રિવેદીના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

" Statute 136 (iii) be amended so as to read as follows :

Domonstrators and Tutors having the minimum qualifications of a Lecturer to be prescribed by the Syndicate with at least two years continuous experience as a Demonstrator and/or a Tutor, and who are on the permanent staff of the College, subject to minimum teaching (lecturing work) of 4 periods a week.

Amended Statute 136 will read as follows :–

For all purposes of this Act (a) the term teacher within the minimum meaning of section (2) sub–clause (12) shall include (i), (ii), (iv), (v) as at present and (iii) as amended (B), (C) (D) as at present.)"

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે લાગતીવળગતી ફેકલ્ટીઓનો અભિપ્રાય જાણ્યા સિવાય આ બાબત ઉપર સિન્ડિકેટ કશો અભિપ્રાય આપી શકે એમ નથી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સેનેટ ઉપર સિન્ડિકેટનો નીચે પ્રમાણે રિપોર્ટ રજુ કરવો.

સિન્ડિકેટ ડૉ. ત્રિવેદીના ઠરાવની સૂચના પ્રમાણે સુધારો કરવામાં સંમત થતી નથી. બલ્કે તે એવા અભિપ્રાયની છે કે ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરને ગુજરાત યુનિવર્સિટીના કાયદાની " ટીચર "ના વ્યાખ્યામાં લેવામાં ન આવે. એટલે તે મુજબ સ્ટે. ૧૩૬માંથી પેટા કલમ (૩) અને પેટા કલમ (૫) રદ કરવી અને પેટા કલમ જે (૪) છે તેને (૩) નંબર આપવો. આ પ્રમાણે સદરહુ સ્ટેટ્યૂટ સુધારવાને વાસ્તે સેનેટને ભલામણ કરવી. સુધારાયેલો સ્ટેટ્યૂટ નીચે પ્રમાણે થશે:–

S 136. For all purposes of this Act,

(a) The term " Teacher " within the meaning of section 2, sub–clause (12) shall include :–

(i) Professors, Readers and Lecturers giving instruction in a Recognised Institution or an Affiliated College, or other persons holding appointments of similar character

(ii) Every person who is appointed or recognised as a Teacher of the University as defined by section 2(13).

(iii) Directors of Physical Training who are on the permanent staff of a College.

(b) Teachers imparting instruction in High Schools in the University Area for not less than twelve hours or 18 periods per week whichever is less are declared to be Secondary Teachers, under sec. 2 (10) :

(c) The term " Head Master " shall mean the head of a High school.

(d) For the purposes of the election of two members to the Faculties under section 23 (2) Ordinary (ii), the stipulation that a candidate shall be a teacher for continuous period for five years etc. contained in the proviso thereunder, it will be deemed sufficient if the candidate has been a teacher

for the necessary continuous period immediately preceding the last date for receipt of nominations in one or more colleges or Institutions affiliated to or recognised by a Statutory University in India and is a "Teacher" as defined by this Statute and enrolled as such.

૧૦. સિન્ડિકેટે સને ૧૯૫૮ની પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા માટે નીમેલી સમિતિની તા. ૩-૧૨-૧૯૫૭ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની ઉપરની નોંધ ઉપર વિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧. ફર્સ્ટ ઇયર અથવા પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ માટે જે જે સ્થળોએ કૉલેજો છે તે તે સ્થળે-લાગતીવળગતી ફર્સ્ટ ઇયર અથવા પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા માટે કેન્દ્ર રાખવું.

૨. ઇન્ટર આર્ટસ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ અને બી. એ., બી. એસસી. તથા બી. કૉમ. માટે હાલ જે કેન્દ્રો છે તે જ ચાલુ રાખવા અને વધારામાં ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ માટે જામનગરમાં કેન્દ્ર રાખવું.

નોંધ :- પેટલાદમાં ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ માટે સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૮-૧૯૫૭ની સભામાં ઠરાવ્યા પ્રમાણે કેન્દ્ર આપેલું છે તે ચાલુ રાખવું.)

૩. પોરબંદરમાં મહિલા મહાવિદ્યાલયની વિદ્યાર્થિનીઓની ખાસ મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને તેને ઇન્ટર આર્ટસની પરીક્ષા માટે કેન્દ્ર રાખવું.

૪. જૂજના વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને ત્યાં ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓનું કેન્દ્ર રાખવું.

૫. રાજકોટમાં ઇન્ટર કૉમર્સની પરીક્ષા માટે ચાલુ વર્ષે કેન્દ્ર રાખવું નહિ.

૧૧. લાયબ્રેરી કમિટિના નીચે મુજબના ઠરાવો નં. ૩૦૩ તથા ૨૫૯ પર વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૩૦૩ :

યુનિવર્સિટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને નીચેનાં બુકસેલરો પાસે તેમણે આપેલી શરતો તથા દરોએ પુસ્તકો મંગવવાનું ઠરાવવામાં આવે છે:-

૧. મેસર્સ ન્યુ ઓર્ડર બુક કંપની, અમદાવાદ
૨. મેસર્સ બુક સેંટર પ્રાઇવેટ લી., મુંબઈ
૩. મેસર્સ ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ
૪. મેસર્સ ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૫. મેસર્સ ચરોતર બુક સ્ટોલ, આણંદ
૬. હરિહર બુક ડેપો, અમદાવાદ
૭. માત્ર મેડિકલ પુસ્તકો માટે મેસર્સ કોઠારી બુક ડેપો, મુંબઈ.
૮. માત્ર કાયદાના પુસ્તકો માટે મેસર્સ એન. એમ. ત્રિપાઠી લી., મુંબઈ.

ગુજરાતી પુસ્તકોમાં રવાણી એન્ડ કંપની, અમદાવાદ પાસેથી ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ, રવાણી પ્રકાશન ગૃહ, રવાણી એન્ડ કંપની, નવચેતન સાહિત્ય મંદિર, લક્ષ્મી પુસ્તક ભંડાર, પ્રકાશ પુસ્તક ભંડાર, કમલ પ્રકાશન મંદિર, પ્રગતિ સાહિત્ય મંદિર સુરત, હરિહર પુસ્તકાલય સુરત, ચેતન પ્રકાશન ગૃહ વડોદરા, નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ., જીવન પ્રકાશન, વલ્લભવિદ્યાનગર., રૂપમ પ્રકાશન મંદિર, મુંબઈ; પ્રફુલ્લ પ્રકાશન, મુંબઈ; નૂતન પ્રકાશન, મુંબઈ; અને એ. આર. શેઠની કું. મુંબઈના પ્રકાશનો મંગાવવા અને બાકીના પ્રકાશકોના પ્રકાશનો ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ પાસેથી મંગાવવા. ભારત પ્રકાશિત સંસ્કૃત, અર્ધમાગધી અને પાલી પ્રકાશનો, અંગ્રેજીમાં હિન્દુસ્તાન ઉપરના પ્રાચીન ભારતીય સંસ્કૃત વિષયક ભારતીય પ્રકાશનો Ancient Indian History culture Philosophy વિષેના પ્રકાશનો તથા હિંદી, મરાઠી, બંગાળા વગેરે ભારતીય ગુજરાતી સિવાયની ભાષાઓનાં પ્રકાશનો મેસર્સ સરસ્વતી પુસ્તક ભંડાર પાસેથી મંગાવવા.

ઠરાવ નં. ૨૫૯:

લાયબ્રેરીયને કરેલી ભલામણ મંજૂર રાખવામાં આવે છે પરંતુ જે પુસ્તકો પોતાને ત્યાં સ્ટોકમાં આવી ગયા છે તેવી હિંદના બુકસેલરોની યાદીઓ આપણે ત્યાં આવી હોય અને એમાનાં પુસ્તકો પસંદ કરવામાં આવે તો તે પુસ્તકો જે તે ડીન અથવા બંને વિદ્યાભવનોનાં **જે તે અધ્યક્ષ સૂચવે તો તે બુકસેલર પાસે મંગાવી લેવા.**

લાયબ્રેરીયનની ભલામણ નીચે મુજબ હતી :

"બુક એજન્ટો નીમવાની પદ્ધતિ કાયમ રાખવી અને સામાન્ય રીતે તેમની પાસેથી પુસ્તકો ખરીદવાં. પરંતુ જે પુસ્તકો પોતાને ત્યાં સ્ટોકમાં આવી ગયાં છે એવી હિંદના બુકસેલરોની યાદીઓ આપણે ત્યાં આવી હોય અને એમાંનાં પુસ્તકો પસંદ કરવામાં આવે તો તે પુસ્તકો તે તે બુકસેલર પાસેથી મંગાવી લેવાં. વળી સામાન્ય રીતે અપ્રાપ્ય એવાં પુસ્તકો જે તે બુકસેલરોની યાદીમાંથી પસંદ કરવામાં આવે તો તે બુકસેલરો પાસેથી શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબની સંમતિથી ખરીદવાં.

સામાયિકોના પાછલા અંકો ખરીદવાં માટે પણ ભાવો મંગાવી શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબની સંમતિથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૩૦૩ અને ૨૫૯ માંની ભલામણો મંજૂર કરવી.

૬૨. તા. ૮–૧૧–૫૭ના રોજ મળેલી સિન્ડિકેટે નીમેલી પરીક્ષકોને અપાતાં મહેનતાણાં વગેરે બાબતો માટેની સમિતિની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણ અનુસાર "Scale of Remuneration to Examiners etc." એ પુસ્તિકામાં જણાવ્યા છે તે દરોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા :

પાના નં. ૧. પૈરા નં. ૩

એમ. બી. બી. એસ., બી. એડ. અને ટી. ડી. તથા બધી જ પોસ્ટ–ગ્રેજ્યુએટ પરીક્ષાઓ માટે પ્રેકટીકલ્સના દિવસોનું હોલ્ટીંગ એલાવન્સ વચમાં આવતી રજાઓના દિવસો સાથે દરરોજના રૂા. ૭·૫૦ નયા પૈસાના દરે આપવું. સુધારેલો નિયમ નીચે પ્રમાણે વંચાશે :

(3) " Examiners conducting the practical term work, oral or clinical examinations shall be paid travelling allowance at the rate of two first class fares. No halting allowance shall be paid except in case of M.B.B.S., T.D., B.Ed. and all postgraduate examinations in which case it shall be paid for the days of practicals (including intervening holidays) at the rate of Rs. 7 · 50 np. per day.

પાના નં. ૨ છેલ્લો પૈરો :

પ્રૂફ રીડીંગનું મહેનતાણું રૂા. ૭·૫૦ નયા પૈસાને બદલે રૂા. ૧૦ આપવું. સુધારેલો નિયમ નીચે પ્રમાણે રહેશે :

" Remuneration for attendance at a printing press to correct proof or proofs of a paper or papers shall be Rs. 10/–.

પાના નં. ૬

બી. એડ. અને ટી. ડી. પરીક્ષકોના પ્રેકટીકલ માટેના મહેનતાણાનો દર રૂા. ૨ બદલે રૂા. ૩ રાખવો.

પાનું નં. ૧૦. પૈરા નં. ૪ :

નિયમ નીચે પ્રમાણે રાખવો :

The maximum No. of Candidates to be examined at all other examinations is 25 with an addition of 10 candidates for every examiner over 2.

પાનું નં. ૧૩ :

પ્રેકટીકલ્સ માટેના સુપરવાઇઝરોને નીચે પ્રમાણે મહેનતાણું આપવું :

4 hours or less	..	..	Rs. 10/–
More than 4 and less than 7 hours		..	Rs. 15/–
For two practicals	..	..	Rs. 15/–

પ્રેકટીકલ પરીક્ષાઓ માટેના કેમીકલ્સ માટે કૉલેજોને અપાતાં વળતરમાં નીચે પ્રમાણે સુધારા કરવા :

	અપાતો દર રૂ. ન.પૈ.	સુધારેલો દર રૂ. ન.પૈ.
ઈન્ટર સાયન્સ કેમિસ્ટ્રી	૪—૦૦	૩—૨૫
ફીઝીક્સ અથવા જીઓલોજી	૧—૨૫	૧—૦૦
બી. એસ. સી. કેમિસ્ટ્રી પ્રિન્સિપલ્સ	૨૦—૦૦	૧૫—૦૦
બી. એસ. સી. ફીઝીક્સ	૪—૦૦	૩—૦૦
બી. એસ. સી. બોટાની અથવા ઝૂલોજી	૬—૦૦	૬—૦૦ અથવા એકચ્યુઅલ ખર્ચ બંનેમાંથી જે વધુ હોય તે.
એમ. એસ. સી. ફીઝીક્સ	૩૦—૦૦	૨૫—૦૦
બી. ફાર્મ	૩૦—૦૦	૨૫—૦૦
ડીપ્લોમા ઇન ફાર્મસી	૨૦—૦૦	૧૫—૦૦

પાનું નં. ૧૪ :

જુનીયર સુપરવાઇઝર તથા પ્રેસ સુપરવાઇઝરના મહેનતાણાનો હાલનો અનુક્રમે રૂા. ૭.૫૦ નયા પૈસા તથા રૂા. ૫.૦૦ ના બદલે રૂા. ૧૦.૦૦ નો દર રાખવો.

ફેકટોટમના નિયમ નં. ૨ માં નીચે પ્રમાણે સુધારો કરવો :

હાલનો નિયમ :

"There shall be appointed one factotum at a place for all Examinations starting on the same date.

સુધારેલો નિયમ :

"There shall be ordinarily appointed one factotum at a place for all Examinations commencing on the same date. If, however, an examination is held at more than one plece at a centre, an Asst. factotum or such number of Asst. factotums as are necessary will be appointed and paid remuneration as per rule No. 4. In such case the factotum will be paid Rs. 25/- more in addition to the remuneration to which he is entitled to."

પાનું નં. ૧૬ :

જે સેન્ટર ઉપર ફક્ત બી. એસ. સી. કેમિસ્ટ્રી સબસીડિયરીની જ પરીક્ષા લેવાતી હોય તે જગા ઉપર પ્રેકટીકલ માટેનો સ્ટાફ નિયત કરેલા સ્ટાફ કરતાં અડધો રાખવો.

ઉપરના ફેરફારો ઉપરાંત ઇન્ટર સાયન્સ, બી. એસ. સી., એમ. એસ. સી.ની પ્રેકટીકલ પરીક્ષાઓ દરમ્યાન જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં એક ઇલેકટ્રીશીયન અને ગેસમેનની નિમણૂંક કરવી અને તેને રોજના રૂા. ૫-૦ લેખે મહેનતાણું આપવું"

૧૩. ઓર્ડિ. ૭ અને ૮ પ્રમાણે ત્રણ વર્ષની મુદત માટે બોર્ડ ઓફ સ્પોર્ટ્સ પર નીમાયેલા નીચેનાં સભ્યોની મુદત પુરી થઈ હોવાથી તેમની જગાએ નવા સભ્યોની નિમણૂક કરવા બાબત.

૧. શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ
૨. શ્રી. છગનભાઈ પી. પટેલ
૩. શ્રી. રાવજીભાઈ સી. પટેલ
૪. શ્રી. ચીનુભાઈ પુ. શાહ

(**નોંધ :-** ઓર્ડિ. ૭ અને ૮ નીચે મુજબ છે:-

O. 7 :- " The University Board of Sport shall be composed of the Presidents of Local Sports Committees (to be mentioned hereinafter) and of such other members, not exceeding four, as may be appointed by the Syndicate. "

O. 8 :- " The members appointed by the Syndicate shall ordinaaily be persons possessing expert knowledge or experience in a branch or branches of sports and shall hold office for three years, but shall be eligible for re-appointment. ")

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧ લી જાન્યુઆરી ૧૯૫૮થી ત્રણ વર્ષ માટેના બોર્ડ ઓફ સ્પોર્ટ્સ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી.

૧. શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ
૨. શ્રી. છગનભાઈ પી. પટેલ
૩. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
૪. શ્રી. ચીનુભાઈ પુ. શાહ

૧૪. ઓલ ઇન્ડિયા કોમર્સ કોન્ફરન્સમાં ડિસેમ્બર ૧૯૫૭ની આખરમાં નાગપુર ખાતે મળનારા ૧૧મા અધિવેશનમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા માટે ઇન્ડિયન કોમર્સ એસોસિએશનના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓલ ઇન્ડિયા કોમર્સ કોન્ફરન્સના ડિસેમ્બર ૧૯૫૭માં મળનાર અધિવેશનમાં નીચે પ્રમાણે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા.

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ, (અમદાવાદ) અને સંજોગોવશાત તેઓ જઈ શકે તેમ ન હોય તો પ્રિન્સિપલ ડી. આર. સામન્ત (સૂરત)
૨. પ્રિન્સિપલ એસ. સી. પાઠક (ભાવનગર)

૧૫. ઓલ ઇન્ડિયન ઓરિએન્ટલ કોન્ફરન્સના તા. ૨૭થી ૨૯ ડિસેમ્બર ૧૯૫૭ સુધી

દિલ્હી ખાતે મળનારા ૧૯મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓને મોકલવા માટે મજકૂર અધિવેશનના જોઇન્ટ સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સના આગામી ડિસેમ્બર માસમાં મળનાર ઓગણીસમા અધિવેશનમાં નીચે પ્રમાણે પ્રતિનિધિઓ મોકલવા :

૧. ડૉ. પી. બી. પંડિત (અમદાવાદ) અને
૨. ડૉ. જી. એમ. પાટિલ (વિસનગર)

૧૬. અલિગઢ ખાતે તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૧૯૫૮ સુધી યોજનાર અલ-મસુદી મીલેનરી સેલિબ્રેશન્સ તથા ઓલ ઇન્ડિયા ઇસ્લામિક સ્ટડીઝ કોન્ફરન્સ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે તે કાર્યક્રમોના કન્વીનર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૧૭. એસોસિએશન ઓફ પેડીઆટ્રીસીયન્સ ઓફ ઇન્ડિયાની તા. ૧૯ થી ૨૨ જાન્યુઆરી ૧૯૫૮ સુધી ત્રિવેન્દ્રમ ખાતે મળનારી પરિષદમાં યુનિવર્સિટીનો એક પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર એસોશિએશનના ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિએશન ઓફ પેડીઆટ્રીસીયન્સ ઓફ ઇન્ડિયાની આગામી જાન્યુઆરી માસમાં મળનાર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સોમાભાઈ એચ. પટેલ (અમદાવાદ)ને મોકલવા.

૧૮. ઓ. ૬૯ને નીચે મુજબ તે વંચાય તે પ્રમાણે સુધારવા બાબત :

O. 69. "The student passing the Secondary School Certificate Examination conducted by the Secondavy School Certificate Examination Board of the State of Bombay and Eligible for admission to this University under the relevant statutes shall apply latest by 31st of August to the Registrar of this University for a certificate of enrolment and shall at the same time pay a fee of Rs. 10/-

The Principal shall carefully scrutinise the enrolment application of each candidate before granting him admission.

If for any reasons the application for enrolment cannot be submitted by any candidate in time, the Principal shall report to the University the name of such candidate by 10th September each year together with the information regardnig subjects taken by the candidate at the S.S.C. Examination."

(**નોંધ :** હાલના ઓ. ૬૯ પ્રમાણે પ્રથમ સત્રના અંત સુધી એનરોલમેન્ટ અરજીઓ સ્વીકારાય છે પણ સત્રની આખરમાં જ ઘણીખરી અરજીઓ આવતી હોવાથી તેનો સમયસર નિકાલ કરી શકાતો નથી અને પરિણામે જે વિદ્યાર્થીઓ સ્ટેટયૂટ હેઠળ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ન હોય તેમને પ્રથમ સત્ર પૂરું થાય પછી જ આ બાબતની ખબર આપી શકાય છે. આ પરિસ્થિતિ નિવારવા એનરોલમેન્ટ અરજીઓ ૩૧મી ઓગસ્ટ સુધી યુનિવર્સિટી કાર્યાલયને મળી જાય એવી રીતનો સુધારો ઓ. ૬૯માં કરવા કાર્યાલયનું સૂચન છે)

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૬૯ સુધારીને ઉપર જણાવ્યા મુજબ કરવો તથા તેમ સુધારેલો ઓર્ડિનાન્સ તા. ૨૦મી જુન ૧૯૫૭થી અમલમાં આવ્યો છે એમ ગણવો.

૧૯. પી. એચ. ડી. માટે ગુજરાત કૉલેજમાં રજીસ્ટર થએલા શ્રી. મહેશ ચોકસીને ગયે વર્ષે મળતી રૂા. ૧૦૦ની રિસર્ચ સ્કોલરશિપ ચાલુ વર્ષે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ :** શ્રી. મહેશ ચોકસી ચાલુ વર્ષે રિસર્ચ સ્કોલરશિપ માટે સમયસર અરજી કરી શકયા ન હતા. તેમણે પાછળથી કરેલી અરજી બાબતમાં સિન્ડિકેટે તા. ૨૮–૯–૫૭ના રોજ મળેલી સભામાં એમ ઠરાવ્યું હતું કે તેઓ કેટલા વખત માંદા હતા અને તેમણે સંશોધનના ક્ષેત્રમાં શું કામ કર્યું તેની માહિતી મંગાવવી. આ અંગે તેમને પૂછાવતાં તેઓ જણાવે છે કે તેમને ઓગસ્ટથી ઓકટોબર ૧૯૫૭ સુધી પીલમાં દર્દ થતું હતું જેમાંથી તેઓ હજુ પણ સંપૂર્ણપણે મુક્ત નથી. તેમના ગાઇડ ડૉ. ધીરૂભાઈ ઠાકર જણાવે છે કે તેમનો અભ્યાસ સંતોષકારક છે અને તેમણે અભ્યાસનો સારો એવો ભાગ પૂરો કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેશ ચોકસી તા. ૧–૧–૧૯૫૮થી પોતાનું સંશોધન કાર્ય શરૂ કરે તે શરતે તેમને તા. ૧–૧–૧૯૫૮થી એક વર્ષ માટે માસિક રૂા. ૧૦૦ની રિસર્ચ સ્કોલરશિપ ચાલુ કરી આપવી.

૨૦. ૧૯૫૭–૫૮ના પ્રથમ સત્રમાં ફલૂની અસરને લીધે ઘણા વિદ્યાર્થીઓ પૂરી હાજરી આપી શકયા ન હતા માટે એ સત્ર માટે બધા પૂર્વસ્નાતક અભ્યાસક્રમો માટે ઓછામાં ઓછી હાજરી ૬૦ દિવસની તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી ૬૬⅔ ટકાને બદલે ૬૦ ટકા હાજરી સત્ર મંજુર કરવા માટે રાખવા માટે એ. જી. ટિચર્સ કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલાં સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબત પર ચર્ચા–વિચારણા થતાં સભાગૃહની સંમતિથી પ્રિન્સિપલ એલ. આર. દેસાઈએ તે બાબત પાછી ખેંચી લીધી હતી.

૨૧. એમ. એ. સંસ્કૃત મુખ્ય ભાષામાં વ્યાકરણશાસ્ત્ર લઈ પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ પ્રાઈઝ" આપવા માટે શ્રી. જે. એમ. શુકલ તરફથી મળેલ સખાવતની શરતોનો ખરડો મંજુર કરવા બાબત.

(નોંધ :- એમ. એ.માંથી સંસ્કૃત મુખ્ય વિષય તરીકે નીકળી જાય અથવા સંસ્કૃતમાંથી વ્યાકરણ ખાસ શાસ્ત્ર તરીકે નીકળી જાય ત્યારે દાનની રકમ પાછી ખેંચી લેવાની શરત હતી તેને બદલે તે સંજોગોમાં બી. એ. માંથી સંસ્કૃત મુખ્ય વિષય લઈ ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને આ ઈનામ આપવું એવો સુધારો કરવામાં આવ્યો છે તથા આ શરતોમાં દાતા તથા તેના વારસોને ફેરફાર કરવા અંગેનો હક આપતી શરત રદ કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એ. સંસ્કૃત મુખ્ય ભાષામાં વ્યાકરણશાસ્ત્ર લઈ પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુક્લ વ્યાકરણ પારિતોષિક" આપવા માટે નીચે પ્રમાણેના નિયમો મંજુર કરવા.

(1) A prize to be called "Shri Mohanlal Lallubhai Vyakarana Prize" of the value of about Rs. 190/- shall be awarded annually to a candidate who passes the M.A. Examination of the Gujarat University with Sanskrit as his principal subject and with Vyakarana as his special Sastra and who stands first among the successful candidates, offering Vyakarana as special sastra and who gets at least 50% of the total marks in his principal subject viz. Sanskrit. Failing such a student the prize shall be awarded to the student who stands first among the successful candidates getting at least 50% marks in his principal subject viz Sanskrit at the M.A. Examination.

(2) In the event of Sanskrit not being retained as a Principal subject or Vyakarana not allowed as a special Sastra at M.A. Examination, the prize shall be awarded to a candidate who passes the B.A. Examination of the Gujarat University with Sanskrit as his Principal subject and who stands first among the successful candidates securing at least 50% of the total marks in his principal subject, viz. Sanskrit.

(3) The award of the prize shall be declared along with the declaration of the result of the examination.

(4) The annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University.

૨૨. પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓના કામકાજ બાબતમાં નીમાયેલી સમિતિએ કરેલી ભલામણો પૈકીની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીના કાર્યાલયમાં એક જુદી શાખા પ્રી-યુનિવર્સિટી અને પરીક્ષાનું કામકાજ કરવા તથા તેને એકાદ અધિકારીના હાથ નીચે રાખવી તે અંગે જરૂરી સ્ટાફ નીમવો અને સ્ટાફના સભ્યો પૈકી બે કે ત્રણ માણસોને બની શકે તો એસ. એસ. સી.ની પરીક્ષાના કામકાજનું નીરીક્ષણ કરીને તાલીમ લેવા માટે પંદરેક દિવસ માટે પૂના મોકલવા વ્યવસ્થા કરવી"

મજકૂર બાબત અત્યારે ઉતાવળની ન હોવાથી તે પરની ચર્ચા–વિચારણા છોડી દેવામાં આવી હતી.

૨૩. પ્રી–યુનિવર્સિટી પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસનાર હોવાથી આ પરીક્ષાના ગ્રેસીંગ તથા મોડરેટીંગના પ્રશ્નોને લગતી ઓફિસે તૈયાર કરેલી નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

"The expected number of the Pre-University Examinations to be held in March 1958 is as under:–

Pre–University Arts	7500
Pre–University Science	3400
Pre–University Commerce	2100
Total	13000

In view of the larger number of candidates appearing in these examinations and in view of the fact that a large number of examiners will be required for examining a paper at each examination the following is suggested for consideration and orders :

(1) There should be no sections in the question papers;

(2) As far as possible the examiners should not be entrusted with the work of examining the answer–books of the Colleges or Towns from which they come.

(3) No examiner should be given more than 500 answer–books to examine;

(4) For every 2000 students one person should be appointed to moderate a few answer–books say 15% or 10% and to check up the mark sheets and to help the chairman at the time of the final meeting before submission of marks to the University.

(5) For each subject the Chairman and the Paper–setters should be asked to give a detailed scheme of assessment which should be distributed among the examiners appointed in the subject concerned;

(6) At the final meeting for settling the marks only the Chairman and the Moderators should be present and they should do the work pertaining to the final meeting that is the checking up of wrong sections, if any, of duplicate writing of answers or of gracing border line cases If more than one moderator is appointed all the moderators should remain present at the final meeting. The Chairman and the Moderators should be paid for the work done at the meeting

at the rate of Rs. 10/- per day with a maximum of Rs. 20/- each. The moderators should be ordinarily the paper-setters who are not examiners and their remuneration should be Rs. 350/- over and above the remuneration they draw for paper-setting etc."

ઉપર જણાવેલી નોંધનાં સૂચનો મંજુર કરવામાં આવે છે.

૨૪. સુધારેલા સ્ટે. ૨૦૯ મુજબ ૧૯૫૮ની સાલથી નીચેની પરીક્ષાઓ માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી થાય છે તો તેના પ્રશ્નપત્રો ગુજરાતીમાં કાઢવા કે ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં કાઢવાં તે અંગે વિચારણા કરવા બાબત.

૧. એફ. ય. ૨. બી. એસસી. (સર્વિસ.) ૩. એમ. બી. ૪. પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ.

આથી ઠરાવવામાં આવે છે કે એફ. ય., બી. એસસી. (સબ્સીડીયરી) એમ. બી., ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) પરીક્ષાઓ માટે પરીક્ષાનાં પ્રશ્નપત્રો અંગ્રેજી તેમ જ ગુજરાતી બંને ભાષામાં કાઢવા તથા અંગ્રેજી પ્રશ્નની નીચે તેનું ગુજરાતી ભાષાંતર આપવા માટે પ્રાધિકારને જણાવવું.

૨૫. અલ્લાહબાદ ખાતે મળનારા ભારતીય હિન્દી પરિષદના ૧૫મા અધિવેશનમાં યુનિવર્સિટીનો એક પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર પરિષદના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અલ્લાહબાદ ખાતે મળનાર ભારતીય હિન્દી પરિષદના પંદરમા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૨૬. એસોશિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયાની તા. ૧૯મી જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી ત્રિવેન્દ્રમ ખાતે મળનારી વાર્ષિક સભા માટે યુનિવર્સિટીના એક અથવા વધુ પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર એસોશિએશનના પ્રમુખ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસોશિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયાની આગામી જાન્યુઆરી ૧૯૫૮માં મળનાર વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ભાસ્કર આર. પટેલને મોકલવા.

૨૭. ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યૂટ તરફથી એડમિનિસ્ટ્રેટીવ લૉ ઉપર તા. ૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર સુધી ન્યૂ દિલ્હી ખાતે યોજાનારા સેમિનારમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે લૉ ફેકલ્ટીના ડીન શ્રી. એચ. પી. શુકલને નિમણૂંક કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૨૮. ફર્સ્ટ ઑલ ઇન્ડિયા લેબર ઇકોનોમિક કોન્ફરન્સના લખનૌ ખાતે તા. ૬ થી ૮ જાન્યુઆરી સુધી મળનાર પ્રથમ અધિવેશન માટે યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે લખનૌ યુનિવર્સિટીના ઇકોનોમિક્સ ડિપાર્ટમેન્ટના વડા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે સમાજવિદ્યાભવનના અધ્યક્ષ પ્રોફેસર બી. આર. શેનોયનો અભિપ્રાય લઈને નિર્ણય લેવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૨૯. વિનયન વિભાગ તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિના ચેરમેન તથા તથા વિનયન વિભાગ તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા ઉપસમિતિઓના ચેરમેનોની તથા કન્વીનરોની તા. ૨૦-૧૧-૫૭ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. શ્રી. પટેલ રાવજીભાઈ શીવાભાઈ નો એમ. એસસી. કેમિસ્ટ્રી ડીગ્રી માટેનો મહાનિબંધ રેફરીઓ તરફથી મંજુર થયો હોવાથી તેમને તે પરીક્ષામાં પાસ જાહેર કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૧. શ્રી. જી. જી. કે. નાયરનો એમ એસસી. કેમિસ્ટ્રી માટેનો મહાનિબંધ રેફરીઓ તરફથી મંજુર થયો હોવાથી તેમને તે પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૨. જયેન્દ્રપુરી આર્ટસ અને સાયન્સ કોલેજ, ભરૂચમાં ચાલુ વર્ષમાં જુનિયર બી. એ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. જે. એસ. મોચીની પ્રથમ સત્રમાં ખૂટતી હાજરી માફ કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ :- સત્ર માટે જરૂરી હાજરી ૬૫ છે. જ્યારે શ્રી. મોચીની હાજરી ૫૭ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૩. "પ્રિન્સિપલ ડા. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" અંગેના નિયમ "૧"માં છઠ્ઠી લાઇનમાં આવતા year શબ્દને બદલે years વંચાય તેવી રીતનો સુધારો કરવા ડો. કે. જી. નાયક તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "પ્રિન્સિપલ ડો. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" અંગેના નિયમ

નં. ૧ માં year શબ્દને બદલે years શબ્દ મૂકવો પરિણામે નિયમ નં. ૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો.

"Gold Medal named Principal Dr. K.G. Naik Gold Medal" of the value of about Rs 190/– shall be awarded annualy alternately, by turns in the faculty of Science and the Faculty of Arts, to a person from amongst the teachers in the affiliated Colleges or Recognised Institutions, or in the Departments of the Gujarat University, whose Research work published during the years preceding the Convocation, is adjudged to be of the highest merit, by a special Committee of experts, who have made their mark in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final.

૩૪. બ્રિટિશ કાઉન્સિલ તથા મુંબઈ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે મુંબઈમાં તા. ૨૦મી જાન્યુઆરીથી ૩૦મી જાન્યુઆરી ૧૯૫૮ સુધી યોજનાર "ઇંગ્લીશ લિટરેચર સેમિનાર" માટે યુનિવર્સિટીના ચાર પ્રતિનિધિઓ મોકલવા માટે બ્રિટિશ કાઉન્સિલ તરફથી આવેલા આમંત્રણ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ :–** પ્રતિનિધિઓની પસંદગી બાબત નીચેની બાબત લક્ષમાં રાખવાની છે:

"The seminar will comprise lectures followed by discussions in small " tutorial " groups. It will be attended by about forty scholars of English literature drawn from the Universities of Western India including Bombay. You are invited to select four individuals whom you would like to send as delegates of your University to this Seminar. Those you select should include a roughly equal proportion of senior and junior members of English departments. Please send the names of your delegates in order of priority with their ages, present positions, and a note on their specialist field of study. If its proves necessary to reduce the number of delegates proposed, we shall take further advice from you but we must be guided to some extent by our wish to strike a balance between juniors and seniors)

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીની અભ્યાસ સમિતિના અધ્યક્ષનો અભિપ્રાય લઈને મજકૂર સેમિનારમાં ચાર પ્રતિનિધિઓ મોકલવા માટે શ્રી. વાઇસ–ચાન્સેલરને નિર્ણય લેવાની સત્તા આપવી.

૩૫. શેઠ અમૃતલાલ હાર્મોહરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી નીચેના ઇનામો એનાયત કરવા માટે દાન આપવાના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

૧. બી. કોમ. ની માર્ચ–એપ્રિલ પરીક્ષામાં, એડવાન્સ્ડ એકાઉન્ટીંગ અને ઓડિટીંગ વિષયમાં

સૌથી વધુ ગુણ મેળવી ઉતીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને "શ્રી અમૃતલાલ દામોદરદાસ શોધન ચંદ્રક" એનાયત કરવા માટે.

૨. બી. એ. સ્પેશ્યલની માર્ચ-એપ્રિલ પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં વધુમાં વધુ ગુણ મેળવી ઉતીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને રૂા. ૧૦૦નું "સ્વ. શ્રીમતી પ્રભાવતી અમૃતલાલ શોધન" ઇનામ એનાયત કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ અમૃતલાલ દામોદરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવતા ઉપર મુજબના દાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે બાબતનો સેનેટને રિપોર્ટ કરવો.

૩૬. શ્રી. જયંતિલાલ અમૃતલાલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી નીચે મુજબના સુવર્ણ-ચંદ્રકો તથા ઇનામ એનાયત કરવા માટે દાન આપવા માટે આવેલા પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

૧. બી. એસસી. ફિઝિક્સ-કેમિસ્ટ્રીમાં સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને "શ્રી. જયંતીલાલ અમૃતલાલ શોધન ચંદ્રક' એનાયત કરવા માટે.

૨. બી. ઈ. મિકેનિકલ અને ઇલેકટ્રીકલમાં સૌથી વધારે ગુણ મેળવી પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને "શ્રી. જયંતિલાલ અમૃતલાલ શોધન ચંદ્રક" એનાયત કરવા માટે.

૩. બી. એ. (સ્પેશ્યલ)માં એન્ટાયર ઇકોનોમિક્સનો ખાસ વિષય લઈ વધારેમાં વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને "શ્રી. જયંતિલાલ અમૃતલાલ શોધન ચંદ્રક" એનાયત કરવા માટે.

૪. બી. એ. (સ્પેશ્યલ)માં એન્ટાયર સાયકોલોજી વિષય લઈ સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને રૂા. ૧૦૦નું "શ્રીમતી પદમાવતી જયંતિલાલ શોધન ઇનામ એનાયત કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જયંતિલાલ અમૃતલાલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવતા ઉપર મુજબના દાનનો આભાર સ્વીકાર કરવો તથા તે બાબતનો સેનેટને રિપોર્ટ કરવો

૩૭. બાબત નં. ૩૭ અંગે, ઉપર બાબત નં. ૧ માં જણાવ્યા પ્રમાણે, તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ની સિન્ડિકેટની સભાની બાબત નં. ૭ લેવામાં આવી હતી. તે અંગે ઠરાવવામાં આવ્યું કે, તે કામ બાબતમાં પ્રમુખશ્રીએ સૂચવ્યા પ્રમાણે તે કામને અંગેની હકીકત વગેરે મંગાવવી અને ત્યાર પછી તે બાબતમાં વિચાર કરવાને માટે સિન્ડિકેટ આગળ મૂકવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૫૧૫-૩૧-૧૯૫૮,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૬-૧-૧૯૫૮

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર